

આજ્ઞાભક્તિ

(સચિત્ર)

''આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ'' (આચારાંગ સૂત્ર)

- શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૧૯૪)

''ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૨૬૩)

સંયોજક

પારસભાઈ જૈન

પ્રકાશક

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બેંગ્લોર

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પૃષ્ઠ
૧.	પ્રસ્તાવના	(૩)
૨.	દાતાઓની યાદી	(૪)
૩.	'નિત્યનિયમાદિ પાઠ'નું માહાત્મ્ય ('મંગલાચરણ', 'જિનેશ્વરની વાણી','હે પ્રભુ, હે પ્રભુ શું કહું ?' 'યમનિયમ', 'ક્ષમાપના' અને મંત્રસ્મરણ આદિ નિત્યનિયમનું માહાત્મ્ય)	૧
૪.	'મંગલાચરણ' (અહો ! શ્રી સત્પુરુષ કે વચનામૃતં જગહિતકરં...) નું વિવેચન	૮
૫.	'જિનેશ્વરની વાણી' (અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી...) નું વિવેચન	૧૨
૬.	'ભક્તિના વીસ દોહરા' ('હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ?') નું માહાત્મ્ય	૧૯
૭.	'ભક્તિના વીસ દોહરા' ('હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ?') નું વિવેચન	૨૭
૮.	'યમનિયમ' કાવ્યનું વિવેચન	૨૮૩
૯.	'ક્ષમાપના' (હે ભગવાન હું બહુ ભૂલી ગયો)ના પાઠનું વિવેચન	૩૨૯
૧૦.	'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું અદ્‌ભુત માહાત્મ્ય	૩૭૨
૧૧.	'સાત વ્યસન', અને 'સાત અભક્ષ્ય'ના ત્યાગનો ઉપદેશ	૩૯૧
૧૨.	પૂ.શ્રી બ્રહ્મચારીજીએ ભક્તિના 'વીસ દોહરા'નું અનેક પ્રકારે કરેલું વિવેચન	૪૪૭

: પ્રકાશક :
શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર
રાજ કોમ્પ્લેક્ષ, પાંચમા માળે, નં.૭ આરકોટ,
શ્રીનિવાસાચાર સ્ટ્રીટ, બેંગ્લોર ૫૬૦૦૫૩

પ્રથમાવૃત્તિ, પ્રત ૩૦૦૦, ઇસ્વી સન્ ૨૦૧૧

વેચાણ કિંમત રૂા. ૧૦/-

પ્રથમાવૃત્તિનું નિવેદન

'ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે.' -શ્રીમદ્ રાજચંદ્ર

આ ગ્રંથનું નામ આજ્ઞાભક્તિ છે. જગતમાં ભક્તિ તો ઘણા કરે છે, પણ સાચી ભક્તિ કોને કહેવાય? તો કે જ્ઞાનીપુરુષની આજ્ઞાસહિતની ભક્તિ હોય તો તે સાચી ભક્તિ છે. એવી આજ્ઞા ભક્તિથી જીવનું કલ્યાણ થાય. 'આણાએ ધમ્મો આણાએ તવો' આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ છે. જ્ઞાનીપુરુષો આપણને જે કરવાનું કહે તે જ કરવામાં આપણું કલ્યાણ છે. સ્વચ્છંદે તો જીવે અનંતકાળથી 'યમનિયમ' પદમાં કહ્યું તેમ ઘણુંયે કર્યું છે; પણ હજુ સુધી જીવ જન્મમરણથી મુક્ત થયો નહીં. આના વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૨૦૦ માં જણાવે છે કે :–

"અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે."

એવી આજ્ઞાપૂર્વકની ભક્તિ પરમકૃપાળુદેવની અનંતકૃપાથી આપણને મળી છે. તે ત્રણ પાઠ માળા આદિનો ભક્તિક્રમ જીવને સમ્યક્દર્શનની પ્રાપ્તિ કરાવશે, એમ પ.પૂ.પ્રભુશ્રીજી જણાવે છે :–

" 'વીસ દુહા' ભક્તિના છે તે મંત્ર સમાન છે. સો વખત, હજાર વખત બોલાય તો પણ ઓછું છે. લાભના ઢગલા છે. 'ક્ષમાપનાનો પાઠ' આટલાં સાધન અપૂર્વ છે, ચમત્કારિક છે! રોજ ભણવાં જરૂરનાં છે. જીવતા સુધી આટલી ભક્તિ રોજ કરવી જ. 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.' એ તો ખોટી વાત છે; પણ તમે જીવતાં સુધી આટલું તો કરજો જ. તેથી સમાધિમરણ થશે, સમકિતનો ચાંલ્લો થશે. વધારે શું કહું?" -ઉપદેશામૃત (પૃ.૩૮૮)

આજ્ઞાભક્તિ અર્થ સમજીને કરવામાં આવે તો–બળવાન કર્મોની નિર્જરા થાય. એ હેતુથી ત્રણ પાઠ, સ્મરણ મંત્રની માળા, સાત વ્યસન, સાત અભક્ષ્યના ત્યાગ વિષે આ ગ્રંથમાં મુખ્યત્વે પરમકૃપાળુદેવ, પ.પૂ.પ્રભુશ્રીજી તથા પૂ.શ્રી બ્રહ્મચારીજીના વચનો દ્વારા, એ ભાવોને આપણે સ્પષ્ટ સમજી શકીએ, એવા શુભ આશયથી આમાં વિસ્તાર કરેલો છે. તે આપણને ભાવોલ્લાસ લાવવામાં પ્રબળ સહાયકારી બનશે એવી આશા છે. તથા મોટેભાગે દરેક પેરેગ્રાફ ઉપર તેના શીર્ષક આપેલ છે અને ૧૫૦ દૃષ્ટાંતો તેના ૧૭૫ રેખાચિત્રો સાથે આપવામાં આવ્યા છે. જેથી તે વિષયનો ભાવ સરળતાથી સમજાય અને આત્માને વિશેષ અસરકારક થાય એ હેતુથી આ પ્રયત્ન કરેલ છે.

આ ગ્રંથમાં સંક્ષેપમાં આપેલ પુસ્તકના નામોના અર્થ નીચે પ્રમાણે સમજવા–

વ.=વચનામૃત, પૃ.=પૃષ્ઠ, ઉ.=ઉપદેશામૃત અને બો.૧,૨,૩=બોધામૃત ભાગ-૧, ૨, ૩ સમજવા. બોધામૃત ભાગ-૧ના પેજ નંબર સં.૨૦૬૭ની નવી આવૃત્તિ પ્રમાણે છે.

આ કરેલ સંગ્રહ સર્વ મુમુક્ષુજનને કલ્યાણરૂપ થાઓ એવી શુભેચ્છા સહ વિરમું છું. એજ–

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી નિર્વાણ અમૃત મહોત્સવ,
તા. ૧૨-૫-૨૦૧૧

આત્માર્થી,
પારસભાઈ જૈન, અગાસ આશ્રમ

ગ્રંથ પ્રકાશનમાં ભાગ લેનાર દાતાઓની યાદી

''જેને લોભ ઓછો, તૃષ્ણા ઓછી, તેના ભવ પણ ઓછા. નવું મેળવવાનો લોભ ઓછો કરાય
તથા એકઠું કરેલું દાન આદિ સન્માર્ગે વપરાય તે પણ લોભ ઘટાડવાનો ઉપાય છે.
સંતોષી નર સદા સુખી ગણાય છે.'' -બોધામૃત ભાગ-૩ (પૃ.૪૬૭)

રકમ	નામ	ગામ
૨૫૫૫૫	શ્રી પારસભાઈ એમ. જૈન તથા ભાવનાબેન પી. જૈન	અગાસ આશ્રમ
૨૫૦૦૦	શ્રી શાંતિલાલજી હસ્તીમલજી તથા સૂરજબેન શાંતિલાલજી હુંડિયા	બેંગ્લોર
૨૫૦૦૦	શ્રી ઠાકોરભાઈ માધવભાઈ તથા શાંતાબેન ઠાકોરભાઈ પટેલ	બારડોલી
૨૫૦૦૦	શ્રી દેવજીભાઈ શંકરભાઈ પટેલ હસ્તે અશોકભાઈ દેવજીભાઈ પટેલ	લંડન
૨૫૦૦૦	શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર	ઈન્દોર
૨૫૦૦૦	શ્રી પુષ્પાબેન નાનુભાઈ પટેલ પરિવાર	આશ્રમ
૨૫૦૦૦	શ્રી મનુબેન કિશોરભાઈ પટેલ	અમેરીકા
૨૫૦૦૦	શ્રી કુસુમબેન મકનજીભાઈ, પુત્ર વિમલભાઈ, કમલેશભાઈ પટેલ	અમેરીકા
૨૫૦૦૦	શ્રી નીલકુમાર નવિનચંદ્ર ચૌહાણ	લંડન
૨૧૦૦૦	શ્રી રતનબેન એમ. પટેલ	અગાસ આશ્રમ
૨૧૦૦૦	શ્રી પારસબેન સુભાષભાઈ મુથા	નાગપુર
૨૦૦૦૦	શ્રી સ્વ. લક્ષ્મીબેન ગોવિંદભાઈ પટેલ હસ્તે સવિતાબેન,સુમતિબેન	અગાસ આશ્રમ
૧૫૦૦૦	શ્રી સ્વ. બાબુભાઈ ભુધરજી પરિવાર	મુંબઈ
૧૧૧૧૧	શ્રી સંતોકચંદજી હસ્તીમલજી પરિવાર	આશ્રમ
૧૧૧૧૧	શ્રી મંજુબેન સોમાભાઈ પટેલ	આસ્તા
૧૧૦૦૦	શ્રી પુષ્પાબેન સંપતરાજજી ચૌધરી	અમદાવાદ
૧૧૦૦૦	શ્રી સવિતાબેન રાવજીભાઈ પટેલ	આશ્રમ
૧૧૦૦૦	શ્રી સોહિનીબેન ઘનશ્યામભાઈ પટેલ હસ્તે સવિતાબેન રાવજીભાઈ પટેલ	ભાદરણ
૧૧૦૦૦	એક મુમુક્ષુભાઈ	મુંબઈ
૧૧૦૦૦	શ્રી સ્વ. ચંપાબેન વિનોદભાઈ હસ્તે ચેતનભાઈ વિનોદભાઈ શાહ	વિદ્યાનગર
૧૧૦૦૦	શ્રી રજનીકાંતભાઈ મણિભાઈ પટેલ	હુબલી
૧૦૦૦૦	શ્રી અલ્પેશભાઈ ગોપાળભાઈ પટેલ હસ્તે ભૂલીબેન શાંતિભાઈ પટેલ	આસ્તા
૧૦૦૦૦	શ્રી જીવીબેન ગોપાળભાઈ પટેલ	આસ્તા
૧૦૦૦૦	શ્રી સરિતાબેન વીરજી કેનીયા, ધીરજભાઈ વીરજી કેનીયા, હસ્તે સુસ્મિતાબેન વીરજી કેનીયા	મુંબઈ
૫૦૦૦	શ્રી સુબોધક પુસ્તકાલય	ખંભાત
૫૦૦૦	શ્રી સચ, સેવા, સોહમ પરીખ	કેનેડા
૫૦૦૦	શ્રી જય, તરુણ, અંજલિ શાહ	કેનેડા
૫૦૦૦	શ્રી મંજુબેન અનિલભાઈ બુન્કી	સુરત
૩૦૦૦	શ્રી નવલબેન તારાચંદભાઈ ગોસર	મુંબઈ
૨૫૦૧	શ્રી નટુભાઈ મકનજીભાઈ ભક્ત તથા શારદાબેન નટુભાઈ ભક્ત	વાવ
૨૫૦૦	શ્રી યોગિનીબેન કમલેશભાઈ પરિવાર	લંડન
૨૫૦૦	શ્રી પિન્કીબેન ભુવનભાઈ નાગડા	મુંબઈ
૨૧૦૦	શ્રી લીલાબેન માણેકભાઈ મહેતા	સુરત
૨૧૦૦	શ્રી પ્રમિલાબેન કાંતિભાઈ મહેતા	હુબલી
૨૧૦૦	શ્રી પ્રેમલતાબેન નવરતનભાઈ મહેતા	સુરત
૨૦૦૦	શ્રી મૃદુલાબેન બિપીનભાઈ શાહ	વડોદરા
૨૦૦૦	શ્રી પ્રિન્સ જવાહરભાઈ શાહ	મુંબઈ
૧૧૧૧	શ્રી અભયકુમાર નવરતનભાઈ મહેતા	સુરત
૧૧૧૧	શ્રી ભૂલીબેન શાંતિભાઈ પટેલ	આશ્રમ
૧૧૦૦	શ્રી અમૃતીબેન પારસમલજી ચોપડા	હુબલી
૧૦૦૦	શ્રી પ્રેરણાકુમારી નવરતનભાઈ મહેતા	સુરત
૧૦૦૦	શ્રી દિપ્તીબેન ભરતભાઈ	મુંબઈ
૧૦૦૦	શ્રી રંજનબેન પ્રવિણભાઈ	મુંબઈ
૧૦૦૦	શ્રી તુષારભાઈ દિનેશભાઈ છેડા	મુંબઈ
૧૦૦૦	શ્રી નિર્ભયકુમાર હરખચંદભાઈ	મુંબઈ
૧૦૦૦	શ્રી પલકકુમારી હરખચંદભાઈ	મુંબઈ
૧૦૦૦	શ્રી કાજલબેન નયનભાઈ	મુંબઈ
૧૦૦૦	શ્રી વિજયાબેન પુનશીભાઈ	મુંબઈ
૫૦૦	શ્રી નયનાબેન ખંડુભાઈ પટેલ	બારડોલી
૫૦૦	શ્રી મંજુબેન દિનેશભાઈ છેડા	મુંબઈ



'નિત્યનિયમાદિ પાઠ'નું માહાત્મ્ય

પરમકૃપાળુદેવના કહેવાથી પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ આપણને રોજ નિત્યનિયમાદિ પાઠ કરવા જણાવ્યું છે. તેના માટે અગાસ આશ્રમમાં વહેલી સવારના ચાર વાગ્યાથી રાતના સાડાનવ વાગ્યા સુધી ભક્તિક્રમની યોજના બહુ દીર્ઘદૃષ્ટિથી પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ કરેલ છે. તેમાં મંગલાચરણ, જિનેશ્વરની વાણી, હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ તો લગભગ બધી ભક્તિઓના ક્રમમાં પ્રથમ બોલાય છે. અને પ્રાતઃકાળની અને રાત્રિની ભક્તિમાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની માળા પણ ગણાય છે. સાથે સાત વ્યસન અને સાત અભક્ષ્યનો ત્યાગ કરવા જણાવ્યું છે.

આટલાં અલ્પ આત્મસાધનને પ.પૂ.પ્રભુશ્રીજી મુમુક્ષુઓના આત્માને પરમહિતનું કારણ જાણી પરમકૃપાળુદેવની આજ્ઞાથી એમને યોગ્ય લાગે તેમને અવશ્ય આપતા હતા. મોટા ભાગના આશ્રમમાં આવનારા મુમુક્ષુઓ આ આજ્ઞાનું આરાધન કરે છે. કોઈ આ આત્મસાધનને આજ્ઞાભક્તિ કહે છે, કોઈ મંત્ર સ્મરણ કહે છે અથવા કોઈ મંત્ર કહે છે; પણ પૂ.શ્રી બ્રહ્મચારીજીને કાળી ચૌદસના રવિવારે પ.પૂ.પ્રભુશ્રીજીએ જ્યારે આ મંત્ર આપ્યો ત્યારે પોતાની 'તત્ત્વજ્ઞાન'માં પોતે લખે છે—'મંત્ર દીક્ષા'.

આ આજ્ઞાભક્તિનું ઘણું જ માહાત્મ્ય છે. સમકિતનો ચાંદલો કરાવે એવું એમાં દૈવત રહેલું છે, એમ પ.પૂ.પ્રભુશ્રીજીએ કહ્યું છે. માટે આ પુસ્તકમાં મંગલાચરણ, જિનેશ્વરની વાણી, 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું', ની પ્રાર્થના, 'યમનિયમ', 'ક્ષમાપના' અને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્ર અને સાત વ્યસન, સાત અભક્ષ્યના ત્યાગ વિષે પરમકૃપાળુદેવ, પ.પૂ.પ્રભુશ્રીજી અને પૂ.શ્રી બ્રહ્મચારીજીએ શું શું કહ્યું છે, તે મુખ્યત્વે તેમના જ શબ્દોમાં મૂકવામાં આવેલ છે. સાથે એ વાત



સરળતાથી સમજાય તેના માટે અનેક દૃષ્ટાંતો અને તેના રેખાચિત્રો આપવામાં આવ્યા છે. જેથી આ આજ્ઞાસહિતની ભક્તિ કરતાં તેના અર્થ સમજાવાથી ભાવ આવે અને કર્મોની બળવાન નિર્જરા થાય એ આ સંગ્રહનો હેતુ છે, જે સર્વને કલ્યાણરૂપ થાઓ.

'ઉપદેશામૃત' માંથી :–

પરમકૃપાળુદેવની આજ્ઞા સંત પાસેથી મળી છે
તે ઠેઠ ક્ષાયિક સમકિત પમાડશે

''સંસાર આખો ત્રિવિધ તાપથી બળી રહ્યો છે. તેમાંથી બચાવનાર એક સમકિત છે. તે કરી લેવા જાગ્રત થવા આ અવસર આવ્યો છે. તેની ભાવના રાખવી.

સંત પાસેથી, જે કંઈ સમજ મળે તે પકડી તે પ્રમાણે વર્તવા લક્ષ રાખવો. વીસ દુહા, ક્ષમાપના–આટલું પણ જો સંત પાસેથી મળ્યું હોય તો ઠેઠ ક્ષાયિક સમકિત પમાડશે; કારણકે આજ્ઞા છે, તે જેવી તેવી નથી. જીવે પ્રમાદ છોડી યોગ્યતાનુસાર જે જે આજ્ઞા મળી હોય તે આરાધવા મંડી પડવું; પછી તેનું ફળ થશે જ.'' (ઉ.પૃ.૩૬૯)

પરમકૃપાળુદેવે મંત્રની આજ્ઞા બીજાને આપવા પ.પૂ.પ્રભુશ્રીજીને રજા આપી

''સંતે બતાવેલું સાધન-મંત્ર, ક્ષમાપનાનો પાઠ વગેરે ઓહોમાં કાઢી નાખવું નહીં. 'આ તો હું જાણું છું, આ તો મને મોઢે છે', એમ લૌકિક ભાવ ન રાખવો. એમાં જે માહાત્મ્ય રહ્યું છે તે કહી શકાય એવું નથી, જ્ઞાની જ જાણે છે. સૌભાગ્યભાઈએ તે સાધન મુમુક્ષુને આપવા પરમકૃપાળુદેવ પાસેથી રજા માગી ત્યારે તે મૌન રહ્યા. અમે કહ્યું ત્યારે અમને તે બીજાને આપવા રજા આપી. તેથી અમે તો જે કોઈ જીવો અમારી પાસે આવે છે તેને એ સાધન તેના આત્માને અનંત હિતનું કરનાર જાણી આપીએ છીએ. માટે તે અલૌકિક ભાવે આરાધવું. વધારે વખત મળે તો આલોચનાનો નિત્યક્રમ રાખવો. વચન ઉપર જો શ્રદ્ધા થશે તો સંગનું ફળ અવશ્ય થશે.'' (ઉ.પૃ.૩૪૯)

કૃપાળુદેવની મંત્રની આજ્ઞા, શ્રી ધારશીભાઈના આગ્રહથી પ્રભુશ્રીજીએ આપી

ધારશીભાઈનો પ્રસંગ :– ''શ્રી ધારશીભાઈ કર્મગ્રંથના અભ્યાસી હતા. તે પણ ધંધુકામાં શ્રી લલ્લુજી સ્વામીના દર્શન-સમાગમ અર્થે આવેલા. તેમણે એક દિવસ સ્થાનકને મેડે પધારવા શ્રી લલ્લુજીને વિનંતિ કરી. બન્ને ઉપર ગયા અને બારણા બંધ કરી શ્રી ધારશીભાઈએ વિનયભક્તિપૂર્વક સાષ્ટાંગ દંડવત્ કરી શ્રી લલ્લુજી સ્વામીને વિનંતી કરી કે, ''સં. ૧૯૫૭માં શ્રીમદ્‌જીનો દેહ છૂટતા પહેલાં પાંચ છ દિવસ અગાઉ હું રાજકોટ દર્શન કરવા ગયેલો. તે વખતે તેઓશ્રીએ કહેલું કે શ્રી અંબાલાલ, શ્રી સૌભાગ્યભાઈ અને આપને તેઓશ્રીની હયાતીમાં અપૂર્વ સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થયું છે. તે વખતે મને એક સામાન્ય સમાચારરૂપ તે શબ્દો લાગેલા, પણ આ ત્રણ વર્ષના વિરહ પછી મને સમજાયું કે તે શબ્દો મારા આત્મહિત માટે જ હતા.



તે પ્રભુના વિયોગ પછી હવે આપ મારે અવલંબનરૂપ છો. તો તેઓશ્રીએ આપને જણાવેલ આજ્ઞા કૃપા કરી મને ફરમાવો. હવે મારી આખર ઉમ્મર ગણાય, અને હું ખાલી હાથે મરણ પામું તેના જેવું બીજું શું શોચનીય છે? આજે અવશ્ય કૃપા કરો એટલી મારી વિનંતી છે.'' એમ બોલી આંખમાં આંસુસહિત શ્રી લલ્લુજીના ચરણમાં તેમણે મસ્તક મૂક્યું. તેમને ઉઠાડીને ધીરજથી શ્રી લલ્લુજીએ એમ જણાવ્યું કે પત્રોમાં કૃપાળુદેવે જે આરાધના બતાવી છે, બોધ આપ્યો છે તે આપના લક્ષમાં છે એટલે તે સમજી ગયા કે યોગ્યતા લાવવા પુરુષાર્થ કરવાનો છે. પણ ધીરજ ન રહેવાથી વિશેષ આગ્રહ કરી કંઈ પ્રસાદી આપવા વારંવાર વિનંતિ કરી. એટલે શ્રી લલ્લુજીએ જે સ્મરણમંત્ર કૃપાળુદેવે મુમુક્ષુઓને જણાવવા તેમને આજ્ઞા કરેલી તે તેમને જણાવ્યો. જેથી તેમનો આભાર માની તેનું પોતે આરાધન કરવા લાગ્યા.'' (ઉ.પૃ.(૩૭))

ત્રણ પાઠ, મંત્ર આદિની આજ્ઞા આત્માના કલ્યાણ માટે પરમોત્કૃષ્ટ સાધન

''તમે જ મને તારનાર છો, તમારી ગતિ તે મારી ગતિ હો, તમે જ બધું કરશો, તમે બધું જાણો છો' વગેરે આપણે મતિકલ્પના વડે કરેલા નિર્ણય છે. અને કલ્પના વડે કલ્યાણ ન હોય. માટે તેમને (પ્રભુશ્રીજીને) આપણે સાચા પુરુષ વિશ્વાસ કરવા યોગ્ય માન્યા છે તો તેમનો બતાવેલો માર્ગ જે પરમ કૃપાળુદેવની ભક્તિ પરમોત્કૃષ્ટ સાધન જે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નો મંત્ર તથા 'વીસ દોહરા', 'ક્ષમાપનાનો પાઠ', 'આત્મસિદ્ધિ', 'છ પદનો પત્ર' આદિ જે જે આજ્ઞારૂપ ધર્મ બતાવ્યો છે તેનું આરાધન જો કર્યા કરીશું તો અવશ્ય કલ્યાણ થશે.'' (ઉ.પૃ.૧૨૯)

પરમકૃપાળુદેવને જ જ્ઞાની માની તેની જ ભક્તિ કરવી, એ સુરક્ષિત માર્ગ

''આપણી કલ્પનાથી કોઈને જ્ઞાની, અજ્ઞાની કહેવામાં ઘણો દોષ છે. જ્ઞાની હોય અને અજ્ઞાની કહીએ તો મોહનીય કર્મ બંધાય અને અજ્ઞાનીને જ્ઞાની કહીએ તોપણ મોહનીય કર્મરૂપ આચરણ થાય. તેથી સહીસલામત રસ્તો એ જ છે કે જે પુરુષને (પરમકૃપાળુદેવને) જ્ઞાનીરૂપે ભજવાની આપણને શિખામણ તેમણે આપી છે તેને જ જ્ઞાની માની તેની જ ભક્તિ કરવી તથા બીજાની બાબતમાં મધ્યસ્થતા રાખવી. આવો સરળ નિઃશંક માર્ગ તજી આપણી મતિકલ્પનાએ વર્તવું એ નિર્ભય માર્ગ નથી. તે લક્ષમાં લેવા વિનંતિ છે.'' (ઉ.પૃ.૧૨૯)

દરરોજ ભક્તિમાં મંડ્યા રહો, હુંપણું, મારાપણું ટળી જશે

''દરરોજ નિયમિત ભક્તિ કરવી. વીસ દુહા, ક્ષમાપના, છ પદનો પત્ર, આત્મસિદ્ધિ, સ્મરણ, 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' દરરોજ ફેરવવું. ''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે.'' તેનો અર્થ વિચારવો. ચમત્કારિક છે! ભક્તિમાં મંડ્યા રહો.''

(ઉ.પૃ.૩૭૦)



'બોધામૃત ભાગ-૧,૨,૩' માંથી :–

પદોના અર્થ વિચારવાં, તો બંધવૃત્તિઓ રોકવામાં રસ આવે

''અવકાશ હોય તો જીવે વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના, બાર ભાવના કે છ પદ ગમે તે વિચારવામાં રહેવાનું છે. જીવને બંધવૃત્તિઓ રોકવામાં રસ આવતો નથી.''

-બો.૧ (પૃ.૪૦૧)

અર્થમાં ઉપયોગ રોકવો. વેઠ ન કાઢવી. સદ્‌ગુરુ આજ્ઞા આરાધવી

''વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના, આત્મસિદ્ધિ એ તો સમજાય એવી સરળ ભાષામાં છે. કંઈ ન સમજાય એવું નથી. 'ભક્તામર' જેવું હોય તો ન સમજાય. હાલતાં, ચાલતાં, ગમે ત્યારે પણ કરી શકીએ એવું છે. પણ વેઠ કાઢે તો કંઈ અસર ન થાય. સારા નિમિત્તની જરૂર છે. સદ્‌ગુરુની આજ્ઞા આરાધવી. ''आणाअे धम्मो'' આજ્ઞા એ જ ધર્મ છે.'' -બો.૧ (પૃ.૧૨૦)

અભણ પણ શ્રદ્ધાસહિત, ભાવપૂર્વક બોલે તો જ્ઞાન પ્રગટ થઈ જાય

''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ આખર વખતે વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના એ ત્રણ નિત્યનિયમ તરીકે દરરોજ ભાવપૂર્વક બોલવા જણાવ્યું છે. આટલું જો વિશ્વાસ રાખી કરવામાં આવે તો જ્ઞાન પ્રગટ થઈ જાય તેવું છે. કાંઈ શાસ્ત્રો જાણનાર પંડિતનો મોક્ષ થાય અને અભણનો ન થાય તેવું નથી. શ્રદ્ધાપૂર્વક આજ્ઞાનું આરાધન કરવાથી બધું થાય છે.'' -બો.૧ (પૃ.૧૦)

સૂતી વખતે ત્રણ પાઠ બોલી કૃપાળુદેવનું શરણ લઈ સુવું

''સાંજે સૂતી વખતે રોજ વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના બોલી કૃપાળુદેવનું શરણું લઈ સૂએ તો કંઈ મોડું ન થાય. એ કરવા જેવું છે. બોલતી વખતે આપણને ભાવ સ્ફૂરે એવું કરવાનું છે. કૃપાળુદેવ હાજરાહજૂર જ ઊભા છે એવું જાણીને ભક્તિ કરવી. એનું જ શરણ લેવું.''

-બો.૧ (પૃ.૩૮૮)

ભક્તિ સાથે વાંચન રાખવું. વિચાર માટે ઘણા વાંચનની જરૂર છે

''કંઈક ભક્તિ કરીએ અને થોડું વાંચવાનું રાખવું. એથી સંસ્કાર પડે. કંઈક વિચાર થાય એ માટે ઘણા વાંચનની જરૂર છે. મન માંકડા જેવું છે. તેને શ્રુતરૂપી ઝાડ ઉપર ચઢવા દ્યો; નહીં તો કપડાં ફાડે.'' -બોધામૃત ૧

જ્ઞાનીના વચનો વિચારવામાં જેટલા ખોટી થઈશું તેટલું કલ્યાણ થશે


''પૂજ્યશ્રી–સ્મરણનું વધારે જોર રાખવું. સ્મરણ હરતાં ફરતાં પણ કરવું. વીશ દોહરા આદિ ત્રણ પાઠ વારંવાર ભાવપૂર્વક બોલવાનું રાખવું. જીવે ઘણું કર્યું છે, પણ ભાવ વિના બધું લૂખું થયું છે. સત્પુરુષનો બહુ ઉપકાર છે. આત્માને ઉન્નત બનાવે એવાં જ્ઞાનીપુરુષોના વચનો છે. એમાં જેટલા ખોટી થઈશું તેટલું કલ્યાણ થશે.'' -બો.૧ (પૃ.૪૮૧)



જ્ઞાનીના વચનો થપ્પડ જેવા છે, જીવને જગાડે છે, જાગે તો મોક્ષ મળે

ભક્તિમાં રંગાઈ ગયો તો આખી જિંદગીમાં જ્ઞાનીનાં વચન એને સાંભર સાંભર થાય. આત્મા ઊંઘે છે, તેને જગાડવાનો છે. એ જાગ્યો નહીં, તો શું કામ આવે? ફર્યો નહીં, હતો તેવો ને તેવો જ રહ્યો તો પછી જ્ઞાનીએ એટલી બધી માથાકૂટ કરી તે લેખે આવે નહીં. ન સમજાય તો પૂછવું. 'આ શું કહ્યું?' મને ફરીથી કહો.' એમ ગરજ હોય તે પૂછે.

એક છોકરો હતો. તેણે સાંભળ્યું કે આજે દશ વાગે રાત્રે વરઘોડો નીકળવાનો છે. તેણે માને કહ્યું કે મને જગાડજે. પછી વરઘોડો આવ્યો ત્યારે મા તેને જગાડવા લાગી પણ જાગે જ નહીં. પછી એક થપ્પડ મારી ત્યારે તે જાગ્યો, અને વરઘોડો જોઈ બહુ રાજી થયો.



તેમ જ્ઞાનીનાં કોઈ વચનો છે તે થપ્પડ જેવાં છે, જગાડે છે. જાગે તો મોક્ષ સુધીની વસ્તુ જોવાને મળે. જાગે નહીં તો વરઘોડાની પેઠે મનુષ્યભવ જતો રહે. -બો.૨ (પૃ.૨૦૧)

અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા મોક્ષમાર્ગે ચઢાવે. આમાં ઘણી વાત સમાય છે


''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ અંત વખતે જણાવેલ કે કોઈ ધર્મનો ઇચ્છક હોય તો તેને આ ત્રણ



પાઠ નિત્યનિયમરૂપે કરવા જણાવજે. ''હે પ્રભુ, હે પ્રભુ, શું કહું? દીનાનાથ દયાળ'' એ વીસ દોહરારૂપ ભક્તિરહસ્ય અને ''યમ નિયમ સંયમ આપ કિયો'' તથા ''ક્ષમાપના''નો પાઠ પરમકૃપાળુદેવના ચિત્રપટ પ્રત્યે વિનય નમસ્કાર કરી 'હે ભગવાન, આપની આજ્ઞાથી સંતે કહેલી આ ત્રણ પાઠની નિત્યનિયમ વિષેની આજ્ઞા પ્રમાણે રોજ હું ભક્તિ કરીશ.' એવી ભાવના કરશોજી. અને રોજ કોઈ સંતની આજ્ઞાએ આટલું હું કરું છું એ ભાવ રાખી દિવસમાં એક બે ત્રણ જેટલી વખત બને તેટલી વખત ભક્તિ કર્યા કરવા ભલામણ છેજી. વિશેષ સમાગમે જણાવવા યોગ્ય હોવાથી કંઈ લખી જણાવતો નથીજી. આમાં ઘણી વાત સમાય છે. અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા મોક્ષમાર્ગે ચઢાવે છેજી. જ્ઞાની અને જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા જીવો મોક્ષમાર્ગમાં ગણાય છેજી.'' -બો.૩ (પૃ.૧૫૦)

નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય, કદી ન ચુકાય તેની કાળજી રાખવી

''નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય છેજી. સત્પુરુષની રૂબરૂમાં જે વચન કે ટેક અંગીકાર કરી હોય તે ન ચુકાય એટલું માહાત્મ્ય મુમુક્ષુના હૃદયમાં રહેવું જોઈએ. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા, પાછા પેસે નહીં તેમ સજ્જનનું વચન ફરે નહીં. દુર્જનનું વચન



કાચબાની ડોક ઘડીમાં બહાર ને ઘડીમાં પાછી ખેંચે તેના જેવું, 'અબી બોલ્યા અબી ફોક' થઈ જાય તેવું હોય છે, માટે હવે કદી નિત્યનિયમ ન ચુકાય તેવી કાળજી રાખવા ભલામણ છેજી.''

-બો.૩ (પૃ.૩૨૮)



ગમે ત્યાં જઈએ પણ નિત્યનિયમ કરવાનું કદી ચુકવું નહીં

''વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, મંત્રની અમુક નિયમ પ્રમાણે માળા ગણવી, આલોચના આદિ જે જે નિત્યનિયમ કરતા હોઈએ તે નિયમ સ્થળ બદલાતાં કે નવા અસંસ્કારી જીવો સાથે વસવાનું બને ત્યાં લોકલાજ આદિ કારણે પડી ન મૂકવો; પરંતુ વિશેષ બળ રાખીને તથા તે જ આધારે આપણું જીવન સુધરવાનું છે એમ માનીને, ગુપ્ત રીતે પણ દરરોજ કર્યા વિના રહેવું નહીં અને લોકો 'ભગત' એવાં ઉપનામ પાડે તેથી ડરીને કે શરમાઈને, કરતા હોઈએ તે પ્રત્યે અભાવ ન લાવવો; પરંતુ વિચારવું કે તે લોકોને સત્પુરુષનો યોગ થયો નથી તે તેમના કમનસીબ છે અને ધર્મની કાળજી નથી રાખતા તેથી કર્મ વધાર્યા કરે છે.....આપણે આપણા આત્માનો ઉદ્ધાર કરવા સત્પુરુષની બને તેટલી આજ્ઞાનું આરાધન કરતા રહેવાની જરૂર છેજી.'' -બો.૩ (પૃ.૩૪૯)

* * *



મંગલાચરણ

(વિવેચન સહિત)

અર્થ :- મંગલાચરણ એટલે ગ્રંથ કે શુભકાર્યના આરંભમાં કરાતી ઈશ્વરની સ્તુતિ. મંગલ શબ્દની સંધિ વિચ્છેદ કરીએ તો મમ + ગલ. મમ એટલે પાપ અને ગલ એટલે ગાળે. અને બીજી રીતે મંગલ શબ્દની સંધિ વિચ્છેદ કરીએ તો મંગ + લ, મંગ એટલે સુખ અને લ એટલે લાવે એવું મંગલાચરણ. જે પાપને ગાળે અને સુખને લાવે એવું આચરણ અર્થાત્ વર્તન કરવું તે મંગલાચરણ.

ભાવાર્થ :- ''વૃત્તિ બાહ્ય ભાવ તજી પ્રભુ સન્મુખ બને તે અર્થે મંગલાચરણ, ભક્તિ શરૂ કરતાં કરાય છે.'' -નિત્યનિયમાદિ પાઠ (પૃ.૧૧)

''અહો! શ્રી સત્પુરુષકે વચનામૃતં જગહિતકરમ્;
મુદ્રા અરુ સત્સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્;
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસે નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્ગુણ કોષ હૈ.'' ૧

અર્થ :– અહો! એટલે આશ્ચર્ય છે કે શ્રી સત્પુરુષના વચનામૃત આખા જગતના જીવોનું હિત કરવા સમર્થ છે. વળી અહો! તેમની વીતરાગ પવિત્ર મુદ્રા અને અહો! તેમનો સમાગમ; જે મોહનિદ્રામાં અનાદિકાળથી સુતેલી આત્મચેતનાને જગાડનાર છે. અનાદિકાળના અભ્યાસને લઈને સદા પાપમાં કે પ્રમાદમાં પડતી અમારી વૃત્તિને પણ જે સ્થિર રાખી શકે છે. અને તેમની વીતરાગ મુદ્રાના પવિત્ર દર્શન માત્ર નિર્દોષતા ઉપજાવનાર છે. વળી તેમની વીતરાગ મુદ્રા, તે તેમના જેવો જ મારા આત્માનો પણ મૂળ સ્વભાવ છે તે પ્રગટ કરવા માટે પ્રેરણા આપનાર છે. માટે સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ એ ત્રણેય વસ્તુ જગતમાં સારરૂપ છે અને એ જ સકળ સદ્ગુણનો કોષ એટલે ભંડાર છે.

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :–''અહો! શબ્દ આશ્ચર્યકારી બાબત બતાવનાર છે તેથી બીજી વિચારણા તજી સત્પુરુષનાં ભક્તિ કરવા યોગ્ય વચનરૂપ અમૃત તરફ બોલનારનો લક્ષ કરાવે છે. બીજાં વચનો કરતાં સત્પુરુષનાં વચનો ત્રણે કાળના ત્રણે જગતના જીવોને આત્મકલ્યાણ તરફ પ્રેરનાર છે. માટે આશ્ચર્યકારી છે.

વળી બીજી આશ્ચર્યકારી બાબતો બતાવે છે. સત્પુરુષની વીતરાગતા સૂચક મુખમુદ્રા તથા તે



મહાભાગ્યશાળી સત્પુરુષોનો દુર્લભ સત્સમાગમ પણ આશ્ચર્યકારી છે.

'મોક્ષકી નિશાની, દેખ લે જિનકી પ્રતિમા' એમ શ્રીકબીર મહાત્માએ વીતરાગ મુખમુદ્રાથી મુગ્ધ બની પ્રકાશ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે :–

''મોટા પુરુષના સંગમાં નિવાસ છે તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ. કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી. પ્રત્યક્ષ જોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે, કારણ કે 'મૂર્તિમાન મોક્ષ' તે સત્પુરુષ છે.''
(વ.પૂ.૨૮૭)

''શ્રી સત્પુરુષનાં વચનામૃત, મુખમુદ્રા અને સત્સમાગમ મોહનિદ્રામાં પડેલી સૂતી ચેતનાને જાગ્રત કરનાર છે. પાપ કે પ્રમાદ તરફ ઢળતી વૃત્તિને સદ્ભાવમાં તે ટકાવી રાખનાર છે. સમ્યક્ પ્રતીતિરૂપ માત્ર દર્શનનો લાભ થતાં જ ચેતનાને તે નિર્દોષ બનાવે છે અને અપૂર્વ સ્વભાવ પ્રગટ કરવા પ્રેર્યા કરે છે. તેથી તે સર્વ સદ્ગુણના ભંડારરૂપ છે. વળી વિશેષ ઉપકારો નીચેની કડીમાં બતાવ્યા છે.'' -નિત્યનિયમપાઠ (પૃ.૧૧)

''સ્વસ્વરૂપકી પ્રતીતિ, અપ્રમત્ત સંયમ ધારણં;
પૂરણપણે વીતરાગ, નિર્વિકલ્પતાકે કારણં;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ.'' ૨

અર્થ :– હવે સત્પુરુષના વચનામૃત, તેમની વીતરાગ મુદ્રા અને સત્સમાગમ આત્માને પ્રથમ પોતાના આત્મસ્વરૂપની પ્રતીતિ એટલે શ્રદ્ધા કરાવનાર છે. પછી આગળ વધારી આત્માનો અનુભવ કરાવી, જ્ઞાનસહિત શ્રાવકના વ્રત આપી, છઠ્ઠે ગુણસ્થાનકે જ્ઞાનસહિત મુનિ બનાવી, પછી સાતમે અપ્રમત્તસંયત ગુણસ્થાને આત્મધ્યાનમાં સ્થિતિ કરાવનાર છે. ત્યાંથી આગળ આત્માને વધારી આઠમા ગુણસ્થાનેથી શ્રેણી મંડાવીને પૂરણપણે કેવળજ્ઞાનમય આત્માની વીતરાગદશા પ્રગટાવનારા છે. એ કેવળ જ્ઞાનમય દશા જ નિર્વિકલ્પતાનું કારણ છે. એ સર્વજ્ઞ દશા આવ્યે સર્વ સંકલ્પવિકલ્પરૂપ બંધનનો આત્માના પ્રદેશોમાંથી સર્વથા નાશ થાય છે.

અંતમાં એને મોક્ષે જતાં પહેલાં આત્માનો અયોગી સ્વભાવ એટલે મનવચનકાયાના યોગથી રહિત આત્માની સંપૂર્ણ શુદ્ધ દશા કે સિદ્ધદશાને પણ પ્રગટ કરાવનાર એજ છે. અને એ સિદ્ધદશા પ્રાપ્ત થયે આત્મા પોતાના અનંત અવ્યાબાધ એટલે બાધા પીડારહિત શુદ્ધ સ્વરૂપમાં સર્વકાળને માટે સ્થિતિ કરે છે અર્થાત્ મોક્ષને પામે છે. એ સર્વ થવાનું કારણ સત્પુરુષના વચનામૃત મુદ્રા અને સત્સમાગમ જ છે.



'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :– ''શ્રી સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમનો નિશ્ચય થયે સ્વસ્વરૂપની શ્રદ્ધા થાય છે. અપ્રમત્ત સંયમનું ભાન પ્રગટે છે, પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ પ્રગટવાનું તે કારણ બને છે; અને છેલ્લે અયોગી સ્વભાવ ચૌદમે ગુણસ્થાનકે પ્રગટે છે અને અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ થાય છે, તેનું કારણ પણ તે વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ છે.'' -નિ.પા. (પૃ.૧૨)

''સહજાત્મ, સહજાનંદ, આનંદઘન નામ અપાર હૈ,
સત્‌દેવ, ધર્મ સ્વરૂપ-દર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુભક્તિસે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.'' ૩

અર્થ :– 'એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે.'' (વ.પૃ.૨૬૯) કેમકે વચનામૃત કોના? તો કે સત્પુરુષના. વીતરાગ મુદ્રા કોની? તો કે સત્પુરુષની. અને સત્સમાગમ કોનો? તો કે સત્પુરુષનો. માટે સત્પુરુષના એટલે સદ્‌ગુરુના અનેક ગુણસંપન્ન નામો ઉપકારના બદલામાં અત્રે જણાવે છે :-

'સહજાત્મ' એટલે જે સહજાત્મસ્વરૂપ છે. 'સહજાનંદ' એટલે જે સહજ આનંદમાં લીન છે. 'આનંદઘન' એટલે જે આનંદના ઘનરૂપ છે. એવા જેમના ગુણસંપન્ન અપાર નામો છે. જે સાચા દેવ અરિહંત અને સાચો ધર્મ તે આત્મધર્મનું યથાર્થ સ્વરૂપ દર્શાવનારા છે. એવા સદ્‌ગુરુના ગુણો તો પારાવાર છે અર્થાત્ તેમના ગુણોનો પાર આવે તેમ નથી. કહ્યું છે કે–

''સાત સમંદ (સમુદ્ર) કી મસિ (સ્યાહી) કરો,
લેખની (કલમ) સબ વનરાઈ (જંગલો);
ધરતી (પૃથ્વી) સબ કાગજ કરો,
હરિ (પ્રભુ) ગુણ લિખ્યા ન જાઈ.''

એવા આત્મજ્ઞાની ગુરુની ભાવથી ભક્તિ કરવાથી તીર્થપતિ કહેતા તીર્થંકરની પદવીને પણ પામી શકાય છે; એવું શાસ્ત્રમાં વિસ્તારથી કથન છે. માટે ત્રિકાળ જયવંત વર્તો એટલે ત્રણે કાળમાં જેનું અસ્તિત્વ સદા બન્યું રહો એવા પરમકૃપાળુ ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને મારા કોટિશઃ પ્રણામ હો.

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :–''શ્રી સત્પુરુષથી જીવને અચિંત્ય લાભ પ્રાપ્ત થાય છે, તેથી તેનાં અનેક ગુણસંપન્ન નામો ગણાવે છે; સહજાત્મ, એટલે સહજ સ્વરૂપને રહેવાનું ધામ, સહજાનંદ એટલે



સહજ અનંત સુખ જેમાં રહે છે તે આત્મા, આનંદઘન એટલે પરમાનંદ પ્રગટે કે વરસે તેવો બોધ વરસાવનાર, એવાં અપાર નામ સદ્‌ગુરુનાં છે. કારણ કે સત્ દેવ, સત્‌ધર્મ અને સત્‌સ્વરૂપને ઓળખાવનાર સદ્‌ગુરુ છે. તેમના ગુણોનો પાર આવે તેમ નથી તેથી તે ગુણોનો સાગર છે. તત્ત્વાર્થસૂત્રમાં તીર્થંકર નામકર્મનાં કારણો જણાવ્યાં છે તેમાં આચાર્યભક્તિ, ગુરુભક્તિ ગણાવી છે. એમ અનેક શાસ્ત્રોમાં ગુરુભક્તિ તીર્થંકર નામકર્મ બાંધવાનું કારણ કહેલ છે. તેથી પરમગુરુ એવા શ્રીમદ્ રાજચંદ્ર ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો, તેમને અગણિત નમસ્કાર હો!'' -નિ.પાઠ (પૃ.૧૨)

''એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપપરહિત કારણં;
જયવંત શ્રી જિનરાજ (ગુરુરાજ) વાણી કરું તાસ ઉચ્ચારણં;
ભવભીત ભવિક જે ભણે, ભાવે, સુણે, સમજે, સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી, સહી સો નિજ પદ લહે.
(સહી સો પરમ પદ લહે).'' ૪

અર્થ :– એમ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુભગવંતના ચરણકમળમાં પ્રણામ કરીને સ્વપરહિતને અર્થે જયવંત એટલે ત્રણેય કાળમાં જેની વાણીનું, અસ્તિત્વ બનેલું જ છે એવા જિનરાજ કે ગુરુરાજની વાણીનું, ભક્તિપૂર્વક ઉચ્ચારણ કરું છું.

સંસારના દુઃખોથી જે ભય પામ્યા છે તે ભવ્ય જીવો સત્પુરુષની વાણીને ભાવપૂર્વક ભણે એટલે વાંચે, ભાવે એટલે તેની વારંવાર ભાવના કરે, સુણે એટલે સાંભળે, સમજે એટલે તે વાણીનો આશય સમજે અને સદ્દહે એટલે ભગવાનના કહેલા તે વચનોની શ્રદ્ધા કરે; તે ભવ્યાત્મા રત્નત્રયની એકતા એટલે સમ્યક્‌દર્શનજ્ઞાનચારિત્રની એકતાને પામી, સહી એટલે અવશ્ય પોતાના નિજપદ એટલે શુદ્ધ આત્મસ્વરૂપને પામશે અથવા નક્કી તે પોતાના પરમપદસ્વરૂપ શાશ્વત સુખશાંતિમય એવા મોક્ષપદને પામશે.

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :–''સ્વપરના હિતને અર્થે શ્રીમદ્ રાજચંદ્ર ગુરુને નમસ્કાર કરી હવે તે જયવંત ગુરુરાજની કે જિનરાજની વાણીનો ઉચ્ચાર કરું છું, ભક્તિ કે સ્વાધ્યાય આદિ શરૂ કરું છું. આ દુઃખના દરિયારૂપ સંસારથી જે ભવ્ય જીવ ભય પામ્યા છે, તે શ્રી સત્પુરુષની વાણી ભાવપૂર્વક ભણે, સાંભળે, સમજે અને શ્રદ્ધે તો સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની એકતા પામી તે આત્મપદ પામે; ખરેખર તે પરમપદ પામે તેમ છે.'' -નિ.પાઠ (પૃ.૧૩)

* * *



જિનેશ્વરની વાણી

(વિવેચન સહિત)

અર્થ :– જિન એટલે રાગદ્વેષ, અજ્ઞાનને જેણે જીત્યા તે જિન સમ્યક્‌દૃષ્ટિ. તે સમ્યક્‌દૃષ્ટિમાં પણ સૌથી મોટા તે દેહધારી પરમાત્મા ભગવાન જિનેશ્વર. તેમની વાણી એટલે વચનામૃત અથવા શબ્દબ્રહ્મ. તે વિષે પરમકૃપાળુદેવ જણાવે છે કે –

''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે.'' (વ.પૃ.૨૪૬) એવી જિનેશ્વર ભગવાનની વાણી છે.

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :–''શ્રી મોક્ષમાળાના ૧૦૭મા પાઠરૂપે આ જિનેશ્વરની વાણી તે મંગળાચરણ છે. તેમાં ભગવાનની વાણીની અપૂર્વતા શ્રીમદ્‌ રાજચંદ્રે પ્રગટ કરી છે.'' -નિ.પાઠ ૭(પૃ.૧૪)૭

તેનો ભાવ 'મોક્ષમાળા વિવેચન પાઠ-૧૦૭' માં પૂ.શ્રી બ્રહ્મચારીજીએ વિસ્તારથી સમજાવેલ છે તે નીચે પ્રમાણે છે :–

'મોક્ષમાળા વિવેચન'માંથી :–

''તીર્થંકર ભગવાનના ચાર અતિશય કહેવાય છે :– (૧) અપાયઅપગમ એટલે ઉપદ્રવનો નાશ, (૨) જ્ઞાનાતિશય, (૩) પૂજા-અતિશય અને (૪) વચન-અતિશય. કેવલી કરતાં તીર્થંકરને વચનાતિશય હોય છે. તેથી તેમની વાણી પાંત્રીશ ગુણયુક્ત શાસ્ત્રમાં કહી છે. તે ગુણો આ પ્રમાણે છે :-

(૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજનપ્રમાણ સંભળાય તેવી. (૩) પ્રૌઢ. બોલનાર મહત્ત્વની વાત કરે છે એમ ભાસે. (૪) મેઘ જેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. ચોખ્ખા અક્ષર સમજાય. (૬) સંતોષકારક. થોડું છેલ્લે સાંભળે તોય કૃતકૃત્ય માને કે આટલું સાંભળવાનું તો મળ્યું. (૭) દરેક એમ જાણે કે મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી. નકામું ન બોલે. બાળકને કહે તોપણ આશયયુક્ત હોય અને વિદ્વાન પણ આનંદ પામે. (૯) પૂર્વાપર વિરોધરહિત (૧૦) મહાપુરુષને છાજે એવી. તીર્થંકર જ આવું તો બોલી શકે એમ લાગે. (૧૧) સંદેહ વગરની. શું કહ્યું ? આમ કહ્યું કે આમ ? એવી શંકા ન થાય. (૧૨) દૂષણરહિત અર્થવાળી. ભાષા સંબંધી દોષ, વ્યાકરણ સંબંધી દોષ કે ગ્રામ્યતારૂપ દોષ ન આવે. (૧૩) કઠણ વિષયને સહેલા કરનારી. તત્ત્વની વાત પણ સહેલી લાગે, 'આત્મસિદ્ધિ'ની જેમ. (૧૪) જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. રાજા બોલે તે રાજા જેવું, દાસી બોલે તે દાસી જેવું. (૧૫) છ દ્રવ્ય, નવતત્ત્વના જ્ઞાનને પુષ્ટ કરે તેવી. (૧૬) પ્રયોજન સહિત. 'સમજ્યા ?' શું ? પછી' એવા નિરર્થક શબ્દોથી રહિત. (૧૭) પદરચના સહિત. કોઈ પદ અધૂરું નહીં, રચનામાં ભૂલ નહીં. (૧૮) છ દ્રવ્ય અને નવ તત્ત્વની પટુતા સહિત. દરેક વાતમાં એ વણાતા આવે. (૧૯) મધુર વાણી. (૨૦) પારકો મર્મ જણાઈ ન આવે એવી



ચતુરાઈવાળી. દોષ બતાવે તે જેનામાં હોય તે જ જાણે કે મને કહે છે. બીજાને સામાન્ય વાત કહે છે એમ લાગે. કષાયી માણસની વાણી હોય તેમાં તો બીજાને એમ થાય કે 'આને કહે છે, આને કહે છે', એમ પારકો મર્મ પ્રગટ કરે. (૨૧) ધર્મ-અર્થ પ્રતિબદ્ધ. નાની વાતો હોય તોપણ તેમાંથી આત્માર્થનો સાર નીકળે. (૨૨) દીપ સમાન પ્રકાશ સહિત. દીવાથી જેમ પદાર્થ જણાય તેમ ભગવાનની વાણીથી લોકાલોક જણાય. (૨૩) પરનિંદા અને પોતાનાં વખાણ વગરની. માનકષાય અને ક્રોધ હોય તો જ પોતાના વખાણ વગરની. માનકષાય અને ક્રોધ હોય તો જ પોતાનાં વખાણ વગરની. માનકષાય અને ક્રોધ હોય તો જ પોતાનાં વખાણ અને પરનિંદા થાય. નિષ્કષાયી વાણી. (૨૪) કર્તા, કર્મ, ક્રિયા વગેરેના સંબંધવાળી. (૨૫) આશ્ચર્યકારી. અપૂર્વ વાણી. આગળ આવું સાંભળ્યું નથી એમ લાગે. (૨૬) વક્તા સર્વગુણસંપન્ન છે, બહુ જાણે છે એમ લાગે. થોડું કહે પણ પ્રભાવ પડે કે એમનામાં કંઈ ખામી નથી. (૨૭) ધૈર્યવાળી. ક્યારે મોક્ષ થશે? એમ અધીરાઈ ન થાય. (૨૮) વિલંબરહિત. થોડું બોલે, પછી ન બોલે એમ નહીં. એકધારું બોલે. (૨૯) ભ્રાંતિરહિત. સંદેહ ઉત્પન્ન ન થાય. પોતાની ભ્રાંતિ ગઈ છે તેથી સાંભળનારને પણ ભ્રાંતિ ન થાય, શ્રદ્ધા થાય. (૩૦) સર્વ જીવ પોતાની ભાષામાં સમજે એવી. જુદી ભાષામાં બોલનારનું ન સમજાય, પરંતુ ભગવાનની ભાષા સૌ પોતપોતાની ભાષામાં સમજે અને સૌના સંશય છેદાય. (૩૧) શિષ્ટબુદ્ધિ ઉપજાવે તેવી. શિષ્ટ એટલે ઉત્તમ પુરુષ જેવી બુદ્ધિ ઉપજાવે. (૩૨) પદના અર્થને અનેક રીતે આરોપણ કરી બોલે તેવી. એક શબ્દમાંથી અનેક અર્થ નીકળે. (૩૩) સાહસિકપણે બોલે એવી. સાંભળીને શૂરવીરપણું ઊપજે. સાંભળીને દીક્ષા લેવાના ભાવ થાય. (૩૪) પુનરુક્તિ દોષ વગરની. એની એ વાત ફરી કહે તો કંટાળો આવે તેથી ફરી કહેવું પડે તોપણ બીજી રીતે કહે. (૩૫) સાંભળનારને ખેદ ન થાય એવી. એના દોષ કહે તોપણ ખોટું ન લાગે, પણ એમ લાગે કે મારા ભલા માટે કહે છે.''

-મોક્ષમાળા વિવેચન (પૃ.૨૩૮)

(મનહર છંદ)

''અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;''

અર્થ :– ભગવાનની વાણી, અનંત અનંત ભાવ અને ભેદ એટલે પ્રકારોથી ભરેલી છે. તે વાણી સર્વ જીવોનું ભલું કરનાર હોવાથી ભલી છે. વળી અનંત અનંત નય, નિક્ષેપ સહિત જેનું વ્યાખ્યાન કરવામાં આવેલું છે. માટે અનંત પદાર્થના અનંત સ્વરૂપને અનંત પ્રકારે કહેનારી એવી ભગવાનની સ્યાદ્વાદયુક્ત વાણી છે. તેમાં જગતમાં રહેલા સર્વ જીવ અજીવ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ તથા જ્ઞાનના ભેદો અને મોક્ષપ્રાપ્તિના જીવોની યોગ્યતાનુસાર પુરુષાર્થ કરવાના ઉપાયો વગેરે સર્વનું વર્ણન કરવામાં આવેલું છે.



'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

''નિગોદના જીવને મરણકાળે જ્ઞાન હોય છે તે ઓછામાં ઓછું જ્ઞાન છે. તેનો વિકાસ થતાં કેવળજ્ઞાન થતાં જ્ઞાનની પૂર્ણતા થાય છે. ત્યાં સુધીના જ્ઞાનના ભેદો, જ્ઞાનથી જણાતા પદાર્થોના ભેદો, વિશ્વનું વર્ણન, સમ્યક્‌દર્શનથી શરૂ કરી કેવળજ્ઞાન થતાં સુધીના પુરુષાર્થભેદ આદિ અનેક ભાવો ભિન્ન ભિન્ન ભૂમિકાના જીવોને ઉપકારી થાય તેમ જિનેશ્વરની વાણીમાં વર્ણવેલ છે. પરસ્પર વિરોધ ન આવે તેવી અનેક અપેક્ષાઓ કે નયો સહિત વસ્તુને સમજાવવાના પ્રકારોરૂપ નિક્ષેપો સહિત તે વાણી છે.'' -નિત્ય. પાઠ (પૃ.૧૪)

'મોક્ષમાળા વિવેચન' માંથી :–

''ઉપર જે પાંત્રીશ ગુણ જિનેશ્વરની વાણીના કહ્યા છે તે સામાન્ય પ્રકાર છે. પરંતુ અહીં તો જિનેશ્વરની વાણીને અનંત અનંત ભાવ અને ભેદથી ભરેલી કહી છે. ભાવ એટલે પદાર્થ અને ભેદ એટલે પ્રકાર. અનંત પદાર્થના અનંત સ્વરૂપને અનંત પ્રકારે કહેનારી એવી ભગવાનની ઉત્તમ વાણી છે.

ભીલનું દૃષ્ટાંત :– કોઈ ભીલને ત્રણ સ્ત્રીઓ હતી. તેમાંથી એકે કહ્યું 'પાણી લાવો'; બીજીએ કહ્યું 'ગાઓ' અને ત્રીજીએ કહ્યું 'હરણને મારો.' ભીલે 'સરો નત્થિ' એ એક જ વાક્યથી તે ત્રણેને જવાબ આપ્યો. તેથી પહેલી સ્ત્રી એમ સમજી કે અહીં 'સર' એટલે સરોવર નથી તેથી પાણી ક્યાંથી લાવું? બીજી એમ સમજી કે 'સ્વર' એટલે સારો કંઠ નથી તો કેવી રીતે ગાઉં? અને ત્રીજી એમ સમજી કે 'શર' એટલે બાણ નથી તો હરણને કેવી રીતે મારું? એમ ત્રણેયનું એક જ વાક્યથી સમાધાન થઈ ગયું.

એવી જ રીતે હેમચંદ્રાચાર્યે કુમારપાળ ચરિત્ર અને વ્યાકરણ સાથે આવે એવું દ્વિઅર્થી પુસ્તક લખેલું છે. એક એક વાક્યમાંથી સો સો અર્થ નીકળે એવી પણ રચના હોય છે. તેમ તીર્થંકરની વાણી અનંત ભાવભેદથી ભરેલી છે અને ભલી એટલે ઉત્તમ હોય છે. સામાન્યપણે બધા સમજી શકે, થાક ન લાગે તેવી હોય છે. અને તે વાણી બધા રસવાળી, ભૂલ વિનાની તેમ જ સ્યાદ્‌વાદથી ભરેલી છે.

અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે=તે જિનેશ્વરની વાણી અનંત નય અને અનંત નિક્ષેપો વડે પદાર્થના સ્વરૂપને કહેનારી છે. એમાં બધા નયો તથા નિક્ષેપો આવીને હાજર થઈ જાય. નય=પદાર્થના અનંત સ્વરૂપને જુદી જુદી અપેક્ષાએ કહે તે નય. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ મુખ્ય સાત નયો ઉપરથી ૭૦૦ નય કહ્યા છે, પરંતુ કહેવાની અપેક્ષા પ્રમાણે ભેદ પડે તેથી અસંખ્ય અનંત ભેદ નયોના છે. નિક્ષેપ=નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ મુખ્ય ચાર નિક્ષેપ વ્યવહાર ચલાવવા માટે જરૂરના છે. અહીં તો અનંત નય અને અનંત નિક્ષેપો કહ્યા છે. ''વાણી વાચક જસ તણી કોઈ નયે ન અધૂરી રે.'' -મો.વિ. (પૃ.૨૪૧)

મુખ્ય સાત નય સંબંધીનો વિસ્તાર સંક્ષેપમાં આ પ્રમાણે છે :

નય એટલે શું? તો કે જગતમાં રહેલી દરેક વસ્તુમાં અનંત ગુણધર્મો રહેલા છે, તે એક સાથે



જણાવી શકાય નહીં. તે અનંત ગુણધર્મોમાંથી, વસ્તુના એક ગુણધર્મને મુખ્ય કરીને તેના બીજા ગુણધર્મોને ગૌણ કરી, તે એક એક ગુણધર્મને જુદી જુદી અપેક્ષાથી જણાવવો તેનું નામ નય છે.

જગતમાં આ નયવાદ કે અપેક્ષાવાદ અથવા અનેકાંતવાદ વિના વ્યવહાર થઈ શકતો નથી. ભિન્ન ભિન્ન અપેક્ષાથી જોતાં કોઈપણ વાત સત્ય જણાય છે. જેમકે એક જ વ્યક્તિ કોઈનો પુત્ર પણ છે, પિતા પણ છે, ભાઈ પણ છે, ભત્રીજ પણ છે, ભાણેજ પણ છે. કેવી રીતે? તો કે પોતાના પિતાની અપેક્ષાએ તે પુત્ર છે અને તે જ વ્યક્તિ પોતાના પુત્રની અપેક્ષાએ પોતે જ પિતા છે. તે જ વ્યક્તિ ભાઈની અપેક્ષાએ ભાઈ, કાકાની અપેક્ષાએ ભત્રીજો, અને તે જ વ્યક્તિ મામાની અપેક્ષાએ ભાણેજ પણ છે. વ્યક્તિ એક જ હોવા છતાં તે જુદી જુદી અપેક્ષાથી જુદા જુદા રૂપે ઓળખાય છે. આ વ્યક્તિ કોણ છે? તો કે પુત્ર, પિતા, ભાઈ, ભત્રીજો, ભાણેજ એમ વ્યવહારમાં બોલવામાં આવતું નથી. માટે વ્યવહારમાં પણ આપણે બોલીએ છીએ તે નયપૂર્વક જ બોલીએ છીએ કે આ અપેક્ષાથી આ વ્યક્તિ પુત્ર, પિતા, ભાઈ, ભત્રીજ કે ભાણેજ છે.

એ અપેક્ષાઓ અથવા નયોને બતાવવા જૈન સિદ્ધાંતમાં મુખ્ય સાત નય પ્રસિદ્ધ છે. અનંત ગુણાત્મક વસ્તુના ધર્મને સંપૂર્ણ સમજવા માટે આ નયોની અત્યંત આવશ્યકતા છે. આત્માના શુદ્ધ સ્વભાવને સમજવા માટે પણ આ સ્યાદ્‌વાદ કે અનેકાંતવાદની ઘણી જરૂર છે. નયના મુખ્ય સાત ભેદ છે તે નીચે પ્રમાણે :-

૧. નૈગમનય :– ભૂતપૂર્વ પ્રધાનમંત્રીને વર્તમાનમાં પ્રધાનમંત્રી કહેવો અથવા ભૂતકાળમાં થઈ ગયેલા ભગવાન મહાવીરનો આજે નિર્વાણ દિવસ છે એમ કહેવું તે ભૂતનૈગમનયની અપેક્ષાથી છે. તથા ભવિષ્યમાં રાજા થવાનો હોય તે યુવરાજને રાજા કહેવો, તે ભવિષ્ય નૈગમનયની અપેક્ષાથી છે.

૨. સંગ્રહનય :– જેમકે સત્ એ દ્રવ્યનું લક્ષણ છે. આ વાક્ય સર્વ દ્રવ્યોને સત્ જણાવે છે. અથવા જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ એટલે જ્ઞાન ઉપયોગ, દર્શન ઉપયોગ. એ વાક્ય સર્વ જીવોનું લક્ષણ ઉપયોગ છે એમ સિદ્ધ કરે છે. અર્થાત્ એક જાતિના ઘણા દ્રવ્યોને એક સાથે કહેવા તે સંગ્રહનયની અપેક્ષાથી છે.

૩. વ્યવહારનય :– સંગ્રહનયમાં એક જાતિના ઘણા દ્રવ્યોને એક સાથે કહ્યાં. તે પદાર્થોનો ભેદ કરતા જવું તે વ્યવહારનય છે. જેમકે જગતમાં દ્રવ્ય છ છે. તેમાં એક જીવ દ્રવ્ય છે. તે જીવ દ્રવ્યના પાછા બે ભેદ છે. તે સંસારી અને સિદ્ધ. સંસારી જીવના પાછા બે ભેદ છે. તે સ્થાવર અને ત્રસકાય. તેમાં વળી સ્થાવર જીવના પાંચ ભેદ છે. તે પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય ઇત્યાદિ. ભેદના ભેદ, સમજવા માટે કરવા તે વ્યવહારનય છે.

૪. ઋજુ સૂત્રનય :– આ નય વર્તમાનમાં જે સ્થૂલ કે સૂક્ષ્મ પર્યાય હોય તેને જ ગ્રહણ કરે છે. જેમકે સ્ત્રી તે સ્ત્રી, પુરુષ તે પુરુષ, શ્વાન તે શ્વાન, અશ્વ તે અશ્વ, ક્રોધ પર્યાય સહિત જે હોય



તેને ક્રોધી, દયાભાવ સહિત હોય તેને દયાવાન કહેવો એ ઋજુસૂત્રનયથી કથન છે.

૫. શબ્દનય :– કોઈ મહાપુરુષ આવતા હોય તેમને માટે માનાર્થ સૂચક શબ્દ કહે કે તેઓ પધાર્યા. આ વાક્યમાં જો કે બહુવચનનો પ્રયોગ એકવચનમાં કર્યો છે. છતાં શબ્દનયની અપેક્ષાએ તે બરાબર છે. અથવા કોઈ કથાનું વર્ણન કરતા હોઈએ ત્યારે ભૂતકાળમાં બનેલ હકીકતને વર્તમાનમાં કહેવી. જેમકે લડાઈ ચાલી રહી છે, સેના લડી રહી છે, તોપોનો મારો ચાલી રહ્યો છે, લોહીની ધારાઓ વહી રહી છે, એમ કહેવા છતાં તે શબ્દનયની અપેક્ષાએ યથાર્થ છે.

૬. સમભિરૂઢનય :– એક વસ્તુના અનેક શબ્દ નક્કી કરવા, પછી ભલે ને શબ્દના અર્થમાં ભેદ હોય. જેમકે સ્ત્રીને અબળા કહેવી, અથવા મૃગનયની કે નારી આદિ કહેવું, અથવા ઇન્દ્રને શક્ર, પુરન્દર અથવા સહસ્ત્રાક્ષી આદિ કહેવું. શબ્દોના અર્થ ભિન્ન હોવા છતાં પણ એક વ્યક્તિ માટે તેનો પ્રયોગ કરવો તે સમભિરૂઢનયની અપેક્ષાથી સત્ય છે.

૭. એવંભૂતનય :– જે શબ્દનો વાસ્તવિક અર્થ જે હોય, તેવી ક્રિયા કરનારને જ તે શબ્દથી બોલાવવો તે એવંભૂતનય કહેવાય છે. જેમકે વૈદું કરનારને જ વૈદ્ય કહેવો, દુર્બલ સ્ત્રીને અબળા કહેવી, પૂજા કરતો હોય તેને જ પૂજારી કહેવો, રાજ્ય કરતો હોય, ન્યાય કરતો હોય ત્યારે જ રાજા કહેવો, રસોઈ કરતો હોય ત્યારે જ રસોયો કહેવો. એમ પોતપોતાની ક્રિયા કરતો હોય ત્યારે જ તે પ્રમાણે કહેવું તે એવંભૂતનયનું કથન કહેવાય છે. વસ્તુના વાસ્તવિક સ્વરૂપને સમજવા માટે આ સાતેય નયોની ઘણી ઉપયોગિતા છે.'' -સહજસુખસાધન (પૃ.૪૭૮)ના આધારે

હવે ચાર નિક્ષેપ સંબંધી બોધામૃત ભાગ-૧ માં નીચે પ્રમાણે જણાવે છે :–

''મુમુક્ષુ – નિક્ષેપ એટલે શું ? પૂજ્યશ્રી – નિક્ષેપ ચાર પ્રકારે છે. તે વસ્તુને ઓળખવાના કામમાં આવે છે.

૧. નામનિક્ષેપ :– એટલે નામથી વસ્તુ ઓળખાય છે. જેમ ઋષભદેવ એમ કહેતા તે રાજા હતા, પછીથી તેમણે રાજ્યનો ત્યાગ કર્યો હતો, તે તીર્થંકર હતા. તે નામ નિક્ષેપ છે. બધુ એક નામ કહેતાં સાંભરી આવે.

૨. સ્થાપના નિક્ષેપ :– એટલે જે વસ્તુ હાજર ન હોય પણ તે સ્થાપનાથી જણાય. જેમ કે પ્રતિમા છે તે ભગવાનની સ્થાપના છે.

૩. દ્રવ્ય નિક્ષેપ :– જે પૂર્વે થઈ ગયું છે અથવા ભવિષ્યમાં થવાનું છે, તેને વર્તમાનમાં હોય એમ કહેવું. જેમકે શેઠના છોકરાને શેઠ કહે. શેઠનો છોકરો વર્તમાનમાં શેઠ નથી પણ ભવિષ્યમાં થશે. તેને લઈને તેને શેઠ કહે છે. બીજું, કોઈ રાજા હોય, પછીથી તેને ઉતારી નાખ્યો હોય તો પણ લોકો તેને રાજા કહે છે કારણ તે પહેલાં હતો. એ દ્રવ્ય નિક્ષેપના દૃષ્ટાંતો છે.

૪. ભાવનિક્ષેપ :– વર્તમાનમાં જેવું હોય તેવું જ કહે. જેમકે કોઈ રસોઈયો હોય અને રસોઈ ન કરતો હોય તો તેને રસોઈયો ન કહે, રસોઈ કરતો હોય ત્યારે જ રસોઈયો કહે.''-બો.ભા.૧ (પૃ.૧૯૫)



"સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે;"

અર્થ :– વળી ભગવાનની વાણી કેવી છે? તો કે સકળ જગતના જીવોનું હિત કરવાને જે સમર્થ છે અને મોહરૂપી મદિરાના નશાને હરનારી છે, ભવાબ્ધિ, ભવ એટલે સંસાર, અબ્ધિ એટલે સમુદ્ર. સંસારરૂપી સમુદ્રમાં ડૂબકા ખાતા ભવ્ય જીવોને તારનારી છે, મોક્ષચારિણી એટલે જીવોને મોક્ષના માર્ગમાં ચલાવનારી છે અને પ્રમાણી એટલે પ્રમાણભૂત છે અર્થાત્ દૃષ્ટાંતસહિત વાતને સિદ્ધ કરી બતાવનારી છે.

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :– "સર્વ જીવોના કલ્યાણનું કારણ, મોહને નિર્મૂળ કરવાનું કારણ, ભવસાગર તરવાનું કારણ તથા મોક્ષ પ્રાપ્ત કરાવનારી ભગવાનની અમોઘ વાણી છે." -નિત્ય.પાઠ ૭(પૃ.૧૪)૭

'મોક્ષમાળા વિવેચન'માંથી :–

"સકલ જગત હિતકારિણી=ભગવાનની વાણી સર્વ સંસારી જીવોનું હિત કરનારી છે. દયાના ઉપદેશથી એકેન્દ્રિયાદિ બધા જીવોને સુખનું કારણ થાય એવી છે. હારિણી મોહ=તે મોહનો નાશ કરનારી છે. મુખ્ય મોહ મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા અથવા દર્શનમોહ, તે ભગવાનની વાણીથી દૂર થાય, વળી કષાય જિતાય તેથી ચારિત્રમોહ દૂર થાય, એ રીતે તારિણી ભવાબ્ધિ= સંસારસાગરથી તારનારી છે. અને મોક્ષચારિણી=મોક્ષના પુરુષાર્થમાં પ્રેરનારી છે. પ્રમાદમાં પડેલો હોય અને વાણી સાંભળે તો પુરુષાર્થમાં મંડી પડે અને અલ્પ કાળમાં મોક્ષ પ્રાપ્ત કરે. એ રીતે મોક્ષમાં લઈ જનારી છે. અંજનચોર આઠ દિવસમાં મોક્ષ પામી ગયા. પ્રમાણી છે=એ જિનેશ્વરની વાણીને મહાપુરુષોએ નિશ્ચય માનવા યોગ્ય, સત્ય અને પ્રમાણભૂત માનેલી છે." (પૃ.૨૪૨)

"ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;"

અર્થ :– જે ભગવાનની વાણીથી સાત તત્ત્વ કે પુણ્ય, પાપ આદિ નવ પદાર્થ, છ દ્રવ્ય કે છ પદ આદિ જણાય છે. તેવી અદ્‌ભુત મહાન ભગવાનની વાણીને જગતના કોઈ પદાર્થ સાથે ઉપમા આપીને સરખાવવાની તમન્ના રાખવી તે વ્યર્થ છે. કારણ કે તે ભગવાનની અનંત ભાવભેદથી ભરેલી વાણીને બીજા સાથે ઉપમા આપવાથી કેવળ પોતાની મતિ એટલે બુદ્ધિનું જ માપ નીકળે, ભગવાનની વાણીનું નહીં; એમ પરમકૃપાળુદેવનું માનવું છે.

'નિત્યનિયમાદિપાઠ' માંથી :–

ભાવાર્થ :– "તેના જેવું કલ્યાણનું સાધન શોધતાં બીજું મળી શકે તેમ નથી. તેથી તેને કોઈની સાથે સરખાવી શકાય કે ઉપમા અપાય તેમ નથી. તેથી ઉપમા આપવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. ઊતરતી ઉપમા આપે તો ઉપમા આપનારની બુદ્ધિની ખામી ગણાય છે." -નિ.પાઠ (પૃ.૧૫)



'મોક્ષમાળા વિવેચન'માંથી :–

''ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ=એ વાણી કોના જેવી છે? એના માટે ઉપમા જડે એમ નથી. એની સાથે સરખામણી કરવા યોગ્ય વસ્તુ જગતમાં છે જ નહીં, તેથી એને ઉપમા આપવાની તમા રાખવી = દરકાર રાખવી કે બહાદુરી કરવી વ્યર્થ છે.

આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે=એને ઉપમા આપવા કોઈ પ્રયત્ન કરે તો તેની પોતાની બુદ્ધિ મપાઈ જાય છે અર્થાત્ તેની મતિની અલ્પતા જ પ્રગટ થાય છે. તેથી અહીં ઉપમા આપી નથી.'' -મો.વિવેચન (પૃ.૨૪૩)

''અહો! રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.''

અર્થ :– ભગવાનની અદ્‌ભુત અને અગાધ વાણીનું સ્વરૂપ જોઈને પરમકૃપાળુદેવ આશ્ચર્યસહિત કહે છે કે આવી સ્યાદ્‌વાદયુક્ત અદ્‌ભુત વાણીનું સ્વરૂપ અજ્ઞાની બાલજીવોના ખ્યાલમાં આવી શકે એમ નથી. એ જિનેશ્વર ભગવાનની અનંત ભાવ અને ભેદથી ભરેલી વાણીને તો કોઈ જ્ઞાનીપુરુષે જ જાણી છે, અને જાણી છે તેણે જ માણી છે અને તેણે જ તેના ભારોભાર વખાણ કર્યા છે.

''મારા રાજ પ્રભુની વાણી રે, કોઈ સંત વીરલે જાણી રે;
વાલા જાણી તેણે માણી રે, વાલા માણી તેણે વખાણી રે.
મારા રાજપ્રભુની વાણી રે.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભાવાર્થ :– ''શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે અજ્ઞાની જીવોને શ્રી જિનેશ્વરની વાણીનું માહાત્મ્ય કલ્પનામાં આવે તેવું નથી. પરંતુ જેના એકેક શબ્દમાં અનંત શાસ્ત્રો સમાઈ જાય તેવી શ્રી જિનેશ્વરની વાણી જેણે જાણી છે, એવા જ્ઞાની પુરુષોએ જ તેનું માહાત્મ્ય જાણ્યું છે, અને ગાયું છે.''

-નિત્ય પાઠ ૭(પૃ.૧૫)૭

'મોક્ષમાળા વિવેચન'માંથી :–

''અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ=શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે બાળ એટલે અજ્ઞાની જીવો ભગવાનની વાણી કેવી મહાન ગંભીર છે તેનો ખ્યાલ પામી શકતા નથી અર્થાત્ તેને સમજી શકતા નથી. સમ્યક્‌દર્શન થાય તો જ એનું માહાત્મ્ય લાગે.

જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે=એ જિનેશ્વર ભગવાનની વાણી જ્ઞાનીએ જાણી છે, તેણે જ યથાર્થ જાણી છે. તે પ્રકારે બીજાએ જાણી નથી.'' -મોક્ષમાળા વિવેચન (પૃ.૨૪૩)

* * *



શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

'ભક્તિના વીસ દોહરા'નું માહાત્મ્ય

શ્રી સદ્‌ગુરુભક્તિરહસ્ય

શ્રી સદ્‌ગુરુ ભગવંત પ્રત્યે ભક્તિ પ્રગટ થવાનું રહસ્ય એટલે મર્મ-ગુપ્તભેદ, આ વીસ દોહરાની ગાથાઓમાં બતાવેલ છે, એવા ભક્તિના આ વીસ દોહરા છે. જેનો આપણે રોજ આજ્ઞાભક્તિરૂપે પાઠ કરીએ છીએ. તેનું માહાત્મ્ય જીવને સમજાય અને સાચી ભક્તિ પ્રગટ થાય તેના માટે પરમકૃપાળુદેવે પત્રાંક ૫૩૪માં અને પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી તથા પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ જે જે ઉપદેશમાં આ વીસ દોહરાનું માહાત્મ્ય તેમના હૃદયમાં હતું તે જુદા જુદા પ્રસંગે પ્રગટ કરેલ છે. તે બધું અત્રે એકત્રિત કર્યું છે. જે વાંચવાથી આપણા હૃદયમાં પણ કંઈક એનું રહસ્ય સમજાય અને હે પ્રભુના આ વીસ દોહરા બોલતા એનું માહાત્મ્ય હૃદયમાં પ્રગટ રહે એવો આ સંકલન કરવાનો હેતુ છે. જે સર્વને લાભકર્તા થાઓ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

વીસ દોહરાની વિશેષ વિચારણા, વિશેષ ગુણો પ્રગટ થવાનું કારણ

" 'હે નાથ! હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતી નથી. કેમકે સર્વસ્વ લૂંટાયા જેવો યોગ મેં કર્યો છે, અને સહજ ઐશ્વર્ય છતાં, પ્રયત્ન કર્યે છતે, તે ઐશ્વર્યથી વિપરીત એવા જ માર્ગ મેં આચર્યા છે, તે તે યોગથી મારી નિવૃત્તિ કર, અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદ્‌ઉપાય એવો જે સદ્‌ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય, એવી કૃપા કર.' એવા ભાવના વીશ દોહરા કે જેમાં પ્રથમ વાક્ય 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ' છે, તે દોહરા તમને સ્મરણમાં હશે. તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો તો વિશેષ ગુણાવૃત્તિનો હેતુ છે." (પત્રાંક ૫૩૪)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

સદ્‌ગુરુનું શરણ લઈ રોજ વીશ દોહરાનો ભાવથી વિચાર કરવો

"વીશ દોહરામાં કેવા ભાવ જોઈએ? તે કહે છે. હે ભગવાન! મારી કોઈ ગતિ દેખાતી નથી. બધું લૂંટાઈ જાય એવું કર્યું છે. આ વાક્ય વાંચી પ્રભુશ્રીજીને આંસુ આવી ગયાં. પુણ્યને લીધે સાધુપણું મળ્યું, જ્ઞાની મળ્યા, તેઓની આજ્ઞા મળી, સમાગમ મળ્યો, પણ મેં તો અવળા જ માર્ગ આરાધ્યા છે. હે પ્રભુ, અનાદિકાળના પરિભ્રમણથી મારી નિવૃત્તિ કર. જે જે સાધન મેં કર્યાં તે બંધનરૂપ પરિણમ્યાં છે. સર્વ આપદા આદિ નાશ કરવાનું મૂળ કારણ સદ્‌ગુરુ પ્રત્યે શરણભાવ છે. એમ આ જીવે વિચારવાનું છે. મનુષ્યભવ મળ્યો છે છતાં જીવ કરતો નથી. આત્મામાં શક્તિ



છે છતાં અવળી જ વાપરી છે. હે ભગવાન! મેં તો બંધન થાય એવું કર્યું છે, પણ હવે એથી છુટાય એમ કર. વીશ દોહરામાં કેટલું બધું કહી દીધું છે! હવે ભગવાનને ક્ષણવાર પણ ભૂલું નહીં. સદ્‌ગુરુનું શરણ એ જ સાચું છે, મુખ્ય વસ્તુ છે. શરણા વગર છૂટકો નથી. ''હું પામર શું કરી શકું?'' એમ માત્ર બોલે જ નહીં પણ એ ભાવ એને રહે. એના શરણથી જ બધું પાંશરું થશે. સદ્‌ગુરુ અને સંતમાં કંઈ ભેદ નથી. બેય ભગવાન છે. છેલ્લે એ જ કહ્યું છે.

''પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.''

ખરા સ્વરૂપને હું પકડી રાખું એવી દૃઢતા મને આપ. સદ્‌ગુરુનું શરણ એ જ સાચું શરણ છે. વીશ દોહરાનો રોજ ભાવથી વિચાર કરવો. ગુણ પ્રગટે એવું છે. આ વીશ દોહરાની રોજ ભાવથી ભક્તિ કરે તો આત્મગુણ પ્રગટે એમ છે. ભાવો આવી ખસે નહીં તે અનુપ્રેક્ષા છે. એની પાછળ પડવું છે. એમાં જ વૃત્તિ રહ્યા કરે તો શું ફળ થાય તે કહે છે—માન જાય તો દીનતા આવે, ક્રોધ જાય તો ક્ષમા આવે, એમ દોષો જાય ત્યારે ગુણાવૃત્તિ એટલે આત્માના ગુણો પ્રગટે. વારંવાર વીશ દોહરામાં જ ચિત્ત જાય, એની એ ભાવના રહે, એ વિના ચિત્ત બીજે જાય નહીં એવું કરવાનું છે. આ પત્ર વાંચી પ્રભુશ્રીજીને બહુ લાગી આવ્યું હતું કે મારું સાધુપણું જપતપ બધું નકામું ગયું. પછી રાત્રે ઊંઘ ન આવે. ત્યારે વીશ દોહરાનો સ્વાધ્યાય આખી રાત કરતા, અને આંખમાંથી આંસુ પડવા લાગતાં. એમ આ વીશ દોહરાની અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'' -બો.૨ (પૃ.૧૯૬)

'ઉપદેશામૃત' માંથી :—

બધા શાસ્ત્રોનો સાર, આ કાળમાં કામ કાઢી નાખે એવા મંત્ર સમાન વીશ દુહા

''સર્વ શાસ્ત્રોનો સાર, તત્ત્વોનો સાર શોધીને કહી દીધો છે. બહુ દુર્લભ, આ કાળમાં કામ કાઢી નાખે તેવું કૃપાળુદેવે આપ્યું છે. વિશ્વાસ હોય તો કહું.

'વીસ દુહા' ભક્તિના છે તે મંત્ર સમાન છે. સો વખત, હજાર વખત બોલાય તો પણ ઓછું છે. લાભના ઢગલા છે. 'ક્ષમાપનાનો પાઠ', 'છ પદ'નો પત્ર, 'યમનિયમ', 'આત્મસિદ્ધિ' આટલાં સાધન અપૂર્વ છે, ચમત્કારિક છે! રોજ ભણવાં જરૂરનાં છે. જીવતાં સુધી આટલી ભક્તિ રોજ કરવી જ. 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.' એ તો ખોટી વાત છે; પણ તમે જીવતાં સુધી આટલું તો કરજો જ. તેથી સમાધિમરણ થશે, સમકિતનો ચાંલ્લો થશે. વધારે શું કહું?''

(ઉ.પૃ.૩૮૮)

વીસ દોહા ચિંતામણિ. સર્વ અવસ્થામાં ગુણ કરે; પણ ભાવપૂર્વક બોલવા

''વીસ દોહા ચિંતામણિ છે. જેમ વહેવારમાં પરસાદી વહેંચવામાં આવે છે તેમ પરસાદી છે.



ઉઘાડું પાડીને અંદર કહ્યું છે. કોઈ એવી દવા હોય છે કે માંદો ખાય તોપણ ગુણ કરે અને સાજો ખાય તોપણ ગુણ કરે; તેવી આ ઉદ્ધાર થવા માટે દવા છે. દવા માટે દૂધ પાણીની જરૂર પડે છે તેમ આને માટે શું જરૂરનું છે?.....ભાર દઈને કહેવાનું કે 'ભાવ' જોઈએ. આ ખાસ લક્ષમાં રાખજો. બધા સામાયિક કરે છે, પણ પૂણિયા શ્રાવકનું જ સામાયિક વખણાયું. તેમ ભાવ ભાવમાં ફેર છે. 'સાધુને હમેશાં સમતા હોય'—આનું નામ ચારિત્ર, સમભાવ. સાધુ બધે આત્મા જુએ, સિદ્ધ સમાન જુએ. થઈ રહ્યું—આટલું સમજાય તો થઈ રહ્યું!

'ભક્તામર' વગેરે સ્તોત્ર છે. પણ વીસ દોહા બધાનો સાર છે. કોણે આપ્યા છે?''

(ઉ.પૃ.૪૬૭)

વીસ દોહા મહામંત્ર, એનો ભેદી મળે અને મર્મ જાણી જાય તો મોક્ષ થાય

''વીસ દોહા, ક્ષમાપનાનો પાઠ એ મહા મંત્ર છે! તાલપુટ વિષ ઉતારે એવો મહા મંત્ર છે! જો એનો ભેદી મળે અને માહિત થાય તો બધું થાય. જીવને, શ્રવણ કરે તો વિજ્ઞાનપણું આવે. તેમ શ્રવણ કરવાથી ખબર પડે. તેથી કર્મ મૂકીને મોક્ષ થાય.'' (ઉ.પૃ.૨૫૪)

સાપનું ઝેર જેમ મંત્રથી ઊતરે, તેમ ભક્તિથી કર્મનું ઝેર ઊતરે

''મુમુક્ષુ—ભક્તિયે ઘણા કરે છે. તો ભક્તિ કઈ કરવી?

પ્રભુશ્રી—હૃદયમાં ટેક રાખવો. વીસ દુહા ભક્તિના એકાંતમાં બેસી આખા દિવસમાં એક વાર પણ બોલવા. આ મંત્ર છે, જાપ છે. સાપનું ઝેર જેમ મંત્રથી ઊતરે છે તેમ આ જીવને ભક્તિથી કર્મનું ઝેર ઊતરે છે. ''હે પ્રભુ,! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ'' લઘુત્વ, ગરીબાઈ, ગુરુવચન એ ક્યાંથી હોય!'' (ઉ.પૃ.૪૦૦)

બળવાન સત્પુરુષના સંગે મળેલો મંત્ર શ્રદ્ધાથી બોલે તો પણ કામ થાય

''કંઈ નહીં તો 'વીસ દોહરા' ચંડીપાઠની પેઠે રોજ બોલે તો પણ કામ થઈ જાય. સંગ બળવાન છે.'' (ઉ.પૃ.૪૭૪)

'વીસ દોહા' મહામંત્ર છે, અમૃત છે; પણ વિશ્વાસ આવવો જોઈએ

''જેમ કોઈ મહામંત્ર હોય તેમ 'વીસ દોહા' ઝેર ઉતારવા મહામંત્ર છે. એ અમૃત છે. વિશ્વાસ અને પ્રતીતિ જોઈએ.'' (ઉ.પૃ.૪૭૩)

પ્રત્યક્ષ જ્ઞાની કૃપાળુદેવ પ્રત્યે જેને શ્રદ્ધા થઈ તેનું કલ્યાણ. ડાહ્યા ન થવું

''આતમજ્ઞાની હોય તે આત્મા જણાવે. પકડવા લાયક છે. એક વિશ્વાસ, પ્રતીતિ; અવશ્ય ત્યાં કલ્યાણ. ડાહ્યા ન થવું. વીસ ભક્તિના દુહા મહામંત્ર છે, યમનિયમ સંયમ, ક્ષમાપનાનો પાઠ-ત્રણ વસ્તુ સ્મરણ કરવા, ધ્યાન કરવા, લક્ષ-ખ્યાલમાં રાખવા યોગ્ય છે. આત્મા જોવો. આત્મા



છે. જેમ છે તેમ જ્ઞાનીએ જાણ્યો છે. જ્ઞાનીએ જોયો તે આત્મા. પ્રત્યક્ષ જ્ઞાની કૃપાળુદેવે ચાંદ જેને ચોડ્યો છે તેનું આત્મહિત થવાનું છે.'' (ઉ.પૃ.૪૦૩)

'વીસ દોહા' આત્માર્થે બોલવા.

આત્માર્થ સિવાય અમારી આજ્ઞા હોય નહીં

''વીસ દોહા તે બધું કરાવશે. તે મંત્ર છે.....'હે ભગવાન! હું આત્માર્થે કરું છું,' એવી ભાવના કરવી. અમે તો આત્મકલ્યાણ સિવાય બીજું કંઈ સાધન બતાવતા નથી, અમારી આજ્ઞા તે સિવાય બીજી હોય નહીં.'' (ઉ.પૃ.૪૭૦)

'બોધામૃત ભાગ-૧-૨-૩' માંથી :–

કૃપાળુદેવની આજ્ઞાથી વીસ દોહાની વિચારણાથી પ્રભુશ્રીને આત્મા પ્રગટ થયો

''કૃપાળુદેવે જ્યારે પ્રભુશ્રીજીની ભૂલ જોયેલી ત્યારે કહ્યું કે 'વીસ દોહરા'નું બહુમાનપણું કરો તો ગુણ પ્રગટશે. આઠ ત્રોટક છંદ પણ તેવા જ છે. જો જીવ વિચારે તો આત્મા પ્રગટ થાય તેવું છે. એમને કેટલી બધી કિંમત લાગી હશે ત્યારે એટલું બધું 'વીસ દોહરા'નું માહાત્મ્ય કહે છે. પોતાને એથી આત્મા પ્રગટ થયો છે, તેથી કહે છે.'' -બો.૧ (પૃ.૪૩૨)

વીસ દોહા બોલે ત્યારે જગતને ભૂલી પ્રભુ પ્રત્યે કાલાવાલા થાય તે ભક્તિ છે

''વીસ દોહરા બોલતી વખતે આત્મભાવ રહે, બીજા ભાવ છૂટે, અને કૃપાળુદેવ હાજર છે એમ જાણી કાલાવાલા થાય તો તે ભક્તિ છે. અલ્પ પણ આજ્ઞા જીવ જો આરાધન કરે તો પાર પડે.'' -બો.૧ (પૃ.૩૮૩)

અભિમાન ઘટાડવા વીસ દોહા ભાવપૂર્વક બોલે તો ઘણા પાપ ખસી જાય

''વીસ દોહરા રોજ ભક્તિપૂર્વક ભણે તો કેટલાંય પાપ ખસી જાય. હું મોટો એમ અભિમાન થાય છે, પણ આ વીસ દોહરામાં અધમાધમ કહ્યો છે તેથી લઘુતા આવે છે.'' -બોધામૃત-૧

વીસ દોહા, યમનિયમ વિચારે તો ગુણો પ્રગટી સમકિત થાય

''વીસ દોહરા, યમનિયમ વિચારે તો બધાય ગુણ પ્રાપ્ત થઈ સમ્યક્ત્વ પ્રગટે. આ તો સાંભળ્યું છે, હું શીખ્યો છું, એમ સામાન્ય કરી નાખ્યું છે. જાગ્યા ત્યારથી સવાર. મંડી પડવું. જે દેખાય છે તે બધું સ્વપ્ના જેવું છે. બધું ફરતું છે. આવું ને આવું રહેવાનું નથી. વિચાર કરે તો જગતમાં કાંઈ વિશ્વાસ કરવા લાયક નથી. લાગ આવ્યો છે માટે કરી લેવું.'' -બો.૧ (પૃ.૨૧૨)

વીસ દોહા ભાવપૂર્વક બોલાય તો દોષો ક્ષય થઈ આત્મા નિર્મળ થાય

'' 'વીસ દોહરા' છે તે ભાવપૂર્વક બોલાય તો બધા દોષો ક્ષય થઈ આત્મા નિર્મળ થઈ જાય તેમ છે. જ્ઞાનીપુરુષનાં વચનો મોઢે બોલી જઈએ, પણ વિચાર ન આવે તો શું કામનું? જેમકે, ''હે ભગવાન! હું બહુ ભૂલી ગયો.'' શું ભૂલી ગયો? એનો વિચાર આવે તો જ્ઞાની પુરુષોને આગળ શું



જણાવવું છે તેનો લક્ષ થાય. પછી તરત જ એમ જણાવ્યું કે ''મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં.'' -બો.૧ (પૃ.૩૪)

વીસ દોહરા મન સ્થિર કરીને બોલવા.
જેટલો આત્મા જોડાય તેટલો લાભ છે

''વીસ દોહરા બોલતી વખતે મન બહાર ફરતું હોય તો બોલવું બંધ કરવું. ફરીથી મન સ્થિર કરીને બોલવું. ધર્મ ન કરે અને ધર્મ ગણાવે તો તે દંભ છે. સાચું કરવાનું છે. મન સ્થિર કરીને કરવું. જેટલો આત્મા જોડાય તેટલો લાભ છે. ન બને તો ખોટાને તો ખોટું માનવું. મારે સાચું કરવું છે અને સાચું માનવું છે એમ રાખવું.'' -બો.૧ (પૃ.૨૨૪)

વીસ દોહરા રોજ બોલવા. આત્મહિતનું કામ છે. ન આવડે તો સાંભળવા

''વીસ દોહરા રોજ બોલવા. જો પોતાને બોલતાં ન આવડતું હોય તો બીજાની પાસે સાંભળવા. બીજાને સંભળાવવા કહેવું. જેમ આપણે ઘેર કુટુંબીઓને વ્યવહારનું કામ ભળાવીએ છીએ તેવી રીતે એ પણ એક આત્મહિતનું કામ છે.'' -બો.૧ (પૃ.૧૦૮)

વીસ દોહરા ભૂલા પડેલા જીવને ઠેકાણે લાવે એવા છે

'' 'વીસ દોહરા' અપૂર્વ વસ્તુ છે. કૃપાળુદેવ પાસે જ બેઠા છે, એવો ભાવ રાખીને ભક્તિ કરવી. બડબડ એકલું બોલી જવું નથી. આપણા માટે ભક્તિ કરીએ છીએ એવો લક્ષ રાખવો. કૃપાળુદેવે પ્રભુશ્રીજી ઉપર એક પત્ર (૫૩૪) લખ્યો છે તેમાં વીસ દોહરાનું માહાત્મ્ય કહ્યું છે. ભૂલા પડેલા જીવને ઠેકાણે લાવે તેવું છે. 'યમનિયમ' પણ તેવું જ છે. આ કાળમાં ભક્તિ જેવું એકે સાધન નથી. બધું એમાં સમાય છે. અહંકાર થાય નહીં એવું છે.'' -બો.૧ (પૃ.૧૫૫)

વીસ દોહરા, સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ કરાવે તેથી જ્ઞાનીના વચનો આત્મામાં ચોંટે

''પૂજ્યશ્રી–જીવને આ સંસારમાં ભમવાનું મોટું કારણ અભિમાન છે. એ અભિમાન ઊતરી જાય એવા 'વીસ દોહરા' છે. અનંતાનુબંધી માનથી જીવને રખડવાનું થાય છે. અભિમાન દૂર થાય તો વિનય ગુણ પ્રગટે. પછી સત્પુરુષ ઓળખાય. '' 'સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ' એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે'' (૨૫૪) સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય તો એને જ્ઞાનીના વચનો ચોંટે. એ માટે 'વીસ દોહરા' છે. માન જાય તો વિનય ગુણ આવે. એટલો બધો પ્રભાવ 'વીસ દોહરા'માં છે. કંઈક ગરજ જોઈએ, વિજ્ઞાનપણું જોઈએ.'' -બો.૧ (પૃ.૪૩૧)

વીસ દોહરાનો ભાવપૂર્વક આખી રાત સ્વાધ્યાય, આંખમાંથી આંસુ પડે

''વારંવાર વીસ દોહરામાં જ ચિત્ત જાય, એની એ ભાવના રહે, એ વિના ચિત્ત બીજે જાય નહીં એવું કરવાનું છે. આ પત્ર (૫૩૪) વાંચી પ્રભુશ્રીજીને બહુ લાગી આવ્યું હતું કે મારું સાધુપણું જપતપ બધું નકામું ગયું. પછી રાત્રે ઊંઘ ન આવે. ત્યારે વીસ દોહરાનો સ્વાધ્યાય



આખી રાત કરતા, અને આંખમાંથી આંસુ પડવા લાગતાં. એમ આ વીસ દોહરાની અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'' -બો.૨ (પૃ.૧૯૭)

વીસ દોહા રોજ લાખ વાર બોલાય તોય ઓછા છે

''રોજ લાખવાર વીસ દોહા બોલાય તોય ઓછા છે, એમ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ એક વખત કહેલું. પ્રભુ પ્રભુ લય લગાડવાની છે.'' -બો.૩ (પૃ.૫૨૧)

વીસ દોહરા પ્રાર્થના છે. તેમાં દરેક શબ્દ મંત્રતુલ્ય છે

'' ''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ'' એ લીટીથી શરૂ થતા વીસ દોહરા પ્રાર્થનાના છે તે મુખપાઠ કરી રોજ બોલવાનો નિત્યનિયમ રાખવા ભલામણ છે. તેમાં દરેક શબ્દ મંત્રતુલ્ય છે એમ ગણી અહીં આવતાં પહેલાં બને તેટલા શીખી લેવા ભલામણ છેજી. જે વાત અહીં આવ્યે કહેવી છે તેમાંથી એ પણ છેજી. જેટલો ગોળ નાખે તેના પ્રમાણમાં ગળ્યું થાય છે, તેમ જેટલો હૃદયનો ભાવ આ દોહરામાં રેડાશે તેટલો આત્મા ઊંચો આવે તેવો એમાં ચમત્કાર છે; તે જેમ જેમ વિશેષ તેનું આરાધન થશે તેમ તેમ સમજાશેજી. હાલ તો મુખપાઠ કરી રોજ ફેરવતા રહેવાનો નિયમ રાખશોજી. આ અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા છે તે ઉઠાવતા રહી આનંદમાં રહેતાં શીખો એ ભલામણ સહ પત્ર પૂર્ણ કરું છુંજી.'' -બો.૩ (પૃ.૩૨૬)

વીસ દોહા બોલતાં વિચાર કરવો, તો મનને કામ મળે અને બીજે જતું અટકે

''વીસ દોહરા બોલતાં મન ભટકતું હોય તો છેલ્લી કડીથી પહેલી તરફ બોલવા માંડવા તથા દરેક કડીમાં શી ભાવના કરવાની છે તેનો વિચાર ગાતાં ગાતાં કરવો તો મનને કામ મળશે એટલે બીજા વિચારોમાં જતું અટકશે.'' -બો.૩ (પૃ.૬૯૬)

વીસ દોહરાનો સંક્ષિપ્ત ભાવાર્થ

'બોધામૃત ભાગ-૨' માંથી :–

''આત્માના ગુણો વધારવા તે પ્રભાવના છે.

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? હે પરમકૃપાળુદેવ! શું કહું? કંઈ કહેવા જેવું નથી. હે કરુણાના સાગર! અનંત દોષનું પાત્ર હું છું અને આપ દીનાનાથ એટલે આપમાં જે જીવોની અર્પણતા છે તેના આપ નાથ છો, સ્વામી છો. તેમના દયાળુ દેવ છો.

મારામાં શુદ્ધ ભાવ નથી. વળી મારા ભાવો આપનામાં રમણ કરતા નથી. પરિગ્રહરહિત, બોજારહિત લઘુત્વભાવ નથી ને દાસત્વભાવ પણ નથી. હે પરમસ્વરૂપને પ્રાપ્ત પરમાત્મા! આપને હું શું કહું? વળી આપ સત્પુરુષ સદ્‌ગુરુની આજ્ઞામાંથી કદી ચલાયમાન ન થાઉં એવી અચલ આજ્ઞા મારા હૃદયમાં ધારણ કરી નથી. તેમ આપશ્રીનો પૂર્ણ વિશ્વાસ, નિશ્ચય દૃઢપણે નથી અને આપમાં જ મારો પરમ પ્રેમ, ભક્તિ જોઈએ તે નથી. જ્ઞાનીની આજ્ઞાની એક લક્ષે આરાધના નથી.



જ્યાં ત્યાં 'હું ને મારું' થઈ રહ્યું છે.

સત્સંગનો જોગ નથી. હું પામર શું કરી શકું એવો વિવેક નથી. વિવેક એટલે દેહ અને આત્મા જુદા છે એમ વિચાર નથી.

એમ કહેવાય છે કે કલિકાળનું વર્ણન ઋષભદેવ ભગવાને કર્યું, તે વખતે ઘણા મનુષ્યો, એવા કાળમાં જન્મવું ન પડે એમ ધારી સાધુ થઈ ગયા. અને આ જીવ આ કલિકાળને ભોગવે છે છતાં કંઈ લાગતું નથી! મર્યાદા ધર્મ નથી તો હવે ભાવના રાખવાની છે. મર્યાદા એટલે આજ્ઞા. આજ્ઞા આરાધનરૂપ ધર્મ જીવને બચાવી શકે. તે માટે ઝૂરવાનું છે. ગરજ હોય તો થાય, નહીં તો કંઈ ન થાય, રૂઢ થઈ જાય. પછી કંઈ બોલે તોય વિચાર નથી આવતો. જ્ઞાનીપુરુષોએ બધું મુમુક્ષુઓને માટે કહ્યું છે. એ મુમુક્ષુતા આવે ત્યારે મીઠું લાગે.

''શુદ્ધભાવ મુજમાં નથી.'' એ શુદ્ધભાવ કરવા માટે બધું કહ્યું છે. મુમુક્ષુને એમ થાય કે ચાર ગતિનાં દુઃખથી કેમ છુટાય? શુદ્ધભાવ વિના છુટાય એવું નથી. હવે એ શુદ્ધભાવ તો મારામાં નથી, તો કેમ છુટાય? એમ વ્યાકુળતા થાય છે. આ કાળનું સ્વરૂપ મહાપુરુષોએ અનેક પ્રકારે વર્ણવ્યું છે.

પદ્મનંદી મુનિએ લખ્યું છે કે જ્યાં મોટાં સરોવર સુકાઈ જાય, ત્યાં મત્સ્યાદિ પ્રાણીઓને ત્રાસનો પાર ન હોય તેવો આ કાળ છે. તેમાં વળી મોટી ચાંચવાળા બગલાઓ માછલાંને પકડવા ધ્યાન ધરી ઊભા હોય છે, તેમ આ કાળમાં કુગુરુઓ બગલા જેવા છે.

તે બિચારા જીવોને ખાઈ જાય છે, લૂંટી જાય છે. હે ભગવાન! મારું શું થશે?

ઘરનું કામકાજ તો કાળ જેવું લાગે. છૂટું છૂટું એમ થતું હોય તેને ઘરમાં રહેવું ભાલા જેવું લાગે. જેમ પક્ષીને પાંજરામાં રહેવું ગમતું નથી, સોનાનું પાંજરું હોય તોય દુઃખરૂપ લાગે છે, તેમ એને ઘરમાં રહેવું પડે તે દુઃખરૂપ લાગે.

જે કામ કરવું છે તેની કાળજી જોઈએ. જે કરવાનું છે તે બધું ભૂલી જાય છે. કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હોય તો તે આખો દિવસ સાંભરે અને પોતાનું સ્વરૂપ ભુલાઈ ગયું છે, તે સાંભરતુંય નથી. એકલો પડે તો ભગવાનનો વિયોગ સાલવો જોઈએ. જો બોલ બોલ કરે તો વિયોગ કેમ સાલે? જેમ બાઈનો ધણી મરી જાય ત્યારે બોલવું, જોવું બધું બંધ કરીને ખૂણામાં બેસીને રડે છે, એવું રડવાનું છે.

જેનામાં ભક્તિ નથી તે અભક્ત છે. તેના પ્રત્યે ઉદાસ રહેવું જોઈએ. ઘરનું કામ કરતાં બધું આ ભક્તિનું કામ ભૂલી જાય છે. આ ઘરનું કામ તો મારું છે એમ કાળજી રાખીને કરે છે. આખો ને આખો આત્મા એમાં ચોંટી જાય છે. જે સંયોગ મળ્યો તેમાં 'હું' એમ થઈ ગયું. રૂપ હું, પુરુષપણાનો સંયોગ મળ્યો તો પુરુષ હું, ઢોરપણાનો સંયોગ મળ્યો તો ઢોરરૂપ હું છું, એમ થઈ ગયું છે. સ્ત્રીને પુરુષ કહે તો ખોટું લાગે.



અહંભાવમાં તલ્લીન થઈ ગયો છે. ધર્મનું ભાન નથી. શું કરે! કંઈક જ્ઞાનીપુરુષનો યોગ થાય, સાંભળે, પછી અભ્યાસ કરે તો થાય. તે કહે કે આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી, એમ સાંભળ્યું તો પછી અભ્યાસ થાય. આ દેહના પુદ્ ગલનો ધર્મ છતાં હું ગોરો, કાળો એમ થાય છે. તે અહંભાવથી હું રહિત નથી.

અન્ય ધર્મથી રહિત થતો નથી. વખતે ત્યાગી દે, પણ નિર્મળપણે નિવૃત્તિ કરતો નથી. ધન વગેરે બધું ત્યાગી સાધુ થયો હોય, પણ ધનાદિની ઇચ્છા એને રહ્યા કરે છે. વારંવાર પ્રભુશ્રીજી કહેતા કે ચોખ્ખો થઈને આવ, ચોખ્ખો થઈને આવ. વારંવાર વિચારી જીવને પૂછવું કે એવા એવા દોષો છે તો કેમ મોક્ષે જવાશે?

મુમુક્ષુ થવું હોય તો અહંભાવ કરવાનો નથી. ચક્રવર્તી હોય અને દીક્ષા લે, તેના કરતાં દાસીના છોકરાએ પહેલાં દીક્ષા લીધી હોય અને ચક્રવર્તી તેને અહંભાવથી વંદન ન કરે તો તેને રખડી મરવાનું છે. અહંભાવના કણિયા પડ્યા છે, તે બધા વીણી વીણીને કાઢવાના છે. પોતાનામાં દોષો છે, પાપ છે તે જોતો નથી, નહીં તો શરમ આવે. ઊંડી દૃષ્ટિ નથી. ઉપર ઉપરથી દેખે છે. હે ભગવાન! હું આપની આગળ શું મોઢું બતાવું? કાંઈ સાધન મેં કર્યું નહીં અને મારામાં એકેય સદ્ગુણ પણ નથી, તો શું મોઢું બતાવું?

સાધન નથી અને ગુણ પણ નથી. વખતે ગુણ હોય તો સાધન થાય. ગુણ ન હોય તો ભગવાન શું કરે? પણ હે ભગવાન, તું તો કરુણાની મૂર્તિ છે. તારામાં દયા, દયા સિવાય બીજું છે જ નહીં. દીનબંધુ અને અનાથોના નાથ છો તેથી અમારો હાથ ઝાલજે. બાકી મારામાં તો એક પણ સદ્ગુણ નથી. પરમ અનાથ છું, છતાં અભિમાનથી ભરેલો છું. તેથી અનંતકાળથી રખડ્યો છું અને કોઈ સત્પુરુષના ચરણ સેવ્યાં નથી, આજ્ઞા ઉઠાવી નથી.

ભક્તિ આવે તો જ્ઞાન થાય. જીવને દુર્લભ વસ્તુ મળી છે પણ જોઈએ એવો લાભ લઈ શકતો નથી. -બો.૨ (પૃ.૬૫)

* * *



શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

'ભક્તિના વીસ' દોહરાનું વિવેચન

(પરમકૃપાળુદેવ, પ.પૂ.પ્રભુશ્રીજી અને પૂ.શ્રી બ્રહ્મચારીજીના બોધવચનો અને દૃષ્ટાંતો સહિત)

શ્રી સદ્‌ગુરુભક્તિરહસ્ય

(વીસ દોહરા)

"હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ." ૧

અર્થ :- "હે પ્રભુ બોલતાં જ કૃપાળુદેવ ભણી દૃષ્ટિ જવી જોઈએ. દીન અને અનાથ મળીને દીનાનાથ થયું છે. દીન અને અનાથ ઉપર દયા રાખનાર હે પ્રભુ! તમને હું શું કહું? હે ભગવાન! હું તો અનંત દોષનું પાત્ર છું." - પૂ.શ્રી બ્ર.જીવનદર્શન (પૃ.૧૪૬)

'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું'.....

પ્રભુ એટલે ભગવાન. ભગ+વાન. ભગ એટલે ઐશ્વર્ય અને વાન એટલે વાળા.

આત્માના અનંત ઐશ્વર્યવાળા એવા હે પ્રભુ! હે પરમકૃપાળુ પરમાત્મા! હું પામર જેવો મૂઢ અજ્ઞાની આપને વિશેષ શું કહું? આપ તો બધું જાણો છો. 'હે ગુરુરાજ! તમે જાણો છો સઘળું' છતાં મારા અંતર આત્માની શાંતિને માટે પાપોને હલકા કરવા અને ભવિષ્યમાં થનાર દોષોને ટાળવા, આપની સમક્ષ તે તે દોષોને જણાવી, પશ્ચાત્તાપ કરી મારું હૃદય ખાલી કરું છું.

'દીનાનાથ દયાળ'.....

આપ તો દીન અને અનાથના નાથ છો. અમારા જેવા પામરો પર પણ દયા કરવાનો જેનો સહજ સ્વભાવ છે માટે આપની સમક્ષ આટલું બોલવાની હિમ્મત થાય છે.

દીન : એટલે ગરીબ. અનંત ચતુષ્ટયથી અથવા રત્નત્રયથી હું રહિત છું માટે દીન છું - ગરીબ છું. મારી બધી આત્મસંપત્તિને હું ખોઈ બેઠો છું.

અનાથ : એટલે સંસારના ત્રિવિધ તાપથી કે જન્મ જરા મરણના ત્રાસથી બચાવનાર આ જગતમાં મારો કોઈ નાથ નથી; માટે હું અનાથ છું.

અનાથીમુનિ, જેમ પહેલા અનાથ હતા પણ પ્રભુનું શરણ લેવાથી સનાથ થયા; તેમ હું પણ અનાથ છું; પણ આપ દયાળુ છો તેથી આપના શરણે આવ્યો છું. કેમકે –

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

અનન્ય શરણના આપનાર આપ પરમકૃપાળુદેવ છો. આપનામાં કેવું આત્મપ્રભુત્વ પ્રગટેલું



હતું તે પ.પૂ.પ્રભુશ્રીજીએ સાક્ષાત્ નજરે જોયેલું. તેનું અદ્‌ભુત માહાત્મ્ય લાગવાથી પરમકૃપાળુદેવ ઉપર લખેલ એક પત્રમાં તેમના ગુણગાન કરે છે અને તેમનું શરણ ઇચ્છે છે, તે આ પ્રમાણે છે :–

પ.પૂ.પ્રભુશ્રીજીનો પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય શરણભાવ

"અનન્ય શરણના આપનાર પરમ પવિત્ર દીનબંધુ, ગરીબનવાજ, અશરણના શરણ, ભાગ્યના ભેરૂ, મેરૂની પેરે અડોલ, સૂરજની પેરે ઉદ્યોતના કરણહાર, પાણીની પેરે નિર્મળ, ચિંતામણિ રત્ન સમાન, પારસમણિ સમાન, કલ્પવૃક્ષ સમાન, સમુદ્રની પેરે ગંભીર, ચંદ્રમાની પેરે શીતળતાના કરણહાર, સફરી જહાજ સમાન, સફરી જહાજ તો એકવાર તારે, પણ હે નાથ આપ તો ભવોભવના તારણહાર છો. સમતાના સાગર, દયાળુ, દયાના સાગર, કરુણાનિધિ, પરમ પવિત્ર, ક્ષમાવંત, ધીરજવંતા, લજ્જાવંતા, સત્યસ્વરૂપી મહાત્મા રાજ્યચંદ્ર પ્રભુશ્રીની સેવામાં વિનંતી.

હે પ્રભુ! હવે હું શું કરું. હાય હાય! આ સંસાર તો બળી રહ્યો છે. અને હું આપનો સેવક સંસારરૂપી લાયમાં દાઝું છું. તેને હવે હે પ્રભુ! તમે જોશોને. હે નાથ! હાથ ઝાલી બહાર કાઢોને. તમારા દાસને તમારી પાસે રાખો."

કેમકે આપ તો દીનાનાથ દયાળ છો. જ્યારે –

'હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ'.....

હે કરુણાળુ એવા પરમકૃપાળુ પ્રભુ! અનાદિકાળના મિથ્યાત્વને લઈને હું તો અજ્ઞાનથી અંધ થયેલો છું, માટે હું અનંત દોષનું ભાજન છું - પાત્ર છું. કેમકે હુંપણું અને મારાપણું જે દોષના મૂળ છે, તે તો મારામાં હાડોહાડ ભરેલા છે. જ્યારે આપ તો દેહાતીત-આત્મસ્વરૂપમાં સ્થિત હોવાથી અનંતગુણના ભંડાર છો અને સ્વભાવે અનંત દયાના સાગર છો.

"મુજ અવગુણ ગુરુરાજ ગુણ, માનું અનંત અમાપ;
બાળક કર પહોળા કરી, દે દરિયાનું માપ." -પૂજ્યશ્રી બ્રહ્મચારીજી

અર્થ :- મારામાં અનંત અવગુણ છે અને ગુરુરાજ આપમાં અનંત ગુણ છે. જેમ બાળક હાથ પહોળા કરી દરિયાનું માપ બતાવે કે દરિયો આટલો મોટો છે; તેમ કોઈપણ જીવ આપના ગુણોનું માપ કાઢી શકે નહીં. કેમકે આપના ગુણો તે અમાપ છે, અપરંપાર છે.

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :– દોષો દૂર કરવાના ઉપાયો :–

પોતાના અલ્પદોષને વિષે અત્યંત ખેદ હોવો જોઈએ

"સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પ-ગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે." (વ.પૃ.૩૭૬)



દોષને ઓળખી દોષ ટાળે નહીં તો કોઈ દિવસે દોષો ઘટે નહીં

''જ્ઞાનીઓ દોષ ઘટાડવા માટે અનુભવનાં વચનો કહે છે; માટે તેવાં વચનોનું સ્મરણ કરી જો તે સમજવામાં આવે, શ્રવણ મનન થાય, તો સહેજે આત્મા ઉજ્જ્વલ થાય. તેમ કરવામાં કાંઈ બહુ મહેનત નથી. તેવાં વચનોનો વિચાર ન કરે, તો કોઈ દિવસ પણ દોષ ઘટે નહીં.'' (વ.પૃ.૭૧૦)

વિષયકષાયાદિ દોષ ગયા વિના મોક્ષે જવાય નહીં

''વિષયકષાયાદિ દોષ ગયા વિના સામાન્ય આશયવાળા દયા વગેરે આવે નહીં; તો પછી ઊંડા આશયવાળાં દયા વગેરે ક્યાંથી આવે? વિષયકષાયસહિત મોક્ષે જવાય નહીં. અંતઃકરણની શુદ્ધિ વિના આત્મજ્ઞાન થાય નહીં. ભક્તિ એ સર્વ દોષને ક્ષય કરવાવાળી છે; માટે તે સર્વોત્કૃષ્ટ છે.'' (વ.પૃ.૭૧૦)

ક્રોધાદિ દોષો મારે કાઢવા જ છે એમ વિચારે તો તે જરૂર જાય

''ઉપાય કર્યા વિના કાંઈ દરદ મટતું નથી. તેમ લોભરૂપી જીવને દરદ છે તેનો ઉપાય કર્યા વિના તે ન જાય. આવા દોષ ટાળવા માટે જીવ લગાર માત્ર ઉપાય કરતો નથી. જો ઉપાય કરે તો તે દોષ હાલ ભાગી જાય. કારણ ઊભું કરો તો કાર્ય થાય. કારણ વિના કાર્ય ન થાય.

સાચા ઉપાય જીવ શોધતો નથી. જ્ઞાની પુરુષનાં વચન સાંભળે તો પ્રતીતિ નથી. 'મારે લોભ મૂકવો છે' 'ક્રોધ માનાદિ મૂકવાં છે' એવી બીજભૂત લાગણી થાય ને મૂકે, તો દોષ ટળી જઈ અનુક્રમે 'બીજજ્ઞાન' પ્રગટે.'' (વ.પૃ.૭૦૧)

જીવ જો દૃઢ નિશ્ચય કરે તો ક્રોધાદિ મૂકી શકાય

દૃઢપ્રહારીનું દૃષ્ટાંત :– દૃઢપ્રહારી એક બ્રાહ્મણનો પુત્ર હતો. તે સપ્તવ્યસન ભોગી હોવાથી પિતાએ ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. ત્યાંથી જઈ તે ચોરો સાથે ભળ્યો. બીજાને મારવામાં મહાપરાક્રમી હોવાથી ચોરોએ તેને પોતાનો ઉપરી સ્થાપ્યો અને તેનું નામ દૃઢપ્રહારી રાખ્યું.

તે એક દિવસે એક બ્રાહ્મણના ઘરમાં પેઠો. ત્યાં બ્રાહ્મણીએ ખીર બનાવી હતી. તેના બાળકો તે ખીર ખાવા માટે ચારે બાજુ બેઠા હતા. દૃઢપ્રહારીને ભૂખ લાગવાથી તે ખીરપાત્ર લેવા મંડ્યો ત્યારે બ્રાહ્મણી બોલી–અરે મૂર્ખના મહારાજા આ ખીરપાત્રને કેમ અડકે છે? અમારે પછી એ કામ નહીં આવે; એટલું પણ તું જાણતો નથી. આ વચનથી દૃઢપ્રહારીને ક્રોધ વ્યાપ્યો તેથી એક મુક્કો મારી બ્રાહ્મણીને મારી નાખી. નાહતો નાહતો બ્રાહ્મણ બચાવવા આવ્યો તો તેને પણ મારી નાખ્યો. ઘરમાંથી ગાય પણ દોડતી સામે થઈ તો તેને પણ મુક્કો માર્યો જેથી તે મરી ગઈ અને તેના પેટમાંથી વાછરડું બહાર નીકળી પડ્યું. તેને તરફડતું જોઈને, દૃઢપ્રહારી જે અસલમાં બ્રાહ્મણ પુત્ર હોવાથી તેને વિચાર થયો કે અરેરે! મેં સ્ત્રીહત્યા, બ્રાહ્મણહત્યા, ગોહત્યા, બાળહત્યા કરી; હવે



એ મહાપાપોથી ક્યારે છૂટીશ ? એમ પોતાના દોષો જણાયા ત્યારે તેને કાઢવાનો ભાવ થયો. હવે તો આત્મકલ્યાણ કરવું એ જ સાર્થક છે. એમ દૃઢ નિશ્ચય કરી ત્યાં જ પંચમુષ્ઠિ લોચ કર્યો અને તે જ નગરના એક દરવાજે દોઢ મહીના સુધી ધ્યાનમાં ઊભા રહ્યા. લોકોએ તેને બહુ સતાવ્યા. પછી બીજે દરવાજે ઊભા રહ્યા. પછી ત્રીજે, અને છેલ્લે ચોથે એમ ચારેય દરવાજે દોઢ દોઢ મહિનો ઊભા રહી લોકોએ જે જે દુઃખ આપ્યું તે બધું સમતાએ સહન કરી છ મહિનામાં સર્વ કર્મોને બાળી ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન પ્રગટાવ્યું.

એમ જે દોષોને કાઢવાનો નિશ્ચય કરે તો જરૂર થઈ શકે તેમ છે. ('ભાવનાબોધ'ના આધારે)

માન મોટાઈનો દોષ મૂક્યા વગર જ્ઞાનીના વચનો આત્મામાં ઊતરે નહીં

''સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણામ પામ્યે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ વગેરે બધા દોષો અનુક્રમે મોળા પડે. આત્મજ્ઞાન વિચારવાથી દોષો નાશ થાય છે. સત્પુરુષો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવને લોકમાર્ગમાં પડી રહેવું છે; અને લોકોત્તર કહેવરાવવું છે; ને દોષ કેમ જતા નથી એમ માત્ર કહ્યા કરવું છે. લોકનો ભય મૂકી સત્પુરુષોનાં વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં. મોટાઈ ને મહત્તા મૂક્યા વગર સમ્યક્ત્વનો માર્ગ આત્મામાં પરિણામ પામવો કઠણ છે.'' (વ.પૃ.૭૧૨)

પોતાના દોષ જોવા, પરના નહીં; તો જ આ સંસારમાં રહેવું યોગ્ય

''જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં.'' (વ.પૃ.૩૦૭)

સર્વ દોષોને ટાળવાનો ઉપાય; દોષને ઓળખી દોષને ટાળવા

''આ સઘળાનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.'' (વ.પૃ.૮)

સત્પુરુષનો ઉપદેશ વિચારે તો જીવના દોષ અવશ્ય ઘટે

''સત્પુરુષો ઉપકારઅર્થે જે ઉપદેશ કરે છે તે શ્રવણ કરે, ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે. પારસમણિનો સંગ થયો, ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાં તો પારસમણિ નહીં; અને કાં તો ખરું લોઢું નહીં. તેવી જ રીતે જે ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તે ઉપદેષ્ટા કાં તો સત્પુરુષ નહીં, અને કાં તો સામો માણસ યોગ્ય જીવ નહીં. યોગ્ય જીવ અને ખરા સત્પુરુષ હોય તો ગુણો પ્રગટ્યા વિના રહે નહીં.'' (વ.પૃ.૭૧૦)

'ઉપદેશમાળા'માંથી :–

સ્થૂલિભદ્ર જેવા પારસમણિએ લોઢા જેવી કોશાને પણ સુવર્ણમય બનાવી

સ્થૂલિભદ્રના બ્રહ્મચર્યની દૃઢતાનું દૃષ્ટાંત–''સ્થૂલિભદ્ર ગુરુની આજ્ઞા લઈ, નમીને



ચોમાસુ કરવા કોશા વેશ્યાને ઘેર ગયા. તેમને આવતા જોઈ કોશા અતિ અતિ હર્ષિત થઈ અને સામે આવીને પગમાં પડી. તેની આજ્ઞા લઈ સ્થૂલિભદ્ર તેની ચિત્રશાળામાં ચાતુર્માસ રહ્યા. તે હમેશાં ષટ્રસનો આહાર કરે છે, સમય પણ વર્ષાઋતુનો છે, નિવાસ ચિત્રશાળામાં છે, પ્રીતિ કોશાની છે, અને પરિચય બાર વર્ષનો છે. વળી નેત્ર અને મુખનો વિલાસ, હાવભાવ, ગાન, તાન, માન, વીણાને મૃદંગના મધુર શબ્દો સહિત નાટ્યવિનોદ વિગેરે નાના પ્રકારના વિષયોને સ્થૂલિભદ્ર આગળ પ્રગટ કરતી અને પોતાનો હાવભાવ બતાવતી કોશા કહે છે કે - 'હે સ્વામિન્! આ ત્યાગ સાધવાનો સમય નથી, માટે મારી સાથે યથેચ્છ વિષયસુખ ભોગવી તેનો સ્વાદ લ્યો. ફરીથી આ મનુષ્યજન્મ પામવો દુર્લભ છે અને આ યૌવન પણ દુર્લભ છે. પાછળથી વૃદ્ધાવસ્થામાં તપ કરવું ઉચિત છે.' તે સાંભળી સ્થૂલિભદ્ર બોલ્યા - 'હે ભદ્રે! અપવિત્ર અને મળમૂત્રનું પાત્ર એવા કામિનીના શરીરનો ઉપભોગ કરવાને કોણ ઇચ્છે? આવા પ્રકારના ઉપદેશથી બુઝીને કોશા વેશ્યા બોલી : હે સ્વામિન્! મારો હવે ઉદ્ધાર કરો. પછી સ્થૂલિભદ્રમુનિ પાસે સમ્યક્ત્વ સહિત બારવ્રત અંગીકાર કરીને તે કોશા પરમ શ્રાવિકા થઈ.'' (પૃ.૧૨૯)

પોતાના દોષો જોઈ સદા જાગૃત રહેવું

''લૌકિક આલંબન ન જ કરવાં. જીવ પોતે જાગે તો બધાં વિપરીત કારણો મટી જાય. જેમ કોઈ પુરુષ ઘરમાં નિદ્રાવશ થવાથી તેના ઘરમાં કૂતરાં, બિલાડાં વગેરે પેસી જવાથી નુકસાન કરે, અને પછી તે પુરુષ જાગ્યા પછી નુકસાન કરનારાં એવાં જે કૂતરાં આદિ પ્રાણીઓ તેનો દોષ કાઢે; પણ પોતાનો દોષ કાઢતો નથી કે હું ઊંઘી ગયો તો આમ થયું; તેમ જીવ પોતાના દોષો જોતો નથી. પોતે જાગૃત રહેતો હોય, તો બધાં વિપરીત કારણો મટી જાય; માટે પોતે જાગૃત રહેવું.'' (વ.પૃ.૭૧૦)

જ્ઞાનીઓએ જે વિચારથી, ઉપાયોથી દોષો ઘટાડેલા તે કરવા

''જીવ એમ કહે છે કે મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતા નથી; અર્થાત્ જીવ પોતાનો દોષ કાઢતો નથી; અને દોષોનો વાંક કાઢે છે. જેમ સૂર્યનો તાપ બહુ પડે છે, અને તેથી બહાર નીકળાતું નથી; માટે સૂર્યનો દોષ કાઢે છે; પણ છત્રી અને પગરખાં સૂર્યના તાપથી રક્ષણ અર્થે બતાવ્યાં છે તેનો ઉપયોગ કરતો નથી તેમ. જ્ઞાનીપુરુષોએ લૌકિક ભાવ મૂકી દઈ જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા, નાશ કરેલા તે વિચારો, અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકાર અર્થે કહે છે. તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ પુરુષાર્થ કરવો.

કયા પ્રકારે દોષ ઘટે? જીવ લૌકિક ભાવ, ક્રિયા કર્યા કરે છે, ને દોષો કેમ ઘટતા નથી એમ કહ્યા કરે છે! યોગ્ય જીવ ન હોય તેને સત્પુરુષ ઉપદેશ આપતા નથી.'' (વ.પૃ.૭૧૦)

'સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ વૈરાગ્ય વધી જવો જોઈએ'


''સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ વૈરાગ્ય વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગૃત જાગૃત થઈ



વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગસમાગમની જરૂર છે. બાકી સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે. ગુરુપદ ધરાવવા કે શિષ્યો કરવા માટે સત્પુરુષની ઇચ્છા નથી. સત્પુરુષ વગર એક પણ આગ્રહ, કદાગ્રહ મટતો નથી. દુરાગ્રહ મટ્યો તેને આત્માનું ભાન થાય છે. સત્પુરુષના પ્રતાપે જ દોષ ઘટે છે. ભ્રાંતિ જાય તો તરત સમ્યક્ત્વ થાય.'' (વ.પૂ.૭૧૧) ભગવાનનો થોડો જ ઉપદેશ સાંભળી વિચાર્યો તો કલ્યાણ થઈ ગયું. તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે :–

પિતાએ કહ્યું– મહાવીરના વચન કદી પણ સાંભળીશ નહીં

રોહિણેય ચોરનું દૃષ્ટાંત :– પિતા લોહખુરે કહ્યું : હે પુત્ર રોહિણેય! પ્રસેનજિત રાજાનો પ્રતાપ દેશ વિદેશમાં છે છતાં તે મારા નામથી ધ્રૂજે છે. તેના બુદ્ધિનિધાન મંત્રીઓએ અનેક બુદ્ધિઓ લડાવી પણ મને ન પહોંચી શક્યા. હું હવે થાક્યો છું. કાલે મરણ આવી જશે, પણ આપણાથી રાજરાજેશ્વરો સરખા કંપે છે તેવી ધાક તું ઓછી ન થવા દઈશ; અને એક પ્રતિજ્ઞા તું



મારી આગળ લે. પુત્ર કહે - 'કઈ પ્રતિજ્ઞા?' તો કે 'મહાવીરની વાણી તારે કદી સાંભળવી નહીં.' 'કેમ?' તો કે ભૂલે ચૂકે પણ જો તેમની વાણી સંભળાય તો જે શૂરવીરતા, નિર્દયતા અને ક્રૂરતાનો આપણામાં જે વેગ છે તે ઓસરી જાય. પુત્રે પિતાની આજ્ઞા માન્ય કરી. તેથી પિતા લોહખુર હર્ષ પામ્યો. આવો ઉપદેશ આપી લોહખુર મરણ પામ્યો.'

ભગવાન રાજગૃહી નગરીમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. તેમાં બેસીને પ્રભુએ ધર્મદેશના આપવા માંડી. પેલો રોહિણેય ચોર રાજગૃહી નગરી તરફ જતો હતો. ત્યાં માર્ગમાં સમવસરણ આવ્યું તેથી ચોરે વિચાર્યું કે પિતાની



આજ્ઞાનો ભંગ થશે માટે કાન આગળ હાથ રાખી ચાલતાં સમવસરણ પાસે આવ્યો કે તેના પગમાં કાંટો વાગ્યો. કાંટો કાઢવા માટે કાન ઉપરથી હાથ લઈ કાંટો કાઢવા માંડ્યો કે તે જ વખતે પ્રભુના મુખની વાણી તેના સાંભળવામાં આવી ગઈ.

''જેમના ચરણ પૃથ્વીને અડતા નથી, નેત્ર પલકરહિત હોય, પુષ્પમાળા કદી કરમાતી નથી અને શરીર પસીનાથી તથા ધૂળથી રહિત હોય તે દેવતા કહેવાય છે.'' આટલા વચન સાંભળવાથી 'મેં ઘણું સાંભળી લીધું, તેથી મને ધિક્કાર છે' એમ વિચારતો ઉતાવળે પગમાંથી કાંટો કાઢી અને પાછો કાન પર હાથ મૂકી ત્યાંથી પોતાને કામે ગયો.''

'સારી રીતે રચેલા દંભને બ્રહ્મા પણ પામી શકતા નથી'

બીજે દિવસે પાણીમાં હાથી પેસે તેમ રોહિણેય ચોર હંમેશની જેમ નગરમાં પેઠો અને ત્યાંથી નગર ફરતા ફરી વળેલ સૈન્યની જાળમાં તે માછલાની જેમ સપડાઈ ગયો. તેને બાંધીને કોટવાળે રાજાની પાસે રજૂ કર્યો. રાજાએ અભયકુમારને સોંપ્યો. અભયકુમારે કહ્યું – ચોરીના મુદ્દા સાથે પકડાય તો જ તેનો નિગ્રહ વિચારી શકાય. રાજાએ રોહિણેયને પૂછ્યું કે તું ક્યાંનો રહેવાસી છે? તારી આજીવિકા કેવા પ્રકારે ચાલે છે? તું આ નગરમાં શા માટે આવ્યો હતો? તારું નામ રોહિણેય કહેવાય છે તે ખરું છે? ત્યારે રોહિણેય બોલ્યો - ''હું શાલિગ્રામમાં રહેનારો દુર્ગચંડ નામે કણબી છું. રાત્રે દેવાલયમાં રહ્યો હતો. રાત્રિ ઘણી થઈ તેથી ઘરે જવા નીકળ્યો કે આ રાક્ષસ જેવા કોટવાળ અને સિપાઈઓએ મને પકડ્યો અને મને બાંધીને અહીં લાવ્યા છે.'' રાજાએ ગુપ્ત રીતે શાલિગ્રામમાં તપાસ કરાવી તો લોકોએ પણ કહ્યું કે દુર્ગચંડ અહીં રહે છે. પણ હમણાં તે બીજે ગામ ગયેલ છે એમ લોકોએ કહ્યું. રાજપુરુષોએ રાજાને તેવા ખબર આપ્યા. એટલે અભયકુમાર વિચારમાં પડ્યો કે ''અહો! સારી રીતે રચેલા દંભના અંતને બ્રહ્મા પણ પામી શકતા નથી.''


ચોરને પકડવા અભયકુમારે દેવલોકની રચના કરાવી

પછી અભયકુમારે દેવતાના વિમાન જેવા રત્નોથી જડિત સાત માળના એક મહેલમાં ગંધર્વો સંગીત સાથે મહોત્સવ કરે છે તે મહેલમાં અભયકુમારે તે ચોરને દારૂ પીવરાવીને બેહોશ કરી અને દેવદુષ્ય વસ્ત્રો પહેરાવી ત્યાં શય્યા પર સુવડાવ્યો. જ્યારે નશો ઊતરી ગયો ત્યારે અભયકુમારની આજ્ઞાથી નરનારીઓના સમૂહે 'જય પામો, જગતમાં તમે આનંદ કરો.' 'હે ભદ્ર! તમે આ મોટા વિમાનમાં દેવતા થયા છો તો તમે તમારા પૂર્વના કરેલા સુકૃત્ય દુષ્કૃત્યને યથાર્થ અમને જણાવો, પછી સ્વર્ગમાં ભોગ ભોગવો.'

તે સાંભળી રોહિણેય વિચારમાં પડ્યો કે, 'શું આ સત્ય હશે? અથવા શું મને મારી કબૂલાત કરાવી પકડવા માટે અભયકુમારે આ પ્રપંચ રચેલ હશે?' એમ વિચારતાં તેને પગમાંથી કાંટો કાઢતી વખતે સાંભળેલું વીરપ્રભુનું વચન યાદ આવ્યું, તેથી પ્રતિહાર, ગંધર્વો, અપ્સરાઓ વગેરેની તરફ જોયું તો તે બધાને પૃથ્વી પર સ્પર્શ કરતા, પસીનાથી મલિન થયેલા, કરમાયેલી પુષ્પની



માળાવાળા અને નેત્ર પણ મટકું મારતા દીઠા. પ્રભુના વચનને આધારે તે બધું કપટ જાણીને રોહિણેય બોલ્યો કે – 'મેં પૂર્વજન્મમાં ઘણા સુપાત્રને દાન આપ્યા છે, જિનચૈત્ય કરાવ્યા છે, જિનબિંબ બનાવ્યા છે વગેરે સદ્‌ગુરુની સેવા કરી છે.



આ પ્રમાણે પૂર્વભવમાં સુકૃત્યો કરેલા છે. તેના વિના આવા સ્વર્ગલોકને કોણ પામી શકે.'


ભગવાનના ઉપદેશના અંશે મને ફાંસીથી બચાવી લીધો

''આટલા ઉપાયોથી પણ ચોર પકડાય નહીં તો નીતિનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી. એટલે અભયકુમારે ચોરને છોડી મૂક્યો. ત્યાંથી છૂટી ગયા પછી રોહિણેયે વિચાર્યું કે–મારા પિતાની આજ્ઞાને ધિક્કાર છે કે જેથી હું આજ દિન સુધી ભગવંતના વચનામૃતથી વંચિત રહ્યો. જેના ઉપદેશના એક અંશે પણ મને જીવનદાન આપ્યું છે; નહીં તો મને ફાંસીએ ચઢવું પડત એમ વિચારી તરત જ ભગવાન પાસે ગયો. ભગવાનને વંદન કરી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી – હે પ્રભુ! આપના વચનામૃતનું જે શ્રદ્ધાપૂર્વક પાન કરે છે તેમને ધન્ય છે. તમારા વચનોએ મને આજે મૃત્યુના મુખમાંથી બચાવી લીધો. પ્રભુએ તેના પર કૃપા કરીને નિર્વાણપદને આપનારી એવી ધર્મદેશના આપી. તે સાંભળી પ્રતિબોધ પામી તે રોહિણેય બોલ્યો - હે સ્વામિન્! હું યતિધર્મને યોગ્ય છું કે નહીં? પ્રભુએ કહ્યું - તું યોગ્ય છે.''



રોહિણેય કહે–હું જ ચોર છું. હું દીક્ષા લઈ જન્મ સફળ કરીશ

''પછી શ્રેણિક રાજા પાસે રોહિણેય ચોર આવીને કહેવા લાગ્યો કે હે રાજન્! તમારા નગરને લૂંટનારો ચોર તે હું જ છું. બીજો ચોર શોધવાની જરૂર નથી. મારી સાથે કોઈને મોકલો જેથી લૂંટેલો બધો ધનમાલ એને બતાવી દઉં અને પછી હું દીક્ષા લઈ મારા જન્મને સફળ કરીશ.



જ્યાં ધન દાટેલું હતું તે રોહિણેયે અભયકુમારને બતાવ્યું. રાજાએ પણ જેનું તે હતું તેને ધન આપી દીધું. પછી રોહિણેયનો દીક્ષામહોત્સવ પણ રાજા શ્રેણિકે કર્યો. ભગવાન પાસે દીક્ષા લઈ છ માસ સુધીનું તપ કરી છેલ્લે ભગવાનની રજા લઈ વૈભારગિરિ ઉપર પાદોપગમન અનશન કર્યું. ત્યાં શુભ ધ્યાનથી દેહનો ત્યાગ કરી સ્વર્ગને પામ્યો.'' એમ સત્પુરુષનું એક પણ વચન સાંભળીને જે પોતાના દોષો ઘટાડશે તેનું જરૂર કલ્યાણ થશે.



'હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ'.....

'ઉપદેશામૃત' માંથી :–

'બહુ સમજવા જેવા આ વીસ દુહા છે'

''આ તત્ત્વજ્ઞાનમાંથી દુહા વીસ છે. તે મુખપાઠ કરવા અને રોજ બોલવા. બોલતાં એવી ભાવના કરવી કે હે પ્રભુ! હું તો અનંત દોષનો ભરેલો છું – ક્રોધ, માન, માયા, લોભ, વિષય, પ્રમાદ વગેરેથી હું તો ભરેલો છું. એવી દીનત્વની ભાવના કરવી. બહુ સમજવા જેવા આ વીસ દુહા છે. બધું થઈને દશપંદર મિનિટ બોલતાં લાગે.'' (ઉ.પૃ.૩૧૦)

દોષોને કાઢવાની ભાવના એજ ખરી મુમુક્ષુતા છે

''જેમ જેમ સત્સંગ અને સત્શાસ્ત્રનો પરિચય વધે તેમ તેમ પોતાના દોષ જોવામાં આવે. જ્યારે દોષ જોવામાં આવે ત્યારે લાગે કે મારામાં આટલા બધા દોષ ભરેલા છે! ત્યાર પછી તે દોષોને કાઢવાની ભાવના જાગે. દોષોને કાઢવાની ભાવના એ જ ખરી મુમુક્ષુતા છે.''

(બો.૧ પૃ.૧૦૮)

ચારણમુનિના સમાગમે દોષોનું થયેલું ભાન

અંજનચોરનું દૃષ્ટાંત :– ''એક વેશ્યા બાગમાં ફરવા ગઈ. ત્યાં એણે રાજાની રાણીના ગળામાં સુંદર હાર જોયો એટલે એને મનમાં થયું કે આવો હાર જો મને પહેરવાને ન મળે તો મારું




જીવન નકામું છે. જ્યારે અંજનચોર તે વેશ્યાને ઘેર આવ્યો ત્યારે તેણીએ તેને તે રાણીનો હાર ચોરી લાવવા કહ્યું. અંજનચોર પોતાની આંખમાં એક જાતનું અંજન આંજતો જેથી તેને કોઈ જોઈ શકતું નહીં. અંજનચોર તે હાર ચોરી લઈ જતો હતો ત્યારે તે હારના રત્નનો પ્રકાશ ઘણો હોવાથી કોટવાળના જોવામાં આવ્યો તેથી તે તેની પાછળ પડ્યો. અંજને જાણ્યું કે કોટવાળ મારી પાછળ પડ્યો છે તેથી ગલી ગૂંચીમાં થઈ સ્મશાનમાં ચાલ્યો ગયો. ત્યાં સ્મશાનમાં એક બાગનો માળી આકાશગામિની વિદ્યા સાધ્ય કરવા ડરનો માર્યો સીકા ઉપર ચઢ ઊતર કરતો હતો. તેની હિંમત ન ચાલવાથી તેણે બતાવેલ મંત્ર બોલી અંજનચોરે બધી દોરડીઓ એકસાથે કાપી નાખી જેથી



વિદ્યા સિદ્ધ થઈ.

વિદ્યાને, જ્યાં મૂળ મંત્ર આપનાર શેઠ છે ત્યાં લઈ જવા કહ્યું. શેઠ શાશ્વતા સુદર્શનમેરુના ચૈત્યાલયમાં પૂજા કરતા હતા. ત્યાં વિદ્યા તેને લઈ ગઈ. શેઠ



અંજનને ચારણમુનિ પાસે લઈ ગયા. ચારણમુનિનો ઉપદેશ સાંભળી પોતાના દોષો કાઢવાની ભાવના જાગી. તેથી દીક્ષા લઈ સંયમ આરાધી સાત દિવસમાં કેવળજ્ઞાન પામી મોક્ષ પ્રાપ્ત કર્યો.''

દોષ થયા હોય તેનો પશ્ચાત્તાપ કરે તો ફરી ન થાય

''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.''

''દોષ થયા હોય તેનો પશ્ચાત્તાપ કરે તો ફરી ન થાય. સદ્‌ગુરુનો બોધ હોય તો સદ્‌વિચાર આવે, નહીં તો બધું સ્વચ્છંદે છે. પંચકલ્યાણક બોલીએ ત્યારે વિચારવું કે ભગવાનની ભક્તિ થાય છે કે બીજું થાય છે ? ભક્તિ વિચાર સહિત કરવી. બડબડ બોલ્યા ન જવું.'' (બો.૧ પૃ.૨૨૭)

જેમ શ્રી રત્નાકર સૂરિએ પશ્ચાત્તાપ કરી પોતાના દોષો જોયા તે સ્વયં લખેલ 'રત્નાકર પચ્ચીસી'માં જણાવે છે :–

કંચન અને કાંતાનો મોહ દોષો કાઢવામાં બાધક

''મેં ભોગ સારા ચિંતવ્યા, પણ રોગ સમ ચિંત્યા નહીં;
આગમન ઇચ્છ્યું ધનતણું, પણ મરણને પ્રીછ્યું નહીં,



નહિં ચિંતવ્યું મેં નર્ક, કારાગ્રહ સમી છે નારીઓ;
મધુબિંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો.'' ॥૨૦॥

અર્થ :—મેં ભોગોને સુખદાયક માન્યા પણ તે રોગને આપનાર છે એમ વિચાર ન કર્યો. મેં ધનને ભેગું કરવા ઘણો પ્રયત્ન કર્યો પણ મરણ આવી મને લઈ જશે અને આ બધું અહીં જ પડ્યું રહેશે તેનો મને વિચાર પણ ન આવ્યો. મારામાં મોહનો ઉદય હોવાથી મારા માટે સ્ત્રી તે નરકરૂપ કારાગૃહમાં નાખનારી છે એમ પણ મેં કદી ચિંતવ્યું નહીં અને મધુબિંદુ સમાન વિષયસુખ મેળવવાની આશામાં એના ફળમાં ચારગતિમાં કેવા દુઃખો ભોગવવા પડશે તેનો ભય માત્ર હું ભૂલી ગયો અને મોહમાં જ રાચી રહ્યો. હે પ્રભુ! એ મારી કેટલી ગાઢ અજ્ઞાનતા છે.

મોટામાં મોટો દોષ તીવ્ર મુમુક્ષુતા કે મુમુક્ષુતા જ નથી

''જીવના દોષો અનંત છે. રોજ બોલીએ છીએ ''હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'' અનંત પ્રકારના દોષોમાં મોટામાં મોટો દોષ તો તીવ્ર મુમુક્ષુતા નથી કે મુમુક્ષુતા જ નથી એ છે. બધા જીવો ધર્મ પાળે છે. જીવ ગમે તે ધર્મ પાળતો હોય અને માને કે હું મુમુક્ષુ છું, પણ એ મુમુક્ષુતા નથી. મનુષ્યમાત્ર ગમે તે ધર્મને માને છે. દરેકને ધર્મ ગમે છે અને તે પ્રમાણે કરવાની માન્યતા હોય છે, પણ એ મુમુક્ષુતા જ્ઞાનીપુરુષોએ સ્વીકારી નથી. તેનું નામ મુમુક્ષુતા નથી એમ કૃપાળુદેવ કહે છે.'' (બો.૨ પૃ.૬૦)

પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજીને સાનથી ભૂલોની સ્મૃતિ આપી તેનો ઉપકાર એક પત્રમાં પ.પૂ.પ્રભુશ્રીજી જણાવે છે, તે નીચે પ્રમાણે –

પ.પૂ. પ્રભુશ્રીજીની જેમ સત્પુરુષના બોધથી દોષો ખુંચે તો કામ થાય

''હે પ્રભુ મારી ભૂલ ઘણી તે સત્પુરુષની સાનથી બેચાર ભૂલની કોઈ સ્મૃતિ આપી, તે અલ્પ બુદ્ધિથી મારા જોવામાં આવી, તેથી વારંવાર અવસરે યાદ આવો છો; કે હે જીવ - દોષ તો અનંત છે, પણ અહંકારથી તે જોયા નહીં. તે માંહે નાથ આપ તો જાણતા થકી જે આ કેવો બાળક જેવો બિચારો અહંકારમાં ડોલ્યાં કરે છે. તો પણ મુને કદી મોંઢે કહ્યું નહીં. અને દોષને ટાળવાને તમે શરણ થયા.

હે નાથ ધન્ય છે આપની સમતા, ગંભીરપણાને જે મુને કાંઈ કહ્યું નહીં. અને મેં તે ભૂલ દેખી, વિચાર થયો કે વાહ મારા પ્રભુની ધીરજને ધન્ય છે.

હે પ્રભુ માવિત્ર, આ કલેષિત દુષ્ટ આત્માને ધિક્કાર છે કે આ દુષમકાળમાં સત્પુરુષની અમૃતવાણી સાંભળતા હજુ છાતી ભેદાતી નથી. જરા લાજ નથી. કાળનો ભરોસો નથી. વળી જીવ તો જાણે ઘણા કાળનો આગ્રહ કરી રહ્યો છે. હે પ્રભુ સંસારથી વિરક્ત થઈ આપની ભક્તિમાં અહોરાત્રિ રહેવાય એવું શું સાધન હશે તે કૃપા કરી જણાવો.''



'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ'.....

આ સ્તવનમાં શ્રીનયવિજયજી, ભગવાન આગળ જીવના દોષો જણાવે છે :-

"સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી;
નરય નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સા૦૧

ઇન્દ્રિય વશ પડ્યો રે, પાલ્યાં વ્રત નવિ સુંસે,
ત્રસ પણ નવિ ગણ્યા રે, થાવર હણિયા હુંશે;
વ્રત ચિત્ત નવિ ધર્યા રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઈડલું જઈ ખોલ્યું. સા૦૨

ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવિ સંજમ પાળ્યું;
મધુકર તણી પ રે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચે રે, નીરસ પીંડ ઉવેખ્યો. સા૦૩

નરભવ દોહિલો રે, પામી મોહ વશ પડિયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડિયો;
કામ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો. સા૦૪

લક્ષ્મીની લાલચે રે મેં બહુ દીનતા દાખી,
તોપણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલષે રે, તે તો તેહથી નાશે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા૦૫

ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં,
વ્રત નવિ પાળિયાં રે, જેહવાં મૂળથી લીધાં. સા૦૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,
તુમ વિના કોણ દિયે રે, બોધિરયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વીનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦૭ નિત્યક્રમ (પૃ.૨૬૫)



"શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ?" ૨

અર્થ :- "કૃપાળુદેવે ક્ષાયિક સમકિત થયા પછી આ પ્રાર્થના લખી છે. શુદ્ધ ભાવ એ બહુ મોટો ગુણ છે. "વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ." અનંત-કાળથી જીવ શુભાશુભ ભાવ કરતો આવ્યો છે પણ શુદ્ધભાવ આવ્યો નથી. એવો શુદ્ધભાવ આવવા માટે પ્રભુ ભણી દૃષ્ટિ કરીને એનું સ્વરૂપ વિચારવું.

લઘુતા એટલે હલકાપણું - આરંભ પરિગ્રહનો ભાર જેના ઉપર ના હોય તે. દીનતા એટલે "સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે." (૨૫૪) એવું લઘુત્વ અને દીનત્વ હે પ્રભુ મારામાં નથી. તો હે ભગવાન! હું આપ પરમસ્વરૂપને શું કહું?" - પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૬)

'શુદ્ધ ભાવ મુજમાં નથી'.....

હું તો અનંત દોષનું ભાજન છું કેમકે મોટે ભાગે અશુભમાં જ રમું છું. શુભ ભાવ પણ ક્યારેક જ આવે છે. તો શુદ્ધ ભાવ તો ક્યાંથી આવે? અને શુદ્ધ ભાવ વિના મને સર્વ તુજ સ્વરૂપે એટલે સર્વમાં આત્મા જણાતો નથી.

ભાવ ત્રણ પ્રકારના છે. શુભ, અશુભ અને શુદ્ધ ભાવ. શુભ, અશુભભાવથી જીવ સંસારમાં શાતા, અશાતા પામે છે અને શુદ્ધ ભાવથી જીવનો મોક્ષ થાય છે. એવો શુદ્ધ ભાવ તે મારામાં નથી. તે શુદ્ધ ભાવ લાવવા મનને શામાં રોકવું તે પ્રજ્ઞાવબોધના ૪૭માં પાઠમાં જણાવે છે :–

"મનને આધારે તરવાનું કે ડૂબવાનું સમજો રે,
તેથી મનની શુદ્ધિ કરવા સત્પુરુષને ભજજો રે.
વંદું પદ ગુરુ રાજચંદ્રના યોગ અવંચકકારી રે." (પ્ર.પાઠ ૪૭)

અર્થ :– મનને આધારે તરવાનું કે બૂડવાનું છે. મન જો સત્પુરુષના આધારે ચાલે તો સંસાર સમુદ્રથી તરી શકાય છે અને મન જો તેથી વિપરીત ચાલે તો સંસાર સમુદ્રમાં બુડાડી દે એમ છે. બંધ અને મોક્ષનું કારણ મનુષ્યોનું મન જ છે. તેથી મનની શુદ્ધિ કરવા માટે સત્પુરુષના વચનોને સાચાભાવથી ભજજો અર્થાત્ તે પ્રમાણે જ વર્તન કરવાનું રાખજો. તો મન અશુભભાવને તજી શુભભાવમાં રહેતા રહેતા શુદ્ધભાવને પામશે. તે શુદ્ધભાવ જીવને કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષે લઈ જશે. -પ્રજ્ઞાવબોધ વિવેચન ભા.૧ (પૃ.૫૩૫)

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :-

આત્માનો શુદ્ધ સ્વભાવ તે સો ટચના સોના માફક શુદ્ધ છે

"સુખરૂપ આત્માનો ધર્મ છે એમ પ્રતીત થાય છે. તે સોના માફક શુદ્ધ છે." (વ.પૃ.૭૬૬)



આત્માર્થના લક્ષે સદાચરણ સેવી શુદ્ધભાવ પ્રાપ્ત કરવો

''પ્રશ્ન :- જીવે કેમ વર્તવું?

સમાધાન :- સત્સંગને યોગે આત્માનું શુદ્ધપણું પ્રાપ્ત થાય તેમ. પણ સત્સંગનો સદા યોગ નથી મળતો. જીવે યોગ્ય થવા માટે હિંસા કરવી નહીં; સત્ય બોલવું, અદત્ત લેવું નહીં; બ્રહ્મચર્ય પાળવું; પરિગ્રહની મર્યાદા કરવી; રાત્રિભોજન કરવું નહીં એ આદિ સદાચરણ શુદ્ધ અંતઃકરણે કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે; તે પણ જો આત્માને અર્થે લક્ષ રાખી કરવામાં આવતા હોય તો ઉપકારી છે, નહીં તો પુણ્યયોગ પ્રાપ્ત થાય. તેથી મનુષ્યપણું મળે, દેવતાપણું મળે, રાજ્ય મળે, એક ભવનું સુખ મળે, ને પાછું ચાર ગતિમાં રઝળવું થાય; માટે જ્ઞાનીઓએ તપ આદિ જે ક્રિયા આત્માને ઉપકારઅર્થે અહંકારરહિતપણે કરવા કહી છે, તે પરમજ્ઞાની પોતે પણ જગતના ઉપકારને અર્થે નિશ્ચય કરી સેવે છે.'' (વ.પૃ.૭૧૫)

સત્પુરુષના સમાગમથી કે બોધથી આત્મસ્વરૂપ શુદ્ધ થાય

''સત્પુરુષ અને સત્શાસ્ત્ર એ વ્યવહાર કાંઈ કલ્પિત નથી. સદ્‌ગુરુ, સત્શાસ્ત્રરૂપી વ્યવહારથી સ્વરૂપ શુદ્ધ થાય, કેવળ વર્તે, પોતાનું સ્વરૂપ સમજે તે સમકિત. સત્પુરુષનું વચન સાંભળવું દુર્લભ છે, શ્રદ્ધવું દુર્લભ છે, વિચારવું દુર્લભ છે, તો અનુભવવું દુર્લભ હોય તેમાં શી નવાઈ?''

(વ.પૃ.૭૧૪)

'બોધામૃત ભાગ-૧'માંથી :-

શુદ્ધભાવના લક્ષે શુભમાં રહે તે પુણ્યાનુબંધી પુણ્ય અંતે મોક્ષ આપે

''પૂજ્યશ્રી– શુદ્ધભાવ જો ન રહેતો હોય તો શુદ્ધભાવ જ મારે કરવા યોગ્ય છે એવો અંતરમાં લક્ષ રાખીને શુભભાવમાં પ્રવર્તે તો મોડેવહેલે શુદ્ધભાવની પ્રાપ્તિ થાય.

મુમુક્ષુ–શુદ્ધભાવની જીવને ખબર નથી તો લક્ષ કેવી રીતે રહે?

પૂજ્યશ્રી–જ્ઞાની પુરુષના અવલંબને શુદ્ધભાવનો લક્ષ રખાય છે. જ્ઞાનીએ કહ્યું તે સાચું છે, હું તો કંઈ જાણતો નથી, એવો ભાવ રાખે તો શુદ્ધભાવનો લક્ષ રહે છે. શુદ્ધભાવને અર્થે જે શુભભાવ કરવામાં આવે છે તો પુણ્યાનુબંધી પુણ્ય એટલે પરંપરાએ મોક્ષનું કારણ થાય છે; અને જે શુદ્ધભાવના લક્ષ વિનાની ક્રિયા કરવામાં આવે છે તે શુભભાવ નથી પણ શુભક્રિયા છે. તેનું ફળ સંસાર છે.'' (બો.૧ પૃ.૧૨૬)

શુદ્ધભાવ પામેલા પરમકૃપાળુદેવમાં ચિત્ત રાખવું

''શુદ્ધભાવ ન રહેતા હોય ત્યારે શુદ્ધ ભાવ પામેલા પરમકૃપાળુદેવમાં ચિત્ત રાખવું. મરુદેવા કેળના ઝાડમાંથી મનુષ્ય થયા અને મોક્ષે ગયાં. આત્માની અનંત શક્તિઓ છે. આ મનુષ્યભવ મોક્ષની બારી સમાન છે. તેમાં પેસી જાય તો થાય, નહીં તો ફરી એવી બારી મળવી મુશ્કેલ છે. વાસનાથી (અશુભભાવથી) આખું જગત ભરેલું છે. વાસના એ જ દુઃખ છે, માટે આપણે



વાસનાથી બચવું. મનુષ્યભવ ચિંતામણિ સમાન છે. જે ઇચ્છે તે મળી શકે. વાસના ભૂત જેવી છે. જેમ કોઈને ભૂત વળગ્યું હોય ત્યારે ગાંડો બની જાય છે, તેમ વાસનાથી મનુષ્ય ગાંડો બની જાય છે.'' (બો.૧ પૃ.૧૨૫)

'નથી સર્વ તુજ રૂપ'.....

હે પ્રભુ! બધા જીવો મૂળ સ્વરૂપે, તારા જેવા શુદ્ધ સ્વરૂપી હોવા છતાં, 'શુદ્ધભાવ મુજમાં નથી', માટે તેમ જોવાતું નથી. 'અમૂલ્ય તત્વવિચાર' નામના કાવ્યમાં પણ કૃપાળુદેવે જણાવ્યું છે કે -

'સર્વ આત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો'

પ.પૂ.પ્રભુશ્રીજી 'યોગવાસિષ્ઠ' ગ્રંથ વાંચવાથી આ જગત બધું ભ્રમરૂપ છે એમ જોતા. પછી પરમકૃપાળુદેવ મળ્યા ત્યારે કહ્યું કે મુનિ ભ્રમ નહીં પણ બ્રહ્મ જુઓ-આત્મા જુઓ. પછી સર્વમાં આત્મા-પ્રભુ જોતાં થયા. તેથી એમનું નામ પણ 'પ્રભુશ્રીજી' પડી ગયું.

શ્રી તુલસીદાસજીએ પણ એક ગાથા લખી છે કે –

''ચિત્રકૂટકે ઘાટ પર, ભઈ સંતનકી ભીર;
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.''

અર્થ :- ચિત્રકૂટના ઘાટ ઉપર સંતજનોની ભીડ જામી છે. તુલસીદાસજી ચંદન ઘસીને ભક્તોને તિલક કરતી વખતે બધામાં રામ જુએ છે. બધાના હૃદયમાં રામ વસેલા છે.





આવો સાધર્મિક ભાવ આવે તો આપણને પણ બધા મુમુક્ષુઓમાં મારા પ્રભુનો વાસ છે તેથી તે પૂજ્ય છે એમ જણાય. પણ હજુ સુધી તેવો ભાવ આવ્યો નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :-

હે પરમાત્મા સર્વમાં તું છો, બધા તારા જેવા શુદ્ધ આત્મા છે

''સર્વભૂતને વિષે દયા રાખવી અને સર્વને વિષે તું છો એમ હોવાથી દાસત્વભાવ રાખવો એ પરમ ધર્મ સ્ખલિત થઈ ગયો છે. સર્વરૂપે તું સમાન જ રહ્યો છે, માટે ભેદભાવનો ત્યાગ કરવો એ મોટા પુરુષોનું અંતરંગ જ્ઞાન આજે ક્યાંય જોવામાં આવતું નથી.'' (વ.પૃ.૨૪૪)

સર્વમાં શ્રીહરિ જ છે એમ નિશ્ચય કરવો

''પરમ પ્રેમસ્વરૂપ આનંદમૂર્તિ આનંદ જ જેનું સ્વરૂપ છે એવા શ્રીમાન હરિના ચરણકમળની અનન્ય ભક્તિ અમો ઇચ્છીએ છીએ. વારંવાર અને અસંખ્ય પ્રકારે અમોએ વિચાર કર્યો કે શી રીતે અમે સમાધિરૂપ હોઈએ ? તો તે વિચારનો છેવટે નિર્ણય થયો કે સર્વરૂપે એક શ્રી હરિ જ છે એમ તારે નિશ્ચય કરવો જ.'' (વ.પૃ.૨૩૭)

'નથી લઘુતા કે દીનતા'.....

હે પ્રભુ ! મારામાં લઘુતા કે દીનતા નથી. હું તો બધાથી નાનો છું એવું નમ્રપણું મારામાં નથી. પ.પૂ.પ્રભુશ્રીજી કહેતા – **'લઘુતા મેરે મન માની, એ તો ગુરુગમ જ્ઞાન નિશાની'** -શ્રી ચિદાનંદજી

લઘુતા એ તો મારા મનને બહુ ગમેલી છે. કેમકે એ તો ગુરુગમ પામવાની નિશાની છે. લઘુતા એટલે વિનય હોય તો જ ગુરુ જ્ઞાન આપે છે.

'લઘુતામાં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર.'

લઘુતા હોય તો જ આત્માની પ્રભુતા-સિદ્ધિ પ્રાપ્ત થાય. પ્રભુતા એટલે હું મોટો છું એમ માને તો તેનાથી પ્રભુ દૂર રહે. વિનય વગર વિદ્યાગ્રહણ થાય નહીં.

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :-

સત્પુરુષનો દાસ બની તેમની આજ્ઞામાં રહે તો તે પણ તેવો જ થાય

''આત્મા વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.' (વ.પૃ.૧૮૩)

પરમકૃપાળુદેવ સર્વના શિષ્ય થવા ઇચ્છે માટે સાચા સદ્ગુરુ

''આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્ગુરુ થવાને યોગ્ય નથી.''

(વ.પૃ.૧૫૮)



"જગમાં સર્વના શિષ્ય થવા સદ્‌ગુરુ ઇચ્છતા,
રાજચંદ્ર પ્રભુ એવા, તેમને પ્રણમું સદા." -પૂ.શ્રી બ્રહ્મચારીજી

(શ્રી પોપટભાઈ મનજીભાઈ દેસાઈ વવાણિયાવાળાના પ્રસંગમાંથી)

આખા જગતના શિષ્ય થવારૂપ જેની દૃષ્ટિ છે એવા પરમકૃપાળુદેવ

રામદાસજીનો પ્રસંગ :– "એક વખત રામદાસજી નામના જોગી ગામમાં (વવાણિયામાં) અખાડામાં ઊતર્યા હતા, તેઓએ વાત સાંભળી હશે કે આ ગામમાં 'રાયચંદભાઈ' નામના મહાત્મા છે અને ઘણા જ ચમત્કારિક છે. તેથી મારી દુકાન પર આવ્યા અને પૂછ્યું કે અત્રે 'રાયચંદભાઈ' નામના પુરુષ છે કે? મારે મળવાની ઇચ્છા છે. મેં કીધું કે ચાલો. તે જોગીને હું સાહેબજી પાસે લઈ ગયો. સાહેબજી પોતે ગાદી પર બિરાજ્યા હતા. તે પરથી તુરત ઊભા થઈ વિનયપૂર્વક હાથજોડી નમસ્કાર કરી તે જોગીને ગાદી પર બેસાડ્યા અને પોતે એક પડખા પર બેઠા. તે જોગીએ સાહેબજીને કહ્યું કે મારે કેટલાક પ્રશ્નો પૂછવા ઇચ્છા છે. આપકું સબ લોક મહાત્મા તરીકે માને છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે 'કાંઈ નહીં, ફરમાવો. મારી યોગ્યતા પ્રમાણે ખુલાસા કરીશ.'

પછી તે જોગીએ સાહેબજીને અમુક દર્શનવાલે જીવને કર્મનો કર્તા કહતે હૈ ઔર વેદ દર્શનવાલે આ પ્રમાણે કહતે હૈ, વગેરે પ્રશ્નો પૂછ્યા હતા. સાહેબજીએ સર્વ હકીકત સાંભળી જણાવ્યું કે "હવે બીજું કાંઈપણ પૂછવા બાકી રહ્યું છે? હોય તો જણાવો." ત્યારે તે જોગીએ જણાવ્યું કે બીજું નથી. પછી સાહેબજીએ તેમના પ્રથમ પ્રશ્નનો એવો ખુલાસો કર્યો હતો કે જેથી તેમનો તમામ મદ ગળી ગયો. એ પ્રમાણે અનુક્રમે સર્વે પ્રશ્નોનો ખુલાસો કર્યો. જેથી તેઓ ઘણો જ આનંદ પામ્યા અને જોગીજી તુરત જ ગાદી પરથી ઊભા થઈ સાહેબજીના સન્મુખે આવીને બેઠા અને સાહેબજીને જણાવ્યું કે હું તો આપકા દાસ છું. આપકે સન્મુખ બેસવા લાયક છું. મારી ઘણી જ ભૂલ થઈ છે, મારાથી આપશ્રીકી આશાતના થઈ છે જેથી હું ક્ષમા માંગુ છું. એમ કહી એકદમ સાહેબજીના સન્મુખે ઊભા રહી વારંવાર સાષ્ટાંગ નમસ્કાર કરવા લાગ્યા. ત્યારે સાહેબજીએ તેમ કરતાં અટકવા જણાવ્યું, પરંતુ જોગીજી ઘણા જ ઉત્સાહમાં અટક્યા નહીં. લગભગ ત્રણ કલાક બેઠા હતા. બાદ ફરીથી આવ્યા હતા ત્યારે એક કલાક સુધી બેઠા હતા."

(શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૧૪)

કૃપાળુદેવ કહે જ્ઞાની હાજર નહીં તો મુમુક્ષુનો સત્સંગ પણ મહા ભાગ્યરૂપ

"તમો સર્વ મુમુક્ષુજન પ્રત્યે નમ્રપણે યથાયોગ્ય પ્રાપ્ત થાય. નિરંતર જ્ઞાનીપુરુષની સેવાના ઇચ્છાવાન એવા અમે છીએ, તથાપિ આ દુષમ કાળને વિષે તો તેની પ્રાપ્તિ પરમ દુષમ દેખીએ છીએ, અને તેથી જ્ઞાની પુરુષના આશ્રયને વિષે સ્થિર બુદ્ધિ છે જેની એવા મુમુક્ષુજનને વિષે સત્સંગપૂર્વક ભક્તિભાવે રહેવાની પ્રાપ્તિ તે મહા ભાગ્યરૂપ જાણીએ છીએ." (વ.પૃ.૩૬૨)



કૃપાળુદેવની કેટલી અદ્‌ભુત લઘુતા

''અમને પ્રત્યેક મુમુક્ષુઓનું દાસત્વ પ્રિય છે.'' (વ.પૃ.૨૫૯)

મુમુક્ષુજીવને પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે

કોઈપણ જીવને કંઈ પણ પરિશ્રમ દેવો, એ અપરાધ છે અને તેમાં મુમુક્ષુજીવને તેના અર્થ સિવાય પરિશ્રમ દેવો એ જરૂર અપરાધ છે, એવો અમારા ચિત્તનો સ્વભાવ રહે છે. તથાપિ પરિશ્રમનો હેતુ એવા કામનો પ્રસંગ તમને ક્વચિત્ જણાવવાનું થાય છે, જે વિષેના પ્રસંગમાં અમારા પ્રત્યે તમને નિઃશંકતા છે, તથાપિ તમને તેવે પ્રસંગે ક્વચિત્ પરિશ્રમનું કારણ થાય એ અમારા ચિત્તમાં સહન થતું નથી; તોપણ પ્રવર્તીએ છીએ. તે અપરાધ ક્ષમા યોગ્ય છે; અને એવી અમારી કોઈ પ્રવૃત્તિ પ્રત્યે ક્વચિત્ પણ અસ્નેહ ન થાય તેટલો લક્ષ પણ રાખવો ઘટે છે.''

(વ.પૃ.૩૮૯)

મુમુક્ષુ જીવને પરિશ્રમ આપતાં ચિત્તવૃત્તિ સંકોચ પામે છે

''આજે આ પત્ર લખવાનો હેતુ થાય છે તે અમને ચિત્તમાં વિશેષ ખેદ રહે છે, તે છે. ખેદનું કારણ આ વ્યવહારરૂપ પ્રારબ્ધ વર્તે છે, તે કોઈ રીતે છે, કે જેને લીધે મુમુક્ષુ જીવ પ્રત્યે ક્વચિત્ તેવો પરિશ્રમ આપવાનો પ્રસંગ થાય છે. અને તેવો પરિશ્રમ આપતાં અમારી ચિત્તવૃત્તિ સંકોચ પામતી પામતી પ્રારબ્ધ ઉદયે વર્તે છે. તથાપિ તે વિષેનો સંસ્કારિત ખેદ ઘણો વખત સ્ફુરિતપણું પામ્યા કરે છે. (વ.પૃ.૩૮૯)

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીની યોગ્યતા જોઈ તેમને કરેલ અદ્‌ભુત નમસ્કાર

''પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.''

(વ.પૃ.૬૩૪)

આત્મદશાનું સ્મરણ થયું માટે બદલામાં નમસ્કાર

''હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.'' (વ.પૃ.૮૨૪)

પરમાત્મા પરમકૃપાળુદેવ અને ભક્તિમાન ભક્ત શ્રી સોભાગભાઈ

''આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે.'' (વ.પૃ.૨૭૦)

જ્ઞાની ગુરુની ગમે તેવી આજ્ઞા ઉપાસવારૂપ લઘુતા જોઈએ

''ચક્રવર્તી રાજાઓ જેવા પણ નગ્ન થઈ ચાલ્યા ગયા છે! ચક્રવર્તી રાજા હોય, તેણે રાજ્યનો ત્યાગ કરી દીક્ષા લીધી હોય, અને તેની કાંઈ ભૂલ હોય, અને તે ચક્રવર્તી રાજ્યપણાના વખતના



સમયની દાસીનો છોકરો તે ભૂલ ભાંગી શકે તેમ હોય તો તેની પાસે જઈ તેનું કહેવું ગ્રહણ કરવાની આજ્ઞા કરી છે. જો તેને દાસીના છોકરા પાસે જતાં એમ રહે કે, 'મારાથી દાસીના છોકરા પાસે કેમ જવાય?' તો તેને રખડી મરવાનું છે.'' (વ.પૃ.૭૦૨)

'' गुणाः पूजा स्थानं गुणीशुं, न च लिंग न च वयः ''

વ્યક્તિમાં પૂજાનું સ્થાન ગુણ છે. ઉંમર કે લિંગ નથી. ગમે તે ઉંમરનો કે પુરુષ કે સ્ત્રીલિંગ ધારક હોય પણ ગુણો હોય તો પૂજનીય છે; અન્યથા નહીં.

'નથી લઘુતા કે દીનતા'.....

'ઉપદેશામૃત' માંથી - 'લઘુતામાં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર'

''નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ?''

''સૌથી શ્રેષ્ઠ લઘુતા છે. શ્રવણ કરવું જ્ઞાનીનાં વચનનું. તેથી આ જીવને અગાધ નફો આવે છે. માયાના સ્વરૂપમાં સંસારમાં હજારો રૂપિયાનો નફો થાય છે, તેથી આ અધિક છે.'' (ઉ.પૃ. ૧૯૨)

માન કષાયે ભૂંડું કર્યું હવે એને મૂકી પાણીથી પાતળો થઈ જા

''લઘુતા આવે તો પછી કેવું કામ થાય? આ તો માનમાં ને માનમાં રહ્યો, કે આને કંઈ આવડતું નથી, આ કંઈ જાણતો નથી; લાવોને હું વાત કરું. ભૂંડું કરી નાખ્યું છે. સત્સંગની તો બલિહારી છે! આ અવસર આવ્યો છે, ચેતવા જેવું છે. કૂંચી નથી તો તાળાં શી રીતે ઊઘડે? તે આવવું જોઈએ. તેમ ગુરુ વિના જ્ઞાન નથી અને થાય નહીં. બીજે જાઓ, ભલે! ભટકો–તેથી તો તાળાં ભટકાય પણ ઊઘડે નહીં. તે ગુરુ પાસેથી મળશે. હવે ક્યારે લેવાશે?

''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?
પ્રભુ, પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુપાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય?''


માટે લઘુતા જોઈએ. આ જીવને અનંત કાળચક્રથી માન મુકાણું નથી; તે હવે મૂકી દે અને પાણીથી પાતળો થઈ જા. અહંકારથી કરીશ તો તે લેખામાં નહીં આવે. હું સામાયિક કરી આવ્યો, હું અપાસરે ગયો–આમ કર્યું, તેમ કર્યું. અને ત્યાંથી નવરો પડ્યો એટલે પછી બધું બીજું ન કરવાનું કરે! 'નવરો બેઠો નખોદ વાળે.' નખોદ વળ્યું છે અણસમજણથી.'' (ઉ.પૃ.૨૦૧)

હું તો સૌથી નાનો છું એ સાચો ભાવ ટકી રહે તો ખરો ભગવાનનો ભક્ત

સંત એકનાથનું દૃષ્ટાંત :– ''મહારાષ્ટ્રમાં સંત એકનાથ થઈ ગયા. તેમને ગુસ્સો આવે તેના માટે એક માણસે ઉપાય કર્યો.



સંત એકનાથ રોજ મંદિરે ભગવાનની પૂજા કરવા જતા. જ્યારે તે પૂજામાં તલ્લીન બની ગયા, ત્યારે પેલો માણસ આવીને એકદમ તેમના ખભા ઉપર ચઢી બેઠો! પણ એકનાથ તો જરાય ગુસ્સે ન થયા; અને મધુર સ્વરે બોલ્યા : 'આવ, ભાઈ, આવ મને મળવા તો ઘણા લોકો આવે છે, પણ તારા જેટલો પ્રેમ તો કોઈએ બતાવ્યો નથી. તું ભલે આવ્યો.' પેલો માણસ તો બિચારો શરમનો માર્યો અડધો થઈ ગયો અને હાથ જોડી તેમની



પાસે માફી માંગવા લાગ્યો.'' (સંતોની જીવનપ્રસાદી'માંથી)

આવી લઘુતા જોઈએ. પાણીથી પાતળો થવાનું જણાવે છે. પણ હજુ સુધી આ ઉપદેશ આ મૂઢ જીવના હૃદયમાં ઊતરતો નથી.

માનનો શત્રુ વિનય, તે વેરીને પણ વશ કરે

''બધાનો સાર વિનય. વનો વેરીને પણ વશ કરે. દીકરો થઈને ખવાય; બાપ થઈને ન ખવાય. વનાની અને લઘુતાની વાત કરે આત્માર્થી; પહેલાં વિનયને ઘરમાં લાવશે તો કામ થશે. મોટા કરોડપતિમાં પણ વનો હોય તો તેના દાસ છીએ. 'લઘુતા તો મેરે મન માની' (ચિદાનંદજી). માન ન હોય તો અહીં જ મોક્ષ છે. તે મુકાણું તો કામ થયું.



સમાધિસ્થ બાહુબલજીને તેમની બહેનો—બ્રાહ્મી-સુંદરી—એ જંગલમાં જઈને કહ્યું : ''વીરા, ગજથકી હેઠા ઊતરો.'' ત્યાં બાહુબલજી વિચારમાં પડી ગયા અને જાગ્યા કે ખરી વાત છે, અહંકારરૂપી ગજ ઉપર હું બેઠો છું. નાના ભાઈને હું નમવા હવે તો જાઉં એમ વિચારીને ઊઠ્યા કે તરત કેવળજ્ઞાન થયું. આટલા જ માનના અહંકારથી કેવળજ્ઞાન અટક્યું હતું. આ જીવનું માન-અહંકારે ભૂંડું કર્યું છે તે મૂક્યે જ છૂટકો છે.'' (ઉ.પૃ.૨૦૬)

સર્વશાસ્ત્રનો સાર, મોક્ષનો માર્ગ, સમકિતનું કારણ તે વિનય

''સર્વ શાસ્ત્રોનો સાર અને મોક્ષ પામવાનો માર્ગ કે સમકિતનું કારણ એ વિનય છે. વિનયથી પાત્રતા યોગ્યતા આવે છે. ધર્મનું મૂળ વિનય છે. સેવાની ભાવના રાખવી, લઘુતા રાખવી, ગુરુથી અતિ દૂર નહીં તેમ અતિ પાસે નહીં તેમ બેસવું, નીચે આસને બેસવું, આજ્ઞા સિવાય શરીરે પણ અડવું નહીં. એ બધા વિનયના રસ્તા છે. પ્રાયશ્ચિત્ત વડે દોષોની શુદ્ધિ કરવી. ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ તજવાં.'' (ઉ.પૃ.૨૯૫)

ગુરુનો અત્યંત વિનય કરી ગુણ જ જોયા તો કેવળજ્ઞાન પામ્યા

વિનયવાન શિષ્યનું દૃષ્ટાંત — ''એક ગામમાં એક જ્ઞાની મુનિ ઘણા શિષ્યો સાથે પધાર્યા હતા. તે મુનિનો સ્વભાવ ક્રોધી હતો; તે પોતે પણ જાણતા હતા. તેથી ક્રોધનું નિમિત્ત ન બને માટે બધાથી દૂર એક ઝાડ નીચે જઈ બેઠા. બીજા શિષ્યો પણ પોતપોતાનાં આસન પસંદ કરી દિવસ કોઈ કોઈ કાર્યમાં ગાળતા હતા. તે વખતે સાંજના હાથે મીંઢળ બાંધેલો એક યુવાન પરણીને મિત્રો સાથે મુનિનાં દર્શનાર્થે આવ્યો. તેના મિત્રો મશ્કરા હતા. તેમણે એક સાધુ પાસે જઈ કહ્યું, 'મહારાજ, આને સાધુ કરો.' એકવાર-બે વાર કહ્યે તે સાધુ ન બોલ્યા. છતાં તેમણે કહેવું જારી રાખ્યું. એટલે સાધુએ કહ્યું, અમારા કરતાં મોટા પેલા સાધુ છે તેમની પાસે જાઓ. બીજા સાધુ પાસે જઈ તેમણે જણાવ્યું તો તેમણે વળી બીજાને બતાવ્યા. એમ કરતાં છેવટે તેઓ મોટા મુનિ મહારાજ-ગુરુની પાસે ગયા. અને દર્શન કરી તેમણે પેલી વાત વારંવાર કહ્યા કરી. ગુરુ થોડી વાર તો સાંખી રહ્યા પણ ફરી ફરી ખૂબ આગ્રહ કરવાથી તે ક્રોધે ભરાયા. એટલે તેમણે પેલા નવીન પરણેલાને પકડી વાળ ઉપાડી નાખી મુનિ બનાવ્યો. તે સમજી ગયો અને મહારાજે મોટી કૃપા કરી એમ ગણી કંઈ બોલ્યો નહીં. પણ બીજા તો તેનાં માબાપને કહેવા ઘેર દોડી ગયા. તેથી તેણે ગુરુજીને જણાવ્યું કે હવે જો આપણે અહીં રહીશું તો આપને પરિષહ પડશે. માટે અત્યારે અહીંથી વિહાર કરવો ઠીક છે. તેમણે કહ્યું, રાત પડી જશે અને અત્યારે ક્યાં જઈશું? શિષ્ય કહે, આપનાથી વૃદ્ધાવસ્થાને લઈને ન ચલાય તો હું આપને ખભે બેસાડી લઈશ. આમ નક્કી થવાથી બધા પર્વત તરફ ચાલી નીકળ્યા. ગુરુની આંખે ઓછું સૂઝતું તેથી તેમણે કહ્યું, ભાઈ, હવે દેખાતું નથી એટલે તેણે તેમને ખભે લઈ લીધા.

પર્વત ઉપર ચઢવાનું અને ખાડા, પથરા વગેરેને લીધે પગ ખસે કે હેલકારો આવે તેથી ગુરુજી તો તેને ઉપર બેઠા બેઠા લોચ કરેલા માથામાં મારવા લાગ્યા. પણ તે શિષ્યના મનમાં



ગુરુના દોષ ન વસ્યા. ઊલટું તેને એમ લાગ્યું કે હું કેવો અભાગિયો કે મારે લીધે તેમને વિહાર કરવો પડ્યો અને આમ વૃદ્ધાવસ્થામાં તેમને અડચણ પડે છે. ગુરુ તો તેના ઉપર ક્રોધ કરે, કે દેખાતું નથી? કેમ આમ ચાલે છે? વગેરે કહે ત્યારે ખાડાને લીધે પગ ખસી જાય છે કે એવું કહી પોતાનો દોષ કાઢે, પણ ગુરુજી ઉપર અણરાગ ન થયો. પછી વધારે સાચવવા વાંકો વળી નીચે હાથથી તપાસતો ઉપર ધીમે ધીમે ચઢવા લાગ્યો. એવામાં શિષ્યને એ પરિષહ સહન કરતાં કેવળજ્ઞાન થયું. ગુરુને મનમાં થયું, હવે કેમ કંઈ ખાડા પથરાથી હેલ્લા આવતા નથી? તેથી પૂછ્યું, કેમ અલ્યા, હવે કંઈ ભૂલ થતી નથી? જ્ઞાન ઊપજ્યું કે શું? તેણે કહ્યું, આપના પસાયે. ગુરુએ પૂછ્યું, મતિજ્ઞાન ઊપજ્યું? તેણે કહ્યું, આપના પસાયે. ફરી પૂછ્યું, શ્રુતજ્ઞાન ઊપજ્યું? તેણે તે જ ઉત્તર આપ્યો. ફરી પૂછ્યું, અવધિજ્ઞાન ઊપજ્યું? તો કહે, આપના પસાયે. ફરી પૂછ્યું, મનઃપર્યય ઊપજ્યું? તેણે કહ્યું, આપના પસાયે. ગુરુને તો આશ્ચર્ય વધ્યું, ફરી પૂછ્યું, કેવળજ્ઞાન ઊપજ્યું કે શું? તેણે કહ્યું આપના પ્રસાદે. એટલે તો ખભા ઉપરથી ગુરુ ઊતરી પડ્યા અને તેને પગે પડી ક્ષમા માગવા લાગ્યા કે હે ભગવાન! મેં આપને ઘણું દુઃખ દીધું અને પોતાની નિંદા કરવા લાગ્યા ત્યાં તો ગુરુજીને પણ કેવળજ્ઞાન પ્રગટ્યું.'' (ઉ.પૃ.૩૦૫)



મારો આત્મા સિદ્ધ સમાન છે, તેને યાદ કરી નમસ્કાર કરવા

''પ્રભુશ્રી–નમસ્કાર કોને કરો છો?

(૧) મુમુક્ષુ–આત્માને નમસ્કાર કરવાના છે. (૨) મુમુક્ષુ–મેં આત્મા જાણ્યો નથી, સત્પુરુષે જાણ્યો છે માટે તેમનો વિનય કરવા નમસ્કાર કરવા.

પ્રભુશ્રી–વિનય તો અવશ્ય કરવાનો છે. એ દ્વારા જ ધર્મની પ્રાપ્તિ છે. માટે સર્વનો વિનય કરવો. તે અર્થે નમસ્કાર કરાય છે. પરંતુ તેમાં સમજવાનું એ કે મારો આત્મા સિદ્ધ સમાન છે તેને



યાદ કરીને, આગળ કરીને નમસ્કાર કરવા. પછી ગમે તેને નમીએ પરંતુ ઉપયોગ પોતાના શુદ્ધ આત્માને યાદ કરવા તરફ આપવો. આત્મા વડે આત્માને નમસ્કાર કરવા. પ્રથમ પોતાના આત્માને યાદ કરી પછી નમવું. એ સિદ્ધસ્વરૂપ મારો આત્મા તેને મેં જાણ્યો નથી પરંતુ જ્ઞાનીઓએ કહ્યું છે તે મારે માન્ય છે, એમ સ્મરણ અવશ્ય કરવું. નમસ્કારવિધિ પોતાના આત્મસ્વરૂપને યાદ કરવા નિમિત્તે છે.'' (ઉ.પૃ.૪૩૯)

'નથી લઘુતા કે દીનતા'.....

પ્રથમ લઘુતા આવે તો આત્મપ્રભુતા પ્રગટે

''લઘુતાથી પ્રભુતા આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે અમારું નામ લઘુ પાડ્યું તે સારું છે. બધાથી નાના થઈને બેઠા છીએ.'' (બો.૧ પૃ.૬૭૫)

'બધાનો યથાયોગ્ય વિનય કરવો'

''પૂજ્યશ્રી– વિનય એ ધર્મનું મૂળ છે. બધાનો યથાયોગ્ય વિનય કરવો. વિનય એક વશીકરણ મંત્ર છે.'' (બો.૧ પૃ.૭૩)

કૃપાળુદેવને માને તેના અમે દાસના પણ દાસ છીએ

''પ્રભુશ્રીજી કહેતા કે અમે તો કૃપાળુદેવને માનતા હોય તેના દાસના દાસ છીએ.''

(બો.૨ પૃ.૬૨)

નમ્યો તે પરમેશ્વરને ગમ્યો

''(૪) વિનય એ શોભા છે. નમ્રભાવ એ મોટું આભૂષણ છે. બે પક્ષમાંથી એક પક્ષ નમતું આપે તો ઝટ પાર આવે. નમ્યો તે પ્રભુને ગમ્યો.'' (બો.૨ પૃ.૧૧)

લઘુ અને નમ્ર બનવાનો દૃષ્ટાંતથી ઉપદેશ

ચીનના એક મહાત્માનું દૃષ્ટાંત :–''ચીન દેશના એક મહાત્માને તેના શિષ્યે પૂછ્યું : ''ગુરુજી આપ નમ્રતા વિષે મને કંઈક કહો!'' નમ્રતા એટલે શું?



જવાબમાં મહાત્માએ પોતાનું મોં ઉઘાડી જીભ બતાવીને બોલ્યા - ''હજી મારી આ જીભ મારા મોંમા સાબૂત છે?'' શિષ્યે કહ્યું : હાજી છે. ગુરુ કહે - તો પછી મારા બધાં દાંત પણ સાજા છે? શિષ્યે કહ્યું - નાજી, આપના મોંમા એકેય દાંત રહ્યો નથી. એટલે મહાત્મા બોલ્યા - ''બેટા, જીભ નરમ છે માટે તે હજી ટકી રહી



છે, જ્યારે દાંત પોતાના કઠણપણાને લીધે એકબીજાને અથડાઈને નાશ પામ્યા છે. માટે નમ્ર થવું, પણ કઠણ ન થવું, સમજાયું? શિષ્યે હુંકારમાં માથુ ધુણાવ્યું કે હાજી સમજાયું.'' (સંતોની જીવનપ્રસાદીમાંથી)

લઘુતા કે નમ્રતા જીવનમાં આવે તો તે વ્યક્તિ બધાને પ્રિય લાગે છે. પણ વાણીમાં કે વર્તનમાં કઠોરતા હોય તો તે કોઈને ગમતો નથી. માટે સદૈવ લઘુ અને નમ્ર થવું. પણ હે પ્રભુ! મારામાં હજી સુધી તેવી લઘુતા કે દીનતા અર્થાત્ નમ્રતા આવી નથી.

'ખરી રીતે લઘુતા આવે ત્યાંથી જ ધર્મ પ્રગટે'

''માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય, જાતાં સદ્‌ગુરુ-શરણમાં અલ્પ પ્રયાસે જાય.'' જ્ઞાનીપુરુષ ઓળખાય તો એમ થાય કે એમનામાં માન નથી. તેથી દૈન્યત્વ આવે, માન ન થાય. સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ અને હું અધમાધમ છું એવી ભાવના પરમ દૈન્યપણું હોય તેને થાય છે. એ પરમ દૈન્યપણું અટક્યું છે, ટકતું નથી, ત્યાં સુધી યોગ્યતા આવતી નથી. ખરી રીતે લઘુતા આવે ત્યાંથી જ ધર્મ પ્રગટે છે. સત્પુરુષનું માહાત્મ્ય સમજાય ત્યારે જ લઘુતા આવે છે. 'दासोऽहं' થાય છે, તેથી માન રહેતું નથી. પછી સમજાય કે 'सोऽहं.' '' (બો.૨ પૃ.૬૨)

ક્યાં સિદ્ધ ભગવાન અને ક્યાં હું અનંતદોષનું પાત્ર

''સિદ્ધ સાથે સરખાવતાં અનંત દોષનું ભાજન છે. એમ વારંવાર વિચારી લઘુતા ધારણ કરવી. શું કરવાથી મારા આત્માનું કલ્યાણ થાય? તેનો વિચાર કરવો. પુણ્યને લઈને કંઈ મળ્યું હોય અને અભિમાન થતું હોય તો ઝટ તે અભિમાન કાઢી નાખવું, જેમ કાંટો કાઢી નાખે તેમ.''

(બો.૨ પૃ.૭)

હું મોટો છું, હું ડાહ્યો છું એમ કરી કોઈ મોક્ષે ગયા નથી

''માન જાય તો વિનય આવે. વિનય ગુણ આવે તો બધું પ્રાપ્ત થાય છે. માનથી ફૂલી ગયો છે. હું જ મોટો ને બાકી બધા નાના એમ માને છે. વિનય આવે તો બીજાના ગુણો દેખાય. મોટામાં મોટો દોષ માન. હું જાણું છું, હું ડાહ્યો છું એમ માને તેથી અટકી પડે છે. હું ડાહ્યો છું એમ કરી કોઈ મોક્ષે ગયા નથી. જે લઘુ એટલે નાનો થાય તે જ મોક્ષની બારીમાં પેસી શકે. પોતાની પામરતા સમજે તો સદ્‌ગુરુના ગુણોનું માહાત્મ્ય સમજાય અને તેમના પ્રત્યે ઉલ્લાસભાવ ભક્તિ પ્રગટે ત્યારે જ્ઞાન થાય.'' (બો.૩)

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી પરમકૃપાળુદેવ કરતાં ૧૪ વર્ષ ઉંમરમાં મોટા છે અને સાધુપુરુષ છે છતાં પોતાના ગુરુ પ્રત્યે કેવી લઘુતા છે તેનો પુરાવો તેમના પત્ર દ્વારા જાણવા મળે છે :–

''શ્રી સૂર્યપુર નિવાસી અલ્પજ્ઞ પામર બાળકના પુનઃ પુનઃ નમસ્કાર સ્વીકારશોજી. આપની પવિત્ર સેવામાંથી એક પ્રેમરસ સહિત અમૃતધારાવાળું વચનામૃતોનું ભરેલું એક કાર્ડ આપના દીન કિંકર શિષ્યને મળ્યું જેથી આ અતૃપ્તિ આતમા તેનું પાન કરવાથી અતિ આનંદ સાથે દર્શનના



લાભ જેવા સંતોષને પામ્યો છે. હે નાથ એવી જ કૃપાથી વળી આ દાસી કિંકર ઉપર પત્ર લખવા કૃપા કરશો.'' આવી લઘુતા કે દીનતા આવશે ત્યારે આત્માનું કલ્યાણ થશે.

'શું કહું પરમસ્વરૂપ ?'.....

હે પરમસ્વરૂપ એટલે ઉત્કૃષ્ટ સહજાત્મસ્વરૂપને પામેલા પરમકૃપાળુ પરમાત્મા! હું આપને વિશેષ શું કહું? આપ તો મારા બધા દોષો જાણો છો. છતાં મારા દોષોનો પશ્ચાત્તાપ કરવા માટે અને આત્માના મૂળભુત ગુણો પ્રગટાવવા માટે આપની સમક્ષ હું ભક્તિપૂર્વક પ્રાર્થના કરું છું તે સફળ થાઓ, સફળ થાઓ.

''નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં.'' ૩

અર્થ :– ''ઉપર કહેલું પરમસ્વરૂપ શાથી સમજાય? તો કહે, સદ્‌ગુરુની આજ્ઞાથી. એવા સદ્‌ગુરુની આજ્ઞા મેં મારા હૃદયમાં અચળપણે ધારણ કરી નહીં.

સદ્‌ગુરુની આજ્ઞા રાગદ્વેષ ન કરવા તે છે. આવી આજ્ઞા ધારણ ક્યારે થાય? તો કે પ્રભુ પ્રત્યે આદર ને વિશ્વાસભાવ આવે ત્યારે. એવો આપ પ્રભુ પ્રત્યે આદર અને વિશ્વાસભાવ પણ મારામાં નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૬)

'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'.....

'आणाए धम्मो आणाए तवो ।'

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ.' -આચારાંગ સૂત્ર

''जिणाणाय कुणंताणं सव्वंपि मोक्खकारणं
सुन्दरंपि सबुद्धिअे सव्वं भवणिबंधणं''

ભાવાર્થ :- જિનેશ્વરની આજ્ઞાનુસાર જે જે કરવામાં આવે છે તે સર્વે મોક્ષના કારણરૂપ છે. તે સિવાય અન્ય સુંદર દેખાતું છતાં પણ પોતાની બુદ્ધિએ સ્વમતિ કલ્પનાએ જે જે કરવામાં આવે છે તે સર્વ સંસાર વધારનાર છે. -શ્રી સદ્‌ગુરુ પ્રસાદ (પૃ.૧)

''દાન તપ શીલવ્રત નાથ આણા વિના, થઈ બાધક કરે ભવ ઉપાધિ.''

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી -

આત્માર્થીએ સંપૂર્ણપણે જ્ઞાનીની આજ્ઞામાં રહેવું

''સદ્‌ગુરુની આજ્ઞા વિના આત્માર્થી જીવના શ્વાસોચ્છ્વાસ સિવાય બીજું ન ચાલે એવી જિનની આજ્ઞા છે.'' (વ.પૃ.૬૮૮)



'જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ.'

''જ્ઞાનીને ઓળખો; ઓળખીને એઓની આજ્ઞા આરાધો. જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ થાય છે.'' (વ.પૃ.૬૬૯)

(શ્રી મોતીલાલ ભાવસાર નડિયાદના પ્રસંગમાંથી)

અમે સત્પુરુષ છીએ તેમ તમોએ શાથી જાણ્યું?

શ્રી મોતીભાઈનો પ્રસંગ :– ''એક દિવસ ફરવા જતાં મને સાથે આવવાની આજ્ઞા થઈ. રસ્તે ચાલતાં સાહેબજીએ મને જણાવ્યું કે ''તમો અમારી પાછળ શા માટે ફરો છો?''

મેં કીધું કે કલ્યાણની ઇચ્છાએ. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે ''તમે કેમ જાણ્યું કે અમો તમારું કલ્યાણ કરીશું?'' મેં કીધું કે મને અનુભવ થયો છે કે આપ સત્પુરુષ છો. જેથી મારું કલ્યાણ થશે



એમ મને ચોક્કસ ખાતરી છે. સાહેબજીએ જણાવ્યું કે ''અમો સત્પુરુષ છીએ તેમ તમોએ શાથી જાણ્યું?'' મેં કીધું કે તેનો અનુભવ મને સારી રીતે થયો છે તેથી જાણું છું. સાહેબજીએ જણાવ્યું કે ''શા અનુભવથી જાણો છો?'' મેં કીધું આપશ્રીની દરેક ક્રિયા જમતી વખતે, પાણી પીતાં, હાલતાં-ચાલતાં, બેસતા-ઊઠતાં વિરક્તપણે થાય છે તેવું મારા સમજવામાં ચોક્કસ રીતે આવ્યું છે; તેથી ઓળખાણ થયું છે.



સાહેબજીએ જણાવ્યું કે ''બીજો તેમ કરશે તો?'' ત્યારે મેં કહ્યું કે બીજાથી તેમ કૃત્રિમ થઈ શકે નહીં. સાહેબજીએ ફરીથી જણાવ્યું કે ''એવી તમોને ક્યાંથી ખાતરી થઈ કે તમો સત્પુરુષને બરોબર ઓળખો છો?'' ત્યારે મેં જણાવ્યું કે સાહેબજી, આપશ્રીના સમાગમમાં આવીને મારા મનને એવી ઇચ્છા કે લાલચ નથી થઈ કે હું ખાવાપીવાના સુખની સામગ્રી કે પૈસા વગેરે મેળવી સંસાર-વ્યવહારમાં સુખી થાઉં, તો પછી આપશ્રીની પૂંઠે અમો ચાલતા હોઈશું તે શાને માટે? તેથી મને ચોક્કસ ખાતરી થઈ છે કે આપશ્રી સત્પુરુષ છો અને આપશ્રીના આશ્રયે આવવાથી જરૂર કલ્યાણ થશે જ, એવું મારું દૃઢપણે માનવું છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૯૦)

જ્ઞાનીપુરુષે બતાવેલી આજ્ઞા આરાધી તો કલ્યાણ

ચિલાતીપુત્રનું દૃષ્ટાંત :– ''ચિલાતીપુત્ર હાથમાં શેઠપુત્રીનું મસ્તક લઈને રુધિરથી વ્યાપ્ત શરીરવાળો છતાં ઉતાવળથી માર્ગ કાપતો હતો, તેવામાં તેણે કાયોત્સર્ગે રહેલા એવા એક શાંત મુદ્રાવંત મુનિને દીઠા; મુનિને જોઈને તે બોલ્યો 'હે મુનિશ્વર! જલ્દી ધર્મ કહો, નહીં તો હું આ સ્ત્રીના મસ્તકની પેઠે તમારું મસ્તક પણ છેદી નાખીશ.''





મુનિએ જોયું કે, પાત્ર અનુકૂળ છે, તેથી તે 'ઉપશમ-વિવેક-સંવર' એ પ્રમાણે એ ત્રણ પદનું ઉચ્ચારણ કરીને આકાશમાર્ગે ચાલ્યા ગયા.

આ ચોર ચિલાતીપુત્રે વિચાર્યું "આ મુનિએ આકાશગામિની વિદ્યાનું ઉચ્ચારણ કર્યું કે કંઈ મંત્રાક્ષર કહ્યા? કે ધર્મમંત્ર કહ્યો? એમ ચિંતવન કરી મુનિની જગ્યાએ ઊભો રહી તે ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદનું ધ્યાન ધરવા લાગ્યો.



ઉપશમ એટલે ક્રોધની ઉપશાંતિ, ક્રોધનો ત્યાગ. વળી વિવેક એટલે કરવા યોગ્ય કૃત્ય હોય તેનો અંગીકાર અને ન કરવા યોગ્ય હોય તેનો પરિત્યાગ કરવો એ વિવેક. એવા વિવેકને અંગીકાર કર્યો. પાંચઇન્દ્રિયમાં જતી વૃત્તિને રોકવી, એનું નામ સંવર. એ અર્થ સમજીને તેણે સંવર પણ આદર્યો. આમ તે ચોર ત્રણ શબ્દનું ધ્યાન ધરતો ત્યાં કાયોત્સર્ગે રહ્યો. શરીર તેનું રુધિરથી ખરડાયેલું હતું, તેથી કીડીઓએ આવીને તેનું સર્વ શરીર ચાલણી જેવું કરી મૂક્યું. તે સર્વ વેદના તેણે સમભાવે સહન કરીને અઢી દિવસમાં તે સ્વર્ગગતિને પામ્યો."

-ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર (પૃ.૧૬૮)

જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે તો લાભ જ થાય. એ વેપાર લાભનો જ છે.

કેવળજ્ઞાન સુધી જ્ઞાનીની આજ્ઞાનું આરાધન પરમ હિતકારી

"ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે." (વ.પૃ. ૬૩૮)



મોક્ષ થવા માટે આત્મા જેને પ્રગટ છે એવા જ્ઞાનીની આજ્ઞા આરાધવી

''જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.....

અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.'' (વ.પૃ.૨૬૨) ''અનંતકાળથી જીવ રખડે છે, છતાં તેનો મોક્ષ થયો નહીં. જ્યારે જ્ઞાનીએ એક અંતર્મુહૂર્તમાં મુક્તપણું બતાવ્યું છે.

જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે.'' (વ.પૃ.૭૬૬)

નિઃશંકતાથી જ્ઞાનીની આજ્ઞા આરાધે તેની સર્વ વાસના ક્ષય થાય

''કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.'' (વ.પૃ.૨૪૬)

'શીલોપદેશમાળા' માંથી :-

પ્રાણ જતાં પણ આજ્ઞાનો ભંગ કરું નહીં

હે ભગવાન! તેં જે જે આજ્ઞા કરી હોય તે હું ન તોડું, વંકચૂલની જેમ. વંકચૂલે પોતાના પ્રાણ જતા કર્યા પણ જ્ઞાનીપુરુષે જે આજ્ઞા આપી હતી તેનો ભંગ કર્યો નહીં.

વંકચૂલનું દૃષ્ટાંત :– ''વંકચૂલ રાજાનો કુંવર હતો. પણ વ્યસનોમાં પડવાથી રાજાએ કુંવરને દેશનિકાલ આપ્યો. કારણ કે 'વૈરી, વ્યાધિ, અગ્નિ, વાદ અને વ્યસન એ વૃદ્ધિ પામે તો મહા અનર્થના કરનાર થાય છે.' તે પોતાની પત્ની અને બહેનને સાથે લઈ નીકળી પડ્યો. જંગલમાં ભીલોનો રાજા થયો. ત્યાં મુનિઓ વિહાર કરતા કરતા આવી ચઢ્યા. મુનિઓએ કુંવરને કહ્યું – વર્ષાઋતુ નજીક આવી ગઈ છે તેથી અમે વિહાર કરી શકીએ એમ નથી. માટે અમને રહેવા માટે સ્થાન આપો. ત્યારે વંકચૂલે કહ્યું–રહેવા માટે સ્થાન આપું પણ તમારે અહીં ઉપદેશ આપવો નહીં. મુનિએ આ વાત કબુલ કરી. ચોમાસું પુરુ થયે મુનિઓ વિહાર કરી જતા હતા ત્યારે વંકચૂલ પણ વળાવવા આવ્યો. તે વખતે મુનિએ કહ્યું – તું કંઈ નિયમ લે. તેણે કહ્યું શું નિયમ લેવો? મુનિએ કહ્યું આ ચાર નિયમ લે. એક તો અજાણ્યું ફળ ખાવું નહીં. બીજું કોઈને ઘા કરે તો સાત ડગલાં પાછાં વળીને ઘા કરવો. ત્રીજું રાજાની રાણીનું સેવન ન કરવું અને ચોથું કાગડાના માંસનો ત્યાગ કરવો. પ્રાણ જાય તો પણ આ નિયમ તોડીશ નહીં. તે ચારેય નિયમ કુંવરે અંગીકાર કર્યા.



એક દિવસ વંકચૂલ ઘણા ભીલો સાથે જંગલમાં આવ્યો. ત્યાં એક ઝાડ ઉપર સુંદર ફળો જોઈ તોડી લાવી વંકચૂલ આગળ મૂક્યા. ત્યારે તેણે કહ્યું શેના ફળ છે? ભીલોએ કહ્યું : અમને ખબર નથી. ત્યારે વંકચૂલે અજાણ્યા ફળ ખાવાની ના પાડી. પણ બીજા બધાએ ખાધા તેથી બધા મરી ગયા.




વંકચૂલ ઘરે આવી જોતાં પોતાની બહેન પુરુષના કપડાં પહેરી પોતાની સ્ત્રી સાથે સૂતેલી જોઈ, કોઈ પરપુરુષ છે એમ જાણી તેને મારવાનો વિચાર કર્યો. તે વખતે ગુરુની આજ્ઞા યાદ આવી. તે ગુરુની આજ્ઞા પ્રમાણે સાત ડગલાં પાછા હઠી ઘા કરતાં તલવાર દિવાલે અથડાઈ અને બહેન જાગી ગઈ અને બોલી કોણ? ભાઈ તમે? આમ નિયમના કારણે આ બીજું અનર્થ થતાં અટક્યું. તેથી ગુરુના વચન ઉપર વિશેષ શ્રદ્ધા આવી.






એક વખત રાજાના મહેલમાં ચોરી કરવા જતાં બારીમાં જેવો હાથ નાખ્યો કે રાણીના હાથને જ લાગ્યો. રાણી તેના ઉપર મોહિત થઈ ગઈ અને પોતાની સાથે દુર્વ્યવહાર કરવા જણાવ્યું.



વંકચૂળે કહ્યું તમે કોણ છો? રાણીએ કહ્યું – હું રાજાની રાણી છું. ત્યારે તેણે કહ્યું - તમે તો મારી માતા સમાન છો. વંકચૂલ નહીં માનવાથી રાણીએ બૂમાબૂમ કરી તેને પકડાવ્યો.

રાજા રાત્રિની બધી હકીકત જાણતો હતો. છતાં સભામધ્યે વંકચૂલને કહ્યું : તું મારી રાણીને લઈ જા. ત્યારે તેણે કહ્યું : એ તો મારી માતા સમાન છે. હું લઈ જઈશ નહીં. રાજાએ ફાંસીની સજા આપી તો પણ ડર્યો નહીં. મંત્રી ફાંસી ઉપર ચઢાવવા લઈ ગયો. રાજાએ અંદરથી ફાંસી નહીં આપવાની ભલામણ કરી હતી. આવી વંકચૂલની દૃઢતા જોઈ



રાજાએ તેને યુવરાજપદ આપ્યું. પછી ચંદ્રયશાસૂરિ પધાર્યા ત્યારે તેમનો ઉપદેશ સાંભળી શ્રાવકના વ્રત અંગીકાર કર્યાં.

અંત સમયે લડાઈમાં ઘણા ઘા વાગ્યા. તેની રૂઝ માટે બીજા ઔષધ કારગત ન લાગવાથી કાગડાના માંસની વૈદ્યે ભલામણ કરી. ત્યારે વંકચૂલ કહે-મારું મૃત્યુ ભલે થાય. હું ગુરુ આજ્ઞાનો ભંગ કદી કરીશ નહીં. પછી



સમાધિપૂર્વક દેહ ત્યાગી બારમા દેવલોકમાં બાવીસ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી અનુક્રમે સિદ્ધિપદને પામશે.'' આમ મૃત્યુને સ્વીકારું પણ ગુરુ આજ્ઞાનો ભંગ કદી કરું નહીં.''

જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય

''જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યા છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વ કાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધ્યું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'' (વ.પૃ.૪૧૧)

એક વરસાદથી ઘણી વનસ્પતિ ઊગે તેમ એક આજ્ઞાથી અનેક ગુણ પ્રગટે

''જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે. માટે તેમાં ન્યૂનાધિક કે મોટા નાનાની કલ્પના કરવી નહીં. તેમજ તે વાતનો આગ્રહ કરી ઝઘડો કરવો નહીં. જ્ઞાની કહે તે જ કલ્યાણનો હેતુ છે એમ સમજાય તો સ્વચ્છંદ મટે. આ જ યથાર્થ જ્ઞાની છે માટે તે કહે તે જ પ્રમાણે કરવું. બીજા કોઈ વિકલ્પ કરવા નહીં.

જગતમાં ભ્રાંતિ રાખવી નહીં, એમાં કાંઈ જ નથી. આ વાત જ્ઞાની પુરુષો ઘણા જ અનુભવથી વાણી દ્વારા કહે છે. જીવે વિચારવું કે 'મારી બુદ્ધિ જાડી છે, મારાથી સમજાતું નથી. જ્ઞાની કહે છે તે વાક્ય સાચાં છે, યથાર્થ છે.' એમ સમજે તો સહેજે દોષ ઘટે.

જેમ એક વરસાદથી ઘણી વનસ્પતિ ઊગી નીકળે છે, તેમ જ્ઞાનીની એક પણ આજ્ઞા આરાધતાં ઘણા ગુણો પ્રગટે છે.'' (વ.પૃ.૬૯૬)



સ્વચ્છંદ ટાળવો હોય તો જ્ઞાનીની આજ્ઞા આરાધવી

''જીવને બે મોટા બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી, સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.'' (વ.પૃ.૨૬૧)

એકલાં પુસ્તકથી જ્ઞાન નહીં પણ ગુરુથી જ્ઞાન થાય

''ઉપદેશજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે છે. એકલાં પુસ્તકથી જ્ઞાન થાય નહીં. પુસ્તકથી જ્ઞાન થતું હોય તો પુસ્તકનો મોક્ષ થાય! સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવું, એમાં ભૂલી જવાય તો પુસ્તક અવલંબનભૂત છે. ચૈતન્યપણું ગોખે તો ચૈતન્યપણું પ્રાપ્ત થાય, ચૈતન્યપણું અનુભવગોચર થાય. સદ્‌ગુરુનું વચન શ્રવણ કરે, મનન કરે ને આત્મામાં પરિણમાવે તો કલ્યાણ થાય.'' (વ.પૃ.૭૧૪)

સદ્‌ગુરુની આજ્ઞા આરાધે તેને હજુ પણ શાંતિનો માર્ગ પ્રાપ્ત થાય

''દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્તે છે, તોપણ અડગ નિશ્ચયથી, સત્પુરુષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી જે પુરુષો અગુપ્તવીર્યથી સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્રને ઉપાસવા ઇચ્છે છે, તેને પરમ શાંતિનો માર્ગ હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.'' (વ.પૃ.૬૨૦)

સદ્‌ગુરુની આજ્ઞા આરાધે તો બધી વાસનાનો નાશ થાય

''સદ્‌ગુરુની આજ્ઞામાં બધાં સાધનો સમાઈ ગયાં. જે જીવો તરવાના કામી હોય છે તેની બધી વાસનાનો નાશ થાય છે. જેમ કોઈ સો પચાસ ગાઉ વેગળો હોય, તો બેચાર દિવસે પણ ઘર ભેગો થાય, પણ લાખો ગાઉ વેગળો હોય તે એકદમ ઘર ભેગો ક્યાંથી થાય? તેમ આ જીવ કલ્યાણમાર્ગથી થોડો વેગળો હોય, તો તો કોઈક દિવસ કલ્યાણ પામે, પણ જ્યાં સાવ ઊંધે રસ્તે હોય ત્યાં ક્યાંથી પાર પામે?'' (વ.પૃ.૭૧૯)

અજ્ઞાનીથી નહીં, પણ જ્ઞાનીની આજ્ઞાથી કામ, ક્રોધાદિ ઘટે

''અજ્ઞાની પોતે દરિદ્રી છે. જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે છે. જ્ઞાની તેના વૈદ્ય છે. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો મોક્ષ થાય. જ્ઞાની જે જે વ્રત આપે તે તે ઠેઠ લઈ જઈ પાર ઉતારનારા છે. સમકિત આવ્યા પછી આત્મા સમાધિ પામશે, કેમકે સાચો થયો છે.'' (વ.પૃ.૬૯૯)

જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જે ક્રિયા કરે તો અપ્રમત્ત ઉપયોગ થાય

''જ્ઞાનીની આજ્ઞારૂપ જે જે ક્રિયા છે તે તે ક્રિયામાં તથારૂપપણે પ્રવર્તાય તો તે અપ્રમત્ત ઉપયોગ થવાનું મુખ્ય સાધન છે.'' (વ.પૃ.૬૦૨)



સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તે તો પાપથી વિરમી સંસારસમુદ્ર તરી જાય

''સદ્‌ગુરુ ઉપદિષ્ટ યથોક્ત સંયમને પાળતાં એટલે સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તતાં પાપથકી વિરમવું થાય છે, અને અભેદ્ય એવા સંસારસમુદ્રનું તરવું થાય છે.'' (વ.પૃ.૭૪૯)

આજ્ઞામાં જ એકતાન થયા વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ

''આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે. એકતાન થવું પણ બહુ જ અસુલભ છે. એને માટે તમે શું ઉપાય કરશો? અથવા ધાર્યો છે? અધિક શું? અત્યારે આટલુંય ઘણું છે.'' (વ.પૃ.૨૩૦)

સાચા પુરુષ તો તે કે જેને દેહ પરથી મમત્વ ગયું છે, જ્ઞાન પ્રાપ્ત થયું છે

''જીવ ખોટા સંગથી અને અસદ્‌ગુરુથી અનાદિકાળથી રખડ્યો છે; માટે સાચા પુરુષને ઓળખવા. સાચા પુરુષ કેવા છે? સાચા પુરુષ તો તે કે જેને દેહ પરથી મમત્વ ગયું છે; જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તે તો પોતાના દોષ ઘટે; અને કષાયાદિ મોળા પડે; પરિણામે સમ્યક્‌ત્વ થાય.'' (વ.પૃ.૭૨૭)

જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પાંચ સમિતિપૂર્વક વર્તવું

''જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે.'' (વ.પૃ.૫૯૬)

જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉપાસવાથી જીવનું શીઘ્ર કલ્યાણ

''ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.'' (વ.પૃ.૬૩૭)

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મનમોહન મેરે;
શિષ્ટ કહે તે પ્રમાણ; રે મનમોહન મેરે.'' -નિત્યક્રમ (પૃ.૫૩)

અર્થ : જગતમાં શાસ્ત્રો ઘણા છે અને જીવની બુદ્ધિ થોડી જ છે. માટે મનને મોહ પમાડનારા એવાં પ્રભુ જે કહે તેને જ પ્રમાણભૂત માનવું. તો જીવનું શિવભૂતિમુનિની જેમ શીઘ્ર કલ્યાણ થાય.

જ્ઞાનીપુરુષની એક આજ્ઞા પણ દૃઢતાથી પાળતા જીવનો મોક્ષ

શિવભૂતિમુનિનું દૃષ્ટાંત :– ''શિવભૂતિ નામનો કોઈ નિકટભવી પરમ વૈરાગ્યવાન જીવ ગુરુ પાસે દીક્ષા પામી મહાન તપશ્ચર્યા કરવા લાગ્યો. પરંતુ ગુરુ પાસે શાસ્ત્ર ભણવા જેટલો કે



ભણે તો ધારણા કરવા જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તેને નહોતો. તેથી ગુરુએ તેને 'મા રુષ' મા તુષ' એટલા શબ્દો જ ભણાવ્યા. આ શબ્દો તે ગોખવા લાગ્યો. ગોખતાં ગોખતાં તે પણ શુદ્ધ ન રહ્યા પણ 'માષ તુષ' એટલું જ યાદ રહ્યું, તે ગોખવા લાગ્યો. કોઈવાર એક સ્ત્રીને સૂપડા વડે અડદને ઉપણતાં જોઈ તેને પૂછ્યું કે તું શું કરે છે? બાઈએ કહ્યું, ''માષ તુષ ભિન્ન કરું છું.'' એટલે અડદ અને છોડા જુદા કરું છું. આ સાંભળી તેના ચિત્તમાં એમ અર્થ સ્ફૂર્યો કે માષ એટલે અડદ અને તુષ એટલે છોડાં જેમ ભિન્ન છે, તેમ સારરૂપ આત્મા અને અસાર એવું શરીર બન્ને ભિન્ન ભિન્ન છે. એવા ભાવ સહિત 'માષ તુષ ભિન્ન' ગોખતાં તેને આત્માનો અનુભવ થવા લાગ્યો અને તે આત્મભાવનાની એકાગ્રતામાં, આત્મામાં તલ્લીન થઈ જતાં, ઘાતી કર્મનો નાશ કરી કેવળજ્ઞાનને પામ્યો.'' (અષ્ટપ્રાભૃત પૃ.૮૯)

એમ જ્ઞાનીપુરુષની એકેક આજ્ઞા જીવ આરાધે તો ઘણા શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.

જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બાળોભોળો જીવ સ્ત્રીના પ્રસંગમાં ન જ જાય

''જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા એવા ભદ્રિક મુમુક્ષુ જીવને 'બ્રહ્મચર્ય પાળવું એટલે સ્ત્રીઆદિકના પ્રસંગમાં ન જવું' એવી આજ્ઞા ગુરુએ કરી હોય તો તે વચન પર દૃઢ વિશ્વાસ કરીને તે તે સ્થાનકે ન જાય; ત્યારે જેને માત્ર આધ્યાત્મિક શાસ્ત્રાદિક વાંચી મુમુક્ષુતા થઈ હોય, તેને એમ અહંકાર રહ્યા કરે કે, 'એમાં તે શું જીતવું છે?' આવી ઘેલછાના કારણથી તે તેવા સ્ત્રીઆદિકના પ્રસંગમાં જાય. કદાચ તે પ્રસંગથી એક વાર, બે વાર બચે, પણ પછી તે પદાર્થ પ્રત્યે દૃષ્ટિ દેતાં 'આ ઠીક છે' એમ કરતાં કરતાં તેને તેમાં આનંદ થાય, અને તેથી સ્ત્રીઓ સેવે. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બાળોભોળો જીવ તો વર્તે; એટલે તે બીજા વિકલ્પો નહીં કરતાં તેવાં પ્રસંગમાં ન જ જાય. આ પ્રકારે જે જીવને 'આ સ્થાનકે જવું યોગ્ય નથી' એવાં જે જ્ઞાનીના વચનો તેનો દૃઢ વિશ્વાસ છે તે બ્રહ્મચર્યવ્રતમાં રહી શકે છે, અર્થાત્ તે આ અકાર્યમાં પ્રવૃત્ત ન થાય. ત્યારે જ્ઞાનીના આજ્ઞાંકિત નથી એવા માત્ર આધ્યાત્મિક શાસ્ત્રો વાંચી થયેલા મુમુક્ષુઓ અહંકારમાં ફર્યા કરે, અને માન્યા કરે કે એમાં શું જીતવું છે? આવી માન્યતાને લઈને આ જીવ પડી જાય છે, અને આગળ વધી શકે નહીં.'' (વ.પૃ.૬૮૫)

તપશ્ચર્યા સ્વચ્છંદથી ન કરવી પણ આજ્ઞાથી કરવી

''જે જે વખતે તપશ્ચર્યા કરવી તે તે વખતે સ્વચ્છંદથી ન કરવી; અહંકારથી ન કરવી; લોકોને લીધે ન કરવી; જીવે જે કાંઈ કરવું તે સ્વચ્છંદે ન કરવું. 'હું ડાહ્યો છું' એવું માન રાખવું તે કયા ભવને માટે? 'હું ડાહ્યો નથી' એવું સમજ્યા તે મોક્ષે ગયા છે. મુખ્યમાં મુખ્ય વિઘ્ન સ્વચ્છંદ છે. જેનો દુરાગ્રહ છેદાયો તે લોકોને પણ પ્રિય થાય છે; દુરાગ્રહ મૂક્યો હોય તો બીજાને પણ પ્રિય થાય છે; માટે કદાગ્રહ મુકાયાથી બધાં ફળ થવાં સંભવે છે.'' (વ.પૃ.૬૯૪)



જ્ઞાનીની આજ્ઞાથી જીવ ગમે તે કરે તો પણ તે મોક્ષમાર્ગમાં છે

''જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ કેવા અનુક્રમે કરવાં તે કહેતાં એક પછી એક પ્રશ્ન ઊઠે; અને તેનો કેમે પાર આવે તેમ નથી. પણ જો જ્ઞાનીની આજ્ઞાથી તે જીવ ગમે તેમ (જ્ઞાનીએ બતાવ્યા પ્રમાણે) વર્તે તોપણ તે મોક્ષના માર્ગમાં છે.''

(વ.પૃ.૭૭૧)

જ્ઞાની, મોક્ષનો શાંત માર્ગ બતાવે તેથી કંઈ પાપ થાય નહીં

''અમારી આજ્ઞાએ વર્તતાં જો પાપ લાગે તો તે અમે અમારે શિરે ઓઢી લઈએ છીએ; કારણકે જેમ રસ્તા ઉપર કાંટા પડ્યા હોય તે કોઈને વાગશે એમ જાણી માર્ગે ચાલતાં ત્યાંથી ઉપાડી લઈ કોઈને જ્યાં ન લાગે તેવી બીજી એકાંત જગ્યાએ કોઈ મૂકે તો કાંઈ તેણે રાજ્યનો ગુનો કર્યો કહેવાય નહીં; તેમ રાજા તેનો દંડ કરે નહીં; તેમ મોક્ષનો શાંત માર્ગ બતાવતાં પાપ કેમ સંભવે? જ્ઞાનીની આજ્ઞાએ ચાલતાં જ્ઞાનીગુરુએ ક્રિયાઆશ્રયી યોગ્યતાનુસાર કોઈને કાંઈ બતાવ્યું હોય અને કોઈને કાંઈ બતાવ્યું હોય તેથી મોક્ષ(શાંતિ)નો માર્ગ અટકતો નથી.'' (વ.પૃ.૭૭૧)

'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'.....

બોધ સાંભળી, શ્રદ્ધી તે પ્રમાણે વર્તવાનો ભાવ થાય તે આજ્ઞા

''આજ્ઞા એટલે શું?

સત્પુરુષ ઉપર એવી શ્રદ્ધા કે તે કહે છે તે સાચું છે, તેના ઉપર પ્રેમ થાય, તેના વચનનું શ્રવણ થાય; તે સાંભળીને સાચું માને, તે પ્રમાણે વર્તવાનો ભાવ થાય; એ પ્રમાણે ભાવનું પલટવું તે આજ્ઞા છે.'' (ઉ.પૃ.૩૩૮)

જ્ઞાનીની આજ્ઞાથી પાંચ દશ મિનિટ પણ આત્માને માટે ગાળવી

''આજ્ઞાથી જે જે સાધન મળ્યાં છે તે મોક્ષ આપનાર થશે. સામાયિક લૌકિક રીતે ભલેને હજારો કરો; પણ જ્ઞાનીની આજ્ઞાથી તો પાંચ-દશ મિનિટ પણ આત્માને માટે ગળાય તે દીવો કરશે.'' (ઉ.પૃ.૩૬૦)

(બ્ર.શ્રી મગનભાઈ લક્ષ્મીદાસ પટેલ, સુણાવના પ્રસંગમાંથી)

આજ્ઞા ચઢે કે સેવા ચઢે

શ્રી ભાઈલાલભાઈનો પ્રસંગ :– ''રાત્રે બધા પ્રભુશ્રીજીના પગ-હાથ દાબે ત્યારે ભાઈલાલ-ભાઈ પાસે બેઠેલા હોય તે પણ સેવા કરવા જાય ત્યારે ના પાડે. ભાઈલાલભાઈથી રહેવાય નહીં. એટલે ફરી ફરીને જાય, પણ ના પાડી દે. પછીથી એકવાર રૂમમાં બધા બેઠા હતા ત્યારે પ્રભુશ્રીજીએ બધાને પ્રશ્ન કર્યો કે 'સેવા ચઢે કે આજ્ઞા ચઢે' ત્યારે સેવા કરવાવાળાએ કહ્યું કે સેવા. પણ પ્રભુશ્રીજીએ જણાવ્યું કે 'આજ્ઞા ચઢે'. આજ્ઞામાં સેવા આવી જાય છે.''

-શ્રી. લ. જીવન દર્શન (પૃ.૧૩૬)



ગુરુદેવ સહજાત્મસ્વરૂપ રાજચંદ્રજી કૃપાળુદેવ છે, તેમની આજ્ઞા

''આજ્ઞાએ ધર્મ– કૃપાળુદેવની આજ્ઞા. પરમકૃપાળુદેવનું શરણું છે. તે માન્ય છે. સૌ સંપે મળીને રહેજો.

મતમતાંતર, ભેદાભેદ, પક્ષપાત નથી. વાત છે માન્યાની. કૃપાળુદેવે મને કહ્યું છે એ વગર વાત નથી. ગુરુદેવ સહજાત્મસ્વરૂપ રાજચંદ્રજી કૃપાળુદેવ છે. આત્મા છે, જેમ છે તેમ છે. આત્મા કોને કહીએ? જ્ઞાનીએ આત્મા જોયો છે. એમણે જેને જણાવ્યો છે તે માન્ય કરવો, એ વગર નહીં.'' (ઉ.પૃ.૪૦૪)

મહાત્માનું દૃષ્ટાંત :– ''એક મહાત્મા હતા. તેની પાસે કોઈ ભોજન લઈને આવ્યો. ત્યારે મહાત્મા કહે કે કૂતરાને નાખી દે. ત્યારે તે કહે કે આપ પ્રથમ આરોગો. તેથી મહાત્માએ કહ્યું કે ચાલ્યો જા, તારું કામ નથી. એમ જે આજ્ઞા-આરાધનને બદલે પોતાનું ડહાપણ કરે તે કામ ન આવે.'' (ઉ.પૃ.૪૩૫)

ગૌતમસ્વામીએ મહાવીરપ્રભુને, તેમ પ્રભુશ્રીજીએ કૃપાળુદેવને ગુરુ મનાવ્યા

શ્રી ગૌતમસ્વામીનું દૃષ્ટાંત :– ''ગૌતમસ્વામીએ પંદરસો તાપસોને જ્ઞાન પમાડ્યું ત્યારે ગૌતમસ્વામીને ગુરુ માનવા લાગ્યા. પણ ગૌતમસ્વામી તેમને મહાવીર પ્રભુ પાસે લઈ ગયા અને તેમને જ માનવા કહ્યું. એમ જે સત્પુરુષ ઉપકારી છે તેમના કહેવાનો આશય સમજવો અને આજ્ઞા આરાધવી; કારણ કે આ જીવની સમજણ અલ્પ છે. તેથી પોતાની મતિ-કલ્પના ન દોડાવતાં સત્પુરુષ જે સાચા છે અને જેમના પર શ્રદ્ધા છે તે કહે તેમ માનવું અને કહે તેમ કરવું.''

(ઉ.પૃ.૪૩૫)

જ્ઞાનીની આજ્ઞા આરાધતા જીવનો તત્કાળ મોક્ષ

''શ્રેણિક રાજા શિકારે ગયા હતા. ત્યાં મુનિનો સમાગમ થવાથી જ્ઞાન પામ્યા. ગજસુકુમારને એક હજાર ભવ જેટલાં કર્મ હતાં. તે ભગવાન નેમિનાથના સમાગમે મળેલી આજ્ઞા આરાધતાં નિર્જરા થઈ નાશ પામ્યાં અને તત્કાળ મોક્ષે ગયા. તેથી માર્ગ પ્રાપ્ત થવામાં તો જીવની યોગ્યતા, પુરુષાર્થ મુખ્ય છે. તે હોય તો પૂર્વ પુણ્યના ઉદયે જ્ઞાની તો જ્ઞાન આપવા તૈયાર છે. તારી વારે વાર! પરંતુ પાત્રતા, ભાજન વગર શું આપે? પોતાનું આગળનું ગ્રહણ કરેલું, માનેલું જે મિથ્યાત્વ છે તે મૂકી દે અને હું કંઈ જ જાણતો નથી એમ સમજે તો બોધ યથાર્થ પરિણમે; પણ મલિન વાસણમાં વિપરીત પરિણમે.'' (ઉ.પૃ.૪૩૫)

કૃપાળુદેવે અમને આજ્ઞા કરેલી કે બાહ્ય દેખાય ત્યાં પણ આત્મા જ જોવો

''આત્મા તો સર્વ પાસે છે; પરંતુ તે બહાર જોઈ રહ્યો છે. હું વાણિયો, બ્રાહ્મણ, સ્ત્રી વગેરે છું અને ઘર વગેરે દેખાય છે તે મારું છે એમ માની પરિણમી રહ્યો છે. જ્યારે અંતરાત્મા થાય ત્યારે બાહ્ય વસ્તુઓથી પોતાને ભિન્ન માને તથા દેખે. કૃપાળુદેવે અમને કહેલું કે બાહ્ય દેખાય છે



ત્યાં પણ આત્મા જ જોવો. એટલે ઘર, શરીર, આકાશ વગેરે જે જોવાય છે તે આત્માના જ્ઞાન ગુણે કરીને જોવાય છે.જો આત્મા ન હોય તો હાથ નીચેથી ઊંચો ન થઈ શકે. બધી સત્તા છે તે આત્માની જ છે. આત્મા તો છે જ, પરંતુ જે નાશવંત છે તેમાં હુંપણું, મારાપણું કરે છે તે મૂકી દેવું. અને મારું સ્વરૂપ જ્ઞાનીએ જોયું તેવું છે એમ શ્રદ્ધા કરવી.'' (ઉ.પૃ.૪૩૫)

પરમકૃપાળુદેવે જે આજ્ઞા નાની મોટી કરી, તે જ ઉપાસવા યોગ્ય

''અમને જે જે આજ્ઞા તે પરમકૃપાળુદેવે કરી છે તે આજ્ઞા મારે પણ હો! એ ભાવના પણ રાખવી યોગ્ય છેજી. પરમકૃપાળુદેવે જીવાત્માની કર્મપ્રકૃતિ કુશળ વૈદની પેરે દેખી જેને જે આજ્ઞા નાની મોટી કરી છે તો તેણે તે જ આજ્ઞા તનમનથી ઉઠાવવી કર્તવ્ય છેજી. આગળ ઉપર આ ભવમાં અગર પરભવમાં મોટી આજ્ઞા તેને અવશ્ય તેવા જ્ઞાનીથી અથવા તે જ જ્ઞાનીથી મળી આવશેજી.'' (ઉ.પૃ.૫૦)

'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'.....

'બોધામૃત ભાગ-૧,૨,૩' માંથી' :–

મંત્રની આજ્ઞા મળી, તેનો જાપ કરવાથી કર્મ જાય

''જેને જ્ઞાનીપુરુષનો યોગ થયો છે તેને ફિકર નથી. જ્ઞાની જાણે છે તે મારે જાણવું છે, એવી ભાવના રાખવી. પ્રભુશ્રીજીને મંત્ર મળ્યો ત્યારે તેની રાતદિવસ ધૂન લગાવી. પછી કૃપાળુદેવને પૂછ્યું કે કેમ કંઈ દેખાતું નથી? કૃપાળુદેવે કહ્યું કે કર્યા જવું અને દેખવા કરવાની ઇચ્છા પણ ન કરવી. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે મારે જાણવો છે અને આજ્ઞા મળી તેનો પુરુષાર્થ કરવો. મંત્ર મળ્યો છે તેનો જાપ કરવો. એથી કર્મ જાય છે.'' (બો.૧ પૃ.૪૯૨)

આજ્ઞાની અપૂર્વતા લાગે તો જીવને સમ્યગ્દર્શન થાય

''નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં.''

''આજ્ઞા એટલી બધી અચળ કરી મૂકવી કે એના વિના ગમે જ નહીં, પણ જીવને અપૂર્વતા નથી લાગતી. અપૂર્વતા લાગે તો સમ્યગ્દર્શન થાય. રોજ ખાય છે, પીએ છે તોય જાણે કોઈ દિવસ ખાધું જ નથી એમ થાય છે. જ્યાં સુધી ભાન હોય, શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય ત્યાં સુધી સ્મરણ મૂકવું નહીં. એ થાય ક્યારે? અપૂર્વતા લાગે ત્યારે. (બો.૧ પૃ.૬૭૮)

દરેક કામ કરતાં સંભારવું કે આમાં જ્ઞાનીની આજ્ઞા છે?

''પૂજ્યશ્રી–જે થોડીક પણ આજ્ઞા મળી હોય તેને દરેક કામ કરતાં સંભારે કે હું એ કામ કરું છું એમાં જ્ઞાનીની આજ્ઞા છે કે નહીં? અને આજ્ઞાને આરાધવાનો બહુ પ્રયત્ન કરે. તે માટે ભક્તિ એ સર્વોત્કૃષ્ટ સાધન છે. ''આણાએ ધમ્મો આણાએ તવો'' સ્વચ્છંદને રોકવો એ મોટું તપ છે.''

(બો.૧ પૃ.૧૩૨)



જેમને આત્મા પ્રાપ્ત છે એવા પ્રત્યક્ષ સત્પુરુષ કૃપાળુદેવની આજ્ઞા

"કલ્યાણ શાથી થાય? પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાથી. એમાં રુચિ થશે ત્યારે કલ્યાણ થશે. એને ગરજ, રુચિ જાગે તો કલ્યાણ થાય. માર્ગ જુદો છે. કૃપાળુદેવ આત્મજ્ઞાની પુરુષ છે. એમની આજ્ઞાથી આત્મજ્ઞાન થાય એવું છે. કોઈ સાચી વસ્તુનું અવલંબન મળે તો કામ થાય....મહાપુરુષનું એક વચન લઈને ઘસી નાખ્યું તો કામ થયું. હવે સાચું જ કરવું છે. નવરા પડીએ કે સ્મરણ, વાચન, વિચાર કરવાનું રાખવું." (બો.૧ પૃ.૫૨૭)

જ્ઞાનીની આજ્ઞાથી મંત્ર મળ્યો, તેમાં રહેવાય તેટલું આત્મામાં જ રહેવાય

પૂજ્યશ્રી– "જેમ સ્વચ્છંદ રોકાશે તેમ આગળ વધાશે. બધી વસ્તુઓ છોડી એક પર આવવું. બધા વિકલ્પો છોડી 'હું કંઈ જાણતો નથી', એવું કરવું. જ્ઞાની જાણે છે. એની આજ્ઞા મળી તો બીજા વિકલ્પો ન કરવા. "आणाए धम्मो आणाए तवो" (આચારાંગ). સાચી વસ્તુ મળી તો બીજા વિકલ્પો ન કરવા. 'મંત્ર' છે તે આત્મા જ મળ્યો છે, એમ માનવું. બીજા વિકલ્પો ન કરવા. જેટલું મંત્રમાં રહેવાય તેટલું આત્મામાં જ રહેવાય છે. જડ, ચેતન એને જ્ઞાની જાણે છે. જ્યારે આવરણ ખસશે ત્યારે સમજાશે. ડાહ્યા થવું નથી. વધારે ડાહ્યો વધારે ખરડાય. મંત્ર મળ્યો છે તે આખા જીવનનું ભાતું છે. મંત્ર મળ્યો છે તેથી હવે દેહ છૂટી જાય તોય કંઈ વાંધો નથી."

(બો.૧ પૃ.૪૫૨)

પહેલાના વખતમાં પ્રાણ જાય તો પણ આજ્ઞા ન તોડે એવા જીવો હતા

"સહજાનંદસ્વામી થયા તે વખતના જીવોને વિષે આજ્ઞાની વૃત્તિ હતી. પ્રાણ જાય તો પણ આજ્ઞાને ગૌણ ન કરે એવા જીવો હતા. પરમાર્થની ઇચ્છા જીવોને ઓછી થતી જાય છે.

પહેલાંના સમયમાં ચક્રવર્તી જેવાને રાજ્ય છોડવાનું કહેતા તો છોડી દેતા. તેથી ઉપદેશ પણ એવો કરતા. જ્ઞાનીપુરુષ જીવની વૃત્તિ જોઈને ઉપદેશ કરે છે. પહેલાં તો બધા ધર્મ સાંભળવા આવતા ત્યારે આચાર્ય પ્રથમ તો સાધુપણાની વાત કરતા કે છૂટવું હોય તો આ મુનિપણું છે. એમ સર્વસંગપરિત્યાગની વાત કરે. પહેલાં જો શ્રાવકપણાની વાત કરે તો ગૃહસ્થધર્મનાં વ્રતો લઈ જીવ સંતોષ માને. તેથી આચાર્યને શિક્ષા થતી (પ્રાયશ્ચિત્ત લેવું પડતું). જો સામા જીવને મુનિપણું પાળવાની શક્તિ ન હોય તો શ્રાવકપણાનું વર્ણન કરે.

પહેલાં તો બધાંના આયુષ્ય લાંબા હતાં અને જીવોને ગરજ પણ હતી. કેટલાંય શાસ્ત્રો મોઢે કરતા. બધાંય શાસ્ત્રો મોઢે રાખતા. પણ જેમ જેમ કાળ પડતો આવ્યો તેમ તેમ ભુલાતું ગયું. તેથી પછી શાસ્ત્રો લખાયાં." (બો.૨ પૃ.૧૦૨)

સાધન કરતાં આત્માને ભૂલી ગયો તો એ સાધન રમકડાં જેવા

"જ્ઞાનીની આજ્ઞાએ મોક્ષ છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે ખીલી ખીલી કરવાનું કહ્યું હોય તે મુમુક્ષુ કરે તો પણ એનો મોક્ષ થાય. માહાત્મ્ય તો જ્ઞાનીની આજ્ઞાનું છે. સાચા પુરુષની આજ્ઞાનો



આરાધક હોય તો બે ઘડીમાં ય કેવળજ્ઞાન થાય. કોઈ સાધનનો આપણે નિષેધ નથી. સાધન કરવાં, પણ આત્માને ભૂલી ગયો તો એ સાધન રમકડાં જેવાં છે.'' (બો.૨ પૃ.૧૪૫)

જ્ઞાનીની આજ્ઞામાં એકતાન થવાનું છે, તે ધર્મધ્યાન છે

''જ્ઞાનીની આજ્ઞાથી કલ્યાણ છે. મને પરમાર્થપ્રાપ્તિ થઈ છે એમ માનતા હો તો તપાસવું કે મારી વૃત્તિ પરમાત્મામાં એકતાન છે કે નહીં? જ્ઞાનીની આજ્ઞામાં એકતાન થવાનું છે.

''પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય.''

એવી લય લાગે ત્યારે જ્ઞાનીની આજ્ઞા વિસરાય નહીં. એવું થયું હોય તો પરમાત્મામાં એકતાન છે એમ જાણવું. જ્ઞાનીની આજ્ઞામાં એકતાનતા છે, તે ધર્મધ્યાન છે.'' (બો.૨ પૃ.૨૯)

જેણે આત્મા જાણ્યો છે એવા કૃપાળુદેવની આજ્ઞા આરાધવી

''જ્ઞાનીની આજ્ઞા સિવાય કલ્યાણ થાય એવું નથી. જગતમાં તો જ્ઞાનીની આજ્ઞા ક્યાંય હોય નહીં. આ કાળમાં એવો યોગ થયો છે, પણ દુર્લભ છે. અનેક નવલકથાઓ, છાપાંઓ વગેરે નીકળે છે. સત્શાસ્ત્ર તો મહાભાગ્યે જ પ્રાપ્ત થાય એવું થયું છે. અસદ્‌ગુરુ એને અવળે રસ્તે લઈ જાય. જેણે આત્મા જાણ્યો છે એવા કૃપાળુદેવ સિવાય ક્યાંય ચિત્ત રાખવું નથી, રાખે તો આવરણ થાય. આ જ્ઞાની, આ જ્ઞાની એમ ન કરવું. જે વચનોથી જીવ જાગતો થાય, તે વચનોથી પણ જીવને જાગૃતિ થતી નથી! મોહમાં ને મોહમાં ફરે છે. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે, એની આજ્ઞા આરાધવી.'' (બો.૨ પૃ.૧૨૭)

પરમકૃપાળુદેવે આત્મસ્વરૂપ પ્રગટ કરી અનુભવ્યું માટે પ્રત્યક્ષ જ્ઞાની

''(૧) પ્રશ્ન–''મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.'' (૨૦૦) પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા કોને કહેવી? અને અમારે વિષે તે શી રીતે સંભવે?

ઉત્તર–જેણે આત્મસ્વરૂપ પ્રગટ કરી અનુભવ્યું છે તે પ્રત્યક્ષ જ્ઞાની છે. પરમકૃપાળુદેવે પ્રગટ આત્મસ્વરૂપ અનુભવ્યું છે, આત્મસ્વરૂપ થયા છે, પોતે દેહધારી છે કે કેમ તે તેમને માંડ માંડ વિચાર કરે ત્યારે યાદ આવતું; તેવા પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા પ.પૂ.પ્રભુશ્રીજીને પ્રાપ્ત થઈ; તેમણે પોતાને જે આજ્ઞાથી લાભ થયો તે આ કાળમાં અન્ય યોગ્ય જીવોને પ્રાપ્ત થાય તે અર્થે તેમની પાસે આવ્યા તેમને તે (પ્રત્યક્ષ પુરુષની) આજ્ઞા જણાવી અને પોતે ન હોય ત્યારે યોગ્ય જીવોને જણાવવા અંત વખતે મને આજ્ઞા કરી. તે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા તમને પ્રાપ્ત થઈ છે, તો શ્રદ્ધાપૂર્વક આરાધવા, અપ્રમત્તપણે આરાધવા ભલામણ છેજી.'' (બો.૩ પૃ.૭૭૭)

જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન કરવું એ જ ધર્મ

'' 'જ્ઞાનીની આજ્ઞાને વિચારવી.' (૪૬૦) એ વિષે પૂછ્યું, તે વિષે જણાવવાનું કે ''આણાએ ધમ્મો'' ''આજ્ઞાનું આરાધન એ જ ધર્મ'' એમ શાસ્ત્રો પોકારીને કહે છે, તો મને તેવી આજ્ઞા



ક્યારે મળે? આજ્ઞા ઉઠાવવાથી અવશ્ય કલ્યાણ થાય તેમ છે એવું હૃદયમાં ક્યારે નિરંતર રહ્યા કરે? આજ્ઞા ઉઠાવાતી નથી તેટલો વખત કલ્યાણ થતું નથી એવી સ્મૃતિ રહેવાથી પણ વૈરાગ્ય ઉદાસીનતા અન્ય કાર્યોમાં રહેવી ઘટે, તે થાય છે કે નહીં? શાને જ્ઞાનીપુરુષો આજ્ઞા કહે છે? શા અર્થે કરે છે? આજ્ઞા પ્રાપ્ત થતાં જીવને કેટલો સત્પુરુષનો ઉપકાર સમજાવો જોઈએ? 'તેની નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષ તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!'' (બો.૩ પૃ.૩૧૦)

'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'.....

જ્ઞાનીપુરુષની આજ્ઞાના ત્રણ પ્રકાર

''(૧) જ્ઞાનીપુરુષના સ્વમુખે જે આજ્ઞા જીવને મળે છે તે એક પ્રકાર છે. (૨) પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષે જેને આજ્ઞા કરી હોય તેની મારફત જીવને આજ્ઞા પ્રાપ્ત થાય, અને (૩) ત્રીજો પ્રકાર - પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ મારફતે પ્રાપ્ત થયેલી આજ્ઞા કોઈ જીવ આરાધતો હોય તેની પાસેથી તેનું માહાત્મ્ય સમજી તે આજ્ઞા-આરાધકની પેઠે જે જીવ, જ્ઞાનીની આજ્ઞા છે એમ જાણી, હિતકર માની આરાધે છે. આ ત્રણે પ્રકાર જ્ઞાનીની આજ્ઞા આરાધવા અર્થે છે અને ત્રણેથી કલ્યાણ થાય છેજી.

પહેલા ભેદનું દૃષ્ટાંત–શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીર પાસેથી રૂબરૂમાં ધર્મ પામ્યા.

બીજા ભેદનું દૃષ્ટાંત–ભગવાન મહાવીરના નિર્વાણને દિવસે શ્રી ગૌતમસ્વામીને ભગવાને કહ્યું કે અમુક બ્રાહ્મણને તમે આ પ્રકારે ધર્મ સંભળાવજો.

ત્રીજા ભેદનું વણાગનટવરનું દૃષ્ટાંત–લચ્છી અને મલ્લી નામના ક્ષત્રિયો (કૌરવ-પાંડવો જેવા)ના યુદ્ધમાં (મહાવીર સ્વામીના સમયમાં) ચેડા મહારાજાના પક્ષમાં એક વણાગનટવર નામનો શ્રાવક રાજા ભક્તિવાળો હતો. તેને મોટા રાજા–ચેડા મહારાજાનો હુકમ થવાથી યુદ્ધમાં ઊતરવાનું હતું. તે બે ઉપવાસ કરી એક દિવસ પારણું કરે અને ફરી બે ઉપવાસ કરે એવી તપસ્યા કરતો હતો. પારણાને દિવસે હુકમ મળ્યો એટલે તેણે વિચાર્યું કે પારણું કરીને પાપ કરવા જવા કરતાં ત્રીજો ઉપવાસ આજે કરું. એ વિચાર તેણે ગુરુ આગળ જણાવ્યો, એટલે ગુરુએ તેને ઉપવાસની સંમતિ આપી અને જણાવ્યું કે યુદ્ધમાં એમ લાગે કે હવે દેહ વિશેષ ટકે તેમ નથી. ત્યારે સારથિને કહીને રથ એકાંતમાં હંકાવી નીચે ઊતરી જમીન ઉપર સ્વસ્થ સૂઈને મંત્રનું આરાધન-ભક્તિ કરવી. તે વાત તેનો સારથિ પણ સાંભળતો હતો. તેણે પણ વિચાર્યું કે તે રાજા કરે એમ મારે પણ આખર વખતે કરવું. પછી યુદ્ધમાં ગયા.

સામે લડવા આવેલાએ પ્રથમ ઘા કરવા કહ્યું ત્યારે એણે ના પાડી કે હું તો માત્ર બચાવ કરવાનો છું. તેથી પેલા માણસે તો શૂરવીરપણું બતાવવા ખાતર પાંચ બાણ રાજાને, પાંચ સારથિને અને પાંચ પાંચ બાણ ઘોડાઓને માર્યાં, પણ રાજા બચાવ કરી શક્યો નહીં; અને મરણ



પમાડે તેવાં તે બાણ જાણી તેણે સારથિને રથ એક બાજુ નદી તરફ લઈ જવા કહ્યું. તેણે તે પ્રકારે કર્યું. ત્યાં જઈને ઊતરીને ઘોડાનાં બાણ કાઢી નાખ્યાં, તો તે પ્રાણરહિત થયાં. તેવી જ પોતાની દશા થશે એમ જાણી નદીની રેતીમાં તે રાજા સૂઈ ગયો. સારથિએ પણ તે કરે તેમ કરવા માંડ્યું. પછી તે રાજાએ હાથ જોડી પ્રાર્થના શરૂ કરી. તે દાસને પ્રાર્થના આવડતી નહોતી, પણ એવા ભાવ કર્યા કે હે ભગવાન! હું કંઈ જાણતો નથી, પણ આ રાજા જ્ઞાનીનું કહેલું કંઈ કરે છે અને તેવું જ મારે પણ કરવું છે; પણ મને આવડતું નથી, પણ તેને હો તે મને હો. એવી ભાવના તે કરવા લાગ્યો. પછી તેણે બાણ પોતાની છાતીમાંથી ખેંચી કાઢ્યા તેમ તે દાસે પણ કર્યું અને બન્નેના દેહ છૂટી ગયા. રાજા દેવલોકમાં ગયો અને દાસનું પુણ્ય તેટલું નહોતું તેથી વિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થયો. ત્યાં તેને જ્ઞાની મળ્યા અને મોક્ષમાર્ગ આરાધી તે મુક્ત થયો. હજી તે રાજા તો દેવલોકમાં છે. આમ ભાવના કરવાથી જીવનું કલ્યાણ થાય છે, પણ જ્ઞાનીએ જાણ્યો છે તે આત્મા છે તે અર્થે કરવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'' (બો.૩ પૃ.૫૦૦)

સ્વચ્છંદે જીવ પ્રવર્તે છે તેથી સદ્‌ગુરુની આજ્ઞામાં રહેવું અઘરું પડે

''બળદને જેમ ચીલો કાપવો આકરો પડે છે તેમ સ્વચ્છંદે જીવ પ્રવર્તી રહ્યો છે તેને સદ્‌ગુરુની આજ્ઞારૂપ નાથ અઘરી પડે છે, પણ તે વિના જીવ અનાથ અને અશરણ છે; અને તે અનાથપણું ટાળવા અનાથી મુનિ સરખા આત્મજ્ઞાન પામેલા સદ્‌ગુરુનું શરણું અને બોધ શ્રેણિક મહારાજા જેવાને પણ ગ્રહણ કરવાં પડ્યાં હતાં અને તેવા પુરુષના યોગે જ જીવને પોતાની ભૂલ સમજાય છે. એ અનાદિ ભૂલ ટાળવા માટે પરમકૃપાળુદેવે દરરોજ સ્મરણ કરવા યોગ્ય ક્ષમાપનાના પાઠની આજ્ઞારૂપ ઉત્તમ સાધન આપ્યું છે. તેનો વિચારપૂર્વક રોજ પાઠ થાય તો જીવને પોતાના દોષો દેખી તે દોષો ટાળવાની ભાવના કરવાનું તે ઉત્તમ નિમિત્ત છે.'' (બો.૩ પૃ.૫૨)

'સત્પુરુષની આજ્ઞા વિનાની ક્રિયા તે ધર્મનું કારણ નથી'

તત્ ૐ સત્

''પરમ ઉપકારી અહો! રાજચંદ્ર ગુરુદેવ,
મોક્ષ થતાં સુધી રહો, આપ પ્રભુની સેવ.

વિ.શુભેચ્છાસંપન્ન સાધ્વીજી.....નો પત્ર મળ્યો. તેમાં તમારા સમાગમથી તેમને સમાધિ-મરણના સાધનની જિજ્ઞાસા જાગી છે એમ જણાવે છે. જે જિજ્ઞાસા જાગી છે તે વર્ધમાન થાય તેવું વાંચન, ભક્તિ, સત્સમાગમની તેમને જરૂર છેજી. બારમા વિહરમાન ભગવાન ચંદ્રાનનનું સ્તવન શ્રી દેવચંદ્રજીનું ચોવીશીમાં છે તે વારંવાર વાંચી તેમણે અભ્યાસ કરવા જેવું છેજી. તેમાં જણાવ્યું છે –

આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ,
દંશણ, નાણ, ચારિત્રનો રે, મૂળ ન જાણ્યો મર્મ રે. ચંદ્રાનન૦



ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ચંદ્રાનન૦

તેમ સત્પુરુષની આજ્ઞા વિનાની ક્રિયા તે ધર્મનું કારણ નથી. ''आणाए धम्मो आणाए तवो''એવો શ્રી આચારાંગમાં પાઠ છે : જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. તો હવે ધર્મ કે સમાધિમરણની પ્રાપ્તિની જેને ભાવના છે તેણે પરમ કૃપાળુદેવની આજ્ઞાનું આરાધન કર્તવ્ય છે.

પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનાવતાર ભગવંતે જે આજ્ઞા કરુણાનિધાન શ્રીમદ્ લઘુરાજ-સ્વામીને જણાવેલી તે જ આજ્ઞા તે સ્વામીશ્રીજીના જણાવવાથી તેમના વિશ્વાસપાત્ર બ્રહ્મચારીએ જણાવવાથી તમને આ જણાવું છું આમ કહી, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ આટલું નિત્યનિયમરૂપે કરવા જણાવશો અને પરમકૃપાળુદેવનો ચિત્રપટ તમારે ત્યાં હોય તેને નમસ્કાર કરવા જણાવી તે મહાપુરુષને સદ્ગુરુ ધારી તેમની આજ્ઞાએ માત્ર આત્માર્થે સર્વ સદાચાર વ્રત વગેરે કરવા કહેશો.

તેમની હાલ અત્યંત ઇચ્છા હોય તો ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ''મંત્ર પણ જણાવશો અને તેમાં નવકાર વગેરે અનેક મંત્રોનો સમાવેશ થઈ જાય છે. મરણ વખતે એ મંત્રમાં ચિત્ત રાખી ક્યાંય આસક્તિ નહીં રાખો અને સદ્ગુરુ પરમકૃપાળુદેવે જાણ્યો છે, અનુભવ્યો છે, તે આત્મા મને પ્રાપ્ત હો એ જ ભાવનાથી મરણ કરનારને સમાધિમરણ પ્રાપ્ત થાય છે એમ શ્રી લઘુરાજ સ્વામીએ જણાવેલું તમને જણાવ્યું છે. બીજેથી મન ઉઠાવી એક પરમકૃપાળુદેવમાં ચિત્ત રાખશો તો એકની ઉપાસનામાં સર્વ જ્ઞાની સમાઈ જાય છે. કોઈની વિરાધના થતી નથી. વીતરાગ દશાને પ્રાપ્ત સર્વ પૂજ્ય છે. એ દૃઢતા રાખી પ્રેમ ભક્તિ વર્ધમાન થાય તેમ કર્તવ્ય છેજી.

''પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ-ભેદ સુ ઉર બસેં,
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે.''

લોકરંજનનો માર્ગ મૂકી સમાધિ-મરણની તૈયારી હવે કરવી છે એ લક્ષ રાખી, જે જે સદાચાર, વ્રત, ક્રિયા, ભક્તિ કરશો તે સદ્ગુરુ આજ્ઞાએ ઉપકારી મોક્ષમાર્ગ સાધક નીવડશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ.'' (બો.૩ પૃ.૫૧૫)

'નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં'.....

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨' માંથી :–

''આંખો મીંચી ત્વરિત-ગતિથી જીવ દોડ્યો જ દોડ્યો,
ક્યાં જાવું છે? ખબર નથી તે; વેગમાં જેમ ઘોડો;
દુઃખો ભારે ચતુર-ગતિમાં ભોગવ્યાં તે વિચારી,
આજ્ઞા સાચા ગુરુની પકડો, તો મળી મોક્ષ-બારી. ૨૨

અર્થ :– જેમ અજ્ઞાનવશ આંખો મીંચીને ત્વરિત-ગતિથી જડ ક્રિયા કરીને કે શુષ્કજ્ઞાની



બની દોડ્યો જ જાય છે. ક્યાં જવું છે? એની ખબર નથી; અર્થાત્ આત્માર્થનો લક્ષ નથી. જેમ વેગમાં ઘોડો દોડે તેમ દોડ્યો જ જાય છે. તેના ફળમાં ચારે ગતિના ભારે દુઃખો ભોગવ્યાં. તે વિચારી હવે સાચાં સદ્ગુરુની આજ્ઞાને પકડી રાખી તેની જ આરાધના કરો, તો તમને મોક્ષમાં પ્રવેશ કરવાની બારી મળી ગઈ એમ જાણજો. -પ્ર.ભા.૨ (પૃ.૨૪૪)

વંદું સદ્ગુરુ રાજ અતિ ઉલ્લાસથી રે, અતિ ઉલ્લાસથી રે,
રહું આજ્ઞાવશ રોજ, બચુ ભવ ત્રાસથી રે; બચુ ભવત્રાસથી રે;,

અર્થ :– પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં અતિ ઉલ્લાસભાવે કહેતા અત્યંત પ્રેમભાવે હું વંદન કરું છું. તેમની આજ્ઞાને આધીન પ્રતિદિન જો હું રહું તો આ સંસારના જન્મ, મરણ કે આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ભયંકર ત્રાસથી હું બચી જાઉં. ।।૧।। -પ્ર.વિ.ભા.૨ (પૃ.૧)

આજ્ઞા વિના ભવ-હેતુ બને વ્રતાદિ મહા! રે, બને વ્રતાદિ મહા! રે,
ઉપકરણોનો સમૂહ મેરુ સમ જો અહા! રે, મેરુ સમ જો અહા! રે,
"સૌ ભૂત-ભવ-પુરુષાર્થ થયો નિષ્ફળ ખરે! રે, થયો નિષ્ફળ ખરે! રે,
તો ય ન ચેતે કેમ? હજી ચેતન અરે! રે, હજી ચેતન અરે! રે. ૨૪

અર્થ :– સત્પુરુષની આજ્ઞા આરાધ્યા વિના અજ્ઞાનીના વ્રત, તપ, જપ, સંયમાદિ સર્વ સંસારના કારણ બને છે. મેરુ પર્વત સમાન ઓઘા મુપતિના ઉપકરણો અનેક ભવોના મળી ધારણ કર્યા છતાં હજુ સંસારના દુઃખોથી જીવ છૂટી શક્યો નથી.

સર્વ ભૂતકાળના ભવોમાં કરેલા પુરુષાર્થ નિષ્ફળ ગયા છે. તોય હજી આ ચેતન આવો અવસર મળ્યા છતાં કેમ ચેતતો નથી? એ જ આશ્ચર્ય છે. ।।૨૪।। -પ્ર.વિ.ભા.૨ (પૃ.૧૦)

"દૃઢ નિશ્ચય જો થાય તે આજ્ઞા ઉઠાવવા રે, તે આજ્ઞા ઉઠાવવા રે,
વિભાવથી મુકાઈ સ્વભાવમાં આવવા રે; , સ્વભાવમાં આવવા રે;
તો તેની ભક્તિ યથાર્થ, તે શાસ્ત્ર બધાં ભણ્યો રે, તે શાસ્ત્ર બધાં ભણ્યો રે,
તીર્થ કર્યા તેણે સર્વ પુરુષાર્થ જ તે ગણ્યો રે, પુરુષાર્થ જ તે ગણ્યો રે.૧૫

અર્થ :– જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવાનો જો દૃઢ નિશ્ચય થાય અર્થાત્ વિભાવથી મુકાઈને સ્વભાવમાં આવવાનો જો પુરુષાર્થ થાય તો તેની ભક્તિ યથાર્થ છે. તે બધા શાસ્ત્ર ભણી ગયો. તેણે સર્વ તીર્થની યાત્રા કરી લીધી. કેમકે બધું કરીને પોતાના આત્મસ્વભાવમાં આવવું છે. તેના માટેનો આ બધો પુરુષાર્થ છે." ।।૧૫।। -પ્ર.ભા.૨ (પૃ.૬)

(શ્રી ઘોરીભાઈ બાપુજીભાઈના પ્રસંગમાંથી)

બોધને વિચારવા માટે જુદા જુદા બેસવાની આજ્ઞા

શ્રી ઘોરીભાઈનો પ્રસંગ :–"સંવત્ ૧૯૫૨ના પર્યુષણમાં રાળજ સોળ દિવસ પરમ-



કૃપાળુદેવના દર્શનનો લાભ લીધો હતો. શ્રી મલ્લિનાથ પ્રભુનું સ્તવન શ્રી આનંદઘનજીકૃત ઘણી વખત કહેવરાવતા હતા. ત્યાં એક વખત આહાર લેવા આજ્ઞા કરી હતી. અને ત્યાં સમ્યક્‌દર્શનની વ્યાખ્યા કરી તેનું અદ્‌ભુત સ્વરૂપ સમજાવ્યું હતું. હમેશાં અદ્‌ભુત બોધ મળતો હતો. તે વખતે વિચારવા માટે જુદા જુદા બેસવા આજ્ઞા કરતા. પછી પોતે પણ પૂછતા અને જ્યાં ભૂલ પડતી તે વખતે સમજાવતા હતા.''

–શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૬૭)

પરમકૃપાળુદેવે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ વચનામૃતમાં આવેલ પત્રોમાં, મોક્ષમાળામાં, આત્મસિદ્ધિ, પુષ્પમાળામાં કે સાતસો મહાનીતિ વગેરેમાં અનેક આજ્ઞાઓ આપી છે; પણ મેં ગુરુદેવની તે આજ્ઞાઓને એકાંતમાં બેસી વિચારી નથી તો તે ગુરુદેવની આજ્ઞાઓ મારા જીવનમાં કેવી રીતે અચળ થાય, સ્થિર થાય!

'આપ તણો વિશ્વાસ દૃઢ'.....

''સૌ વ્યવહાર વિશ્વાસે ચાલે, પણ પરમાર્થે પહેલોજી;
બહુ બળવાળી શ્રદ્ધા જેની, તે પુરુષાર્થે ઘેલોજી.''

અર્થ :– જગતમાં સૌ વ્યવહાર વિશ્વાસથી ચાલે છે. જેમ કોઈને પૈસા ધીરીએ તો વિશ્વાસ છે કે તે પાછા આપશે. તેમ પરમાર્થમાં તો સૌથી પહેલો વિશ્વાસ જોઈએ. જ્ઞાનીપુરુષ પ્રત્યે વિશ્વાસ હોય તો જ તેમની વાત માન્ય થાય. જ્ઞાની કહે તું દેહ નહીં પણ આત્મા છું તો તે વાત માન્ય થાય. અને જેની જ્ઞાની પ્રત્યે બહુ બળવાન શ્રદ્ધા હોય, તો તેનો આત્મા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ પણ તેટલો જ બળવાન હોય.

જેમ માતા પ્રત્યે બાળકને દૃઢ વિશ્વાસ છે કે મા જે કંઈ કરે તે મારા હિતને માટે જ હોય તેમ જ્ઞાનીપુરુષ પ્રત્યે જેને દૃઢ વિશ્વાસ હોય તેને જ્ઞાની જે કહે તે સત્ય જ લાગે અને તે મારા કલ્યાણ માટે જ છે, એમ તેને લાગવાથી તેમની આજ્ઞા માન્ય થાય.

પણ હે પ્રભુ! આપ પ્રત્યે મને એવો દૃઢ વિશ્વાસ આવ્યો નથી. મને એવો દૃઢ વિશ્વાસ આવે એવી આપ કૃપા કરો જેથી આપની આજ્ઞા ઉપાસીને આ ભવે મારા આત્માનું કલ્યાણ કરું.

શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

જ્ઞાની પ્રત્યે શ્રદ્ધા આવ્યે તેની આજ્ઞા આરાધે તો બધા વિક્ષેપ મટે

''જો જ્ઞાનીની યથાર્થ પ્રતીતિ આવી હોય, અને બરાબર તપાસ્યું છે કે 'આ સત્પુરુષ છે, આની દશા ખરેખરી આત્મદશા છે. તેમ એમનાથી કલ્યાણ થશે જ, અને એવા જ્ઞાનીના વચન પ્રમાણે પ્રવર્તે તો ઘણા જ દોષ, વિક્ષેપ મટી જાય. જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં અહંકાર રહિત વર્તે અને તેનું બધું પ્રવર્તન સવળું જ થાય. એમ સત્સંગ, સત્પુરુષનો યોગ અનંત ગુણનો ભંડાર છે.''

(વ.પૃ.૬૯૬)



(શ્રી ઝવેરભાઈ ભગવાનભાઈ કાવિઠાના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવ યથાર્થ મહાત્મા છે એમ પ્રતીતિ થઈ

શ્રી ઝવેરભાઈનો પ્રસંગ :–''તે વખતે અમારે પૂ. ધોરીભાઈ બાપુજીભાઈ, શ્રી ભાદરણવાળાની ઉપર આધાર, તેથી તેઓશ્રીને માણસ મોકલી અત્રે બોલાવ્યા હતા. સાંજે પધાર્યા હતા. તે વખતે મેં ધોરીભાઈ સાહેબને કહ્યું કે કોઈ કેવળી ભગવાન જેવા વચન છે, તેવા મહાત્મા આવેલ છે. તો પૂ. ધોરીભાઈએ કહ્યું કે હું જોયા પછી હા કહીશ. પછી પૂ. ધોરીભાઈને તેડીને વનક્ષેત્ર ગયો જ્યાં પરમકૃપાળુદેવ બિરાજ્યા હતા, અને તેમણે પ્રશ્નોત્તર શાસ્ત્રયુક્ત કરેલ તેથી તેમના મનને સંતોષ થયો અને આ યથાર્થ મહાત્મા છે તેમ તેમને પ્રતીતિ થઈ હતી.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૬૧)

જ્ઞાની પ્રત્યે દૃઢ શ્રદ્ધા થાય તો સાચી ભક્તિ પ્રગટે

''જ્ઞાની પ્રત્યે બરાબર પ્રતીતિ થાય ને રાત દિવસ તે અપૂર્વજોગ સાંભર્યા કરે તો સાચી ભક્તિ પ્રાપ્ત થાય.'' (વ.પૃ.૭૦૯)

જ્ઞાનીના વચન પ્રત્યે શ્રદ્ધા રાખી નિઃશંકપણે ચાલતાં માર્ગ સુલભ

''જ્ઞાનીનો માર્ગ સુલભ છે, પણ તે પામવો દુર્લભ છે; એ માર્ગ વિકટ નથી, સીધો છે, પણ તે પામવો વિકટ છે. પ્રથમ સાચા જ્ઞાની જોઈએ. તે ઓળખાવા જોઈએ. તેની પ્રતીતિ આવવી જોઈએ. પછી તેનાં વચન પર શ્રદ્ધા રાખી નિઃશંકપણે ચાલતાં માર્ગ સુલભ છે, પણ જ્ઞાની મળવા અને ઓળખાવા એ વિકટ છે, દુર્લભ છે.

ગીચ ઝાડીમાં ભૂલા પડેલા માણસને વનોપકંઠે જવાનો માર્ગ કોઈ દેખાડે કે 'જા, નીચે નીચે ચાલ્યો જા. રસ્તો સુલભ છે, આ રસ્તો સુલભ છે.' પણ એ ભૂલા પડેલા માણસને જવું વિકટ છે; એ માર્ગે જતાં પહોંચશું કે નહીં એ શંકા નડે છે. શંકા કર્યા વિના જ્ઞાનીઓનો માર્ગ આરાધે તો તે પામવો સુલભ છે.'' (વ.પૃ.૬૬૮)

જ્ઞાનીની આજ્ઞા ભક્તિપૂર્વક ઉઠાવવામાં મહાન મહાન પુણ્ય જોઈએ

''તથારૂપ (યથાર્થ) આપ્ત (મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા) પુરુષનો જીવને સમાગમ થવામાં કોઈ એક પુણ્ય હેતુ જોઈએ છે, તેનું ઓળખાણ થવામાં મહત્ પુણ્ય જોઈએ છે, અને તેની આજ્ઞાભક્તિએ પ્રવર્તવામાં મહત્ મહત્ પુણ્ય જોઈએ છે; એવાં જ્ઞાનીનાં વચન છે, તે સાચાં છે, એમ પ્રત્યક્ષ અનુભવાય એવું છે.'' (વ.પૃ.૬૦૨)

(શ્રી પોપટલાલ ગુલાબચંદના પ્રસંગમાંથી)

જ્ઞાનીનું ઓળખાણ સુલભ હોત તો મોક્ષ પણ સુલભ હોત

શ્રી મોતીભાઈનો પ્રસંગ :–''ત્યાં સાણંદવાળા એક ભાઈ ઘણા ભાગે તેનું નામ મોતીભાઈ હતું. તેઓ આણંદ પરમકૃપાળુદેવના દર્શન કરવા આવ્યા હતા. તે વખતે સવારે



પરમકૃપાળુદેવ બોધ દેતા હતા. તે માણસ ચૌદ પ્રશ્નો પૂછવા ધારીને ઉતારો કરીને લાવ્યા હતા. તે પ્રશ્નોનો ઉતારો તેઓની પાઘડીમાં ખોસેલો હતો. તે વખતે તે ઘણીએ પ્રશ્નો પૂછ્યા નહોતા અને પરમકૃપાળુદેવ બોધ દેતા હતા તેમાં તેઓના ચૌદ પ્રશ્નોનો ખુલાસો કર્યો હતો જેથી તેઓના મનનું સારી રીતે સમાધાન થયું હતું. તેથી તે માણસ ઊભો થઈને પરમકૃપાળુદેવ પ્રત્યે હાથ જોડી બોલ્યો કે આપ પ્રભુ છો વગેરે ઘણી જ સ્તવના કરી હતી. ત્યારબાદ તેઓ બેઠા હતા, પણ તેઓના મનમાં એમ આવ્યું કે આ પુરુષ ગૃહસ્થાવાસમાં છે માટે નમસ્કાર કેમ થાય? એવું એના મનમાં આવતાં પરમકૃપાળુદેવે તેઓને કહ્યું કે તમારા નમસ્કાર અમારે જોઈતા નથી, તેમ તેનો કાંઈપણ પૈસો ઊપજતો નથી, તેમ અમારે કાંઈ પુજાવું-મનાવું નથી. તમારા નમસ્કાર ચૌદ રાજલોકમાં વેરી નાખવાના છે વગેરે ઘણો બોધ કર્યો હતો. તે પરથી તે માણસને એવો દૃઢ વિચાર થયો કે આ પુરુષ મહાત્મા પુરુષ છે એ નિઃસંશય છે, કારણકે મારા મનમાં ઊગેલા વિચારો પણ જણાવી દીધા, તેમજ પ્રશ્નો પૂછવાની વાત પણ મારા મનમાં જ હતી તેનું પણ સમાધાન કર્યું; તે પરથી એવો દૃઢ વિશ્વાસ થયો કે આ પુરુષ અવધિજ્ઞાની પુરુષ છે એમ લાગ્યું હતું. આ મોતીભાઈએ શ્રી આત્મસિદ્ધિ છપાવવા રૂા. ૩૦૦/- અર્પણ કર્યા હતા.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૦૮)

સંયમથી પતિત ઠેકાણે આવે પણ શ્રદ્ધાથી પતિત ઠેકાણે ન આવે

''ચારિત્રમોહનો લટક્યો તે ઠેકાણે આવે છે, પણ દર્શનમોહનો પડ્યો ઠેકાણે આવતો નથી. કારણ, સમજવા ફેર થવાથી કરવા ફેર થાય છે. વીતરાગરૂપ જ્ઞાનીનાં વચનમાં અન્યથાપણું હોવાનો સંભવ જ નથી. તેના અવલંબને રહી સીસું રેડ્યું હોય એવી રીતે શ્રદ્ધાને ઓઘે પણ મજબૂત કરવી. જ્યારે જ્યારે શંકા થવાનો પ્રસંગ આવે ત્યારે જીવે વિચારવું કે તેમાં પોતાની ભૂલ જ થાય છે. વીતરાગ પુરુષોએ જ્ઞાન જે મતિથી કહ્યું છે, તે મતિ આ જીવમાં છે નહીં; અને આ જીવની મતિ તો શાકમાં મીઠું ઓછું પડ્યું હોય તો તેટલામાં જ રોકાઈ જાય છે. તો પછી વીતરાગના જ્ઞાનની મતિનો મુકાબલો ક્યાંથી કરી શકે? તેથી બારમા ગુણસ્થાનકના અંત સુધી પણ જીવે જ્ઞાનીનું અવલંબન લેવું એમ કહ્યું છે.'' (વ.પૃ.૬૭૪)

સાચા સદ્ગુરુ પ્રત્યે શ્રદ્ધા એ જ સમકિત

''દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો, એ ત્રણેની શ્રદ્ધાને જૈનમાં સમ્યક્ત્વ કહ્યું છે. માત્ર ગુરુ અસત્ હોવાથી દેવ અને ધર્મનું ભાન નહોતું. સદ્ગુરુ મળવાથી તે દેવ અને ધર્મનું ભાન થયું. તેથી સદ્ગુરુ પ્રત્યે આસ્થા એ જ સમ્યક્ત્વ. જેટલી જેટલી આસ્થા અને અપૂર્વપણું તેટલું તેટલું સમ્યક્ત્વનું નિર્મળપણું સમજવું. આવું સાચું સમ્યક્ત્વ પામવાની ઇચ્છા, કામના સદાય રાખવી. (વ.પૃ.૬૮૬)



(શ્રી ગાંડાભાઈ ભાઈચંદ ખંભાતના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવ પ્રત્યે દૃઢ વિશ્વાસ
તેથી તેમની કરેલી આજ્ઞાથી પરમસંતોષ

શ્રી ગાંડાભાઈનો પ્રસંગ :–''ત્યારબાદ સંવત્ ૧૯૫૪ની સાલમાં કૃપાનાથ શ્રી વસો પધારેલા. તે સમાચાર સાંભળી હું ત્યાં ગયો હતો. અંતરથી એમ થાય કે તેમની અહોરાત્ર વાણી સાંભળું અને સેવામાં જ રહું. બોધ સાંભળવાથી મારું મન ઘણું જ રાજી હતું. ત્યાં મેં કૃપાનાથને પૂછ્યું કે મારે શું કરવું? ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ''તારે મોક્ષમાળા, ભાવનાબોધ વાંચવા. તેમાં ક્ષમાપનાનો પાઠ વારંવાર વિચારવો, હંમેશાં 'બહુ પુણ્ય કેરા' નો પાઠ વિચારવો તથા 'પરમગુરુ'એ શબ્દની પાંચ માળાઓ ગણવી અને હંમેશાં થોડો વખત પણ નિયમમાં બેસવું.'' આવી આજ્ઞાથી મને પરમ સંતોષ થયો હતો.'' –શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૨૭)

'આપ તણો વિશ્વાસ દૃઢ'.....

'ઉપદેશામૃત' માંથી :–

આત્માના સ્વરૂપની શ્રદ્ધા થઈ ગઈ તો બધું જ સવળું

''આટલા બધા બેઠા છે, પણ કોઈએ એકાંતમાં બેસીને નક્કી કર્યું છે? શ્રદ્ધા કરી છે? શ્રદ્ધાવાળો ધનવંત છે. તેનું કામ થશે. એક શ્રદ્ધા દૃઢ કરી હોય તો બધું સવળું થઈ જાય. આત્માના સ્વરૂપની શ્રદ્ધા થઈ ગઈ હોય તો તેનું બધું જ સવળું થઈ જાય છે.'' (ઉ.પૃ.૩૯૭)

(પંડિત લાલનના પ્રસંગમાંથી -)

કૃપાળુદેવમાં આવી દૃઢ શ્રદ્ધા-વિશ્વાસ હોય તો અવશ્ય મોક્ષ થાય

પંડિત લાલનનો પ્રસંગ :– ''કૃપાળુદેવે જે માર્ગ કહ્યો છે, તેમાં આપણે અડગ શ્રદ્ધા કેળવીએ. ગુરુદેવમાં જેમ જેમ શ્રદ્ધા વધતી જાય તેમ તેમ આપણો ઉદ્ધાર નજીક છે. તે શ્રદ્ધા કેવી જોઈએ? ગૌતમસ્વામીને મહાવીર પ્રત્યે જેવી શ્રદ્ધા હતી, લઘુરાજસ્વામીને કૃપાળુદેવ પ્રત્યે જેવી શ્રદ્ધા હતી તેવી શ્રદ્ધા, તેવો પ્રેમ જોઈએ.

શ્રી ગૌતમસ્વામીનું દૃષ્ટાંત :– એક વખત ગૌતમસ્વામી, પ્રભુ મહાવીરને પૂછે છે : ''પ્રભુ! હું જે જે સાધુઓને દીક્ષા આપું છું તેને કેવળજ્ઞાન થઈ જાય છે, અને મને કેમ નથી થતું?'' ભગવાન જવાબ આપે છે કે ગૌતમ, તને કેવળજ્ઞાન જરૂર થાય, પણ મારા ઉપર રહેલો રાગ તું છોડે ત્યારે.

ગૌતમસ્વામી નમ્રતાપૂર્વક જવાબ આપે છે કે પ્રભુ! મારે એવું કેવળજ્ઞાન નથી જોઈતું. મારે મન તો તમે જ મોક્ષ છો, કે જેના પ્રતાપે મને ધર્મ સૂઝ્યો. મેં અશ્વમેધ યજ્ઞ કરાવ્યા, આથી મારી ગતિ તો નરકમાં જ હતી. તેમાંથી આપે મને ઉગાર્યો. એટલું જ નહીં સાથે સાચો ધર્મ પણ બતાવ્યો. આપનો મોહ છોડવાથી જ જો કેવળજ્ઞાન થતું હોય તો તે મારે નથી જોઈતું.



ગુરુદેવમાં એવી શ્રદ્ધા એ નૌકા સમાન છે. એ નૌકામાં (આત્મસિદ્ધિના ૧૪૨ દોહારૂપી નૌકામાં) આપણે બેઠા છીએ. એ કસાનરૂપી ગુરુદેવમાં શ્રદ્ધા રાખો, એ જરૂર ધારેલે સ્થળે મોક્ષ પહોંચાડશે.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૬૮)

સૌથી પહેલી શ્રદ્ધા. એ બહુ મોટી વાત છે. મહાભાગ્ય હશે તેને તે થશે

''શ્રદ્ધા. સદ્ધા પરમ દુલ્લહા - ભગવાનનું વચન છે. કેડ બાંધીને તૈયાર થઈ જઈ, નાચીકૂદીને પણ એક શ્રદ્ધા પકડ કરી દો. પછી જપ, તપ, ત્યાગ, વૈરાગ્ય બધું થશે. સૌથી પહેલી શ્રદ્ધા. એ બહુ મોટી વાત છે. મહાભાગ્ય હશે તેને તે થશે.'' (ઉ.પૃ.૩૯૦)

મુખ્યત્વે શીલ પાળી આત્માની શ્રદ્ધા દૃઢ કરવી. સર્વત્ર આત્મા જોવો

''મુખ્ય વાત સત્ અને શીલ પાળી શ્રદ્ધા દૃઢ કરવી. દોરડું હાથ આવે તો કૂવામાંથી બહાર નીકળાય. માટે શ્રદ્ધારૂપી દોરડું પકડ્યું તે હાથમાંથી ક્ષણવાર પણ છૂટવા ન દેવું - વિસ્મૃતિ ન કરવી. શ્રદ્ધા કોની કરવી? ક્યાં કરવી? ઘરઘરનાં સમકિત છે તે નહીં. પણ ખરા જ્ઞાની બતાવે તે જ પકડ કરી લેવી. તો જ આ ત્રિવિધ તાપથી છુટાય. 'સદ્ધા પરમ દુલ્લહા' 'એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય.' એ લક્ષમાં રાખવું. અને આજ્ઞાને વિચારી આરાધવી, સર્વત્ર આત્મા જોવો. સદ્વર્તન આચરવું.'' (ઉ.પૃ.૪૨૫)

સાચા જ્ઞાનીની શ્રદ્ધા થાય તેનો મોક્ષ થાય જ. પણ યોગ્યતાની કચાશ છે

''મુમુક્ષુ–શ્રદ્ધા તો અત્રે છે તે બધાને છે.

પ્રભુશ્રી–બધાને શ્રદ્ધા છે તો મોક્ષ પણ બધાનો છે. શ્રદ્ધા સાચી જોઈએ.

મુમુક્ષુ–સાચી શ્રદ્ધા કોને કહેવી?

પ્રભુશ્રી–જેવો જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તેવો મારો આત્મા છે, તે મારે માન્ય છે, અને હું તો જ્ઞાનીનો દાસ છું, એમ સાચા જ્ઞાનીની શ્રદ્ધા થાય તેનો મોક્ષ થાય જ. ઘણા જીવોનો ઉદ્ધાર થઈ જશે.

હજુ એક પણ નમસ્કાર કર્યો નથી. એક વાર પણ દર્શન કર્યાં નથી. બોધ સાંભળ્યા છતાં હજી સાંભળ્યો નથી. યોગ્યતાની કચાશ છે. યોગ્યતા આવ્યે જ્ઞાની બોલાવીને આપી દેશે. આત્મા તો જ્ઞાની જ આપશે.

દૃષ્ટિ ફરે તો બીજું જ જણાય; જગત આત્મારૂપ જોવામાં આવે. ચર્મચક્ષુએ જણાય છે તે પર્યાયદૃષ્ટિ છે. જ્ઞાનચક્ષુ આવ્યે આત્મા જોવાય.'' (ઉ.પૃ.૩૫૯)

શાસ્ત્ર વાંચનથી શ્રદ્ધાને પોષણ મળી આત્મા ઓળખવાની તીવ્રતા જાગે છે

''સત્પુરુષ ઉપર શ્રદ્ધા થાય, શાસ્ત્રના વાંચનથી તે શ્રદ્ધાને પોષ મળે અને આત્મા ઓળખવા જીવને તીવ્રતા જાગે ત્યારે સત્પુરુષના બોધે એવી શ્રદ્ધા થાય કે આ આત્માનું સ્વરૂપ છે. એટલે જ્ઞાનીને આત્માની શ્રદ્ધા છે તેવી શ્રદ્ધા થાય તે સમ્યક્ત્વ છે.'' (ઉ.પૃ.૩૩૮)



(શ્રી ઘોરીભાઈ બાપુજીભાઈના પ્રસંગમાંથી -)

પરમકૃપાળુદેવમાં શ્રદ્ધા કરી બોધ અનુસાર પુરુષાર્થ કરે તો કેવળજ્ઞાન થાય

શ્રી ઘોરીભાઈનો પ્રસંગ :– ''સં.૧૯૫૨ની સાલમાં શ્રી મોક્ષમાળા વાંચવાથી પરમ-કૃપાળુદેવ વિષે ભાવના જન્મી અને તે પુરુષને મળવાની જિજ્ઞાસા ઊપજી. તેમજ પૂજ્યશ્રી અંબાલાલભાઈ પાસે સારી પેઠે વાત સાંભળવાથી વિશેષ પ્રતીતિ થઈ. તેમનો બોધ સાંભળતાં આત્માના પ્રદેશે પ્રદેશે રોમેરોમમાં તે પ્રસરી જતો. તેમનો એવો બોધ મળેલ છે કે જો ખરેખર વિચારી તેવો પુરુષાર્થ કરીએ તો કેવળજ્ઞાન ઊપજે !'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૬૬)

આત્મામાં આત્મબુદ્ધિ તે સમ્યક્ શ્રદ્ધા. પરમાં સુખબુદ્ધિ તે વિપરીત શ્રદ્ધા

'सद्धा परम दुल्लहा'

''શ્રદ્ધા બે પ્રકારે છે : એક સમ્યગ્ શ્રદ્ધા અને બીજી વિપરીત શ્રદ્ધા.

સંસારમાં સુખ છે એવી માન્યતા, તથા દેહ, સ્ત્રી, પુત્ર, ગૃહ, ધન, ધાન્ય, રોગ, શોક, ક્લેશ, ક્રોધ, માન આદિ પરમાં હું અને મારાપણાની શ્રદ્ધા, માન્યતા એ સંસારની શ્રદ્ધા છે, વિપરીત શ્રદ્ધા છે.

તે ફરીને ''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ'' એવી શ્રદ્ધા થાય તે પરોક્ષ શ્રદ્ધા છે. દેહ, સ્ત્રી, પુત્ર વગેરે મારાં નથી, રોગ આદિ મને નથી; હું માત્ર જ્ઞાતા-દ્રષ્ટા, જોનાર-જાણનાર, સર્વથી ભિન્ન, અવિનાશી, જ્ઞાનીએ જોયો, જાણ્યો, અનુભવ્યો તેવો આત્મા છું - એ પરોક્ષ શ્રદ્ધા.'' (ઉ.પૃ.૩૪૭)

સમ્યક્શ્રદ્ધાના બે ભેદ – પ્રત્યક્ષ શ્રદ્ધા અને પરોક્ષ શ્રદ્ધા

''પ્રત્યક્ષ શ્રદ્ધાવાળો જીવ કોઈ સ્ત્રી, પુરુષ કે પદાર્થ ભાળે ત્યાં પ્રથમ આત્મા જુએ છે; પછી પર દ્રવ્ય જુએ છે. જેમકે, શ્રેણિક તે આત્મા છે તેવો પહેલો લક્ષ રાખી, શ્રેણિક 'રાજા', ચેલણા 'રાણી', રાજગૃહી 'નગરી' વગરે વર્ણન કરે છે.

પરોક્ષવાળો પહેલાં દૃશ્ય પદાર્થને જુએ છે. પછી વિચાર કરી, 'દૃશ્ય અને આત્મા જુદા છે', એમ ભેદ પાડે છે. પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય તેને પ્રત્યક્ષ શ્રદ્ધા છે. આ બન્નેની શ્રદ્ધા સમ્યક્શ્રદ્ધા છે.'' (ઉ.પૃ.૩૪૭)

કહેવામાત્ર પરોક્ષથી કામ થાય નહીં, વેદનીય આદિ પ્રસંગે કસોટી થાય

''પરોક્ષ શ્રદ્ધાવાળો દ્વારની બહાર ઊભો છે; પ્રત્યક્ષ શ્રદ્ધાવાળો અંદર પ્રવેશ્યો છે. પરોક્ષવાળો પગલું મૂકે તો અંદર, પ્રત્યક્ષમાં પ્રવેશે. પરોક્ષના ઘણા ભેદ છે. કહેવામાત્ર પરોક્ષથી કામ થાય નહીં. પરોક્ષ શ્રદ્ધાવાળાને રોગ, વેદનીય આદિ પ્રસંગોમાંથી કસોટી થાય છે. તેવે પ્રસંગે પરોક્ષ શ્રદ્ધા બળવાન રહે અને ઉપયોગ જાગૃત રહે કે હું આ વેદનીય આદિનો માત્ર જ્ઞાતા-દ્રષ્ટા



છું, આકાશ અને ભૂમિને જેટલું છેટું છે તેટલું રોગાદિને અને મારે છેટું છે, તે મારા આત્માથી ભિન્ન છે; એવું ભેદજ્ઞાન ત્યાં બળવાન થાય ત્યારે પરોક્ષમાંથી પ્રત્યક્ષમાં આવે છે.'' (ઉ.પૃ.૩૪૭)

શ્રદ્ધા એ મહા બળવાન વસ્તુ છે. તે જેને થઈ તેના હજારોભવ નાશ પામી જશે

''આખો સંસાર ત્રિવિધ તાપથી બળી રહ્યો છે. સર્વ જીવો જન્મમરણાદિ દુઃખમય પરિ-ભ્રમણમાં રખડી રહ્યા છે. ત્યાં હવે શું કરવું? તેમાંથી બચવા શું કરવું?

૧. મુમુક્ષુ–સત્સંગ.

૨. મુમુક્ષુ–સત્પુરુષની ભક્તિ.

૩. મુમુક્ષુ–સત્પુરુષના આશ્રયે વાસનાનો ક્ષય કરવાનો પુરુષાર્થ.

૪. મુમુક્ષુ–આત્માનો નિશ્ચય કરી લેવો.

૫. મુમુક્ષુ–બાહ્ય અને અંતર પરિગ્રહને ત્યાગી જ્ઞાનીના ચરણમાં વાસ કરવો.

૬. મુમુક્ષુ–સદ્‌ગુરુએ આપેલું સ્મરણ તેમાં આત્માને જોડેલો રાખવો.

પ્રભુશ્રી–અપેક્ષાએ આપ સર્વનું કહેવું યોગ્ય છે. અને આપ સર્વ જે પ્રમાણે બોલ્યા છો તે પ્રમાણે કરશો તો કલ્યાણ થશે. પરંતુ સર્વથી મોટી વાત એક જ છે. તે અનંતા જ્ઞાનીઓએ કહેલી કહીશું, તે અમને પણ સંમત છે. 'सद्धा परम दुल्लहा' સત્પુરુષની શ્રદ્ધા એ સર્વથી મોટામાં મોટી વાત એક જ છે. જો તે થઈ ગઈ તો જપ, તપ, ભક્તિ કંઈ ન થાય તો પણ ફિકર નહીં. શ્રદ્ધા એ મહા બળવાન છે. શ્રદ્ધા છે ત્યાં જપ, તપ, ભક્તિ આદિ સર્વ છે જ. માટે એક શ્રદ્ધા આ ભવમાં અવિચળ કરી લેવી.

આ એક પકડ કરી લેશો તો કામ થઈ જશે. હજારો ભવ નાશ પામી જશે. દેવગતિ થશે. અનુક્રમે મોક્ષ થશે.'' (ઉ.પૃ.૩૭૩)

યક્ષની વાત જેણે દૃઢ વિશ્વાસથી પકડી રાખી તે બચી ગયો

જિનરક્ષિત અને જિનપાલિતનું દૃષ્ટાંત :– ''એક ધનાઢ્ય શેઠને જિનરક્ષિત અને જિનપાલિત એમ બે દીકરા હતા. તે મોટી ઉંમરના થયા, ત્યારે વેપાર કરી સ્વાવલંબનથી ધન કમાઈ આત્મસંતોષ મેળવવા ઇચ્છા થતાં માતાપિતાના પ્રેમ અને ઘેર રહેવાના આગ્રહને અવગણી હઠ કરી પરદેશ ગયા. ઘણો માલ ભરી, વહાણ દૂર દેશમાં લઈ જઈ વેચી ત્યાંથી મસાલા વગેરે ઉત્તમ વસ્તુઓ ખરીદી. પાછા દેશમાં આવા નીકળ્યા. રસ્તામાં તોફાનથી વહાણ ભાંગી ગયાં. પણ એક બેટ ઉપર બન્ને આવી ચઢ્યા. ત્યાં એક રયણાદેવી રહેતી હતી. તેણે બન્નેને લલચાવી પોતાને સ્થાને રાખ્યા. ઘણા વિલાસમાં તેમને મગ્ન કરી દીધા. ઘર પણ ન સાંભરે તેમ તેમના ઉપર કૃત્રિમ પ્રેમ દર્શાવી વિષયસુખમાં લીન કરી દીધા. એક દિવસ ઇન્દ્રની આજ્ઞા મળતાં તેને સમુદ્ર સાફ કરવા જવાનું કામ આવી પડ્યું. એટલે તે બન્ને ભાઈઓને કહ્યું કે ખાસ કામ અર્થે મારે ત્રણ દિવસ જવાનું છે. પણ તમને અહીં કંઈ અડચણ પડવાની નથી; જ્યાં બેટમાં ફરવું હોય ત્યાં



ફરવું, પણ એક ઉત્તર દિશામાં ન જવું. એમ કહી તે કામે ચાલી ગઈ.

બન્ને ભાઈઓ બધે ફરીને બાગ આદિ સ્થળો જોઈ રહ્યા એટલે ઉત્તર તરફ જવા નિષેધ કરેલો તેથી જ ખાસ જિજ્ઞાસા થઈ કે જોઈએ તો ખરા ત્યાં શું છે. એમ ધારી તે દિશામાં ચાલ્યા. ત્યાં હાડકાં આદિ દુર્ગંધી પદાર્થોના ઢગલા જણાયા. દૂર જતાં એક માણસને શૂળી ઉપર ચઢાવેલો હતો તેથી બૂમો પાડતો હતો, તેની પાસે તે બન્ને પહોંચી ગયા, તેનો અંત નજીક જણાતો હતો.



તે બન્નેએ પૂછ્યું, ''આપનું અમે શું હિત કરીએ?'' તેણે કહ્યું ''ભાઈ, હું હવે મરણની નજીક છું, તેથી બચી શકું તેમ નથી. પણ તમારી આવી જ દશા થનારી છે. તમારી પેઠે મેં બહુ વિલાસ એ રયણાદેવી સંગે ભોગવ્યા, પણ તેને દરિયો સાફ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તમે તેને મળી ગયા એટલે મારી આ દશા તેણે કરી. હાલ તે નથી એટલે જ તમે આ પ્રદેશમાં આવ્યા લાગો છો. બીજા કોઈ મળતાં તમે પણ શૂળીના ભોગને પ્રાપ્ત થશો.'' આ સાંભળી બન્નેએ તેને હાથ જોડી વિનંતિ કરી કે કોઈ ઉપાય અમારા છુટકારાનો હોય તો કૃપા કરી જણાવો. તેણે કહ્યું કે દરિયા કિનારે એક યક્ષ રહે છે, તે દરરોજ બપોરે પોકારે છે કે કોને તારું, કોને પાર ઉતારું? તે વખતે તેનું શરણ ગ્રહણ કરી, ''આપ ગમે તે કહેશો તે મારે માન્ય છે, પણ મને બચાવો અને અમારે



દેશ પહોંચાડો.'' આમ કહેવાથી તે મચ્છનું રૂપ ધારણ કરી તમને પીઠ પર બેસાડશે અને સૂચના આપશે તે પાળશો તો સાગર ઓળંગી સ્વદેશ પહોંચશો.

આ ઉપાય અજમાવવા તે બીજે દિવસે ગયા. યક્ષને વિનંતી કરી ત્યારે તેણે કહ્યું કે તમને લલચાવવા રયણાદેવી આવશે પણ તેના સામું પણ જોશો નહીં. જે તેના પ્રત્યે પ્રેમવંત બની લલચાશે તેના મનને જાણી લઈ હું પીઠ ઉપરથી ઉછાળી તેને દરિયામાં નાખી દઈશ. બન્નેએ એક તરવાના લક્ષથી તેની શરત કબૂલ કરી. ત્યાં તો તે મચ્છ થઈ કિનારે આવ્યો એટલે બન્ને તેની પીઠ ઉપર બેસી ગયા અને સપાટાભેર દરિયો કાપવા લાગ્યા.

ત્રીજે દિવસે રયણાદેવી આવી ત્યારે તેમને ઘેર દીઠા નહીં તેથી જાણી ગઈ કે તેમને કોઈ ભેદી મળ્યો છે. તેથી તેમની શોધમાં તે દરિયામાં ચાલી અને આકાશમાં રહીને વિલાપ કરતી બન્નેને વીનવવા લાગી.

જિનરક્ષિત ગંભીર અને સમજુ હતો. તે તો તેના તરફ પીઠ દઈને બેઠો, ગમે તેવા ચાળા કે વિનવણી કરે તેની કાળજી કરી નહીં. મરણરૂપ જ તેની કપટજાળ તે લેખતો. તે તો નહીં જ ફસાય એમ ખાતરી થવાથી તે હવે માત્ર જિનપાલિતનું નામ દઈ વારંવાર કહેવા લાગી : ''મેં તમને શું દુઃખ દીધું છે ? મારા સામું જરા જોવાથી મને આશ્વાસન મળશે. પૂર્વની વાત સંભારી કૃપા કરી મારો સ્નેહ યાદ કરો, આવા નિષ્ઠુર ન થાઓ; અબળા ઉપર દયા લાવો.'' એવા વચનોથી નાનો જિનપાલિત લલચાયો, ''બિચારી આટલું કલ્પાંત કરે છે તો તેના સામું જોવામાં શો દોષ છે ?'' એમ કરી જ્યાં દૃષ્ટિ કરી ત્યાં યક્ષે તેને ઉછાળી નાખી દીધો કે તરત તેની નીચે ત્રિશૂલ મૂકી દેવીએ તેના ત્રિશૂલથી કટકેકટકા કરી દરિયામાં નાખી દીધો. પણ જિનરક્ષિત લલચાયો નહીં, તે સ્વદેશ પહોંચી ગયો.



આ ઉપરથી બોધ લેવાનો કે જગતની માયા, પુદ્ગલ અનેક રીતે ભોળવી તેની પ્રીતિમાં આ આત્માને ફસાવે છે; પણ પોતે ન ઠગાતાં, એક મારો આત્મા જ સાચો છે એમ જાણી, તેને જ ખરો માનવો.



બાકી સર્વ માયા છે. દેહાદિ પરવસ્તુમાં મોહ ન કરવો.'' (ઉપદેશામૃત પૃ.૧૯૭)

મારા ગુરુએ કહ્યું તે મને માન્ય એવી અડગ શ્રદ્ધા રાખવી

''કંઈ ન સમજાય તો મારા ગુરુએ કહ્યું તે મારે માન્ય છે, એમ ઉપયોગ રાખવો. અંજન આદિ ચોર મહાપાપના કરનારાઓનો પણ તે શ્રદ્ધાથી ઉદ્ધાર થયો હતો; માટે વચન પ્રત્યે અડગ પ્રતીતિ રાખવી.'' (ઉ.પૃ.૪૯૨)

પરમપુરુષની શ્રદ્ધા આવી તેનો અવશ્ય મોક્ષ

''રસ્તે ચડવા માટે પરમ પુરુષની શ્રદ્ધાની જરૂર છે. જેને તે આવી તેનો અવશ્ય મોક્ષ થશે. ઘણા ભવ્ય જીવોનું કલ્યાણ થવાનું છે. એમાં કંઈ પૈસાની કે પદવીની જરૂર નથી, માત્ર શ્રદ્ધા કરવાની જરૂર છે. જે તેમ કરશે તે ગમે તેવો હશે તો પણ ઉત્તમ પદ પામશે. મેં નથી જાણ્યો તો મેં માન્યા છે તે પુરુષે તો આત્મા જાણ્યો છે એટલી પ્રતીતિ પણ બહુ લાભકારી છે.'' (ઉ.પૃ.....)

પરમકૃપાળુ સદ્‌ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને જ મારું સર્વસ્વ માનું

''શ્રદ્ધા એવી દૃઢ કરવી કે હવે હું કોઈ બીજાને ન માનું. મારો આત્મા જે જ્ઞાનીએ જોયો છે તેવો જ છે. મેં જોયો નથી; પણ જ્ઞાનીએ જોયો છે. તેમની આજ્ઞાએ મને ત્રિકાળ માન્ય છે. તે જ્ઞાની એ પરમ કૃપાળુ સદ્‌ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ છે; તે મને સદા કાળ માન્ય હો. હવે તે જ મારું સર્વસ્વ માનું. તેમના સિવાય બધું પર માનું.'' (ઉ.પૃ.૪૪૫)

(પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ જુનાગઢથી લખેલા પત્રમાંથી)

એક પરમકૃપાળુદેવની અખંડ શ્રદ્ધાથી આત્માનું સુખ અનુભવે છે

''અત્રે કોઈ અદ્‌ભુત વિચારો અને આત્મિક સુખ અનુભવમાં આવે છે તે કહી શકાતું નથી. અનંત શક્તિ છે, સિદ્ધિઓ છે, પૂર્વભવ પણ જણાય છે, આનંદ આનંદ વર્તે છે, એક જ શ્રદ્ધાથી! કહ્યું-લખ્યું જાતું નથી. આપના ચિત્તને શાંતિ થવાનો હેતુ જાણી જણાવ્યું છે, કોઈને જણાવવાની જરૂર નથી.'' (ઉ.પૃ.૧૬)

આત્મા જ્ઞાનીએ જાણ્યો તે માન્ય, એવી શ્રદ્ધા રાખશે તેનું કલ્યાણ

''આત્મા ત્રણ લોકમાં સાર વસ્તુ છે. આત્મા શા વડે ગ્રહાય? ઉપયોગ વડે ગ્રહાય. આત્મા જ્ઞાનીએ જાણ્યો તે મારે માન્ય છે. આ શ્રવણ, બોધ પ્રત્યે અવિચલ શ્રદ્ધા રહેશે તેનું કલ્યાણ છે.''

(ઉ.પૃ.૪૯૨)

સત્પુરુષનો બોધ વારંવાર સાંભળે તો શ્રદ્ધા, વિશ્વાસનો રંગ ચઢે

''મનુષ્યભવ પામીને કર્તવ્ય છે રંગ વિશ્વાસનો, પ્રતીતિનો, શ્રદ્ધાનો, આસ્થાનો; તેમાં જ તણાઓ. કોઈ કપડાને રંગમાં બોળે, બે, ચાર, પાંચ, આઠ વખત બોળે ત્યારે રંગે રંગ ચઢતો જાય છે. એક વખત બોળવાથી રંગ નથી ચઢતો, વધારે બોળાય તો ચઢે છે. માટે વાત સાંભળો,



ફરી ફરીને સાંભળો. કહેવાનું કે જેને બહુ શ્રદ્ધા પ્રતીતિ આવી છે તેનું કામ થશે. સૌને વિશ્વાસ, પ્રતીતિ આવી છે તેનું કામ થશે. સૌને વિશ્વાસ, પ્રતીતિ અને શ્રદ્ધાનું કામ છે.'' (ઉ.પૃ.૧૯૬)

જ્ઞાની પુરુષના વચનમાં વિશ્વાસ રાખવો એ સુખદાયક માર્ગ છે


''ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી. અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.'' (વ.પૃ.૨૨૪) આવી સ્પષ્ટ વાત હોવા છતાં હે પ્રભુ! આપનો મને દૃઢ વિશ્વાસ નથી.

આપ તણો વિશ્વાસ દૃઢ.....

(શ્રી મોહનલાલજી મહારાજનો પ્રસંગ)

પરમકૃપાળુદેવના ચરણસ્પર્શથી બધી શંકાઓનું સમાધાન

શ્રી મોહનલાલજી મુનિનો પ્રસંગ :– ''મુનિ મોહનલાલજીને પ્રશ્ન ઊઠ્યો કે પરમ-કૃપાળુદેવની પરમ નિર્ગ્રંથદશા માનીએ છીએ અને આવી ઉપાધિમાં રહે છે; તેનો ઉત્તર નહીં મળવાથી દેહત્યાગ કરવાના વિચાર સુધી મુંઝવણ થયેલી તે પરમકૃપાળુદેવના ચરણસ્પર્શ કરતાં બધાં કલંકો શમાઈ ગયા. અને અપૂર્વ શાંતિ પ્રસરી ગઈ. તેમજ દેહથી જેમ વસ્ત્ર ભિન્ન છે તેમ આત્મા અને દેહનું ભિન્નત્વ કૃપાળુદેવ વિષે ભાસ્યું.





એવો પ્રત્યક્ષ સત્પુરુષનો અતિશય છે કે જેના દર્શનમાત્રથી મિથ્યાત્વાદિ દોષો નાશ પામે છે. પોતે પધાર્યા તેવા જ મારા અંતઃકરણમાં જે શલ્ય સાલતું હતું તે વિષે વગર પૂછ્યે અંતરજામીએ કૃપા કરી જણાવ્યું કે જીવોએ જ્ઞાની-પુરુષની ઓળખાણ અનાદિકાળથી બાહ્યદૃષ્ટિએ કરેલ છે....જ્ઞાનીનું સ્વરૂપ જે જ્ઞાનદૃષ્ટિએ સમજવું જોઈએ તે સમજાવી શલ્ય છેદક અપૂર્વ બોધ કર્યો હતો.''

-પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧માંથી (પૃ.૪૫)


ડાહ્યા ન થવું. લોકો પોપટને પાંજરામાં પૂરે કેમકે ડાહ્યો થવા જાય છે

રત્ન વાણિયાનું દૃષ્ટાંત :– ''એક વાણિયો હતો તે પરદેશમાં બહુ ધન કમાયો હતો. પછી તેને વતન (ઘેર) જવું હતું. ત્યાં રસ્તામાં ઠગારું પાટણ આવે તો ધન કેમ લઈ જવું એ વિચારવા લાગ્યો. પછી તેણે બધું ધન આપીને ત્રણ રત્નો ખરીદ્યાં. તે લઈને ચાલ્યો. ઠગારું પાટણ આવ્યું તેમાં બધા ઠગ ને લૂંટારા. તેમાં થઈને જવાનું હતું તેથી રત્નો ઝાડની બખોલમાં સંતાડી ભિખારીનો વેષ લઈ ગામમાં થઈ જા આવ કરે અને મોટેથી બોલે કે રત્નવાણિયો જાય છે, રત્નવાણિયો જાય છે! ઠગોએ પકડ્યો પણ રત્ન મળ્યાં નહીં. લોકોએ જાણ્યું કે આ તો ગાંડો છે. એક દિવસ તે ત્રણ રત્ન લઈને જવા લાગ્યો અને રોજની જેમ બોલતો ગયો, પણ લોકો કહે, એ તો ગાંડો છે.





ડાહ્યા ન થવું.



જ્ઞાનીએ કહ્યું તે લક્ષમાં રાખવું. એક મંત્ર મળ્યો તો તેની પાછળ પડવું, ગાંડા થઈ જવું. આત્માનું હિત કરવું છે. લોકો કાગડાને પાંજરામાં નથી પૂરતા; પોપટને પાંજરામાં કેમ પૂરે છે? ડાહ્યો થવા જાય છે તેથી. ડહાપણ દેખાડવું નથી, તેમ માનવું પણ નથી. જ્ઞાનીએ કહ્યું તે એક સાચું. જ્ઞાની જાણે છે. એણે જે કહ્યું તેને આધારે આધારે કામ કર્યા કરવું. આટલો ભવ તેમ કરવું.'' (જૂનું બો. ૧ પૃ. ૨૩૧)

(શ્રી ધોરીભાઈ બાપુજીભાઈના પ્રસંગમાંથી)

સાચી શ્રદ્ધા જેના હૃદયમાં વસી તેનો બેડો પાર થાય

''સદ્ધા પરમ દુલ્લહા આ આગમનું વચન પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી ઘણી વખત બોધમાં દર્શાવતા. એક વખત પર્યુષણ પર્વના છેલ્લા દિવસે બધી સભા સમક્ષ જણાવેલું કે એક વાક્ય ફરી પર્યુષણ ઉપર બધા મળીએ ત્યાં સુધી વારંવાર વિચારવા જણાવું છું, કહીને ઉપરનું વાક્ય કહ્યું હતું. ''શ્રદ્ધા પરમ દુલ્લહા'' સાચી શ્રદ્ધા જેના હૃદયમાં વસી તેનો બેડો પાર થાય તેમ છેજી. ધર્મનો પાયો સત્શ્રદ્ધા છે. કંઈ ક્રિયા, તપ, ઉપવાસ આદિ ન બને તેનો વાંધો નથી; પણ જો સત્-શ્રદ્ધા હૃદયમાં હોય તો તેને શુદ્ધભાવનો પક્ષપાત છે. તેના વખાણ શ્રી યશોવિજયજીએ કર્યાં છે :

''શુદ્ધભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
ઝળહળતો સૂરજ ને ખજૂઓ, તાસ તેજમાં તેતોજી.''

માત્ર શુદ્ધભાવનો પક્ષપાત જેને છે અને જે શુદ્ધભાવના લક્ષ વિનાની શૂન્ય ક્રિયા ઘણી કરે છે પણ પહેલાને સૂર્યના તેજ જેવું વિપુલ અને શાશ્વત ફળ મળે છે અને બીજાને અલ્પ અને ક્ષણિક ફળ માત્ર ક્રિયાનું મળે છે તે આગિયાના અજવાળા-ઝબકારા જેવું છે.'' -બો.૩ (પૃ.૬૨૦)

ગુરુના આત્માની ચેષ્ટા વિષે વૃત્તિ રહે તો દૃઢ વિશ્વાસ આવે

એક શિષ્યની ગુરુપ્રત્યેની શ્રદ્ધાનું દૃષ્ટાંત :– ''એક ગુરુશિષ્ય વિહાર કરતાં વડની



છાયામાં વિસામો લેવા બેઠા. શિષ્યને ઠંડા પવનથી ઊંઘ આવી ગઈ. તેવામાં એક સાપ દોડતો આવ્યો. તેને રોકીને ગુરુએ પૂછ્યું, શું કામ આવ્યો છે?



તેણે કહ્યું કે તમારા શિષ્યના ગળાનું લોહી પીવા પૂર્વના વેરને લઈને આવ્યો છું. ગુરુએ તેને થોભાવીને કહ્યું, હું તને તેના ગળામાંથી લોહી કાઢીને આપું છું. એમ કહી ગળાની ચામડી ચપ્પુથી કાપવા લાગ્યા કે શિષ્યે આંખ ઉઘાડી પણ ગુરુને જોયા એટલે મીંચી દીધી અને માન્યું કે ગુરુ કરતા હશે તે સારું જ કરતા હશે. પછી કાચલીમાં લોહી કાઢી સાપને પાયું. તે પીને ચાલ્યો ગયો.



આ શિષ્યની પેઠે મહાત્માને પોતાનું ગળું કાપતા પોતાની નજરે પ્રત્યક્ષ દેખે તોપણ ગુરુ જે કરે તે મારા હિતને અર્થે જ કરે છે. મારે તેમાંથી કંઈક શીખવાનું જ છે. તેમના આત્માની ચેષ્ટાને વિષે તેની વૃત્તિ રહે તો અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ પ્રાપ્ત થાય. પણ ભક્તિ જાગી હોય તો તેમ બને, માટે ગુરુભક્તિ વધારતા જવું એ આપણું કર્તવ્ય છેજી.'' (બો.૩ પૃ.૩૫૯)

'આપ તણો વિશ્વાસ દૃઢ'.....

''દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦૫



સંક્ષેપાર્થ :– જ્યાં મતાગ્રહ, દુરાગ્રહ કે હઠાગ્રહ હોય ત્યાં પક્ષપાત હોય છે. અને પક્ષપાતીનું વચન સત્ય હોતું નથી. તેથી આવા પક્ષપાતીઓના વચનથી સાચા દેવ, ગુરુ, ધર્મની શુદ્ધિ એટલે સાચું ઓળખાણ કેવી રીતે થાય? અને સાચું ઓળખાણ થયા વિના તે પ્રત્યે સાચી શ્રદ્ધા પણ કેમ આવે? શુદ્ધ શ્રદ્ધાન એટલે વ્યવહાર સમકિત વગરની સર્વ તપ સંયમની ક્રિયા તો છાર એટલે ધૂળ અથવા રાખોડી ઉપર લીંપણ કર્યા સમાન જાણવી. પણ સત્‌દેવ-ગુરુ–ધર્મની સાચી શ્રદ્ધા-સહિત, સદ્‌ગુરુ આજ્ઞાએ, આત્માર્થના લક્ષે, નિષ્કામ ભાવે કરેલી ક્રિયા વડે જ કર્મોની નિર્જરા થઈ, શાશ્વત સુખ શાંતિ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.'' ॥૫॥ -ચૈ.વંદન ચોવીશી (અર્થસહિત) ભાગ-૧ (પૃ૧૭૨)

પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧-૨' માંથી :–

''તેથી તજી સૌ કાજ જ્ઞાની જન શોધજો રે, જ્ઞાની૦
જ્ઞાની મળ્યે વિશ્વાસ અચળ ઉર ધારજો રે; અચળ૦
પ્રાણ થકી પણ પ્રિય ગણી સત્સંગને રે, ગણી૦
યથાશક્તિ પુરુષાર્થ કરી રાખો રંગને રે. કરી૦

અર્થ :– તેથી બીજા સર્વ કાર્યોને મૂકી દઈ પ્રથમ જ્ઞાનીપુરુષની શોધ કરજો. જ્ઞાનીપુરુષ મળી આવે કે તેના ઉપર અચળ દૃઢ શ્રદ્ધાને ધારણ કરજો. પ્રાણથી પણ પ્રિય સત્સંગને ગણી, યથાશક્તિ આત્મજ્ઞાન પ્રાપ્તિનો પુરુષાર્થ કરી આત્માને સાચો રંગ ચઢાવજો. સત્સંગમાં ભાલાના વરસાદ વરસે તો પણ છોડશો નહીં. અને કુસંગમાં મોતીઓની લહાણી મળે તો પણ જશો નહીં.'' ॥૮॥ -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૪)

''કરું શ્રદ્ધા સાચી, અચળ, મરણાંતે ટકી રહે,
વળી વાણી-કાર્ય ઉપશમ-અમીનો રસ વહે,
લહું અંતે શાંતિ પરમ સુખધામે પ્રગટ જે,
અનંતી આત્માની અખૂટ વિભૂતિ એકરૂપ તે. ૧૨

અર્થ :- આપણા શુદ્ધ સ્વરૂપની એવી સાચી શ્રદ્ધા કરું કે જે અચળપણે મને મરણની છેલ્લી ઘડી સુધી ટકી રહે. વળી મારા વાણીકાર્યમાં કહેતા વાણી બોલવામાં પણ જાણે કષાયની ઉપશાંતતા થઈ હોય એવો અમી એટલે અમૃતમય મીઠી નિર્દોષ વાણીનો રસ વહે. તેના ફળસ્વરૂપ જીવનના અંત સમયે હું એવી પરમ આત્મશાંતિને પામું કે જે 'સ્વયંજ્યોતિ સુખધામ' સ્વરૂપ એવા આત્મામાં સદા પ્રગટ છે. આત્મામાં અનંત અખૂટ ગુણોની વિભૂતિ એટલે વૈભવ તે એકરૂપ થઈને સર્વકાળ સ્વભાવમાં રહેલો છે તેને હું આપની કૃપાએ હવે પ્રગટ કરું.'' ॥૧૨॥ -પ્ર.વિ.ભાગ.૧ (પૃ.૫)



'ને પરમાદર નાહીં'....

સત્પુરુષની અદ્‌ભુત દશા સમજાય તો પરમ આદરભાવ આવે

''સત્પુરુષની યથાર્થ જ્ઞાનદશા, સમ્યક્‌ત્વદશા, ઉપશમદશા તે તો જે યથાર્થ મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણે કેમકે પ્રત્યક્ષ તે ત્રણે દશાનો લાભ શ્રી સત્પુરુષના ઉપદેશથી કેટલાક અંશે થાય છે. જેમના ઉપદેશે તેવી દશાના અંશો પ્રગટે તેમની પોતાની દશામાં તે ગુણ કેવા ઉત્કૃષ્ટ રહ્યા હોવા જોઈએ તે વિચારવું સુગમ છે; અને એકાંત નયાત્મક જેમનો ઉપદેશ હોય તેથી તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવિત નથી તે પણ પ્રત્યક્ષ સમજાશે. સત્પુરુષની વાણી સર્વ નયાત્મક વર્તે છે.'' (વ.પૃ.૬૪૭)

પ.પૂ.પ્રભુશ્રીજીનો પ્રસંગ – પરમકૃપાળુદેવના વચનો પ્રત્યે પરમ આદરભાવ

''પરમકૃપાળુદેવનો પત્ર મળ્યા પછી અનુકૂળ વખત મળે ત્યારે જંગલમાં સ્વાધ્યાય વગેરે અર્થે જાય ત્યારે પ્રથમ નમસ્કાર આદિ વિનય કરી ઉલ્લાસભેર પત્ર ઉઘાડી મોતીના દાણા જેવા પરમકૃપાળુદેવના સ્વહસ્તાક્ષરો જોઈ પ્રભુશ્રીજીને રોમાંચ થઈ આવતો.

ધીમે ધીમે અમૃતના ઘૂંટડા ભરે તેમ બધો પત્ર સહર્ષ વાંચી, ફરી વાંચતા, વળી ફરી ફરી વાંચી વિચારતા; સત્પુરુષના પરમ ઉપકારને, તેની નિષ્કારણ કરુણાને હૃદયમાં ખડી કરી અત્યંત ભક્તિભાવે તે પત્રના આશયને હૃદયમાં ઉતારતા.'' (બો.૩ (પૃ. ૨૧૯)

એવો પરમ આદરભાવ પ.પૂ.પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવ પ્રત્યે હતો. ત્યારે જ આવું મોટું કામ આત્મહિતનું કરી શક્યા છે.

(શ્રી ઝવેરભાઈ ભગવાનભાઈ કાવિઠાના પ્રસંગમાંથી)

પરમ આદરભાવથી પરમકૃપાળુદેવ ઉપર તડકો આવવા દીધો નહીં

શ્રી ઝવેરભાઈનો પ્રસંગ :– ''શ્રી વડવા શ્રી પરમ કૃપાળુદેવ ભગવાન સાથે ૧-૨ દિવસ રહ્યા હતા. તે વખતે શ્રી ખંભાતથી હજારેક માણસ આવેલ હતું અને ૭ મુનિઓ પધાર્યા હતા, અને શ્રી પરમકૃપાળુ-દેવ ઉપર તડકો આવતો હતો તેથી પૂ.રતનભાઈ અને પૂ.ત્રિભોવનભાઈ સૂરજ આડા ઊભા રહી શ્રી પરમ કૃપાળુદેવ ઉપર તડકો આવવા દીધો નહીં.





મુનિશ્રી પધાર્યા તે વખતે શ્રી પરમકૃપાળુદેવ ગાદી ઉપર બિરાજેલ હતા તે ગાદી કાઢી નાખી પોતે જાજમ ઉપર બિરાજ્યા. તે વખતે સમોવસરણ જેવી રચના અમને આબેહૂબ લાગી હતી.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ. ૨૬૨)

(શ્રી સોમચંદ મહાસુખરામ અમદાવાદના પ્રસંગમાંથી)

પરમ આદરભાવથી પરમકૃપાળુદેવના ચરણ તળે કીનખાબના રેજા પાથર્યા

શ્રી સોમચંદભાઈનો પ્રસંગઃ– ''સં.૧૯૫૭ના કાર્તિક વદ ૩-૪ના દિવસે સવારમાં આવતી ગાડીમાં પરમકૃપાળુદેવ પધાર્યા અને સ્ટેશનથી બારોબાર આગાખાનના બંગલે પધાર્યા. પૂ.શ્રી પોપટલાલભાઈએ શેઠ પૂંજાભાઈ હીરાચંદની દુકાનેથી કીનખાબના રેજાની ગાંસડી મંગાવી તે તાકાના રેજા બંગલાના ઝાંપેથી માંડી પગથિયા તથા સીડી ઉપર હૉલ સુધી પાથરી દીધાં. તેના ઉપર શ્રી પરમકૃપાળુદેવ ચરણકમળ મૂકતાં મૂકતાં ઉપર પહોંચી બિરાજ્યા હતા.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૧૮)

સત્પુરુષની દશા સમજાય તો તેમના પ્રત્યે પરમ આદરભાવ આવે

પ.પૂ.પ્રભુશ્રીજી આહોર પધાર્યા ત્યારે ઘર ઘર દર્શન કરવા મુમુક્ષુઓ બોલાવી ગયા, ત્યારે રસ્તામાં પ્રભુશ્રીજીના પગ જમીન ઉપર પડવા દીધા નહીં. પણ આગળ આગળ ચાદરો પાથરી પાથરીને લઈ ગયા હતા. કારણ પ.પૂ.પ્રભુશ્રીજી પ્રત્યે આવો પરમ આદરભાવ મુમુક્ષુઓને હતો.

સત્પુરુષની અદ્‌ભુત દશા સમજાય તો તેમના પ્રત્યે પરમ આદરભાવ આવે. પણ હે પ્રભુ! મારામાં આપના પ્રત્યે જોઈએ તેવો પરમઆદરભાવ આવ્યો નહીં.

''જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.'' ૪

અર્થ : ''સદ્‌ગુરુ પ્રત્યે વિશ્વાસ અને આદરભાવ આવવા માટે સત્સંગની જરૂર છે. આવો સત્સંગનો યોગ પણ મને નથી. આપની સેવાનો પણ મને યોગ નથી. સેવાભાવ આવવા માટે, અર્પણતાની જરૂર છે. તેવી અર્પણતા પણ મારામાં નથી. અર્પણતા મેળવવા માટે અનુયોગનો આશ્રય લેવાનો છે. આવો આશ્રયનો પણ મને યોગ નથી. (પ્રથમાનુયોગ અથવા ધર્મકથાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ ચાર અનુયોગ કહેવાય છે.)'' -પૂ.શ્રી.બ્ર.જી. (પૃ.૧૪૬)

ભગવાન મહાવીરનો બધો બોધ આ ચાર અનુયોગમાં સમાય છે. પ્રથમાનુયોગમાં મહા-પુરુષોના જીવનચરિત્રોની કથાઓ આવે છે. મન જો કષાયવાળુ હોય ત્યારે એ કથાનુયોગ વિચારવા યોગ્ય છે. કરણાનુયોગમાં કર્મગ્રંથની વાતો આવે છે અને તેની પ્રકૃતિઓની ગણતરીની વાત આવે છે. તે, મન જ્યારે જડ જેવું થયું હોય ત્યારે વિચારવા યોગ્ય છે.

ચરણાનુયોગમાં ચારિત્ર સંબંધી વાતો આવે છે. તે, મન જ્યારે પ્રમાદી થઈ ગઈ ગયું હોય ત્યારે વિચારવા યોગ્ય છે.



દ્રવ્યાનુયોગમાં મૂળ આત્મા - આદિ દ્રવ્યોની વાતો આવે છે. તે, મન જ્યારે વૈરાગ્ય ઉપશમવાળું હોય ત્યારે વિચારવા યોગ્ય છે.

યથા સમયે તે તે ગ્રંથો વિચારવાથી વિશેષ લાભનું કારણ થાય છે.

'જોગ નથી સત્સંગનો'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :

'જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે'

''સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે; 'સત્સંગ મળ્યો' કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગના એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે. તેમજ આત્માને મલિન કરે છે. સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે.''

(વ.પૃ.૭૫)

'ઉત્તમશાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે'

''આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે; સત્પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે.'' (વ.પૃ.૭૫)

'અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો'

''તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વ સંગ પરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે. કેવળ એકાંત તે તો ધ્યાનમાં રહેવું કે યોગાભ્યાસમાં રહેવું તે છે, પરંતુ સમસ્વભાવીનો સમાગમ, જેમાંથી એક જ પ્રકારની વર્તનતાનો પ્રવાહ નીકળે છે તે, ભાવે એક જ રૂપ હોવાથી ઘણાં માણસો છતાં અને પરસ્પરનો સહવાસ છતાં તે એકાંતરૂપ જ છે; અને તેવી એકાંત માત્ર સંતસમાગમમાં રહી છે.'' (વ.પૃ.૭૫)

'જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ'

''સત્સંગથી જે સુખ, આનંદ મળે છે, તે અતિ સ્તુતિપાત્ર છે. જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહેરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.'' (વ.પૃ.૭૫)

અચિંત્ય સત્સંગ મળ્યે જીવ ન સુધરે તો તે અગિયારમું આશ્ચર્ય જ છે

''અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો



આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.'' (વ.પૃ.૬૫૨)

સ્વરૂપશુદ્ધિ ટકાવવા સત્સંગ સદૈવ સેવવા યોગ્ય

''અમ જેવા સત્સંગને નિરંતર ભજે છે, તો તમને કેમ અભજ્ય હોય?''

(વ.પૃ.૩૪૮)

જ્ઞાનીપુરુષ, મુમુક્ષુ પુરુષ કે માર્ગાનુસારી પુરુષનો સત્સંગ સદૈવ કર્તવ્ય

''સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ તોપણ સત્સંગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે, તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અંતરાય વર્તે છે. ઘણું કરી કોઈ વાતનો ખેદ 'અમારા આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સંગના અંતરાયનો ખેદ અહોરાત્ર ઘણું કરી વર્ત્યા કરે છે.' 'સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસંગો અજાણ્યા જેવાં, સાવ પરના, ઉદાસીન જેવાં, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વભાવિકપણે ભાસે છે.' માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુપુરુષો, કે માર્ગાનુસારીપુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો, પ્રીતિકર, સુંદર, આકર્ષનાર અને રસસ્વરૂપ ભાસે છે. એમ હોવાથી અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું તમ જેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબદ્ધપણું પામે છે.''

(વ.પૃ.૩૯૩)

સર્વ વિકારથી મુક્ત મનને પણ સત્સંગનું બંધન જરૂરી

''અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિક વિષયોથી અપ્રતિબંધ જેવું છે; કુટુંબથી, ધનથી, પુત્રથી, 'વૈભવ'થી, સ્ત્રીથી કે દેહથી મુક્ત જેવું છે; તે મનને પણ સત્સંગને વિષે બંધન રાખવું બહુ બહુ રહ્યા કરે છે.'' (વ.પૃ.૩૨૩)

કળિયુગ છે માટે અપૂર્વ એવા સત્સંગમાં જ નિરંતર રહેવું જરૂરી

''એક સમયે પણ વિરહ નહીં, એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઇચ્છીએ છીએ. પણ તે તો હરિઇચ્છાવશ છે.

કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઈ ગઈ છે. અધંકાર વ્યાપ્ત છે. અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.'' (વ.પૃ.૩૦૪)

સત્સંગ અને સત્પુરુષ વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં

''સત્સંગ ને સત્યસાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તોપણ ઘડો થાય નહીં, તેમ કલ્યાણ થાય નહીં.'' (વ.પૃ.૭૦૩)



પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે માટે પુરુષાર્થ કરવો

''તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થ-રહિતપણાનું છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો; અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ – પુરુષાર્થ શ્રેષ્ઠ છે.'' (વ.પૃ.૭૦૩)

સત્પુરુષથી અનંત જીવ તરી ગયા અને સત્સંગ વિના આખું જગત ડૂબી ગયું


''એમ નિશ્ચય કરવો કે સત્પુરુષના કારણ-નિમિત્ત-થી અનંત જીવ તરી ગયા છે. કારણ વિના કોઈ જીવ તરે નહીં. અશોચ્યાકેવલીને પણ આગળ પાછળ તેવો યોગ પ્રાપ્ત થયો હશે. સત્સંગ વિના આખું જગત ડૂબી ગયું છે!'' (વ.પૃ.૭૦૩)

સાચો મેળો સત્સંગનો, એવા મેળામાં વૃત્તિની ચંચળતા ઓછી થાય

''લૌકિક મેળામાં વૃત્તિને ચંચળ કરે એવા પ્રસંગ વિશેષ હોય. સાચો મેળો સત્સંગનો. એવા મેળામાં વૃત્તિની ચંચળતા ઓછી થાય, દૂર થાય. માટે સત્સંગમેળાને જ્ઞાનીઓએ વખાણ્યો છે, ઉપદેશ્યો છે.'' (વ.પૃ.૬૭૧)

સાચો મેળો સત્સંગનો

ખેડૂત કુટુંબનું દૃષ્ટાંત :– ''એક ગામમાં કોઈ નવું ખેડૂત કુટુંબ વસવાટને ઈરાદે હળ-ઓજાર, ઘરવખરી વગેરે લઈને આવ્યું. ગામને ભાગોળે તળાવ-ની પાળે હારબંધ તખ્તી ઓ લખેલી જોઈ. દરેક ઉપર મરનારનું નામ અને આયુષ્યની અવધિ નોંધેલી. કોઈ છ માસ; બાર માસ; વરસ; બે વરસ; ત્રણ ચાર વરસ થી વધુ કોઈ નહીં! આ ગામના લોકો આટલા અલ્પ આયુષી?





કુટુંબે વસવાટનો નિર્ણય તત્કાળ ફેરવ્યો અને ગાડા જોડી પાછા જવા નીકળ્યા. ગામના ઘરડાઓએ આ દૃશ્ય જોયું ને પાછા વાળવા માણસ દોડાવ્યો. કુટુંબના મુખીને પાછો વાળી લાવ્યા અને પૂછ્યું કે : 'કેમ પાછા વળ્યા? અમારો કંઈ વાંકગુનો?'

મહાજનો, તખ્તીઓ જોયા પછી મન ન થયું - મન ન માન્યું. જે ગામમાં કોઈ પાંચ વર્ષ પણ ન જીવે, ત્યાં છોરૂવાછરું થતાં રહેવું કઈ રીતે?

ભાઈ તમે ન સમજ્યા. અમારું ગામ તો સત્સંગી. ભગવાનની ભક્તિ કરીએ એટલું જ અમારું જીવ્યું લેખે ગણાય, બીજું નહીં. એટલે સૌએ રોજ રોજ પ્રભુનામનું કીર્તન કર્યું હોય તે જ ઘડી નોંધે અને મરે ત્યારે એટલું જ જીવ્યો એમ લખાય. તે આ તખ્તીઓ ઉપર લખેલ છે. આ હૈયે બેસતું હોય તો તમે નિરાંતે ગાડાં પાછા વાળીને આવો. સત્સંગી ગામ જાણી તેઓ બધા પાછા આવ્યાં ને જાત મહેનત કરી જીવ્યા અને સત્સંગ ભક્તિ કરીને ભવ તર્યા.'' (સંતોના જીવનમાંથી)

'કોઈ પણ પ્રકારે સત્સંગનો જોગ બને તો તે કર્યા રહેવું'

''કોઈ પણ પ્રકારે સત્સંગનો જોગ બને તો તે કર્યા રહેવું. એ કર્તવ્ય છે, અને જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય અથવા વધ્યા કરતું હોય તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતું રહેવું, એ સત્સંગમાં પણ ફળ આપનાર ભાવના છે.'' (વ.પૃ.૩૨૩)

સત્સંગના અભાવમાં સમભાવ અથવા અદ્વેષભાવ રહે તેમ કરવું

''મુમુક્ષુજન સત્સંગમાં હોય તો નિરંતર ઉલ્લાસિત પરિણામમાં રહી આત્મસાધન અલ્પ-કાળમાં કરી શકે છે, એ વાર્તા યથાર્થ છે; તેમ જ સત્સંગના અભાવમાં સમપરિણતિ રહેવી એ વિકટ છે; તથાપિ એમ કરવામાં જ આત્મસાધન રહ્યું હોવાથી ગમે તેવાં માઠાં નિમિત્તમાં પણ જે પ્રકારે સમપરિણતિ આવે તે પ્રકારે પ્રવર્તવું એ જ યોગ્ય છે. જ્ઞાનીના આશ્રયમાં નિરંતર વાસ હોય તો સહજ સાધન વડે પણ સમપરિણામ પ્રાપ્ત હોય છે, એમાં તો નિર્વિવાદતા છે, પણ જ્યારે પૂર્વકર્મના નિબંધનથી અનુકૂળ નહીં એવાં નિમિત્તમાં નિવાસ પ્રાપ્ત થયો છે, ત્યારે ગમે તેમ કરીને પણ તેના પ્રત્યે અદ્વેષપરિણામ રહે એમ પ્રવર્તવું એ જ અમારી વૃત્તિ છે, અને એ જ શિક્ષા છે.''

(વ.પૃ.૩૪૮)

'જીવને સત્સંગ એજ મોક્ષનું પરમ સાધન છે'

''ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે. જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે; અને આર્યત્વને વિષે મતિ કરતો નથી.

માટે મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.'' (વ.પૃ.૨૮૭)



સત્સંગ જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, સાંભળ્યું નથી

''પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી.'' (વ.પૃ.૨૮૭)

સત્સંગમાં જ્ઞાનીના વચનબળે કામનું સામર્થ્ય નાશ કરી શકાય

''સત્સંગ છે તે કામ બાળવાનો ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષના વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત. એ જ વિનંતિ.'' (વ.પૃ.૪૧૩)

અસંગ એવું આત્મસ્વરૂપ તે સત્સંગથી સુલભપણે જણાય

''અસંગ એવું આત્મસ્વરૂપ સત્સંગને યોગે સૌથી સુલભપણે જણાવા યોગ્ય છે, એમાં સંશય નથી. સત્સંગનું માહાત્મ્ય સર્વ જ્ઞાનીપુરુષોએ અતિશય કરી કહ્યું છે, તે યથાર્થ છે. એમાં વિચારવાનને કોઈ રીતે વિકલ્પ થવા યોગ્ય નથી.'' (વ.પૃ.૪૯૧)

(શ્રી વ્રજભાઈ ગંગાદાસ પટેલ કાવિઠાના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવના પ્રતાપે ક્રોધ પ્રકૃતિમાં સાવ પલટો

શ્રી વ્રજભાઈનો પ્રસંગ :– ''પહેલાં મને એટલો બધો ક્રોધ કષાય વર્તતો હતો કે સહજ સહજ બાબતમાં પણ હું તપી જતો; અને ક્રોધાતુર થઈ દરેકની સાથે તકરારો કરતો. જેથી તે સમયમાં લોકોમાં મારી એવી છાપ પડી ગઈ હતી કે આ માણસને છંછેડવા જેવો નથી. તે કારણે સઘળા લોકો મારાથી દૂર રહેતા હતા. ત્યારપછી સાહેબજીના સમાગમમાં આવ્યા બાદ તેમની કૃપાએ તે કષાય સહેજે મોળો પડ્યો અને એવો સરળભાવ વર્તે છે કે કોઈ મારું ગમે તેટલું વાંકુ બોલતો હોય તો પણ તેનો ખેદ મને થતો નથી. અને સઘળા સાથે નાના બાળકની માફક લઘુત્વભાવે વર્તવાનું થાય છે. સઘળા લોકોમાં મારી છાપ સારી પડી છે તેથી કહે છે કે વ્રજભાઈ તો તદ્દન બદલાઈ જ ગયા. પ્રથમ કોઈ મારી સંગત કરતું નહોતું, તે હાલમાં સઘળા લોકો મારા પર ઘણી જ ચાહના રાખે છે. આ સઘળો પ્રતાપ સદ્‌ગુરુદેવ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર ભગવાનનો જ છે.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૨૫૯)

ક્ષણવારના સત્પુરુષના સમાગમથી પણ તરી શકાય

''क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका.''



''ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે. એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે.'' (વ.પૃ.૨૨૪)

ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ અદ્‌ભુત ફળ આપે

નારદજીનું દૃષ્ટાંત :– ''એક વખત નારદજીએ ભગવાનને 'સત્સંગનું માહાત્મ્ય શું?'– એમ પ્રશ્ન કર્યો. નારદજીને ભગવાને કહ્યું–અમુક વડ ઉપર એક કાચીંડાનું બચ્ચું હાલ જન્મ્યું છે તેને જઈને પૂછો. ભગવાનની આજ્ઞા થઈ, તેથી ત્યાં જઈને તેમણે પૂછ્યું કે તે તરફડીને મરી ગયું.




એટલે ભગવાન પાસે આવી બધી હકીકત કહી સંભળાવી. ભગવાને ફરી બીજા ઝાડના એક માળામાં પોપટનું બચ્ચું છે તેને પૂછવા મોકલ્યા; તો ત્યાં પણ જઈ સત્સંગનું માહાત્મ્ય પૂછ્યું કે તેણે દેહનો ત્યાગ કર્યો.





ફરી પશ્ચાત્તાપપૂર્વક ભગવાનને નિવેદન કર્યું કે હે ભગવાન! મને પાપ લાગે તેવી જગાએ કેમ મોકલો છો? ભગવાને સમજાવીને ફરી રાજાને ત્યાં કુંવર જન્મ્યો હતો તેને ત્યાં મોકલ્યા. ત્યાં તો જો બાળક મરી જશે તો જરૂર પકડીને તે લોકો શિક્ષા કરશે એવો ભય લાગ્યો, પણ ભગવાનની આજ્ઞા મુશ્કેલી ભરેલી પણ પાળવી એવો નિશ્ચય કરી ત્યાં જઈ તરત જન્મેલા બાળકને મગાવી નારદ ઋષિએ પૂછ્યું કે સત્સંગનું માહાત્મ્ય શું? બાળકે કહ્યું : ''તમે હજી ન સમજ્યા? પહેલાં કાચીંડાના ભવમાં તમે મને દર્શન



દીધાં તેથી હું પોપટ થયો અને ત્યાં ફરી તમારાં દર્શન થતાં અહીં હું રાજપુત્ર થયો. એ બધો સત્સંગનો પ્રતાપ છે.'' (બો.૩ પૃ.૩૨૨)

આત્માના હિતરૂપ એવા સંગ વિના બીજા સર્વ સંગ મૂકી દેવા

''આત્મહેતુભૂત એવા સંગ વિના સર્વ સંગ મુમુક્ષુ જીવે સંક્ષેપ કરવા ઘટે છે. કેમકે તે વિના પરમાર્થ આવિર્ભૂત થવો કઠણ છે, અને તે કારણે આ વ્યવહાર, દ્રવ્યસંયમરૂપ સાધુત્વ શ્રી જિને ઉપદેશ્યું છે. એ જ વિનંતિ. સહજાત્મસ્વરૂપ.'' (વ.પૃ.૪૮૮)



નિરંતર સત્સંગની ઇચ્છા અને અસત્સંગમાં ઉદાસીનતા રાખવી

''આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સત્સંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતોવખત અને પ્રસંગે પ્રસંગે કર્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઇચ્છા, અસત્સંગમાં ઉદાસીનતા રહેવામાં મુખ્ય કારણ તેવો પુરુષાર્થ છે, એમ જાણી જે કંઈ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.'' (વ.પૃ.૨૯૪)

કુળગુરુ વૈરભાવ શીખવાડે તો તે કુગુરુ

પ્રહ્‌લાદનું દૃષ્ટાંત :– ''પ્રહ્‌લાદને તેના કુળગુરુ શુક્રાચાર્યે પૂછ્યું, 'તારા બાપને મારવા માટે તેં વિષ્ણુ અવતાર નરસિંહને વિનંતી કરી હતી?' પ્રહ્‌લાદે કહ્યું : 'ના, મેં કોઈને મારવાનો ભાવ પણ કર્યો નથી.' શુક્રાચાર્યે કહ્યું : 'તો તારા બાપને મારનાર પર તારે વેર રાખવું જોઈએ;



સુપુત્રે તો પિતાનું વેર લેવું જોઈએ.' એમ વારંવાર કહેવાથી વિષ્ણુ સાથે યુદ્ધ કરવા અસુરસૈન્ય સજ્જ કરી તે મેદાનમાં આવ્યો. વિષ્ણુને કુગુરુ કેવું ભરાવે છે તે જોઈને, હસવું આવ્યું. પણ ભક્તને સમજાવવો એ પોતાનું કર્તવ્ય સમજી, એક વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ, પ્રહ્‌લાદ પાસે તે આવ્યા અને પૂછ્યું, 'મહારાજ, આ લશ્કર લઈ ક્યાં ચડાઈ કરી છે?'



પ્રહ્લાદે કહ્યું : 'મારા પિતાનું વેર લેવા વિષ્ણુ પર ચડાઈ કરી છે.' તે બ્રાહ્મણે કહ્યું : 'મારા પુત્રનો પણ તેણે વધ કર્યો છે, માટે હું પણ તમારી સાથે વેર લેવા આવવા ઇચ્છું છું. પણ તે ક્યાં રહે છે, તે જાણો છો?' પ્રહ્લાદ કહે, 'તેની ખબર નથી.' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે 'તે બળવાન બહુ છે એમ સાંભળ્યું છે, તો પ્રથમ તમારા બળની મને ખાતરી કરી આપો તો જણાય કે તમે તેને જીતશો. આ મારી લાકડી જમીન ઉપરથી ઉપાડી દ્યો જોઈએ.'

પ્રહ્લાદે ઘણું બળ કર્યું પણ લાકડી ઊપડી નહીં. તેથી તેણે જાણ્યું કે આ જ વિષ્ણુ ભગવાન લાગે છે, તેથી તેમને પગે પડી વિનંતી કરી કે 'મારી રક્ષા કરો. હે ભગવાન! હું તો પુરોહિતથી ભોળવાઈ ગયો હતો.



વિષ્ણુ કહે : 'તું તો મને મારવા તૈયાર થયો છે. માટે તું મારી રક્ષા કર એમ વિનોદમાં સમજાવી તે અંતર્ધાન થઈ ગયા.'' (પ્રવેશિકા પૃ.૧૧૪)

આપણને સાચા આત્મજ્ઞાની ગુરુ મળ્યા છે માટે અવશ્ય આત્મહિત કરી લેવું જોઈએ.



સત્સંગથી આત્મવિચાર ઉત્પન્ન થઈ અંતે જીવનો મોક્ષ થાય

''આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.'' (વ.પૃ.૪૫૧)

કલિયુગમાં મહાપુણ્યે સત્પુરુષનો યોગ અને સત્સંગ મળે

''સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ મળવો બહુ કઠણ છે, એમાં સંશય નથી. ગ્રીષ્મ ઋતુના તાપથી તપાયમાન થયેલા પ્રાણીને શીતળ વૃક્ષની છાયાની પેઠે મુમુક્ષુ જીવને સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ ઉપકારી છે. સર્વ શાસ્ત્રોમાં તેવો યોગ મળવો દુર્લભ કહ્યો છે.'' (વ.પૃ.૬૧૩)

સત્સંગના વિરહમાં સત્પુરુષના વચન વિચારવાનું રાખવું યોગ્ય

''સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્ય કરી તે ભાવનાની ઉન્નત્તિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું, તે યોગ્ય છે.'' (વ.પૃ.૩૨૯)

બાહ્ય ઉપાધિ ઓછી કરી સત્સંગ વિશેષ કરવો

''સત્સંગ થાય ત્યારે માયા વેગળી રહે છે; અને સત્સંગનો યોગ મટ્યો કે પાછી તૈયાર ને તૈયાર ઊભી છે. માટે બાહ્યઉપાધિ ઓછી કરવી. તેથી સત્સંગ વિશેષ થાય છે. આ કારણથી બાહ્યત્યાગ શ્રેષ્ઠ છે. બાહ્યત્યાગમાં જ્ઞાનીને દુઃખ નથી; અજ્ઞાનીને દુઃખ છે. સમાધિ કરવા સારુ સદાચરણ સેવવાનાં છે. ખોટા રંગ તે ખોટા રંગ છે. સાચો રંગ સદા રહે છે. જ્ઞાનીને મળ્યા પછી દેહ છૂટી ગયો, (દેહ ધારણ કરવાનું ન રહે) એમ સમજવું. જ્ઞાનીનાં વચનો પ્રથમ કડવાં લાગે છે, પણ પછી જણાય છે કે જ્ઞાનીપુરુષ સંસારનાં અનંત દુઃખો મટાડે છે. જેમ ઓસડ કડવું છે, પણ ઘણા વખતનો રોગ મટાડે છે તેમ.'' (વ.પૃ.૭૦૬)

દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યક્તા

''જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે આત્માર્થી જીવને તથારૂપ જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દૃઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે, જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિએ દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે. સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા વારંવાર



કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.'' (વ.પૃ.૬૨૯)

આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન નિમિત્ત કોઈ નથી

''આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી, છતાં તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને?'' (વ.પૃ.૪૨૩)

'મનુષ્ય અવતાર મળ્યો છે ને સદાચાર નહીં સેવે, તો પસ્તાવાનું થશે'

''સત્સંગ હોય તો ઘણા ગુણો સહેજે થાય. દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહમર્યાદા આદિ અહંકારરહિત કરવાં. લોકોને બતાવવા અર્થે કાંઈ પણ કરવું નહીં. મનુષ્ય અવતાર મળ્યો છે, ને સદાચાર નહીં સેવે, તો પસ્તાવાનું થશે. મનુષ્ય અવતારમાં સત્પુરુષનું વચન સાંભળવાનો, વિચારવાનો યોગ મળ્યો છે.'' (વ.પૃ.૭૨૫)

(શ્રી પોપટભાઈ મહોકમચંદ અમદાવાદના પ્રસંગમાંથી)

ચોથા આરાના મુનિઓ જેવો સત્સંગ મળતા છતાં લોકો ભૂલે છે

શ્રી પોપટભાઈનો પ્રસંગ :– ''એકવાર શંખપર શ્રી લલ્લુજી મુનિ આદિ પાસે જતાં શ્રીમદે કહેલ–લોકો વાણિયા નથી, ભૂલે છે. ચોથા આરાનું મળે છે છતાં ભૂલે છે. ચોથા આરામાં પણ મળવો દુર્લભ તે મળતાં છતાં ભૂલે છે!'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૩૧૨)

સત્સંગના વિયોગમાં આત્મબળ વધારી સત્શાસ્ત્રનો પરિચય રાખવો

''જીવને પરમાર્થ પામવામાં અપાર અંતરાય છે, તેમાં પણ આવા કાળને વિષે તો તે અંતરાયોનું અવર્ણનીય બળ હોય છે. શુભેચ્છાથી માંડી કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચતાં ઠામ ઠામ તે અંતરાયો જોવામાં આવે છે, અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યેથી પાડે છે. જીવને મહત્ પુણ્યના ઉદયથી જો સત્સમાગમનો અપૂર્વ લાભ રહ્યા કરે તો તે નિર્વિઘ્નપણે કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય છે. સત્સમાગમના વિયોગમાં જીવે આત્મબળને વિશેષ જાગ્રત રાખી સત્શાસ્ત્ર અને શુભેચ્છાસંપન્ન પુરુષોના સમાગમમાં રહેવું યોગ્ય છે.'' (વ.પૃ.૬૧૨)

આત્મદશા વધારવા સત્શાસ્ત્ર અને સદાચારની જાગૃતિ સદૈવ રાખવી

''સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદાચારમાં દૃઢ નિવાસ એ આત્મદશા થવાનાં પ્રબળ અવલંબન છે. સત્સમાગમનો યોગ દુર્લભ છે, તોપણ મુમુક્ષુએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે. તે યોગના અભાવે તો અવશ્ય કરી સત્શાસ્ત્રરૂપ વિચારના અવલંબને કરી સદાચારની જાગૃતિ જીવે રાખવી ઘટે છે.'' (વ.પૃ.૬૧૧)



સત્સંગથી જીવનમાં પલટો આવે તો સત્સંગ સફળ છે

"સત્સંગ થયો છે તેનો શો પરમાર્થ? સત્સંગ થયો હોય તે જીવની કેવી દશા થવી જોઈએ? તે ધ્યાનમાં લેવું. પાંચ વરસનો સત્સંગ થયો છે તો તે સત્સંગનું ફળ જરૂર થવું જોઈએ અને જીવે તે પ્રમાણે વર્તવું જોઈએ. એ વર્તન જીવે પોતાના કલ્યાણના અર્થે જ કરવું પણ લોકોને દેખાડવા અર્થે નહીં. જીવના વર્તનથી લોકોમાં એમ પ્રતીત થાય કે જરૂર આને મળ્યા છે તે કોઈ સત્પુરુષ છે. અને તે સત્પુરુષના સમાગમનું, સત્સંગનું આ ફળ છે તેથી જરૂર તે સત્સંગ છે એમાં સંદેહ નહીં." (વ.પૃ.૬૮૭)

માત્ર આત્માર્થે સાધન કરે તેને સત્સંગ સફળ થાય

"જગતને બતાવવા જે કંઈ કરતો નથી તેને જ સત્સંગ ફળીભૂત થાય છે. સત્સંગ ને સત્પુરુષ વિના ત્રણે કાળને વિષે કલ્યાણ થાય જ નહીં." (વ.પૃ.૬૯૬)

(શ્રી નગીનદાસ ધરમચંદ અમદાવાદના પ્રસંગમાંથી)

જ્ઞાનીપુરુષની સેવા કરનાર ઘણા મળશે પણ જ્ઞાનીપુરુષ નહીં મળે

શ્રી નગીનદાસનો પ્રસંગ :–"પરમકૃપાળુદેવે જણાવ્યું કે અહીં સુધી આવીને પ્રમાદ થાય તો પછી ત્રણ ગાઉ સુધી જતાં-આવતાં રસ્તો થાય તે આંટો શું કરવા ખાવો જોઈએ? પછી અમે કહ્યું કે હવેથી જેમ આજ્ઞા હશે તેમ કરીશું. પછી પરમકૃપાળુદેવે એક પુસ્તક વાંચવા આપ્યું તે અમો બધા નીચે બેસીને વાંચતા હતા. એક દિવસે એક ભાઈને પ.કૃ.દેવે જણાવ્યું કે જ્ઞાનીપુરુષની સેવા કરનારા ઘણા મળશે, પણ તેવી સેવા કરાવનાર પુરુષો નહીં મળે એમ જણાવ્યું હતું."

(શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૩૩૧)

અવ્યાબાધ સમાધિ માટે સત્સંગ સરળ ઉપાય

"જ્ઞાનીપુરુષ કે જેને એકાંતે વિચરતાં પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે, કેમકે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય તો સત્સંગ જેવો કોઈ સરળ ઉપાય નથી. આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે. એ જ વિનંતિ." (વ.પૃ.૪૨૨) "સત્સંગનો લેશ અંશ પણ નહીં મળવાથી બિચારો આ આત્મા વિવેકઘેલછા ભોગવે છે." (વ.પૃ.૧૬૯)

સંત સમાગમ કે આત્મા જેમાં વર્ણવ્યો છે એવા શાસ્ત્ર પ્રત્યે રુચિ કર્તવ્ય

"સત્સંગ થવાનો પ્રસંગ ઇચ્છીએ છીએ, પણ ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી. ચિત્ત ઘણી વાર તમ પ્રત્યે રહ્યા કરે છે. જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રુચિનાં કારણ રહ્યા નથી. જે કંઈ રુચિ રહી છે તે માત્ર એક સત્યનું ધ્યાન કરનારા એવા સંત પ્રત્યે, જેમાં આત્માને વર્ણવ્યો છે એવાં સત્શાસ્ત્ર પ્રત્યે, અને પરેચ્છાએ પરમાર્થના નિમિત્ત-કારણ એવાં દાનાદિ પ્રત્યે રહી છે. આત્મા તો કૃતાર્થ સમજાય છે." (વ.પૃ.૩૨૫)



જેમાં આત્મા ઠરી રહે એવા સત્સંગ પ્રત્યે જીવની રુચિ નથી એ આશ્ચર્ય છે

''જવાહિરી લોકોનું એમ માનવું છે કે એક સાધારણ સોપારી જેવું સારા રંગનું, પાણીનું અને ઘાટનું માણેક (પ્રત્યક્ષ) એબ રહિત હોય તો તેની કરોડો રૂપિયા કિંમત ગણીએ તોપણ તે ઓછું છે. જો વિચાર કરીએ તો માત્ર તેમાં આંખનું ઠરવું અને મનની ઇચ્છા ને કલ્પિત માન્યતા સિવાય બીજું કાંઈ નથી, તથાપિ એક આંખના ઠરવાની એમાં મોટી ખૂબીને માટે અને દુર્લભ પ્રાપ્તિને કારણે જીવો તેનું અદ્‌ભુત માહાત્મ્ય કહે છે; અને અનાદિ દુર્લભ, જેમાં આત્મા ઠરી રહે છે એવું જે સત્સંગરૂપ સાધન તેને વિષે કંઈ આગ્રહ–રુચિ નથી, તે આશ્ચર્ય વિચારવા યોગ્ય છે.'' (વ.પૃ.૩૮૦)

ધાર્મિક કથા મુખ્ય સત્સંગમાં રહી; પણ જીવને માહાત્મ્ય નથી

''પુસ્તક વાંચવામાં જેથી ઉદાસીનપણું, વૈરાગ્ય કે ચિત્તની સ્વસ્થતા થતી હોય તેવું ગમે તે પુસ્તક વાંચવું. તેમાં યોગ્યપણું પ્રાપ્ત થાય તેવું પુસ્તક વાંચવાનો વિશેષ પરિચય રાખવો.

ધર્મકથા લખવા વિષે જણાવ્યું તો તે ધાર્મિક કથા મુખ્ય કરીને તો સત્સંગને વિષે જ રહી છે. દુષમકાળપણે વર્તતા આ કાળને વિષે સત્સંગનું માહાત્મ્ય પણ જીવના ખ્યાલમાં આવતું નથી.

કલ્યાણના માર્ગનાં સાધન કયાં હોય તે ઘણી ઘણી ક્રિયાદિ કરનાર એવા જીવને પણ ખબર હોય એમ જણાતું નથી.'' (વ.પૃ.૨૧૯)

સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું ઉત્પન્ન થાય

''૬. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે. કે જે સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.'' (વ.પૃ.૪૬૯)

સત્સંગને પરમહિતકારી જાણી પરમસ્નેહે ઉપાસવા યોગ્ય

''૭. તે સત્સંગ પણ જીવને ઘણી વાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે, કેમકે તે સત્સંગને ઓળખી, આ જીવે તેને પરમ હિતકારી જાણ્યો નથી; પરમ સ્નેહે ઉપાસ્યો નથી; અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કર્યો છે, એમ કહ્યું છે. આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સહજસમાધિપર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું.''

(વ.પૃ.૪૬૯)

બીજા સાધનને ગૌણ કરી પ્રથમ સત્સંગ જ ઉપાસનીય

''૮. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ સત્સંગ જ



સર્વાર્પણપણે ઉપાસવા યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.'' (વ.પૃ.૪૬૯)

સત્સંગના બાધક કારણોને ન છોડે તો સત્સંગ ફળવાન થાય નહીં

''૯. તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે; કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવા માઠાં કારણોનો ત્યાગ ન કર્યો!'' (વ.પૃ.૪૬૯)

આ બાધક કારણો સત્સંગ ફળવાન ન થવા દે

''૧૦. મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પ કાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.'' (વ.પૃ.૪૬૯)

સત્સંગને અર્થે દેહત્યાગ થાય તો ભલે થાય

''૧૧. સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.''' (વ.પૃ.૪૭૦)

અભયકુમારની બુદ્ધિથી આવેલ જાગૃતિ


આર્દ્રકુમારનું દૃષ્ટાંત :– ''હાલમાં એડન કહેવાય છે ત્યાં આદન નામનો રાજા હતો. તે વખતે મગધદેશમાં શ્રેણિક રાજા હતો. તે બંને રાજાઓને પોતપોતાને સ્થાને રહ્યા રહ્યા પરસ્પર પ્રીતિભાવ હતો, તેથી તેઓ એક બીજાને સારી સારી વસ્તુઓ મંત્રી દ્વારા ભેટ મોકલતા હતા. આદન રાજાને આર્દ્રકુમાર અને શ્રેણિકરાજાને અભયકુમાર નામે પુત્ર હતા. પિતાને લઈને તેના પુત્રોને પણ પ્રીતિભાવ થયો; તેથી એકવાર આર્દ્રકુમારે, પોતાના પિતાએ શ્રેણિક રાજાને ભેટ મોકલી ત્યારે પોતે પણ અભયકુમાર માટે કેટલીક વસ્તુઓ કોટી મૂલ્યવાળા મણિ અને વસ્ત્રો વગેરે ભેટ તરીકે મોકલ્યાં.

તે વસ્તુઓ મળ્યા પછી તે લાવનારા પાછા જવાના હતા ત્યારે શ્રેણિક રાજાએ આદન રાજા માટે ભેટની વસ્તુઓ મોકલી. તે સાથે અભયકુમારે પણ આર્દ્રકુમારનું ભેટણું જોઈ વિચાર્યું કે પૂર્વભવમાં આર્દ્રકુમારે કંઈ વ્રતની વિરાધના કરી હશે તેથી તેનો અનાર્યદેશમાં જન્મ થયો છે. પણ



નિકટભવિ જણાય છે માટે હું એવી વસ્તુ મોકલું કે જેથી એને જાતિસ્મરણજ્ઞાન થાય. તેથી એક પેટીમાં ઋષભદેવ પ્રભુની પંચ ધાતુની મૂર્તિ પૂજાના ઉપકરણો સહિત મૂકીને મોકલી. સેવકોને કહ્યું કે–'આ પેટી આર્દ્રકુમારને હાથોહાથ આપજો. અને તે એકાંતમાં એકલા હોય ત્યારે ઉઘાડીને જુએ એમ કહેજો.' સેવકોએ એમ જ કર્યું.

આર્દ્રકુમારે એકાંતમાં પેટી ઉઘાડી અને પ્રતિમાજી જોઈને બહુ જ રાજી થયો. પછી 'આ આભૂષણ ક્યાં પહેરવાનું હશે?' એમ વિચારી હાથે ગળે માથે બધે લગાડી જોયું, પણ ઠીક લાગ્યું નહિ. પછી સામે મૂકીને જોવા લાગ્યો તો બહુ ઠીક લાગ્યું. તે વખતે તેના મનમાં વિચાર થયો કે- 'મેં આવું કાંઈક જોયું છે.' ઉહાપોહ કરતાં જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વભવ દીઠો.



પૂર્વભવે ચારિત્ર વિરાધેલું તેથી અનાર્યદેશમાં ઉત્પન્ન થયાનું સમજાણું, એટલે પછી આર્ય દેશમાં જવાની અને દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છા થઈ. તેના પિતા તેને આર્ય દેશમાં જવા દે તેમ ન હોવાથી છુપી રીતે નીકળી ગયો. આર્યભૂમિ પર આવી દીક્ષા લીધી. અભયકુમારને મળ્યો. પરસ્પર બહુ પ્રેમ થયો. પછી એકવાર સ્ખલના થઈ પણ પછી વિશુદ્ધ ચારિત્ર પાળી ઉગ્ર તપ કરી પ્રાંતે કેવળજ્ઞાન પામીને પાંચસો મુનિ સાથે મોક્ષે ગયા.

આ બધા સત્સંગતિના ફળ છે, તેથી પિતાની ખાસ ફરજ છે કે–પુત્રને સારા સંસ્કાર આપે, સત્સંગ કરાવે, સારા પુસ્તકો વાંચવા માટે લાવે જેથી જીવનું કલ્યાણ થાય.''



જ્ઞાનીના ઉપદેશને પ્રત્યક્ષ તુલ્ય જાણી આરાધવાથી સમ્યક્ત્વ

''૧૨. સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.'' (વ.પૃ.૪૭૦)

સત્સંગથી પ્રાપ્ત બોધને અનુસરે નહીં તો કદી કલ્યાણ થાય નહીં

''૧૩. જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્ત્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઇંદ્રિય વિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યા જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યાં જ કરવાં; કેમકે સત્સંગપ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.'' (વ.પૃ.૪૭૦)

'જોગ નથી સત્સંગનો'.....



પુણ્ય વિના સત્સંગ કરવો સૂઝે નહીં તેમ મળે પણ નહીં

કંદોઈની છોકરીનું દૃષ્ટાંત :—''૧. દુકાળના વખતમાં કેટલાક મજૂરો ટોપલા અને કોદાળી, પાવડા લઈને મજૂરી કરવા જતા હતા. તેમને જોઈને કંદોઈની છોકરીએ તેના પિતાને પૂછ્યું કે આ બધા ક્યાં જાય છે? કંદોઈએ કહ્યું, મજૂરી કરવા જાય છે. તેણે પૂછ્યું કેમ મજૂરી કરવા જાય છે?



કંદોઈએ કહ્યું, દુકાળમાં ખાવાનું મળે નહીં, માટે મહેનત કરીને પેટ ભરવાનું કરે છે. ત્યારે તે છોકરીએ કહ્યું કે 'આ ખાજાંની ભૂકરી ખાય નહીં?' કંદોઈએ કહ્યું, 'એ તો તને મળે, પણ એમને ક્યાંથી મળે?'

તેમ સત્સંગનો દુકાળ છે. તે શોધ્યો પણ મળવો મુશ્કેલ છે. પણ જેને પૂર્વના પુણ્ય વડે સત્સંગ મળ્યો છે તેને એમ થાય કે 'બધા આવો સત્સંગ ન કરે?' પણ પુણ્ય વિના સત્સંગ કરવો ય સૂઝે એમ નથી, તેમ મળવો પણ દુર્લભ છે.'' (ઉ.પૃ.૧૯૩)

સત્સંગથી આત્માની શ્રદ્ધા થાય છે, બોધ પરિણમે છે

''સત્સંગનું માહાત્મ્ય અથાગ છે. સત્સંગમાં શું છે? આત્માની શ્રદ્ધા થાય છે, પરિણમન થાય છે.'' (ઉ.પૃ.૪૭૪)

સત્સંગના યોગે તિર્યંચ ગતિના જીવો પણ દેવગતિને પામ્યા

''કૃપાળુદેવનું વચન છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે. ઉપદેશ, સત્સંગ જેવું સંસારથી તરી જવાને બીજું કોઈ સાધન નથી. સત્સંગના યોગે તિર્યંચગતિના જીવો પણ સત્પુરુષના બોધે દેવગતિ પામી, સમકિત પામી મોક્ષ પ્રાપ્ત થયા છે, તેવી શાસ્ત્રમાં કથાઓ છે. માટે જીવને સત્સંગ જ કર્તવ્ય છે. તેથી સમકિત આવે છે અને મોક્ષ પણ થાય છે.'' (ઉ.પૃ.૪૯૬)

સત્સંગમાં તન્મયપણું આવે તો કામ થઈ જાય

શેઠ પુત્ર ધનાભદ્રનું દૃષ્ટાંત :–''એક રાજા મરણ પામ્યો. તેનો કુમાર નાની ઉંમરનો હતો. તેને મારી નાખી રાજ્ય લઈ લેવાની પિત્રાઈઓએ જાળ રચી. પ્રધાને રાણીને આ વાત જણાવી. રાણી કુમારને લઈ નાસી છૂટી. કોઈ ગામમાં ખેડૂતને ત્યાં આવી રહી. તેનું કામ તે કરતી. કુમાર ખેડૂતના વાછરડાં ચારવા જંગલમાં ગયો. વાછરડાં છૂટાછવાયાં જંગલમાં જતા રહ્યાં. કુમાર તેમને ખોળતો ખોળતો એક ગુફા પાસે આવી પહોંચ્યો. ત્યાં એક મુનિને જોયા. તે મુનિ કેટલાક શિષ્યોને બોધ આપી રહ્યા હતા. તે સાંભળવા કુમાર બેઠો, બોધ બહુ મીઠો લાગ્યો.





'આ બહુ સારું કહે છે, લાવ હું ય એમ કરું, એમ જ મારે કરવું છે.' એમ તેનાં પરિણામ ઉત્તમ થયા.

વાછરડાં તો બધાં પાછા વળી ગયા હતાં. તે ગુફામાંથી નીકળી ઘર તરફ આવતો હતો. ભાવ પરિણામ બોધમાં હતાં, લેશ્યા ઉત્તમ હતી. ત્યાં રસ્તામાં વાઘે પકડી મારી



નાખ્યો. ઉત્તમ લેશ્યાના બળે મરીને દેવ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ધનાભદ્ર નામનો સુપ્રસિદ્ધ શ્રેષ્ઠીનો કુમાર થયો. તે ભવે ચારિત્ર પામી મોક્ષે ગયો.

એક જ સત્સંગ થયો હતો. પરંતુ ભાવ, પરિણામ તે સત્સગમાં ઉત્કૃષ્ટ થવાથી કામ થઈ ગયું. તેમ અહીં પણ સાંભળ સાંભળ કરતાં ભાવ પરિણામ તદ્રુપ થતાં કામ થઈ જાય એવો મહા દુર્લભ સત્સંગ છે. એવાં ભાગ્ય ક્યાંથી હોય કે જ્ઞાનીના વચન કાને પડે? 'રાંકને હાથ રતન!''

(ઉ.પૃ.૩૭૨)



બહુ ડહાપણ અને પંચાત મૂકી દઈ ઝટ સમાગમમાં આવવું

''બધી વાતોનો અને દુઃખનો ઉપાય એક સત્ સમાગમ છે. માટે બહુ ડહાપણ અને પંચાત મૂકી દઈ, હજારો રૂપિયા મળતા હોય તો પણ તેને ઝેર જાણી, એ વાત છોડી દઈને સમાગમમાં રહેવું, બીજો ઉપાય નથી. સમાગમથી શાંતિ થશે અને જે લાભ થશે તે તો કહી શકાય નહીં. માટે બીજું કાંઈ નહીં કરતાં ઝટ સમાગમમાં આવવું. કોઈ બીજી વાતે કાંઈ પણ સાર નથી, માત્ર અગ્નિની ઝાળમાં બળવા જેવું છે; અને મોહનીય કર્મ મૂંઝવે છે તો તેનો ઉપાય એક સત્સમાગમ છે, તેમાં આવવું.'' (ઉ.પૃ.૯૩)

વીતરાગની સભામાં મોહનીયકર્મ ને બહાર જ બેસવું પડે

''તમારી વૃત્તિ, વર્તન તમને પણ ગમતું નથી અને ખેદ કરાવે છે અને બળ ચાલતું નથી તો તે બધું અત્રે ઠીક થઈ રહેશે. વીતરાગની સભામાં, સમાગમમાં મોહનીય કર્મને બહાર જ બેસવું પડે છે. જીવની જો છૂટવાની ઇચ્છા છે અને સાચા વીતરાગ પુરુષ છે તો પછી મોહનીય કર્મ કાંઈ કરી શકતું નથી, મૂંઝવણ આવતી નથી-જતી રહે છે અને શાંતિ થાય છે. (ઉ.પૃ.૯૩)

'જોગ નથી સત્સંગનો'.....

બોધામૃત ભાગ-૧-૨-૩ માંથી :-

એકાંતમાં બેસી પોતાના આત્માનો વિચાર કરવો તે પણ સત્સંગ

''મુમુક્ષુ–સત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી–આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ; એકાંતમાં બેસીને પોતાનો વિચાર કરવો તે સત્સંગ; ઉત્તમનો સહવાસ તે સત્સંગ; આત્માભણી વૃત્તિ રહેવી તે સત્સંગ.'' (બો.૧ પૃ.૧૨૫)

મરી જજો પણ સત્સંગ કરજો જેથી સંસાર અસાર લાગે

''જીવનમાં કરવાયોગ્ય એક સત્સંગ છે. ત્યાં સાંભળવાનું મળે છે. પ્રભુશ્રીજી કહેતા કે મરી જજો પણ સત્સંગ કરજો. સમ્યક્‌દર્શન એને રુચે અને સંસાર અસાર છે; એમ લાગે.''

(બો.૧ પૃ.૩૭૭)

સત્સંગે સમજણ ફરે, તે સમજણ એને દુઃખથી છોડાવે

''કૃપાળુદેવના આખા પુસ્તકના પાનેપાના ઉપર સત્સંગ, સત્સંગ છે. એથી જ કલ્યાણ છે... સત્સંગે સમજણ ફરે અને તે સમજણ એને છોડાવે છે. કેમ છુટાય? કેમ બંધાય? એ સત્સંગે જણાય છે. સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખ છે.'' (બો.૧ પૃ.૪૦૭)

પુસ્તક વાંચતા કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખવો


પૂજ્યશ્રી–''સત્સંગ ન હોય ત્યારે બીજા સમાગમ કરતાં પુસ્તકનો સમાગમ કરવો. કૃપાળુદેવ મને જ કહે છે એવો લક્ષ રાખીને વાંચવું. નિરંતર સત્સંગની ભાવના રાખવી. સત્સંગની જરૂર છે.



બીજા કોઈના સંગમાં પડવું નહીં. સત્પુરુષ ઉપર શ્રદ્ધા અને નિઃસ્પૃહતા એ બેની જરૂર છે.'' (બો.૧ પૃ. ૧૫૫)

સંસારનું ઝેર ચઢે કે જલ્દી સત્સંગરૂપી જડીબુટ્ટી સૂંઘવાની જરૂર

સાપ નોળિયાનું દૃષ્ટાંત :– ''પ.પૂ.પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે નોળિયાને સાપ સાથે જાતિવેર હોય છે. સાપ દેખે કે દોડીને પકડે અને તેને વીંખી નાખે. પણ સાપ ચંચળ હોવાથી તેના પંજામાંથી સરી જઈ તેને કરડે કે તુરત તેને નાખી દઈ તે જડીબુટ્ટી સુંઘી આવે અને ફરી તે સાપને પકડે છે.



ફરી કરડે તો ફરી સૂંઘી આવે. આમ કરતાં કરતાં નોળિયો, ઝેર વગરનો છે છતાં ઝેરવાળા સાપને મારી નાખે છે. તેમ સંસાર ઝેરી નાગ જેવો છે. મુમુક્ષુ નોળિયા જેવા હોવા જોઈએ. તેને સંસારનું ઝેર જણાય કે તરત બુટ્ટીરૂપ સત્સંગ સેવે. વળી પ્રારબ્ધયોગે સંસારપ્રવૃત્તિ કરતાં ભક્તિ આદિ ધર્મકાર્યોમાં મંદતા દેખાય કે સત્સંગ સાધી બળવાન બને. આમ કરતાં કરતાં મુમુક્ષુ મોક્ષે જાય છે, સંસારસાગર તરી જાય છે; પણ પુરુષાર્થ ચૂકી જાય તો ઝેર ચઢી જાય અને સંસારને વશ થઈ જાય; માટે સત્સંગની વારંવાર ઉપાસના કર્તવ્ય છે. તેવો જોગ ન બને ત્યાં સુધી તેની ભાવના રાખી ત્યાં જે કોઈ ભાઈબહેનોનો યોગ હોય તેમની સાથે કે એકલા પણ ભક્તિરૂપ આધાર બળપૂર્વક આરાધવાયોગ્ય છેજી.'' (બો.૩ પૃ.૫૯૬)



સત્સંગથી સાચી વસ્તુનો વિશ્વાસ આવે તો કામ થઈ જાય

''પૂજ્યશ્રી—સત્સંગનો યોગ એવો છે કે જીવના ભાવ ફરતાં વાર નથી લાગતી. થોડા વખતમાં ઘણું કામ થઈ જાય. કમઠની પાસે પાર્શ્વનાથ ગયા. ત્યાં સાપ નીકળ્યો. સાપને ભગવાનનાં દર્શન થયાં, સ્મરણ મળ્યું, તેથી ધરણેન્દ્ર થયો. એ બધાનું કારણ સત્સંગ થયું. અલ્પકાળમાં ઘણું કામ થઈ જાય એવો આ સત્સંગ છે. ચિત્તની એકાગ્રતા પણ સત્સંગમાં થાય છે. ભાવ ફેરવવાનો ઉપાય સત્સંગ છે. ભરત ચક્રવર્તી ઋષભદેવ ભગવાનને વંદન કરવા જતા હતા. ત્યારે તેઓ જે હાથી ઉપર બેઠા હતા, તેના પગ નીચે જે જીવો કચરાયા તે ભરત ચક્રવર્તીના પુત્રો થયા અને મોક્ષે ગયા. મરુદેવા માતા પણ ઝાડમાંથી આવ્યાં અને મોક્ષે ગયાં. સાચી વસ્તુનો વિશ્વાસ આવે તો કામ થઈ જાય.

આ કાળમાં એવા પુરુષ થયા છે, પણ લોકોને વિશ્વાસ નથી આવતો. મોક્ષની વાતનાં ગપ્પા માર્યાથી કંઈ કામ થાય નહીં. એ તો જેને અનુભવ છે, તે જ જાણે છે. અનુભવ વિના ન જાણી શકાય. 'મારે શું કરવું કે જેથી સુખ મળે?' એવી મૂંઝવણ થાય, ત્યારે માર્ગ મળે. જ્યાં સુધી ભગવાનનું શાસન છે ત્યાં સુધી કોઈ ને કોઈ મહાપુરુષ તો હોય જ છે. ગરજ જાગવી જોઈએ.'' (બો.૧ પૃ.૧૭૭)

આત્માનું કામ થાય તે સત્સંગ, બાકી બધા કુસંગ

''સત્સંગને નામે જીવ ઠગાય છે. જ્યાં આત્માનું કામ થાય ત્યાં સત્સંગ છે. જ્ઞાનીનું એક એક વચન કીમતી છે. એ તો આત્માનો ઉદ્ધાર કરવા માટે જ કહે છે. બહુ હિતકારી શિખામણ છે. કાળ એવો છે કે પોતાને કંઈક સંસારી વાસના હોય તે સત્પુરુષ સિવાય બીજાને જણાવવાની જરૂર નથી. કેમકે બીજાને જણાવે તો વાસનાને પોષે અને સત્પુરુષને જણાવે તો, તેઓ તો કઢાવી નખાવે. સત્સંગના નામે પણ જીવ ઠગાય છે. એ તો મુમુક્ષુ છે ને! એમ કરી જીવ સંસારી ઇચ્છાઓને પોષે, સંસારી વાતો કરે, એ કંઈ સત્સંગ નથી. બે ચાર મુમુક્ષુ ઓટલા ઉપર બેસી સંસારી વાતો કરે તો કેટલાંય કર્મ બાંધે. વાતો કરતાં કરતાં ક્યાંય ચઢી જાય. એ કંઈ સત્સંગ નથી, કુસંગ છે. જીવે બહુ ચેતવા જેવું છે.'' (જૂનું બો.૧ પૃ.૩૦૮)

વચનરૂપ ભાલા પડતા હોય તો પણ સત્સંગ છોડવો નહીં

''પ્રભુશ્રીજી કહેતા કે ભાલાનો વરસાદ વરસતો હોય તોય સત્સંગ કરવો અને મોતીનો વરસાદ વરસતો હોય તોય કુસંગ ન કરવો.'' (બો.૨ પૃ.૩૧૧)

(શ્રી હીરાલાલ નરોત્તમદાસ અમદાવાદના પ્રસંગમાંથી)

સત્સંગનું સેવન અતિબળવાનપણે કરવું જરૂરી, તેને ક્યારે પણ ચૂકવો નહીં

શ્રી હીરાલાલભાઈનો પ્રસંગ :— ''અમદાવાદથી જ્યારે રેલ્વે ટ્રેન ચાલુ થઈ ત્યારબાદ પરમકૃપાળુદેવના મુખારવિંદ માંહેથી અપૂર્વ ઉપદેશધ્વનિ ચાલતી હતી. તે ઉપદેશમાં મુખ્યત્વે



ભલામણરૂપે જણાવતા હતા કે સત્સંગનું સેવન અતિબળવાનપણે કરવું યોગ્ય છે. તેમાં કિંચિત્માત્ર પણ પ્રમાદ કર્તવ્ય નથી. આ ક્ષણભંગુર જીવનનો ક્યારે પણ ભરૂંસો રાખવો ઉચિત નથી. આ વિકરાળ કાળ પોતાનું મોઢું ફાડીને તત્પર રહેલ છે. લીધો કે લેશે એમ થઈ રહેલ છે. તેવા સમયે સત્સંગનું સેવન અતિબળવાનપણે કરવું ઉચિત છે. પાંચ મિનિટનો સત્સંગ તે પણ ઉત્તમ ફળને આપનાર થઈ પડે છે. માટે ગમે તેવી પ્રબળ આપત્તિઓ આવી પડે તો પણ સત્સંગ ક્યારે પણ ચૂકવો નહીં.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૩૦૩)

મહાપુણ્યનો યોગ હોય ત્યારે સત્સંગનો યોગ થાય છે

''ધર્મ કરવાની ઇચ્છા થાય ત્યારે કોઈ જીવો દાન કરે, શાસ્ત્રો વાંચે વગેરે જેવાં નિમિત્ત મળે તે પ્રમાણે અનેક પ્રકારનાં સાધનો કરે છે, પણ પરમ સાધન સત્સંગ છે. સર્વ સાધનને ગૌણ કરી સત્સંગ કરવો. ક્યારે મને સત્સંગ થશે? એવી રોજ ભાવના કરવી. ચોથા કાળમાં પણ સત્સંગની પ્રાપ્તિ દુર્લભ હતી. આ કાળમાં દુઃખે કરી ધર્મ પ્રાપ્ત થાય છે. જ્ઞાની પુરુષો ઓછા છે. મહાપુણ્યનો યોગ હોય ત્યારે સત્સંગનો યોગ થાય છે. ચોથા કાળમાં મુનિઓ ઘણા, પણ એ તો વનમાં જ વિચરતા. કોઈક વખતે સમાગમ થતો. આ કાળમાં તો દુર્લભ છે. કાળને પોષાય એમ નથી. માટે જેમ બને તેમ સત્સંગમાં શુદ્ધતા આરાધવી. નિવૃત્તિ મુખ્ય વસ્તુ છે. સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. પહેલાં સત્સંગે સમજણ કર, મિથ્યા વાસના દૂર કર. હું જાણતો નથી, જ્ઞાની જાણે છે. સમજીને શમાવું.'' (બો.૨ પૃ.૧૨૪)

જ્ઞાનીએ કહ્યું તે સમજવા માટે નીચેની વસ્તુઓ જરૂરી

''સત્સંગમાં આટલી વસ્તુ જરૂરની છે : (૧) હું કંઈ ન જાણું. (૨) સામાન્યપણું ન કરવું. (૩) વિનયાદિ ગુણયુક્ત થવું. (૪) પાંચ ઇંદ્રિયોના વિષયોમાં કે લોભમાં ન પ્રવર્તવું. એ વાત શાસ્ત્ર વાંચતા અને આત્મવિચાર કરતી વખતે પણ કલ્યાણકારી છે. જ્ઞાનીએ કહ્યું તે સમજવું છે, એમ કરી આત્મવિચાર કરતા રહેવું. લૌકિક વાત છોડી અલૌકિકમાં વૃત્તિ રહેવા દેવી. પ્રમાદથી એક સમયમાં જે કર્મ બંધાય છે તેથી આત્મા ક્યાંય ઘસડાઈ જાય છે.'' (બો.૨ પૃ.૧૦૩)

કુગુરુ, ઘરના કામ, છાપાં, ક્રોધાદિ કષાય બધો અસત્સંગ

''મુમુક્ષુ–અસત્સંગ એટલે શું?

પૂજ્યશ્રી–સત્સંગે જે કંઈ રુચિ થઈ હોય તેને પલટાવી નાખે તે અસત્સંગ છે. કુગુરુ, ઘરનાં કામ, છાપાં એ અસત્સંગ છે. ક્રોધ, માન આદિ કષાય અસત્સંગ છે. જે આપણે કરવું છે તેમાં વિઘ્ન કરનાર તે બધા અસત્સંગ છે. એથી ભડકતો રહે તો ન પડે. નહીં તો અસત્સંગે જીવને સમકિત હોય તેય જતું રહે.'' (બો.૨ પૃ.૮૯)

સત્સંગ વગર સારા ભાવ પણ પલટાતાં વાર ન લાગે

''મુમુક્ષુ–''અસત્સંગનું વિપરિણામ વિચારવું'' એટલે શું?



પૂજ્યશ્રી—અસત્સંગથી શી શી હાનિ થાય છે? તેનો વિચાર કરી એથી દૂર રહેવું. કૃપાળુદેવ આત્મામાં રહે છે, સમાધિમાં રહે છે. ઉપાધિમાં સમાધિ રહેવી મુશ્કેલ પડે અને સત્સંગ હોય તો સહેજે સમાધિ રહ્યા કરે. આત્માને જે જાણતો નથી, તે બીજાને ઉપદેશ કરે તો પોતાને ય લાભ ન થાય અને સામાને પણ લાભ ન થાય. એકધારાં પરિણામ રહેતાં નથી. જ્યારે સત્સંગ ન હોય ત્યારે વિચારે કે મારાં પરિણામ કેવાં રહે છે? ત્યારે અસત્સંગનું સ્વરૂપ સમજાય. સારા ભાવ પણ પલટાતાં વાર ન લાગે. ભાવના કરવી અને યથાશક્તિ સત્સંગને આરાધવો. પોતાની શક્તિ પ્રમાણે કર્યા કરવું. એકલી ભાવના જ નહીં, અનેક પ્રકારે વિચારીને જ્ઞાનીનું કહેલું સાચું છે એ અનુભવમાં આણવા જેવું છે. એ જ મારે કરવું છે એમ રાખવું.'' (બો.૨ પૃ.૮૯)

જેને સંસારથી છૂટવું હોય તેણે સત્સંગમાં રહેવું

''કૃપાળુદેવે પૂર્વે ઘણો સત્સંગ કર્યો છે તેથી સત્સંગને ઇચ્છે છે. સત્સંગથી ભાવ ચઢિયાતા થાય છે. જેને છૂટવું છે તેણે સત્સંગમાં રહેવું. સત્સંગથી જેટલો લાભ છે તેટલો બીજાથી ન થાય. મનુષ્યભવ કડાકૂટ માટે મળ્યો નથી. સમાધિભાવ ન જવા દેવો. કૃપાળુદેવને અંતરથી સત્સંગ સત્સંગ રટણ થયા કરે છે. મોટો કલ્યાણનો નિર્ણય કરવો હોય તો સત્સંગ કરવો. સત્સંગનું કૃપાળુદેવે બહુ વેદન કર્યું છે, તેથી માહાત્મ્ય લાગે છે. જેને છૂટવાની ભાવના છે તેનો સંગ તે સત્સંગ છે.'' (બો.૨ પૃ.૮૯)

સત્સંગના ત્રણ પ્રકાર છે તે આ પ્રમાણે

''સત્સંગ ત્રણ પ્રકારે છે. એક પરમ સત્સંગ, તે જ્ઞાનીનો સંગ છે. બીજો, પોતાની સમાન દશાવાળા જીવોનો સંગ. ત્રીજો, પોતાથી નીચી દશાવાળા હોય, ભવ્ય હોય અને તેને છૂટવાની ઇચ્છા હોય તો તેય સત્સંગ છે. તે પણ કરવા યોગ્ય છે. સત્સંગ એ જીવને જાગૃતિનું કારણ છે.''

(બો.૨ પૃ.૮૧)

સત્સંગ કરવો પણ કુસંગ તો કદી પણ ન કરવો

''બળવું ભલું અગ્નિ વિષે કે ઝેર પી મરવું ભલું,
કે ડૂબવું દરિયે ભલું વા સિંહસંગે એકલું
વસવું વને તે તો ભલું; પણ સેવવો કુસંગ ના.
સંકટ નડે સૌ એક ભવ, મિથ્યાત્વ નડતું ભવ ઘણા.'' ૧૫

અર્થ :— અગ્નિમાં બળવું ભલું કે ઝેર પી મરવું ભલું, દરિયામાં ડૂબવું ભલું કે વનમાં સિંહ સાથે એકલા વસવું તે ભલું પણ કુસંગ સેવવો સારો નહીં. કેમકે અગ્નિ, ઝેર, જળ કે સિંહના સંકટ જીવને એક જ ભવ મારે; પણ કુસંગ તો મિથ્યા માન્યતાઓ કરાવી જીવને ભવોભવ સંસારમાં રઝળાવે છે. મોટામાં મોટો કુસંગ તે કુગુરુનો છે. ॥૧૫॥ -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૭૭)



શુભ પુરુષાર્થનું ફળ શુભ જ આવશે

"ભાવ ફરે સત્સંગ થયે; પણ ત્યાંય ન બોધની સોટી ય લાગે,
તે જીવ કેમ હવે સુધરે? નહિ હિત-અહિત વિચારથી જાગે.
કર્મ મહા બળવાન છતાં પુરુષાર્થ સદાય વસે જીવ પાસે;
એ જ ઉપાય ઉપાસી રહો, શુભ સાધનનું ફળ શુભ જ થાશે. ૧૧

અર્થ :– સત્સંગ થવાથી જીવના ભાવ ફરે છે, પણ જેને સત્સંગમાં પણ સત્પુરુષના બોધની સોટી લાગતી નથી, તે જીવ હવે કેમ સુધરે? કેમકે સત્સંગમાં આત્માનું હિત શામાં છે, અહિત શામાં છે, એવી વિચારણા થવા છતાં પણ જીવ જાગતો નથી. તેનું કારણ કર્મ મહા બળવાન છે. તો પણ જીવની પાસે સદાય પુરુષાર્થ વસે છે. એ પુરુષાર્થ કર્મને હણવાનો સાચો ઉપાય છે. માટે પુરુષાર્થની જ હંમેશાં ઉપાસના કર્યા રહો તો શુભ સાધન કરવાનું ફળ કાલાન્તરે શુભ જ આવશે.

શ્રીમદ્ લઘુરાજ સ્વામી કહે છે કે પડ્યો રહે સત્સંગમાં, સાંભળ સાંભળ કર તો કોઈ દિવસ કામ થઈ જશે." ॥૧૧॥ -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૧૨૪)

'નથી સત્સેવા જોગ'.....

સત્પુરુષોની સેવા કરવાનો પણ મને પ્રત્યક્ષ જોગ મળ્યો નથી

ખંભાતના પૂ.શ્રી અંબાલાલભાઈને પરમકૃપાળુદેવની સેવાનો પ્રત્યક્ષ જોગ મળ્યો તો શું પરિણામ આવ્યું? આત્મજ્ઞાન પામ્યા. સાત દિવસનો પરમકૃપાળુદેવનો બોધ પણ અક્ષરે અક્ષર લખી લાવે એવી લબ્ધિ, સેવાથી એમને પ્રગટી હતી.

પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પ.પૂ.પ્રભુશ્રીજીની રાતદિવસ સેવા કરી તો આત્મજ્ઞાન પામ્યા. અને સેંકડો જીવોને પરમકૃપાળુદેવનું શરણ અપાવનાર થયા.

મણિલાલ બોટાદવાળાને દીક્ષા લેવાના ભાવ હોવાથી ઘરમાંથી છાનામાના ભાગી જતા હતા. તેમને પરમકૃપાળુદેવના એક પત્રથી શાંતિ થઈ ગઈ કે દીક્ષા લેતા પહેલાં ઘણી ઘણી યોગ્યતાની જરૂર છે. તે યોગ્યતા આવ્યે દીક્ષા ફળીભૂત થાય છે. તેમને એક વાર પરમકૃપાળુદેવનો પ્રત્યક્ષ જોગ મળતા સેવાનો પણ લાભ મળેલો. તે આ પ્રમાણે :–

(શ્રી મણિલાલ રાયચંદ ગાંધી બોટાદવાળાના પ્રસંગમાંથી)

જેવા ભાવ તેવા પ્રભુ ફળે

શ્રી મણિલાલનો પ્રસંગ :–"પરમકૃપાળુદેવ સાથે થોડીવાર ધર્મચર્ચાની વાતો ચાલી. પછી સાહેબજી એક ઢોલિયા ઉપર સૂતા. એટલે ચાર-પાંચ મુમુક્ષુઓ સેવા ભક્તિ કરવા પગ ચાંપવા બેઠા. તેમની પાસે મેં નજીક જઈ ધીમેથી કહ્યું કે સેવા કરવાનો લાભ મને આપો. ત્યારે બીજા ભાઈઓ કહે તમે પડખે બેસો. તે ઉપરથી મનમાં બહુ ખેદ થયો કે આ સર્વે ભાઈઓને તો



ઘણી વખત લાભ મળે છે, પણ મને કોઈ વખત દર્શન થયા અને આ લાભ નહીં મળે! તેમ વિચાર કરતાં વધારે દિલગીર થઈ ગયો.

પૂજ્યશ્રીએ કહ્યું–તમે સૌ એક બાજુ બેસો. મણિલાલની ઇચ્છા છે તો કરવા દો. એટલે સૌ કોરે ખસી ગયા, અને બહુ આનંદથી યથાશક્તિ સેવા કરી.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૭૧)

(શ્રી સોમચંદ મહાસુખરામ અમદાવાદવાળાના પ્રસંગમાંથી)

શ્રી સોમચંદભાઈનો પ્રસંગ :– ''એક દિવસ વઢવાણ કેમ્પમાં બપોરે ત્રણના સુમારે કૃપાળુદેવના હૉલમાં ગયો અને સેવા-ચાકરી કરતો હતો. તેવામાં પોતે જણાવ્યું કે સંડાસ જવું છે. જેથી મેં ટબ વગેરે ગોઠવી દીધું. પોતે બેઠા અને હું બાજુમાં ઊભો હતો. સંડાસથી પરવારી પોતે ખુરશીમાં બેઠા. પછી તે ટબ મેં લીધું. ઝાડો પાતળો પણ તેમાંથી ઘણી જ સુગંધ આવતી હતી. મને ભ્રાંતિ થઈ કે જરૂર કોઈ ઉંચા પ્રકારના અત્તરની બાટલી પડી લાગે છે અને તેથી આટલી બધી સુગંધી મહેંકે છે. પાઠવવાની જગ્યાએ મેં ટબ પાઠવ્યું તો પણ ત્યાં ચારે બાજુથી સારી એવી સુગંધી આવતી હતી. તે વાત મેં પરમકૃપાળુદેવને કરી તથા ભાઈશ્રીને કરી. પરમકૃપાળુદેવે જણાવ્યું કે તેમ જ છે.'' (શ્રીમદ્ રાજચંદ્રના જીવન પ્રસંગોમાંથી પૃ.૩૧૮)

'પ્રજ્ઞાવબોધ'માંથી :–

''સુખી સાચા સંતો જીંવિત ધન આશા તજીં તરે,
સહે કષ્ટો ભારે શરીંરથીં, ઉરે બોધ નીંતરે;
સ્મૃતિથી સંતોની સકળ દુઃખના કારણ ગળે,
સદા સેવા ચાહું સમીંપ વસવા સંત પગલે.'' -પૂ.શ્રી બ્રહ્મચારીજી

અર્થ :– ''આ જગતમાં એક માત્ર સુખી સાચા સંતપુરુષો છે કે જે જીવવાની કે ધનની આશાને તજી દઈ સંસાર સાગર તરી જાય છે. કર્મના ફળમાં આવેલ ભારે કષ્ટો–ઉપસર્ગો પરિષહો વગેરેને શરીરથી સહન કરે છે પણ તેમના પવિત્ર હૃદયમાં બોધની ધારા સદા નીતરતી રહે છે. એવા સંતપુરુષોની સ્મૃતિમાત્રથી સકળ દુઃખના કારણો નાશ પામે છે. તેવા સંતપુરુષોની હું સદા સેવા ચાહું છું અને તેમના ચરણ સમીપમાં વસવાની કામના સદા હૃદયમાં ધારી રાખું છું કે જેથી શીઘ્ર મારા આ સંસારનો અંત આવે. એવા સત્પુરુષની સેવાનો જોગ ઇચ્છું છું અથવા જેને યોગ મળ્યો છે તે પુરુષો દ્વારા પરમકૃપાળુદેવના કે પ.પૂ.પ્રભુશ્રી વગેરેના પ્રસંગોની વાતો સાંભળવામાં આવે તો પણ જીવન ધન્ય માનું છું.'' -પ્ર.ભા.૧ (પૃ.૩)

'કેવળ અર્પણતા નથી'.....

પૂ.શ્રી બ્રહ્મચારીજીને પ.પૂ.પ્રભુશ્રીજીના સત્સંગનો જોગ થયો. તેના કારણે તેમના ચરણ-કમળમાં સંપૂર્ણપણે અર્પણ થવાની ભાવના જાગી. તેથી પોતાના ૪ વર્ષના પુત્ર બબુને, પોતાના



ભાઈને ૨૨ પાનાનો પત્ર લખી તેમને સોંપી દઈ પોતે મનવચનકાયાના ત્રણેય યોગથી પ.પૂ. પ્રભુશ્રીજીની સેવામાં અર્પણ થઈ ગયા. 'ત્રણેય યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર' તેનું ફળ તેઓ સમ્યક્‌દર્શન પામ્યા.

ભરત મહારાજા ભગવાન ઋષભદેવને અર્પણ થયા, તેમનું શરણ સ્વીકાર્યું. અને તેમની આજ્ઞાથી આ રાજ્ય ઋષભદેવનું છે એમ માની રાજ્ય કર્યું; તો તેઓ પણ કેવળજ્ઞાનને પામ્યા.

શ્રી રામના ભાઈ ભરતે પણ શ્રી રામની ચરણપાદુકાને સિંહાસન પર મૂકી આ રાજ્ય શ્રી રામનું છે. હું તો તેમનો સેવક છું એમ તેમને અર્પણ થઈ રાજ્ય સંભાળ્યું. તો ઉત્તમગતિને પામ્યા.

એવો સર્વસ્વ અર્પણતાનો ભાવ હે પ્રભુ! મને ક્યારે આવશે?

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

ભગવાનને સર્વ સમર્પણ કર્યા વિના દેહાભિમાન મટે નહીં

''ભગવતને સર્વ સમર્પણ કર્યા સિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી.'' (વ.પૃ.૩૦૯)

પરમકૃપાળુદેવની આજ્ઞા ભક્તિમાં આખી જિંદગી ગઈ તો અવશ્ય મોક્ષ

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'' (વ.પૃ.૧૯૪)

તન, મન, ધનાદિ જ્ઞાનીને અર્પણ કરવાથી મુમુક્ષુતા નિર્મળ હોય

''તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.'' (વ.પૃ.૩૧૮)

દેહાદિમાં હું પણું - મારાપણું મટાડવા અર્પણતા કરવી

''અર્પણતા જે કરવાની છે તે અહંભાવ, મમત્વભાવ તથા દેહાદિ જે પર છે, તે મટાડવા માટે કરવી. કૃપાળુદેવે પણ લખ્યું છે. અર્પણભાવ કર્યા પછી મમત્વભાવ ન રહે.

જનકે અષ્ટાવક્રને તન, મન, ધન બધું સોંપી દીધું, પછી અષ્ટાવક્રે એને કહ્યું કે તું મારા આ રાજ્યનું કામ કર. જનકરાજા 'આ ગુરુનું રાજ્ય છે', હું તો નોકર છું, એમ ગણી રાજ્ય કરતા. દરેક કામ કરતી વખતે પહેલાં એ ગુરુને સંભારતા. આ ગુરુનું કામ કરું છું એમ કરી કામ કરતા તેથી અહંભાવ મમત્વભાવ થતો નહોતો. અહંભાવ, મમત્વભાવ જવો બહુ દુર્લભ છે. આપ્યા પછી અહંભાવ કરે કે મારું શરીર સારું, રૂપાળું છે, તો ચોર કહેવાય. અર્પણ કર્યા પછી પોતાનું કંઈ ન મનાય. (બો.૧ પૃ.૫૮૯)



'નથી આશ્રય અનુયોગ'.....

અનુયોગનો મને આશ્રય નથી. અનુયોગ ચાર છે. (૧) ધર્મકથાનુયોગ (૨) ચરણાનુયોગ (૩) કરણાનુયોગ (૪) દ્રવ્યાનુયોગ.

ચાર અનુયોગરૂપ મહાનીધિ એવા વીતરાગ પ્રવચનને નમસ્કાર

''દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગના મહાનિધિ એવા વીતરાગ પ્રવચનને નમસ્કાર કરું છું.'' (વ.પૃ.૫૮૦)

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર, સૂક્ષ્મ અને ભગવાનના બોધનું રહસ્ય

''દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.'' (વ.પૃ.૬૩૨)

દ્રવ્યાનુયોગનું ફળ સંયમ અને એ જ સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય

''હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.'' (વ.પૃ.૬૩૨)


'ઉપદેશપ્રાસાદ ભાષાંતર'ના આધારે :– સર્વશ્રેષ્ઠ તત્ત્વ વીતરાગ પ્રણીત ધર્મ

પૂષ્પચૂલાનું દૃષ્ટાંત :– એક નગરમાં પુષ્પકેતુ નામે રાજા હતો. તેની રાણી પુષ્પવતીને પુત્ર-પુત્રી સાથે જોડકું જન્મ્યું. તેમનાં નામ પુષ્પચૂલ તથા પુષ્પચૂલા પાડ્યા. બન્ને વચ્ચે અત્યંત પ્રેમ હોવાથી રાજાએ યુક્તિથી પ્રધાન વગેરેની સમ્મતિ લઈને ભાઈબહેનના જ લગ્ન કરી દીધા. આ બધું જોઈને રાજાની રાણી પુષ્પવતીને સંસારનું સ્વરૂપ વિચિત્ર ભાસ્યું અને વૈરાગ્ય પામી દીક્ષા લઈ લીધી. અંતે સમાધિમરણ કરીને તે દેવલોકે ગઈ. ત્યાંથી પોતાની પુત્રી પુષ્પચૂલા જે હમણાં રાણી છે તેને દીક્ષા અપાવવા માટે સ્વપ્નમાં ભયંકર નરકનું વાસ્તવિક સ્વરૂપ દેખાડ્યું. તે વાત તેણીએ પુષ્પચૂલ રાજાને કરી. ત્યારે રાજાએ બૌદ્ધમત વગેરેના સાધુઓને બોલાવી નરકનું સ્વરૂપ પૂછ્યું. તેના જવાબમાં નરકને ગર્ભવાસના કેદખાના જેવું કહ્યું. પણ રાણીને તે બરાબર લાગ્યું નહીં. તેથી અન્નિકાપુત્ર આચાર્યને બોલાવીને પૂછ્યું. તેમણે સાત નરકોનું વર્ણન કર્યું. ત્યારે રાણી બોલી કે શું આપને પણ મારા જેવું સ્વપ્ન આવ્યું છે? ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે ના અમને સ્વપ્ન આવ્યું નથી પણ ભગવાનના કહેલા આગમ વડે તે સર્વ જાણીએ છીએ. આગમ એ તત્ત્વલોચન છે. તેના વડે સર્વ જણાય છે.


પુષ્પચૂલાને બીજે દિવસે દેવલોકનું સ્વપ્ન એની માતાએ દેખાડ્યું. તે વિષે પણ અન્નિકાપુત્ર



આચાર્યને પૂછ્યું ત્યારે એનું પણ આબેહૂબ વર્ણન કરવાથી રાણીને એ વાત બેસી ગઈ. પછી શું કરવાથી નરકે જવાય? શું કરવાથી દેવલોકે જવાય? વગેરે રાણીના પૂછવાથી શ્રી ગુરુએ કહ્યું કે વિષયસેવનાદિકથી નરકે જવાય. શ્રાવકધર્મ



તથા મુનિધર્મ આરાધવાથી સ્વર્ગે કે મોક્ષે જવાય. એ સાંભળી પુષ્પચૂલાએ રાજાની આજ્ઞા લઈ ગુરુ પાસે દીક્ષા લઈ લીધી.





અંતે કેવળજ્ઞાન પામી મોક્ષ મેળવ્યો. આ બધો પ્રભાવ તત્ત્વજ્ઞાનનો છે. તત્ત્વજ્ઞાનરૂપ લોચન એટલે આંખથી ત્રણે લોકમાં શું શું છે તે સર્વ જાણી શકાય છે. માટે સર્વજ્ઞ પ્રણીત આગમને અને શ્રી ગુરુ ઉપદિષ્ટ તત્ત્વને લોચનદાયક માનું.

ભગવાનનો કહેલો દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાનનો જ બોધ કરે છે અને સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય પણ એ જ છે.

વ્યવહારિક પ્રવૃત્તિ ઘટાડી સત્શાસ્ત્ર અર્થે ઘણો અવકાશ મેળવી શકે

''સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત્ જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સત્સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેની વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.'' (વ.પૃ.૬૦૭)

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.'' ૫

અર્થ :– ''હું પામર છું, કશું કરી શકતો નથી, એવો વિવેક મારામાં નથી. પામર એટલે હું કશું જાણતો નથી, અધમ છું. એવો વિવેક શાથી આવે? આપના ચરણકમળના આશ્રયની ધીરજ, મરણ સુધી હોય તો વિવેક આવે. ક્ષણક્ષણમાં વૃત્તિઓ પલટાય છે, તો પછી વિવેક કેવી રીત આવે? મરણપર્યંત તારા શરણમાં જ રહું એવો ભાવ આવે ત્યારે વિવેકની પ્રાપ્તિ થાય. એવી ધીરજ પણ મારામાં નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૬)

'હું પામર શું કરી શકું?'.....

હું વિષય કષાયને આધીન છું માટે પામર છું. કર્માધીન છું, નિમિત્તાધીન છું એવું પોતાનું પામરપણું જીવને સમજાય, એવો વિવેક આવે તો તે પામરપણાને દૂર કરવા જ્ઞાનીપુરુષનું શરણ શોધે અને મરણની છેલ્લી ઘડી સુધી તે શરણ ટકાવી રાખી સમાધિમરણ કરે.


(શ્રી છગનભાઈ નાનજીભાઈ લીંબડીવાળાના પ્રસંગમાંથી)

અનંતવાર પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવ્યા માટે એંઠવાડારૂપ

શ્રી છગનભાઈનો પ્રસંગ :– ''એક રાત્રે ભિખારીઓ ઓરડાની પાસે બેઠા વાતો કરતા હતા કે ભાઈ, આજે જે ઠેકાણે હું માંગવા ગયેલો તેમણે સારી રીતે એંઠ વગેરેનો ભૂકો મને આપ્યો. તે મેં પોતે ખાધો અને વધ્યો તે મારા ભાઈને પણ આપ્યો. એમ બન્ને સંતોષ પામ્યાની વાતો



કરતા હતા. ત્યારે કૃપાળુદેવે મને કહ્યું કે છગન, સાંભળ આ વાતો કરે છે તે. મેં કહ્યું કે હા બાપજી, સાંભળું છું. બાપજી કહે કે એ વાતનો પરમાર્થ સમજવાનો છે.



આનો પરમાર્થ આમ વિચારી શકાય કે આપણો આ પામર આત્મા, જગતમાં પાંચ ઇન્દ્રિયોના વિષયની ભૂખને લઈને ધન માલ મિલકતરૂપ આહાર મળતાં રાજી થઈ પરમ સંતોષ માને છે. પણ જ્ઞાનીઓ તેવા જીવોને પામર ભિખારીઓની ઉપમા આપે છે કે અનંતકાળથી ભોગવેલા એવા એંઠવાડા જેવા વિષય ભોગોને પામી આ પામર જીવ રાજી થાય છે, પણ પરમ અમૃત સ્વરૂપ આત્માનન્દ કે જે પોતાની પાસે જ છે તેને ખોળતો નથી, કારણ તેનું અજ્ઞાન છે. અને તેનું ભાન જ્ઞાનીપુરુષો જ કરાવી શકે છે.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગોમાંથી પૃ.૩૫૩)

'હું પામર શું કરી શકું?'.....

કર્મને આધીન જીવ કર્તાભાવ કરે એ અહંકાર છે

''હું પામર શું કરી શકું? અહંભાવ છોડવાનો છે. આ જીવ 'હું કરું છું' એમ અહંભાવ કરે છે.'' (બો.૨ પૃ.૩૦૯)



(પ.પૂ.પ્રભુશ્રીજીએ પરમકૃપાળુદેવ ઉપર લખેલ પત્રમાંથી)

હે પ્રભુ આપની પાસે રહેવું છે પણ શું કરું ? સામર્થ્ય નથી

''હે પ્રભુ ઇચ્છા તો જ્યાં પ્રભુ વસે તે સ્થાનમાં રહેવાની થાય છે. પણ શું કરું ? મારામાં કોઈ સામર્થ્ય નથી. માટે તમે સહાય કરો તો જે જે ઇચ્છા છે તે પૂર્ણ થાય. ખરી પ્રીતિ તો જળ પ્રત્યે મચ્છની છે તેમ હે પ્રભુ તમારામાં પ્રીતિ છે તે જ શ્રેષ્ઠ છે. અને (મનવચનકાયાના) જોગની પ્રીતિ છે તે તો દાદુર (દેડકો) જેમ કચરામાં દેહ રાખે તેમ છે. વળી જળની પ્રીતિ તો બેહુને છે. પ્રીતિ પ્રીતિમાં ફેર હોય છે તેમ મારે તો તમને પ્રીતિ ઉપરથી દેખાડવાની નથી. પણ તમારા પ્રેમરસના શરણમાં પડવાની છે. બીજી કાંઈ જરૂર નથી હે પ્રભુ.''

(શ્રી ઠાકરશીભાઈ લહેરચંદ શાહ લીમડીના પ્રસંગમાંથી)

હું પામર શું જાણું. હું તો આપના દર્શનાર્થે આવ્યો છું

શ્રી ઠાકરશીભાઈનો પ્રસંગ :–''જમીને ઉઠ્યા પછી કૃપાનાથની સેવામાં હું બેઠો હતો, તે વખતે કૃપાનાથે ઉદાસીનતાથી પૂછ્યું કે, તમે શું જોઈને અહીં દોડ્યા આવ્યા છો ? અહીં શું ત્યાગ ભાળ્યો ? શું વૈરાગ્ય ભાળ્યો ? મેં કહ્યું–મને પામરને શું માલુમ પડે ? હું તો પૂજ્યશ્રી સૌભાગ્યભાઈ તથા ડુંગરભાઈના અવલંબને આપ સાહેબને જ્ઞાનીપુરુષ ગણી અત્રે દર્શનાર્થે આવ્યો છું. મારા તો આપ પરમકૃપાનાથ સદ્‌ગુરુ છો. સાહેબ ! મને આડો અવળો ગૂંચવશો નહીં. પછી કંઈક આત્મ-જ્ઞાન સંબંધી પૂછતાં કૃપાનાથે કહ્યું કે હાલ તું સમજી શકે તેમ નથી.''

–શ્રી.રા. પ્રે. પ્રસંગોમાંથી (પૃ.૩૩૨)

(શ્રી છગનભાઈ નાનજીભાઈના પ્રસંગમાંથી)

તમે તો જ્ઞાની છો, અમે તો પામર છીએ

શ્રી છગનભાઈનો પ્રસંગ :–''એક નાગલપર ગામના સલાટ મોતીભાઈ જે વઢવાણ કેમ્પમાં આવીને રહ્યાં હતા તેમણે કહ્યું કે ચાલો તમારી સાથે આવું, મને રાયચંદભાઈ જ્ઞાનીના દર્શન કરાવજો. ત્યારે મેં કીધું કે તમારે જ્યારે આવવું હોય ત્યારે આવજો, દર્શન કરાવીશું. પછી એ આવે એટલે હું બાપજી પાસે તેડી જતો. પણ આ મોતીભાઈ બાપજીને પગે લાગે ત્યારે બાપજી તેને બે હાથ ઊંચા કરીને ના પાડે.





ત્યારે આ ભાઈ બોલ્યા કે સાહેબજી, હું તો પગે લાગું પણ તમે મને શી રીતે ના પાડો છો? બાપજીએ કહ્યું કે હું માણસ અને તમો પણ માણસ છો તેથી. ત્યારે મોતીભાઈ બોલ્યા કે ના સાહેબ, એમ ન કરવું. તમે તો જ્ઞાની છો, અમે તો પામર છીએ. ત્યારે કૃપાળુદેવે કહ્યું કે તમો શાથી કહો છો? ત્યારે તેઓએ કહ્યું કે એ હું જાણું છું કે તમો જ્ઞાની છો માટે હવેથી સાહેબજી એમ ન કરશો.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગોમાંથી (પૃ.૩૪૭)

(શ્રી વ્રજભાઈ ગંગાદાસ પટેલ કાવિઠાના પ્રસંગમાંથી)

અબુધ અને અશક્ત મનુષ્યો પણ જ્ઞાનીપુરુષના શરણથી અદ્‌ભુત ફળને પામ્યા

શ્રી વ્રજભાઈનો પ્રસંગ :–''સાહેબજી જ્યારે કાવિઠા પધાર્યા ત્યારે અગાસ સ્ટેશન થઈ પધાર્યા હતા. તે વખતે સ્ટેશન પર હું હાથ જોડીને ઊભો રહ્યો અને મારી આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. તે વખતે મેં સાહેબજીને વિનંતીપૂર્વક જણાવ્યું કે સાહેબજી મારી શી વલે થશે? ત્યારે સાહેબજીએ મારી સામી નજર કરી કીધું કે તમારું કામ નક્કી થશે. એક શ્રદ્ધા રાખી સ્મરણ કરજો. તે સાંભળી મેં દંડવત્ નમસ્કાર કર્યા. તે વખતે સાહેબજીએ મને જણાવ્યું કે તમોએ દંડવત્ કર્યા તેથી તમોએ અમને કાયા અર્પણ કરી.

ભણેલા કરતાં તમારું કલ્યાણ વહેલું થશે

ત્યારબાદ પરમકૃપાળુદેવ એક મહિનો વસો રહી શ્રી ઉત્તરસંડાના સીમાડામાં એક બંગલો હતો ત્યાં બિરાજ્યા હતા. હું ત્યાં દર્શન કરવા ગયેલ. દર્શન કરતી વખતે પ્રભુને ગળગળીને મેં કહ્યું કે પ્રભુ, મને કંઈ આવડતું નથી, ભણેલ નથી તો આ જીવની શી વલે થશે? ત્યારે ભગવાને કહ્યું કે આ ભવમાં તમને વિશેષ સમજણ નથી તો તમો એક ભગવાનનું લક્ષ રાખજો અને શ્રદ્ધા રાખજો. એમ કહી 'પરમગુરુ સર્વજ્ઞદેવ'નો મંત્ર આપ્યો અને જણાવ્યું કે એ જ સ્મરણ રાખજો; ભણેલા કરતાં તમારું કલ્યાણ વહેલું થશે. આવતા ભવમાં જ્ઞાન થશે અને ત્રીજે ભવે મોક્ષ થશે એમ જણાવ્યું હતું.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૨૫૭)

(પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના પ્રસંગમાંથી)

જ્ઞાનીપુરુષ આગળ અજ્ઞાની પામર છે. તેનું જોર ચાલી શકે નહીં

શ્રી હરજીભાઈનો પ્રસંગ :–''એક વખત મંડાળામાં પૂ.હરજીભાઈ પૂ.પ્રભુશ્રીને ગુરુ કરવા ચાદર ઓઢાડવાના ભાવથી ચાદર લઈને ગયા. પ.પૂ.પ્રભુશ્રીજીએ પૂછ્યું શું લાવ્યો છે? શું કરવા? તેણે કહ્યું સ્વામીનારાયણમાં અમે ગુરુને ચાદર ઓઢાડીએ છીએ તે આજે ચાદર આપને ઓઢાડવાનો છું. હા કહો કે ના કહો પણ ઓઢાડીશ. પછી તે ઓઢાડવા જાય ત્યારે પ.પૂ.પ્રભુશ્રીજી પાટ ઉપરથી ઊભા થઈ જાય. એમ બહુ વાર કર્યું પણ લાગ ન ખાધો. એક વખત તો જલદીથી ઓઢાડવાનો વિચાર કરી પાસે ગયા ત્યાં તેમણે એક આંગળી સામી ધરી ત્યાં તો તે પાણી પાણી જેવા થઈ ગયા અને ધ્રુજવા લાગ્યા. ઘણીવાર પછી પૂછ્યું, કેમ છે? પછી તેને લાગ્યું કે મારું કંઈ



જોર ચાલે તેવું નથી. પછી પ.પૂ.પ્રભુશ્રીજીએ ચાદર લઈ ખેસની પેઠે ખભે નાખી અને પ્રસાદીરૂપે પાછી આપી સાચવી રાખવા કહ્યું.

'એવો નથી વિવેક'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

આત્માને આત્મા જાણે અને દેહને દેહ જાણે તે વિવેક

''લઘુ શિષ્યો–ભગવન્! આપ અમને સ્થળે સ્થળે કહેતા આવો છો કે વિવેક એ મહાન શ્રેયસ્કર છે. વિવેક એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. વિવેક વડે કરીને ધર્મ ટકે છે. વિવેક નથી ત્યાં ધર્મ નથી તો વિવેક એટલે શું? તે અમને કહો.

ગુરુ–આયુષ્યમનો! સત્યાસત્યને તેને સ્વરૂપે કરીને સમજવાં તેનું નામ વિવેક. (વ.પૃ.૯૫)

'મોક્ષમાળા વિવેચન'માંથી :–

આત્માને ઓળખવાનો દીવો તે વિવેક

''સત્યને સત્ય અને અસત્યને અસત્યરૂપે સમજે તેને જ્ઞાનીઓ વિવેક કહે છે. વ્યવહારમાં-આવકાર આપે વગેરે ડહાપણથી વર્તે તેને 'વિવેક' કહે. વિવેક એ જ્ઞાનનો ભેદ છે.

શ્રેયસ્કર એટલે હિત કરનાર. આત્માને ઓળખવાનો દીવો વિવેક છે તે જ્ઞાનપ્રકાશ કહેવાય છે. જે જ્ઞાનથી આત્માને ઓળખે, આત્માને આત્મા જાણે અને દેહને દેહ જાણે તે વિવેક છે. દેહને આત્મા માનવો તે અજ્ઞાન, અંધકાર અથવા અવિવેક છે. વિવેક વડે ધર્મ ટકે છે એટલે વિવેક પ્રાપ્ત થાય તો ધર્મ જાય નહીં. સત્ય એટલે વસ્તુ જેમ છે તેમ અને અસત્ય એટલે વસ્તુ હોય તેથી વિપરીત.'' (પૃ.૧૧૩)

સંસારના સુખો ભોગવે તેથી નરકે જાય. તેને સારાં ગણે તે અવિવેક

''અવિવેક છે તેથી સંસારના સુખોમાં મોહિની છે. સંસારને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે. સંસાર કડવો છે, કડવા ફળને આપે છે. સંસારના સુખો ભોગવે તેથી નરકે જાય. તેને સારાં ગણે તે અવિવેક છે. સંસાર ઝેર જેવો લાગે તે વૈરાગ્ય છે. સંસારના ઔષધરૂપ તે વૈરાગ્યને કડવો ગણે તે અવિવેક છે. ભાવઅમૃતમાં આવવું એટલે જ્ઞાન દર્શનમાં આવવું એનું નામ વિવેક છે. વિવેક એ કેવી ઉત્તમ વસ્તુ છે! અજ્ઞાનનું જ્ઞાન કરી નાખે એવી આશ્ચર્યકારી વસ્તુ છે.

વિવેક ધર્મનું મૂળ છે. એ હોય તો પછી ધર્મવૃક્ષ વધે. વિવેક વિના જ્ઞાન જ્ઞાનરૂપે ન ઓળખાય, શીલ શીલરૂપે ન ઓળખાય, ધર્મ ધર્મરૂપે ન ઓળખાય, તત્ત્વ તત્ત્વરૂપે ન ઓળખાય અને તપ તપરૂપે ન ઓળખાય.'' (પૃ.૧૧૪)



'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

શુદ્ધ નિર્મળ એવો આત્મા
અન્ય સંયોગવશ પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે

''પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે. શુદ્ધ એવા સ્ફટિકને વિષે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું જેમ મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી.'' (વ.પૃ.૭૮૯)

મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું

''નરસિંહ મહેતા ગાઈ ગયા છે કે :–

મારું ગાયું ગાશે તે ઝાઝા ગોદા ખાશે;
સમજીને ગાશે તે વહેલો વૈકુંઠ જાશે.

તાત્પર્ય કે સમજીને વિવેકપૂર્વક કરવાનું છે. પોતાની દશા વિના, વિના વિવેકે, સમજ્યા વિના જીવ અનુકરણ કરવા જાય તો માર ખાઈ જ બેસે. માટે મોટા કહે તેમ કરવું, કરે તેમ ન કરવું. આ વચન સાપેક્ષ છે.'' (વ.પૃ.૬૬૭)

કેટલાક મૂર્ખો દુરાચારમાં, વિષયમાં માનવદેહ ગુમાવે એ જ અવિવેક

''કોઈ પણ અન્ય દેહમાં પૂર્ણ સદ્વિવેકનો ઉદય થતો નથી અને મોક્ષના રાજમાર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી. એથી આપણને મળેલો એ દેહ બહુ દુર્લભ માનવદેહ સફળ કરી લેવો અવશ્યનો છે. કેટલાક મૂર્ખો દુરાચારમાં, અજ્ઞાનમાં, વિષયમાં અને અનેક પ્રકારના મદમાં મળેલો માનવદેહ વૃથા ગુમાવે છે. અમૂલ્ય કૌસ્તુભ હારી બેસે છે. એ નામના માનવ ગણાય, બાકી તો વાનરરૂપ જ છે. મોતની પળ નિશ્ચય આપણે જાણી શકતા નથી, માટે જેમ બને તેમ ધર્મમાં ત્વરાથી સાવધાન થવું.'' (વ.પૃ.૬૦)

'એવો નથી વિવેક'.....

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨' માંથી :–

''મૂઢ બાળ, ઉન્મત્ત કહ્યા જે લહે નહીં વિવેક અહો!
કનક-થાળમાં ધૂળ ભર્યા સમ વિષય-વાસના દેખ અહો! શ્રી રાજ૦

અર્થ :– જે હિતાહિતના વિવેકને પામતા નથી તેને સત્પુરુષોએ મૂઢ, બાળ એટલે અજ્ઞાની અને ઉન્મત્ત એટલે ગાંડા કહ્યાં છે. કેમકે તે કનક એટલે સોનાના થાળમાં ધૂળ ભર્યા સમાન આ અમૂલ્ય માનવદેહનો સમય ધૂળ સમાન વિષય વાસનામાં ગાળે છે. ॥૯॥



કાચ લઈ દે ચિંતામણિ તે, ધોવે અમીથી પાય અહો!
ગજવર-પીઠે વહે ઇંધન, ધન કાજે ભવ જાય અહો! શ્રી રાજ૦

અર્થ :– કોઈ કાચના ટુકડાને લઈ ચિંતામણિ રત્ન આપી દે, કોઈ અમૃતથી પગ ધોવે, કોઈ રાજાના પટહસ્તિ ઉપર લાકડા ભરે, તેમ જે આત્મા ધન ભેગું કરવા માટે આ અમૂલ્ય માનવદેહનો ઉપયોગ કરે તે પણ તેવું જ કરે છે. ।।૧૦।।

સાચાં મોટાં મોતી વેરે, તોડૉ હાર લે સૂત્ર અહો!
કલ્પતરુ છેદી અરે! વાવે ધંતૂરા, વિચિત્ર અહો! શ્રી રાજ૦

અર્થ :– જે હારને તોડી સાચા મોટા કિંમતી મોતીને વેરી નાખી તેમાંથી સૂત્ર એટલે દોરાને ગ્રહણ કરે અથવા કોઈ જે માગે તે મળે એવા કલ્પવૃક્ષને છેદી નાખી ધંતૂરાને વાવે તેવું વિચિત્ર કાર્ય વિષય કષાયમાં પડેલા અજ્ઞાની જીવો આ જગતમાં કરી રહ્યાં છે. ।।૧૧।।

ભર દરિયે ખીલા કાજે હા! કાણી કરતો નાવ અહો!
ભસ્મ કરે ઉત્તમ ચંદન દહી, તેવા બને બનાવ અહો! શ્રી રાજ૦

અર્થ :– કોઈ દરિયાની વચ્ચે ખીલો મેળવવા માટે નાવને કાણી કરી દે, કોઈ ઉત્તમ કિંમતી ચંદનને બાળી તેની ભસ્મ બનાવે, તે મૂર્ખ શિરોમણિ ગણાય. તેમ મોહથી ઉન્મત્ત થયેલા જીવના તેવા જ બનાવો છે. ।।૧૨।।

જો ધન, ભોગો કાજે નરભવ ગાળો ધર્મરહિત અહો!
શા માટે આ જન્મ ધર્યો છે? કેવો કરો વ્યતીત અહો! શ્રી રાજ૦

અર્થ :– જો ધન પ્રાપ્ત કરવા કે ભોગો ભોગવવા અર્થે આ મનુષ્યભવને ધર્મરહિત ગાળો છો તો તમે આ જન્મ શા માટે ધારણ કર્યો છે? અને તેને કેવા પ્રકારે વ્યતીત કરો છો તેનો જરા વિચાર કરો. 'નથી ધર્યો વિષય વધારવા, નથી ધર્યો દેહપરિગ્રહ ધારવા.' -શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૩।।

એ વિચારો ઊગે ક્યારે? સત્સંગતિ જો થાય અહો!
ભવ-ભય જાગે, ગુણો પ્રગટે, પાપો દૂર પળાય અહો! શ્રી રાજ૦

અર્થ :– એવા વિચારો ક્યારે ઊગે? તો કે જીવને સત્સંગ થાય તો. સત્સંગ થાય તો સંસારની ચારગતિમાં દુઃખ જણાય તેથી ભય લાગે, ગુણો પ્રગટે અને પાપ કરવાથી જીવ દૂર રહે.'' ।।૧૪।। -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૩૩૭)

'ચરણ શરણ ધીરજ નથી'.....

હે પ્રભુ! આપના ચરણકમળનું શરણ એટલે આજ્ઞાને મરણની છેલ્લી ઘડી સુધી ટકાવવાની મારામાં ધીરજ નથી.

આપના ચરણકમળનું શરણ લે તો શું ફળ આવે? તો કે –



"જે અતિ દુષ્કર જલધિ સમો સંસાર જો
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો."

અર્થ :– એ અત્યંત દુઃખે કરીને તરી શકાય એવો જે સંસાર સમુદ્ર છે તે આપ પ્રભુના અવલંબને એટલે કે શરણ લેવાથી તે ગાયની ખરી જેવો નાનો બની જાય. કેમકે -

"શરણ કરે બલિયાતણું, મન મોહન મેરે,
યશ કહે તસ સુખ થાય રે, મન મોહન મેરે"

મનને મોહ પમાડનાર એવા બળવાન જ્ઞાનીપુરુષનું જે શરણ અંગીકાર કરે તેને શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે તે જીવ આ ભવે અથવા પરભવે સાચા આત્મિક સુખનો ભોક્તા થાય છે. પણ હે પ્રભુ! આપના ચરણકમળના શરણની ધીરજ મને ક્યારે આવશે કે જેથી આપના આશ્રયપૂર્વક આ દેહ છોડી મારું સમાધિમરણ કરું.

'ચરણ શરણ ધીરજ નથી'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી –

મોક્ષ કરતાં સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ અમને પ્રિય

"મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે; પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ." (વ.પૃ.૨૯૯)

પ્રત્યક્ષ આત્મજ્ઞાની પુરુષના ચરણ સમીપમાં રહેવાની ઇચ્છા વિશેષ રાખવી

"વારંવાર બોધ સાંભળવાની ઇચ્છા રાખવા કરતાં સત્પુરુષના ચરણ સમીપમાં રહેવાની ઇચ્છા અને ચિંતના વિશેષ રાખવી. જે બોધ થયો છે તે સ્મરણમાં રાખીને વિચારાય તો અત્યંત કલ્યાણકારક છે." (વ.પૃ.૬૮૭)

ગમે તેવી આપત્તિમાં પણ ધીરજને ન છોડે તો યથાર્થ બોધ પરિણમે

"ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે એમ અમે જાણીએ છીએ, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્ત્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે." (વ.પૃ.૩૩૧)

પરિષહોને શાંતિથી, ધીરજથી વેદે તો શીઘ્ર કલ્યાણ

"તમે સૌ ધીરજ રાખજો અને નિર્ભય રહેજો.

સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઈ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પ કાળમાં સાધ્ય થાય છે." (વ.પૃ.૨૮૩)



સંસારની ઉપાધિના ઉદયને ધીરજથી વેદવો યોગ્ય

''સંસારી ઉપાધિનું જેમ થતું હોય તેમ થવા દેવું, કર્ત્તવ્ય એ જ છે, અભિપ્રાય એ જ રહ્યા કરે છે. ધીરજથી ઉદયને વેદવો યોગ્ય છે.'' (વ.પૃ.૩૨૫)

'ચરણ શરણ ધીરજ નથી'.....

સત્પુરુષના ચરણનું શરણ લઈ સદા સમતા, ક્ષમા, ધીરજ રાખવી

''ધીરજ કર્તવ્ય છે. ઉદાર વૃત્તિનો માણસ સંપત્તિ હો કે વિપત્તિ હો પણ તે સમતાથી ચાલે છે. તે ફતેહથી હરખાઈ જતો નથી અને હાર ખાવાથી અફસોસ કરતો નથી; ભય આવી પડે તો તેનાથી ભાગતો નથી, અથવા ભય ન હોય તો તેને ખોળવા જતો નથી. બીજા તેને હરકત કરે તો તેને દરગુજર કરે છે. તે પોતા વિષે કે બીજાઓ વિષે વાતો કર્યા કરતો નથી, કેમકે પોતાનાં વખાણ કરવાની ને બીજાનો વાંક કાઢવાની તેને દરકાર નથી. તે નજીવી બાબતો વિષે બરાડા મારતો નથી અને કોઈ પાસેથી મદદ મેળવવા માટે તે આજીજી કરતો નથી.

દરેક માણસે આફત અને અડચણોને માટે સદા તત્પર જ રહેવું ઘટે છે. નસીબમાં ગમે તે લખ્યું હોય-સુખ કે દુઃખ તેની સામા જોવાનો, થવાનો એક જ ઉપાય 'સમતા ક્ષમા ધીરજ' છે. કદી હિમ્મત હારવી નહીં. કોઈ પણ પ્રકારની આફતો આવી પડે કે ગમે તેવો અકસ્માત બનાવ બને તેથી કોઈ પણ મનુષ્યે પોતાનો અભ્યાસ છોડવો નહીં. અને જેટલું ઉચ્ચતમ અને વિસ્તીર્ણ જ્ઞાન તે સંપાદન કરે તે સઘળું પોતાના જ ઉપયોગમાં આવે છે.'' (ઉ.પૃ.૬૬)

પરમકૃપાળુદેવના ચરણનું શરણ લઈ આત્મપુરુષાર્થમાં મંડ્યા રહેવું

''આ કાળમાં તેટલી ઊંચી દશાવાળો પુરુષ તેમના જેવો પ્રાપ્ત થવો અસંભવ છેજી. પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ છે. હજારો વર્ષે તેવા પુરુષો દેખાવ દે છે. ઘણાખરા મહાત્માઓ ગણાતાં પરમકૃપાળુદેવનાં જ્ઞાન અને વીતરાગપણાની સરખામણીમાં આવી શકે તેવા નથી. માટે 'એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી'ની વાત જેવું આંખો મીંચી તેને શરણે રહેવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.'' (બો.૩ પૃ.૭૭૯)

પરમકૃપાળુદેવના ચરણના શરણની ધીરજ મરણની છેલ્લી ઘડી સુધી રાખવી

''મોક્ષમાર્ગના આપણે સર્વ મુસાફરો પરમકૃપાળુદેવના શરણરૂપ ગાડીમાં બેઠા છીએ. એકબીજાના વિચારોની, મુશ્કેલીઓની, દુઃખની વાતો કરી દિલ હલકું કરી તે માર્ગમાં ત્વરિત ગતિએ ચલાય તે લક્ષ છેજી.'' (બો.૩ પૃ.૫૫૯)

'મરણ સુધીની છેક'.....

જેનો જન્મ થયો તેનું મરણ અવશ્ય થશે. કારણ કે કોઈપણ વસ્તુની પર્યાય શાશ્વત નથી.

''કોઈ ગર્ભ વિષે મરે, મરે જન્મતા કોઈ,
બાળપણમાં પણ મરે, યુવાન મરતા જોઈ;



નિયમ નહીં વર્ષો તણો, મરણ અચાનક થાય,
એક નિયમ નક્કી ખરો, જન્મે તે મરી જાય''

મરણ આગળ તો ઇન્દ્ર પણ શરણરહિત

''જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય, અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સૂએ. '' -શ્રી તીર્થંકર-છજીવનીકાય અધ્યયન (વ.પૃ.૫૦૪)

સર્વનું મરણ નિશ્ચિત છે માટે સમાધિમરણની તૈયારી કરવી

''પૂજ્યશ્રી– જીવે બહુ વિચારવા જેવું છે. જન્મ અને લગ્નના જેમ પ્રસંગો આવે છે, તેમ મરણનો પ્રસંગ પણ અવશ્ય આવવાનો છે. માટે ચેતતા રહેવું. ''એકવાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે.'' (૨૫) એકવાર સમાધિમરણ કરે તો બધા ભવોમાં સમાધિમરણ જ થાય. આ સમાધિમરણનું કામ એમ ને એમ થતું નથી. પહેલાં તૈયારી કરી રાખી હોય તો થાય. 'હું નહીં મરું' એમ ચાલતું નથી. મરણ આગળ ઇન્દ્ર જેવા પણ શરણરહિત છે. મહાવીર ભગવાનને ઇન્દ્રે કહ્યું કે હે ભગવાન, આપના નિર્વાણ પછી ભસ્મગ્રહ આવવાનો છે; માટે આપ થોડુંક આયુષ્ય વધારો. ત્યારે ભગવાને કહ્યું કે આયુષ્ય વધારવા કે ઘટાડવા કોઈ સમર્થ નથી.'' (બો.૧ પૃ.૧૭૮)

દેહ અને આત્મા જુદા છે તેનો વિચાર કરીને ભેદ પાડે તો મરતા આવડે

''મરતાં આવડવું જોઈએ. મરતાં આવડે તો ફરી દેહ ધારણ કરવો ન પડે. દેહ અને આત્મા બન્નેય સ્પષ્ટ જુદાં દ્રવ્ય છે, પણ જીવે વિચાર કરીને ભેદ પાડ્યો નથી. જો ભેદ પાડ્યો હોય તો 'આત્મા નિત્ય છે', એવું દૃઢ થઈ જાય. દેહ અનિત્ય છે, વિશ્વાસ રાખવા જેવો નથી. માટીનું વાસણ ફૂટતાં વાર ન લાગે. તેમ આ દેહ છે તે માત્ર સંયોગરૂપ છે, પરમાણુઓનો જથ્થો ભેગો થયો છે. આત્મા દ્રષ્ટા છે. દેહ રૂપી છે અને આત્મા અરૂપી છે. જડ અને ચેતન બે વસ્તુ છે. જે જાણે તે ચેતન; જે ન જાણે તે અચેતન. જડ પુદ્‌ગલમાં હર્ષ-શોક, મોહ ઇત્યાદિ કરીને જીવ પોતાને સુખી માને છે તે ભૂલ છે. એ ભૂલ નીકળે તો પછી ગભરામણ, મૂંઝવણ કંઈ ન થાય. જેને મોહ ઓછો થયો છે તેને મૂંઝવણ ન થાય. આ દેહ મારો છે એમ થઈ ગયું છે. આખી જિંદગી સુધી 'મારો દેહ, મારો દેહ' એમ કરે પણ પોતાનો ન થાય. 'મારો દેહ, મારો દેહ' કરે છે એ ભ્રાંતિ છે.'' (બો.૧ પૃ.૧૭૮)

''અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.'' ૬

અર્થ :– ''તારા માહાત્મ્યનો મને પ્રફુલ્લિત ભાવ નથી. એવા પ્રફુલ્લિત ભાવ માટે તારા પ્રત્યે જેવા સ્નેહની જરૂર છે તેવો સ્નેહ મારામાં એક અંશ માત્ર પણ નથી. તારા ઉપર સ્નેહ શી રીતે થાય? તો કહે : પરમ પ્રભાવ હોય તો. પ્રભાવ એટલે ગૌતમ સ્વામી જ્યારે મહાવીર સ્વામી



પાસે આવ્યા હતા ત્યારે બહુ અહંકારથી ભરેલા અને જાણે મહાવીર સ્વામીથી લડવા માટે જ આવ્યા હોય તેવું લાગતું હતું. પણ જ્યારે ભગવાન સમીપે પહોંચ્યા ત્યારે સર્વ ખોટા ભાવ જતા રહ્યા; અને સાચા રસ્તાને પકડી લીધો. એ પુરુષનો પ્રભાવ કહેવાય છે. આવો પરમ પ્રભાવ પણ મને નથી મળ્યો કે જેથી સદ્‌ગુરુ પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૬)

'અચિંત્ય તુજ માહાત્મ્યનો'.....

''દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ.
પૂજના તો કીજે રે બારમા જિનતણી રે. ૨

સંક્ષેપાર્થ :– ભગવાનની જળ ચંદનાદિકથી દ્રવ્યો વડે કરાતી પૂજા તે શુભભાવનું કારણ છે. ભાવપૂજાના બે પ્રકાર છે (૧) પ્રશસ્ત ભાવપૂજા અને (૨) શુદ્ધ ભાવપૂજા. ગુણી ઉપરના રાગને પ્રશસ્ત ભાવપૂજા કહે છે. ત્રણ ભુવનના સ્વામી ભગવાન વાસુપૂજ્ય મને પરમ ઇષ્ટ છે, વલ્લભ છે, તે મને અત્યંત પ્રિય લાગે છે. એ પ્રશસ્ત રાગરૂપ ભાવપૂજા છે તથા પ્રભુના શુદ્ધ સ્વરૂપને અવલંબીને પોતાના સ્વસ્વરૂપમાં તન્મય થવું તે શુદ્ધ ભાવપૂજા છે. ॥૨॥

અતિશય મહિમા રે અતિ ઉપગારતા રે, નિર્મલ પ્રભુગુણ રાગ;
સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. પૂ૦૩

સંક્ષેપાર્થ :– ભગવાનના અતિશયોનો મહિમા તથા અનંત દુઃખરૂપ સંસારથી આત્મધર્મની ઓળખાણ કરાવી ઉગારનાર એવા પ્રભુના ઉપકારોને સંભારવાથી તેમના પ્રત્યે નિર્મળ ગુણાનુરાગ પ્રગટે છે. ત્યારે તેના આગળ દેવતાઈ મણિ હો કે દેવતાઈ કામકુંભ હો અથવા દેવતાઈ કલ્પવૃક્ષ હો તે સર્વ તુચ્છ ભાસે છે. એવો જે જિન વીતરાગનો રાગી એટલે પ્રેમી હોય તેને મહાભાગ્યશાળી જાણવો. એ પણ પ્રશસ્ત ભાવપૂજા છે.'' -ચૈ.ચો.(અર્થસહિત) ભાગ-૧ (પૃ.૧૪૮)

''તાહરું ધ્યાન તે સમકિતરૂપ, તેહી જ જ્ઞાનને ચારિત્ર તે જ છેજી;
તેહથી રે જાયે સઘળાં પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી.

સંક્ષેપાર્થ :– તમારું ધ્યાન તે જ સમકિતસ્વરૂપ છે, તે જ જ્ઞાન છે અને ચારિત્ર પણ તે જ છે. તેથી સઘળાં પાપ દૂર થાય છે. અને પરિણામે ધ્યાન કરનાર પણ ધ્યેયસ્વરૂપને પામે છે, અર્થાત્ જેનું ધ્યાન કરે તેવો જ તે પોતે બની જાય છે.'' -ચૈ.ચો.(અર્થસહિત) ભાગ-૧ (પૃ.૨૧૦)

'અચિંત્ય તુજ માહાત્મ્યનો'.....

ચિંતવનમાં પણ ન આવી શકે એવું હરિ એટલે શુદ્ધાત્માનું સ્વરૂપ

''અદ્‌ભુત! અદ્‌ભુત! અદ્‌ભુત! પરમ અચિંત્ય એવું હે હરિ, તારું સ્વરૂપ, તેનો પામર પ્રાણી એવો હું કેમ પાર પામું?'' (વ.પૃ.૨૪૪)



પરમાત્મા તે આનંદની જ મૂર્તિ છે, સર્વગુણનો ભંડાર

''કેવળ તે આનંદની જ મૂર્તિ છે. સર્વ સત્તાની બીજભૂત તે શાશ્વત મૂર્તિને ફરી ફરી અમે જોવા તલસીએ છીએ.'' (વ.પૃ.૨૩૮)

જ્ઞાનીઓને આત્માના સુખ આગળ જગત તૃણવત્ ભાસે

''જ્ઞાનીઓ જગતને તૃણવત્ ગણે છે, એ એઓના જ્ઞાનનો મહિમા સમજવો.'' (વ.પૃ.૬૬૯)
(શ્રી મલુકચંદભાઈ મોરબીવાળાના પ્રસંગમાંથી)

'જાણે સાક્ષાત્ ભગવાન જ હોય'

શ્રી મલુકચંદનો પ્રસંગ :– ''સાહેબજીની મુદ્રા તદ્દન વિષય-કષાય રહિત અને શાંત હતી અને આખા શરીરમાં વીતરાગતા પ્રસરી રહી હતી. ગમે તે વખતે જુઓ પણ મુખારવિંદ અન્ય પરિણામને ભજતું નહીં. કેમ જાણે સાક્ષાત્ ભગવાન જ હોય! તેમજ થતું. વાત કરે તેમાં પૂર્વાપર વિરોધ હોય નહીં. અખંડ ઉપયોગ રાખતા તથા વાતની સંકલના અદ્‌ભુત લાગતી.

જ્ઞાન અમારામાં પરિણમેલું છે

ખાતાં, ઉઠતાં, બેસતાં, તદ્દન અપ્રમત્તદશા જોવામાં આવતી. એક વખતે બોલ્યા કે, જ્ઞાન અમારામાં પરિણમેલું છે. તે મુખારવિંદ જોતાં ખુલ્લી રીતે જણાતું હતું.

વાણી તદ્દન અમૃતમય, સામા માણસ ઉપર અસર થાય જ

વાણી તદ્દન અમૃતમય અને સાતિશયવાળી હતી. વચન એવાં ટંકોત્કીર્ણ હતા કે સામા માણસ ઉપર અસર થયા વિના રહે જ નહીં. અને એમ જ ઇચ્છા રહે કે તેઓશ્રીના સમીપમાં રહીએ જેથી હંમેશાં નવું નવું સાંભળીએ. સાહેબજીને ઘણી લબ્ધિઓ પ્રગટી હતી.'' (પ્રેરક પ્રસંગો પૃ.૭૯)
(શ્રી છગનભાઈ નાનજીભાઈના પ્રસંગમાંથી)

તમારા ધન્ય ભાગ્ય કે આવા જ્ઞાની પુરુષ તમારે ઘેર જન્મ્યા

શ્રી છગનભાઈનો પ્રસંગ :– માતુશ્રી તથા નાના માતુશ્રી (ઝબકબા) ત્યાં પધાર્યા હતા. ત્યાં કૃપાનાથે મને કહ્યું કે એ બધા રાત્રે બેસે છે ત્યાં તું નાથીબાને સાથે લઈને જા તથા ધર્મધ્યાન, સ્તવન, પ્રતીતિ વગેરેની વાત કરજો. પછી મેં નાથીબેનને કહ્યું કે માતુશ્રી તથા નાના માતુશ્રીને કૃપાળુદેવ સાથે સાંસારિક સગપણ નથી, પણ તેમને એવી વાત કરવી કે તમારા ધન્ય ભાગ્ય છે કે આવા જ્ઞાનીપુરુષ તમારા ઘરે અવતર્યા. અમો તો એ પુરુષને ભગવાન જ ગણીએ છીએ. તેના આશરે કલ્યાણ જ થાય; પણ તમોને તે વિષે ભગવાન જેવો રાગ નથી. પણ આ અવસર જાય છે. તમારા જેવાના ઘરમાં ચિંતામણિ રત્નનો જોગ છે. તમો તે વાત લક્ષમાં લો. એ વિચારી જુઓ કે આ કાકા લીંબડીના તથા અમો વીરમગામના તે આવા મહાત્માના કારણથી ઘરબાર સામું જોતા નથી અને તેમની સમીપમાં તેમની આજ્ઞા ઉપાડીએ છીએ. આમ કૃપાળુદેવની જ્ઞાની તરીકેની પ્રતીતિ અમોને વિશેષ થતી ગઈ છે એમ વાત કરવી.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો પૃ.૩૫૦)



જ્ઞાનીના અચિંત્ય માહાત્મ્યનું જેટલું ઓળખાણ તેટલું કલ્યાણ

''જ્ઞાનીપુરુષનું અગમ્ય, અગોચર માહાત્મ્ય છે. તેનું જેટલું ઓળખાણ થાય તેટલું માહાત્મ્ય લાગે; અને તે તે પ્રમાણમાં તેનું કલ્યાણ થાય.'' (વ.પૃ.૬૯૦)

'જીવનકળા'માંથી :–

''ખેડાથી દેવકરણજી મહારાજ પ્રભુશ્રીજીને લખે છે કે :–

''એક દિવસે આહાર કરીને હું કૃપાનાથ (શ્રીમદ્) ઊતરેલા તે મુકામે ગયો. તે બંગલાને ચાર માળ હતા. તેના ત્રીજા માળે પરમકૃપાળુદેવ બિરાજ્યા હતા. તે વખતે તેમની અદ્‌ભુત દશા મારા જોવામાં આવ્યાથી મેં જાણ્યું કે હું આ અવસરે છતો થઈશ તો તે આનંદમાં કંઈ ફેરફાર થશે, એમ વિચારી હું એક ભીંતના પડદે રહી સાંભળતો હતો. તે કૃપાનાથ પોતે પોતાને કહે છે.''

પરમકૃપાળુદેવની અદ્‌ભુત દશા

''અડતાલીસની સાલમાં રાળજ બિરાજ્યા હતા. તે મહાત્મા શાંત અને શીતલ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ સમાધિમાં રહેતા હતા. અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ શાંત બિરાજે છે. એવું પોતે પોતાની નગ્ન ભાવી અલિંગી નિઃસંગ દશા વર્ણવતા હતા.'' (પૃ.૨૩૦)

(શ્રી રત્નકુક્ષી મા દેવબાઈના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવની અલિપ્ત દશા

શ્રી રત્નકુક્ષીમાનો પ્રસંગ :–''સંવત્ ૧૯૫૬ની સાલમાં પરમકૃપાળુદેવ વઢવાણ કેમ્પમાં હતા ત્યારે માતુશ્રીને પોતે કહ્યું કે-'સંસારી જીવો સ્ત્રી સાથે એક દિવસમાં જેટલો મોહ કરે છે તેટલો આખી ઉંમરમાં અમે કર્યો નથી. અને મને (માતુશ્રીને) કહ્યું કે—આપની આજ્ઞા હોય તો હું આજથી સર્વ પ્રકારે વ્રતનો નિયમ ધારણ કરું.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨)

(શ્રી જેઠાલાલ જમનાદાસ ભાવસાર, વસોના પ્રસંગમાંથી)

સાહેબજી લલ્લુજી મહારાજને પગે લાગવાનું કહેતા

શ્રી જેઠાભાઈનો પ્રસંગ :– ''શ્રી લલ્લુજી મહારાજને કોઈ પહેલા પગે લાગતા નો'તા. તેથી સાહેબજી (પરમકૃપાળુદેવ) બધાઓને મહારાજને પગે લાગવાનું કહેતા હતા.

પણ આ મહાત્માને જોઈ બધાની આંખ ઠરવાથી તેમને જ પહેલાં પગે લાગતા હતા. પણ આવો બધો દેખાવ જોઈને મને તો એમ ચોક્કસ થયું કે આ સાહેબજીને બિલકુલ માન કે પૂજાવાની અપેક્ષા નથી.

કરવા માંડો તો જ સફળ થશે, કહેવા માત્રથી સફળતા નથી

તે ટાઈમમાં એક મેવાડના સાધુ ભટ્ટારક આવ્યા હતા. તેમની સાથે ઘણી જ ધર્મ સંબંધીની ચર્ચા થઈ હતી. પરંતુ તેમાં સાહેબજીનો બોધ સર્વોત્કૃષ્ટ થયો હતો અને તે ભટ્ટારક સ્તવનો



બોલતા હતા. પણ તેમને પૂજ્યશ્રી કહેતા કે–''તેમ કરવા માંડો તો જ સફળ થશે, પણ કહેવારૂપ બોલવાથી કંઈ સફળ થશે નહીં.'' (શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૭૩)

સ્પૃહારહિત જ્ઞાનીના અદ્‌ભુત ઉપદેશથી ઘણા જીવો બૂઝે

''સકામ ભક્તિથી જ્ઞાન થાય નહીં. નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય. જ્ઞાનીના ઉપદેશને વિષે અદ્‌ભુતપણું છે, તેઓ નિરિચ્છાપણે ઉપદેશ દે છે, સ્પૃહારહિત હોય છે. ઉપદેશ એ જ્ઞાનનું માહાત્મ્ય છે, માટે સહેજે માહાત્મ્યને લઈને ઘણા જીવો બૂઝે છે.'' (વ.પૃ.૭૦૭)

(શ્રી છોટાલાલ માણેકચંદ ખંભાતના પ્રસંગમાંથી)

પૂછવા ધારીને આવેલા સર્વનું ઉપદેશમાં જ સમાધાન

શ્રી છોટાલાલભાઈનો પ્રસંગ :–''સં.૧૯૪૯ના આસો માસમાં પરમકૃપાળુદેવ ખંભાત પધાર્યા ત્યારે મારા મકાનમાં ૧૮ દિવસની સ્થિરતા કરી હતી. સાહેબજી તે વખતે ઉપદેશ કરતા તે વખતે મારું મકાન શ્રોતાજનોથી ભરાઈ જતું. દરેક હોલમાં લોકો ભરાઈ જતા જેથી પગ મૂકવા જેટલી જગ્યા પણ રહેતી નહોતી. તેથી ઘણા લોકો મકાનની બહાર નીચે ઊભા ઊભા ઉપદેશ સાંભળતા હતા. પૂછવા ધારીને આવેલા સર્વનું સમાધાન ઉપદેશમાં જ થઈ જતું. જેથી લોકો આશ્ચર્ય સહિત આનંદ પામતા અને વિચારતા કે જાણે આપણા મનના ભાવો તેઓશ્રીના જાણવામાં આવી ગયા ન હોય!'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૯૮)

અહો! અહો! અહો! તેમના પવિત્ર ગુણો

''અહો! તેઓશ્રીની સૌમ્યતા, પરમાર્થપણું, અહો! તેમની વીતરાગતા, અહો! તેમની મુખમુદ્રા, અહો! તેમની કૃપા એ બધું વચનમાં આવી શકે નહીં પણ બહુ જ સ્મૃતિમાં આવે છે. હું પામર તેઓશ્રી માટે વધુ શું લખું?'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૦૦)

(શ્રી છોટાલાલ છગનલાલ ખંભાતના પ્રસંગમાંથી)

પોતાના કુટુંબ પ્રત્યે પણ રાગ દશા જોવામાં આવી નહીં

પરમકૃપાળુદેવની દશા વિષે નીચે મુજબ મારા જોવામાં આવેલ છે :-

શ્રી છોટાલાલભાઈનો પ્રસંગ :– સંવત્ ૧૯૪૯ની સાલમાં પરમકૃપાળુદેવ પોતાની દુકાનમા બેસતા હતા, તો પણ પોતાની દશા વહેવારિક પદાર્થ પર નહીં રાખતા જ્ઞાનીના માર્ગ પ્રત્યેની વિશેષ લાગણી જોવામાં આવતી હતી; એવી ખાતરી અમોને થયેલ છે. ત્યારબાદ સંવત્ ૧૯૫૨માં તે જ રૂપે દશા જોવામાં આવેલ. તે વખતે તેમના ધર્મપત્ની તથા તેમના બે પુત્રો અને એક પુત્રી મુંબઈ મુકામે હોવા છતાં પણ તેમનામાં રાગદશા જોવામાં આવતી નહોતી. ફક્ત શાસ્ત્ર વાંચવું અગર કોઈ મુમુક્ષુ સાથે જ્ઞાનાદિ સંબંધી વાતના ધ્યાનમાં વિશેષ કાળ નિર્ગમન થતો હતો. એ અમોને ખાતરીપૂર્વક અનુભવ થયેલ છે. તેમજ તેઓશ્રી હરતા ફરતા હોય તો પણ સત્-ચિત્ત-આનંદ એવા એવા શબ્દો પોતાના મન સાથે ઉચ્ચારો કરતાં જોવામાં આવતાં હતા.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગોમાંથી (પૃ.૨૩૦)



બંધ મોક્ષની યથાર્થ વ્યવસ્થા કહેનાર શ્રી તીર્થંકરદેવ

''બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે.'' (વ.પૃ.૩૧૪)

તીર્થંકરદેવનો અંતર આશય આ ક્ષેત્રે પરમકૃપાળુદેવના હૃદયમાં

''શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે.

કારણ કે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ. વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે; સુખની ઇચ્છા નથી પણ વીતરાગપણાની ઇચ્છા છે.'' (વ.પૃ.૩૧૪)

જ્ઞાનીપુરુષ સમુદ્ર જેવા ગંભીર હોય

શ્રી મોહનલાલજી મહારાજનો પ્રસંગ :–''એક દિવસે પરમકૃપાળુદેવ ઉપાશ્રયમાં સવારના પધાર્યા તે વખતે માત્ર અમે સાધુઓ હતા. અમે મેડા ઉપર હોવાથી પરમકૃપાળુદેવ ઉપર પધાર્યા, મૌન રહી એક આસન ઉપર બિરાજ્યા. આ વખતે મોહનલાલજી મહારાજ તેમની મુખમુદ્રાનું મેષોન્મેષ દૃષ્ટિથી જોઈને અંતર્ધ્યાન પરમગુરુનું કરતા હતા. થોડા વખત પછી પરમકૃપાળુદેવ ઉપદેશમાં બોલ્યા-જીવો જ્ઞાનીપુરુષની ગંભીરતા જાણી શકતા નથી. જ્ઞાનીપુરુષ સમુદ્ર જેવા ગંભીર હોય. જીવ જો તે ગંભીરતા જાણે તો સમકિત ક્યાં દૂર છે? અર્થાત્ જ્ઞાનીપુરુષની ગંભીરતા જાણતા જ જીવને સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થાય છે.''

અમે નગ્ન-અસંગ એવા આત્માને અનુભવ્યો માટે અમે દિગંબર છીએ

એક દિગંબર ભાઈનો પ્રસંગ :–
''એક દિવસ પોતે જે મકાનમાં ઊતર્યા હતા તે મકાનમાં એક દિગંબર ભાઈ જે જિજ્ઞાસુ અને વૈરાગી હતો તે પરમકૃપાળુના દર્શનાર્થે ગયો. તેને પરમગુરુએ પૂછ્યું તમે કોણ છો? ત્યારે તેણે કહ્યું સાહેબજી હું દિગંબર છું. ત્યારે પોતે કહ્યું કે તમે દિગંબર નથી દિગંબર તો અમે છીએ. તે સ્તબ્ધ થઈ વિચારમાં પડ્યા કે આપણે શું કહેવું?





પછી પરમગુરુ (પરમકૃપાળુદેવ) બોલ્યા કે અમે આત્મા નગ્ન-અસંગ અનુભવ્યો છે એટલે અમે દિગંબર છીએ અને તમે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા છે માટે શ્વેતાંબર છો. વિનોદમાં આવી અપૂર્વ વાત સમજાવી હતી.''

-પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧ (પૃ.૫૨,૫૩)

'અચિંત્ય તુજ માહાત્મ્યનો'.....

સત્પુરુષ કે સ્મરણનું માહાત્મ્ય લાગ્યું હોય તો તે સાંભરે

''પૂજ્યશ્રી–જીવને જે વસ્તુનું માહાત્મ્ય લાગ્યું હોય તેના વિચારો આવે. પૈસા કમાવાનું જો માહાત્મ્ય જાગ્યું તો તેના વિકલ્પો આવે. નિરંતર સ્મરણમાં ચિત્ત રાખે તો સંકલ્પ-વિકલ્પ ઓછા થાય.'' (બો.૧ પૃ.૧૦૮)

સત્પુરુષ પાસે ઋદ્ધિ-સિદ્ધિ માટે આવવાથી સંસાર વૃદ્ધિ

''કેટલાક લોકો સાહેબજી પાસેથી ઋદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત થશે તેવા હેતુથી આવતા હતા. તેઓ તરફ સાહેબજી બિલકુલ લક્ષ આપતા નહોતા. એક વખતે સાહેબજીએ જણાવ્યું કે તમો અમારી પાસે જે ઇચ્છાએ આવો છો તેવી ઇચ્છાએ અમારી પાસેથી તમોને પરમાર્થલાભ નહીં થાય. તેવી ઇચ્છાઓ ભવવૃદ્ધિના હેતુ છે, માટે તેવી ઇચ્છાએ આવશો નહીં.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૬)

ધ્યાનમાં આત્માનંદ વર્તે ત્યારે પરપદાર્થનો પરિચય મૃત્યુ સમાન

કાગળોના નમૂનાનો પ્રસંગ :–''પરમકૃપાળુદેવ એક વખત જ્યારે ધ્યાનમાં લીન હતા ત્યારે એક ભાઈએ કાગળોના નમૂના તેઓશ્રીને બતાવતાં ખરીદી માટે સલાહ માગી. ત્યારે એવો જવાબ મળ્યો કે પ્રથમ અમારું મસ્તક ઉતારી લીધું હોત તો ઠીક થાત. આવા પ્રકારે ધ્યાનમાં આત્માનંદ વર્તે છે; ત્યારે પરપદાર્થનો પરિચય મૃત્યુ સમાન લાગે છે. ગૃહસ્થ વેશમાં પ્રવૃત્તિમાં રહી ધર્મસાધન કરવું એ ઘણું દુષ્કર છે. તેઓશ્રીને મુંબઈ સ્મશાનતુલ્ય લાગતું.'' (બો.૧ પૃ.૨૭)

(પંડિત શ્રી લાલનના પ્રસંગમાંથી)

ધ્યાન નિવૃત્તિએ કૃપાળુદેવની મુખમુદ્રા આનંદમાં વિભોર

પંડિત લાલનનો પ્રસંગ :–''મુંબઈમાં વચલા ભોઈવાડામાં ચંદ્રપ્રભુનું મંદિર હતું, એ જ મંદિર આજે ભૂલેશ્વરની નજીકમાં આવી ગયું છે. અહીંયા કૃપાળુદેવની સાથે ત્રણથી ચારની વચમાં શનિવારે, રવિવારે અને રજાને દિવસે જતો હતો. ત્યાં કૃપાળુદેવ ચંદ્રપ્રભુની પ્રતિમાની સામે પદ્માસને બેસી ધ્યાનસ્થ થતા હતા. તેમની જોડે બેસી હું ભાવપૂજા કરતો. ધ્યાન નિવૃત્તિ થતાં કૃપાળુદેવની શાંત મુખમુદ્રા જાણે આનંદમાં ઝીલતી હોય એમ દેખાતું હતું.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૭૦)



(શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીના પ્રસંગમાંથી)

'શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ઘસી રહ્યા હતા'

ગાંધીજીનો પ્રસંગ :– ''આપણે સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ્ અસંસારી (સંસારથી વિરક્ત) હતા, આપણને અનેક યોનિમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્ને કદાચ એક ભવ બસ થાઓ, આપણે મોક્ષથી દૂર ભાગતા હોઈશું, ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ઘસી રહ્યા હતા.''

''શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ તો મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગદ્વેષથી રહિત થવું.''

-શ્રી રા.પ્રેરક પ્રસંગો (પૃ.૧૪૧)

કાવ્યમાં જેવો વૈરાગ્ય તેવો તેમના જીવનમાં –

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો... અપૂર્વ૦૧

સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં;
દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો... અપૂર્વ૦૨ - શ્રીમદ્ રાજચંદ્ર

''જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે, તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો.''

તેમની પ્રત્યેક ક્રિયામાં વૈરાગ્ય તો હોય જ

''ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈપણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ નથી જોયું.'' -શ્રી.રા.પ્રેરક પ્રસંગો (પૃ.૧૩૭)

ખૂન કરનાર પ્રત્યે પણ પ્રેમ અને દયાધર્મનું ફૂંડા ભરીને પાન

''ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાંથી છે. દયા ધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં ફૂંડા ભરીને પાન કર્યું છે.''

-શ્રી રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૪૦)

એ દયાધર્મ અહિંસા ધર્મનો આધાર લઈ ગાંધીજીએ ભારતદેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કર્યો. એમાં ગાંધીજીનું આંતરિક પીઠબળ તે શ્રીમદ્ હતા.



મેં કદી તેમને મોહમયી સ્થિતિમાં જોયા નથી

''જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્ચ્છિત સ્થિતિમાં (મોહમયી સ્થિતિમાં) જોયા નથી.

મારા ઉપર સૌથી વધારે છાપ શ્રીમદ્‌ની

ઘણા ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ (શ્રીમદે) પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણા વચનો મને સોંસરા ઊતરી જતા. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું, ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઇચ્છાપૂર્વક આડે રસ્તે નહીં દોરે. પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં (ધાર્મિક સંબંધી મૂંઝવણમાં) હું તેમનો આશ્રય લેતો.

મારા જીવન પર શ્રીમદ્‌નો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે હું એનું વર્ણન કરી શકતો નથી.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૩૭)

એમ પરમકૃપાળુદેવ કોઈને કવિરૂપે, કોઈને શતાવધાની રૂપે, કોઈને વિદ્વાન રૂપે, કોઈને પ્રામાણિક ઝવેરીરૂપે, કોઈને જ્ઞાનીરૂપે ભાસ્યા જ્યારે પ.પૂ.પ્રભુશ્રીજીએ તો તેમને ભગવાનરૂપે ઓળખ્યા તો તેમને તેવો લાભ થયો. તેમનાથી પોતે પણ ભગવાન સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

ભગવાનના વચનોનું માહાત્મ્ય પણ ભગવાન તુલ્ય જ

''ભગવાન પાસે જાય તો ભગવાનનો બોધ સાંભળે. ભગવાન પ્રત્યક્ષ ન હોય તો એમના વચનો પ્રત્યક્ષ ભગવાન જ છે, એમ વિચારી સ્વાધ્યાય કરવો.'' (બો.૧ પૃ.૨૬૫)

સત્પુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલા છે

''જેમ કોઈ કિંમતી બીજ ઇલાયચી વગેરેનું વાવ્યું હોય તો બહુ લાભ થાય; તેમ સત્પુરુષનું વચન બહુ કિંમતી છે, તે જો હૃદયમાં ઉતાર્યું હોય તો ઘણો લાભ થાય. સત્સંગમાં બહુ કમાણી થાય છે. સત્સંગમાં જે કંઈ સાંભળ્યું હોય, તેનો વિચાર કરવો.'' (જૂનું બો.૧ પૃ.૧૨૦)

(શ્રી પોપટભાઈ મનજીભાઈ વવાણિયાના પ્રસંગમાંથી)

અમારે ભગવાન મહાવીરથી વિરુદ્ધ કંઈ કહેવું નથી

શ્રી પોપટભાઈનો પ્રસંગ :–''કેટલાક લોકો અજાણપણામાં તેમજ સાહેબજીના સમાગમમાં નહીં આવેલા હોવાથી એમ ધારતા હતા કે એ તો કંઈ બધાથી જુદી જ વાત કરે છે. એકવાર તે લોકો સાહેબજી પાસે આવ્યા હતા ત્યારે સાહેબજીએ તેઓને વગર કીધે જણાવ્યું કે તમારું અમારા માટે જે ધારવું છે, તે ભૂલભરેલું છે. શ્રી મહાવીરે જે માર્ગ દર્શાવેલ છે એ જ પ્રમાણે ચાલવાનું



છે. તે સિવાય બીજા કોઈ પ્રકારે માર્ગ મળી શકવાનો નથી. અમારે કાંઈ શ્રી મહાવીરે દર્શાવેલ માર્ગથી વિરુદ્ધ દર્શાવી અનંતો સંસાર વધારવો નથી. વિરુદ્ધતાથી કહેવાનું કોઈ પ્રયોજન નથી.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૬)

અચિંત્ય ચિંતામણિસ્વરૂપ ધર્મ જેણે બતાવ્યો તેનું અચિંત્ય માહાત્મ્ય છે

''અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.''

''આ દોહરાનો ભાવાર્થ તમે પૂછ્યો હતો, તેનો પરમાર્થ ઉપર ટાંકેલા પત્રમાં સ્પષ્ટ સમજાય છે કે 'જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવા અદ્‌ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.' (૮૪૩) આવું અચિંત્ય ચિંતામણિસ્વરૂપ ધર્મનું સ્વરૂપ જેણે નિરૂપણ કર્યું છે તેનું અચિંત્ય માહાત્મ્ય છે, પણ તે પ્રત્યે પ્રફુલ્લિત ભાવ, પરમ ઉલ્લાસ જીવને આવતો નથી. એ કોઈ પૂર્વના અંતરાય ભાસે છે. સાંસારિક તુચ્છ વસ્તુઓ પ્રત્યે સર્વ પ્રદેશે આત્મા આકર્ષાઈ તન્મય બની જાય છે, પણ તેનો એક અંશ પણ પરમપુરુષના પરમ ઉપકાર પ્રત્યે ટકતો નથી; તેની સાથે પ્રીતિ બંધાતી નથી; તેની સ્મૃતિ વારંવાર આવતી નથી, એ જીવનું નિર્બળપણું પ્રગટ જણાય છે.'' (બો.૩ પૃ.૫૧૭)

(શ્રી ગાંડાભાઈ ભાઈજીભાઈ ખંભાતના પ્રસંગમાંથી)

શ્રી ગાંડાભાઈનો પ્રસંગ :–''એક દિવસ સાહેબજી કેટલેક દૂર ગામ બહાર પધાર્યા હતા. ત્યાં એક વૃક્ષ નીચે બિરાજમાન થયા હતા. સર્વે મુમુક્ષુભાઈઓ સાહેબજીના સન્મુખે બેઠા હતા. સાહેબજીના મુખારવિંદ માંહેથી ઉપદેશ ધ્વનિ ચાલતી હતી. ત્યાગ વૈરાગ્ય સંબંધમાં ઘણો જ અનુપમ ઉપદેશ ચાલતો હતો. તે સાંભળી સર્વે મુમુક્ષુભાઈઓના નેત્રો માંહેથી ચોધારાએ અશ્રુ વહેતા હતા.'' -શ્રી રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૨૨)

'નથી પ્રફુલ્લિત ભાવ'.....

''સ્વામી સ્વયંપ્રભને હો જાઉં ભામણે, હરખે વાર હજાર;
વસ્તુ ધર્મ હો પૂરણ જસુ નીપનો, ભાવકૃપા કિરતાર. સ્વામી૦ ચૈત્યવંદન ચોવીશી

''હે નાથ મોક્ષનાયક હાથ ઝાલો, કર્મો કઠિન ચૂરનાર સહાય આલો,
હે વિશ્વ તત્ત્વ સમજી સમજાવનારા, ગુણો થજો પ્રગટ વંદનથી અમારા.'' -પ્રજ્ઞાવબોધ

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

જ્ઞાનીના વચનો અંતરમાં ઊતરે તો દિન પ્રતિદિન ઉલ્લાસ પરિણામ વધે

''જીવને જ્ઞાનીપુરુષ સમીપે તેમનાં અપૂર્વ વચનો સાંભળવાથી અપૂર્વ ઉલ્લાસ પરિણામ



આવે છે, પણ પછી પ્રમાદી થતાં અપૂર્વ ઉલ્લાસ આવતો નથી. જેમ અગ્નિની સગડી પાસે બેઠા હોઈએ ત્યારે ટાઢ વાય નહીં, અને સગડીથી વેગળા ગયા એટલે પછી ટાઢ વાય; તેમ જ્ઞાનીપુરુષસમીપ તેમનાં અપૂર્વ વચનો સાંભળ્યાં ત્યારે પ્રમાદાદિ જાય, અને ઉલ્લાસ પરિણામ આવે, પણ પછી પ્રમાદાદિ ઉત્પન્ન થાય. જો પૂર્વના સંસ્કારથી તે વચનો અંતર્પરિણામ પામે તો દિનપ્રતિદિન ઉલ્લાસ પરિણામ વધતાં જાય; અને યથાર્થ રીતે ભાન થાય.'' (વ.પૃ.૬૯૮)

(શ્રી ભગુભાઈ ગોધાવીવાલાના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવનો આખી રાત ઉપદેશ

શ્રી ભગુભાઈનો પ્રસંગ :–''ફરીથી પરમકૃપાળુદેવનો સમાગમ શ્રી અમદાવાદમાં હઠીભાઈ શેઠની વાડીએ થયો હતો. ત્યાં તેઓશ્રીના મુખે ઉપદેશ ધ્વનિ આખી રાત ચાલી હતી. સર્વેને ઘણો જ આનંદ થયો હતો. સર્વેના મન ઘણા જ ઉલ્લાસિત થયા હતા અને જાણે તેઓશ્રીની ઉપદેશધ્વનિ સાંભળ્યા જ કરીએ એમ સર્વેને થયું હતું. -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૮૭)

(પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧માંથી)

પરમકૃપાળુદેવના બોધથી આવેલ અપૂર્વ આનંદ

શ્રી વનમાળીભાઈનો પ્રસંગ :–''ગોધાવીના વનમાળીભાઈ પરમકૃપાળુદેવના બોધ શ્રવણથી એવા હર્ષમાં આવી ગયા અને કહેવા લાગ્યા કે બાપજી (પ્રભુશ્રીજીને) હવે તો હું આપના ચરણમાં રહીશ. મને સાધુપણું આપો. તેમની વૃદ્ધાવસ્થા હોવાથી મોહનલાલજી મહારાજે કહ્યું, આપની વૃદ્ધાવસ્થા છે તો આપ સાધુપણું લઈને શું કરશો? ત્યારે તે બોલ્યા કે તમને બધાને આહારપાણી લાવી આપીશ અને તમારી સર્વેની સેવા ભક્તિ કરીશ. એમ કહી રાતના થયેલ પરમકૃપાળુદેવના બોધની આનંદથી વાતો કરવા માંડ્યા. અમે પણ જાણે પ્રત્યક્ષ બોધ પામ્યા હોય એવો અવર્ણનીય આનંદ થયો હતો.'' (પૃ.૫૧)

(પરમપૂજ્ય પ્રભુશ્રીજીના બોધમાંથી)

દેહાતીત દશામાં કોઈ પણ મોહનો અંશ નથી

પ.પૂ.પ્રભુશ્રીજીનો પ્રસંગ :–''પ્રભુશ્રીજી કહે–અમે તો બધાને છોકરાંની માફક રમાડીએ છીએ. અમારા કરમ ખરાં, પણ તે ખપાવવાનાં. પણ એટલી તો ખાતરી રાખવી કે અમારી રમત તેમાં કોઈપણ મોહનો અંશ નથી, દેહાતીત દશામાં થાય એટલે અમારે કર્મ બંધાતાં નથી. અમે જે કરીએ તે બોધરૂપે અને તેની કેટલી અવસ્થા-દશા છે તે પારખી લેવાની ખાતર. જો કોઈ એમાંથી ધારે કે આ તો મોહ હશે, તો તેની અધમદશા થાય, નરકમાં જવાનું થાય (ગળે ફાંસ દર્દ બતાવ્યું) તે તો મરી ગયો જ જાણવો. અને જો પોતાની સ્થિતિમાં રહે તે આગળ વધે છે.''



જ્ઞાનીપુરુષના વચનથી ઉલ્લાસ થાય તો જીવ ભેદજ્ઞાનને પાત્ર બને

''જ્ઞાનીના વાક્યના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ, ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીત કરે છે, અનુભવે છે, અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે.'' (વ.પૃ.૬૪૨)

(શ્રી ગાંડાભાઈ ભાઈજીભાઈના પ્રસંગમાંથી)

ભગવાને અવતાર ધારણ કર્યો પણ લોકો ઓળખી શકતા નથી

શ્રી ગાંડાભાઈનો પ્રસંગ :–''વડવામાં પરમકૃપાળુદેવનો ઉપદેશ સાંભળી ઘેર આવતા રસ્તામાં ચાલતા મેં સબુરભાઈને તથા અમારા બૈરાઓને પૂછ્યું કે કેમ? કેવો આનંદ વરતાય છે? ત્યારે સબુરભાઈએ જણાવ્યું કે આ આનંદની તો શી વાત કરવી? ઘીનો સ્વાદ કેવો હોય છે એમ કોઈ પૂછે તો આપણે કેવા પ્રકારનો કહી શકીએ? તેને માટે તો પ્રકાર બતાવી શકાતો જ નથી. પરંતુ એમ જ કહી શકાય કે તેનો સ્વાદ તે વાપરવાથી અનુભવ થઈ શકે, વાણી દ્વારાએ તેનો પ્રકાર બતાવી શકાતો નથી; તેમ આ પુરુષની વાણી સાંભળી ઘણો જ આનંદ અનુભવાય છે. પરંતુ તે આનંદનો પ્રકાર વાણી દ્વારાએ અકથ્ય છે વગેરે ઉત્સાહ જણાવતા હતા. ત્યારબાદ બૈરાઓએ જણાવ્યું કે આ કળિયુગના લોકોનું કલ્યાણ કરવા માટે ભગવાને અવતાર ધારણ કર્યો છે પણ લોકો ભગવાનને ઓળખી શકતા નથી. જેને ઓળખાણ થશે તેને વૈકુંઠે લઈ જશે.''

–શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૧૯)

સ્વપર આત્માને શાંતિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લાસિત વૃત્તિ રાખજો

''સ્વાત્મહિતમાં પ્રમાદ ન થાય અને પરને અવિક્ષેપપણે આસ્તિક્યવૃત્તિ બંધાય તેવું તેનું શ્રવણ થાય, ક્રિયાની વૃદ્ધિ થાય, છતાં કલ્પિત ભેદ વધે નહીં અને સ્વપર આત્માને શાંતિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લાસિત વૃત્તિ રાખજો, સત્શાસ્ત્ર પ્રત્યે રુચિ વધે તેમ કરજો.

આ પત્ર પરમકૃપાળુ શ્રી લલ્લુજીમુનિની સેવામાં પ્રાપ્ત થાય. ૐ શાંતિઃ'' (વ.પૃ.૬૫૩)

'નથી પ્રફુલ્લિત ભાવ'.....

જ્ઞાનીનું અચિંત્ય માહાત્મ્ય લાગે તો આત્મા પ્રફુલ્લિત થાય

''જ્ઞાનીપુરુષના માહાત્મ્યનો જીવને જ્યાં સુધી લક્ષ ન થાય ત્યાં સુધી આત્મામાં પ્રફુલ્લિતપણું આવતું નથી.'' (બો.૧ પૃ.૩૩)

(શ્રી ઝવેરભાઈ ભગવાનભાઈ કાવિઠાના પ્રસંગમાંથી)

દર્શનથી ઉલ્લાસ પામી આત્મા ઉછળી જતો

શ્રી ઝવેરભાઈનો પ્રસંગ :– ''સ્વાભાવિક શ્રી પરમકૃપાળુદેવના દર્શન થતાં જે રોમાંચિત ઉલ્લાસ આનંદ આવતો તે અનહદ હતો. આત્મા ઊછળી જતો હતો.''



(શ્રી ઝવેરભાઈ શંભુદાસ કાવિઠાના પ્રસંગમાંથી)

આ તો ભગવાન છે, અવતાર ધારણ કર્યો છે

શ્રી ઝવેરભાઈનો પ્રસંગ :– ''પરમકૃપાળુદેવ ગામથી થોડે દૂર જંગલમાં પધારતા ત્યારે મુમુક્ષુભાઈઓ સાથે જતા હતા. ત્યાં પરમકૃપાળુદેવનો બોધ સાંભળી અમો સર્વે ભાઈઓને ઘણો જ આનંદ થતો. અપૂર્વ અલૌકિક અદ્‌ભુત ઉપદેશ ચાલતો હતો. તે રસ્તે થઈને



કેટલાંક લોકો ઢોર ચરાવતાં જતાં ત્યારે પરમકૃપાળુદેવનો ઉપદેશ સાંભળી ઊભા રહી જતા હતા. ઢોરો કેટલેક દૂર ચાલ્યા જતા પણ પરમકૃપાળુદેવની અમૃત સરખી વાણી સાંભળી તેઓ આનંદ પામી ઠરી જતા અને ઘણા વખત સુધી રોકાતા હતા. ખૂબ ઉત્સાહપૂર્વક પરમકૃપાળુદેવને નમસ્કાર કરતા અને એકબીજાને વાતો કરતા કે આ તો ભગવાન છે, અવતાર ધારણ કર્યો છે.''

સૌથી પહેલો સત્સંગ જ કર્ત્તવ્ય છે

''સત્સંગમાં ઉલ્લાસભાવ રહે છે અને થોડા વખતમાં ઘણું કામ થઈ જાય છે.''(બો.૨ પૃ.૧૦૨)



રોજે ક્રમ ચાલુ રાખે તો સમજાય અને ઉલ્લાસભાવ આવે

''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી પોતે શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી આદિનાં સ્તવનો રોજ સવારે ભક્તિમાં ગાતા. બીજા સાંભળનારને કે ઝીલનારને કંઈ સમજાય નહીં, પણ રોજ એનો એ ક્રમ ચાલુ રહ્યો તો આજે તેનાં તે સ્તવનો અમૃત જેવાં લાગે છે. અને તેઓશ્રીને કેમ તેમાં ઉલ્લાસ આવતો તે સમજાય છે. તેમ અભ્યાસ ચાલુ રાખશો તો ટીપે ટીપે સરોવર ભરાય તેમ આગળ ઉપર લાભ સમજાશે.'' (બો.૩ પૃ.૬૯૫)

પ્રભુ પ્રત્યે પ્રફુલ્લિત ભાવ લાવી પ્રતિદિન પ્રભુનું ધ્યાન ધરજો

''નિત્ય નવીન ઉત્સાહથી, ધરજો પ્રભુનું ધ્યાન,
સ્મરણ કરજો પ્રીતથી, તજી દેહ-અભિમાન.''

'અંશ ન એકે સ્નેહનો'.....

હે પ્રભુ! આપના પ્રત્યે મને સ્નેહનો - પ્રેમનો એક અંશ પણ પ્રગટ્યો નહીં. કેમકે પ્રેમરૂપી મૂડી તો મેં જગતના પદાર્થોમાં વેરી દીધી છે. માટે આપના પ્રત્યે મને ક્યાંથી પ્રેમ પ્રગટે! જ્યારે પૂ.શ્રી બ્રહ્મચારીજી લખે છે કે –

''નથી નાથ જગમાં સાર કાંઈ, સાર સદ્‌ગુરુ પ્યાર છે.''

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો

''કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડા વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે; તે મહાત્માઓની જનમંડળને અપિશ્ચાન હોવાને લીધે કોઈક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો, એ કેવી ઇશ્વરી અદ્‌ભુત નિયતિ છે!

એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોનાં પદ વગેરે અહીં જોયા. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે; અને જાણે નિરંતર તેની ચરણસેવા જ કરીએ, એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે; તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે, તેનું કારણ છે.'' (વ.પૃ.૨૫૭)

જ્ઞાનીપુરુષનું સાચું ઓળખાણ થાય તો તેમના પ્રત્યે અપૂર્વ સ્નેહ આવે છે

''જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણી વાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ



અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે; બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયાં હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એ જ દશા આણવી એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.'' (વ.પૃ.૨૬૮)

જગત પ્રત્યે મોહ હોય તો સત્પુરુષ પ્રત્યે સ્નેહ ક્યાંથી આવે

''જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઇચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય એમ જણાય છે.'' (વ.પૃ.૩૩૮)

'ન મળે પરમ પ્રભાવ'.....

મુમુક્ષુઓને પરમકૃપાળુદેવનો પરમ પ્રભાવ તેમના સમાગમમાં આવવાથી જોવા મળ્યો તેવો મને મળ્યો નથી. મને પણ આપના સમાગમે આપના પરમ પ્રભાવના પ્રસંગો જોવા મળે તો મારા મનમાં પણ આપના પ્રત્યે પરમપ્રેમ આવી શકે. પણ તેવો યોગ મને મળ્યો નથી. માટે આપના પ્રત્યે મારા હૃદયમાં સ્નેહનો એક અંશ પણ પ્રગટ્યો નથી.

(શ્રી પોપટભાઈ મનજીભાઈ વવાણિયાના પ્રસંગમાંથી)

સ્કૂલમાં પ્રથમ દિવસે ચોપડીનું વાંચન

શ્રી પોપટભાઈનો પ્રસંગ :–''સાહેબજી જે સ્કૂલમાં ભણવા માટે જતા હતા તે સ્કૂલના માસ્તર એક મુમુક્ષુભાઈને મળ્યા હતા. તેઓ સાહેબજીના સંબંધમાં અલૌકિક ચમત્કારિક બાળપણની વાતો જણાવતા હતા. તે હકીકત સાંભળવામાં આવવાથી નીચે પ્રમાણે જણાવું છું :–

''સાહેબજીની અલૌકિક દશાનો અનુભવ આજે મને સ્મરણ કરાવે છે કે જ્યારે તેમને મારી કલાસમાં ભણવા માટે પ્રથમ બેસાડ્યા ત્યારે મેં તેમને એકડે એક લખીને શીખવા માટે આપ્યા, પછી એકથી દશ સુધી અને ત્યારબાદ જેમ જેમ હું આગળ બતાવતો ગયો તેમ તેમ તેઓ જણાવતા કે આ તો મને આવડે છે. ચોપડીમાંથી પાઠ વાંચવા માટે જણાવ્યું ત્યારે તે પાઠ એકદમ વાંચી સંભળાવ્યો. ત્યાર પછી બીજા આગળ પાછળના કેટલાક પદો વંચાવ્યા. ચોપડી મુકી દીધા બાદ અનુક્રમે જેટલા પાઠ વાંચી ગયા હતા તે સઘળા પાઠ એકપણ ભૂલ વિના મુખપાઠે બોલી સંભળાવ્યા હતા. આ હકીકતથી મને ચમત્કાર ભાસ્યો કે આજ રોજથી ભણવા માટે આવ્યા છે અને આ શું? આ છોકરાને શું ભણાવું?

તમારો છોકરો દેવપુરુષ જણાય છે

મારી એક ભૂલ થઈ હતી. તે ભૂલ સાહેબજીએ જણાવી કે આ ઠેકાણે આ પ્રમાણે હોવું જોઈએ, અને તેમાં આ પ્રમાણે કેમ કહો છો? તેની મેં તપાસ કરી તો તેમના કહેવા પ્રમાણે મારી



ભૂલ નીકળી. તેથી મને ચમત્કાર લાગ્યો કે આ છોકરો મહા ઉત્તમ પુરુષ જણાય છે, તેથી હું તેમના પૂજ્ય પિતાશ્રી રવજીભાઈ પાસે ગયો અને સઘળી હકીકત વિદિત કરી જણાવ્યું કે તમારા છોકરાને હું શું ભણાવું? જે જે કહું છું તે સઘળું કહે છે કે મને આવડે છે, ચોપડીના પાઠ વંચાવ્યા તો તે મુખપાઠ થઈ ગયા. માટે મને તો એમ જ ખાતરી થઈ છે કે આ છોકરો દેવપુરુષ હોય એમ જણાય છે વગેરે જણાવ્યું હતું.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૯)

(શ્રી પોપટભાઈ મનજીભાઈ વવાણિયાના પ્રસંગમાંથી)

બાળવયમાં ધર્મસંબંધી માર્મિક વ્યાખ્યાન

શ્રી પોપટભાઈનો પ્રસંગ :–''એક વખતે મણીભાઈ જશભાઈ શ્રી વડોદરા સ્ટેટના સર ન્યાયાધીશ હતા તે સાહેબજી પાસે આવ્યા હતા. કચ્છ દેશ તરફ પધારવા માટે ઘણા આગ્રહપૂર્વક સાહેબજીને વિનંતી કરી, જેથી સાહેબજી કચ્છ તરફ તેમની સાથે પધાર્યા હતા. ત્યાં સાહેબજીએ ઘણા લોકો મધ્યે ધર્મસંબંધી વ્યાખ્યા કરી ભાષણ આપ્યું હતું. જેથી કચ્છના લોકો ઘણા આશ્ચર્યચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે આ છોકરો બાળવયમાં કેવું અદ્‌ભુત જ્ઞાન ધરાવે છે તો તે આગળ પર મહાપ્રતાપી તેમજ યશવાન નીવડશે.'' -શ્રીમદ્ રાજચદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૧)

પરમકૃપાળુદેવની જ્ઞાનશક્તિ

શ્રી વીરજી દેસાઈનો પ્રસંગ :–''વવાણિયામાં એક વીરજી દેસાઈ નામે વ્યક્તિ હતાં. એકવાર પરમકૃપાળુદેવ સાથે તેઓ ફરવા જતા હતા. ત્યારે શ્રીમદે પૂછ્યું : વીરજીકાકા! મારા કાકીને કંઈ થાય તો તમે બીજીવાર પરણો ખરા? વીરજીભાઈએ કાંઈ જવાબ આપ્યો નહીં. થોડા દિવસ થયા અને વીરજી દેસાઈના પત્ની ગુજરી ગયા. બીજીવાર ફરી વીરજી દેસાઈ સાથે પરમકૃપાળુદેવને ફરવા જવાનો યોગ બન્યો ત્યારે ફરી તે વાત ઉપાડી શ્રીમદે કહ્યું : વીરજીકાકા! હવે ફરી પરણશો? ત્યારે તેઓ બોલ્યા નહીં પણ મોઢું મલક્યું. તેથી પરમકૃપાળુદેવે જણાવ્યું કે છ મહિના સુધી પરણશો નહીં.

છ મહિના થયા કે શ્રાવણ વદ ૬ની રાત્રે ઉપાશ્રયથી ઘરે આવતાં ખાળમાંથી સર્પ નીકળ્યો અને વીરજીભાઈને કરડ્યો. ઝેર ઉતારવાની ઘણી મહેનત કરી; તે વખતે વીરજીભાઈએ કહ્યું : મારો ચોવિહાર ભંગાવશો નહીં; મને કહેનારે કહી દીધું છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર જીવનદર્શન (પૃ.૬૦)

(શ્રી મોતીલાલ ભાવસાર નડિયાદના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવના વચન, અતિશયયોગે દૂરથી સંભળાતા હતા

શ્રી મોતીલાલભાઈનો પ્રસંગ :–''સાહેબજીનું શરીર બહુ નાજુક હતું પરંતુ આત્મબળનું સામર્થ્ય અત્યંત હતું. હું નડિયાદથી સાહેબજી પાસે આવતો ત્યારે લગભગ પાંચ ખેતરવા દૂર હોઉં ત્યાંથી પણ સાહેબજીની ગાથાઓનો સ્વર સાંભળી શકતો હતો. જ્યારે હું સાહેબજીની પાસે જઈ



પહોંચુ તે વખતે પણ સાહેબજી ગાથાઓની ધૂન બોલતા જ હોય, પણ તે સ્વર કંઈ મોટા ઘાંટાથી કે વધુ અવાજથી બોલતા હોય તેમ જણાતું નહોતું. પણ સાહેબજીના વચન અતિશય યોગે દૂરથી પણ તે ચોક્કસ સાંભળી શકાતું હતું. સાહેબજી જે ગાથાઓ બોલતા હતા તે ગાથાઓ શ્રીમાન આનંદઘનજી મહારાજ વગેરેની હતી.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૮૮)

''અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.'' ૭

અર્થ :–''તારા અચળરૂપમાં મારું મન લાગતું નથી. તારા પર મને આસક્તિ નથી. મને સદ્ગુરુના વિયોગનો પરિતાપ થતો નથી. અને તેનો ખેદ પણ થતો નથી. તારા પ્રેમની મને કથા પણ લભ્ય થતી નથી. અને પાછો તેનો ખેદ અથવા પરિતાપ પણ થતો નથી.'' પૂ.શ્રી.બ્ર.જી. (પૃ.૧૪૭)

પ.પૂ.પ્રભુશ્રીજીને વિરહથી થયેલો ખેદ અને પરિતાપ

પ.પૂ.પ્રભુશ્રીજીના વિરહનું દૃષ્ટાંત :–''એક વખત પ્રભુશ્રીજીનું ચોમાસું ખંભાતમાં હતું. ત્યારે પરમકૃપાળુદેવ ખંભાતથી ત્રણ ગાઉ દૂર રાળજ ગામમાં બિરાજતા હતા. બધાં મુમુક્ષુઓ ત્યાં જઈને દર્શન કરતા અને વખાણતા. પ્રભુશ્રીજીને પણ દર્શન કરવાની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થઈ. પણ ચોમાસામાં તો મુનિઓને બહાર ન જવાય. એથી કરીને તેઓ મનમાં બહુ મૂંઝાતા હતા. એક દિવસે ચાલતાં ચાલતાં પરમકૃપાળુદેવ જે ગામમાં હતા તે રાળજ ગામની બહાર તલાવડી પાસે આવીને ઊભા રહ્યાં. પછી કોઈ સાથે કહેવડાવ્યું કે અંબાલાલભાઈને કહેજો કે પેલા મુનિ આવેલા છે. અંબાલાલભાઈને કોઈએ કહ્યું એટલે ગામ બહાર આવ્યા અને પૂછ્યું તમે આજ્ઞા વગર કેમ આવી ગયા? ત્યારે પ્રભુશ્રીજીએ જણાવ્યું કે આજ્ઞા માટે જ અહીં ઊભો છું. પછીથી શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવ પાસે જઈને બધી હકીકત કહી.

પરમકૃપાળુદેવે ખબર મોકલી કે 'તમને અમારા દર્શન કર્યા વિના જો શાંતિ થતી હોય તો પાછા ચાલ્યા જાઓ અને ના થતી હોય તો હું ત્યાં આવું.' પ્રભુશ્રીજીએ વિચાર્યું કે ભલે દર્શન ન થાય પણ મારે પરમકૃપાળુદેવને અહીં આવવાનું કષ્ટ તો આપવું નથી. એમ વિચારી પાછા ચાલ્યા ગયા. જતાં જતાં બહુ ખેદ થયો કે મારા કેવા અંતરાયકર્મો છે કે બધાને પરમકૃપાળુદેવના દર્શન થાય છે અને મને નથી થતા. પરમકૃપાળુદેવે બધું જાણી બીજે દિવસે શ્રી સોભાગભાઈને ત્યાં મોકલ્યા. શ્રી સોભાગભાઈને જોઈને પ્રભુશ્રીજીને બહુ હર્ષ થયો. શ્રી સોભાગભાઈએ કહ્યું કે તમને બહુ ખેદ થાય છે એટલે મને મોકલ્યો છે. હવે આ મંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું સ્મરણ કરજો. પ્રભુશ્રીજીને મંત્ર મળ્યા પછી શાંતિ થઈ. આવો વિરહનો ખેદ થાય ત્યારે સદ્ગુરુના અચળરૂપમાં આસક્તિ થાય.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૭)



'અચળરૂપ આસક્તિ નહિ'.....

આપના અચળ સહજાત્મસ્વરૂપનું મને હંમેશાં નિરંતર ધ્યાન રહેવું જોઈએ, પણ મને તેનો અભ્યાસ નથી. તો તારા અચળ સ્વરૂપ પ્રત્યે મને કેવી રીતે આસક્તિ થાય.

પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે :-

"જેને સદ્‌ગુરુ ચરણસુ રાગ, તેના જાણો મોટાભાગ;
જેને સદ્‌ગુરુ ચરણસુ પ્યાર, તેનો જાણો અલ્પ સંસાર."

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

ભગવાનના ગુણો પ્રત્યે ભક્તિ વિના જ્ઞાન શૂન્ય છે

"તમને જેવી જ્ઞાનની જિજ્ઞાસા છે તેવી ભક્તિની નથી. ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે; તો પછી તેને પ્રાપ્ત કરીને શું કરવું છે? જે અટક્યું તે યોગ્યતાની કચાશને લીધે. અને જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ રાખો છો તેને લીધે. જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી એ પરમ ફળ છે. વધારે શું કહીએ?" (વ.પૃ.૨૯૫)

સતીનું મન પતિમાં, તેમ ભક્તનું મન ભગવાનમાં રમવું જોઈએ

" 'મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત,' એ પદના વિસ્તારવાળા અર્થને આત્મ-પરિણામરૂપ કરી, તે પ્રેમભક્તિ સત્પુરુષને વિષે અત્યંતપણે કરવી યોગ્ય છે, એમ સર્વે તીર્થંકરોએ કહ્યું છે, વર્તમાને કહે છે અને ભવિષ્યે પણ એમ જ કહેવાના છે." (વ.પૃ.૩૪૨)

'અચળરૂપ આસક્તિ નહિ'.....

રાગીના સંગથી સંસાર અને નીરાગીના સંગથી મોક્ષ

શ્રી નેમિનાથ ભગવાનના સ્તવનમાં શ્રી દેવચંદ્રજી જણાવે છે –

"રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી;
નીરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારો જી.
નેમિ જિણેસર નિજ કારણ કર્યું."

અર્થ :– સંસારમાં રહેલા અજ્ઞાની જીવો રાગદ્વેષથી યુક્ત છે. એવા જીવોના સંગથી રાગદશાની જ વૃદ્ધિ થાય છે. અને તેનું ફળ પણ સંસારવૃદ્ધિ આવે છે. જ્યારે નિરાગી એવા વીતરાગ પરમાત્મા સાથે રાગનું જોડાણ કરવું અર્થાત્ પ્રેમભક્તિ વધારવી તે સંસાર સમુદ્રથી પાર ઉતારનાર સાચો માર્ગ છે. કેમકે પ્રભુ સામો રાગ કરતા નથી, તેથી અનુક્રમે આપણો પણ રાગ નાશ પામે છે." ॥૪॥ -ચૈત્યવંદન ચોવીશી ભા.૧ (અર્થસહિત) (પૃ.૨૯૭)



'બોધામૃત ભાગ-૨' માંથી :–

પરમકૃપાળુદેવના અચળ સ્વરૂપ પ્રત્યે આસક્તિ થાય તો કલ્યાણ

''બધેથી એ પુરુષ ઊખડી ગયા છે, ક્યાંય આસક્ત નથી. કોઈ પણ પદાર્થમાં ચોંટ એમને નથી. ઉદાસભાવ છે. કોઈ પ્રત્યે રાગભાવ નથી એવા વીતરાગ છે. તે નમન કરવા યોગ્ય છે. વારંવાર એમાં જ ચિત્ત જાય. જેમ જેમ સંભારે તેમ તેમ વધારે સાંભરે એવા ઉલ્લાસથી એ પુરુષનું ધ્યાન કરવા યોગ્ય છે. એવા અપૂર્વ પુરુષની શ્રદ્ધા થાય તો, એ જેવી તેવી વસ્તુ નથી. તેમાં જ ચિત્ત રાખવું. અનંત ભવ ભમતાં એવો પુરુષ કોઈક વખત મળે. એવા આપણને કૃપાળુદેવ મળી આવ્યા, તો એમનામાં ચિત્ત રાખવું. પ્રભુશ્રીજીએ આપણને બતાવ્યા, નહીં તો સમજાતેય નહીં.'' (બો.૨ પૃ.૧૦૩)

'નહીં વિરહનો તાપ'.....

હે પ્રભુ આપના શુદ્ધ સહજાત્મસ્વરૂપ પ્રત્યે મને પ્રેમ નથી. તેથી મને આપના વિરહનો તાપ પણ લાગતો નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

આ કાળમાં જ્ઞાનીપુરુષના દર્શન દુર્લભ થઈ પડ્યા છે

''દુષમકાળ છે એમાં સંશય નથી. તથારૂપ પરમજ્ઞાની આપ્તપુરુષનો પ્રાયે વિરહ છે.''

(વ.પૃ.૪૬૨)

અતિશય વિરહાગ્નિ ભગવાન પ્રત્યે વેદાય તો સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય

''અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.'' (વ.પૃ.૨૮૪)

જ્ઞાનીપુરુષના વિરહમાં વિશેષ સાવધાન રહેવું જરૂરી

''જ્ઞાનીપુરુષના સમાગમનો અંતરાય રહેતો હોય, તે તે પ્રસંગમાં વારંવાર તે જ્ઞાનીપુરુષની દશા, ચેષ્ટા અને વચનો નીરખવા, સંભારવા અને વિચારવા યોગ્ય છે. વળી તે સમાગમના અંતરાયમાં, પ્રવૃત્તિના પ્રસંગોમાં, અત્યંત સાવધાનપણું રાખવું ઘટે છે; કારણ કે એક તો સમાગમનું બળ નથી, અને બીજો અનાદિ અભ્યાસ છે જેનો, એવી સહજાકાર પ્રવૃત્તિ છે; જેથી જીવ આવરણપ્રાપ્ત હોય છે. ઘરનું, જ્ઞાતિનું, કે બીજાં તેવાં કામોનું કારણ પડ્યે ઉદાસીનભાવે પ્રતિબંધરૂપ જાણી પ્રવર્તન ઘટે છે. તે કારણોને મુખ્ય કરી કોઈ પ્રવર્તન કરવું ઘટતું નથી; અને એમ થયા વિના પ્રવૃત્તિનો અવકાશ પ્રાપ્ત થાય નહીં.'' (વ.પૃ.૩૭૨)

જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અજ્ઞાનની પ્રવૃત્તિ થાય

''જ્ઞાનીપુરુષ સમતાથી કલ્યાણનું જે સ્વરૂપ બતાવે છે તે ઉપકારને અર્થે બતાવે છે. જ્ઞાની-



પુરુષો માર્ગમાં ભૂલા પડેલા જીવને સીધો રસ્તો બતાવે છે. જ્ઞાનીને માર્ગે ચાલે તેનું કલ્યાણ થાય.

જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર થઈ જવાથી અજ્ઞાનની પ્રવૃત્તિ થાય; અને જ્ઞાનીપુરુષોનાં વચનો ન સમજાય; તેથી લોકોને અવળું ભાસે. ન સમજાય તેથી લોકો ગચ્છના ભેદ પાડે છે. ગચ્છના ભેદ જ્ઞાનીઓએ પાડ્યા નથી. અજ્ઞાની માર્ગનો લોપ કરે છે. જ્ઞાની થાય ત્યારે માર્ગનો ઉદ્યોત કરે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીની સામા થાય છે. માર્ગસન્મુખ થવું જોઈએ, કારણકે સામા થવાથી ઊલટું માર્ગનું ભાન થતું નથી.'' (વ.પૃ.૭૦૮)

'કથા અલભ તુજ પ્રેમની'.....

તારા પ્રત્યે ભક્તોની કેવી પ્રીતિ હતી તેની કથા પણ મને સાંભળવા મળતી નથી

ભૂતકાળમાં અનેક ભક્તો થઈ ગયા. તેમની કથાઓ જીવનચરિત્રો પણ મને સાંભળવા મળતા નથી, કે જેથી મને પણ આપના અચળ એટલે સ્થિર આત્મસ્વરૂપ પ્રત્યે તેમની જેમ આકર્ષણ થાય અને અંતરમાં ભક્તિ પ્રગટે. જેમકે –

કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પ્રત્યે શ્રી કુમારપાળ રાજાને કેવી અદ્‌ભુત ગુરુભક્તિ પ્રગટી હતી કે જેના પ્રતાપે ખરતાડના વૃક્ષો પણ શ્રી તાડના થઈ ગયા.

શ્રી કુમારપાળ રાજાની શ્રી ગુરુ હેમચંદ્રાચાર્ય પ્રત્યેની અનન્ય ભક્તિ

શ્રી કુમારપાળ રાજાનું દૃષ્ટાંત :– ''ગુરુએ કરેલા સર્વ ગ્રંથો મારે અવશ્ય લખાવવા. એવો અભિગ્રહ લઈને સાતસો લહિયાને લખવા બેસાડ્યા. એક વખત પ્રાતઃકાળે ગુરુને તથા દરેક સાધુને વિધિપૂર્વક વાંદીને રાજા લેખશાળા જોવા ગયા. ત્યાં લહિયાઓને કાગળના પાનામાં લખતાં જોઈને રાજાએ ગુરુને તેનું કારણ પૂછ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે-'હે ચૌલુક્ય દેવ! હાલ જ્ઞાનભંડારમાં તાડપત્રોની ઘણી ખોટ છે, માટે કાગળના પાનામાં ગ્રંથો લખાય છે.' તે સાંભળીને રાજા લજ્જિત થયો અને મનમાં વિચારવા લાગ્યો કે -'અહો! નવા ગ્રંથો રચવામાં ગુરુની અખંડ શક્તિ છે, અને મારામાં તે ગ્રંથો લખાવવાની પણ શક્તિ નથી, તો પછી મારું શ્રાવકપણું શું?' એમ વિચારીને તે ઊભો થઈને બોલ્યો–હે ગુરુદેવ! મને ઉપવાસનું પ્રત્યાખ્યાન આપો. તે સાંભળી 'આજે શેનો ઉપવાસ છે?' એમ ગુરુએ પૂછ્યું ત્યારે રાજાએ કહ્યું કે -'અત્યાર પછી જ્યારે તાડપત્ર પૂરાં થાય ત્યારે જ મારે ભોજન કરવું.' તે સાંભળીને ગુરુએ કહ્યું કે - શ્રી તાડનાં વૃક્ષો અહીંથી ઘણા દૂર છે, તો તે શી રીતે જલદી મળી શકશે? એમ ગુરુએ તથા સામંતો વિગેરેએ બહુમાન સહિત ઘણા વાર્યા, તો પણ તેમણે તો ઉપવાસ કર્યો. શ્રી સંઘે તેમની સ્તુતિ કરી કે –

''અહો! શ્રી કુમારપાળ રાજાની ગુરુકૃપાએ જિનાગમને વિષે કેવી ભક્તિ છે તેમજ અહો! ગુરુને વિષે તેનું બહુમાન પણ કેવું છે? અને અહો! તેનું સાહસ પણ કેવું નિઃસીમ છે.''



પછી કુમારપાળ રાજા પોતાના મહેલના ઉપવનમાં જઈને ત્યાં રહેલા ખરતાડ વૃક્ષોની ચંદન, કર્પૂર વિગેરેથી પૂજા કરીને જાણે પોતે મંત્રસિદ્ધ હોય તેમ બોલ્યા કે –



''હે ખરતાડના વૃક્ષો! જો મારું મન પોતાના આત્માની જેમ જૈન મતમાં આદરવાળું હોય, તો તમે શ્રી તાડના વૃક્ષો થઈ જાઓ. એમ કહીને રાજાએ કોઈએક ખરતાડ વૃક્ષના સ્કંધ પ્રદેશ ઉપર પોતાના સુવર્ણનો હાર મૂક્યો. પછી એ પ્રમાણે કરીને રાજા મહેલમાં જઈ ધર્મ ધ્યાનમાં તત્પર થઈને રહ્યો, એટલે શાસન દેવતાએ તે ખરતાડનાં વૃક્ષોને શ્રીતાડનાં વૃક્ષો બનાવી દીધાં.

પ્રાતઃકાળે ઉપવનના રક્ષકોએ આવીને રાજાને તે વૃત્તાંત નિવેદન કર્યું. એટલે રાજાએ પણ તેઓને ઈનામ આપીને આનંદ પમાડ્યા પછી શ્રી તાડના પત્રો લઈને ગુરુ પાસે મૂકી વંદના કરી. ગુરુએ 'આ ક્યાંથી?' એમ પૂછ્યું, એટલે રાજાએ વિનયથી સર્વ સભાસદોને ચમત્કાર પમાડનાર તે વૃત્તાંત નિવેદન કર્યું. પછી હેમચંદ્રાચાર્ય કર્ણને અમૃત સમાન તે વૃત્તાંત સાંભળીને રાજા અને સભાસદો સહિત તે ઉપવનમાં ગયા. ત્યાં રાજાના કહેવા પ્રમાણે પૂર્વે નહીં સાંભળેલ તેવું નજરે જોયું. તે વખતે બ્રાહ્મણો તથા દેવીબોધી (બૌધાચાર્ય) વિગેરે નગરના લોકો પણ ખરતાડનાં વૃક્ષોને શ્રીતાડનાં વૃક્ષો થયેલા જોઈ વિસ્મય તથા આશ્ચર્ય પામ્યા.'' -ઉ.પ્રા.ભા.ભાગ-૪ (પૃ.૨૦૪)

આવી ગુરુભક્તિ અમને પણ પ્રગટો એવી પ્રભુ પ્રત્યે અમારી પ્રાર્થના છે.



'નહીં તેનો પરિતાપ'.....

એવા સાચા ભક્તોની ભક્તિ કે કથા પણ મને સાંભળવા મળતી નથી અને તેનો પરિતાપ એટલે ખેદ પણ મારા મનમાં થતો નથી એવો હું પુણ્યહીન સ્થિતિમાં આવી પડ્યો છું. માટે આપની કૃપા થાય તો જ મારો ઉદ્ધાર થાય. 'મોક્ષ મૂલં ગુરુકૃપા.'

''ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.'' ૮

અર્થ :–''ભક્તિ માર્ગમાં નિરંતર રહેવા જેવું છે. સર્વજ્ઞે જે ભક્તિનો માર્ગ ભાખ્યો છે એવા માર્ગમાં પણ મારો પ્રવેશ નથી, એવા ભાવ ક્યારે થાય? તો કહે : તારા ભજનમાં દૃઢ ભાન થાય ત્યારે. એવું દૃઢ ભાન પણ મને નથી. મારો ધર્મ શું છે, તેની પણ મને સમજણ નથી. મારો ધર્મ એટલે જિનેશ્વર ભગવાને ભાખ્યો છે, તે જૈનધર્મ અથવા આત્માનો ધર્મ. એવો ધર્મ ક્યાંથી લભ્ય થાય? શુભદેશમાં સ્થાન હોય તો. એવું શુભસ્થાન પણ મને પ્રાપ્ત થયું નથી.''-પૂ.શ્રી બ્ર.જી. (પૃ.૧૪૭)

'ભક્તિમાર્ગ પ્રવેશ નહિ'.....

ભક્તિ એ પરમપ્રેમનું બીજું રૂપ છે. 'ભક્તિ પરમપ્રેમ રૂપા' ભગવાન પ્રત્યે એવા પરમપ્રેમ-રૂપ ભક્તિમાં હજુ મારો પ્રવેશ થયો નથી.

ભગવાનને પામવાના ત્રણ માર્ગ પરમકૃપાળુદેવે પત્રાંક ૬૯૩ માં જણાવ્યા છેઃ–

જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ

''જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

ક્રિયામાર્ગે અસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજાસત્કારાદિ યોગ, અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ પ્રાપ્ત થવો જોઈએ; નહીં તો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.''

(વ.પૃ.૫૦૪)

૧. જ્ઞાનમાર્ગ :– શાસ્ત્રો વાંચી મોક્ષમાર્ગને જાણી આરાધવો તે જ્ઞાનમાર્ગ. એ મહા મુશ્કેલીથી આરાધી શકાય એવો માર્ગ છે. કેવળજ્ઞાન દશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાના ઘણા સ્થાનક છે. ગુરુગમ વગર આ જ્ઞાનમાર્ગથી મોક્ષમાર્ગમાં અનેક શંકાઓ ઉત્પન્ન થાય કે વિકલ્પ



વધે અથવા શાસ્ત્રો જાણ્યાથી પોતાની મરજી પ્રમાણે વર્તવાનો સ્વચ્છંદ આવે અથવા અતિપરિણામીપણું એટલે જે જ્ઞાન પોતામાં પરિણમ્યું ન હોય છતાં માની લે કે એ જ્ઞાન બધું મારામાં પરિણમી ગયું, હું તો જ્ઞાનીના કહેવા પ્રમાણે જ વર્તુ છું; એમ પોતે માની લેવાથી વારંવાર જીવને તે સાચા મોક્ષમાર્ગથી પડવાના કારણો થાય છે, અથવા આત્માની ઉચ્ચી ભૂમિકાને પ્રાપ્ત થવા દેતા નથી.

૨. ક્રિયામાર્ગ :– મોક્ષ પ્રાપ્તિ અર્થે ધર્મની ક્રિયાઓ કરવી તે ક્રિયામાર્ગ છે. તે ક્રિયાઓ વિષે સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા સાચી સમજણ મેળવ્યા વગર પોતાના સ્વચ્છંદે મોક્ષ મેળવવા માટે ધર્મની ક્રિયાઓ-પૂજા-વ્રત-તપ-જપાદિના અનુષ્ઠાન કરવા તે ક્રિયાજડપણું છે. તે જ ધર્મક્રિયાના સાધનો પૂજા-વ્રત-તપ-જપાદિ અનુષ્ઠાનનું સાચું સ્વરૂપ જ્ઞાનીપુરુષો દ્વારા પ્રથમ સમજીને પછી કરવા યોગ્ય છે. નહીં તો તે જ ક્રિયાઓથી જીવને અસદ્ અભિમાન, જે ક્રિયાઓ કરતા હોઈએ તેનો આગ્રહ, અથવા ક્રિયાઓ કરવાથી રિદ્ધિસિદ્ધિ પ્રગટશે એવો મોહ અથવા તપસ્વીઓની પૂજા સત્કાર આદિ બહુમાનની ભાવના અને સર્વથી વિશેષ તો ધર્મને નામે ક્રિયાઓ દેહની થાય છે અને તેને આત્માની ક્રિયાઓ માની લેવી એ આદિનો આમાં સંભવ રહ્યો છે.

૩. ભક્તિમાર્ગ :– માટે કોઈક આત્મજ્ઞાની મહાત્માને બાદ કરતાં એટલે કોઈ આત્મજ્ઞાની મહાપુરુષ જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્તિ શકે, તે સિવાય ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય લીધો છે. અને સદ્‌ગુરુનું સર્વાર્પણપણે શરણ સ્વીકારી તેમની જ આજ્ઞામાં વર્ત્યા છે. પણ જેનું શરણ લઈએ તે સાચા આત્મજ્ઞાની પુરુષ હોવા જોઈએ. નહીં તો અજ્ઞાનીના શરણથી, મળેલો રત્ન-ચિંતામણિ જેવો આ દુર્લભ મનુષ્યદેહ ઊલટો ચારગતિમાં વિશેષ પરિભ્રમણ કરાવનારો થઈ જાય.

આ પત્રાંક ૬૯૩ વિષે પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે કે–"ભક્તિમાં સ્વચ્છંદ છે નહીં. જ્ઞાનીની આજ્ઞામાં જ એનું ચિત્ત ચોંટી જાય છે, તેથી બીજે ભટકે નહીં. ભક્તિ એ ઉત્તમ વસ્તુ છે, પણ નિષ્કામ ભક્તિ થવી જોઈએ. દેહાધ્યાસ છોડવા માટે આ ભક્તિ છે. ભગવાનમાં ચિત્તને લીન કરવું એ અહીં કહેવું છે. જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ સુલભ છે. જ્ઞાનમાર્ગમાં અલ્પ જ્ઞાન હોય તો તે અનેક દોષોને ઉત્પન્ન કરે છે. અલ્પજ્ઞાન જીવને ઉન્મત્ત કરનાર છે. અને ભક્તિમાં તો 'હું કંઈ જ જાણતો નથી' એમ રહે. જ્ઞાનમાર્ગે ઘણા ભૂલ કરે છે. સદ્‌ગુરુના આશ્રય વિના પોતાની બુદ્ધિથી પદાર્થનો નિર્ણય કરી બેસે તો ઘણા દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. આ કાળ એવો છે કે જિંદગી આખી ભક્તિ જ કરવા યોગ્ય છે." (જૂનું બો.૧ પૃ.૩૩૨)

માટે પૂ.શ્રી બ્રહ્મચારીજી 'પ્રજ્ઞાવબોધ' ગ્રંથના 'સાર્વજનિક શ્રેય' નામના ૩૫માં પાઠમાં પણ ભક્તિમાર્ગની ભલામણ કરતા જણાવે છે કે–

"હાંરે આ કળિકાળે તો ભક્તિ-માર્ગ જ શ્રેષ્ઠ જો,
સર્વ સંતની શિખામણ આ ઉરે ધરો રે લો;



હાંરે સદાચરણ પણ સેવો કરી વિચાર જો,
એક લક્ષથી અકામ ભક્તિ આદરો રે લો. હાંરે વ્હાલા૦

અર્થ :– આ ભયંકર કળિયુગમાં એક ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે. સાચી સમજ સાથે પ્રભુ પ્રત્યે ભક્તિ હોવી જોઈએ, તો જ તે જ્ઞાન સફળ છે. પરમપ્રેમરૂપ ભક્તિ વિનાનું જ્ઞાન શૂન્યવત્ છે. આ સર્વ સંતપુરુષોની શિખામણ છે. તેને હૃદયમાં કોતરી રાખવી. તથા પોતપોતાની ભૂમિકા અનુસાર વિચાર કરીને હમેશાં સદાચરણને જ સેવવા. તેમજ માત્ર એક આત્માર્થના જ લક્ષપૂર્વક નિષ્કામભાવે પ્રભુ ભક્તિમાં તન્મય રહેવું. એ આત્મકલ્યાણનો સુગમ ઉપાય છે. જગતના સર્વ જીવોનું હિત પણ આમાં જ સમાયેલું છે.'' -પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧ (પૃ.૪૧૭)

એ ભક્તિમાર્ગના બીજા નવ પ્રકાર 'પ્રવેશિકા' નામના ગ્રંથના ૧૭મા પાઠમાં જણાવે છે :–

''પ્ર.–ભક્તિના કોઈ પ્રકાર હશે કે નહીં?

ઉ.–નવધા ભક્તિ મનાય છે.

પ્ર.–તે નવ પ્રકાર કયા?

ઉ.– ''શ્રવણ, કીરતન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;
લઘુતા, સમતા, એકતા, નવધા, ભક્તિ પ્રમાન.'' -શ્રી બનારસીદાસ

(૧) **શ્રવણ**–ગુરુદેવ ભગવંતની કથા સાંભળવી તે શ્રવણ ભક્તિ છે; તેમના ગુણો સાંભળી તેમનું મહાત્મ્ય હૃદયમાં વસવાથી આપણી વૃત્તિ તેવા બનવા પ્રેરાતી જાય છે. (૨) **કીર્તન**–તેમના ગુણગ્રામ કરતાં તેમના સ્વરૂપમાં મન જોડાય છે અને ઉત્તમ ભાવના પોષાય છે. શ્રવણ કીર્તનનો ક્રમ ઘણા આરાધે છે પણ આગળનો ક્રમ આરાધનાર બહુ વિરલ જીવો હોય છે. (૩) **ચિંતવન**--ચિંતવન એટલે મનન કરવું; કથાદિ સાંભળીને, સ્તવન કરીને, તે ઉપરથી આપણા આત્મ-વિકાસનો માર્ગ વિચારવો જરૂરનો છે. (૪) **વંદન**–વંદન એટલે નમસ્કાર આદિ વિનય ભક્તિ કરવી, (૫) **સેવન**–સેવન એટલે ગુરુ આદિ પૂજ્ય જનોની સેવાચાકરી, તેમના વચનામૃતોનું, આજ્ઞાનું ઔષધની સમાન સેવન કરવું અને આત્મભ્રાન્તિ રૂપ રોગ દૂર કરવો. (૬) **ધ્યાન**–ધ્યાન એટલે મનોવૃત્તિ જ્ઞાની પુરુષની આજ્ઞામાં એકાગ્ર કરવી અથવા ધર્મધ્યાન આદિવડે ધર્મમૂર્તિ બનવું. (૭) **લઘુતા**–લઘુતા એટલે પોતાનામાં ગુણોની વૃદ્ધિ થયા છતાં છલકાઈ ન જવું, બાહ્ય પદાર્થોનું, શાસ્ત્રજ્ઞાન આદિનું માહાત્મ્ય ન લક્ષમાં રાખતાં, ફળ બેસતાં વૃક્ષની ડાળ નમે તેવા નમ્રભાવે વર્તવું તે. (૮) **સમતા**–''સર્વાત્મમાં સમ દૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.'' સર્વ જીવને પોતાના સમાન માની રાગદ્વેષ ન થવા દેવા, તે પરમાત્મદશા પામવાનો માર્ગ છે. (૯) **એકતા**–એકત્વ ભાવના, અસંગ દશા; ઈષ્ટદેવમાં તલ્લીન થઈ જવું તે.

શ્રી સુંદરદાસનું પ્રેમલક્ષણા ભક્તિ વિષે નીચેનું કાવ્ય વિચારવા યોગ્ય છે.''–



(ઇન્દ્રવ છંદ)

''પ્રેમ લગ્યો પરમેશ્વર સોં તબ, ભૂલિ ગયો સિગરો ઘરુ બારા ।
જ્યોં ઉન્મત્ત ફિરેં જિતહીં તિત, નેક રહી ન શરીર સંભારા ।।
સ્વાસ ઉસાસ ઊઠે સબ રોમ, ચલૈ દૃગ નીર અખંડિત ધારા ।
સુંદર કૌન કરે નવધા વિધિ, છાકિ પર્યો રસ પી મતવારા ।।'' -પ્રવેશિકા (પૃ.૪૦)

અર્થ :–પરમેશ્વર સાથે પ્રેમની લગની લાગે ત્યારે સઘળું ઘરબાર વગેરે બધું ભક્તને ભૂલાઈ જાય છે. જેમ ઉન્મત્ત એટલે ગાંડો માણસ અહીં તહીં ફર્યા કરે અને તેને પોતાના શરીરની લેશ સંભાળ લેવાનું પણ સૂઝતું નથી. તેમ ભક્તને પણ ભગવાનના વિરહમાં કે ભક્તિના વેગમાં શ્વાસોચ્છવાસ ઉઠે કે બધા રોમ ઊભા થઈ જાય, કે આંખોમાંથી આંસુની ધારા અખંડિતપણે વહ્યા કરે તો પણ તેની તેને ખબર પડતી નથી.

સુંદરદાસ કહે છે કે આ કલિકાળમાં આ નવ પ્રકારની ભક્તિ કરનાર પણ કોણ હશે ? કે જે આ પ્રભુના પ્રેમરસમાં ઉન્મત્ત બનીને ગાંડાની જેમ જગતને કે શરીરને ભૂલી ગયો હોય ? અર્થાત્ કોઈ વિરલા જ હશે, એવી કાળસ્થિતિ થઈ ગઈ છે.

'પ્રજ્ઞાવબોધ'માંથી :–

ભક્તિ વિષેની ભલામણ

''દેખાદેખી ભક્તિ કરતા, ધંધે વળગી ભૂલી જતા,
કાળ ગાળવા કીર્તન કરતા, કોઈ રહસ્ય ન ઉર ધરતા;
ગાન - તાન મિષ્ટાન્ન મળે છે, એમ ગણી ટોળે મળતા,
પણ આત્માની ઉન્નતિ કાજે ભક્ત-મંડળે ના ભળતા.'' ૬

અર્થ :–''કોઈ એક બીજાને દેખી ભક્તિ કરે છે. પછી ધંધે વળગી બધું ભૂલી જઈ માયા પ્રપંચ કરે છે. સમય પસાર કરવા ભજન કીર્તન કરે છે પણ ભક્તિ કરવાનું પ્રયોજન શું છે તેનો કોઈ હૃદયમાં વિચાર કરતા નથી. પણ ભગવાનની ભક્તિના નામે ગાયન કરવાનું મળે છે અને તેની તાનમાં લીન થવાનું બને છે. વળી ભક્તિના ફળમાં તરત મિષ્ટાન્ન મળે છે એમ ગણી બધા ટોળામાં ભેગા થાય છે. પણ જ્યાંથી આત્માની ઉન્નતિ થાય અને ગુણો પ્રગટે એવા સાચા ભક્ત મંડળમાં તે ભળતા નથી.'' ।।૬।। -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૫૭૯)

માટે શાસ્ત્રનો કે ભક્તિનો મર્મ સમજવા શ્રી સદ્‌ગુરુની અનન્ય પ્રેમે ભક્તિ કરવી.

''મર્મ સદ્‌ગુરુ-ઉરે જે રહ્યો ગુપ્ત તે, જાણવા ભક્તિ કરવી સુભાવે,
રોકી સ્વચ્છંદ, આજ્ઞા જ ઉઠાવતાં, સહજ નિજ ભાવનો બોધ આવે. આજ''૦૧૨

અર્થ :–'શાસ્ત્રોમાં માર્ગ કહ્યો છે, પણ મર્મ તો સત્પુરુષના અંતર્આત્મામાં રહ્યો છે.' તે ગુપ્ત મર્મને જાણવા માટે અનન્ય પ્રેમે શ્રી સદ્‌ગુરુ ભગવંતની ભક્તિ કરવી. પોતાના સ્વચ્છંદને રોકી



જ્ઞાનીપુરુષની આજ્ઞાને જ ઉપાસે તો સહજ રીતે પોતાના આત્મા સંબંધીનું જ્ઞાન પામવાની સમજ આવે છે. ।।૧૨।। -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૨૬૭)

"પ્રભુ ભક્તિ રત ચિત્ત રમે જ્યાં, કેવળજ્ઞાન પ્રકાશે જી,
કોણ મૂર્ખ ઇંદ્રિયસુખ ઇચ્છે, જેથી નિજ સુખ નાશેજી.

અર્થ :—પ્રભુના શુદ્ધ આત્મસ્વરૂપમાં ભક્તિ પ્રગટીને જો ચિત્ત તેમાં જ રમે તો કાળે કરીને તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. જેમ શ્રી નેમિનાથ ભગવાન પ્રત્યે રાજુલનો શુદ્ધ પ્રેમ પ્રગટ્યો તો તે કેવળજ્ઞાનનું કારણ થયું. અથવા શ્રી ગૌતમ સ્વામીને ભગવાન મહાવીર પ્રત્યે સાચી ભક્તિ ઊપજી તો તે પણ કેવળજ્ઞાનને આપનાર સિદ્ધ થઈ. માટે એવો કોણ મૂર્ખ હોય કે જે ઇન્દ્રિયના ક્ષણિક સુખોને ઇચ્છી પોતાના આત્માથી જ પ્રાપ્ત થતા શાશ્વત સુખનો નાશ કરે." ।।૧૬।।

-પ્ર.વિ.-૧ (પૃ.૩૯૮)

'ચૈત્યવંદન ચોવીશી ભાગ-૧,૨' (અર્થ સહિત)માંથી :—

શ્રી દેવચંદ્રજી મહારાજ પણ ભક્તિથી કેવા કેવા મોટા લાભ થાય છે તે શ્રી અજિતવીર્ય જિનેશ્વરના સ્તવનમાં જણાવે છે :—

"પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે મ૦ વચન અસંગી સેવ રે; ભ૦
કર્તા તન્મયતા લહે રે મ૦ પ્રભુ ભક્તિ નિત્યમેવ રે. ભ૦ ૩

સંક્ષેપાર્થ :— પ્રીતિરૂપ ભક્તિ અનુષ્ઠાન વડે અસંગી એવા પ્રભુના વચન અનુસાર તેમની સેવા એટલે આજ્ઞા ઉઠાવતાં, કર્તા એવો પુરુષ હમેશાં પ્રભુની ભક્તિમાં જગતને ભૂલી જઈ પ્રભુના ગુણમાં તન્મય બને છે. ।।૩।।

જિન ભક્તિરત ચિત્તને, મ૦ વેધક રસ ગુણ પ્રેમ રે; ભ૦
સેવક જિનપદ પામશે રે, મ૦ રસવેધિત અય જેમ રે. ભ૦ ૬

સંક્ષેપાર્થ :— શ્રી જિનેશ્વર પ્રભુની ભક્તિમાં જેનું ચિત્ત રત છે અર્થાત્ લીન છે તેનો પ્રભુ પ્રત્યેનો પ્રેમગુણ વેધક રસ જેવો છે. જેમ વેધક રસથી વેધિત થયેલું અય એટલે લોઢું, સોનું બની જાય છે, તેમ પ્રભુભક્તિમાં તન્મય એવો સેવક પણ સુવર્ણ સમાન જિનપદને પામે છે. ।।૬।।

નાથ ભક્તિરસ ભાવથી રે, મ૦ તૃણ જાણું પરદેવ રે; ભ૦
ચિંતામણિ સુરતરુથકી રે મ૦ અધિકી અરિહંતસેવ રે. ભ૦ ૭

સંક્ષેપાર્થ :—શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે મારા નાથ પ્રભુની ભક્તિરસમાં ભાવોની તરબોળતા થતાં મને સર્વ પર દેવો તૃણ સમાન ભાસે છે. તેમજ ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ કરતાં પણ મને તો શ્રી અરિહંત પ્રભુની સેવા અધિકી કહેતાં વધારે શ્રેષ્ઠ જણાય છે; કારણ કે એ સેવા શાશ્વત સુખશાંતિસ્વરૂપ એવા મોક્ષપદને આપનારી છે. ।।૭।।



નિર્મળ તત્ત્વરુચિ થઈ રે મ૦ કરજો જિનપતિભક્તિ રે; ભ૦
દેવચંદ્ર પદ પામશો રે, મ૦ પરમ મહોદય યુક્તિ રે. ભ૦ ૯

સંક્ષેપાર્થ :—હે ભવ્યાત્માઓ! જો તમને નિર્મળ એવી આત્મતત્ત્વ પામવાની રુચિ ઉત્પન્ન થઈ હોય તો શ્રી જિનપતિ એવા જિનેશ્વર પ્રભુની ભક્તિ ભાવપૂર્વક કરજો. તો તમે પણ દેવોમાં ચંદ્રમા સમાન ઉત્તમ શાશ્વત સુખરૂપ એવા મોક્ષપદને પામશો. પ્રભુની ભક્તિ સાચા ભાવે કરવી એ જ પરમ મહોદય એવા મોક્ષપદને પામવાની સાચી યુક્તિ છે અર્થાત્ એ જ સાચો ઉપાય છે.'' ॥૯॥ -ચૈત્યવંદનચોવીશી (અર્થ સહિત) ભાગ-૨ (પૃ.૨૧૦)

શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રી મુનિસુવ્રતનાથ જિનેશ્વરના સ્તવનમાં જણાવે છે કે પ્રભુ પ્રત્યેનો પ્રેમ આપણને નીરાગી બનાવે તો તેના પ્રત્યેની ભક્તિ કોને ન ગમે? સર્વ આત્માર્થીને તો ગમે જ.

''દીઠો દરિશણ શ્રી પ્રભુજીનો, સાચે રાગે મનસું ભીનો;
જસુ રાગે નીરાગી થાયે, તેહની ભક્તિ કોને ન સુહાયે. ૧

સંક્ષેપાર્થ :—ગત ચોવીશીમાં થયેલા બારમા તીર્થંકર પ્રભુશ્રી મુનિસુવ્રત ભગવાને કેવળજ્ઞાન વડે નવ તત્ત્વોનું કે છ દ્રવ્યોનું સ્વરૂપ જેમ છે તેમ જાણીને જૈનદર્શનમાં પ્રગટ કર્યું; તે જાણવાથી તેના પ્રત્યે રુચિ ઉત્પન્ન થઈ અને આત્મા આદિ પદાર્થોનું દર્શન થયું અર્થાત્ શ્રદ્ધા થઈ. તેથી વીતરાગ પ્રભુના ગુણોમાં સાચા રાગે મન ભીનું થયું અર્થાત્ સાચા ભક્તિભાવે તે ગુણો પ્રાપ્ત કરવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. જેના પ્રત્યે રાગ કરવાથી પોતે પણ વીતરાગપદને પામે એવી પ્રભુની આજ્ઞાભક્તિ કોને ન ગમે? અર્થાત્ વિચારવાન પુરુષોને તો ગમે જ. પણ પ્રભુ આજ્ઞાથી જે વિમુખ છે, અજાણ છે, તે તો બિચારા અજ્ઞાનીજીવો સંસારમાં જ રઝળ્યા કરે છે. ॥૧॥

તેહની ભક્તિ ભવભય ભાંજે, નિર્ગુણ પિણ ગુણશક્તિ ગાજે;
દાસભાવ પ્રભુતાને આપે, અંતરંગ કળિમળ સવિ કાપે. ૫

સંક્ષેપાર્થ :—એવા સાચા વીતરાગી પ્રભુની ભક્તિ ખરેખર ચારગતિરૂપ સંસારના ભયને ભાંગનાર છે. અનંતદોષથી યુક્ત પ્રાણી પણ પ્રભુની આજ્ઞા ઉઠાવવાથી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોને પ્રાપ્ત કરી જગતમાં પંકાય છે.

પ્રભુ પ્રત્યેનો દાસભાવ તે આત્મપ્રભુતાને આપનાર છે અને અંતરમાં રહેલા મિથ્યાત્વ, કષાયાદિ કલિમલ એટલે પાપમળને સર્વથા નષ્ટ કરનાર છે. માટે પ્રભુભક્તિ જ સર્વથા કર્તવ્ય છે.'' ॥૫॥ -ચૈત્યવંદન ચોવીશી (અર્થ સહિત) ભાગ-૨ (પૃ.૧૫૦)

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :—

સદ્ગુરુની ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણ અર્થે

''જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે.'' (વ.પૃ.૩૯૫)



ભક્તિ કરી ભગવાન પાસે કંઈ ઇચ્છવું નહીં

''સકામભક્તિથી જ્ઞાન થાય નહીં, નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય.'' (વ.પૃ.૭૦૭)

પ્રભુભક્તિ એ મોક્ષનો ધુરંધર માર્ગ

''પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે. ગમે તો મનથી પણ સ્થિર થઈને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે.'' (વ.પૃ.૩૩૫)

આ કાળમાં જીવનપર્યંત ભક્તિ પ્રધાનદશા આરાધવી

''ભક્તિપ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે; એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે.

તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન, અથવા જ્ઞાનપ્રધાનદશા તે અસુગમ એવા માર્ગ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે; તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે, અને એમ જ છે.)'' (વ.પૃ.૩૪૦)

મહાત્મા કબીરજી અને નરસિંહ મહેતાની ભક્તિ સર્વોત્કૃષ્ટ

''મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્‌ભુત અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી. તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે તથાપિ તેમની દારિદ્ર્યાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને. ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.'' (વ.પૃ.૨૭૯)


ખરો ભક્ત સુખમાં કે દુઃખમાં હોય પણ ભક્તિ જ કરે

નરસિંહ મહેતાનું દૃષ્ટાંત :– ''નરસિંહ મહેતાને ભગવાન પર અપૂર્વ વિશ્વાસ હતો. એમના પરચા ભગવાનના ભક્ત દેવોએ પૂર્યા હતા પણ એમને અંતરથી બિલકુલ એ માટે ઇચ્છા ન હતી, કે યાચના કરી નથી.

દામાજી પંતનું દૃષ્ટાંત :– દક્ષિણમાં એવા એક દામાજી પંત નામે સંત થઈ ગયા. તેઓ રાજ્યમાં અન્નભંડાર ઉપર દેખરેખ રાખતા. તે વખતે રાજાઓ ગણોતના બદલામાં અનાજ ઉઘરાવતા, તે ભરી રાખતા. બહુ મોટા અન્નભંડાર હતા. દામાજી પંત સંત હતા અને ભગવાન પર




અડગ શ્રદ્ધા હતી. એક વખતે રાજ્યમાં દુકાળ પડ્યો અને અનાજ વગર લોકો ભૂખે મરવા લાગ્યા. એમને થયું કે આ બધું અનાજ અહીં પડ્યું છે અને લોકો ભૂખે મરે છે, તે ઠીક નથી. એટલે એમણે બધાને એમાંથી અનાજ આપવા માંડ્યું અને વિચાર્યું કે જે થવાનું હશે તે થશે. થોડા જ વખતમાં અનાજના ભંડાર ખાલી થઈ ગયા. રાજાને ખબર પડી એટલે એમને પકડી મગાવવા સિપાઈઓ મોકલ્યા. સિપાઈઓ એમને બેડીઓ પહેરાવી લાવવા લાગ્યા. રસ્તામાં મંદિર આવ્યું એટલે દામાજીએ કહ્યું કે મને ભજન કરી લેવા દો. સિપાઈઓએ એમને મંદિરમાં ભજન કરવા દીધું.



આ બાજુ એક માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું કે દામાજીએ જે અનાજ લોકોને આપી દીધું તેના જે પૈસા થાય તે હું આપી દઉં છું. રાજાને પૈસા મળી ગયા એટલે દામાજીને છોડી મૂકવાની આજ્ઞા કરી. એટલામાં દામાજીને લઈને સિપાઈઓ આવી પહોંચ્યા. રાજાએ એમને ત્યાં જ છૂટા કર્યા અને પૂછ્યું, તમારા વતી પૈસા કોણ આપી ગયું ? દામાજી એકદમ ખેદ કરી બોલ્યા કે મારે માટે ભગવાનને તસ્દી લેવી પડી એ ઠીક ન થયું. ત્યારથી રાજા પણ ભગવાનનો ભક્ત થયો.



સુખી હોય તોય ભક્તિ કર્યા કરે અને દુઃખી હોય તોય ભક્તિ કરે, પણ મારું આ દુઃખ જાઓ એમ ન કરે. એ સાચી ભક્તિ છે. નરસિંહ મહેતા વગેરેને રિદ્ધિસિદ્ધિ આત્મામાં પ્રગટી હતી, છતાં બધું કામ એમ ને એમ કરતા. ભક્તિમાં



એમને વધારે આનંદ આવતો હતો. જ્યાં સુધી નિઃસ્પૃહતા ન આવે ત્યાં સુધી આનંદ પણ ન આવે. ભગવાનને તસ્દી આપવાની ભક્તને ઇચ્છા હોતી નથી. બધી ભક્તિમાં પરાભક્તિ છે તેમાં ભગવાન પ્રત્યે કંઈ ન માગે એવું થાય છે. થાય તે બધું જોયા કરવું.'' (બો.૨ પૃ.૫૫)

'ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય'

''ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય; અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.'' (વ.પૃ.૬૮૭)

સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમ અને શ્રદ્ધા એ જ ત્રિકાળમાં જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ

''ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ



જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિ કાળથી પરિભ્રમણ કર્યું છે.'' (વ.પૃ.૨૫૯)

જ્ઞાનપ્રાપ્તિનો સુગમ ઉપાય ભક્તિમાર્ગ, સર્વ અશરણને શરણરૂપ

''મહાત્મા બુદ્ધ (ગૌતમ) જરા, દારિદ્ર્ય, રોગ અને મૃત્યુ એ ચારને એક આત્મજ્ઞાન વિના અન્ય સર્વ ઉપાયે અજિત દેખી, જેને વિષે તેની ઉત્પત્તિનો હેતુ છે, એવા સંસારને છોડીને ચાલ્યા જતા હવા. શ્રી ઋષભાદિ અનંત જ્ઞાની પુરુષોએ એ જ ઉપાય ઉપાસ્યો છે; અને સર્વ જીવોને તે ઉપાય ઉપદેશ્યો છે. તે આત્મજ્ઞાન દુર્ગમ્ય પ્રાયે દેખીને નિષ્કારણ કરુણાશીલ એવા તે સત્પુરુષોએ ભક્તિમાર્ગ પ્રકાશ્યો છે, જે સર્વ અશરણને નિશ્ચળ શરણરૂપ છે, અને સુગમ છે.'' (વ.પૃ.૪૯૧)

જ્ઞાનીની ભક્તિ કર્યા વિના ઉપદેશ પરિણમે નહીં, માટે ભક્તિ અવશ્ય કર્તવ્ય

''જો કે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.'' (વ.પૃ.૨૬૩)

સાચી ભક્તિ હોય તો દેહદુઃખ ગણે નહીં

નાભા ભગતનું દૃષ્ટાંત :– ''નાભો ભગત હતો. કોઈકે ચોરી કરીને ચોરીનો માલ ભગતના ઘર આગળ દાટ્યો. તેથી ભગત પર ચોરીનો આરોપ મુકી કોટવાળ પકડી ગયો. કેદમાં નાખી, ચોરી મનાવવા માટે રોજ બહુ માર મારવા માંડ્યો. પણ સારો જીવ, ભગવાનનો ભક્ત એટલે શાંતિથી સહન કર્યું.





ગોંસાઈજીએ આવીને કહ્યું કે 'હું વિષ્ણુભક્ત છું, ચોરી કોઈ બીજાએ કરી છે એમ કહે.' ત્યારે ભગતે કહ્યું કે 'એમ કહીને છૂટવા કરતાં આ દેહને માર પડે તે શું ખોટું? મારે ત્યારે હું તો ભક્તિ કરું છું. ભગવાનના નામે દેહને દંડ થાય તે સારું. એને નામે બધુંય સવળું. દેહ રાખવાને માટે ભગવાનનું નામ નહીં લેવું. ભલે દેહને માર પડે તે સારું—શું કરવો છે દેહને!'' (વ.પૃ.૭૦૩)

પરમકૃપાળુદેવને પરમપુરુષની ભક્તિ વિના કંઈ પ્રિય નથી

''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ છીએ ત્યારે માંડ જાણી શકીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી.'' (વ.પૃ.૨૯૦)

ઘણું મનન કર્યા પછી દૃઢ નિશ્ચય કે ભક્તિ એ જ સર્વોપરી માર્ગ

''ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.''

(વ.પૃ.૨૬૪)

મુક્તિનું કારણ એવી સાચી ભક્તિ પ્રગટવી અતિ દુર્લભ

''ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે.''

(વ.પૃ.૩૦૧)

અભણનું જ્ઞાન પણ ભક્તિથી નિર્મળ થાય, અને તેથી મોક્ષ થાય

''પ્ર૦—અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે?

ઉ૦—ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે.'' (વ.પૃ.૪૩૦)

સવારના ૪ થી ૭ ભક્તિ માટે યોગ્ય કાળ અને મંત્ર રટણ સર્વકાળ માટે યોગ્ય

''ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું પરમ સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતા અકાળ અને અશુચિ દોષ હોય.

અકાળ અને અશુચિનો વિસ્તાર મોટો છે, તોપણ ટૂંકામાં લખ્યું છે.

(એકાંત) પ્રભાત, પ્રથમ પ્રહર, એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે. સ્વરૂપચિંતનભક્તિ સર્વ કાળે સેવ્ય છે.



વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્ય મલાદિકરહિત તન અને શુદ્ધ, સ્પષ્ટ વાણી એ શુચિ છે.'' (વ.પૃ.૨૮૮)

'ભક્તિમાર્ગ પ્રવેશ નહીં'.....

'ઉપદેશામૃત' માંથી :–

સ્મરણ-ભક્તિ પ્રેમપૂર્વક કરી પશ્ચાતાપ કરે તો પાપનો નાશ થાય

''મુમુક્ષુ–પાપ દોષ તો અનંતકાળથી અનેક પ્રકારના કર્યા છે, તે નાશ કરવાનો મુખ્ય ઉપાય કયો?

પ્રભુશ્રી–ભક્તિ, સ્મરણ, પશ્ચાતાપના ભાવ કરે તો સર્વ પાપનું નિવારણ થાય. ઉપવાસ આદિ તપ તો કોઈથી ન પણ થાય. કદાચ કષ્ટ આપે. પરંતુ સ્મરણ-ભક્તિ પ્રેમપૂર્વક કરે ને ભગવાનનું રટણ કરે, સદ્‌ગુરુમંત્રમાં રહે તો કોટિ કર્મનો ક્ષય થાય. એવો એ ભક્તિનો મહિમા છે.'' (ઉ.પૃ.૪૪૩)

બ્રહ્મચર્યાશ્રમમાં રહી સ્વરૂપભક્તિમાં લીન રહેવું

''સત્ અને શીલ એ યોગ્યતા લાવશે. અને છેવટમાં કહી દઉં? આ છેલ્લા બે અક્ષર ભવસાગરમાંથી બૂડતાને તારનાર છે. તે શું છે? તો ભક્તિ, ભક્તિ અને ભક્તિ. સ્વરૂપભક્તિમાં પરાયણ રહેવું.'' (ઉ.પૃ.૩૬૯)

ભક્તિથી કર્મનું ઝેર ઊતરે છે. કલિકાળમાં આવી ભક્તિ ક્યાંથી હોય

''સત્સંગે સમાગમે વાણી સાંભળવામાં આવે છે તેથી હિત થાય છે. સત્સંગમાં આવી કંઈ લઈ જવું જોઈએ. શું? કર્તવ્ય શું છે? ભક્તિ. ભક્તિ જેવું કોઈ સાધન નથી. એ બહુ મોટી શ્રેષ્ઠ વસ્તુ છે.

મુમુક્ષુ–ભક્તિયે ઘણા કરે છે. તો ભક્તિ કઈ કરવી?

પ્રભુશ્રી–હૃદયમાં ટેક રાખવો. વીસ દુહા ભક્તિના એકાંતમાં બેસી આખા દિવસમાં એક વાર પણ બોલવા. આ મંત્ર છે, જાપ છે. સાપનું ઝેર જેમ મંત્રથી ઊતરે છે તેમ આ જીવને ભક્તિથી કર્મનું ઝેર ઊતરે છે. ''હે! પ્રભુ, હે! પ્રભુ, શું કહું? દીનાનાથ દયાળ'' લઘુત્વ, ગરીબાઈ, ગુરુવચન એ ક્યાંથી હોય!'' (ઉ.પૃ.૪૦૦)

પરમકૃપાળુદેવની જે ભક્તિ કરે છે તેના અમે દાસના દાસ છીએ

''ગુરુભક્તિમાં ગુરુના ગુણગ્રામથી કર્મની કોડ ખપે છેજી, તે કર્તવ્ય છેજી. હે પ્રભુ! આપને એક ભલામણ છે તે પ્રથમ પણ કહેલ તે હવે પણ ધ્યાનમાં લેશોજી. હે પ્રભુ! અમે તો આ યથાતથ્ય સદ્‌ગુરુના ભક્તના દાસના દાસ છીએ અને તે સદ્‌ગુરુ યથાતથ્યની ભક્તિ જે કરે છે તેને નમસ્કાર છેજી. હે પ્રભુ! આપ સર્વના જાણવામાં છે કે શ્રીમદ્ સદ્‌ગુરુ રાજચંદ્ર પ્રભુનો આ એક દીન શિષ્ય છેજી. તો હવે તે સ્વરૂપ યથાતથ્ય ક્યાં છે તે વિચારી ભક્તિ કર્તવ્ય છેજી.'' (ઉ.પૃ.૨૬)



પાપીને પાપો યાદ કરી પ્રભુ સમક્ષ પશ્ચાતાપ કરવાનો અધિકાર છે

''ભક્તિ જીવે કર્તવ્ય છે. સર્વ ધર્મમાં ભક્તિને પ્રધાનપદ આપ્યું છે. વૈષ્ણવ હોય, મુસલમાન હોય, ખ્રિસ્તી હોય કોઈ ભક્તિમાં નથી માનતા એમ નથી. એનાથી પાપનો નાશ થાય છે. પાપી છે તેને આર્તભક્તિ કરવાનો અધિકાર છે. બાકી ભક્તિના ઘણા પ્રકાર છે. બોધ સાંભળવો, વાંચન, વિચારણા, સદ્‌ગુરુમાં પ્રેમ, ભાવ-એવી ભક્તિ ઉત્તમ છે.'' (ઉ.પૃ.૪૪૪)

પરમકૃપાળુદેવની પરમાત્મા પ્રત્યે અખંડ એકતાર ભક્તિ

''પરમકૃપાળુદેવ પરમાત્મા પ્રત્યે અખંડ પ્રેમ, એકતારપણું ઇચ્છતા હતા. એવી એકતાર ભક્તિ એ જ માર્ગ છે. પોતાને આત્મા જાણવો છે તે માટે જેણે જાણ્યો છે તેના સ્મરણપણે એકતાર થવાનું છે. પરમજ્ઞાની કૃપાળુદેવ એક ગાથા કલાકના કલાક સુધી એક ધૂનથી બોલતા. કોઈ બેઠું હોય તેને સાંભળવું હોય તો સાંભળે. પણ બીજી વાત કરતા નહીં. એમ એક લયથી સ્વરૂપનું રટણ કરતા કે તેમના બોલવાના પડછંદા પડે.'' (ઉ.પૃ.૪૪૪)

તમારી તો યુવાવસ્થા છે, તો થાય તેટલી ભક્તિ, ભક્તિ ને ભક્તિ કરી લો

''અમે પણ એવી ઉમ્મર હતી ત્યારે આવેશપૂર્વક અખંડ ધ્યાન આપતા અને અપૂર્વ ભક્તિ થતી. વનમાં એકલા જઈને, ચિત્રપટની ભક્તિ કરતા. એમ એ ભક્તિની લય હતી. હવે ઘડપણને લઈને નમસ્કાર પણ થઈ શકતા નથી. થાકી જવાય છે. તમારી તો હજુ યુવાવસ્થા છે, તો થાય તેટલી ભક્તિ, ભક્તિને ભક્તિ કરી લો. અહીં તો લૂંટંલૂંટ કરવાની છે! જે ભાવ કરે તેના પોતાના છે. હમણાં પ્લેગ ચાલે છે તેથી માણસો મરણના ભયને લીધે ગામ બહાર તંબુ ઠોકીને રહ્યા છે; પણ ભક્તિ કરતા નથી!'' (ઉ.પૃ.૪૪૪)

સાચો ભક્ત એ જ કે જે પરમાત્માની ભક્તિમાં જીવન ગાળે

''પરમાત્મા ભક્તોને મોક્ષ આપવા કરતાં ભક્તિ આપવામાં કૃપણ છે; અને ભક્તને પરમાત્માની ભક્તિ એ જ તેનું જીવન છે.'' (ઉ.પૃ.૯)

મોક્ષે જવાનો સીધો રસ્તો તે ભક્તિ. આવો જોગ ફરીથી નહીં મળે

''પ્રભુશ્રી–ભક્તિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. મુકામે જવાનો રસ્તો છે. ભક્તિભાવથી કલ્યાણ થાય છે; પણ ઘેર બેઠા ન થાય. આ ભાવ કરો. ફરીથી દાવ નહીં આવે, માટે ભક્તિ કરવાની છે.''

(ઉ.પૃ.૨૦૯)

જ્ઞાનીની ભક્તિ ભાવથી આજ્ઞા સહિત કરે તો જ્ઞાન આપોઆપ નિર્મળ થાય

''સર્વ શાસ્ત્રનો સાર કોઈ જ્ઞાની પુરુષની શોધ કરી તેના વચનમાં વિશ્વાસ રાખી તેની આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરવો એ જ છે. જ્ઞાની પુરુષ પાસે જ્ઞાનની યાચના કરતાં ભક્તિની કામના રાખવી એ વિશેષ હિતકારી છે એમ જ્ઞાનીપુરુષોનું અનુભવ-કથન છે, તે વિચારશો.''

(ઉ.પૃ.૧૧૯)



જે ભક્તિ, વાંચન, વિચારણા, સ્મરણ વિશેષ કરે તેને વિશેષ લાભ

''કોઈ પર રાગ-દ્વેષ ન કરવો. એમ સમભાવથી વર્તાય તો તે વીમો ઉતાર્યો કહેવાય. વીમો ઉતાર્યો હોય તો દર માસે કે વર્ષે અમુક રૂપિયા ભરવા પડે તેમ અહીં દરરોજ કે આખો વખત જેટલી ભક્તિ, વાંચન, વિચારણા, આત્માની ઓળખાણ સદ્ ગુરુસાક્ષીએ થાય તેટલું લેખે છે. જે જેટલું વધારે કરે તેટલો તેનો વીમો મોટો.'' (ઉ.પૃ.૪૪૫)

'ભક્તિમાર્ગ પ્રવેશ નહીં'.....

'બોધામૃત ભાગ-૧' માંથી :–

સંસાર ઉપરનો પ્રેમભાવ ઊઠી સત્પુરુષ ઉપર થાય તે ભક્તિ

''મુમુક્ષુ–ભક્તિ એટલે શું ?

પૂજ્યશ્રી–સંસારથી વૃત્તિ ઊઠીને સત્પુરુષ ઉપર થાય તે ભક્તિ છે. પ્રભુશ્રીજીના બોધમાં આવ્યું હતું કે 'ભક્તિ એ ભાવ છે.' સંસાર ઉપર જે પ્રેમભાવ છે તે ઊઠી સત્પુરુષ ઉપર તેવો ભાવ થાય તે ભક્તિ છે.'' -બો.૧ (પૃ.૧૩૨)

ગુરુ આત્મજ્ઞાની હોય તો દેવ અને ધર્મનું સાચું સ્વરૂપ સમજાય

પૂજ્યશ્રી– **''આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય-પ્રયોગ;**
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.''

''જે સદ્‌ગુરુ છે તેની ભક્તિ કોઈ પુણ્યવાનને જાગે છે. જ્ઞાનીની આજ્ઞાએ ધર્મ થાય છે. 'आणाએ धम्मो'. આચાર્યના ગુણો, ભક્તિ કરતાં હૃદયમાં ધારણ કરવા. જેટલું બહુમાનપણું ગુણો પ્રત્યે હોય, તેટલી ગુરુભક્તિ થાય. ગુરુ શબ્દ સાંભળતા જ ગુરુનાં બધા ગુણો સાંભરે તે ગુરુભક્તિ છે. દેવ અને ધર્મનો આધાર ગુરુ છે. ગુરુ હોય તો દેવ અને ધર્મ સમજાય, નહીં તો ન સમજાય.'' (બો.૧ પૃ.૧૯૨)

મંદિર છે તે સમવસરણ છે અને બેઠા તે મારા પ્રત્યક્ષ ભગવાન છે

''મુમુક્ષુ–'સમાધિસોપાન'માં આવે છે કે પ્રતિમાને વંદન કરવું, નમસ્કાર કરવા, પૂજા કરવી વગેરે, તે પ્રત્યક્ષ વિનય છે, ભગવાન તો પ્રત્યક્ષ નથી તો પ્રત્યક્ષ વિનય કેમ કહેવાય ?

પૂજ્યશ્રી–ભાવ પ્રત્યક્ષના કરવાના છે. ભગવાન તીર્થંકર જ્યારે વિચરતા હતા, ત્યારે આ જીવ ક્યાંય એકેન્દ્રિયાદિમાં ભટકતો હશે અને હવે મનુષ્યભવ મળ્યો છે; પણ તેવો યોગ નથી. તે માટે ભગવાનના મંદિરમાં જઈને ભાવના કરવી કે સાક્ષાત્ ભગવાન વિરાજ્યા છે. આ મંદિર છે તે સમવસરણ છે એમ જાણીને ભક્તિ કરવી. કષાય ઘટાડવાના છે.'' (બો.૧ પૃ.૧૯૫)

સત્‌દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેનો રાગ તે પ્રશસ્ત રાગ છે

''જ્ઞાની પ્રત્યે વિશેષ ભાવ, ભક્તિ થાય તે પ્રશસ્ત રાગ છે. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે રાગ તે



પ્રશસ્ત રાગ છે. કોઈ જીવો કુળધર્મવડે ગુરુની ભક્તિ કરે છે. કોઈ જીવો મુનિના શીલ, તપ, દયા આદિ દેખીને ભક્તિ કરે છે. પણ મુનિ 'સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રને આરાધે છે', એવા ભાવથી ભક્તિ કરે તે સાચી ભક્તિ છે.''

(બો.૧ પૃ.૨૮૬)

આત્માને ઓળખવાનું કે ભક્તિનું કામ ઉલ્લાસપૂર્વક કરવું

''મહાપુરુષોએ આ જગતની બધી વસ્તુઓ તપાસી સારરૂપ એક આત્મા કાઢ્યો. ''આત્માથી સૌ હીન.'' આત્માથી કોઈ ચઢિયાતી વસ્તુ નથી. ત્રણ જગતના સારરૂપ આત્મા છે તેને ઓળખવો. બીજાં કામ તો કરવાં પડે તેમ કરવાં, પણ ધર્મનું કામ તો ઉલ્લાસપૂર્વક કરવાનું છે. ભક્તિમાં ઉલ્લાસ ન રહે તો અબહુમાન દોષ થાય.'' (બો.૧ પૃ.૪૦૫)


મારે ભગવાનની ભક્તિ જ કરવી છે. તેનું ફળ આત્માની નિર્મળતા

આનંદશ્રાવકનું દૃષ્ટાંત :– ''આનંદશ્રાવકને મહાવીર મળ્યા. તેમણે વિચાર્યું કે મારી પાસે આટલાં બધાં ગાડાં, ગાયો વગેરે છે અને એમની પાસે કંઈ નથી, તોપણ એ વધારે સુખી છે. તેમણે મહાવીર ભગવાનને પૂછ્યું કે હે ભગવાન! મારે સુખી થવું છે, એનો ઉપાય બતાવો. ભગવાને કહ્યું કે ઉપાધિ વધારીશ નહીં.






તેમણે તે દિવસથી ઓછું કરવા માંડ્યું. એમ કરતાં કરતાં તેમને એમ થયું કે મારે તો હવે ભગવાનની ભક્તિ જ કરવી છે. એમ વિચારી તે તપ વગેરે કરવા લાગ્યા અને બધો વખત ભક્તિમાં જ ગાળવા લાગ્યા. ભગવાને ગૌતમસ્વામીને કહ્યું કે આનંદ શ્રાવક માંદા છે. ગૌતમસ્વામી આનંદશ્રાવકને ઘેર ગયા. તેમણે ગૌતમસ્વામીને પાસે આવવા કહ્યું. તેઓ પાસે ગયા ત્યારે ચરણસ્પર્શ કર્યા પછી આનંદશ્રાવકે કહ્યું કે મને તો પહેલો દેવલોક દેખાય છે.



ગૌતમસ્વામીને થયું કે ગૃહસ્થને આટલી નિર્મળતા થાય નહીં, એટલે સ્વાભાવિક કહ્યું કે ગૃહસ્થને એટલું હોય નહીં અને ગુરુની આગળ જૂઠું બોલાય નહીં, માટે માફી માગો. ગૌતમસ્વામી ગુરુ એટલે આનંદશ્રાવક કંઈ બોલ્યા નહીં, પણ એટલું પૂછ્યું કે સાચાની માફી કે જૂઠાની? ગૌતમસ્વામીએ કહ્યું કે જૂઠાની. ત્યારે આનંદશ્રાવકે કહ્યું કે તો હું માફી માગવા યોગ્ય નથી. પછી ગૌતમસ્વામી શંકાસહિત ભગવાન પાસે ગયા અને પૂછ્યું, ત્યારે ભગવાને કહ્યું કે હા, ખરું છે. આનંદને પહેલું સ્વર્ગ દેખાય છે.



તેં એને શંકામાં નાખ્યો છે માટે તારે માફી માગવી જોઈએ. ત્યારે તરત ગૌતમસ્વામી જઈને શ્રાવક પાસે માફી માગી આવ્યા.'' (બો.૧ પૃ.૨૮૦)



જે રાગદ્વેષ ઘટાડે અને મટાડે તે ભગવાન જેવો થાય

''કૃપાળુદેવ કહે છે કે રાગદ્વેષથી રહિત થવું એ જ ધર્મ છે. ધર્મ ધર્મ કરે અને રાગદ્વેષ કરે તો ધર્મ ક્યાંથી થાય? મોક્ષે જવું હોય તો રાગદ્વેષને ઓછા કરવા પડે. ભગવાન પ્રત્યે રાગ કરવાનો છે. એ એકપક્ષી રાગ હોવાથી મોક્ષે લઈ જાય છે. ભગવાન પ્રત્યે રાગ થવા માટે સંસાર પ્રત્યેથી રાગભાવ ઓછા કરવાનો છે. કોઈથી વેરભાવ રાખવો નહીં. મૈત્રીભાવ રાખીને વર્તવું. જે રાગદ્વેષ ઓછા કરે છે તે ભગવાનની પાસે જાય છે.'' (બો.૧ પૃ.૮૧)

આપણે જેની ભક્તિ કરીએ તે વીતરાગ હોવા જોઈએ

''ગુણવાનની ભક્તિ કરે તો ગુણ પ્રાપ્ત થાય અને વ્યસનીની ભક્તિ કરે તો વ્યસન પ્રાપ્ત થાય. પહેલામાં પહેલો લક્ષ એ રાખવો કે જેની આપણે ભક્તિ કરીએ છીએ તે વીતરાગ છે કે નહીં? કૃપાળુદેવે એ જ લખ્યું છે કે ''જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી.'' (૪૬૬) જો અજ્ઞાનીની ભક્તિ કરે તો આખી જિંદગી એની નકામી જાય. જગતમાં દેખાદેખી ભક્તિ થાય છે. સાચા સદ્‌ગુરુ મળ્યા હોય અને સાચી ભક્તિ પ્રાપ્ત થઈ હોય તો તે પાણીમાં કમળ રહે તેમ રહે છે, વૈભવ એને બાધા કરતો નથી. ભરત મહારાજને જ્યાં દેખો ત્યાં ભગવાન જ જાણે દેખાતા, એવી ભક્તિ એમને હતી. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ થાય છે.'' (બો.૧ પૃ.૬૭૫)



મહાપુરુષોના વચનમાં વૃત્તિ જોડી રાખવી તે પણ ભક્તિ છે

"ભક્તિ એ બહુ સારું નિમિત્ત છે. એમાં પડવાનું હોય નહીં, અહંભાવ થાય નહીં.

મુમુક્ષુ–ભક્તિ એટલે શું?

પૂજ્યશ્રી–મહાપુરુષોનાં વચનોમાં વૃત્તિ રાખવી, સ્વરૂપમાં સ્થિત થયા છે એવા પુરુષોમાં જોડાવું તે ભક્તિ. જેમ જેમ જ્ઞાનીપુરુષની ઓળખાણ પડે તેમ તેમ ભક્તિ થાય. મહાપુરુષો પ્રત્યે જે આસક્તિ છે તે સંસારને નાશ કરવાનું કારણ છે." (બો.૧ પૃ.૧૪૧)

પોતાનો સ્વચ્છંદ રોકીને ભક્તિ વગેરે કરે તો સફળ થાય

"ભક્તિ સર્વોત્કૃષ્ટ સાધન છે. ઘણાં શાસ્ત્રો ભણે, સમજે અને તેમાંથી સાર કાઢે એવી જીવની શક્તિ નથી. કૃપાળુદેવે લખ્યું છે :

"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ." (૯૫૪)

પોતે ભક્તિ વગેરે કરતો હોય અને સ્વચ્છંદ ન હોય તો સફળ થાય." (બો.૧ પૃ.૧૦૮)

યોગ્યતા લાવી સમજીને ભક્તિ કરે તો ભોગ ઝેર જેવા લાગે

"ભક્તિ કરવાથી, ગુણચિંતનથી એને ભોગ છે તે ઝેર જેવા લાગે છે. જેમ વીતરાગને ભોગ નથી ગમતા તેમ એને પણ થઈ જાય. વીતરાગ જે સંસારથી વિમુખ થયા છે તેમની ભક્તિ કરે તો એને પણ એવું થાય, પણ સમજીને કરે તો. ભગવાનમાં અનંત વીતરાગતા છે. જીવ જેટલી યોગ્યતા લઈને જાય તેટલી વીતરાગતા એનામાં આવે. પ્રભુશ્રીજી કહેતા કે 'યોગ્યતા લાવો, યોગ્યતા લાવો.' એ પાત્રતાની ખામી છે, તે લાવવાની છે." (બો.૧ પૃ.૬૭૫)

સાચા ભક્તિભાવે પ્રભુને ફૂલ ચઢાવે તો પાપ પણ પ્રશસ્ત થાય

પ્રશ્ન– **"બંધના હેતુ જે છે પાપસ્થાન જો,**
તે તુજ ભક્તે પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો." (દેવચંદ્રજી કૃત ગતચોવીશી-૧૬)

એટલે શું?

પૂજ્યશ્રી–ભગવાનની ભક્તિ જેના હૃદયમાં છે તેને પાપ પણ પુણ્યરૂપ થાય છે, એટલે પ્રશસ્તતાને પામે છે. જેમ કોઈ શિકારી પૂછે છે કે આ બાજુ થઈને હરણ ગયાં છે તે કઈ બાજુ ગયાં? તો પેલો પુરુષ ઊલટી બાજુ બતાવીને કહે કે આ બાજુ ગયાં છે. એમ ન ગયાં હોય છતાં કહે. જૂઠું બોલીએ તો પાપ છે છતાં એનો લક્ષ અહિંસાનો છે તેથી જૂઠું નથી. લક્ષ બીજો છે તેથી પાપ પણ પુણ્યરૂપ થાય છે. તેમ ભગવાન પ્રત્યે પ્રેમ છે તેને પાપ પણ સવળું થાય. કોઈ ફૂલ તોડતો હોય પણ એને ભક્તિ કરવી છે તેથી પાપ પણ પ્રશસ્ત થાય છે." (બો.૧ પૃ.૪૦૨)



જેમ આપણું ચિત્ત વિશેષ સ્થિર રહે તેમ ભક્તિ કરવી

''મુમુક્ષુ–ભક્તિ કરવી ત્યારે મૌનપણે કરવી કે મોટેથી બોલીને કરવી?

પૂજ્યશ્રી–આપણું ચિત્ત જો વિક્ષેપવાળું હોય તો મોટેથી બોલવું. જેનું ચિત્ત થોડુંક બીજું સાંભળતાં ત્યાં જતું રહે એવું વિક્ષેપવાળું હોય, તેણે મોટેથી ભક્તિ કરવી, જેથી તેનું ચિત્ત બહાર ન જાય. જેમ આપણે સ્મરણ બોલીએ છીએ ત્યારે એક જણ આગળ બોલે અને પછી બધાય બોલે છે. એમ બોલવાથી ચિત્ત સ્થિર રહે છે. જો આપણું ચિત્ત વિક્ષેપરહિત હોય તો ભક્તિ મૌનપણે કરવી. અથવા હોઠ ફરકાવ્યા વિના કાયોત્સર્ગરૂપે કરે તો મોટેથી બોલે તેના કરતાં દશ ગણો લાભ થાય. પણ–''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.'' સ્યાદ્વાદ માર્ગ છે. માટે સમજીને પોતાની ભૂમિકા તપાસીને કરવું. ચિત્ત વિક્ષેપવાળું હોય અને કાયોત્સર્ગમાં ઊભો રહી ભક્તિ કરે તો પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ લડાઈ કરવા લાગે. માટે સમજીને કરવું.''

(બો.૧ પૃ.૧૪૪)

'ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન'.....

'બોધામૃત ભાગ-૧,૨'માંથી :–

જ્ઞાનીના વચનોમાં લીન થાય તો આનંદ આવે. પ્રથમ ગમે નહીં તો પણ કરવું

''જેટલી સત્પુરુષમાં લીનતા થાય તેટલો આનંદ અનુભવાય છે. આ જીવને જે વસ્તુ ગમે, તેના વિચાર કરે. ભક્તિ વગેરે ધર્મક્રિયા કરતો હોય ત્યારે કડવાશ લાગે તો ભલે લાગે, પણ મારે તો એ જ કરવું છે અને એનાથી જ મારું હિત થશે; એમ માને તો ધીમે ધીમે અભ્યાસ પડે ત્યારે તેમાં આનંદ આવવા લાગે. પુરુષાર્થની જરૂર છે.'' (બો.૧ પૃ.૧૦૯)

ભક્તિ અને સત્સંગ કરવાથી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે

''ભક્તિ અને સત્સંગ કરવાનાં છે. ભક્તિમાં જે લીનતા છે તે ખરો સત્સંગ છે. ભગવાનના ગુણોમાં વૃત્તિ રાખવી તો વધારે લાભ થશે. જ્ઞાનીનું સ્વરૂપ જાણે તો એનું પોતાનું ખરું સ્વરૂપ પ્રગટે. બીજું એને પછી ગમે નહીં. ભક્તિના સત્સંગથી અત્યંત શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે. એવું આ ભક્તિના સત્સંગનું ફળ છે.'' (બો.૨ પૃ.૯૮)

જ્ઞાની સહજાત્મસ્વરૂપ છે. તે સ્વરૂપને જે ભજે તે તેવો થાય

''વિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થવાનું કારણ સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુ પ્રત્યે આપણને શુદ્ધ ભક્તિ જોઈએ. પૈસા મળે, મોટા થઈએ, એવી ઇચ્છા ન કરવી. ''કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.'' એમ શુદ્ધ ભક્તિનું સ્વરૂપ વિચારવું. જ્ઞાનીના સ્વરૂપને ઓળખીને જે ભક્તિ કરે છે, તેને આત્મસ્વરૂપ પ્રગટ થાય છે, એમાં કોઈ શંકા નથી.'' (બો.૨ પૃ.૯૮)

જ્ઞાનીના વચનોમાં પ્રેમ આવે, તેમાં કાળ જાય તેટલું જીવન સફળ

''જ્ઞાનીપુરુષે જે કંઈ કહ્યું હોય તેમાં પ્રેમ આવે, તેમાં ને તેમાં જ રહ્યા કરે, એથી જ મારું



કલ્યાણ છે, એમાં જેટલો કાળ જાય તેટલું મારું જીવન સફળ છે, એમ અપૂર્વતા લાગે તો સ્વચ્છંદ રોકાય. જ્ઞાનીએ જે કહ્યું હોય તેમાં અચળપણું કરવું. અચળ એટલે બીજે ખસે નહીં. એવી ભક્તિ કરવાની છે. મંત્રનું સ્મરણ ભુલાય નહીં એવું કરવાનું છે. ગમે ત્યાં બજારમાં હોઈએ કે ઘરમાં, પણ એ જ સાંભર્યા કરે એવું થાય ત્યારે ભક્તિ કરી કહેવાય. જ્ઞાનીએ કહેલાં વચનો સિવાય, આખું જગત સોનાનું થાય તો પણ મારે તૃણવત્ છે, એવી ભાવના કરવી. પ્રેમને સંસાર પરથી ઉઠાડી જ્ઞાનીએ કહ્યું તેમાં જોડવો. મન બીજે ચોંટ્યું છે. તે બધેથી ઉઠાડે તો ભક્તિ થાય.'' (બો.૨ પૃ.૯૯)

સમ્યક્‌દૃષ્ટિ પણ અશુભ ભાવમાં ન જવા માટે ભક્તિ કરે

''પૂજ્ય પ્રભુશ્રીજી આગળ સ્તવન બોલાતું હતું તે બંધ રખાવી પ્રશ્ન પૂછ્યો કે સમ્યગ્‌દૃષ્ટિ જીવ ભક્તિ શા માટે કરે છે? જવાબમાં પછી તેઓએ કહ્યું કે એક માણસને ફાંસીની સજા થઈ હોય પરંતુ જો એક હજાર રૂપિયા દંડ ભરે તો ફાંસી માફ થાય, એમ કહેવામાં આવે તો હજાર રૂપિયા ખુશી થતો થતો ભરે છે. જો કે હજારનું નુકસાન તો છે, છતાં ફાંસીની સજા માફ થઈ તેથી દંડ ભરીને ખુશી થયો. તેમ સમ્યગ્‌દૃષ્ટિને શુદ્ધ ધ્યેય હોય છે પરંતુ તેમાં ન ટકી શકે તેથી શુભમાં રહે છે. પરંતુ તે ભક્તિ વગેરે સાધન કરતો હોવાથી અશુભમાં જતો નથી.'' (બો.૨ પૃ.૩૦૩)

ભક્તિ કરવાથી આત્મા ઊજળો થાય, કર્મ નિર્જરે, ભક્તિ એ જ પુરુષાર્થ છે

''ભક્તિથી જ્ઞાન થાય છે એમ કહ્યું પણ ભક્તિ એટલે શું? તે કહે છે. જ્ઞાનીનાં વચનો છે, તેને બોલવાં તે ભક્તિ છે. ''આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' એમ બોલતાં બોલતાં કોઈને થાય કે આથી કેવળજ્ઞાન થાય છે! ભક્તિનો બીજો અર્થ ભાવ છે. ભક્તિ કરવાથી આત્મા ઊજળો થાય છે, કર્મ નિર્જરે છે. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળી જાગી જવું જોઈએ. જ્ઞાની કોને કહે છે? કંઈ ભીંતને કહે? આ દેહ તો ભીંત જેવો છે. જ્ઞાની મફત આપે તો પણ લે કોણ? ઊંઘતો હોય તે કેવી રીતે લે? ભક્તિ એ જ પુરુષાર્થ છે.

''જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.''

સાચો પુરુષાર્થ ભક્તિ છે. જ્ઞાનીનાં વચનો સમજી એણે કહેલું માન્ય કરવું. ઉપવાસ કરે, બધું કરે પણ બધાનું મૂળ વિશ્વાસ છે. વિશ્વાસે વહાણ ચાલે છે. એટલો પુરુષાર્થ કર્યો કહેવાય. ભક્તિ એ પુરુષાર્થ છે એમ કહ્યું.'' (બો.૨ પૃ.૨૦૧)

ભક્તિ કરી જન્મમરણ ઓછા ન કર્યા તો તે મનુષ્ય નથી પણ મડદું જ છે

''ભક્તિ એ આત્મા છે એમ કહે છે. જે ભક્તિ નથી કરતો તે મનુષ્ય નથી. જન્મમરણ ઓછાં થાય એવું ન કર્યું તો મડદું જ છે. આત્મારૂપ થવું એ જ ભક્તિ છે. જગતમાં ભક્તિ ભક્તિ બહુ કહે છે, પણ અજ્ઞાનીની આરાધના કરે તો તે અજ્ઞાનભક્તિ છે. કોઈ માતાની, કોઈ કોઈની ભક્તિ કરે



એ બધી અજ્ઞાનભક્તિ જ છે. એ શું આપે? કૂવામાં પાણી હોય તો બહાર આવે. જ્ઞાનીની ભક્તિ તે જ ખરી ભક્તિ છે. જેણે આત્મા જાણ્યો છે, તેની ભક્તિ સાચી છે.'' (બો.૨ પૃ.૨૦૧)

'નહીં ભજન દૃઢ ભાન'.....

ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવા માટે પ્રભુના ભજન ગાવા કે તેમના ગુણગ્રામ કરવા કે તેમના ગુણોનું ચિંતવન કરવું જોઈએ તેનું પણ મને દૃઢપણે ભાન આવ્યું નહીં અથવા તેમની કથા સાંભળવાનો ભાવ પણ મને થયો નહીં. તો ભક્તિમાર્ગમાં મારો પ્રવેશ કેવી રીતે થાય?

'સમજ નહીં નિજ ધર્મની'.....

નિજ ધર્મ એટલે શું? તો કે આત્માનો ધર્મ. તેની પણ મને સમજ નથી.

ગીતામાં કહ્યું છે ''स्वधर्मे मरणं श्रेयः परधर्मो भयावः''

સ્વધર્મ એટલે આત્મધર્મમાં રહીને મરવું સારુ, પણ પરધર્મ એટલે આત્મા સિવાય પરભાવો બધા ભયરૂપ છે. માટે પરમકૃપાળુદેવે પણ કહ્યું–'આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.' પણ હે પ્રભુ! મને નિજ એટલે પોતાના આત્માનો ધર્મ એટલે સ્વભાવ, તે ખરેખર શું છે? તેની પણ મને ખબર નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

આત્મામાં આત્મબુદ્ધિ કરે તો પરિભ્રમણ ટળે, પરમાં મારાપણું કરે તો તે વધે

''સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે, તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે; અને તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે. તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઈ ગુરુપણે આરાધે ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે.'' (વ.પૃ.૪૩૬)

જૈનધર્મનો આશય આત્મા પોતાનો સારભૂત શાશ્વત સ્વભાવ પામે એ જ છે

''જૈનધર્મનો આશય, દિગંબર તેમ જ શ્વેતાંબર આચાર્યોનો આશય, ને દ્વાદશાંગીનો આશય માત્ર આત્માનો સનાતન ધર્મ પમાડવાનો છે, અને તે જ સારરૂપ છે. આ વાતમાં કોઈ પ્રકારે જ્ઞાનીઓનો વિકલ્પ નથી. તે જ ત્રણે કાળના જ્ઞાનીઓનું કહેવું છે, હતું અને થશે; પણ તે નથી સમજાતું એ જ મોટી આંટી છે.

બાહ્ય વિષયોથી મુક્ત થઈ જેમ જેમ તેનો વિચાર કરવામાં આવે તેમ તેમ આત્મા અવિરોધી થતો જાય; નિર્મળ થાય.'' (વ.પૃ.૭૬૫)



'નહિ શુભ દેશે સ્થાન'.....

'બોધામૃત ભાગ-૧' માંથી :–

સત્સંગ જેવું જીવને કલ્યાણ માટે બીજું એક્કે સાધન નથી

પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે "તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ એવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?" (૧૨૮) આપણે તેવી મુંઝવણ રહી નથી. પૂ.પ્રભુશ્રીજીએ આ આશ્રમ સ્થાપ્યો છે કે જ્યાં રહીને સત્સંગ કરી શકાય અને પોતાના આત્માને નિર્મળ કરી શકાય. સત્સંગ જેવું જીવને એક્કેય બળવાન સાધન નથી. સત્સંગને માટે પ્રભુશ્રી કહેતા કે તે તો માના થાન (સ્તન) જેવો છે. બાળકને દૂધપાક હજમ થાય નહીં, પરંતુ માનું ધાવણ-દૂધ ઘણું માફક આવે; તે પીને બાળક ઊછરે છે, તેમ જીવને સત્સંગ કારણરૂપ છે. પૂ. પ્રભુશ્રી કહેતા કે સત્પુરુષનાં દર્શન માટે તથા બોધ સાંભળવા જે વખતે વિચાર કરીને ડગલું ભર્યું કે ડગલે ડગલે યજ્ઞનું ફળ થાય છે." (બો.૧ પૃ.૫)

જ્યાં ભક્તિ સત્સંગ હોય તેવા સ્થાનમાં આવવાનું થાય તો જીવનું મહાભાગ્ય છે

"કોઈ તીર્થસ્થાનમાં આવવાનું થાય તે જીવનું મહાભાગ્ય છે. જ્યાં ભક્તિ થતી હોય, સત્સંગ હોય તેવા સ્થાનોમાં કોઈ દિવસે ન સાંભળ્યું હોય તે સાંભળવા મળે છે. આ દેહમાં આત્મા છે તેને લઈને માણસ રૂપાળો દેખાય છે. બધી શોભા આત્માની છે. જેમ ઝાડમાંથી જીવ નીકળી જાય ત્યારે ઝાડની કંઈ શોભા રહે નહીં. તેમ આ દેહમાંથી આત્મા નીકળી જાય, તો શરીર મડદું, ગંધાવા લાગે. જગતમાં જે કંઈ રમણીયતા છે તે આત્માની છે. (૪૩૮) આત્મા અરૂપી પદાર્થ છે. તેને જાણવાનો છે." (બો.૧ પૃ.૪૬૮)

સત્પુરુષો વિચરેલા હોય તે સ્થાન ઘણા કાળ સુધી જીવને પવિત્ર કરે

"જેવું ક્ષેત્ર તેવા ભાવ પણ થાય છે. શ્રવણ પોતાના અંધ માતાપિતાને લઈને 'પાણીપત'ના મેદાનમાંથી પસાર થતા હતા ત્યારે વિપરીત ભાવો આવ્યા. મનમાં વિચાર કર્યો કે આવા ભાવો શા કારણે આવ્યા હશે? તેનો વિચાર કરતાં જણાયું કે યુદ્ધનું મેદાન હોવાથી તેવા ભાવો આવ્યા. તેમ સત્પુરુષો જ્યાં વિચરેલા હોય ત્યાં ઘણા લાંબા કાળ સુધી વાતાવરણ જીવને પવિત્ર કરે તેવું હોય છે." (બો.૧ પૃ.૨૭)

'નહિ શુભદેશે સ્થાન'.....

'ઉપદેશામૃત' માંથી :–

આ આશ્રમ, બ્રહ્મચર્યવ્રત પાળી આત્માની શોધ કરવા માટે છે

"આ આશ્રમ કેવું છે! અહીં તો માત્ર એક આત્માની વાત છે. પોતાના આત્માને ઓળખો. એને જ દેવ માનો. હું કહું તે મનાશે? આત્મા તે જ સિદ્ધ છે, તે જ દેવ છે, તેને જ પૂજવાનો છે." (ઉ.પૃ.૪૩૨)



આ આશ્રમમાં મહાન અદ્‌ભુત જ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે

''આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્‌ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે. પણ તે ઉપરથી દેખાય તેમ નથી; કારણ કે ધન, પૈસો નથી કે લાખ બે લાખ દેખાય. અહીં તો આત્માના ભાવ છે. આત્માના ભાવ છે તે જ ઊંચામાં ઊંચી દશા પમાડે તેમ છે.'' (ઉ.પૃ.૪૩૩)

આ આશ્રમ એક ધર્મધ્યાન માટે જ છે, અન્ય પ્રવૃત્તિનો અહીં નિષેધ છે

''શ્રી આશ્રમમાં ચાતુર્માસ રહેવા વિચાર રાખો તો વિશેષ લાભનું કારણ સમજાય છેજી. આશ્રમનું સ્થળ જ્યાં પરમ ઉપકારી પ્રભુશ્રીજીએ ચૌદ ચોમાસાં કર્યાં છે, જ્યાં અનેક મુમુક્ષુજીવો પોતાનો સ્વાર્થ થોડા વખત માટે કે લાંબા વખત માટે તજી એક ધર્મધ્યાન અર્થે જ રહે છે. તેવા વાતાવરણમાં અમુક વખત અવકાશ લઈને રહેવાય તો આખો દિવસ નિવૃત્તિયોગે નિરુપાધિપણે ધર્મધ્યાનમાં જાય તેવો સંભવ છેજી.'' (બો.૩.પૃ.૪૬૩)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસનો ભક્તિક્રમ

''અહીં રોજ સવારમાં વહેલા ચાર વાગે ઘંટ વાગે છે ત્યારે બધા, સભામંડપમાં ભક્તિ થાય છે ત્યાં બેસે છે. સાડા સાત વાગે ભક્તિ પૂરી થાય ત્યારે બધે દર્શન કરીને ઘેર જાય. ચા-પાણી, નાહવું વગેરે કરીને પાછા સાડા નવ વાગે ઘંટ વાગે ત્યારે સભામાં એકઠા થાય તે વખતે ભક્તિ થાય, વંચાય, ચર્ચાય. સાડા અગિયાર વાગે બધા ઊઠે અને ખાઈપીને પાછા અઢી વાગે ઘંટ વાગે ત્યારે એકઠા થાય, તે વખતે ભક્તિ કરે. વંચાય તે સાંભળે. સાડા ચાર વાગે ભક્તિ ઊઠ્યા પછી બધા ઘેર ચા-પાણી, ખાવાનું વગેરે કરવું હોય તે કરે અને ખાઈને સાડા છ વાગે ઘંટ વાગે ત્યારે બધા એકઠા થાય, દેવવંદન કરે. પછી જેને ફરવા જવું હોય તે ફરવા જાય. સાડા સાત વાગે ઘંટ વાગે ત્યારે એકઠા થાય. ભક્તિ થાય તે સાંભળે, બોલે, વંચાય તે સાંભળે. એમ કરી દસ વાગે ઘરે જાય. એમ આખો દિવસ માથાકૂટ કરે તો તેનું ફળ ન થાય? બીજાં કામો કરીએ તેનું ફળ થાય છે, તો એનું કેમ ન થાય? પ્રભુશ્રીજીએ યોજના કરી છે, તે એવી છે કે જીવનું મન બીજે સંસારમાં ન જાય. બધાય સંકલ્પ વિકલ્પો રોકાઈ જાય એવી આ યોજના છે. મનને કંઈક ખોરાક જોઈએ છે, નહીં તો બીજે જાય ત્યાં માર ખાય છે.'' (બો.૧ પૃ.૫૭૨)

''કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.'' ૯

અર્થ :–''કાળ બહુ ખરાબ અને દુષમ છે. એવા કાળમાં મને સદ્‌ધર્મની પ્રાપ્તિ થઈ નથી; અને થઈ છે તો ધર્મની મર્યાદા પાળતો નથી, એમ છતાં પણ મનમાં કશી વ્યાકુળતા થતી નથી. હે પ્રભુ! મારાં કર્મો તો જુઓ! કેવાં અહિતકારી છે. મનમાં વ્યાકુળતા થાય તો ધર્મ ભણી શ્રદ્ધા ઉત્પન્ન થાય.'' -પૂ.શ્રી બ્ર.જીવન દર્શન (પૃ.૧૪૭)



'કાળદોષ કળિથી થયો'.....

કળિ એટલે પાપ. જીવોના પાપી વર્તનને લઈને કાળને પણ દોષ લાગ્યો. 'હીન પુણ્ય જીવોએ આ ભરતક્ષેત્ર ઘેરી લીધું છે.' માટે પરમકૃપાળુદેવે પત્રાંક ૨૫૪માં જણાવ્યું છે :–

'કલિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું.'

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧-૨'માંથી :–

"સત્યમતિ કહે : ધંધા સમ સૌ ધર્મ થયા કળિ-ભાવે રે,
'મારું તે સારું' સૌ માને, સમ્યક્ જ્ઞાન અભાવે રે; શ્રીમદ્૦

અર્થ :–સત્યમતિ કહે : આ કળિકાળમાં તો કળિ એટલે પાપ ભાવનાથી સૌ ધર્મ ધંધા સમાન બની ગયા છે. સર્વે 'મારું તે સારું' એમ માને છે. સમ્યક્જ્ઞાનના અભાવે અમે કહીએ છીએ તે સાચો માર્ગ છે એમ સૌ માની બેઠા છે. ॥૯॥

પોતાનો કોઈ શિષ્ય કરે જો સંત-સમાગમ બીજે રે,
તો કુગુરુને તાવ ચઢે છે; સાચી-ખોટી ચીજે રે–શ્રીમદ્૦"

અર્થ :–પોતાનો કોઈ શિષ્ય બીજા સંતનો સમાગમ કરે તો કુગુરને તાવ ચઢે છે. તે શિષ્યનું સાચું ખોટું કહીને પણ બીજા સંતના સમાગમથી તેને દૂર કરે છે. "જીવને સત્પુરુષનો યોગ મળવો દુર્લભ છે. અપારમાર્થિક ગુરુને જો પોતાનો શિષ્ય બીજા ધર્મમા જાય તો તાવ ચઢે છે. પારમાર્થિક ગુરુને 'આ મારો શિષ્ય છે' એવો ભાવ હોતો નથી. કોઈ કુગુરુ આશ્રિત જીવ બોધશ્રવણ અર્થે સદ્ગુરુ પાસે એક વખત ગયો હોય, અને પછી તે તેના કુગુરુ પાસે જાય, તો તે કુગુરુ તે જીવને અનેક વિચિત્ર વિકલ્પો બેસાડી દે છે, કે જેથી તે જીવ ફરી સદ્ગુરુ પાસે જાય નહીં. તે જીવને બિચારાને તો સત્અસત્ વાણીની પરીક્ષા નથી એટલે ભોળવાઈ જાય છે, અને સાચા માર્ગેથી પડી જાય છે." (વ.પૃ.૬૮૫) ॥૧૦॥ -પ્ર.વિ.ભા.૨ (પૃ.૧૦૮)

"કળિકાળે તો કોઈક જ સાચા સાધુ ભાળ;
નિર્દય ક્ષુદ્ર જનો પીડે, ટકે કેટલો કાળ? ૧૯

અર્થ :–આ કળિકાળમાં તો કોઈક જ સાચા સાધુ દેખાય છે. પ.પૂ.પ્રભુશ્રીજી તથા પૂ.શ્રી દેવકરણજી મહારાજ વિષે પરમકૃપાળુદેવે જણાવેલું કે આ ચોથા આરાની વાનગી છે.


આ પાપના યુગમાં નિર્દય અને ક્ષુદ્ર એટલે હલકી વૃત્તિના લોકો આવા મહાત્માઓને પણ પીડા આપે, તો તે કેટલો કાળ તેમની સામે ટકી શકે? જેમકે પ.પૂ.પ્રભુશ્રીજી, લોકોની કનડગતને લઈને જુનાગઢ જેવા એકાંત સ્થાનોમાં રહેવા લાગ્યા. તેમજ પૂ.શ્રી આનંદઘનજી મહારાજે પણ લોકોના અયુક્ત દબાણને લઈને જન સહવાસ છોડી વનવાસ સ્વીકાર્યો. અથવા શ્રી યશોવિજયજી મહારાજનું પણ ઉદયાધીન વર્તન થવાથી બાહ્ય ક્રિયાનો આગ્રહ મૂકી વિશેષ સ્વરૂપધ્યાનમાં સ્થિર



રહેવા લાગ્યા. તેથી લોકો તેમને ઓળખી શક્યા નહીં. એવું ભયંકર કળિકાળનું સ્વરૂપ છે. ॥૧૯॥

જેમ સુકાતા સર વિષે માછલીઓ ગભરાય,
ફેરવતા બક ચંચુ બહુ; ક્યાં નાસી સંતાય? ૨૦

અર્થ :–જેમ સર એટલે તળાવ સુકાતા માછલીઓ બિચારી ગભરાવા લાગે છે. કેમકે ત્યાં બક એટલે બગલાઓ લાંબી ચાંચ ફેરવતા ઘણા ઊભા હોય છે. ત્યાંથી બિચારી માછલીઓ



નાસીને ક્યાં સંતાય? તેમ આ કળિયુગમાં મોક્ષમાર્ગના જિજ્ઞાસુ જીવોને કુગુરુરૂપી બગલાઓ પોતાના મતરૂપી ચાંચમાં પકડી લે તો તે બિચારા છૂટીને કોને શરણે જાય? એ જોઈને મહાપુરુષોને બહુ દયા આવે છે.'' ॥૨૦॥ (પ્ર.વિ.ભા.૧ પૃ.૪૩૪)

'કાળદોષ કળિથી થયો'.....

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

આ કાળમાં પાંચ ઇન્દ્રિયોના વિષયો મેળવવાની જીવોને અત્યંત આકુળતા

''શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઇચ્છાએ કરી જેનાં ચિત્ત અત્યંત વ્યાકુળપણે વર્તે છે એવા જીવોનું જ્યાં વિશેષપણે દેખાવું છે, એવો જે કાળ આ 'દુસમ કળિયુગ'નામનો કાળ છે.''

(વ.પૃ.૩૩૬)

આ કાળમાં જીવોને આરત એટલે આત્માની ગરજ નાશ પામવા જેવું થયું છે

''હે હરિ, આ કળિકાળમાં તારે વિષે અખંડ પ્રેમની ક્ષણ પણ જવી દુર્લભ છે, એવી નિવૃત્તિ



ભૂલી ગયા છે. પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ નિવૃત્તિનું ભાન પણ રહ્યું નથી. નાના પ્રકારના સુખાભાસને વિષે પ્રયત્ન થઈ રહ્યો છે. આરત પણ નાશ પામ્યા જેવું થઈ ગયું છે.'' (વ.પૃ.૨૪૩)

કળિયુગમાં ધન અને સ્ત્રીનો મોહ જ્ઞાની પ્રત્યે પરમપ્રેમ ન આવવા દે તેવો

''કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે. છતાં વળી કંચન અને કાંતાનો મોહ તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે. ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.'' (વ.પૃ.૨૯૯)

આ કાળમાં સત્સંગ પ્રાપ્ત થાય તો મહાભાગ્યનો ઉદય સમજવો

''જેને વિષે પરમાર્થ ધર્મની પ્રાપ્તિનાં કારણો પ્રાપ્ત થવાં અત્યંત દુષમ થાય તે કાળને તીર્થંકરદેવે દુષમ કહ્યો છે, અને આ કાળને વિષે તે વાત સ્પષ્ટ દેખાય છે. સુગમમાં સુગમ એવો કલ્યાણનો ઉપાય તે, જીવને પ્રાપ્ત થવો આ કાળને વિષે અત્યંત દુષ્કર છે. મુમુક્ષુપણું, સરળપણું, નિવૃત્તિ, સત્સંગ આદિ સાધનો આ કાળને વિષે પરમ દુર્લભ જાણી પૂર્વના પુરુષોએ આ કાળને હુંડાઅવસર્પિણીકાળ કહ્યો છે; અને તે વાત પણ સ્પષ્ટ છે. પ્રથમનાં ત્રણ સાધનોનો સંયોગ તો ક્વચિત્ પણ પ્રાપ્ત થવો બીજા અમુક કાળમાં સુગમ હતો; પરંતુ સત્સંગ તો સર્વ કાળમાં દુર્લભ જ દેખાય છે; તો પછી આ કાળને વિષે સત્સંગ સુલભ ક્યાંથી હોય ? પ્રથમના ત્રણ સાધન કોઈ રીતે આ કાળમાં જીવ પામે તોપણ ધન્ય છે.'' (વ.પૃ.૩૬૫)

આ કાળમાં આત્મલક્ષી પુરુષને બચવા યોગ્ય ઉપાય માત્ર નિરંતર સત્સંગ

''આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે; તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.'' (વ.પૃ.૩૭૫)

મહાઅધંકારવાળા આ કાળમાં પરમકૃપાળુદેવનો જન્મ આપણા ઉદ્ધાર માટે

''આપ હૃદયના જે જે ઉદ્‌ગાર દર્શાવો છો; તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સત્યુગનું સ્મરણ થાય છે. આપ પણ જાણો છો કે આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળાં થઈ ગયાં છે. કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દૃઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે, અથવા કોઈકને જ તે ઇચ્છા સત્પુરુષનાં ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.

મહાંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણ યુક્ત હશે જ, એ નિઃશંક છે; પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.'' (વ.પૃ.૨૫૫)

ધર્મભાવના ક્ષીણ થતી હોવાથી અનુક્રમે ધર્મમાર્ગ નાશ પામશે

''શાસ્ત્રોને વિષે આ કાળને અનુક્રમે ક્ષીણપણા યોગ્ય કહ્યો છે; અને તે પ્રકારે અનુક્રમે થયા



કરે છે. એ ક્ષીણપણું મુખ્ય કરીને પરમાર્થ સંબંધીનું કહ્યું છે. જે કાળમાં અત્યંત દુર્લભપણે પરમાર્થની પ્રાપ્તિ થાય તે કાળ દુષમ કહેવા યોગ્ય છે; જોકે સર્વ કાળને વિષે પરમાર્થપ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે. જીવોની પરમાર્થવૃત્તિ ક્ષીણપરિણામને પામતી જતી હોવાથી તે પ્રત્યે જ્ઞાનીપુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેથી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થ માર્ગ અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે.''

(વ.પૃ.૩૪૬)

સત્પુરુષરહિત ભૂમિ થઈ નથી પણ કાળ વધારે વિષમ છે, બહુ વિષમ છે

''આ કાળને વિષે અને તેમાં પણ હમણાં લગભગના સેંકડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે, અને એ વાત પ્રત્યક્ષ છે. સહજાનંદસ્વામીના વખત સુધી મનુષ્યોમાં જે સરળવૃત્તિ હતી, તે અને આજની સરળવૃત્તિ એમાં મોટો તફાવત થઈ ગયો છે. ત્યાં સુધી મનુષ્યોની વૃત્તિને વિષે કંઈ કંઈ આજ્ઞાકિંતપણું, પરમાર્થની ઇચ્છા, અને તે સંબંધી નિશ્ચયમાં દૃઢતા એ જેવાં હતાં તેવાં આજે નથી; તેથી તો આજે ઘણું ક્ષીણપણું થયું છે, જોકે હજુ આ કાળમાં પરમાર્થવૃત્તિ કેવળ વ્યવચ્છેદપ્રાપ્ત થઈ નથી, તેમ સત્પુરુષરહિત ભૂમિ થઈ નથી, તોપણ કાળ તે કરતાં વધારે વિષમ છે, બહુ વિષમ છે, એમ જાણીએ છીએ.'' (વ.પૃ.૩૪૬)

કળિયુગમાં સત્સંગની હાનિ અને તેના માહાત્મ્યનું પણ ભાન નહીં

''કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઈ ગઈ છે. અંધકાર વ્યાપ્ત છે. અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.'' (વ.પૃ.૩૦૪)

ભગવાને જિનાગમમાં આ કાળને દુષમ નામ આપ્યું તે સત્ય છે

''જિનાગમમાં આ કાળને 'દુષમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે; કેમ કે 'દુષમ' શબ્દનો અર્થ 'દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો' થાય છે. તે દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થમાર્ગ મુખ્યપણે કહી શકાય; અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો કે પરમાર્થમાર્ગનું દુર્લભપણું તો સર્વ કાળને વિષે છે, પણ આવા કાળને વિષે તો વિશેષ કરીને કાળ પણ દુર્લભપણાના કારણરૂપ છે.'' (વ.પૃ.૩૫૯)

કૃપાળુદેવમાં વીતરાગતા વિશેષ હોવાથી નિરંતર સત્સંગની ભાવના

''કાળ વિષમ આવી ગયો છે. સત્સંગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. અનેક પ્રકારની વિટંબના તો અમને નથી, તથાપિ નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.'' (વ.પૃ.૩૦૬)

કળિયુગમાં સત્પુરુષનો બોધ એ જ એક પરમશાંતિનું કારણ

''મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો



જોગ થવો જીવને બહુ કઠણ છે; અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે. માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે, અને તેથી જીવ પણ તે ત્રિવિધતાપ-અગ્નિથી બળ્યા કરે છે; તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે; તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણ પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઈ પડી છે. પણ એ જ વસ્તુની ચિંતના રાખવી. 'સત્'ને વિષે પ્રીતિ, 'સત્'રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવાં વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાં મનુષ્યનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે. અત્ર સમાધિ છે.'' (વ.પૃ.૨૮૨)

'કાળદોષ કળિથી થયો'.....

'ઉપદેશામૃત' માંથી :–

આ કળિયુગમાં પણ જ્ઞાનીની આજ્ઞા આરાધે તો મોક્ષ થાય

''કળિયુગ, કળિકાળ! તાલકૂટ વિષ, વિષ ને વિષ આ સંસાર છેજી. તેમાં ચિંતામણિ સમાન મનુષ્યભવ, અનંતા જન્મમરણ કરતાં આ ભવ મળ્યો છે. તેમાં સદ્‌ગુરુની ઓળખાણ થયે, તેની આજ્ઞા આરાધ્યે મુક્ત થવાય છેજી. જીવ બધુંય કરી ચૂક્યો છેજી. શું નથી કર્યું તે વિચારો.''

(ઉ.પૃ.૩૧)

આવા કઠણ કાળમાં પણ જીવ ધારે તો આત્મધર્મ પ્રાપ્ત કરી શકે

''કાળ કઠણ છે, દુષમ કે કળિકાળ કહેવાયો છે. છતાં કર્મનો તીવ્ર ઉદય એકસરખો હોવા સંભવ નથી. ધર્મનો અવકાશ, જીવ ધારે તો, આ કાળમાં પણ પ્રાપ્ત કરી શકે તેવું ભગવંતે કહેલું છે.'' (ઉ.પૃ.૧૨૦)

'બોધામૃત ભાગ-૧-૨'માંથી :–

જીવોના પાપના કારણે કાળને પણ કલંક લાગ્યો

'' 'કાળ દોષ કળિથી થયો' એટલું બોલ્યા કે વિચાર આવે કે કૃપાળુદેવે કળિકાળનું સ્વરૂપ કેવું કહ્યું છે! સદ્‌ગુરુનો યોગ મળે નહીં, સત્સંગ મળે નહીં એવો આ કળિકાળ છે.'' (બો.૧ પૃ.૬૮૬)

કળિયુગ છે માટે મંત્રમાં કે આત્મવિચારમાં સદા રહેવું

'' 'કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું.' (૨૫૪) એટલે શું?

બીજા વિચાર આવે તે પડી મૂકી આત્મવિચારમાં રહેવું. ક્યારે મરણ થશે તેની ખબર નથી. કળિયુગમાં નીચે રસ્તે જવાના ઘણા પ્રસંગો હોય છે. એથી બચવા જ્ઞાનીપુરુષે જે મંત્ર આપ્યો હોય તેમાં ચિત્ત રાખવું. શરીર છે તે બધો કચરો છે. તેમાં આત્મા એ એક સુંદર વસ્તુ છે. ધ્યાન



કરવાથી આત્મા નિર્મળ થાય છે. સદ્‌વિચાર કરવાથી આત્મધ્યાન થાય છે. અને આત્મધ્યાન થાય તો નિર્મળતા થાય. હરતાં ફરતાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રમાં ચિત્ત રાખવું. પરમગુરુએ એ સ્વરૂપ પ્રગટ કર્યું છે. બધાં કર્મ ક્ષય કરે એવી આ વસ્તુ છે. બીજી વસ્તુઓ દેખાય, સંભળાય, તેના વિચાર આવે તે બધું કર્મ બંધાય. સમયે સમયે કર્મ બંધાય છે, માટે પુરુષાર્થ પણ સમયે સમયે કરવાનો છે.''

''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ મંત્રનું સ્મરણ પ્રવાહ રીતે ચાલુ રાખવું. વાંચવું, વિચારવું, ફેરવવું. જીવને અનાદિકાળથી ભૂલાવો છે. દેહ છે એ જ મારું સ્વરૂપ છે એમ જીવ માને છે. આત્મભાવના વગર ક્ષણ પણ રહેવા જેવું નથી.'' (બો.૧ પૃ.૪૯૦)

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ

''દુકાળનો અવસર હોય ત્યારે લોકો ગમે તેવું લૂખુંસૂકું ભોજન મળે તેથી ચલાવે છે, ભોજન મળવું મુશ્કેલ પડે છે. એવો આ કાળમાં પરમાર્થરૂપી દુકાળ પડ્યો છે. તેથી પરમાર્થ પ્રાપ્ત થવો દુર્લભ છે. બીજી વસ્તુઓ પહેરવા-ઓઢવાનું તો સારું થયું છે, પણ આ કાળમાં પરમાર્થ પામવો દુર્લભ છે. આકાશમાં ઊડતા વિમાનો આદિ ઘણુંય થયું છે પણ પરમાર્થ આ કાળમાં દુઃખે કરી પમાય છે. પહેલાંના શ્રાવકો એવા હતા કે સાધુ ભૂલો પડ્યો હોય તો તેને પણ સુધારતા.''

(બો.૨ પૃ.૧૦૭)

'નહિ મર્યાદા ધર્મ'.....

મુનિ ધર્મની મર્યાદા કે ગૃહસ્થધર્મની મર્યાદા કે બ્રહ્મચારી કે મુમુક્ષુ કે આત્માર્થીની જે જે મર્યાદાઓ ભગવંતે યોજી છે તે ધર્મમર્યાદાઓ મારામાં નથી. તેમજ વ્યવહારમાં વૃદ્ધ મર્યાદા કે પરિગ્રહની મર્યાદા પણ મેં કરી નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

આ કાળમાં વૃદ્ધમર્યાદા કે વ્રતાદિની ધર્મમર્યાદા પ્રત્યે આદરભાવ નથી

''વૃદ્ધમર્યાદા રહી નથી. ધર્મમર્યાદાનો તિરસ્કાર થયા કરે છે. સત્સંગ શું ? અને એ જ એક કર્તવ્યરૂપ છે એમ સમજવું કેવળ દુર્ઘટ થઈ પડ્યું છે. સત્સંગની પ્રાપ્તિમાં પણ જીવને તેનું ઓળખાણ થવું મહાવિકટ થઈ પડ્યું છે. માયાની પ્રવૃત્તિનો પ્રસંગ ફરી ફરી જીવો કર્યા કરે છે. એક વખતે જે વચનોની પ્રાપ્તિ થતાં જીવ બંધનમુક્ત હોય અને તારા સ્વરૂપને પામે, તેવાં વચનો ઘણા વખત કહેવાયાનું પણ કાંઈ જ ફળ થતું નથી. એવી જીવોમાં અજોગ્યતા આવી ગઈ છે. નિષ્કપટપણું હાનિને પામ્યું છે. શાસ્ત્રને વિષે સંદેહ ઉત્પન્ન કરવો એ એક જ્ઞાન જીવે માન્યું છે. પરિગ્રહની પ્રાપ્તિ અર્થે તારા ભક્તને પણ છેતરવાનું કર્તવ્ય પાપરૂપ તેને લાગતું નથી. પરિગ્રહ પેદા કરનાર એવા સગાસંબંધીમાં એવો પ્રેમ કર્યો છે કે તેવો તારા પ્રત્યે અથવા તારા ભક્ત પ્રત્યે કર્યો હોય તો જીવ તને પામે.'' (વ.પૃ.૨૪૪)



'બોધામૃત ભાગ-૧' માંથી :–

આ કાળમાં આત્મજ્ઞાન મેળવવા જીવોને વ્યાકુળતા થતી નથી


'' 'નહીં મર્યાદા ધર્મ' ધર્મ મર્યાદા, વૃદ્ધ મર્યાદા એ બધી મર્યાદા રહી નથી. તોય મને વ્યાકુળતા નથી. બીજાને માટે વ્યાકુળતા કરું છું પણ આત્માને માટે તો કંઈ વ્યાકુળતા થતી નથી. હે ભગવાન! જુઓ મારા કેવાં કર્મો છે! એમ દરેક પદ કે પત્ર ગમે તે બોલતાં વિચાર કરવો તો મન બીજે ન જાય.'' (બો.૧ પૃ.૬૮૬)

આ કાળ દુષમકાળ હોવાથી ધર્મમર્યાદાનો લોપ થાય છે છતાં સર્વ જીવો પોતપોતાને ધર્મ કરનારા માને છે. તેના ઉપર એક દૃષ્ટાંત છે :–

કળિયુગમાં બધા પોતાને ધર્માત્મા માને

કાળો તંબુ અને સફેદ તંબુનું દૃષ્ટાંત :– શ્રેણિક રાજાના સમયમાં સભામાં વાતચીતના પ્રસંગે લોકોએ કહ્યું કે હવે ધર્મ કરનારા આ કાળમાં રહ્યાં નથી ત્યારે અભયકુમારે જણાવ્યું કે જગતમાં 'ધર્માત્મા' ઘણા છે તેની પરીક્ષા કરી જુઓ. પરીક્ષા કરવા માટે બે તંબુ બાંધ્યા. એક સફેદ અને બીજો કાળો. પછી અભયકુમારે ઘોષણા કરી કે આજે સર્વ લોકોએ ગામ બહાર જવું. અને ધર્મી હોય તેઓએ સફેદ તંબુમાં બેસવું અને જેઓ પાપી હોય તેઓએ કાળા તંબુમાં બેસવું.

એક સિવાય બધા લોકો સફેદ તંબુમાં આવીને બેઠા. તે જોઈ શ્રેણિક રાજાએ પૂછ્યું કે તમે બધા સફેદ તંબુમાં કેમ બેઠા છો? તે સર્વ બોલ્યા કે 'હે મહારાજ! અમે સર્વ પોતપોતાના કુળક્રમથી આવતા ધર્મનું આચરણ કરનારા હોવાથી ધર્મી છીએ, તેથી આ તંબુમાં આવ્યા છીએ. આ સાંભળી હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન અને જુગાર વગેરે સાત વ્યસનના સેવનાર દોષોની ખાણરૂપ, ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરનારા લોકો પોતાને ધર્માત્મા માને છે. અહો કેવો દુષમ કાળ



વર્તે છે. પછી કાળા તંબુમાં બેઠેલો એક જ વ્યક્તિ હતો. તેને રાજાએ ત્યાં બેસવાનું કારણ પૂછ્યું ત્યારે કહ્યું કે હે સ્વામી! અમે પહેલા સુધર્માસ્વામી પાસે માંસ અને મદિરાના ત્યાગનો નિયમ લીધો હતો. તેનો મારાથી ભંગ થયો છે, માટે હું મહાપાપી છું. કેમકે 'વ્રતલોપી



મહાપાપી' વ્રતનો લોપ કરનાર મહાપાપી કહેવાય છે. તેથી હું આ તંબુમાં આવીને બેઠો છું. આવું વર્તમાન કાળનું સ્વરૂપ હોવા છતાં પણ હે પ્રભુ! મને કોઈ હૃદયમાં વ્યાકુળતા થતી નથી.

મનુષ્યભવથી મોક્ષ થઈ શકે, તેને ખાવાપીવા કે મોજશોખમાં વાપરે છે

''નકામી જરૂરિયાત બહુ વધી ગઈ છે. પુણિયો શ્રાવક બે આનામાં ચલાવતો અને ફૂલોથી ભગવાનની પૂજા ભક્તિ કરતો. એને ભગવાને વખાણ્યો. શ્રેણિકને કહ્યું કે તું એની એક પણ સામાયિક ખરીદે તો નરકે ન જાય. જીવને મનુષ્યભવ દુર્લભ સમજાયો નથી. એક માણસની પાસે એક અમૃતનો પ્યાલો હતો, તેમાંથી એક ટીપું પણ મરેલા મનુષ્યના મોઢામાં નાખે તો મરેલો જીવતો થાય. તેને પગ ધોવા માટે વાપરી નાખ્યું. તેમ આ મનુષ્યભવથી મરવાનું છૂટી મોક્ષ થાય એવું છે, તેને આ જીવ ખાવાપીવામાં, મોજશોખમાં, કમાવામાં, એવી નજીવી વસ્તુઓમાં વાપરે છે.'' (બો.૧ પૃ.૪૭૯)

જેટલા પૈસા વધે તેટલું પાપ વધે છે. તે ઉપાધિથી છૂટવા ન દે

''પૂજ્યશ્રી–પરિગ્રહ જેટલો છે, તેટલું પાપ છે. જેટલા પૈસા વધે તેટલું પાપ વધે છે. છૂટવાની ભાવના છતાં એ એને ખાળી રાખે છે.'' (બો.૧ પૃ.૪૭૬)

'તોય નહીં વ્યાકુળતા'.....

પંચમકાળનું વર્ણન ભગવાન ઋષભદેવે પોતાના સમયમાં કર્યું. તે સાંભળીને કેટલાય મુમુક્ષુઓએ ખેદ પામી દીક્ષા લઈ લીધી. તે જ કાળમાં હું હોવા છતાં મને વ્યાકુળતા થતી નથી. કે મર્યાદા ધર્મ પળાતો નથી તેની પણ મને વ્યાકુળતા એટલે ખેદ થતો નથી.





'જુઓ પ્રભુ મુજ કર્મ'.....

માટે હે પ્રભુ! મારા કર્મ તો જુઓ, હું કેવો ભારે કર્મી છું કે મને મારા વર્તનથી કોઈ વ્યાકુળતા પણ થતી નથી, કે હું આપની બોધેલી ધર્મમર્યાદામાં નહીં રહ્યો તો મારા શા હવાલ થશે, હું કઈ ગતિમાં જઈને પડીશ, ત્યાં મારી કોણ રક્ષા કરશે એવો વિચાર પણ મને આવતો નથી. આપ જેવા જ્ઞાનીપુરુષનો જોગ જે મહા દુર્લભ છે તે આ મનુષ્યભવમાં મળ્યા છતાં પણ હવે જો પુરુષાર્થ કરવાની ભાવના ન થઈ તો મારા જેવો અભાગીયો કોણ? અથવા મારા અને પશુ અવતારમાં શો ફરક રહ્યો? કાંઈ જ નહીં. આ વિષે પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે :–

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

"ચારે ગતિ દુઃખથી ભરી, કર્મતણો બહુ ભાર, પ્રભુજી;
માનવદેહ વિષે બને સત્પુરુષાર્થ પ્રકાર, પ્રભુજી." રાજ૦

અર્થ :–હવે સ્વદેશ જવા માટે પરમકૃપાળુદેવે શો ઉપદેશ આપ્યો છે તે જણાવે છે :–

હે ભવ્યો! નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ એ ચારેય ગતિ બહુ દુઃખથી ભરેલી છે. તમારા આત્મા ઉપર જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મનો ઘણો ભાર હોવાથી આ ચારેય ગતિમાં તે કર્મના ફળમાં જીવને ઘણા જ દુઃખ ભોગવવા પડે છે. એક મનુષ્ય દેહ જ એવો છે કે જેમાં સ્વદેશ એટલે મોક્ષે જવાનો સંપૂર્ણ સત્પુરુષાર્થ બની શકવા યોગ્ય છે."

"શાતાવેદનીય અશાતાવેદનીય વેદતાં શુભાશુભ કર્મના ફળ ભોગવવા આ સંસારવનમાં જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે. એ ચાર ગતિ ખચીત જાણવી જોઈએ.

૧. નરકગતિ - મહારંભ, મદિરાપાન, માંસભક્ષણ ઇત્યાદિક તીવ્ર હિંસાના કરનાર જીવો અઘોર નરકમાં પડે છે. ત્યાં લેશ પણ શાતા, વિશ્રામ કે સુખ નથી. મહા અંધકાર વ્યાપ્ત છે. અંગછેદન સહન કરવું પડે છે, અગ્નિમાં બળવું પડે છે અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુઃખથી કરીને જ્યાં પ્રાણીભૂતે સાંકડ, અશાતા અને વિલવિલાટ સહન કરવાં પડે છે, જે દુઃખને કેવળજ્ઞાનીઓ પણ કહી શકતા નથી. અહોહો!! તે દુઃખ અનંતી વાર આ આત્માએ ભોગવ્યાં છે.

૨. તિર્યંચગતિ - છલ, જૂઠ, પ્રપંચ ઇત્યાદિક કરીને જીવ સિંહ, વાઘ, હાથી, મૃગ, ગાય, ભેંસ, બળદ ઇત્યાદિક શરીર ધારણ કરે છે. તે તિર્યંચગતિમાં ભૂખ, તરસ, તાપ, વધબંધન, તાડન, ભારવહન કરવા ઇત્યાદિકનાં દુઃખને સહન કરે છે.

૩. મનુષ્યગતિ - ખાદ્ય, અખાદ્ય વિષે વિવેકરહિત છે; લજ્જાહીન, માતા-પુત્રી સાથે કામગમન કરવામાં જેને પાપાપાપનું ભાન નથી; નિરંતર માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે મહાપાતક કર્યા કરે છે; એ તો જાણે અનાર્ય દેશનાં અનાર્ય મનુષ્ય છે. આર્યદેશમાં પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય પ્રમુખ મતિહીન, દરિદ્રી, અજ્ઞાન અને રોગથી પીડિત મનુષ્યો છે. માન-અપમાન



ઇત્યાદિક અનેક પ્રકારનાં દુઃખ તેઓ ભોગવી રહ્યાં છે.

૪. દેવગતિ - પરસ્પર વેર, ઝેર, ક્લેશ, શોક, મત્સર, કામ, મદ, ક્ષુધા ઇત્યાદિકથી દેવતાઓ પણ આયુષ્ય વ્યતીત કરી રહ્યાં છે; એ દેવગતિ.

એમ ચાર ગતિ સામાન્યરૂપે કહી. આ ચારે ગતિમાં મનુષ્યગતિ સૌથી શ્રેષ્ઠ અને દુર્લભ છે. આત્માનું પરમહિત મોક્ષ એ ગતિથી પમાય છે.'' (વ.પૃ.૭૦)

''મનુષ્યભવ દુર્લભ છે-ભલે રોગી, ગરીબ, અશક્ત, ઘરડો ગમે તેવો હોય પણ મનુષ્યભવ અને તેમાં સાચા અનુભવી પુરુષનો કોઈ સંતની કૃપાથી મળેલો મંત્રનો લાભ તે અપૂર્વ છે. તો 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નો જાપ અને તે જ ભાવના રાખવી ઉત્તમ છે.'' (ઉ.પૃ.૧૧૮) ॥૩॥

''એવો યોગ લહ્યા છતાં, લાગ્યો ન બોધ લગાર, પ્રભુજી;
જાગ્યો ન જો મોહનીંદથી, ઢોર સમો અવતાર, પ્રભુજી. રાજ૦

અર્થ :– આવા આર્યક્ષેત્રમાં ઉત્તમકુળ, જાતિ, નિરોગી કાયા, સત્પુરુષના યોગસહિત દેવદુર્લભ માનવજન્મ પામીને સ્વધામરૂપ મોક્ષને માટે સત્પુરુષના બોધની લગાર માત્ર પણ અસર ન થઈ તો આ દેહમાં સ્થિત આત્માને અનંતવાર ધિક્કાર છે.

'ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો!' (વ.પૃ.૬૫૨) આવા ઉત્તમયોગમાં પણ આ જીવ મોહનિદ્રામાંથી જાગૃત ન થયો તો ઢોરના અવતાર અને આ મનુષ્ય અવતારમાં કોઈ ફરક નથી, અર્થાત્ તે 'નર નથી પણ વાનર જ છે.'

'વિદ્યા વિહિના પશુભિઃ સમાના' આત્મવિદ્યાથી રહિત નર પશુ સમાન છે.' '' ॥૪॥

-પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧ (પૃ.૫૨૪)

''સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.'' ૧૦

અર્થ :– ''જે સેવાને પ્રતિકૂળ છે એવા બંધનના કારણોનો પણ મને ત્યાગ નથી. સેવાભાવ કરતા હોય તો ઇન્દ્રિયોને વશ કરવી જોઈએ. પણ આ ઇન્દ્રિયો તો માનતી જ નથી, અને બાહ્ય પદાર્થો ઉપર રાગ કરે છે. તો સેવાભાવ ક્યાંથી થાય? સેવાભાવથી કલ્યાણ થાય એવું છે. કેમકે પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુ સેં, સબ આગમ ભેદ સુ ઉર બસે, વહ કેવલ કો બીજ જ્ઞાની કહે.' એવો પ્રેમ પ્રભુ પ્રત્યે થાય તો આત્માનું કલ્યાણ થાય.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૭)

'સેવાને પ્રતિકૂળ જે'.....

સેવા એટલે આજ્ઞા. તારી આજ્ઞા ઉઠાવવામાં વિઘ્નકારક એવા કારણોનો મેં ત્યાગ કર્યો નહીં.

પ્રમાદ એ પણ આત્મકલ્યાણ કરવામાં મહા વિઘ્નકારણ છે એ વિષે પરમકૃપાળુદેવ બહુ



ભારપૂર્વક એક પ્રસંગમાં જણાવે છે :

(શ્રી મોતીલાલ ભાવસાર નડિયાદવાળાના પ્રસંગમાંથી)

સેવાને પ્રતિકૂળ એવા પ્રમાદને તજવાનો મહાન ઉપદેશ

શ્રી મોતીલાલભાઈનો પ્રસંગ :–''સાહેબજીના સમાગમ લાભે તે વખતની મારી આત્મદશા ઘણી જ વૈરાગ્યવાળી થઈ હતી; પ્રથમ પ્રમાદ ઘણો જ વર્તતો હતો. તે દૂર કરાવ્યો હતો. મને સાહેબજીના સમાગમથી નિર્ભયપણું એટલા સુધી રહેતું હતું કે સાહેબજીના આશ્રયે એમની છત્રછાયા નીચે આ ક્ષણિક જીવનનો ત્યાગ થાય તો કેટલું કલ્યાણ થાય એવા વિચારોથી ઘણો જ આનંદ વર્તાયા કરતો હતો.'' (શ્રી રા.પ્રેરક પ્રસંગો પૃ.૨૮૬)

અમે વીરપ્રભુના છેલ્લા શિષ્ય, અલ્પ પ્રમાદથી ભવભ્રમણ

''એક દિવસ રસ્તે ચાલતા ચાલતા સાહેબજીએ બોધ દેવો શરૂ કર્યો હતો. તેમાંનો સ્મૃતિમાં રહેલ બોધનો ટૂંકામાં ભાવાર્થ અત્રે જણાવું છું :–

સાહેબજી કહે : ''તમે પ્રમાદમાં શું પડ્યા રહ્યા છો? વર્તમાનમાં માર્ગ એવો કાંટાથી ભર્યો છે કે તે કાંટા ખસેડતાં અમને જે શ્રમ વેઠવો પડ્યો છે તે અમારો આત્મા જાણે છે. જો વર્તમાનમાં જ્ઞાની હોત તો અમે તેમની પૂંઠે પૂંઠે ચાલ્યા જાત, પણ તમને પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ છે છતાં એવા યોગથી જાગ્રત થતા નથી. પ્રમાદ દૂર કરો, જાગ્રત થાઓ. અમે જ્યારે વીરપ્રભુના છેલ્લા શિષ્ય હતા તે વખતમાં લઘુશંકા જેટલો પ્રમાદ કરવાથી અમારે આટલા ભવ કરવા પડ્યા. પણ જીવોને અત્યંત પ્રમાદ છતાં બિલકુલ કાળજી નથી. જીવોને પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષોનું ઓળખાણ થવું ઘણું જ દુર્લભ છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૮૭)

'સેવાને પ્રતિકૂળ જે'.....

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

''કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે; તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે; અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ અનાદિના જીવના ત્રણ દોષ છે. જ્ઞાનીપુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી, અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે, અને જ્ઞાનીપુરુષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.'' (વ.પૃ.૩૭૨)

કંચન, કાંતાના બંધન તોડું તો પ્રભુસેવામાં મન જોડું


યાજ્ઞવલ્ક્યનું દૃષ્ટાંત :– ''યાજ્ઞવલ્ક્ય નામે બ્રાહ્મણ હતો. તે જનકરાજાના દરબારમાં



જતો. એક વખત રાજાએ તેને પૂછ્યું, ત્યાગનું સ્વરૂપ કેવું છે? બ્રાહ્મણે કહ્યું, કાલે કહીશું. પછી તે ઘેર ગયો. તેને મૈત્રેયી અને કાર્ત્યાયિની નામે બે સ્ત્રીઓ હતી. તેમને ધન વહેંચવા લાગ્યો અને કહ્યું કે તમે અર્ધું અર્ધું વહેંચી લો, હું તો ત્યાગ લઉં છું.



ત્યારે મૈત્રેયીએ કહ્યું, ધનથી મોક્ષ મળશે? તે વિચારવાન હતી તેથી કહે, મોક્ષ મળતો હોય તો આપો. પછી તેણે પણ ત્યાગ લીધો અને કાર્ત્યા-



યિનીને ધન આપ્યું. પછી બીજે દિવસે યાજ્ઞવલ્ક્ય જનકરાજા ના દરબાર માં ગયો. રાજાએ જાણી લીધું કે આ ત્યાગનું સ્વરૂપ છે. વગર કહ્યે જાણી લીધું.'' (બો.૧ પૃ.૨૬૩)

એમ કંચન અને કાંતા પ્રત્યેનો મોહ મટાડી હું બંધનથી નિવૃત્ત થાઉં તો આપની સેવા ઉઠાવી શકું. પણ હે પ્રભુ! એવી મારામાં શક્તિ નથી.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

''કનક - કામિની - સૂત્રથી બંધાયા ત્રણ લોક;
તે તોડી વિરલા બને સ્વાધીન, સુખી, અશોક. ૨

અર્થ :–કનક એટલે સોનારૂપ પરિગ્રહ તથા કામિની એટલે સ્ત્રી તેના પ્રત્યેના મોહરૂપી સૂત્ર એટલે તાંતણાથી ઉર્ધ્વ, અધો અને મધ્ય એ ત્રણેય લોકના જીવો બંધાયેલા છે, અર્થાત્ સ્ત્રી અને તેને લઈને ધનમાં થતી આસક્તિ વડે સર્વ સંસારી જીવો આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ત્રિવિધ તાપમાં સદા બળ્યા કરે છે.''


'એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યો થો જિન ભજન કું, બિચમેં લિયો માર.' -આલોચનાદિ પદ સંગ્રહ

લોખંડની બેડીઓ તોડવી સહેલી પણ રાગના કાચા તાંતણા તોડવા દુર્લભ

આર્દ્રકુમારનું દૃષ્ટાંત :– ''આર્દ્રકુમાર મુનિને ભોગાવલી કર્માનુસાર દીક્ષા લીધા પછી સંસાર માંડવો પડ્યો. પુત્ર થોડોક મોટો થયો કે ફરીથી ઘર છોડી દીક્ષા લેવા માટે તૈયાર થયા,



ત્યારે પુત્રે કાચા તાંતણાથી આર્દ્રકુમારના પગે બાર આંટા મારી દીધા. તે જોઈ પુત્ર માટે ફરીથી બાર વર્ષ સંસારમાં રોકાવું પડ્યું. ત્યાર બાદ ફરી દીક્ષા લઈ એક વાર તાપસના આશ્રમ આગળ થઈને જતાં હાથીને તેમના પ્રભાવે દર્શન કરવાના ભાવ થવાથી તેની બેડી તૂટી ગઈ. તેથી કોઈએ મુનિને કહ્યું કે આપના પ્રભાવે હાથી



ની બેડીઓ તૂટી ગઈ ત્યારે તેમણે જવાબમાં કહ્યું કે લોખંડની બેડીઓ તોડવી સહેલી છે પણ



રાગના કાચા તાંતણા તોડવા દુર્લભ છે. ।।૨।।

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈપણ મારા નથી, એવી આત્મ ભાવના સાચા ભાવથી ભાવીને કનક કામિનીના બંધન તોડી આત્મામાં જ રહેલ સ્વાધીન સુખને પામવા શોકરહિત બની જાય એવા જીવો આ વિશ્વમાં કોઈ વિરલા જ છે. ।।૨।।



પડી મુમુક્ષુના પગે બેડી બે બળવાન,
આરંભ-પરિગ્રહ-જનક કનક-કામિની માન. ૩

અર્થ :–જેને સંસારના જન્મજરામરણાદિ દુઃખોથી છૂટવાની ઇચ્છા છે એવા મુમુક્ષુના પગમાં પણ કર્મને આધીન બે બળવાન બેડીઓ પડેલ છે. તે આરંભ અને પરિગ્રહને જન્મ આપનાર એક કનક એટલે સોનાદિ-પરિગ્રહ પ્રત્યેનો રાગ છે અને બીજો સ્ત્રીઆદિ પ્રત્યેનો મોહભાવ છે.


'આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ.' (વ.પૃ.૮૨) પ્ર.વિ.ભા.૧ (પૃ.૩૧૨

સેવાને પ્રતિકૂળ એવા વ્યવસાયને જેમ બને તેમ સંક્ષેપ કરતાં જવું

''જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.'' (વ.પૃ.૩૯૮)

પરિગ્રહના પ્રતિબંધને ત્યાગી ઉપદેશ કરું તો ફળે


એક તપસ્વીનું દૃષ્ટાંત :– ''એક વાર એક માણસે એક તપસ્વીને કહ્યું : 'સાહેબ, મને ત્યાગ ભાવના વિષે ઉપદેશ આપો.'' એ સાંભળી તપસ્વી તરત જ બહાર ચાલ્યા ગયા. આજુબાજુ બેઠેલા લોકોને આ જોઈ ખૂબ નવાઈ લાગી. પેલો માણસ પણ ભોંઠો પડીને ત્યાંથી જતો રહ્યો.





થોડીવાર પછી તપસ્વી પાછા આવ્યા. એટલે એક જણે તેમને પૂછ્યું : 'એક ભાઈ ત્યાગભાવના વિષે ઉપદેશ સાંભળવા આપની પાસે આવ્યા, ત્યારે આપ કશો ઉપદેશ આપ્યા વિના બહાર કેમ ચાલ્યા ગયા? એ બિચારાને કેટલું ખોટું લાગ્યું હશે?'

ત્યારે તપસ્વી બોલ્યા : ''ભાઈઓ તે વખતે મારી પાસે ચોવીસ રતીભાર જેટલી ચાંદી હતી. એટલો સંગ્રહ મારી પાસે હોય અને ત્યાગ વિષે કોઈને ઉપદેશ આપવા બેસું, એ મને બહુ શરમભરેલું લાગ્યું એટલે હું બહાર જઈને મારી પાસે રહેલા એ ચાંદીનું દાન કરી આવ્યો. હવે હું



ખુશીથી ત્યાગભાવના વિષે કહી શકું એમ છું. -સંતોની જીવન પ્રસાદીમાંથી

'તે બંધન નથી ત્યાગ'.....

તે બંધન મુખ્યત્વે ચાર પ્રકારના છે :–

(૧) લોકસંબંધી બંધન (૨) સ્વજન કુટુંબરૂપ બંધન (૩) દેહાભિમાનરૂપ બંધન અને (૪) સંકલ્પ વિકલ્પરૂપ બંધન. તેનો મેં ત્યાગ કરવા પુરુષાર્થ કર્યો નહીં.



'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સ્વચ્છંદ અને ચાર પ્રતિબંધ, પ્રભુની સેવામાં બાધક

''સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો. (વ.પૃ.૨૬૦)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

''લોક-સ્વજન-તન-કલ્પના બંધનરૂપ સંબંધ પ્રભુજી;
સત્શ્રદ્ધા દૃઢ આદરી, ટાળું બધા પ્રતિબંધ, પ્રભુજી. રાજ૦

હવે સ્વધામરૂપ મોક્ષપ્રાપ્તિમાં બાધક એવા જે ચાર પ્રકારના બંધન છે તેને ટાળવા જણાવે છે:

અર્થ :– લોકસંબંધી બંધન, સ્વજન કુટુંબરૂપ બંધન, દેહાભિમાનરૂપ બંધન અને સંકલ્પ-વિકલ્પરૂપ બંધન. આ ચારેય બંધન સાથે મારે સંબંધ રહેલો છે. પણ સત્પુરુષ ઉપર દૃઢ સત્શ્રદ્ધા કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તી આ બધા પ્રતિબંધને હવે દૂર કરું.

''જીવને બે મોટા બંધન છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઈચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે. આટલી શિક્ષા સ્મરણ કરવારૂપ છે.'' (વ.પૃ.૨૬૧) ॥૧૦॥ -પ્રજ્ઞાવબોધ વિવેચન ભા.૧ (પૃ.૫૨૭)

જ્યાં સુધી રાગ બંધન છે, ત્યાં સુધી ઉપાધિ છે


''અલ્પકાળમાં ઉપાધિ રહિત થવા ઇચ્છનારે આત્મપરિણતિને કયા વિચારમાં આણવી ઘટે છે કે જેથી તે ઉપાધિરહિત થઈ શકે? એ પ્રશ્ન અમે લખ્યું હતું. તેના ઉત્તરમાં તમે લખ્યું કે 'જ્યાં સુધી રાગબંધન છે ત્યાં સુધી ઉપાધિરહિત થવાતું નથી, અને તે બંધન આત્મપરિણતિથી ઓછું પડી જાય તેવી પરિણતિ રહે તો અલ્પકાળમાં ઉપાધિરહિત થવાય.' એ પ્રમાણે ઉત્તર લખ્યો તે યથાર્થ છે.'' (વ.પૃ.૪૬૪)

જેનો પ્રતિબંધ કરે તેના વિચાર આવે

ગુરુ શિષ્યનું દૃષ્ટાંત :– ''એક ગુરુ હતા. તેમની પાસેથી છ મહિનામાં શિષ્યો જ્ઞાન



પામતા એવો એમનો પ્રભાવ હતો. એક શિષ્યને દીક્ષા લીધાં છ મહિનાથી ઉપર ઘણા દિવસો થઈ ગયા, પણ એને જ્ઞાન થાય નહીં. ગુરુને વિચાર થયો કે બધાય છ છ મહિનામાં તૈયાર થાય છે અને આને તો કેટલાય દિવસ થઈ ગયા છતાં ઉપદેશની કંઈ અસર થતી નથી. ઉપદેશ તો બહુ સારો કરીએ છીએ. પછી એ શિષ્યને ગુરુએ પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે તને આખો દિવસ શાના વિચાર આવે છે? તારું ચિત્ત ક્યાં રહે છે? શિષ્યે કહ્યું કે હું ઘર છોડી આવ્યો હતો તે વખતે એક મારી નાની પાડી હતી. તે પાડીના વિચારો મને આવે છે, કે પાડી કેવી થઈ હશે? સુકાઈ ગઈ હશે કે જાડી થઈ ગઈ હશે? શું ખાતી હશે? કોઈ ચારોપાણી આપતું હશે કે નહીં? એવા વિચારોમાં મારું મન રહે છે. એવી કલ્પના જીવને દૃઢ થઈ જાય તે પ્રતિબંધ છે. જેવો પ્રતિબંધ તેવો જ ભવ લેવો પડે છે. ગુરુએ કહ્યું કે જા, આ સામે ઓરડી છે તેમાં બેસી તું પાડીના જ વિચાર કર્યા કર.



પછી શિષ્ય ત્યાં જઈને બેઠો અને વારંવાર પાડીના વિચાર કર્યા કરે કે પાડી બહુ મોટી થઈ ગઈ હશે, દૂધ આપતી હશે, મોટાં શીંગડાં ફૂટ્યાં હશે. એમ વારંવાર એના એ વિચાર કર્યા કરે. પછી ગુરુએ બોલાવ્યો કે બહાર આવ. તેણે કહ્યું 'કેવી રીતે બહાર આવું? બારણામાં શીંગડા ભરાઈ જાય છે!' એને એમ જ થઈ ગયું કે હું પાડી જ છું. મારે શીંગડા ફૂટ્યાં છે. પછી માંડ માંડ બહાર આવ્યો. ત્યારે ગુરુએ કહ્યું તેં જેમ આ પાડીના વિચારો કર્યા તો પાડીરૂપ થયો ને? તેમ આ શરીર પણ પાડી જેવું છે. તેના વિચાર કરવાથી શરીરરૂપ થઈ ગયો છે. પણ આત્માના વિચાર



કરીશ તો આત્મારૂપ થઈશ. પછી એ તો સમજુ હતો તેથી સમજી ગયો.

(બો.૨ પૃ.૨૬૦)

'દેહેન્દ્રિય માને નહીં'.....

હે નાથ! આ દેહ અને ઇન્દ્રિયો પ્રત્યેનો રાગ મને વિષયકષાયમાં દોરી જાય છે. તે મનને પાછું વારવા છતાં પણ તે પાછું ફરતું નથી. પણ ઇન્દ્રિયોની આસક્તિવડે વગર વિચાર્યે મેં શું શું કર્યું, તે શ્રી રત્નાકરસૂરિ 'રત્નાકર પચ્ચીશી'માં જણાવે છે :–

"મેં ભોગ સારા ચિંતવ્યા, પણ રોગ સમ ચિંત્યા નહીં,
આગમન ઇચ્છ્યું ધનતણું, પણ મરણને પ્રીછ્યું નહીં;
નહીં ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહી, ભય માત્ર હું ભૂલી ગયો."

અર્થ :– ઇન્દ્રિયોની આસક્તિથી મેં પાંચે ઇન્દ્રિયોના ભોગોને સારા ગણ્યા; પણ તે રોગોને ઉત્પન્ન કરનારા છે એવો વિચાર પણ મને આવ્યો નહીં. બહુ ધન મને મળે એવી ઇચ્છા કરી પણ મરણ આવવાનું છે અને આ બધું ભેગું કરેલું અહીં જ પડ્યું રહેશે તેની પણ મેં પૃછના એટલે મનમાં ઊંડો વિચાર કરીને નક્કી કર્યું નહીં.

આ નારીઓ એટલે સ્ત્રીઓ પ્રત્યે મને રાગ-મોહ હોવાથી તે મોહ મને કારાગ્રહ એટલે જેલ સમાન નરકમાં ધકેલી જશે એનો પણ મને વિચાર આવ્યો નહીં. અને વળી વિષયસુખરૂપ મધના ટીપાંમાં આસક્ત બનીને આલોકભય, પરલોકભય, મરણભય, આદિ બધા ભયને જ ભૂલી ગયો. હે નાથ! હવે મારું શું થશે? આપ સિવાય મને સદ્‌બુદ્ધિ આપનાર આ જગતમાં કોઈ નથી. એક તારું જ શરણ સત્ય છે.

"ઇન્દ્રિયદ્વારથી ચૂકી પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે-જાણ્યું રૂપ યથાર્થ જે." -સમાધિશતક

"છ બારીઓવાળા એક મકાનમાં ઊભા રહી આખો દિવસ એક મૂકી બીજી, બીજી મૂકી ત્રીજી, એમ બારીઓમાંથી બહાર જ જોયા કરે તો અંદર શું છે તે દેખાય નહીં. તેમ પાંચ ઇન્દ્રિયો અને મનથી આત્મા બાહ્ય વિષયમાં જ રત રહે છે ત્યાં અંદર શું છે તે શી રીતે જણાય? ઊભો છે અંદર પણ દૃષ્ટિ છે બહાર. તે દૃષ્ટિ અંદર કરવી. આત્મા જોવો. તો પોતાની વિભૂતિ સર્વ જણાય." (ઉ.પૃ.૩૬૨)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧,૨' માંથી :–

"ઇન્દ્રિયો વિષયો ચહે રે, ખેંચે અવિરત-પંથ;
સંયમરૂપ લગામથી રે, વારે તે નિર્ગ્રંથ.
સમતાસ્વામી તે રે જે રમતા સમભાવે.



અર્થ :– પાંચે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ઇચ્છે છે. આંખ રૂપને, કાન સંગીતને, નાક સુગંધને અને મુખ સ્વાદને તથા શરીર કોમળ સ્પર્શને ઇચ્છે છે. તે ઇન્દ્રિયો જીવને અસંયમના માર્ગમાં ખેંચી જાય છે. જ્યારે સંયમરૂપ લગામથી આ ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને જે વશ કરે તે જ સાચા નિર્ગ્રંથ છે.'' ।।૩।। (પ્ર.વિ.ભાગ-૨ પૃ.૫૫)

''વિષય વિષે વૃત્તિ ફરે એ જ અસંયમ જાણ,
બાહ્ય ત્યાગ પણ નટ-દશા, શું સાધે કલ્યાણ? ૨૧

અર્થ :– હવે ત્રીજી સુખશય્યા સંયમ છે. તેના વિષે સમજાવે છે :–

પાંચ ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિષયોમાં જીવની વૃત્તિ ફર્યા કરે એ જ અસંયમ છે એમ તું જાણ. મનના એવા અસંયમ પરિણામ હોવા છતાં બાહ્ય પદાર્થોનો ત્યાગ કરી જગતને સાધુ કહેવરાવવું તે નાટક કરનાર નટની સ્થિતિ જેવું છે. જેમ નટ રાજા બને પણ તે રૂપ નથી તેમ 'વેષ ધર્યા જો સિદ્ધ થાય તો ભાંડ ભવૈયા મોક્ષે જાય' અથવા 'ઉપર વેષ અચ્છો બન્યો, માંહે મોહ ભરપૂરજી.' એવા જીવો આત્માનું કલ્યાણ શું સાધી શકે?''

''ઉપર તજે ને અંતર ભજે, એમ નવિ સરે અર્થજી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનર્થજી,
ત્યાગના ટકે રે વૈરાગ્ય વિના૦'' -નિષ્કુલાનંદ ।।૨૧।।

(પ્ર.વિ.ભાગ-૧ પૃ.૧૨૯)

''મળ્યું બંધનનું ફળ દેહ આ, દેહમાં ઇંદ્રિય-ગ્રામ રે,
તે રૂપ, રસાદિ વિષયો ગ્રહે, થાય નવા બંધ આમ રે. શ્રી રાજ૦''

અર્થ :– પૂર્વે આઠ કર્મો બાંધ્યા તેના ફળસ્વરૂપે આ દેહની પ્રાપ્તિ થઈ. તે દેહમાં પાંચ ઇન્દ્રિયોએ પોતાનું ગામ વસાવ્યું. તે ઇન્દ્રિયો પોતાના રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અને શબ્દરૂપ વિષયોને ગ્રહણ કરે છે. તેથી ફરી નવા કર્મના બંધ થયા કરે છે. ।।૫।।

આ બંધ-પરંપરા જાણવી, ચાલી રહી ઘટમાળ રે,
વિષયોની આસક્તિ વડે નભે ગૃહસ્થ - જંજાળ રે. શ્રી રાજ૦

અર્થ :– અનાદિકાળની આ બંધ પરંપરા જાણવી. ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી નોકર્મરૂપ દેહાદિને ધારણ કર્યા કરું છું. આ ઘટમાળ એટલે કૂવાના ઘડાની માળ સમાન કે ઘાંચીના બળદની જેમ હું આ સંસારમાં જ ત્યાંનો ત્યાં અનાદિથી ભમ્યા કરું છું. પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિના કારણે આ ત્રિવિધ તાપાગ્નિમય ગૃહસ્થની જંજાળ નભી રહી છે. વિષયોની આસક્તિના કારણે કરોળિયાની જાળ સમાન કુટુંબાદિને પાથરી તેમાં ફસાઈને હું દુઃખી થયા કરું છું.'' ।।૬।। (પ્ર.વિ.ભાગ-૨ પૃ.૩૨૪)

''હે! મન-બાળક, નારી-રૂપ-કૂપ પાસે રમવા ના જા રે,
મોહ–સલિલે ડૂબી મરશે, એવી દોડ ભૂલી જા રે. પરો૦



અર્થ :– હે ! મનરૂપી બાળક તું નારીના રૂપરૂપી કૂવા પાસે રમવા જઈશ નહીં. નહીં તો મોહરૂપી સલિલ એટલે પાણીમાં તું ડૂબી મરીશ. માટે એ તરફની દોડ હવે ભૂલી જા. ।।૫૩।।

જીવાજીવ-વિચારે રમજે, ઇન્દ્રિય-રમત વિસારી રે,
સંયમ-બાગે વ્રત-વૃક્ષોમાં, ધ્યાન-રમત બહુ સારી રે. પરો૦

અર્થ :– હે જીવ! આ ઇન્દ્રિયોની રમત હવે ભૂલી જઈ જીવ અને અજીવ તત્ત્વના વિચારમાં રમજે. સંયમરૂપી બાગ અને વ્રતરૂપી વૃક્ષોમાં આત્મધ્યાન કરવારૂપ રમત બહુ સારી છે.'' ।।૫૪।। (પ્ર. વિ.ભાગ-૨ પૃ.૫૨૯)

''ઇંદ્રિય-ગણ ગણ રાક્ષસો, કષાય શસ્ત્ર વિચાર;
ગ્રહી વિત્તરૂપ માંસ તે બને નિરંકુશ ધાર. ૨૬

અર્થ :– પાંચ ઇન્દ્રિયોના સમૂહને તું રાક્ષસ સમાન ગણ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયને તે રાક્ષસના શસ્ત્ર સમાન જાણ. તે ધનરૂપી માંસને પામી ઇન્દ્રિયોરૂપી રાક્ષસ નિરંકુશ બની જઈ પરવસ્તુમાં જીવને રાગ કરાવી સંસાર સમુદ્રમાં ધકેલી દે છે.

''यौवनम्, धनसंपत्ति, अधिकारम्, अविवेकीता;
अेक्केकम् अपि अनर्थाय, किम यत्र चतुष्टयम्.''

અર્થ :– યૌવન, ધનસંપત્તિ, સત્તા અને મોહના ગાંડપણરૂપ અવિવેકીતા. આમાનું એક પણ હોય તો અનર્થકારક છે. તો પછી જ્યાં ચારેય હોય તેનું તો કહેવું જ શું ? અર્થાત્ અનર્થનો ત્યાં પાર નથી.'' ।।૨૬।। (પ્ર.વિ. ભાગ-૧ પૃ.૩૧૮)

''પરાધીન ઇન્દ્રિયસુખો, ક્ષણિક ને દુઃખમૂળ, પ્રભુજી;
જીવન ઝબકારા સમું મોક્ષયત્ન અનુકૂળ, પ્રભુજી. રાજચંદ્ર પ્રભુને નમું.''

અર્થ :– આ પાંચેય ઇન્દ્રિયના સુખો પરાધીન છે, ક્ષણિક છે અને દુઃખના મૂળ છે.

'सपरं बाधासहीयं विछिन्नं बंधकारणं विषमं ।
जं इन्दियेहीं लद्धं तं सोक्खं दुःखमेव तहा ।।'

અર્થ :– ઇન્દ્રિયસુખ પરાધીન, બાધાથી યુક્ત, વિનાશકારી, કર્મબંધનું કારણ અને વિષમભાવને કરાવે એવું છે. જેથી ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું સુખ તે ખરેખર દુઃખનું જ બીજું રૂપ છે.

આપણું આ જીવન પણ વિજળીના ઝબકારા જેવું ક્ષણિક છે. માટે આ જીવનમાં સ્વદેશરૂપ મોક્ષ મેળવવાનો યત્ન કરવો એ જ આત્માને અનુકૂળ અર્થાત્ કલ્યાણકારી છે.''

''વીજળી ઝબકારા જેવાં, મોતી પરોવી લેવાં,
ફરી ફરી નહીં મળે એવાં સત્સંગ કીજીયે;
હાંરે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું.'' -આલોચનાદિ પદસંગ્રહ ।।૧૮।। (પ્ર.વિ. ભાગ-૧ પૃ.૫૨૯)



"વિષય-કષાયે અતિ મૂઢ જે સત્ય શાંતિ શું જાણે?
વીર પ્રભુ કહે : 'મોહનગરમાં ઠગાય તે શું માણે?
દેજો સેવાશ્રી ગુરુરાજ જેથી નરભવ લાગે લેખે.

અર્થ :– વિષયકષાયમાં અતિ આસક્ત બનેલા સંસારી મૂઢ જીવો તે આત્મામાંથી પ્રગટતાં સત્ય શાંતિના સુખને ક્યાંથી જાણી શકે. વીર પરમાત્મા કહે છે કે જે જીવો સંસારની મોહ માયામાં ઠગાય, તે જીવો આત્માના પરમાનંદને ક્યાંથી માણી શકે અર્થાત્ અનુભવી શકે. ॥૪૭॥

પાણીૅ ભરેલી રહે ન ચાળણી, અનિત્ય તેવા ભોગો,
જન્મ-મરણની રેંટમાળ તજીૅ સાધે વીર સુયોગો. દેજો૦

અર્થ :– જેમ ચાળણીમાં ભરેલું પાણી રહી શકે નહીં; તેમ અનિત્ય એવા ઇન્દ્રિયોના ભોગો શાશ્વત રહી શકે નહીં. માટે અનાદિકાળના રેંટમાળ સમાન જન્મમરણના દુઃખોને દૂર કરવા, વીર પુરુષો વર્તમાનમાં મળેલા સદ્‌ગુરુ, સત્સંગ વગેરેના ઉત્તમ સુયોગોને પોતાના વીરત્વથી પૂરેપૂરો લાભ લેવા પ્રયત્ન કરે છે; તે જ આ મળેલ દુર્લભ માનવદેહને સફળ કરી જાણે છે." ॥૪૮॥

-પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૧૬૩)

દેહેન્દ્રિય માને નહીં.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

અતિ પ્રિય દેહ, ઇન્દ્રિય પણ રોગથી દુઃખ આપે તો ધનથી શું સુખ મળે?

"સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા તે રોગ, જરાદિથી સ્વાત્માને જ દુઃખરૂપ થઈ પડે છે; તો પછી તેથી દૂર એવાં ધનાદિથી જીવને તથારૂપ (યથાયોગ્ય) સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાનની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઈએ; અને કોઈ બીજા વિચારમાં જવી જોઈએ; એવો જ્ઞાનીપુરુષોએ નિર્ણય કર્યો છે, તે યથાતથ્ય છે." (વ.પૃ.૪૬૩)

(શ્રી જેઠાલાલ ભાવસાર વસોવાળાના પ્રસંગમાંથી)

આત્માને શરીરથી જુદો જાણી, ધીમે ધીમે દેહભાવ ઘટાડી, કર્મ મટાડી શકાય

શ્રી જેઠાલાલભાઈનો પ્રસંગ :– લખનાર : ફરીના પ્રસંગે અમીન છોટાભાઈ ચતુરભાઈના બંગલે કૃપાળુશ્રીના સમાગમમાં હું ગયો હતો. તે વખતે મેં પ્રશ્ન કર્યો હતો કે આ જીવ કર્મ સહિત હોવાથી તેને દેહ તે જ હું એવો અભ્યાસ થઈ ગયો. તો તેને કર્મથી જુદો કરવાનો રસ્તો પુરુષાર્થથી થઈ શકે, પણ દેહને એકદમ ઝટકેથી પાડી નાખ્યો હોય તો જલ્દીથી તેનો પાર આવે કે નહીં?

પૂજ્યશ્રી : આ દેહને એકદમ પાડવાથી આત્માની ઘાત થાય છે, મતલબ કે મનુષ્યભવે કરીને અનંતા કર્મો ક્ષય થાય. સમજીને કરવાને બદલે એકદમ કંટાળીને દેહ પાડી નાખવાનો નથી. તેમ થાય તો મહાનીચ ગતિને પાત્ર થાય છે. મનુષ્યભવ તો બહુ જ પુણ્યનો થોક ભેગો થવાથી પ્રાપ્ત



થાય છે. માટે કર્મની નિર્જરા, ધીમે ધીમે દેહને દમવાથી અને ઇન્દ્રિયોને નિયમમાં લાવવાથી થાય છે. -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૭૬)

ઇન્દ્રિય વિષયો ભોગવી છૂટવાની ઇચ્છા રાખવાથી તે વધે પણ ઘટે નહીં

''વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્તવાથી આગળ પર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમકે જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી. માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો ઉત્સુક પરિણામ, વિષય આરાધતાં ઉત્પન્ન થયા વિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્ધમાન થાય.'' (વ.પૃ.૪૬૧)

વિષયો ભોગવવાથી તૃષ્ણા વધે પણ ઘટે નહીં

મધુબિંદુનું દૃષ્ટાંત :– ''કોઈ પુરુષ સાર્થથી ભૂલો પડી મોટા અરણ્યમાં પેઠો. ત્યાં જાણે સાક્ષાત્ યમરાજ હોય તેવા કોઈ હસ્તીએ તેને અવલોકન કર્યો. તે ઉન્મત્ત હાથી તે પુરુષની સામે દોડ્યો. તેના ભયથી દડાની જેમ ઉછળતો ને પડતો તે પુરુષ નાઠો. થોડે જતાં આગળ એક કૂવો જોવામાં આવ્યો. તેથી તેણે વિચાર્યું કે, 'આ હાથી જરૂર મારા પ્રાણ લેશે, તેથી આ કૂવામાં ઝંપાપાત કરવો સારો.' આવું ધારી તે કૂવામાં પડ્યો. તે કૂવાના કાંઠા ઉપર એક વડનું વૃક્ષ ઊગ્યું હતું. તેની વડવાઈઓ કૂવામાં લટકી રહી હતી, તેથી પડતો એવો તે પુરુષ તે વડની વડવાઈ સાથે વચમાં લટકી રહ્યો. તેણે નીચે દૃષ્ટિ નાખીને જોયું તો કૂવાની અંદર જાણે બીજો કૂવો હોય તેવો એક અજગર મુખ ફાડીને જોવામાં આવ્યો. વળી તે કૂવાના ચારે ખૂણામાં ઘમણની જેમ ફૂંફાડા મારતા ચાર સર્પો જોવામાં આવ્યા.

ઉપર નજર કરતાં તેણે આલંબન કરેલા વડની શાખાને છેદવાને માટે કાળા અને ધોળો એવા બે ઉંદર પોતાના કરવતના જેવા દાંતથી પ્રયત્ન કરતા નજરે પડ્યા. તેમજ ઉન્મત્ત ગજેન્દ્ર પણ તેને મારવાને માટે વડની શાખાને સૂંઢવડે વારંવાર હલાવવા લાગ્યો. તેથી તે વૃક્ષની શાખા ઉપર રહેલા એક મધપૂડામાંથી ઉડીને કેટલીક મક્ષિકાઓ પેલા પુરુષને દંશ કરવા લાગી. આ પ્રમાણેની પીડાથી દુઃખી થતા તે પુરુષે કૂવામાંથી નીકળવાને માટે ઊંચુ મુખ કર્યું. તેવામાં પેલા મધપૂડામાંથી મધના બિંદુ ટપકવા લાગ્યા. તે પેલા પુરુષના લલાટ ઉપર પડીને મુખમાં આવ્યા, તેનો સ્વાદ પામીને તે સુખ માનવા લાગ્યો.

તે વખતે કોઈ વિદ્યાધર તેને આપત્તિમાંથી મુક્ત કરવાને માટે વિમાન સહિત ત્યાં આવી કૃપાથી બોલ્યો કે, 'હે મનુષ્ય! ચાલ, આ વિમાનમાં બેસીને સુખી થા.' તેણે કહ્યું કે, 'હે દેવ! ક્ષણવાર રાહ જુઓ, એટલામાં હું આ મધના બિંદુ ચાટી લઉં.' પછી વિદ્યાધરે ફરીવાર પૂછ્યું, તથાપિ તેણે તેવોજ જવાબ આપ્યો. છેવટે વિદ્યાધર કંટાળી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો.

ઉપરના દૃષ્ટાંત વિષે એવો ઉપનય છે કે, જે ઉન્મત્ત હાથી તે મૃત્યુ સમજવું. તે સર્વ જીવોની



પછવાડે ભમ્યા કરે છે. અને જે કૂવો કહ્યો તે સંસાર જાણવો, તે ગમનાગમનરૂપ જળથી ભરેલો છે. જે અજગર તે ભયંકર નરકભૂમિ સમજવી. ચાર ખૂણે જે ચાર સર્પો હતા, તે ક્રોધાદિ ચાર કષાયો જાણવા અથવા ચાર ગતિ જાણવી. જે વડવૃક્ષ તે મનુષ્યનું આયુષ્ય સમજવું. જે કાળો અને ધોળો બે ઉંદર કહ્યા તે મનુષ્યના આયુષ્યને છેદન કરનારા શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ સમજવા. જે માખીઓ તે પુત્ર, પુત્રી જ્વર, અતિસાર, વાયુ વિગેરે વ્યાધિઓ સમજવા. અને જે મધુબિંદુ તે વિષયરાગ સમજવો, કે જે માત્ર ક્ષણવાર સુખાભાસ કરાવનાર છે. જેથી કામરાગ શમતો નથી પણ વિશેષ વર્ધમાન થાય છે. માટે વિષયાદિ પદાર્થને વશ ન થતાં તેને જિતવાથી જ શાશ્વત એવું આત્માનું મોક્ષસુખ મેળવી શકાય છે.'' (ઉ.પ્રા.ભા.ભાગ-૨ના આધારે)

ઇન્દ્રિયના વિષયો તુચ્છ લાગે તો લુબ્ધતા ન થાય

''પ્ર૦—પાંચ ઇન્દ્રિયો શી રીતે વશ થાય?

ઉ૦—વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. જેમ ફૂલ સુકાવાથી તેની સુગંધી થોડી વાર રહી નાશ પામે છે, અને ફૂલ કરમાઈ જાય છે, તેથી કાંઈ સંતોષ થતો નથી, તેમ તુચ્છભાવ આવવાથી ઇંદ્રિયોના વિષયોમાં લુબ્ધતા થતી નથી. પાંચ ઇંદ્રિયોમાં જિહ્વા ઇંદ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇંદ્રિયો સહેજે વશ થાય છે.'' (વ.પૃ.૬૮૮)

શરીરને પુષ્ટ કરવાના ભાવથી, આહાર કરે તો માંસ ખાવા બરાબર

આ વખતે અમને (પ્રભુશ્રીજી આદિ મુનિઓને) ઇન્દ્રિય નિગ્રહ સંબંધી અમાપ બોધ પરમ કૃપાળુદેવે કર્યો હતો. અને કહેવામાં આવ્યું હતું કે જે આહાર માંસને વધારે છે તેવો શરીરને પુષ્ટ કરનારો આહાર તે માંસ ખાવા બરાબર છે. આ બોધની ખુમારી દીર્ઘકાળ સુધી રહી હતી.''

(પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧ (પૃ.૫૯)

અનાદિનો પાંચ ઇન્દ્રિયોના વિષયોનો મોહ અટકાવવો જરૂરી

''જેથી ખરેખર પાપ લાગે છે તે રોકવાનું પોતાના હાથમાં છે, પોતાથી બને તેવું છે તે રોકતો નથી; ને બીજી તિથિ આદિની ને પાપની ભળતી ફિકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શનો મોહ રહ્યો છે. તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે.''

(વ.પૃ.૭૦૭)

ઇન્દ્રિયોને વિષયોમાં છૂટી મૂકવાનો મોહ અટકાવવો

સુભદ્રનું દૃષ્ટાંત :— ''શ્રી રાજગૃહ નગરમાં કોઈ શેઠનો પુત્ર સુભદ્ર નામે હતો. તે જન્મથી જ દરિદ્રીપણું પામેલો હોવાથી નિરંતર ભિક્ષાવૃત્તિથી ઉદર નિર્વાહ કરતો હતો. એકદા તે નગરમાં શ્રી મહાવીરસ્વામી ગુણશીલ વનમાં સમવસર્યા. તે પરમાત્માને વાંદવા માટે રાજા તથા સર્વ પૌરજનો જતા હતા. તે જોઈને તે સુભદ્ર પણ સર્વ જનની સાથે પ્રભુ પાસે ગયો. ત્રણ ભુવનને



તારવામાં સમર્થ અને જેને કોઈની ઉપમા ન આપી શકાય એવી શ્રી જિનેશ્વરની વાણી સાંભળીને આશ્ચર્ય પામેલા સુભદ્રે વિચાર કર્યો કે ''અહો! આજ મેં નિઃસીમ ગુણના નિધિ સમાન કર્મકલંકરહિત એવા પ્રભુને જોયા. આજે મારો જન્મ સફળ થયો.'' પછી સમગ્ર જગતના જીવોનો ઉદ્ધાર કરનાર અને બોધિબીજને આપનાર એવા શ્રી પ્રભુએ તે સુભદ્રને ઉદ્દેશીને ઇંદ્રિયો સંબંધી વ્યાખ્યાન શરૂ કર્યું. તે આ પ્રમાણે-

अवरे उ अणात्थपरंपराओ पावंति पावकम्मवसा ।
संसारसागरगया, गोमाऊ अगसिअ कुम्मुव्व ॥२॥

ભાવાર્થ–''રાગદ્વેષથી રહિત થઈને ઇન્દ્રિયના વિષયોને રોકનારા પ્રાણીઓ મૃદંગ દ્રહના સુખને પામનારા કાચબાની જેમ નિવૃત્તિ સુખને પામે છે અને બીજા સંસારસાગરમાં પડેલા પ્રાણીઓ પાપકર્મના વશથી શિયાળે ગ્રસિત કરેલા કાચબાની જેમ અનર્થ પરંપરાને પામે છે.'' તે આ પ્રમાણે-

ઇન્દ્રિયોને વશમાં રાખનાર સુખી થાય અને છૂટી મૂકનાર માર્યો જાય

બે કાચબાનું દૃષ્ટાંત :– વારાણસી પુરીને વિષે ગંગાનદીને કાંઠે મૃદંગ નામના તળાવમાં ગુપ્તેંદ્રિય અને અગુપ્તેંદ્રિય નામના બે કાચબાઓ રહેતા હતા. તે બન્ને સ્થલચારી કીડાઓનું માંસ ખાવામાં પ્રીતિવાળા હતા. તેથી એકદા તેઓ દ્રહની બહાર નીકળ્યા હતા, તેવામાં બે શિયાળીયાએ તેમને જોયા. તે કાચબાઓ પણ શિયાળને જોઈને ભય પામ્યા, તેથી તેમણે પોતાના ચારે પગ તથા ગ્રીવાને સંકોચીને પોતાની ઢાલમાં ગોપવી દીધા, અને કાંઈ પણ ચેષ્ટા કર્યા વિના જાણે મરી ગયેલા હોય તેમ પડ્યા રહ્યા.

બન્ને શિયાળે પાસે આવીને તે કાચબાઓને વારંવાર ઉંચા ઉપાડીને પછાડ્યા, ગુલાંટો ખવરાવી તથા ઘણા પાદપ્રહાર કર્યા, પરંતુ તે કાચબાને કાંઈ પણ ઈજા થઈ નહીં. પછી થાકી ગયેલા તે બન્ને શિયાળ થોડે દૂર જઈને સંતાઈ રહ્યા એટલે પેલા અગુપ્તેંદ્રિય કાચબાએ ચપળતાને લીધે એક પછી એક એમ ચારે પગ તથા ગ્રીવાને બહાર કાઢી. તે જોઈ બન્ને શિયાળે તત્કાળ દોડી આવીને તેની ડોક પકડીને મારી નાખ્યો.



બીજો ગુપ્તેંદ્રિય કાચબો



તો અચપળ હોવાથી ચિરકાળ સુધી તેમનો તેમ પડ્યો રહ્યો. પછી ઘણીવાર સુધી રોકાઈને થાકી ગયેલા તે શિયાળ જ્યારે ત્યાંથી જતા રહ્યા, ત્યારે તે કાચબો ચોતરફ જોતો જોતો કૂદીને જલ્દીથી દ્રહમાં જતો રહ્યો, તેથી તે સુખી થયો.

એમ પાંચે અંગોને ગોપવનાર કાચબાની જેમ પાંચે ઇંદ્રિયોને ગોપવનાર પ્રાણી સુખી થાય છે અને ઇન્દ્રિયોને છૂટી મૂકનાર પ્રાણી બીજા કાચબાની જેમ માર્યો જાય છે. તેથી જેમ બને તેમ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં થતા મોહને અટકાવવામાં જ જીવનું કલ્યાણ છે.'' (ઉ.પ્રા.ભાષાંતર ભાગ-૫ પૃ.૯૫)

'દેહેન્દ્રિય માને નહીં'.....


'બોધામૃત ભાગ-૧,૨,૩' માંથી –

ઇન્દ્રિય જય થાય તો જ્ઞાનીનું કહેલું સમજાય

''સત્સંગમાં વિઘ્ન કરનાર પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. પૂર્વે ઘણીવાર સત્સંગ મળ્યા છતાં, પાંચ ઇન્દ્રિયના વિષયોમાં વૃત્તિ રહેવાથી નિષ્ફળ થયા છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી પાછો ખસે તો જ્ઞાનીનું કહેલું સમજાય. એ પહેલું પગથિયું છે.'' (બો.૧ પૃ.૧૮૧)

મન ઉપર ચોકી રાખે તો ઇન્દ્રિયો અને મન વશ થાય

ત્રણ દુકાનનું દૃષ્ટાંત :– ''મન વચન ને કાયા એ ત્રણે યોગથી સત્પુરુષની આજ્ઞામાં વર્તવું જોઈએ. જેમ એક શેઠને ત્રણ દુકાન છે. (૧) કાપડની (૨) સોના ચાંદીની અને (૩) ઝવેરાતની. જો કાપડ ની દુકાનમાં ખોટ આવે તો સોના - ચાંદી ની દુકાનમાં નફો આવે તેનાથી પૂરી શકાય અને સોના ચાંદીની દુકાનમાં ખોટ આવે તો ઝવેરાતની દુકાનના નફામાંથી પૂરી શકાય. પણ ઝવેરાત ની દુકાન માં ખોટ જાય તો સોના - ચાંદીની દુકાનમાંથી પૂરી શકાય નહીં અને સોના





ચાંદીની દુકાનમાં નુકસાન આવે તો કાપડના વેપારથી પૂરી શકાય નહીં.

તેવી રીતે શરીરથી કોઈને હાનિ કરી હોય તેની અસર સારાં વચનથી ટાળી શકાય. વચન ખરાબ બોલાઈ ગયું હોય તો પશ્ચાતાપ વગેરેના ભાવ કરવાથી તેની અસર ન રહે, પરંતુ મનના ભાવ અંદરમાં ખોટા થતા હોય તેની અસર વચનથી-મોઢે સારું બોલવાથી ટળે નહીં; તેમ વચન ખોટું બોલાયું હોય પછી શરીરથી કામ કરી આપે વગેરે મહેનત કરે પણ તેથી કંઈ વળે નહીં.

આ રીતે પ્રથમ મન એટલે ભાવ સુધારવાની જરૂર છે. તેથી મનની વૃત્તિઓ સત્પુરુષની આજ્ઞામાં જોડેલી રાખે. સમકિતીને વૃત્તિરૂપી દોરી તેના હાથમાં હોય છે, બીજામાં મન જતું રોકીને સ્મરણમાં, ધ્યાનમાં, સ્વાધ્યાયમાં પ્રવર્તાવે. વચનને પણ સ્વાધ્યાયમાં, સ્મરણમાં, વિનયયુક્ત બોલવામાં આજ્ઞાપૂર્વક પ્રવર્તાવે દેહને પણ સદ્‌ગુરુની ભક્તિ, સેવા, આસનની સ્થિરતા વગેરેમાં આત્માર્થે જ પ્રવર્તાવે.'' -નિત્યનિયમાદિ પાઠ (પૃ.૧૪૬)

એમ ઇન્દ્રિયો અને મન વશ થાય તો જ્ઞાનીનું કહેલું સમજાય.

પાંચ ઇન્દ્રિયો તે જન્મમરણ કરાવનારાં કર્મબંધ પાડવામાં આગેવાન

''આપણે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જ હજી ડૂબી રહ્યા છીએ અને જે ઇંદ્રિયોને જીતીને આત્માનો બોજો હલકો કરવો છે તે ઇંદ્રિયોના તો આપણે ગુલામ જેવા બની ગયા છીએ. ખરી રીતે એ પાંચ ઇંદ્રિયો તે જન્મમરણ કરાવનારાં કર્મબંધ પાડવામાં આગેવાન છે તેથી મહાપુરુષોએ તેમને વિષધર સાપની ઉપમા આપી છે. ઘરમાં સાપ હોય ત્યાં સુધી ઘરધણી નિશ્ચિંતે ઊંઘતો નથી, તેને મરણનો ડર રહ્યા કરે છે; તો આ તો પાંચે સાપને સોડમાં રાખીને આપણે સુખી થવા ઇચ્છીએ છીએ તે કેમ બને? જ્યાં સુધી ઇંદ્રિયો વશ ન થાય ત્યાં સુધી સુખે સૂવા યોગ્ય નથી. તેમાં પ્રથમ જીભ જીતવા યોગ્ય છે.'' (બો.૩ પૃ.૪૪)

(શ્રી શંકરભાઈ અજુભાઈ કાવિઠાના પ્રસંગમાંથી)

પાંચ ઇન્દ્રિયો, ચાર કષાય અને મિથ્યાત્વરૂપી દ્વારો બંધ કરે તો આત્મા પ્રાપ્ત થાય

શ્રી શંકરભાઈનો પ્રસંગ :– ''એક વખતે મહીજી ભંગીયાએ સાહેબજીને પૂછ્યું હતું કે મહારાજ, દશ ઇન્દ્રિયો શી રીતે વશ થઈ શકે? (વેદાંતના શાસ્ત્રોમાં દશ ઇન્દ્રિયો કહી છે તે રીતિએ દશ ઇન્દ્રિયો વશ કરવા સંબંધી મહીજી ભંગીયાએ સાહેબજી પ્રત્યે પ્રશ્ન પૂછેલ છે.) ત્યારે સાહેબજીએ તે ભંગીયાને જણાવ્યું કે એક શેઠ હતા. તેમની પાસે પારસમણિ હતો. તે પારસમણિનું રક્ષણ કરવાર્થે શેઠ પોતાની પાસે જ રાખતા હતા. એક દિવસને વિષે શેઠ તળાવે ન્હાવા ગયા હતા ત્યારે પોતાની પાસે રાખેલો પારસમણિ તેણે આંટીમાં ખોસી રાખ્યો. પછી શેઠ નાહી રહ્યા બાદ ધોતીયું બદલી બહાર આવ્યા. હવે પારસમણિ આંટીમાં ખોસી રાખેલો તે વિસ્મરણ થઈ જવાથી ધોતીયું બદલતી વખતે નીકળી પડ્યો અને તળાવમાં પડી ગયો.

બહાર આવ્યા બાદ તે પારસમણિની સ્મૃતિ આવી. હવે તે પારસમણિની શી રીતે શોધ



કરવી તેનો વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં એવો વિચાર થયો કે તળાવમાંથી સઘળું પાણી ખાલી કરી નાખવું અને ખાલી થયેથી તે પારસમણિની શોધ થઈ શકશે. તેવા વિચારથી ખાલી કરાવવાર્થે મજૂરોને કામે વળગાડ્યા. લગભગ અડધો ભાગ ખાલી થઈ ગયો અને ચોમાસાનો વખત આવ્યો અને વરસાદથી પાછું તળાવ ભરાઈ ગયું. ચોમાસું વીત્યા બાદ ખાલી કરાવવાનું કામ ફરી શરૂ કર્યું. કેટલોક ભાગ ખાલી થઈ ગયો અને વળી ચોમાસાનો વખત આવી પહોંચ્યો. જેથી ચોમાસાના વરસાદથી તળાવ ભરાઈ ગયું. આ પ્રમાણે દરેક વખતે તમામ શ્રમ નિષ્ફળ નીવડતો હતો.



એક દિવસને વિષે એક ડાહ્યો પુરુષ તે તળાવના રસ્તા પર થઈ પસાર થતો હતો. તે વખતે તળાવનું પાણી ખાલી કરવાનું કામ ચાલતું હતું. તે જોવા અર્થે તે પુરુષ સહજ થોભ્યો. તે પુરુષને વિચાર થયો કે પાણી ખાલી કરવાનું શું પ્રયોજન હશે? આ વિચારથી તે પુરુષે તળાવમાં કામ કરનાર માણસોને સહજ પૂછ્યું કે ભાઈ, આ તળાવનું પાણી ખાલી કરવા માંડ્યું છે તે શું કારણથી? ત્યારે તેઓએ જણાવ્યું કે અમારા શેઠનો પારસમણિ આ તળાવમાં ખોવાયો છે, તેની શોધ કરવાર્થે ખાલી કરવામાં આવે છે. ઘણા વર્ષોથી ખાલી કરવાનો પ્રયાસ ચાલે છે, પણ કેટલોક ભાગ ખાલી થયો હોય છે ને વળી ચોમાસાના વરસાદથી તળાવ પાછું ભરાઈ જાય છે. જેથી અત્યાર સુધીનો તમામ શ્રમ નિષ્ફળ નીવડ્યો છે.

ત્યારે તે પુરુષે જણાવ્યું કે તમો આ પ્રમાણે કામ કર્યા કરશો તો તે હજુ પણ નિષ્ફળ જ નીવડશે. ત્યારે તેઓએ પૂછ્યું કે કેમ? ત્યારે તે પુરુષે જણાવ્યું કે આ તળાવમાં પાણી આવવાના દશ દ્વાર છે, તે દ્વારો પ્રથમ બંધ કરવા કે જેથી આ તળાવમાં નવું પાણી પ્રવેશ કરી શકે નહીં.



(ભંગીયાએ દશ ઇન્દ્રિયો વશ કરવાનો પ્રશ્ન પૂછેલ છે જેથી દશ ઇન્દ્રિયોરૂપી તળાવના દશ દ્વારો પ્રથમ બંધ કરવા સાહેબજીએ જણાવ્યું.) અને ત્યારબાદ તળાવમાં રહેલું પાણી ખાલી કરવાનું કામ યોજવામાં આવે તો તે કાર્ય થોડા જ વખતમાં સફળ નીવડી શકે. આ પ્રમાણેની તે પુરુષે યોગ્ય સલાહ આપી જેથી તે પુરુષના કહેવા પ્રમાણે કામ શરૂ કર્યું. થોડા જ વખતમાં તે તળાવ તદ્દન ખાલી થઈ ગયું અને તેમાંથી શોધ કરીને પારસમણિ મેળવી લીધો. આ પ્રમાણેનું દૃષ્ટાંત આપી દશ ઇન્દ્રિયો શી રીતે વશ થઈ શકે તેનો આ દૃષ્ટાંત પ્રમાણે વિસ્તારથી ખુલાસો કર્યો હતો.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૨૫૩)

તેમ કર્મ આવવાના દશ દ્વાર તે પાંચ ઇન્દ્રિયો, ચાર કષાય અને મિથ્યાત્વને જે રોકે તે પોતાના શરીરરૂપી તળાવમાંથી પારસમણિ જેવો આત્મા અવશ્ય પ્રાપ્ત કરે.

અનંતકાળથી જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયોનો ભિખારી

''અનંતકાળથી જીવ ભિખારીની પેઠે ફર્યા કરે છે. મને જોવા, ચાખવા, દેખવાનું મળે એમ ભિખારીની પેઠે ફરે છે. જેમનાથી અનાદિકાળનું જીવનું ભિખારીપણું જતું રહે તો એ જ આપણા તરણતારણ છે. ઇચ્છા એ જ ભીખ છે. જે માગે તે ભિખારી છે. લાખ રૂપિયા હોય અને બે લાખ કરવા હોય તો એ ભિખારીપણું જ છે.'' - બો.૨ (પૃ.૯૧)

''જેનાથી અનાદિનું ભિખારીપણું મટી જાય તે તરણતારણ છે. જેની ઇચ્છાઓ છૂટી ગઈ છે તેનાથી જ ઇચ્છા છૂટે છે.'' -બો.૨ (પૃ.૯૧)

પરમકૃપાળુદેવની બધી ઇચ્છાઓ છૂટી ગયેલી હોવાથી મુનિઓને ઉપદેશમાં જણાવે છે :–

પરમકૃપાળુદેવે મુનિઓને કહ્યું કે હે મુનિઓ આ દેહને તમારો માનશો નહીં

''અપૂર્વ કૃપા કરી કહ્યું કે હે મુનિઓ આ દેહને તમારો માનશો નહીં. જેમ પંથી ચાલતાં કોઈ વૃક્ષ તળે બેસે પછી તે સ્થળને ત્યજીને ચાલ્યો જાય તેમ આ દેહ મૂકીને ચાલ્યા જવાનું છે. આ પ્રકારે દૃષ્ટાંત દઈ દેહાધ્યાસથી મુક્ત કરાવવા વિશેષ બોધ કર્યો હતો. તેનો સંક્ષેપ હૃદયમાં એવો રહ્યો કે આ દેહને હવે આપણો પોતાનો માનવો નહીં. પરમગુરુએ કરેલી એ આજ્ઞા આપણા હૃદયમાં સ્થિર રહો.'' - પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧ (પૃ.૫૪)

'કરે બાહ્ય પર રાગ'.....

આ ઇન્દ્રિયો બાહ્ય જગતના મોહક પદાર્થોમાં, ધનકુટુંબાદિમાં રાગ કરાવી જીવને બંધન કરાવે છે. છતાં જીવને કાંઈ ભાન આવતું નથી.


'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

આખું જગત બાહ્ય પદાર્થો પર રાગ કરવામાં તલ્લીન

''સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ? આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી, અને કંઈ પણ તેમ થયા કરે છે તેનો ઉપાય કંઈ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે.'' (વ.પૃ.૪૮૪)



સંભવનાથ પ્રભુનો ઉપદેશ સાંભળી બાહ્ય કુટુંબાદિ પરના રાગને ત્યજ્યો સુભાનુકુમારનું દૃષ્ટાંત – ''આ ભરતક્ષેત્રને વિષે મગધ દેશમાં સુવપ્રા નામે પુરી છે, તેમાં અરિદમન નામે રાજા હતો. તેને ધારિણી નામે પટ્ટરાણી હતી. તેને દેવસમાન કાંતિવાળો સુભાનુ નામે કુમાર થયો હતો. તે કુમાર યુવાવસ્થા પામ્યો ત્યારે તેને તેના પિતાએ રૂપ, લાવણ્ય અને કળાવાળી એકસો કન્યાઓ પરણાવી. તે સ્ત્રીઓની સાથે વિષયસુખ ભોગવતો સુભાનુકુમાર સુખે સુખે દિવસો નિર્ગમન કરતો હતો. એકદા શ્રી સંભવનાથ સ્વામી તે નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. તે વૃત્તાંત વનપાળે આવીને સુભાનુકુમારને કહ્યો કે 'અનેક કેવળી, અનેક વિપુલમતિ, અનેક ઋજુમતિ અનેક અવધિજ્ઞાની, અનેક પૂર્વધર, અનેક આચાર્ય, અનેક ઉપાધ્યાય, અનેક તપસ્વી, અનેક નવદીક્ષિત મુનિઓ તથા અનેક દેવદેવીઓથી પરિવરેલા સર્વજ્ઞ, સર્વદર્શી અને આકાશમાં જેમની આગળ ધર્મચક્ર ચાલે છે એવા શ્રી સંભવનાથ સ્વામી આપણા ઉદ્યાનમાં સમવસર્યા છે.' તે સાંભળી સુભાનુકુમાર પોતાની સોએ સ્ત્રીઓ સહિત મોટી સમૃદ્ધિથી વાંદવા નીકળ્યો; અને સમવસરણમાં રહેલા પ્રભુને વંદના કરીને વિનયપૂર્વક



યોગ્યસ્થાને બેઠો. તે વખતે સ્વામીએ દેશનાનો આરંભ કર્યો કે - ''સર્વ ધર્મને વિષે મુખ્ય હેતુ પરભાવનો ત્યાગ કરવો તેજ છે.''

ઇત્યાદિ અનેક યુક્તિવાળા ઉપદેશને સાંભળીને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમવડે



સર્વવિરતિ ગ્રહણ કરવાની જેની બુદ્ધિ થઈ છે એવો સુભાનુકુમાર પ્રભુના ચરણકમળમાં વંદના કરીને બોલ્યો કે ''શરણરહિત પ્રાણીઓને શરણ આપવામાં સાર્થવાહ સમાન, અને ભવસમુદ્રથી તારનાર એવા હે પ્રભુ! હે સ્વામી! મને સર્વવિરતિ સામાયિકનો ઉપદેશ કરો કે જેથી વિષય કષાયાદિકનો ત્યાગ વૃદ્ધિ પામે.'' તે સાંભળીને ભગવાને તેને સામાયિક ચારિત્ર આપ્યું. તેણે મહાવ્રત ગ્રહણ પૂર્વક સાધુપણું અંગીકાર કર્યું.




તેજ વખતે તેનું આયુષ્ય પૂર્ણ થવાથી તે કુમાર મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. તેવામાં તે કુમારનો પિતા પરિવાર સહિત પ્રભુને વાંદવા આવ્યો. ત્યાં પોતાના પુત્રને મરેલો જોઈને તેને અતિ ખેદ થયો. તેની માતા પણ પુત્રવિયોગથી વિલાપ કરતી રુદન કરવા લાગી.

તે વખતે સુભાનુકુમારનો જીવ તત્કાળ દેવપણું પામીને પ્રભુની પાસે આવ્યો. ત્યાં પોતાના માતાપિતાને વિલાપ કરતા જોઈને તે દેવે તેમને કહ્યું કે 'તમને એવું શું દુઃખ પડ્યું છે કે પરમ સુખદાયક એવા શ્રી જિનેશ્વરના ચરણકમળને પામીને પણ તમે રુદન કરો છો?' તે સાંભળીને રાજા તથા રાણી બોલ્યા કે ''અમારો અત્યંત પ્રિય પુત્ર મૃત્યુ પામ્યો, તેનો અમારે વિયોગ થયો, તે દુઃખ અમારાથી સહન થતું નથી.'' દેવ બોલ્યો કે ''હે રાજા! તે પુત્રનું શરીર તમને પ્રિય છે કે તેનો જીવ પ્રિય છે? જો તેનો જીવ પ્રિય હોય તો તે હું છું. માટે મારા ઉપર પ્રીતિ કરો, અને જો તેનું શરીર પ્રિય હોય તો આ તેના પડેલા શરીર ઉપર પ્રીતિ કરો. હે માતા! તમે કેમ વારંવાર



વિલાપ કરો છો? તમારો પુત્ર કયે ઠેકાણે-શરીરમાં કે જીવમાં ક્યાં રહેલો છે? તેનું શરીર અને જીવ એ બન્ને તમારી પાસે જ છે, માટે રુદન કરવું યુક્ત નથી.'' તે સાંભળીને રાજા બોલ્યો કે ''તારે વિષે અથવા આ પડેલા શરીરને વિષે એકે ઉપર અમને પ્રીતિ થતી નથી.'' દેવ બોલ્યો કે ''ત્યારે તો સ્વાર્થ જ સર્વ પ્રાણીને ઇષ્ટ છે, અને પરમાર્થ કોઈને ઇષ્ટ નથી એવું થયું.



આ જગતના સર્વ પદાર્થ અનિત્ય છે, અસત્ય એવો સર્વ સંબંધ અવાસ્તવિક છે. તેમાં તમે કેમ મોહ પામો છો? સર્વ લૌકિક સંબંધ ભ્રાંતિરૂપ જ છે, સાચો નથી. હે માતાપિતા! વિરતિરહિત સંસારી પ્રાણીઓનો સંબંધ અનાદિ કાળથી હોય છે; પણ તે અધ્રુવ છે, માટે હવે શાશ્વત રહેનારા અને શુદ્ધ એવા શીલ, શમ, દમાદિ બંધુઓનો સંબંધ કરવા યોગ્ય છે. મારો ને તમારો સંબંધ પણ અનાદિ છે; પરંતુ તે અનિત્ય હોવાથી હવે હું નિત્ય એવા શમદમાદિ બંધુઓ સાથે સંબંધ જોડવા ઇચ્છું છું—તેનો આશ્રય કરું છું. એક સમતા રૂપી કાંતાને જ હું અંગીકાર કરું છું, અને સમાન ક્રિયાવાળી જ્ઞાતિને હું આદરું છું. બીજા સર્વ બાહ્ય વર્ગનો - બાહ્ય કુટુંબનો ત્યાગ કરીને હું ધર્મસંન્યાસી થયો છું. ઉદયિક સંપદાઓનો ત્યાગ કરવાથી જ ક્ષયોપશમિક સ્વસંપદા પ્રાપ્ત થાય



છે, અને ત્યાર પછી ક્ષાયિક ભાવની રત્નત્રયરૂપ સંપદા પ્રાપ્ત થાય છે.'' ઇત્યાદિ દેવના કરેલા ઉપદેશથી રાજા પોતાના સમગ્ર કુટુંબ સહિત પ્રતિબોધ પામ્યો; એટલે તેમણે શ્રીમાન્ સંભવનાથ સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી અને મહાનંદપદની સાધનામાં પ્રવર્ત્યા. અનુક્રમે મહાનંદપદ પ્રાપ્ત કર્યું.''

-ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫ (પૃ.૧૦૩)

'કરે બાહ્ય પર રાગ'.....

'બોધામૃત ભાગ-૧'માંથી :–

પુણ્યથી પૈસા મળે પણ ધન વધે તેમ પાપ જ વધે છે

''પુણ્યને લઈને પૈસા મળી આવે, પણ એને સારા માનવા નથી. પાપને પાપ જ જાણવું છે. અઢાર પાપસ્થાનકમાં પરિગ્રહને પાપ કહ્યું છે. માન્યતા સાચી ન થાય ત્યાં સુધી મોક્ષ થાય નહીં. ધન વધે તેમ પાપ જ વધે છે, એમ જાણવું. લક્ષ્મી બધી ક્ષણિક છે. ''લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો!'' અહીંથી આયુષ્ય પૂર્ણ થાય ત્યારે શું સાથે આવે? પાપ આવે.''

-બો.૧ (પૃ.૫૯૦)

પૈસા પરથી રુચિ ઘટે તો સત્પુરુષોનાં વચનો વાંચવાનો વખત મળે

''માટે કૃપાળુદેવનું શરણું લેવું..... પૈસા પરથી રુચિ ઓછી થાય તો સત્શાસ્ત્રમાં રુચિ થાય. સત્પુરુષોનાં વચનો વાંચવા, વિચારવાં, શ્રદ્ધવાં. શ્રદ્ધવામાં કંઈ પૈસા બેસતા નથી. ગમે તેવી કમાણી થતી હોય પણ આપણે જે વાંચવાનો નિયમ રાખ્યો હોય તે ન છોડવો. પુણ્યના ઉદયને લીધે બધું દેખાય છે. પાપ આવે ત્યારે બધું પકડી રાખે તોય ન રહે, જતું રહે. કર્મ છે એમ બોલે છે પણ તેવી શ્રદ્ધા જીવને નથી. હું કરું છું એમ થાય છે. ધનને સારું માને છે. તેથી એનાં વખાણ કરે છે. બીજાને લૂંટી લાવી એકઠું કર્યું હોય તે બધું જતું રહેવાનું છે. ચક્રવર્તીઓને ત્યાં પણ રહ્યું નથી. થોડા વખતમાં બધું જતું રહેવાનું છે. ભવરોગ વધે એવું કરે છે. અનીતિ વગેરે કરી પાપ વધારે છે. અનીતિ કરી પૈસા એકઠા કરે છે તેથી પાપ કરી નરકમાં જાય છે. એ ઊલટો રસ્તો છે, દુઃખી થવાનો રસ્તો છે, સીધો રસ્તો નથી.'' - બો.૧ (પૃ.૫૯૦)

''તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિં.'' ૧૧

અર્થ :– ''તારા પર પ્રેમ આવ્યો હોય તો વિરહનો પરિતાપ થાય અને વિયોગ સ્ફુરે. પણ આવો ખેદ મને થતો નથી. અથવા તારો વિયોગ પણ મનમાં સ્ફુરતો નથી. વચનનો અને નયનનો સંયમ પણ ધર્યો નથી. અનભક્ત એટલે જે ભક્ત ન હોય એવાથી ઉદાસભાવ તેમજ ગૃહાદિક કાર્યોમાં પણ ઉદાસ ભાવ થતો નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૭)



'તુજ વિયોગ સ્ફુરતો નથી'.....

હે પ્રભુ! મારો પ્રેમ દેહ અને ઇન્દ્રિયો પ્રત્યે હોવાથી મને આપના ગુણો પ્રત્યે પ્રેમ આવ્યો નહીં અને તેથી આપનો વિયોગ પણ મને સ્ફુરાયમાન થતો નથી.

પૂ.શ્રી અંબાલાલભાઈના હૃદયમાં પરમકૃપાળુદેવના વિયોગથી પ્રગટેલ અસહ્ય વિરહવેદના

"વિશાળ અરણ્યને વિષે અતિ સુંદર અને શાંતિ આપનારું એવું એક જ વૃક્ષ હોય, તે વૃક્ષમાં નિઃશંકતાથી, શાંતપણે, કોમળપણે સુખાનંદમાં પક્ષીગણ મલકતાં હોય, તે વૃક્ષ એકાએક દાવાગ્નિથી પ્રજ્વલિત થયું હોય તે વખતે તે વૃક્ષથી આનંદ પામનારાં એવાં પક્ષીઓને કેટલું દુઃખ પ્રાપ્ત થાય? કે જેને ક્ષણ એક પણ શાંતિ ન હોય! અહાહા! તે વખતના દુઃખનું મોટા કવીશ્વરો પણ વર્ણન કરવાને અસમર્થ છે; તેવું જ અપાર દુઃખ અઘોર અટવીને વિષે આ પામર જીવોને આપી હે પ્રભુ! તમે ક્યાં ગયા?

હે ભારતભૂમિ! શું આવા, દેહ છતાં વિદેહપણે વિચરતા પ્રભુનો ભાર તારાથી વહન ન થયો? જો તેમ જ હોય તો આ પામરનો જ ભાર તારે હળવો કરવો હતો; કે નાહક તેં તારી પૃથ્વી ઉપર બોજારૂપ કરી રાખ્યા.....

હે પ્રભુ! તમારા વિના અમે કોની પાસે ફરિયાદ કરીશું? તમે જ જ્યારે નિર્દયતા વાપરી ત્યાં હવે બીજો દયાળુ થાય જ કોણ? હે પ્રભુ! તમારી પરમ કૃપા, અનંત દયા, કરુણામય હૃદય, કોમળ વાણી, ચિત્તહરણશક્તિ, વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રનું સંપૂર્ણ ઉજમાળપણું, પરમાર્થલીલા, અપાર શાંતિ, નિષ્કારણ કરુણા, નિઃસ્વાર્થી બોધ, સત્સંગની અપૂર્વતા, એ આદિ ઉત્તમોત્તમ ગુણોનું હું શું સ્મરણ કરું? વિદ્વાન કવિઓ અને રાજેંદ્ર દેવો આપનાં ગુણ સ્તવન કરવાને અસમર્થ છે તો આ કલમમાં અલ્પ પણ સમર્થતા ક્યાંથી આવે? આપના પરમોત્કૃષ્ટ ગુણોનું સ્મરણ થવાથી મારા શુદ્ધ અંતઃકરણથી ત્રિકરણયોગે હું આપના પવિત્ર ચરણારવિંદમાં અભિવંદન કરું છું. આપનું યોગબળ આપે પ્રકાશિત કરેલા વચનો અને આપેલું બોધબીજ મારું રક્ષણ કરો એ જ સદૈવ ઇચ્છું છું. આપે સદૈવને માટે વિયોગની આ સ્મરણમાળા આપી તે હવે હું વિસ્મૃત નહીં કરું. ખેદ, ખેદ અને ખેદ; એ વિના બીજું કંઈ સૂઝતું નથી. રાત્રિ-દિવસ રડી રડીને કાઢું છું; કાંઈ સુઝ પડતી નથી." (જી.પૃ.૨૭૦)

'તુજ વિયોગ સ્ફુરતો નથી'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

વીતરાગતા વિશેષ હોવાથી ભક્તિ સત્સંગનો વિરહ વિશેષ વેદાય છે

"વિરહની વેદના અમને વધારે રહે છે, કારણ કે વીતરાગતા વિશેષ છે; અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે. પણ હરિઇચ્છાને અનુસરી પ્રસંગોપાત્ત વિરહમાં રહેવું પડે છે; જે ઇચ્છા સુખદાયક



માનીએ છીએ, એમ નથી. ભક્તિ અને સત્સંગમાં વિરહ રાખવાની ઇચ્છા સુખદાયક માનવામાં અમારો વિચાર નથી રહેતો.'' (વ.પૃ.૩૦૫)

પરમકૃપાળુદેવના દેહાંતનો પ.પૂ.પ્રભુશ્રીજીને ઘણો જ આઘાત લાગ્યો

''શ્રીમદ્‌ના દેહાંતના સમાચાર કાવિઠા આવ્યા તે વખતે શ્રી લલ્લુજી મહારાજ વગેરે કાવિઠામાં હતા. આગલે દિવસે તેમને ઉપવાસ હતો અને એકાંત જંગલમાં તેમને રહેવાનો અભ્યાસ હતો. તે પારણા વખતે ગામમાં આવ્યા ત્યારે મુમુક્ષુઓ અંદર અંદર વાતો કરતા હતા; તે વિષે તેમણે તપાસ કરતાં શ્રીમદ્‌ના દેહાંતના સમાચાર મળ્યા કે તુરત પાછા જંગલમાં ચાલી નીકળ્યા અને આહારપાણી કંઈ પણ વાપર્યા વિના એકાંત જંગલમાં જ તે વિયોગની વેળા વિતાવી. તેમને ઘણો જ આઘાત લાગ્યો હતો..... જેને આત્મદાનનો લાભ મળ્યો છે તેને તે ઉપકાર સમજાયાથી સદ્‌ગુરુનો વિયોગ અસહ્ય થઈ પડે છે.'' (જી.પૃ.૨૬૯,૨૭૦)

''અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમજ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૮૪)

પ.પૂ.પ્રભુશ્રીજીના દેહાંતનો પૂ.શ્રી બ્રહ્મચારીજીને ઘણો વિરહ સાલ્યો

પ.પૂ.પ્રભુશ્રીજીના દેહત્યાગનો પૂ.શ્રી બ્રહ્મચારીજીને પણ ઘણા મહિના સુધી વિરહ સાલ્યો હતો. તેના વિષે એક કાવ્યમાં તેઓશ્રી લખે છે :–

''જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આપની પ્રભુ આપની ઉપકારી પ્રભુજી આપની,
જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.''

'વચન નયન યમ નાહીં'.....

વચન અને નયન એટલે આંખનો મેં સંયમ કર્યો નહીં. વચન એટલે વાણીને સવળી કરીને, તારા ગુણગાનમાં કે મંત્ર સ્મરણમાં કે મૌનવ્રત ધારણ કરવામાં રોકી નહીં. અને નયનને તારા દર્શન કરવામાં કે સત્શાસ્ત્ર વાંચનમાં રોકીને સવળા કર્યા નહીં.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧'માંથી :–

ભગવાનના ગુણગ્રામથી જીભ પવિત્ર

''સત્પુરુષોના ગુણગ્રામે જે રસના પાવન કરતા રે,
તે જન કુવિદ્યા-રસ તજીને સહજે ભવજળ તરતા રે. વંદું૦

અર્થ :– હવે વચનયોગને પ્રશસ્ત કરવા વિષેનો ઉપાય જણાવે છે :–

સત્પુરુષોના ગુણગ્રામ કરીને જે પોતાની રસના એટલે જીભને પાવન કરે છે, તે ભવ્યાત્મા કુવિદ્યા એટલે મિથ્યાત્વના રસને મુકી દઈ સહજે સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

-પ્ર.ભા.૧(પૃ.૫૩૭)



''પૂજવાયોગ્ય, સ્તુતિ કરવાયોગ્ય, નમસ્કાર કરવાયોગ્ય કોણ છે? તે કહે છે. જે વસ્તુ આપણે જોઈએ છે તે વસ્તુ જેનામાં હોય તેને નમસ્કાર કરવાના હોય છે. ભગવાન એવા છે. કીર્તન કરવાયોગ્ય છે. વાતો કરવી તોય એમના ગુણોની કરવી, એ ગુણગ્રામ છે.'' -બો.૨ (પૃ.૧૦૩) ॥૨૧॥

સત્ય પ્રમાણિક વચન વદે જે સત્શ્રુતને આધારે રે,
વિશ્વ તણા વ્યાપાર વિષે નહિ વ્યર્થ વચન ઉચ્ચારે રે. વંદું૦

અર્થ :– જે સત્શ્રુત એટલે સત્શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે કરુણામય સત્ય પ્રામાણિક વચન બોલે છે; તે વિશ્વમાં અનેક પ્રકારની વ્યાપાર કે વ્યવહાર આદિની ક્રિયા કરતાં પણ અપ્રયોજનભૂત એવા વ્યર્થ વચનને ઉચ્ચારતા નથી.'' -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૫૩૭)

''પૂજ્યશ્રી–સત્ય બોલવાની ટેવ પાડવી. સત્ય બોલવું હોય તેણે કામ સિવાય બોલ બોલ કરવું નહીં, મૌન સેવવું. જેણે સત્ય બોલવું હોય તેણે (ચારેય પ્રકારની) વિકથાનો ત્યાગ કરવો અથવા તેવી વાતોમાં અનુમોદન આપવું નહીં. તેમ કરવાથી જૂઠું બોલવાનો પ્રસંગ આવે છે.'' -બો.૧ (પૃ.૧૩) ॥૨૨॥

''ભલું થયું મેં પ્રભુગુણ ગાયા વા૦ રસનાનો ફલ લીધો રે;
દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે.
ભવિક જન હરખોરે, નીરખી શાંતિ જિણંદ. ભવિક૦૮

સંક્ષેપાર્થ :– હે પ્રભુ! ભલું થયું કે આજે મેં આપના ગુણોનું કીર્તન કર્યું. તેથી હું આ રસના એટલે જીભ મળ્યાનું ફળ પામ્યો, અર્થાત્ જીભ પણ આજે આપના ગુણગાન કરીને કૃતાર્થ થઈ. શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે આજે મારા મનના સકલ કહેતા સર્વ મનોરથો સિદ્ધ થયા.'' ॥૮॥ -ચૈત્યવંદન ચોવીશી (અર્થ સહિત) ભાગ-૧ (પૃ.૨૦૮)

ભગવાનના દર્શન કરવાથી નેત્ર પવિત્ર થાય

''જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે, તેહિજ નયન પ્રધાન; જિ૦
જિનચરણે જે નામીએ, મસ્તક તેહ પ્રમાણ. જિ૦ શ્રી૦૨

સંક્ષેપાર્થ :– જે પ્રસન્ન ચિત્તે પ્રભુની વીતરાગ મુખમુદ્રાના દર્શન કરે છે તે જ નયન પ્રધાન એટલે શ્રેષ્ઠ છે ધન્ય છે, તથા એવા જિનેશ્વરના ચરણ-કમળમાં જેનું મસ્તક નમે છે તે જ મસ્તક પ્રમાણભૂત છે અર્થાત્ સાર્થક છે. કારણ કે તેની આજ્ઞા મસ્તકે ધારણ કરનાર જીવ જ મોક્ષનો અધિકારી થાય છે.'' ॥૨॥ -ચૈત્યવંદન ચોવીશી (અર્થ સહિત) ભાગ-૨ (પૃ.૧૦૨)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

જેવા ભાવ તેવા પ્રભુ ફળે

''જેવા ગુણ પ્રભુના કહ્યા, તેવી જ જિનમુદ્રા ય;
સ્થિર સ્વરૂપ, રાગાદિ વિણ, ધ્યાનમૂર્તિ દેખાય. ૧૪



અર્થ :– શાસ્ત્રોમાં પ્રભુના જેવા ગુણ કહ્યા છે તેવાં જ જિનમુદ્રામાં જણાય છે. ભગવાન રાગદ્વેષથી રહિત હોવાથી સ્વસ્વરૂપમાં સ્થિત છે. તેવી જ ભગવાનની મૂર્તિ પણ ધ્યાનાવસ્થામાં સ્વસ્વરૂપમાં સ્થિત જણાય છે. ।।૧૪।।

કૃત્રિમ, કારીગર-રચિત, જિનવરબિંબ ગણાય;
તો પણ તેના દર્શને પ્રભુ-ભાવે ઉર જાય. ૧૫

અર્થ :– જિનેશ્વર ભગવાનની પ્રતિમા તે કૃત્રિમ, કારીગર દ્વારા બનાવેલ હોવા છતાં પણ તેના દર્શન કરવાથી પ્રભુના શુદ્ધ ભાવોમાં આપણું મન જાય છે. ।।૧૫।।

એ ઉપર દૃષ્ટાંત છે; સુણ, ભૂપતિ ગુણવાન;
વેશ્યા-શબ સ્મશાનમાં, ત્યાં મુનિ, વ્યસની, શ્વાન. ૧૬

અર્થ :– એના ઉપર એક દૃષ્ટાંત છે કે હે ગુણવાન એવા રાજા! તું સાંભળ. સ્મશાનમાં એક વેશ્યાનું મડદું પડેલું હતું. ત્યાં મુનિ, વ્યસની અને શ્વાન એટલે કૂતરાનું આવવું થયું. ।।૧૬।।

શબ ખાવા કૂતરો ચહે, વ્યસનીમન લોભાય-
જીવતી ગણિકા હોય તો વાંછિત ભોગ પમાય. ૧૭

અર્થ :– તે મડદાને કૂતરો ખાવા ઇચ્છે છે, વ્યસનીનું મન તે વેશ્યામાં આસક્ત થાય છે કે જો આ ગણિકા એટલે વેશ્યા જીવતી હોત તો હું એના વડે ઇચ્છિત ભોગ પામી શકત. ।।૧૭।।





મુનિ મડદું દેખી કહે : 'નરભવ દુર્લભ તોય,
ગણિકાએ તપ ના કર્યું; ભૂલશો હવે ન કોય.'

અર્થ :– જ્યારે મુનિ ભગવંતે વેશ્યાના મડદાને જોઈને કહ્યું કે દેવદુર્લભ એવો મનુષ્ય દેહ પામીને પણ આ વેશ્યાએ ઇચ્છાનિરોધરૂપ તપ કર્યું નહીં, અર્થાત્ તત્ત્વ સમજી ઇચ્છાઓને ઘટાડી નહીં. તેથી હે ભવ્યો! એવી ભૂલ તમે કરશો નહીં, અર્થાત્ આવો મનુષ્યભવ પામીને ઇચ્છાઓને ઘટાડજો. ॥૧૮॥

આમ અચેતન અંગથી ત્રિવિધ ભાવ-ફળ થાય,
વ્યસની નર નરકે ગયો, ભૂખ-દુખ શ્વાન કમાય. ૧૯

અર્થ :– આમ અચેતન એટલે જડ એવા વેશ્યાના શરીર વડે ત્રણ પ્રકારે જીવોના ભાવ થયા, અને તેનું ફળ પણ તેઓ પોતાના ભાવ પ્રમાણે પામ્યા. વ્યસની મનુષ્ય તેને ભોગવવાના ભાવવડે મરીને નરકે ગયો. અને કૂતરાને વેશ્યાનું મડદું જોઈ ભૂખનું દુઃખ ઊભું થયું. ॥૧૯॥

સાધુ સ્વર્ગ વિષે ગયા, લહી ભાવ-ફળ જેમ;
તેમ અચેતન બિંબ પણ ફળ દે, ભાવે તેમ. ૨૦

અર્થ :– તથા સાધુમુનિ મહારાજ ઉત્તમ ભાવવડે સ્વર્ગના ભોગી થયા. જેમ આ મુનિ, વ્યસની અને કૂતરો, જડ એવા શબવડે ભાવ પ્રમાણે જુદા જુદા ફળના ભોક્તા થયા, તેમ અચેતન એવી પ્રતિમા પણ જીવોને પોતાના ભાવ પ્રમાણે ફળ આપનાર સિદ્ધ થાય છે.'' ॥૨૦॥

-પ્ર.વિ. ભાગ-૧ (પૃ.૨૧૦)

'વચન નયન યમ નાહીં'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

બોલવાનું ઓછું કરે તો કર્મ ઓછા બાંધે

''સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.'' (વ.પૃ.૨૦૧)

મૌન રહેવામાં કલ્યાણ પણ બોલવું પડે તો પ્રયોજન પૂરતું જ બોલવું

''વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે.'' (વ.પૃ.૩૮૯)

મહાવીર પ્રભુએ સાડા બાર વર્ષ મૌન રહી મોહનીયને કાઢી નાખ્યું

''ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગદ્વેષ ને અજ્ઞાન વિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું મૌનપણું જાણવું. પૂર્વ તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું



ધારણ કરનાર ભગવાન વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીયકર્મનો સંબંધ કાઢી નાખી કેવળજ્ઞાનદર્શન પ્રગટ કર્યું હતું.'' (વ.પૃ.૬૭૬)

'વચન નયન યમ નાહીં'.....

'બોધામૃત ભાગ-૧' માંથી :–

'કર્મ બાંધવાના મુખ્ય કારણ વચન અને નયન'

''મુમુક્ષુ–''વચન નયન યમ નાહીં.'' એનો શો અર્થ હશે?

પૂજ્યશ્રી–કર્મ બાંધવામાં મુખ્ય કારણ વચન અને નયન છે. કોઈથી વેર બાંધે તો વચનથી જ બાંધે છે. કોઈને ખરાબ વચન કહે તો કર્મ બાંધે. આંખથી દેખીને રાગ-દ્વેષ કરે તેથી કર્મબંધ થાય છે. તેનો હે ભગવાન! મારાથી સંયમ થઈ શકતો નથી. (બો.૧ પૃ.૧૪૮)

વધારે બોલ બોલ કરે તો જ્ઞાન ઉપર આવરણ આવે

''એક ભાઈ–'વાણીનું સંયમન શ્રેયરૂપ છે.' (૪૭૯) એટલે શું?


પૂજ્યશ્રી–મન, વચન, કાયા એ કર્મ બાંધવામાં મુખ્ય કારણ છે. તેમાં વચન છે તે વિશેષ કર્મ બાંધવાનું કારણ છે. વચનને દૂરથી સાંભળીને પણ જીવ કર્મ બાંધે છે. વચનનો સંયમ રાખવા જેવો છે. જરૂર પડે તેટલું જ બોલવું. ઘણા લોકોને ટેવ હોય છે કે નકામું બોલ્યા કરે, જેમાં કંઈ માલ ન હોય તેવું પ્રયોજન વિના બોલ્યા કરે. વચનવર્ગણા છે તે જ્ઞાનને આવરણ કરનાર છે માટે જરૂર પૂરતું બોલવું. હું કંઈ જાણતો નથી, મારે સમજવાનું છે એમ રાખવું. વ્યવહારમાં પણ કહેવાય છે કે બોલવા માટે જીભ તો એક જ આપી છે, પણ સાંભળવા માટે કાન બે આપ્યા છે. બોલવા કરતાં વધારે સાંભળવું. મને સમયે સમયે અનંત કર્મ બંધાય છે એવો ભય લાગ્યા વિના એ ન થાય.''-જૂનું બો.૧(પૃ.૬૭)

બોલવું ઓછું સાંભળવું વધારે

વઢકણીરાણીનું દૃષ્ટાંત – એક શહેરમાં રાજાની રાણી વઢકણી હતી. ગમે તેની સાથે વઢવાડ કરે ત્યારે જ એને શાંતિ વળે. ગામના લોકો કંટાળી ગયા. તેથી રાજાને ફરિયાદ કરી. ત્યારે રાજાએ કહ્યું કે ગામમાંથી દરેકના ઘરમાંથી પ્રતિદિન એક જણ આવી રાણી સાથે વઢવાડ કરવી. એમ વારો બાંધ્યો. વારા પ્રમાણે એક ડોશીનો વારો આવ્યો. તેને ત્યાં છોકરાની વહુ તરત પરણીને આવી હતી. તેણે ડોશીને કહ્યું કે, માજી! તમારા બદલે મને જાવા દ્યો. સાસુએ ના પાડી કે તું તો નાની છે, તારું કામ નહીં. છતાં આગ્રહ કરવાથી સાસુએ જવાની રજા આપી. તે ગઈ ત્યારે સાથે એક શેર ચણા લેતી ગઈ અને થોડી મોડી ગઈ. તેથી રાણી વધારે ક્રોધે ભરાણી અને વહુને ગમે તેમ બોલવા લાગી. પણ તે વહુ તો બોલી જ નહીં. રાણી જ્યારે ખૂબ બોલી ચૂપ રહી



કે વહુએ મોઢામાં ચણાનો એક ફાકો મારી રાણીને અંગૂઠો બતાવ્યો. તેથી રાણી ફરી વધારે બોલવા લાગી. પણ વહુ તો બોલ્યા વગર માત્ર ચણા ખાતી જાય અને રાણીને અંગૂઠો બતાવતી જાય. એમ સાંજ સુધી કરતાં રાણી બોલીબોલીને થાકીને લોથ જેવી થઈને પડી. પછી રાણીને વિચાર આવ્યો કે એ કંઈ નહીં બોલવાથી કેવી સુખે



સુખે ચણા ખાતી રહી અને હું જ દુઃખી થઈ. હવે વઢવાડ કરવી જ નથી, એમ નિશ્ચય કરીને રાજાને જણાવ્યું, તેથી રાજા પણ આનંદ પામ્યો. એમ ક્લેશ સમયે મૌન રહેવાથી બેયને શાંતિનું કારણ થાય છે.

'વધારે ન બોલતાં જેટલું બને તેટલું સ્મરણ કરવું'

''જેને હું કંઈ જાણતો નથી, મારે ડહાપણ નથી કરવું, મારી મેળે ડહાપણ કરવા જઉં તો અવળું થશે, એમ લાગ્યું હોય તેને સમજાય. જ્ઞાનીપુરુષોનાં વચનોમાં જેટલો કાળ જાય તેટલો લાભ છે. મોટા ભાગ્યવાળાને જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ હોય છે. ડહાપણ કરવાવાળો પોતે પરિભ્રમણ કરે અને બીજાને પણ કરાવે; માટે ડાહ્યા ન થવું. હું જાણતો નથી એમ રાખવું અને વધારે ન બોલતાં જેટલું બને તેટલું સ્મરણ કરવું. સિદ્ધભગવાન બધુંય જાણે છે છતાં નથી બોલતા. જે સમજે તે બોલે નહીં. સમજીને શમાઈ જવું.'' -જૂનું બો.૧ (પૃ.૬૮)



ભગવાનના વચનથી વિપરીત બોલવાથી અનંતસંસાર વધ્યો

રજ્જા સાધ્વીનું દૃષ્ટાંત :– ''એકદા રજ્જા આર્યાના શરીરમાં પૂર્વકર્મના અનુભાવથી કુષ્ટ વ્યાધિ ઉત્પન્ન થયો, તે જોઈને બીજી સાધ્વીઓએ તેને પૂછ્યું કે ''હે દુષ્કર સંયમ પાળનારી! આ તને શું થયું ?'' તે સાંભળી પાપકર્મથી ઘેરાયેલી રજ્જા બોલી કે ''આ પ્રાસુક જળ પીવાથી મારું શરીર નષ્ટ થયું.'' તે સાંભળીને ''આપણે પણ આ પ્રાસુક જળ વરજીએ''એમ સર્વ સાધ્વીઓનાં હૃદયમાં વિચાર થઈ ગયો, તેમાંના એક સાધ્વીએ વિચાર્યું કે ''જો કદાપી મારું શરીર હમણાંજ આ મહા વ્યાધિથી નાશ પામે, તો પણ હું તો પ્રાસુક જળ તજીશ નહીં. ઉકાળેલું જળ વાપરવાનો અનાદિ અનંત ધર્મ કૃપાળુ જિનેશ્વરોએ કહેલો છે તે મિથ્યા નથી. આનું શરીર તો પૂર્વે ઉપાર્જન કરેલા કર્મથી વિનષ્ટ થયું છે. અહો! તે નહીં વિચારતાં આ રજ્જા અનંત તીર્થંકરોની આજ્ઞાનો લોપ કરનારું અને મહા ઘોર દુઃખ આપનારું કેવું દુષ્ટ વચન બોલી?'' ઇત્યાદિ શુભ ધ્યાન કરતાં વિશેષ શુદ્ધિના વશથી તે સાધ્વીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તરતજ દેવોએ કેવળીનો મહિમા કર્યો.

પછી ધર્મદેશનાને અંતે રજ્જાએ કેવળીને પ્રણામ કરીને પૂછ્યું કે ''હે ભગવન્! કયા કર્મથી હું કુષ્ટાદિક વ્યાધિનું પાત્ર થઈ? કેવળીએ કહ્યું કે ''સાંભળ, તને રક્તપિત્તનો દોષ છતાં તેં સ્નિગ્ધ આહાર કંઠ સુધી ખાધો. તે આહાર કરોળિયાની લાળથી મિશ્ર થયેલો હતો. વળી તેં આજે એક શ્રાવકના છોકરાના મુખ ઉપર વળગેલી નાકની લીંટ મોહના વશથી સચિત જળથી ધોઈ હતી. તે શાસનદેવીથી સહન થયું નહીં; તેથી તારી જેમ બીજાઓ પણ તેવું અકાર્ય ન કરે તેવા હેતુથી શાસનદેવીએ તને તે કર્મનું ફળ તત્કાળ બતાવ્યું, તેમાં પ્રાસુક જળનો દોષ કિંચિત્ પણ નથી.''





તે સાંભળીને રજ્જાએ પૂછ્યું કે "હે ભગવન્! જો હું યથાવિધિ તેનું પ્રાયશ્ચિત લઉં, તો મારું શરીર સારું થાય કે નહીં?" કેવળીએ કહ્યું કે "જો કોઈ પ્રાયશ્ચિત્ત આપે તો સારું થાય." રજ્જા બોલી કે "તમેજ આપો. તમારા જેવો બીજો કોણ મહાત્મા છે?" કેવળીએ કહ્યું કે "તું બાહ્ય રોગની શાંતિ માટે ઇચ્છા કરે છે, પણ તારા આત્માના ભાવરોગ વૃદ્ધિ પામ્યા છે, તે શી રીતે જશે? તોપણ હું તો તને પ્રાયશ્ચિત્ત આપું. પરંતુ તેવું કોઈ પ્રાયશ્ચિત્ત નથી કે જેથી તારી શુદ્ધિ થાય. કેમકે તેં પૂર્વે સર્વ સાધ્વીઓને કહ્યું છે કે 'પ્રાસુક જળ પીવાથી મારું શરીર બગડ્યું.' આવું મહાપાપી વાક્ય બોલીને તેં સર્વ સાધ્વીઓના મનને ક્ષોભ પમાડ્યો છે, તેવા વચનથી તેં મોટું પાપ ઉપાર્જન કર્યું છે, તેથી તારે કુષ્ટ, ભગંદર, જલોદર, વાયુ, ગુલ્મ, શ્વાસનિરોધ, અર્શ, ગંડમાલ વિગેરે અનેક વ્યાધિવાળા દેહવડે અનંતા ભવોમાં દીર્ઘકાળ સુધી દારિદ્ર, દુઃખ, દુર્ભાગ્ય, અપયશ, સંતાપ અને ઉદ્વેગનું ભાજન થવાનું છે."

આ પ્રમાણે કેવળીનું વચન સાંભળીને બીજી સર્વે સાધ્વીઓએ મિથ્યા દુષ્કૃત આપીને પોતાનું પાપ તજી દીધું. માટે હે ગૌતમ! જેઓ ભાષાસમિતિવડે શુદ્ધ એવું વાક્ય બોલે છે તે કેવળજ્ઞાન પામે છે, અને જે ભાષાસમિતિ જાળવ્યા સિવાય જેમ તેમ બોલી જાય છે તે આચારથી ભ્રષ્ટ થયેલી રજ્જા આર્યાની જેમ કુગતિઓમાં અનેક પ્રકારનાં દુઃખસમૂહને પામે છે." -ઉ.પ્ર.ભા.ભાગ-૪ (પૃ.૪૧૧)

વિના વિચારે બોલવાનું ફળ ભયંકર પણ આવે

માતા પુત્રનું દૃષ્ટાંત – માતા બહારથી આવી ત્યારે પુત્રે રોષમાં કહ્યું કે તું ક્યાં ગઈ હતી? કોઈએ ફાંસીએ ચઢાવી હતી? તે આટલી મોડી આવે છે. મને ભૂખ લાગી છે તેનું ભાન નથી. ત્યારે માતાએ પણ ગુસ્સામાં આવી કહ્યું કે તારા હાથ કપાઈ ગયા હતા? આ ઉપર જ સિકામાં પડયું હતું, તે લઈને ખાઈ શકતો નથી. આવું બોલવાથી તે છોકરાને આગલા ભવમાં ફાંસીએ ચઢવું પડ્યું અને માતાના હાથ કપાયા. માટે કદી પણ આવા દ્વેષના વચન બોલવા નહીં કે જેથી વેર વધે. અથવા કોઈને ગધેડો કહેવાથી ગધેડાનો અવતાર આપણને લેવો પડે. અથવા બીજાને આપણા પ્રત્યે રાગ થાય, મોહ થાય, પ્રેમ આવે કે પ્રીતિ વધે એવા વચન બોલવાથી પણ ભવ વધે છે. એની સાથે જન્મ લઈ સંસારના દુઃખો ભોગવવા પડે છે.

'વચન નયન યમ નાહીં' નયન એટલે આંખ પણ બાહ્ય વસ્તુઓ પ્રત્યે રાગદ્વેષ કરાવી જીવને ઘણા કર્મ બંધાવે છે.

'નહીં ઉદાસ અનભક્તથી'.....

અનભક્ત એટલે જે ભગવાનના ભક્ત નથી, માત્ર સંસારમાં જ રાચી માચીને રહેલા છે તે પ્રત્યે મને ઉદાસભાવ એટલે ઉપેક્ષાભાવ થયો નહીં કે એ મને કુસંગનું કારણ છે. એમ જાણી મેં તેનો ત્યાગ પણ કર્યો નહીં.



''જે તારા ભક્ત નથી તેઓ આસક્તિપૂર્વક સંસારની ખટપટમાં લાગી રહ્યા છે. તેમના પ્રસંગમાં આવતાં તન્મય થઈ જાઉં છું; તેમ ન કરતાં તે પ્રત્યે ઉદાસભાવ, ઉપેક્ષાભાવ રહેવો જોઈએ.'' -નિત્યનિયમાદિ પાઠ (પૃ.૧૨)

પણ તે રહેતો નથી એ મારી કમજોરી છે. મને સંસાર પ્રત્યે વૈરાગ્ય નથી તેથી જ આવું બને છે એમ માનું છું. પણ વૈરાગ્ય લાવવા રોજ તારા વચનામૃતોને વાંચવા જોઈએ, પણ તે વાંચતો નથી એ જ મારી મોટી ભૂલ છે.

'તેમ ગૃહાદિક માંહીં'.....

તેમજ ઘરકુટુંબના કાર્યોમાંજ રચી-પચી રહ્યો છું. તેમાં જ મને આનંદ આવે છે. માટે તે પ્રત્યેનો મારો રાગભાવ ઘટે અને સત્સંગની ઉપાસના થાય તેવી હે પ્રભુ! કૃપા કર.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧-૨' માંથી :–

''ઉપદેશ ગુરુવર આપતા : 'સુંદર ઘરે ઉંદર પડે,
વસ્ત્રો અને શિરકોષમાં જૂઓ કરી ઘર આથડે;
શય્યા મનોહર માંકણે ઊભરાય, રોગે તન ગળે,
કદ્રૂપ કાણી સ્ત્રી કહે કટુ વચન, ખાવા ના મળે. ૨૦

અર્થ :– હવે ગુરુવર્ય શાલિભદ્ર આદિને ઉપદેશ આપવા લાગ્યા કે આ સંસારનું સ્વરૂપ કેવું વિચિત્ર છે કે સુંદર ઘરમાં ઉંદર પેસી જઈ વસ્ત્રો કાપી નાખે, માથાના વાળમાં જૂઓ ઘર કરી જાય, મનોહર શય્યા પણ માંકણથી ઊભરાવા લાગે, રોગથી શરીર ગળી જાય, કદરૂપી કાણી સ્ત્રી હોય અને વળી કડવા વચન કહેતી હોય, ખાવાને પણ પૂરતું ના મળતું હોય તો પણ મૂર્ખ એવો આ જીવ ઘરબારને છોડવા ઇચ્છતો નથી. ॥૨૦॥

ગૃહવાસમાં આવાં ઘણા દુઃખો ઘણા પરવશ સહે;
તોયે અરે! નર મૂઢ ના ગૃહવાસ તજવાને ચહે'
દુર્બુદ્ધિ એમ વિચારતા : 'ધન આજકાલ મળી જશે',
પ્રત્યક્ષ અંજલિજલ સમું વહી જાય જીવન, શું થશે? ૨૧

અર્થ :– ગૃહવાસમાં આવા ઘણા પ્રકારના દુઃખો ઘણા જીવો પરવશપણે સહન કરે છે. તો પણ મૂઢ એવા મનુષ્યો આવા ગૃહવાસને તજવા ઇચ્છતા નથી. પણ દુર્બુદ્ધિથી યુક્ત તેઓ એમ વિચારે છે કે ધન આજકાલમાં મળી જશે. પણ પ્રત્યક્ષ અંજલિ એટલે હાથમાં રહેલું જળ જેમ ટીપે ટીપે નીચે વહી રહ્યું છે તેમ જીવન પણ સમયે સમયે નષ્ટ થઈ રહ્યું છે તો મારા શું હવાલ થશે? એમ તે વિચારતો નથી.'' ॥૨૧॥ -પ્ર.વિ. ભાગ-૨ (પૃ.૬૭)

''સંસાર અસાર વિચારજો, કર્મ-કાષ્ઠ દુઃખ-લાય રે,
ગૃહસ્થપણું જ પગ-શૃંખલા સુવ્રત-કૃપાણે કપાય રે. શ્રી રાજ૦



અર્થ :– આ સંસારને હમેશાં અસારરૂપ વિચારજો. કર્મરૂપી કાષ્ઠ એટલે લાકડા તે દુઃખરૂપી બળતરાને વધારનાર છે. આ ગૃહસ્થપણું તે પગમાં પડેલ શૃંખલા એટલે સાંકળ સમાન છે. પણ તે સાંકળને સુવ્રતરૂપી કૃપાણ એટલે તલવારથી કાપી શકાય છે. ॥૩૧॥

સાંસારિક સુખની રુચિથી વિષ-ભક્ષણ હિતકાર રે,
પ્રજ્વલતી ચિતાથી પણ વધુ ગૃહ-ચિંતા દુઃખકાર રે. શ્રી રાજ૦

અર્થ :– સંસાર સુખની રુચિ રાખવા કરતાં વિષ ભક્ષણ કરવું હિતાવહ છે. કારણ વિષ એક જ ભવ મારે જ્યારે સંસારસુખનો મોહ જીવને અનંત જન્મમરણ કરાવે છે. જ્વાજલ્યમાન બળતી ચિતાથી પણ અધિક ઘરની ચિંતા ગૃહસ્થને દુઃખ આપનાર છે.'' ॥૩૩॥ -પ્ર.વિ.ભા.૨ (પૃ.૩૨૯)

કેદ સમો ગૃહવાસ ગણ, પગ-બેડી નિજ નાર,
સ્વજન સિપાઈ સાચવે, સંકટરૂપ આહાર. ૮૮

અર્થ :– હે જીવ! હવે તું ગૃહવાસને કેદ સમાન જાણ. પોતાની સ્ત્રીને પગની બેડી સમાન માન. પુત્ર, સગાં, આદિ કુટુંબીજનોને સિપાહી સમાન જાણ કે જે તને સાચવીને એ કેદમાંથી બહાર નીકળવા દેતા નથી. અને તે કેદમાં પડ્યો પડ્યો તું ત્રિવિધ તાપરૂપ સંકટને ભોજનરૂપે સદા આરોગે છે.'' ॥૮૮॥ -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૨૦૫)

'તેમ ગૃહાદિક માંહીં'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

ઘરમાં ઉપયોગ વિશેષ ચંચળ થાય માટે દીક્ષાનો ઉપદેશ કર્યો

''ગૃહાદિ પ્રવૃત્તિના યોગે ઉપયોગ વિશેષ ચલાયમાન રહેવા યોગ્ય છે, એમ જાણીને પરમપુરુષ સર્વસંગપરિત્યાગનો ઉપદેશ કરતા હવા.'' (વ.પૃ.૪૯૦)

ગૃહસ્થ, એકાંત ધર્મ આરાધના ન કરી શકે કેમકે વ્યવસાય કરવો પડે

''ગૃહસ્થાશ્રમી એકાંત ધર્મસાધન કરવા ઇચ્છે તો તેમ ન થઈ શકે, સર્વસંગપરિત્યાગ જ જોઈએ. ગૃહસ્થને ભિક્ષા વગેરે કૃત્ય યોગ્ય નથી.'' (વ.પૃ.૨૦૮)

ગૃહત્યાગ કરવાથી જે આરાધના થઈ શકે તે ઘરમાં નહીં થઈ શકે

''કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું,



અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું, પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.''

(વ.પૃ.૨૧૦)

સુંદર ઘર, અલંકાર આદિ મોહના કારણ હોવાથી પ્રત્યક્ષ ઝેર સમાન

''લોકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ, શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મ-શ્રદ્ધાવાનપણું પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે.'' (વ.પૃ.૫૬૨)

ઘરકુટુંબ પરિગ્રહ આદિમાં જે મારાપણું છે એ જ સંસાર છે

''ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસબુદ્ધિ' છે; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે; અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય-ક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્ બુદ્ધિ કરે છે; અને તે સદ્બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે, કેમકે ચક્ષુને પટળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પટળનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરુષે કહેલા એવા સિદ્ધાંતભાવ, આત્મભાવ, વિચારચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્યઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં, અથવા યથાવત્ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીય કર્મના ક્ષયાંતર પ્રગટે છે. અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે.''

(વ.પૃ.૪૦૭)

સ્ત્રી, પરિગ્રહાદિમાં જેટલો મોહ છે તેટલી સમજણની ખામી

''સ્ત્રી, પરિગ્રહાદિને વિષે જેટલો મૂર્છાભાવ રહે છે તેટલું જ્ઞાનનું તારતમ્ય ન્યૂન છે, એમ શ્રી તીર્થંકરે નિરૂપણ કર્યું છે.'' (વ.પૃ.૬૮૧)

આરંભ પરિગ્રહમાં અજાગ્રત રહે તો ઉપાસેલો વૈરાગ્ય પણ નાશ પામે

''અસાર અને ક્લેશરૂપ આરંભપરિગ્રહના કાર્યમાં વસતાં જો આ જીવ કંઈ પણ નિર્ભય કે અજાગૃત રહે તો ઘણાં વર્ષનો ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય એવી દશા થઈ આવે છે, એવો નિત્ય પ્રત્યે નિશ્ચય સંભારીને નિરુપાય પ્રસંગમાં કંપતા ચિત્તે ન જ છૂટ્યે પ્રવર્તવું ઘટે છે, એ



વાતનો મુમુક્ષુ જીવે કાર્યે કાર્યે, ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગે લક્ષ રાખ્યા વિના મુમુક્ષુતા રહેવી દુર્લભ છે; અને એવી દશા વેદ્યા વિના મુમુક્ષુપણું પણ સંભવે નહીં. મારા ચિત્તમાં મુખ્ય વિચાર હાલ એ વર્તે છે. એ જ વિનંતિ.'' (વ.પૃ.૪૪૮)

''અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.'' ૧૨

અર્થ :– દેહ તે હું અને સ્ત્રી પુત્રાદિ એ બધાં મારા છે એમ માનીને જીવ બેઠો છે એટલે અહંભાવ જતો નથી. જે મારું નથી તેને મારું માની બેસવું તે અહંભાવ. હે પ્રભુ! આવા અહંભાવથી હું રહિત નથી. સ્વધર્મ એટલે આત્મધર્મનો પણ સંચય નથી. સ્વધર્મનો સંચય હોય તો અહંભાવની મંદતા થાય, પણ એવું બન્યું નથી. અને અન્ય ધર્મો પ્રત્યે પણ મારી નિર્મળપણે નિવૃત્તિ નથી. અન્ય ધર્મ એટલે જૈન અથવા આત્મધર્મ સિવાયના બધા ધર્મો.''

-પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'અહંભાવથી રહિત નહિ'.....

અહંભાવ એટલે દેહમાં 'હું' પણાનો ભાવ.

હું દેહાદિ સ્વરૂપ છું અને દેહ સ્ત્રી પુત્રાદિ મારા છે. આવા અહંભાવથી હું રહિત નથી. હાડોહાડ તે જ માન્યતા ભરેલી છે.

''સદ્‌ગુરુ-બોધ વિચારતાં, ટળે દેહ-અહંકાર, પ્રભુજી;
દશા વિદેહી તે વર્યા, ભાવ-દયા-ભંડાર, પ્રભુજી. રાજ૦

અર્થ :– હે પ્રભુ! સદ્‌ગુરુ પરમકૃપાળુદેવના બોધને વિચારતાં મારા દેહ પ્રત્યેનું અભિમાન ટળવા માંડે છે અને દેહ પ્રત્યેનો અહંભાવ ગળવા માંડે છે. કેમ કે મારા ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ વિદેહદશાને પામેલા છે અને ભાવદયાના ભંડાર હોવાથી ઉપદેશ પણ એવો જ આપે છે.'' ॥૨॥

-પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧ (પૃ.૫૨૪)

'અહંભાવથી રહિત નહિ'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

જે સમજ્યા તેણે પોતાનો સ્વભાવ મારા તારા રહિત દીઠો, તેમાં સમાઈ ગયા

''જે જે સમજ્યા તેણે તેણે મારું તારું એ આદિ અહંત્વ, મમત્વ શમાવી દીધું; કેમકે કોઈ પણ નિજ સ્વભાવ તેવો દીઠો નહીં; અને નિજ સ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધસ્વરૂપ, કેવળ ન્યારો જોયો એટલે તેમાં જ સમાવેશ પામી ગયા.

આત્મા સિવાય અન્યમાં સ્વમાન્યતા હતી તે ટાળી પરમાર્થે મૌન થયા; વાણીએ કરી આ આનું છે એ આદિ કહેવાનું બનવારૂપ વ્યવહાર, વચનાદિ યોગ સુધી ક્વચિત્ રહ્યો, તથાપિ



આત્માથી આ મારું છે એ વિકલ્પ કેવળ શમાઈ ગયો; જેમ છે તેમ અચિંત્ય સ્વાનુભવગોચરપદમાં લીનતા થઈ.'' (વ.પૃ.૪૮૭)

અહંભાવ એ ઝેર ઝેર અને ઝેર જ છે એમ માને તો આત્માર્થ થાય

''જેણે જેણે સદ્‌ગુરુને વિષે તથા તેમની દશાને વિષે વિશેષપણું દીઠું છે, તેને તેને ઘણું કરીને અહંભાવ તથારૂપ પ્રસંગ જેવા પ્રસંગોમાં ઉદય થતો નથી; અથવા તરત શમાય છે. તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંભવ ઓછો થાય. કંઈક અંતરમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણતિએ પણ રાખી હોય, તો તે પૂર્વાપર વિશેષતા પામે છે; પણ ઝેર જ છે, નિશ્ચય ઝેર જ છે, પ્રગટ કાળકૂટ ઝેર છે, એમાં કોઈ રીતે સંશય નથી; અને સંશય થાય, તો તે સંશય માનવો નથી; તે સંશયને અજ્ઞાન જ જાણવું છે, એવી તીવ્ર ખારાશ કરી મૂકી હોય, તો તે અહંભાવ ઘણું કરી બળ કરી શકતો નથી. વખતે તે અહંભાવને રોકવાથી નિરહંભાવતા થઈ તેનો પાછો અહંભાવ થઈ આવવાનું બને છે, તે પણ આગળ ઝેર ઝેર અને ઝેર માની રાખી વર્તાયુ હોય તો આત્માર્થને બાધ ન થાય.'' (વ.પૃ.૫૨૪)

(શ્રી સોમચંદભાઈ મહાસુખરામ અમદાવાદવાળાના પ્રસંગમાંથી)

અહંભાવને ઝેરરૂપ માનવો કે હે જીવ! તું એક પૈસામાં વેચાયો છું

શ્રી સોમચંદભાઈનો પ્રસંગ :–''પરમકૃપાળુદેવ અને ડૉ. પ્રાણજીવનદાસ બન્ને બંગલામાં હતા. મેં દર્શન કર્યા. પછી પોતે જણાવ્યું કે શું લાવ્યા? મેં કહ્યું–દાતણ વગેરે. શ્રીમદે પૂછ્યું-આ દાતણ કેટલાના? મેં કહ્યું-એક પૈસાની નવ સોટીઓ લાંબી અને સારી છે.





પોતે કહ્યું કે જાઓ ઉપર ડૉક્ટરને બતાવજો અને કહેજો કે એક પૈસાની આ નવ દાતણની સોટીઓ છે. ઉપર જઈ ડૉક્ટરને કહ્યું અને ડૉક્ટર આશ્ચર્ય પામ્યા. હું નીચે આવ્યો અને ડૉક્ટર સાહેબ પણ નીચે આવી ભાઈશ્રીને ત્યાં જમવા પધાર્યા.

મને વિચાર થયો કે શ્રી પરમકૃપાળુદેવે ડૉક્ટર સાહેબને શા હેતુથી દાતણ બતાવરાવ્યા હશે? વિચાર કરતાં મને એમ લાગ્યું કે જીવને અહંકાર થતો હોય કે હું આવો છું તો હે જીવ, જરા વિચાર કર કે એક પૈસામાં તું વેચાયો છું, માટે અહંકાર કરીશ નહીં.'' -શ્રી. રા. પ્રેરક પ્રસંગો (પૃ.૩૨૧)

મેં તો વૃત્તિ શાંત કરી છે એવું અહંપણું આવવાથી ચારગતિમાં રખડે

''તુચ્છ પદાર્થમાં પણ વૃત્તિ ડોલાયમાન થાય છે. ચૌદપૂર્વધારી પણ વૃત્તિની ચપળતાથી અને અહંપણું સ્ફુરવાથી નિગોદાદિમાં પરિભ્રમણ કરે છે. અગિયારમે ગુણસ્થાનકેથી પણ જીવ ક્ષણ લોભથી પડી પહેલે ગુણસ્થાનકે આવે છે. 'વૃત્તિ શાંત કરી છે', એવું અહંપણું જીવને સ્ફુર્યાથી એવા ભુલાવાથી રખડી પડે છે.'' (વ.પૃ.૬૯૬)

(શ્રી ત્રિભોવનભાઈ માણેકચંદ ખંભાતવાળાના પ્રસંગમાંથી)

બહુ ડાહ્યો થાય તે સંસારમાં રઝળે

શ્રી ત્રિભોવનભાઈનો પ્રસંગ :–''એક વખતે ભાદરણવાળા ધોરીભાઈ સાથે સાહેબજી મોહનીય કર્મસંબંધી વ્યાખ્યા કરતા હતા ત્યારે કહ્યું કે ''મોહનીય કર્મની પ્રકૃતિઓ જોર કરી જાય ત્યારે સામા થવું. એમ કરતાં જય થાય. ધોરીભાઈએ સાહેબજીને કીધું કે મેં એક સિદ્ધાંતમાં એવું વાંચ્યું છે કે 'ડાહ્યો વિચક્ષણ બહુ પરિભ્રમણ કરે, તે કેમ હશે?

સાહેબજીએ કીધું કે ''આ સંસારમાં જે બહુ ડાહ્યો થાય તે પરિભ્રમણ કરે; ઇત્યાદિ.'' વ્યાખ્યા સાહેબજીએ કરી હતી.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૮૯)

અહંભાવથી રહિત થવા માટે નિત્ય પોતાનું હલકાપણું દેખવું

''પોતાનું ક્ષયોપશમબળ ઓછું જાણીને અહંમમતાદિનો પરાભવ થવાને નિત્ય પોતાનું ન્યૂનપણું દેખવું; વિશેષ સંગ પ્રસંગ સંક્ષેપવા યોગ્ય છે. એ જ વિનંતિ.'' (વ.પૃ.૪૮૮)

(શ્રી નાનચંદભાઈ ભગવાનભાઈ પૂનાવાળાના પ્રસંગમાંથી)

'જાણ આગળ અજાણ થઈએ, તત્વ લઈએ તાણી'

શ્રી નાનચંદભાઈનો પ્રસંગ :–''હું સાંજના ૫ા ને આશરે તેમને મળવા ગયો. સાથે રતનજી વીરજીના માણસને લઈને ગયો. હું પરગામનો છું જાણી મને આવકાર દઈને જોડે બેસાડ્યો, પણ મારી અજ્ઞાનતાને લીધે, અભિમાન અને અહંકારને લીધે માનતો હતો કે મારા આગળ ધર્મ સંબંધી શ્રીમદ્ શું બોલી શકશે? મોટા મોટા મુનિરાજો પણ મારા પ્રશ્નોનું સમાધાન



કરી શક્યા નહોતા તો આ તો મારા આગળ એક નાના છોકરા જેવા છે. શ્રીમદે પોતે ઘણી ધીરજથી અને સરળતાથી પ્રેમાળ ભાષાએ મને પૂછ્યું કે તમે કંઈ વાંચ્યું છે? કંઈ જાણ્યું છે? તો હું એમ કહું છું કે મારા વડીલના પુણ્યથી મેં એમને સરળ જવાબ જ આપ્યો કે મેં વાંચ્યું નથી, તેમ જાણ્યું નથી તેથી ઠીક થયું, નહીં તો મારી ઉંમર વર્ષ પપની હતી અને હું ફજેત પામત; કારણ કે હું કંઈ જાણું નહીં અને વાંકાચૂકા પ્રશ્ન કરીને મૂરખ બનત. પણ તેમણે મારા ઉપર કૃપા કરીને પાસે થોડા પુસ્તકો પડેલા હતાં તેમાં 'સુંદર વિલાસ' નામનું એક પુસ્તક હતું તે તેમણે એકદમ હાથમાં લઈને વાંચવું શરૂ કર્યું. બે ત્રણ લીટીઓ વાંચીને તે વાતનું વિવેચન કરવા લાગ્યા. તે વિવેચન કરવામાં મારા મનના જે કંઈ સંદેહ અને પૂછવાના પ્રશ્નો હતા તે તેજ વખતે ખુલાસા થઈને શમાઈ ગયા. તે બાબત મારા મનથી પૂછવાનું કંઈ બાકી રહ્યું નહીં; અને જે અભિમાન હતું તે નષ્ટ થઈ ગયું.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૬૧)

'સ્વધર્મ સંચય નાહીં'.....

સ્વધર્મ એટલે પોતાના આત્માનો ધર્મ. આત્માનો ધર્મ એટલે આત્માનો સ્વભાવ. આત્માનો સ્વભાવ શું છે? તો કે 'સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર' એ આત્માનો સ્વભાવ છે. એટલે શું? તો કે જેમ છે તેમ આત્મા કે જડ પદાર્થોનું સ્વરૂપ જાણવું, જેમ છે તેમ જ પદાર્થનું સ્વરૂપ જોવું, અને જેમ છે તેમ પોતાના આત્મસ્વભાવમાં જ સ્થિર રહેવું, એ આત્માનો મૂળધર્મ છે, સ્વભાવ છે. એ આત્માનો મૂળધર્મ મને પ્રાપ્ત થાય એવા ગુણોનો મેં સંચય એટલે સંગ્રહ કર્યો નહીં. શા માટે કર્યો નહીં? તો કે દેહાભિમાન મારું ગળ્યું નથી. દેહ તે જ હું છું એવી દેહમાં આત્મબુદ્ધિ હજુ સુધી મારી ગઈ નથી. એ જાય તો શું થાય? તો કે –

''દેહાભિમાને ગલિતે, વિજ્ઞાતે પરમાત્મનિ;
યત્ર યત્ર મનોયાતિ, તત્ર તત્ર સમાધયઃ''

અર્થ :– દેહમાં હું પણાનું અભિમાન જો ગળી જાય અને પોતાનું સ્વરૂપ જે પરમાત્મા જેવું છે તે અનુભવમાં આવી જાય તો આત્માનો ભાવમનરૂપ ઉપયોગ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેને સમાધિ જ છે. તેનો આત્મા સદા સ્વસ્થ છે. તે નવીન કર્મબંધ કરતો નથી. અંતે સમાધિમરણનું કારણ પણ સ્વધર્મ છે. તે સ્વધર્મ અનંતાનુબંધી કષાયનો અભાવ થવાથી પ્રગટે છે તે જણાવે છેઃ

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨' માંથી :–

''સ્ફટિક રત્ન સમ જીવ-નિર્મળતા, જિનવર-બોધ-પ્રકાશેજી,
પ્રબળ કષાય-અભાવે પ્રગટે, સહજ ધર્મ વિકાસેજી. સૂક્ષ્મ૦

અર્થ :– શ્રી જિનેશ્વર ભગવંતનો બોધ એમ જણાવે છે કે આત્માની નિર્મળતા, મૂળ સ્વરૂપે જોતાં સ્ફટિક રત્ન જેવી છે. તે આત્માની નિર્મળતા પ્રબળ કહેતા બળવાન એવા અનંતાનુબંધી કષાયનો અભાવ થયે પ્રગટે છે. જેથી સહજ સ્વાભાવિક આત્મામાં જ રહેલા સમ્યક્દર્શનાદિ ધર્મ



પ્રગટમાં આવે છે અને ક્રમે કરી તે વિકાસ પામી પૂર્ણતાને પામે છે.''

-પ્ર.વિ.૨ (પૃ.૨૭૦)

શ્રી આનંદઘનજી મહારાજ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં જણાવે છે :–

''ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ જિ૦
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિ૦ધ૦૨

સંક્ષેપાર્થ :– જગતવાસી જીવો કોઈને કોઈ ધર્મમતમાં હોય છે. તે સર્વ અમે ધર્મ કરીએ છીએ એમ કહેતા ફરે છે. પણ ધર્મના મર્મ એટલે રહસ્યને જાણતા નથી. આત્મા ગચ્છમત નામના ધર્મવાળો નથી પણ તે તો જ્ઞાનદર્શનમય ધર્મવાળો છે; પણ આ રહસ્યને તે જાણતા નથી.

સંપૂર્ણ શુદ્ધ આત્મધર્મને પામેલા શ્રી ધર્મનાથ ભગવાન છે. એવા ધર્મ જિનેશ્વરના ચરણનું શરણ ગ્રહણ કરનાર અર્થાત્ તેમની આજ્ઞાનુસાર વર્તનાર જીવો અનંત સંસાર વધારે એવા કોઈ કર્મને બાંધતા નથી. ।।૨।।

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિ૦
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન. જિ૦ધ૦૩

સંક્ષેપાર્થ :– સદ્‌ગુરુ ભગવાન જો કૃપા કરીને પ્રવચન અંજન કરે અર્થાત્ પ્રકૃષ્ટ વચનોવડે પર્યાયદૃષ્ટિ તજાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવે તો અનાદિકાળથી ગુપ્ત રહેલું પરમનિધાનસ્વરૂપ એવું પોતાનું શુદ્ધ આત્મદ્રવ્ય તેના જોવામાં આવે.

આત્મા અરૂપી દ્રવ્ય હોવાથી તે ઇન્દ્રિયોથી જણાય નહીં. પણ હૃદયરૂપી નેત્રથી તે જગધણી એવા ભગવાનના અથવા આત્માના દર્શન કરી શકે; અર્થાત્ આત્માના હોવાપણાનો હૃદયમાં તેને અનુભવ થાય. તે આત્મ અનુભવ કરનારનો મહિમા મેરુપર્વત સમાન છે. કેમકે અનાદિકાળના જન્મમરણના દુઃખનો અંત પામી સર્વકાળને માટે તે આત્માના અનંતસુખને પામશે.'' ।।૩।।

-ચૈત્યવંદન ચોવીશી (અર્થસહિત) ભાગ-૧ (પૃ.૧૮૫)

'સ્વધર્મ સંચય નાંહીં'.....

જ્યાં ત્યાંથી રાગ-દ્વેષથી રહિત થવું એ જ મારો એટલે આત્માનો ધર્મ છે

''જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું. પરસ્પર મળીશું ત્યારે હવે તમને કંઈ પણ આત્મત્વ સાધના બતાવાશે તો બતાવીશ. બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઈ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમશાંતિપદને ઇચ્છીએ એ જ



આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહીં.'' (વ.પૃ.૧૭૦)

(શ્રી સોમચંદ મહાસુખરામ અમદાવાદના પ્રસંગમાંથી)

ધર્મનું ફળ શાંતિ

શ્રી સોમચંદભાઈનો પ્રસંગ :–''એક બહેન આવ્યા અને કૃપાળુદેવને પૂછ્યું કે ''ધર્મ એટલે શું?''

કૃપાળુદેવે જવાબ આપ્યો–બહેન, ધર્મ એટલે શાંતિ.''

શાંતિ એ આત્માનો ગુણધર્મ છે. સ્વઆત્મધર્મમાં જીવ આવે તો અપૂર્વ શાંતિ અનુભવાય. તે નિર્વિકલ્પદશા છે. ત્યાં અનંતસુખ છે.''

આત્માના વિચાર કરવારૂપ ધર્મ ભજવો યોગ્ય

''જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.'' (વ.પૃ.૩૩૨)

અનંત જન્મમરણનું કારણ પોતાના સ્વરૂપનું અજ્ઞાન

''જીવનું સ્વરૂપ શું છે? જીવનું સ્વરૂપ જ્યાં સુધી જાણવામાં ન આવે, ત્યાં સુધી અનંતા જન્મમરણ કરવાં પડે.'' (વ.પૃ.૭૦૦)

આત્મા સ્વધર્મ પામે તે પ્રકાર ધર્મના, સ્વભાવથી દૂર કરે તે અધર્મ

''જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે, તે પ્રકાર અન્યરૂપ છે; ધર્મરૂપ નથી.'' (વ.પૃ.૩૫૧)

જેને આત્મજ્ઞાન છે એવા સત્પુરુષથી જ સ્વધર્મ કે આત્મધર્મ પમાય

''જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.'' (વ.પૃ.૩૫૧)

(શ્રી ત્રિભોવનભાઈ માણેકચંદ ખંભાતવાળાના પ્રસંગમાંથી)

પરમકૃપાળુદેવ જેવા આત્મજ્ઞાની પુરુષથી જ સ્વધર્મનો સંચય કરાય

શ્રી ત્રિભોવનભાઈનો પ્રસંગ :–''એકવાર સાહેબજી સમયસાર નામનો ગ્રંથ વાંચતા હતા. તે વખતે જાણે એકલો આત્મા જ બોલે છે, એવો ભાસ થતો હતો. તે વખતે ખંભાતમાં રહેનાર એક શ્રાવકભાઈ લોકમાં વિદ્વાન તરીકે ગણાતો હતો. તે હુકમ મુનિના ગ્રંથ વાંચતો. તેને વેદાન્તનો આશ્રય હતો. કેવળજ્ઞાન સુધીની માન્યતા કરી હતી. તે ભાઈ સાહેબજી પાસે આવ્યા હતા. તે વખતે સાહેબજી આત્માના ઘરની વ્યાખ્યા કરતા હતા. સાહેબજીએ કીધું કે આત્મજ્ઞાન



તેને કહેવાય કે ખોળામાં આવીને સિંહ બેસે, સર્પ બેસે પણ કિંચિત્માત્ર રૂંવાડામાંય પણ તેને ભય થાય નહીં તે જ્ઞાન છે.



તે વખતે પેલા ભાઈ, સાહેબજી પ્રત્યે હાથ જોડી વારંવાર બોલ્યા કે હું તેવો નથી. ઇત્યાદિ બોલ્યા હતા. પછીથી તે ભાઈનો મદ ગળી ગયો, અને તે ભાઈ સાહેબજી પાસે ગયા પછીથી સાહેબજીના વખાણ કરતા હતા એમ તેમના ચિરંજીવી પુત્ર હીરાભાઈથી વાત જાણી હતી. તેઓ હાલ શ્રી સુબોધક પુસ્તકાલયમાં આવે છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૯૧)

સ્વધર્મ એ બહુ ગુપ્ત છે. તે કોઈક મહાભાગ્યે સદ્ગુરુ કૃપાએ પામે છે

''ધર્મ'' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર-સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતરસંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે.''

(વ.પૃ.૧૭૮)

'સ્વધર્મ સંચય નાહીં'.....

'ઉપદેશામૃત' માંથી :–

પોતાના આત્માની સંભાળ આટલો ભવ લે તો સ્વધર્મ સંચય થાય


'' 'જાગ્યા ત્યાંથી સવાર;' ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. આત્મા તો મરવાનો છે નહીં. ત્યારે તેની



સંભાળ હવે લો. સબ સબકી સંભાલો મૈં મેરી ફોડતા હૂં.' પોતાની–પોતાના આત્માની સંભાળ આટલો એક ભવ લો.'' -ઉપદેશામૃત (પૃ.૩૭૨)

ગોવાળણને ઠગી પણ મુનિ મળતા પોતાના આત્માની સંભાળ લઈ લીધી


આભીરી અને વણિકનું દૃષ્ટાંત :– ''કોઈ ગામમાં એક વણિક હતો. તે દુકાને બેસીને હમેશાં વેપાર કરતો હતો. એકદા તેની દુકાને કોઈ અતિ સરળ સ્વભાવની ગોવાળણ બે રૂપિયા લઈને કપાસ લેવા આપી. તેણે વણિકના હાથમાં બે રૂપિયા આપી તેનો કપાસ આપવા કહ્યું, એટલે તે વણિકે 'હાલમાં કપાસ બહુ મોંઘો છે.' એમ કહીને અર્ધા અર્ધા રૂપિયાની બે ધારણ તોળીને તેને એક રૂપિયાનો કપાસ આપ્યો. તે અતિ સરળ સ્વભાવવાળી ગોવાળણ ''બે વખત જોખી આપવાથી બે રૂપિયાનો મને કપાસ આપ્યો.'' એમ જાણીને તે કપાસ લઈ પોતાને ઘેર ગઈ.



પછી તે વણિકે વિચાર્યું કે ''આજે એક રૂપિયો ફોગટનો મળ્યો છે, માટે આજ તો હું તેનું ઉત્તમ ભોજન જમું.'' એમ વિચારીને તે રૂપિયાનું ઘી, ખાંડ, ઘઉં વગેરે ખરીદીને ઘેર મોકલ્યું, અને પોતાની સ્ત્રીને તેના ઘેબર કરવાનું કહેવરાવ્યું. તે સ્ત્રીએ ઘેબર તૈયાર કર્યા; તેવામાં બીજા કોઈ ગામમાં રહેતો તેનો જમાઈ પોતાના મિત્ર સહિત કોઈ કામ સારું આવ્યો. તેને જોઈને હર્ષિત થયેલી પેલા વણિકની સ્ત્રીએ તે બન્નેને ઘેબર જમાડ્યા. ''સ્ત્રીઓને જમાઈ પર અતિ સ્નેહ હોય છે.''



તેઓ જમીને ગયા પછી તે વણિક ભોજનને માટે ઘેર આવ્યો, ત્યારે હમેશની જેવું સ્વાભાવિક ભોજન જોઈને તેણે પોતાની સ્ત્રીને પૂછ્યું કે "હે પ્રિયા! તેં આજે ઘેબર કેમ કર્યા નહીં?" સ્ત્રીએ જવાબ આપ્યો કે "હે સ્વામી! ઘેબર તો કર્યા હતા, પણ તે સત્પાત્રને જમાડ્યા છે. આજે કાંઈ કામ માટે આપણા જમાઈ તેના મિત્ર સહિત અહીં આવ્યા હતા, તેને જવાની ઉતાવળ હતી, તેથી તેને તે ઘેબર જમાડ્યા છે." તે સાંભળીને વણિક ખેદયુક્ત થઈ વિચાર કરવા લાગ્યો કે "મેં બીજાને માટે થઈને બિચારી ગોવાળણને નકામી છેતરી. તેને છેતરવાનું પાપ મને લાગ્યું, અને ઘેબર તો બીજાએ જ ખાધા. મૂર્ખ પુરુષો સ્ત્રી પુત્રાદિકને માટે અત્યંત પાપ કર્મ કરે છે, પણ તે પાપનું ફળ તો તેને પોતાને જ ભોગવવું પડે છે."



એમ વિચારી તે ગામ બહાર જઈને દેહચિંતા કરી પાછો વળતાં સૂર્યના તાપવડે ગ્લાનિ પામવાથી એક વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠો; તેવામાં કોઈ મુનિને ગોચરી જતા જોઈને તેણે કહ્યું કે "હે પૂજ્ય! અહીં આવો. જરા વિશ્રાંતિ લ્યો અને મારી એક વાત સાંભળો." તે સાંભળીને જ્ઞાની મુનિએ કહ્યું કે "હું મારા પોતાના કાર્ય માટે ઉતાવળે જાઉં છું, તેથી હું રોકાઈશ નહીં." વણિક



બોલ્યો કે ''હે મહારાજ! શું બીજાને કામે પણ કોઈ જતા હશે કે જેથી આપ એવું બોલ્યા કે હું મારા પોતાના કાર્ય માટે જાઉં છું?'' મુનિ બોલ્યા કે ''બીજાના કાર્ય માટે ઘણા જીવો ક્લેશ પામે છે; તેમાં પ્રથમ તો સ્ત્રીપુત્રાદિકને માટે ક્લેશ પામતો એવો તું જ દૃષ્ટાંતરૂપ છે.'' આ એક જ વાક્યથી પ્રતિબોધ પામીને તે વણિકે મુનિને કહ્યું કે ''આપ તપનું પારણું વિગેરે કરો. પછી હું આપની પાસે આવીશ.'' પછી મુનિ નિર્દોષ આહારવડે દેહને ભાડું આપીને સ્વાધ્યાય ધ્યાન કરવા લાગ્યા. તે વખતે તે વણિકે તેમની પાસે જઈ ધર્મનું શ્રવણ કર્યું.

ઇત્યાદિ ગુરુના ઉપદેશથી પ્રતિબોધ પામેલા વણિકે ગુરુને કહ્યું કે ''હે ગુરુ! બંધુવર્ગની રજા લઈને દીક્ષા લેવા માટે હું અહીં પાછો આવું ત્યાં સુધી આપ અહીં જ રહેજો.'' એમ કહીને ઘેર જઈ તેણે સર્વ સ્વજનોને તથા પોતાની સ્ત્રીને કહ્યું કે ''આ દુકાનના વ્યાપારથી મને ઘણો અલ્પ લાભ મળે છે, માટે ઘણો લાભ મેળવવા સારુ મારે પરદેશ વ્યાપાર કરવા જવું છે; તેને માટે અહીં બે સાર્થવાહ છે. તેમાં એક સાર્થવાહ એવો છે કે તે પોતાનું ધન આપીને ઇચ્છિત નગરમાં લઈ જાય છે. અને મેળવેલા ધનમાં પોતે ભાગ લેતો નથી; અને બીજો સાર્થવાહ એવો છે કે તે પોતાનું ધન આપતો નથી અને તેની સેવા કરતાં તે પ્રથમનું ઉપાર્જન કરેલું સર્વ ધન પણ લઈ લે છે; તો તમે સર્વ કહો કે હું કયા સાર્થવાહની સાથે જાઉં?'' ત્યારે સર્વ બોલ્યા કે ''તમે પહેલા સાર્થવાહની સાથે જાઓ.'' તે સાંભળીને તે વણિક સર્વ બંધુઓને લઈને બહાર ઉદ્યાનમાં આવ્યો. ત્યાં બંધુઓએ 'સાર્થવાહ ક્યાં છે?'' એમ પૂછ્યું, ત્યારે તે બોલ્યો કે ''આ વૃક્ષની નીચે બેઠેલા સિદ્ધિપુરીના સાર્થવાહ આ સાધુ છે.





તે પોતાના ધર્મરૂપી ધનને આપીને હમેશાં વ્યાપાર કરાવે છે, અને તેમાં જે લાભ મળે છે તેમાંથી તે લેશમાત્ર પણ ગ્રહણ કરતા નથી. તેથી આની સાથે ઇચ્છેલી એવી મુક્તિપુરીએ હું જઈશ. બીજો સાર્થવાહ તે સ્ત્રી, સ્વજન વિગેરે જાણવા. તે પૂર્વનું ધર્મરૂપી ધન લઈ લે છે, અને નવું ધન બિલકુલ આપતા નથી; માટે તમેજ મને આનંદથી કહ્યું છે કે પહેલા સાર્થવાહ જોડે જાઓ; તેથી હું તમારા સર્વનો સંબંધ મૂકીને સ્વધર્મનો સંચય કરવા આ મુનિનો જ આશ્રય કરું છું.'' -ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૫ (પૃ.૧૫૩)

પુરબિયાની જેમ પોતાના આત્માની સંભાળ રાખે તો સ્વધર્મ પામે

પુરબિયાનું દૃષ્ટાંત :–''કેટલાક પુરબિયા ઉજાણી કરવા નદી-કિનારે ગયા હતા. દરેકે પોતપોતાનો જુદો ચોકો કરી રસોઈ કરી. પછી નદીમાં નાહવા માટે બધા ગયા.



નાહીને પાછા આવ્યા ત્યારે એક પુરબિયાને શંકા પડી કે મારો ચોકો કયો હશે. તે નક્કી કરવા તેણે એક પથરો ઉપાડી બધાને કહ્યું, 'સબ સબકી સંભાલો, મૈં મેરી (હાંડી) ફોડતા હૂં' એટલે સૌ પોતપોતાની હાંડીઓ સંભાળી બેઠા. એટલે એણે પથરો નાખી દઈને પોતાનો ચોકો સંભાળી લીધો.'' -ઉપદેશામૃત (પૃ.૩૭૨)

તેમ પર પંચાત મૂકી પોતાના આત્માની સંભાળ રાખે તો જીવ સ્વધર્મ પામે.



મિથ્યાત્વરૂપી કાટ જાય તો જીવ ભેદજ્ઞાન પામી કંચન જેવો થાય

પારસમણિનું દૃષ્ટાંત :– ''એક મહાત્માએ પ્રસન્ન થઈને પોતાના ભક્તને સાત દિવસ માટે પારસમણિ આપ્યો, અને કહ્યું કે સાત દિવસમાં જેટલું આનાવડે સોનું બનાવવું હોય તેટલું બનાવી લે. શિષ્ય સોનુ બનાવવા માટે સસ્તુ લોખંડ શોધી ઘણું લઈ આવ્યો પણ તે બધું કાટવાળું હતું. તેથી તેનું રતિભાર પણ સોનું બન્યું નહીં. સાત દિવસ પૂરા થયેથી પારસમણિ પાછો આપી દેવો પડ્યો. અમૂલ્ય વસ્તુ મળવા છતાં પણ તે ભિખારી જ રહ્યો.



તેમ મિથ્યાત્વરૂપી કાટ એટલે દેહમાં આત્મબુદ્ધિરૂપી કાટ આપણા આત્મા ઉપર લાગેલો છે. તેથી પારસમણિ સમાન જ્ઞાનીપુરુષનાં વચનો મળવા છતાં પણ આત્મા કંચનમય બની શકતો નથી. અને ચાર દિવસની ચાંદની જેવું આ આયુષ્ય તો વિષયકષાયમાં પૂરું થઈ જાય છે. માટે અત્યંત પુરુષાર્થ કરી મિથ્યાત્વરૂપી કાટને શ્રદ્ધાના બળે કાઢી નાખવાનો જ પ્રયાસ જીવે કરવો જોઈએ. તો સ્વઆત્મધર્મનો સંચય થઈ જીવને ભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય.''

'બોધામૃત ભાગ-૧' માંથી :–

'સહજાત્મસ્વરૂપ' એ જ સ્વધર્મ છે પણ મેં તેનું રટણ કરી સંચય કર્યો નહીં


''નવકારમંત્ર'' અને ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એ એક જ છે. નવકારમાં પહેલું 'णमो अरिहंताणं' એમ આવે છે. અરિહંત છે તે સહજાત્મસ્વરૂપ છે. પછી 'णमो सिद्धाणं', સિદ્ધ છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो आयरिआणं', આચાર્ય છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो



उवज्झायाणं', ઉપાધ્યાય છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. 'णमो लोए सव्वसाहूणं', સાધુ છે તે પણ સહજાત્મસ્વરૂપ છે. આ બધામાં પૂજવા યોગ્ય વસ્તુ 'સહજાત્મસ્વરૂપ' છે અને પાંચે પરમેષ્ઠી પરમગુરુ છે. કૃપાળુદેવે આપણને ટૂંકામાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'માં બધું કહી દીધું છે.'' -બો.૧ (પૃ.૫૨૩)

દાણાની જેમ સ્મરણમંત્ર મળ્યો તો તેમાં દિનોદિન વૃદ્ધિ કરી આત્મહિત કરવું

વિચક્ષણ વહુનું દૃષ્ટાંત :– ''એક શેઠ વૃદ્ધ થયા. તેથી તેમણે વિચાર્યું કે હવે આ ઘરનું કારોબાર કોને અને કેવી રીતે સોંપવું. તેની પરીક્ષા કરવા માટે પોતાના સગાવહાલાને એક દિવસ બોલાવી જમાડીને તેમની સામે પોતાની ચારે છોકરાઓની વહુઓને બોલાવી દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપ્યા.



તેમાં સહુથી મોટી હતી તેણે વિચાર્યું કે સાઠે બુદ્ધિ નાઠી લાગે છે. તેથી સસરાએ બધાની વચ્ચે કંઈ દાગીના કે કીમતી ચીજ આપવાને બદલે આવા દાણા આપ્યા એમ વિચારી તેણે તે ફેંકી દીધા. બીજીએ વિચાર્યું કે દાણા તો ખાવા માટે હોય એમ વિચારી પ્રસાદરૂપે જાણી તેના છોડાં ઉખેડીને ખાઈ ગઈ. ત્રીજીએ વિચાર્યું કે સસરાજીએ દાણા આપ્યા છે તે કંઈ કારણસર હશે નકામા તો નહીં હોય. માટે કોઈવાર કામે લાગશે એમ વિચારી ડાબલીમાં સાચવીને સંઘરી રાખ્યા. ચોથી વહુ જે સહુથી નાની હતી તે બહુ વિચક્ષણ હતી તેણે એ પાંચે દાણાને પોતાના પિયરે મોકલી



વવરાવ્યા. નવા દાણા થયા તેનાથી બીજે વર્ષે ફરી ખેતી કરાવી. એમ પાંચ વર્ષ કરાવ્યું. તેથી ઘણાં ગાડાં ભરાય એટલી ડાંગર થઈ. પાંચ વર્ષ પછી શેઠે ફરીથી બધાની વચ્ચે ચાર વહુઓને બોલાવી તે દાણાનું શું કર્યું? એમ પૂછ્યું. બે જણીએ પોતાની વીતેલી વાત કહી કે હું ખાઈ ગઈ અને ફેંકી દીધા. ત્રીજીએ પોતે સંઘરેલા દાણા લાવીને બતાવ્યા અને ચોથી વહુએ કહ્યું કે તે દાણા લાવવા માટે તો ઘણા ગાડાં જોઈશે.



પછી તે મુજબ પોતાના પિયરથી અનેક ગાડાં ભરીને દાણા મંગાવ્યા આથી શેઠે વિચારીને તેને ઘરની માલકણ કરીને તિજોરી સોંપી. જેણે દાણા સાચવી રાખ્યા હતા તેને ઘરની બીજી દેખરેખ રાખવાનું કામ સોંપ્યું. જે ખાઈ ગઈ હતી તેને રસોડાનું કામ સોંપ્યું. અને જેણે દાણા ફેંકી દીધા હતા તેને ઘર સાફસૂફ અને કચરો બહાર ફેંકવાનું કામ સોંપ્યું. આ વાત પરથી આપણે આ સમજવાનું છે કે સત્પુરુષ પાસેથી આત્માની વાત મળી હોય કે સ્મરણમંત્ર મળ્યો હોય તો તેને વિસારી ન દેતાં જેટલો બને તેટલો પુરુષાર્થ કરી દિનોદિન તેમાં વૃદ્ધિ કરવી. તો સ્વઆત્મધર્મનો જીવને સાક્ષાત્ અનુભવ થાય.'' (નિત્ય.પાઠ પૃ.૧૪)

જે કંઈ કરું તે આત્માર્થે એટલે સ્વધર્મ પ્રાપ્તિ માટે કરું

''પૂજ્યશ્રી–કરવાનું છે આત્માના હિત માટે. પ્રભુશ્રીજી કહેતા કે જે કંઈ કરવું તે આત્માર્થે.



આત્માને ભૂલ્યો તો બધું નકામું જાય. લોકોને દેખાડવા કરે તે કંઈ કામનું નથી. પ્રભુશ્રીજી કહેતા કે આત્મા જુઓ. બેટ્ટો હોય તે બીજું જુએ. આત્માને ન ભૂલવો. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે દૂધ આખરે ત્યારે મેળવણ નાખે છે, તો દહીં થાય. નહીં તો દૂધ બગડી જાય. તેમ જે કંઈ કરવું તેમાં 'આત્માર્થે કરવું છે' એ મેળવણ નાખવું, તો કામ બગડે નહીં.'' -બો.૧ (પૃ.૫૧૩)

'નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ'.....

અન્યધર્મ એટલે આત્મધર્મથી વિપરીત તે અન્ય ધર્મ. આત્મધર્મ સિવાય અન્ય ધર્મને બતાવનાર એવા કુદેવ, કુગુરુ અને કુધર્મથી મારી નિર્મળપણે એટલે સંપૂર્ણપણે આત્માર્થે નિવૃત્તિ થઈ નથી; અર્થાત્ કુદેવ, કુગુરુ કે કુધર્મના નિમિત્તે માન પોષવાની કે સાંસારિક વાસનાઓ પોષવાની વૃત્તિથી હું સંપૂર્ણપણે નિવૃત્ત થયો નથી. અને દેવી દેવતાઓની માન્યતા રાખી હજુ મિથ્યાત્વને જ પોષણ આપી રહ્યો છું. પણ આત્માના ધર્મો કે ગુણો જે દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ છે તે પ્રગટાવવા પુરુષાર્થ પણ કરતો નથી.

વળી આત્મા સિવાય શરીર, માન મોટાઈ અને તેને લઈને વિષયવિકાર, મોહ આદિ વિભાવભાવોમાં મારી વૃત્તિ જાય છે તે બધા આત્મા સિવાય પરધર્મો છે; તેની પણ નિવૃત્તિ મારા આત્માના કલ્યાણ માટે હજુ સુધી મારાથી થઈ નથી.

આ સર્વ બાહ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરી આવો અદ્‌ભુત યોગ મળ્યો છે તો ભક્તિ, સત્સંગ, સ્વાધ્યાય, સ્મરણમાં જ કાળ ગાળવો જોઈએ પણ તેમ કરવામાં મારું બળ ચાલતું નથી, માટે આપ કૃપા કરી મને બળ આપો કે જેથી હું નિવૃત્તિ લઈને ભક્તિ, સત્સંગ, સ્વાધ્યાય જ કર્યા કરું.

'નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

નિવૃત્તિ મેળવી આત્માને જાગૃત કરવો એવી જ્ઞાનીપુરુષની આજ્ઞા

''પરમનિવૃત્તિ નિરંતર સેવવી એ જ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે; તથારૂપ યોગમાં અસમર્થતા હોય તો નિવૃત્તિ સદા સેવવી, અથવા સ્વાત્મવીર્ય ગોપવ્યા સિવાય બને તેટલો નિવૃત્તિ સેવવા યોગ્ય અવસર પ્રાપ્ત કરી આત્માને અપ્રમત્ત કરવો એમ આજ્ઞા છે.'' (વ.પૃ. ૬૫૪)

સવાર સાંજ નિવૃત્તિ લઈ આ સંસારથી કેમ છૂટાય તે શોધજે

''વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.'' (વ.પૃ.૬)

આત્મજ્ઞાન શીઘ્ર થવા અત્યંત પુરુષાર્થ કરી પરપરિચય છોડવો જ

''અલ્પ કાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે; અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતો હોય તો



તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી.'' (વ.પૃ.૪૨૧)

સંસાર સંબંધી પ્રસંગને જેમ બને તેમ સંક્ષેપી આત્મહિત કરવું

''લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને, તેને સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.'' (વ.પૃ.૪૨૩)

ઉપવાસ નિવૃત્તિ માટે છે તે દિવસે વિશેષ ધર્મધ્યાન કરવું

''નિવૃત્તિ માટે ઉપવાસ બતાવ્યા છે. હાલમાં કેટલાક અજ્ઞાની જીવો ઉપવાસ કર્યો હોય ત્યારે દુકાને બેસે છે, અને તેને પૌષધ ઠરાવે છે. આવા કલ્પિત પૌષધ જીવે અનાદિકાળથી કર્યા છે. તે બધા જ્ઞાનીઓએ નિષ્ફળ ઠરાવ્યા છે.'' (વ.પૃ.૭૧૮)

પ્રતિદિન થોડી પણ નિવૃત્તિ લઈ ચિત્તવૃત્તિ અવશ્ય સ્થિર કરવી

''ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણાં તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઈ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.'' (વ.પૃ.૨૬૨)

અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ આત્મજોગ પ્રગટે

''વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળના હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે.'' (વ.પૃ.૪૫૧)

અલ્પ પણ નિવૃત્તિ ગમતી નથી તો મિથ્યાત્વથી છૂટવું કેટલું દુર્ધર

''અલ્પમાં અલ્પ એવી નિવૃત્તિ કરવામાં પણ જીવને ટાઢ વછૂટે છે, તો તેવી અનંત પ્રવૃત્તિથી કરી જે મિથ્યાત્વ થાય છે, તેથી નિવર્તવું એ કેટલું દુર્ધર થઈ પડવું જોઈએ? મિથ્યાત્વની નિવૃત્તિ તે જ 'સમ્યક્ત્વ' ''. (વ.પૃ.૭૫૪)

વૃત્તિઓને રોકી અંતર્મુખ કરવી; અવશ્ય એ જ જ્ઞાનીની આજ્ઞા

''દૃઢ નિશ્ચય કરવો કે વૃત્તિઓ બહાર જતી ક્ષય કરી અંતર્વૃત્તિ કરવી; અવશ્ય એ જ જ્ઞાનીની આજ્ઞા છે.'' (વ.પૃ.૬૯૧)

મનુષ્યત્વના સફળપણા માટે સત્પુરુષ, સત્સંગ આદિની જરૂર

''જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો



જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.'' (વ.પૃ.૨૬૨)

(શ્રી જેઠાલાલ જમનાદાસ ભાવસાર વસોવાળાના પ્રસંગમાંથી)

માત્ર આત્મધ્યાન અર્થે નિવૃત્તિ લઈ એકાંત સેવનાર પરમકૃપાળુદેવ

શ્રી જેઠાલાલભાઈનો પ્રસંગ :–''ત્રીજે દિવસે કોઈ કાઠિયાવાડથી જીવરાજ કરીને વાણિયો આવ્યો હતો. તેણે પ્રશ્ન કર્યો હતો. તે પ્રશ્ન તદ્દન વિરુદ્ધ પક્ષનો હતો. તેનું પણ સમાધાન સાહેબજીએ કરી નાખ્યું હતું અને તે ઉપરથી એણે રાજી થઈને કહ્યું કે સાહેબજી આ મારી સોનાની વીંટી છે તે તમને ખુશીથી ઈનામ આપું છું એને લઈ મને પાવન કરો.

ત્યારે સાહેબજીએ તે માણસને ઘણો જ ઠપકો દીધો કે શું અમે વેપાર કરવા નીકળ્યા છીએ? અને વેપાર કરવો હોય તો ગામડાંમાં શું કરવા રહીએ?

કૃપાળુશ્રી નિવૃત્તિનું જ સ્થાનક શોધતા હતા. ઉપરની વાતો પરથી મને ચોક્કસ થયું કે આ પુરુષને બિલકુલ લાલચ નથી. માટે તે નિર્લોભી છે એમ નક્કી થયું હતું. -શ્રીમદ્ રા.પ્રે.પ્રસંગો (પૃ.૨૭૪)

'બોધામૃત ભાગ-૧' માંથી :–

જેને આત્માનું કલ્યાણ કરવું છે તેને તો આ આશ્રમ તપોવન જેવું છે

''જે જે પદાર્થ નિવૃત્તિ આપે એવા હોય તે નિવૃત્તિદ્રવ્ય છે. નિવૃત્તિવાળું ક્ષેત્ર હોય તેથી કામ કરી લેવું. કૃપાળુદેવે લખ્યું છે કે એવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? પ્રભુશ્રીજીએ આ કરી આપ્યું. જેને આત્માનું કલ્યાણ કરવું છે તેને તો આ આશ્રમ તપોવન જેવું છે. નિવૃત્તિને માટે કાળ વધારે કાઢે તે નિવૃત્તિકાળ અને સંકલ્પવિકલ્પોમાં ન જાય તે નિવૃત્તિભાવ છે.'' (જૂનું બો.૧ પૃ.૩૧૧)

''એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

અર્થ :–''એમ અનેક પ્રકારથી વિચાર કીધા પણ સત્‌સાધન મળ્યું નહીં. હું સાધનરહિત જ રહ્યો. મારામાં એક પણ સદ્‌ગુણ નથી. મારું મોઢું તને કેવી રીતે બતાવું, શરમ આવે છે. એટલા દોષો ભરેલા છે કે હું કહી શકતો નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'એમ અનંત પ્રકારથી સાધન રહિત હુંય'.....

હે ભગવાન! મેં પૂર્વજન્મોમાં મારા આત્મકલ્યાણ માટે અનંત પ્રકારના સાધનો કુગુરુની આજ્ઞાથી કે સ્વચ્છંદે કર્યા તેથી હજુ સુધી મારા જન્મમરણનો અંત આવ્યો નથી. હવે આપ પરમકૃપાળુનો યોગ થયો છે. 'માર્ગને પામેલો માર્ગ પમાડશે.' તેથી આપના બોધને જાણી, તેની શ્રદ્ધા કરવાથી જરૂર છૂટવાની વાતનો આત્મામાંથી ભણકાર થશે અને તેમ વર્તવાનો પણ ભાવ થશે. આના વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૧૬૬ માં નીચે પ્રમાણે જણાવે છે :–



અનાદિકાળના પરિભ્રમણમાં મોક્ષે જવા અનંત પ્રકારના સાધનો કર્યા

''૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી. 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.'' (વ.પૃ.૨૪૬)

બે અક્ષરમાં માર્ગ રહ્યો છે જ્ઞાન અને જ્ઞાની. જ્ઞાન જ્ઞાનીમાં હોવાથી જ્ઞાની

''અનંતકાળથી પરિભ્રમણ છે, એમાં વિદ્યા ઘણી વાર ભણ્યો, જિનદીક્ષા લીધી, આચાર્યપણું મળ્યું, પણ સત્ મળ્યા નથી. સત્ પામવા પ્રથમ જ્ઞાની કહે તે સાંભળવું, પછી એની શ્રદ્ધા કરવી. પોતાના ભાવથી બંધાય છે, પોતાના ભાવથી છૂટાય છે. અંતરંગ ક્રિયા છે તે સદ્‌ગુરુ વિના સમજી ન શકાય. માટે સદ્‌ગુરુની ભક્તિ, શરણ લેવાં. જ્ઞાન જોઈતું હોય તો જ્ઞાની પાસે જવું. જ્યાં મોક્ષમાર્ગ છે, ત્યાં જાય તો મોક્ષમાર્ગે ચઢે. અનાદિકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે, પણ આત્મા પ્રાપ્ત થયો નથી.

સત્પુરુષનું ઓળખાણ થવું મુશ્કેલ છે. ઓળખાણ થયા પછી જો એક વચન મરતાં સુધી પકડ કરી લે તો મોક્ષ થઈ જાય. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એ મોક્ષમાર્ગ છે અને એ આત્મા જ છે. બહાર શોધવાથી ન મળે. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે. તે બે અક્ષર કયા હશે ? પ.ઉ.પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે જ્ઞાન અને જ્ઞાની.'' (બો.૨ પૃ.૩૫)

'નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ?'.....

હે ભગવાન! એક પણ આત્મગુણ હજુ સુધી મારામાં પ્રગટ્યો નથી; તો હું પાપી એવો આપને શું મોઢું બતાવું. જ્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી એક પણ ગુણ ખરેખર પ્રગટ્યો કહેવાય નહીં.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

''દાન, શીલ, તપ સુંદર ગુણ પણ, પથ્થરતુલ્ય પ્રમાણોજી,
જો મિથ્યાત્વ વસે ઉરમાં તો, કહે જિનવર, જન જાણોજી. વિનય૦

અર્થ :– દાન, શીલ અને તપ એ સુંદર ગુણો હોવા છતાં, હૃદયમાં જો મિથ્યાત્વનો વાસ છે તો તે ગુણોને પણ પત્થર સમાન જાણો એમ જિનેશ્વર કહે છે. કેમકે દાન, શીલ અને તપની આરાધના કરીને પણ જો આલોક કે પરલોકમાં દેવાદિકના ઇન્દ્રિય સુખ મેળવવાની જ ઇચ્છા છે તો તે ગુણો તેને દેવલોકમાં લઈ જઈ મોહમાં ફસાવી ફરી હલકી ગતિમાં લઈ જનાર હોવાથી તે



મિથ્યાત્વ સહિત ગુણોને પણ પત્થર સમાન ભવસાગરમાં ડૂબાડનાર જ માનવા યોગ્ય છે. ।।૪।।

સમ્યક્‌દર્શન સાથે તે ગુણ રત્નતુલ્ય અમૂલ્યજી,
અવગુણ પણ સઘળા સવળા ત્યાં મહિમા કોઈ અતુલ્યજી. વિનય૦

અર્થ :– દાન, શીલ, તપાદિ ગુણો જો સમ્યક્‌દર્શન સાથે હોય તો તે રત્નતુલ્ય અમૂલ્ય ગણવા યોગ્ય છે. સમ્યક્‌દર્શનની હાજરીમાં તો અવગુણો પણ સઘળા સવળા થઈ જાય છે. એવો સમ્યક્‌દર્શનનો અતુલ્ય મહિમા છે. તેનું કારણ એ છે કે સમ્યગ્‌દૃષ્ટિ જીવને સંસારમાં ઉદયાધીન કાર્ય કરતા છતાં પણ હૃદયમાં કર્ત્તાભાવ હોતો નથી. તે બાહ્યથી કર્ત્તા દેખાય છે પણ અંતરથી માત્ર સાક્ષીરૂપે રહે છે. તેથી જ્ઞાનીપુરુષો ખાતા છતાં ખાતા નથી, પીતાં છતાં પીતા નથી, ભોગવતા છતાં ભોગવતા નથી; એવો સમ્યક્‌દર્શનનો મહિમા અપરંપાર છે.'' ।।૫।। (પ્ર.૧ પૃ.૪૧૯)

''પૂજ્ય ગૃહસ્થપણું ગણ્યું, આવું ભક્તિ-ધામ,
સદ્‌ગુણ-ગણ વિના નહીં શોભે શ્રાવક નામ. ૧૮

અર્થ :– જેને સત્પુરુષ પ્રત્યે ભક્તિ જાગી છે, જેના ઘરના બધા ભક્તિ કરતા હોવાથી ઘર પણ ભક્તિનું ધામ બન્યું છે, તેનું ગૃહસ્થપણું વખણાય છે, પૂજ્ય મનાય છે. પણ સદ્‌ગુણના સમૂહ વગર ગૃહસ્થનું શ્રાવક એવું નામ શોભા પામતું નથી.'' -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૪૩૩)

''શ્રાવક કોને કહેવા? જેને સંતોષ આવ્યો હોય; કષાય પાતળા પડ્યા હોય; માંહીથી ગુણ આવ્યો હોય; સાચો સંગ મળ્યો હોય તેને શ્રાવક કહેવા.'' (વ.પૃ.૭૨૯)

''કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.'' ૧૪

અર્થ :– ''હે સર્વજ્ઞ ભગવાન! તમે કેવળ દયાની મૂર્તિ છો, દીનના બંધુ અને નાથ છો. હું મહાપાપી છું, અને પરમ અનાથ છું. મારો હાથ ગ્રહીને મને તારો 'હાથ ગ્રહો' એટલે શું? કંઈ સદ્‌ગુરુ હાથ ઝાલવા આવે? 'ગ્રહો પ્રભુજી હાથ' એટલે મને બોધ આપીને મારી મિથ્યા માન્યતા ટળે તેમ કરો. હું ડૂબી રહ્યો છું, માટે બોધરૂપી હાથથી ગ્રહીને મને પકડીને બહાર કાઢો.''

-પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'કેવળ કરુણા મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ'.....

આપ તો હે પ્રભુ માત્ર કરુણાની જ મૂર્તિ છો અર્થાત્ દયાના જ સાગર છો. અને દીનબંધુ એટલે મારા જેવા પામરના પણ આપ મિત્ર છો. અને દીનનાથ એટલે મારા જેવા ગરીબના આપ નાથ પણ છો.

''અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૰૬



સંક્ષેપાર્થ :– હે પ્રભુ! આપની મૂર્તિ તો અમિયભરી એટલે અમૃતરસનો ભરેલો જાણે કુંડ ન હોય એવી ભાસે છે. એની રચનાની ઉપમા બીજા કોઈ સાથે આપી શકાય એમ નથી.

વળી આપની મૂર્તિ તો રાગદ્વેષથી રહિત અને સમભાવ સહિત એવા શાંત સુધારસમાં ઝીલી રહી છે કે જેને નિરખત એટલે ઘારીઘારીને જોવા છતાં પણ મારા મનને તૃપ્તિ થતી નથી, અર્થાત્ વારંવાર જોયા કરવાની ભાવના રહ્યા કરે છે. કારણ કે તદ્રૂપ બનવા માટે આપની મૂર્તિ મને પરમ આધારરૂપ છે.'' ।।૬।। -ચૈત્યવંદન ચોવીશી (અર્થસહિત) ભાગ-૧ (પૃ.૧૫૯)

(શ્રી મલુકચંદભાઈ મોરબીવાળાના પ્રસંગમાંથી)

શાંત વીતરાગ મુદ્રા - કેવળ કરુણાની મૂર્તિ જાણે સાક્ષાત્ ભગવાન જ છે

શ્રી મલુકચંદભાઈનો પ્રસંગ :– પરમકૃપાળુદેવની મુદ્રા તદ્દન વિષય-કષાય રહિત અને શાંત હતી અને આખા શરીરમાં વીતરાગતા પ્રસરી રહી હતી. ગમે તે વખતે જુઓ પણ મુખારવિંદ અન્ય પરિણામને ભજતું નહીં. કેમ જાણે સાક્ષાત્ ભગવાન જ હોય! તેમ જ થતું. વાત કરે તેમાં પૂર્વાપર વિરોધ હોય નહીં. અખંડ ઉપયોગ રાખતા તથા વાતની સંકલના અદ્ભુત લાગતી. ખાતાં, ઉઠતાં, બેસતાં તદ્દન અપ્રમત્ત દશા જોવામાં આવતી.

એક વખત બોલ્યા કે, જ્ઞાન અમારામાં પરિણમેલું છે. તે મુખારવિંદ જોતાં ખુલ્લી રીતે જણાતું હતું. વાણી તદ્દન અમૃતમય અને સાતિશયવાળી હતી. વચન એવાં ટંકોત્કિર્ણ હતાં કે સામા માણસ ઉપર અસર થયા વિના રહે જ નહીં. અને એમ જ ઇચ્છા રહે કે તેઓશ્રીની સમીપમાં રહીએ જેથી હમેશાં નવું નવું સાંભળીએ. સાહેબજીને ઘણી લબ્ધિઓ પ્રગટી હતી.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૭૯)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧,૨' માંથી :–

''શ્રી રાજચંદ્ર-ચરણે નમું જયવંતાજી, જેના ગુણ અનંત રે ગુણવંતાજી,
તારક તત્ત્વ બતાવતા જયવંતાજી, અકામ કરુણાવંત રે ગુણવંતાજી. ૧

અર્થ :– શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં હું પ્રણામ કરું છું. જેનું શુદ્ધ સ્વરૂપ ત્રણે કાળમાં જયવંત છે, અર્થાત્ જેના શુદ્ધ સ્વરૂપનું અસ્તિત્વ ત્રણેય કાળમાં વિદ્યમાન છે. તે શુદ્ધ સ્વરૂપમાં અનંત ગુણ રહેલા હોવાથી તે ગુણોના ભંડાર છે. જે ભવ્યાત્માઓને સંસાર સમુદ્રથી તારનાર એવા આત્મતત્ત્વને બતાવનારા છે, એવા પરમકૃપાળુ પ્રભુ અકામ એટલે નિષ્કામ કરુણાશીલ સ્વભાવવાળા હોવાથી સદા પૂજનીય છે. ।।૧।।

ગુણ ગુરુના શું વર્ણવું? જય૦ અમાપ એ ઉપકાર રે ગુણ૦
કેવળ કરુણા-મૂર્તિ તે, જય૦ મોક્ષમાર્ગ-દાતાર રે ગુણ૦૨

અર્થ :– એવા ગુરુ ભગવંતના ગુણોનું હું શું વર્ણન કરી શકું? જેને મારા પર કોઈ કાળે



માપ ન નીકળી શકે એવો અનંત અમાપ ઉપકાર કરેલ છે.

'આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.'' -શ્રીમદ્ રાજચંદ્ર

જે માત્ર કરુણાની જ મૂર્તિ હોવાથી જન્મમરણથી છૂટવારૂપ મોક્ષનો માર્ગ બતાવી મારા પર અનંતી દયા કરી છે. મારા ભવિષ્યમાં આવનાર અનંતકાળના દુઃખોને ફેડી શાશ્વત સુખશાંતિનો માર્ગ બતાવી જે ઉપકાર કર્યો છે તેનો પ્રત્યુત્તર વાળવા હું સર્વથા અસમર્થ છું.

'સમકિતદાયક ગુરુ તણો, પ્રત્યુપકાર ન થાય;''
ભવ કોડાકોડી લગે, કરતા ક્રોડ ઉપાય. ॥૨॥ -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૩૦૩)

''અનંત દયા સત્પુરુષની જય૦ કોઈ ન પામે પાર રે ગુણ૦
અનંત જીવ ઉપર થતો જય૦ ખરેખરો ઉપકાર રે ગુણ૦ ૨૧

અર્થ :– સત્પુરુષોના હૃદયમાં રહેલી અનંતદયાનો કોઈ પાર પામી શકે નહીં.

''કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.''

-શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૪૯૯)

સત્પુરુષ દ્વારા અનંત જીવો ઉપર ખરેખરો ઉપકાર થાય છે. ગુરુ પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે. અનંત જીવો પર અનંત ઉપકારો થયા છે. તેઓ શાશ્વત સુખનો માર્ગ બતાવી એવો ઉપકાર કરે છે કે જેથી કોઈ કાળે દુઃખ આવે નહીં. માટે દેવવંદનમાં તેમની સ્તુતિ કરી છે :

''પરાત્પર ગુરવે નમઃ, પરંપરાચાર્ય ગુરવે નમઃ;
પરમગુરવે નમઃ, સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્ગુરવે નમો નમઃ'' ॥૨૧॥ (પ્ર.વિ.૨ પૃ.૩૦૮)

અર્થ :–પરાત્પર એટલે પરથી પર એટલે સર્વથી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ગુરુ ભગવંતને મારા નમસ્કાર હો. સુધર્મા સ્વામી આદિની ઉત્તરોત્તર પરંપરામાં થયેલા આચાર્ય-ગુરુ ભગવંતોને મારા નમસ્કાર હો.

સહજાત્મસ્વરૂપને પામેલા એવા પંચ પરમેષ્ઠીરૂપ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા પાંચેય પરમગુરુ ભગવંતને મારા નમસ્કાર હો.

તથા વર્તમાનમાં પરોપકારી એવા સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્ગુરુ સહજાત્મ-સ્વરૂપમય પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને વારંવાર મારા નમસ્કાર હો.

(શ્રી પોપટભાઈ મનજીભાઈ દેસાઈ વવાણિયાના પ્રસંગમાંથી)

સત્પુરુષ કેવળ કરુણાની જ મૂર્તિ હોય છે

શ્રી પોપટભાઈનો પ્રસંગ :– વવાણિયામાં આરજાજીઓની ભાવનાથી ''પરમકૃપાળુએ 'સૂયગડાંગસુત્ર'માંથી બે ગાથાઓ વાંચીને તે ગાથાઓનું સવિસ્તાર વર્ણન એવું તો સ્પષ્ટ રીતે કર્યું



કે જે સાંભળી આરજાજી તો ચકિત થઈ ગયા, સ્તબ્ધ બની ગયા અને સાહેબજી પ્રત્યે બોલવા લાગ્યા કે અહો! અમોએ તો આ પ્રમાણે કોઈ સ્થાને સાંભળ્યું નથી, તેમજ કોઈપણ સાધુ મહારાજ કે સાધ્વીજીએ સમજાવ્યું નથી. આપે અમારા ઉપર મહંત ઉપકાર કર્યો છે. એમ કહી બધા આરજાજીઓ પાટ પરથી ઊભા થઈ ગયા. ત્યારે સાહેબજી બોલ્યા કે આમ કાં કરો છો? ત્યારે આરજાજી બોલ્યાં કે અમો પાટ પર બેસવા લાયક નથી, અમારી ઘણી જ ભૂલ થઈ છે અને તેથી આપની આશાતના થઈ છે. ત્યારપછી આરજાજીઓએ મને કીધું કે હાલમાં લગભગ એક માસ સુધી અમારી સ્થિરતા થવાની છે, ત્યાં સુધી હંમેશાં એકાદ કલાક પધારે તો ઘણો જ લાભ મળી શકે. આ હકીકત મેં સાહેબજીને વિદિત કરી ત્યારે તેમણે મને જણાવ્યું કે ભલે, તેમ કરીશું. તમો હંમેશાં હાજર રહેજો.

આ પ્રમાણે સાહેબજી હંમેશાં ઉપાશ્રયે પધારતા અને હું પણ સાથે જતો હતો. સાહેબજી જ્યારે ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં કે તુરત જ આરજાઓ પાટ પરથી ઊભા થઈ જતા અને નીચે બેસતા હતા.'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૫)

હવે પૂ.શ્રી બ્રહ્મચારીજી પણ આ ગાથામાં પોતાનો અનુભવ જણાવે છે :–

''હું દ્રુમક સમ હીનપુણ્ય પણ તુજ દ્વાર પર આવી ચઢ્યો,
સુસ્થિત શ્રીમદ્ રાજચંદ્ર તણી કૃપાનજરે પડ્યો;
ત્યાં સંત શ્રી લઘુરાજ સ્વામી પ્રેમસહ સામે મળ્યા,
મુજ દૃષ્ટિરોગ મટાડવા જાતે પરિશ્રમમાં ભળ્યા. ૮

અર્થ :– 'ઉપમિતિ ભવ પ્રપંચ' નામના ગ્રંથમાં કહ્યું તેમ હીનપુણ્ય એવા દ્રુમક જેવો હું પણ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના મુખ્ય દ્વાર પર આવી ચઢ્યો અને સુસ્થિત મહારાજા જેવા શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની કૃપાનજરે પડ્યો. ત્યાં રાયણ તળે બિરાજમાન સંત શ્રી લઘુરાજ સ્વામી પ્રેમસહ સામા મળ્યા. તથા મારો દૃષ્ટિરોગ એટલે અનાદિનો આત્મભ્રાન્તિરૂપ રોગ મટાડવા પોતે જાતે પરિશ્રમમાં ભળ્યા; અર્થાત્ સ્વયં પ્રભુશ્રીજીએ તે જ કાલીચૌદસના રવિવારે પ્રથમ મુલાકાતના દિવસે, મને મંત્ર દીક્ષા આપી કૃતાર્થ કર્યો.'' ॥૮॥ (પ્ર.વિ.ભા.૧ પૃ.૧૫)

(શ્રી પૂંજાભાઈ સોમેશ્વર ભટ્ટ ખેડાના પ્રસંગમાંથી)

વિષય-કષાયથી શાંત એવા કૃપાળુએ આત્મા છે એમ દૃઢતાથી જણાવ્યું

શ્રી પૂંજાભાઈનો પ્રસંગ :– ''તેમની સાથે પ્રથમ સમાગમ થયો ત્યારે મારા ચિત્તની સ્થિતિ ઘણી જ અસ્થિર હતી. આત્મા છે કે નથી? છે, તો કેવો છે? તે સંબંધી મારું ચિત્ત ઘણું વ્યાકુળ રહેતું. તેવામાં મને ખબર મળી કે કોઈ જૈન જ્ઞાની ખેડામાં રા.બા.નરસીરામના બંગલામાં ઊતરેલા છે. એક સાંજે તેમને મળવા માટે ગયો. તે વખતે તેઓ ફરવા ગયેલા. તેથી હું તેઓ જે માર્ગે ગયેલા તે માર્ગે ગયો. આગળ જતાં અંધારું થયું હતું. અંધારામાં સાદા કપડાં પહેરેલ શાંત



પુરુષને સામે આવતા જોઈ મેં ધાર્યું કે તેઓ જ હશે. પાસે જઈ મેં તેમને પૂછ્યું કે આપની સાથે ચાલું? એક ક્ષણ વિચાર કરી તેમણે કહ્યું, 'ચાલો.' પછી મેં મારા મનની સ્થિતિ કહીને પૂછ્યું :

પ્રશ્ન : 'આત્મા છે?' શ્રીમદે ઉત્તર દીધો : 'આત્મા છે.' પ્રશ્ન : અનુભવથી કહો છો કે આત્મા છે? ઉત્તર : 'હા , અનુભવથી કહીએ છીએ કે આત્મા છે. સાકરના સ્વાદનું વર્ણન ન થઈ શકે, તે તો અનુભવ ગોચર છે; તેમજ આત્માનું વર્ણન ન થઈ શકે. તે પણ અનુભવગોચર છે, પણ તે છે જ.''

सत्य वक्ता જેવી વાણી ઉપર મને શ્રદ્ધા થઈ

''તેમનું કહેવું મને સત્ય વક્તાના જેવું લાગ્યું, અને તેમના બોલવા ઉપર મને શ્રદ્ધા થઈ. તે સંબંધી ચર્ચા કરતાં અમે બંગલામાં આવી પહોંચ્યા. તેમની વાત ઉપરથી મને જણાયું કે જીવ છે, જીવો અનેક છે, કર્મ છે, પૂનર્જન્મ છે વગેરે બાબતો તેઓ અનુભવથી માનતા હતા.

આત્માની અભેદતા અને જગતકર્તા ઈશ્વરનું અસ્તિત્વ એ સિદ્ધાંતો તેમને માન્ય ન હતા.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૮૯)

'કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ'.....

એક અંશ શાતાથી કરીને સર્વ સુખનું કારણ કરુણાની મૂર્તિ સત્પુરુષ

''સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.'' (વ.પૃ.૨૬૯)

(પ.પૂ.પ્રભુશ્રીજીએ પરમકૃપાળુદેવ ઉપર લખેલ પત્રમાંથી)

કેવળ કરુણાની જ મૂર્તિ હોવાથી અમર બનાવે એવા વચનોનું પાન કરાવ્યું

''હું દીન રંક બાળક છું, જાણી કૃપાળુનાથે મારી આશા પૂર્ણ કરી છે. હે પ્રભુ મને આપે કરુણા દૃષ્ટિએ દયા લાવી અપૂર્વ અમૃત વચનો પાન કરાવ્યા છે. હે ભગવાન ધન્ય છે આપની પવિત્ર કૃપાને.''

'પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ'.....

હું તો પરમ પાપી એટલે મહાપાપી છું અને પરમ અનાથ છું એટલે ભવસાગરમાં બૂડતા



મને કોઈ બચાવનાર નથી; માટે મારો હાથ ગ્રહીને મને તારો, પાર ઉતારો. કેમકે આપ તો કેવળ કરુણાની જ મૂર્તિ છો અને દીનના બંધુ અને નાથ પણ છો.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧,૨'માંથી :–

"હે ! નાથ, મોક્ષ-પથ-નાયક, હાથ ઝાલો, કર્મો કઠિન ચૂરનાર સહાય આલો;
હે ! વિશ્વ-તત્ત્વ સમજી સમજાવનારા, ગુણો થજો પ્રગટ વંદનથી અમારા. ૪

અર્થ :– હે નાથ ! મોક્ષમાર્ગના નાયક, આ સંસારમાં ડૂબતા એવા આ પામરનો આપ હાથ ઝાલો. હે કઠીન કર્મોને ચૂરનાર એવા પ્રભુ ! મને પણ કર્મોને હણવામાં સહાય આપો. જડ ચેતનાત્મક વિશ્વ તત્ત્વને સમજી, જગત જીવોને સમજાવનારા એવા હે પ્રભુ ! આપને સાચા ભક્તિભાવે વંદન કરવાથી અમારા પણ આત્મગુણો પ્રગટ થજો, એમ ઇચ્છીએ છીએ. ॥૪॥

આશ્ચર્ય સર્વ ધરતા પ્રભુ, ઉર આવો, સંપૂર્ણ આત્મ - ગુણ દાસ તણા જગાવો;
આત્માથી સર્વ હીન છે, નથી માગવું તે, શ્રી બોધરૂપ બનવા પ્રભુ, જીવવું છે. ૫

અર્થ :– હે પ્રભુ ! આપનું અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય સર્વ આશ્ચર્યમય છે. એવા સર્વ આશ્ચર્યને ધારણ કરનારા પ્રભુ ! આપ મારા હૃદયમાં પધારો. આ દાસના પણ સંપૂર્ણ આત્મગુણો જે તિરોભાવે રહેલા છે તેને આવિર્ભાવે કરી, મોહનીદ્રામાંથી જાગૃત કરો. આ જગતમાં રહેલા સર્વ પદાર્થો આત્માથી હીન છે, તેની આપની પાસે હવે કોઈ માગણી નથી. પણ શ્રી એટલે આત્મલક્ષ્મીથી યુક્ત એવા બોધરૂપ એટલે જ્ઞાનરૂપ બનવા અર્થે હે પ્રભુ ! હવે માત્ર જીવવું છે. માટે આ પામરને તેમ થવા સહાય આપો." -પ્ર.વિ. ભાગ-૨ (પૃ.૪૪૪)

"અલૌકિક પદ પ્રગટાવ્યું તો આશ કરે નાદાન,
કેવળ કરુણામૂર્તિ દેજો તમને ઘટતું દાન.
જય અહો ! જિનેન્દ્ર મહાન, અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૨૪

અર્થ :– આપે અલૌકિક એવું શુદ્ધ આત્મપદ પ્રગટ કર્યું તો નાદાન એવો હું પણ આપની પાસે તે પદ પ્રાપ્તિની આશા રાખું છું. આપ કેવળ કરુણાની જ મૂર્તિ છો. તેથી આપના પદને શોભે એવું ઘટતું દાન મને આપજો. જેથી હું પણ સર્વકાળને માટે સુખી થાઉં. સર્વોત્તમ દાન આપનાર એવા કરુણાળુ પ્રભુ જિનેન્દ્રનો જગતમાં સદા જયજયકાર હો. ॥૨૪॥

તુજ સમ્મતિમાં મતિ હો મારી, ગળે દેહ-અભિમાન,
હૈયાનો ઉક્કડ હું તેમાં વસજો રાજ પ્રધાન.
જય અહો ! જિનેન્દ્ર મહાન, અહોહો ! દેવ જિનેન્દ્ર મહાન. ૨૫

અર્થ :– આપની હામાં હા ને નામાં ના એવી મારી મતિ હોજો. કે જેથી મારું અનાદિનું દેહાભિમાન નાશ પામે. હું તો પ્રભુ ! હૈયાનો ઉક્કડ છું, અર્થાત્ મારું હૃદય ખાલી છે; તેમાં યુગપ્રધાન એવા આપ રાજ પ્રભુનો સદા વાસ હોજો એ જ આ પામરની આપ પ્રભુ પ્રત્યે ભાવભીની પ્રાર્થના છે. સર્વ સુખના મૂળભૂત મોક્ષમાર્ગના ઉપદેષ્ટા એવા મહાન શ્રી જિનેન્દ્ર



પ્રભુનું શાસન ત્રણેય લોકમાં તેમજ ત્રણેય કાળમાં સદા જયવંત વર્તો, જયવંત વર્તો.'' ।।૨૫।। -પ્ર.વિ. ભાગ-૧ (પૃ.૧૨)

'પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

''ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય.'' (વ.પૃ.૭૨૭)

એવા ભયંકર કષાય ભાવો છે, તેને હું છોડતો નથી. માટે હું પાપી પરમ અનાથ છું. છતાં હે પ્રભુ! મારો હાથ પકડીને અર્થાત્ મને સાચી સમજ આપીને મારા કષાયભાવોને ઘટાડો કેમકે તમે તો કેવળ કરુણાની જ મૂર્તિ છો, દયાના જ સાગર છો.

ક્રોધ, માન, માયા, લોભના ફળ ઘણા કડવા છે. તે નીચેની સજ્ઝાયોમાં પણ આવે છે:-

'આલોચનાદિ પદ સંગ્રહ'માંથી :– ક્રોધની સજ્ઝાય


''કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧
ક્રોધે ક્રોડપૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન આય. કડવાં૦ ૨
સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ.'' કડવાં૦ ૩ (પૃ.૩૦૫)

માનની સજ્ઝાય

''રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે,
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. રે. જીવ૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નવિ મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતાં, તે કેમ લહિયે જુક્તિ રે. રે જીવ૦ ૨
વિનય વડો સંસારમાં; ગુણમાં તે અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જો જો વિચારી રે. રે જીવ૦ ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે તે સવિ હાર્યો રે. રે'' જીવ૦ ૪ (પૃ.૩૦૬)

માયાની સજ્ઝાય

''સમકિતનું મૂળ જાણિયેજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે,
પ્રાણી મ કરીશ માયા લગાર. ૧



મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જીજી કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૰ ૨
તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રી વેદ રે.'' પ્રાણી૰ ૫ (પૃ.૩૦૭)

લોભની સજ્ઝાય

''તુમે લક્ષણ જોજો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે,
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથે સંચરે રે. તુમે૰ ૧
જોતાં લોભનો થોભ દીસે નહિ રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભુમ નામે જુઓ રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મૂઓ રે. તુમે૰ ૬
એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મશું મમતા મંડજો રે;
કવિ ઉદય રતન ભાખે મુદા રે, વંદું લોભ તજે તેહને સદા રે.'' તુમે૰ ૭ (પૃ.૩૦૭)

ઉપરની ચારે સજ્ઝાયોમાં જે કષાયોનું વર્ણન કરેલું છે તે બધા દોષો મારામાં હોવાથી હું પરમ પાપી છું અને અનાથ છું.

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

લોભનો થોભ જોઈએ; નહીં તો દુઃખ જ આવે

સુભુમ ચક્રવર્તીનું દૃષ્ટાંત :– ''છ ખંડ સાધી આજ્ઞા મનાવનાર રાજાધિરાજ, ચક્રવર્તી કહેવાય છે. એ સમર્થ ચક્રવર્તીમાં સુભુમ નામે એક ચક્રવર્તી રાજા થઈ ગયો છે. એણે છ ખંડ સાધી લીધા એટલે ચક્રવર્તીપદથી તે મનાયો; પણ એટલેથી એની મનોવાંછા તૃપ્ત ન થઈ; હજુ તો તે તરસ્યો રહ્યો. એટલે ધાતકી ખંડના છ ખંડ સાધવા એણે નિશ્ચય કર્યો. બધા ચક્રવર્તી છ ખંડ સાધે છે; અને હું પણ એટલા જ સાધું, તેમાં મહત્તા શાની? બાર ખંડ સાધવાથી ચિરકાળ હું નામાંકિત થઈશ; સમર્થ આજ્ઞા જીવનપર્યંત એ ખંડો પર મનાવી શકીશ; એવા વિચારથી સમુદ્રમાં ચર્મરત્ન મૂક્યું; તે ઉપર સર્વ સૈન્યાદિકનો આધાર રહ્યો હતો. ચર્મરત્નના એક હજાર દેવતા સેવક કહેવાય છે; તેમાં પ્રથમ એકે વિચાર્યું કે કોણ જાણે કેટલાંય વર્ષે આમાંથી છૂટકો થશે? માટે દેવાંગનાને તો મળી આવું, એમ ધારી તે ચાલ્યો ગયો; પછી બીજો ગયો; ત્રીજો ગયો; અને એમ કરતાં કરતાં હજારે ચાલ્યા ગયા; ત્યારે ચર્મરત્ન બૂડ્યું; અશ્વ, ગજ અને સર્વ સૈન્ય સહિત સુભુમ નામનો તે ચક્રવર્તી બૂડ્યો; પાપભાવનામાં ને પાપભાવનામાં મરીને તે અનંત દુઃખથી ભરેલી સાતમી તમતમપ્રભા નરકને વિષે જઈને પડ્યો. જુઓ! છ ખંડનું આધિપત્ય તો ભોગવવું રહ્યું; પરંતુ અકસ્માત્ અને ભયંકર રીતે પરિગ્રહની પ્રીતિથી એ ચક્રવર્તીનું મૃત્યુ થયું, તો પછી બીજા માટે તો કહેવું જ શું? પરિગ્રહ એ પાપનું મૂળ છે; પાપનો પિતા છે; અન્ય એકાદશવ્રતને મહા દોષ દે એવો એનો સ્વભાવ છે. એ માટે થઈને આત્મહિતૈષીએ જેમ બને તેમ તેનો ત્યાગ કરી મર્યાદાપૂર્વક વર્તન કરવું.'' (વ.પૃ.૭૬)



પરિગ્રહની પાપભાવનામાં મરણ થાય તો નરકગતિમાં જાય

''જે પ્રાણીને પરિગ્રહની મર્યાદા નથી, તે પ્રાણી સુખી નથી. તેને જે મળ્યું તે ઓછું છે. કારણ જેટલું મળતું જાય તેટલાથી વિશેષ પ્રાપ્ત કરવા તેની ઇચ્છા થાય છે. પરિગ્રહની પ્રબળતામાં જે કંઈ મળ્યું હોય તેનું સુખ તો ભોગવાતું નથી પરંતુ હોય તે પણ વખતે જાય છે. પરિગ્રહથી નિરંતર ચળવિચળ પરિણામ અને પાપભાવના રહે છે; અકસ્માત્ યોગથી એવી પાપભાવનામાં આયુષ્ય પૂર્ણ થાય તો બહુધા અધોગતિનું કારણ થઈ પડે. કેવળ પરિગ્રહ તો મુનીશ્વરો ત્યાગી શકે; પણ ગૃહસ્થો એની અમુક મર્યાદા કરી શકે.'' (વ.પૃ.૭૬)

સમજીને મર્યાદા કરી હોય તો છૂટે

''જો સમજીને મર્યાદા કરી હોય તો તે ન ઓળંગે. મનુષ્યભવ મોક્ષ માટે છે. વધારે કમાઈશ તો પણ કંઈ સાથે આવવાનું નથી.

ગોવર્ધનરામનું દૃષ્ટાંત :–'સરસ્વતીચંદ્ર'ના લેખક શ્રી ગોવર્ધનરામે ચાલીસમા વર્ષે વકીલાત છોડવી એમ નક્કી કરેલું. ચાલીસમા વર્ષે વકીલાત જામી ત્યારે છોડી દીધી. મર્યાદા-વાળાને કલ્પના વધે નહીં. મર્યાદા કરી હોય તો વધારેના સંકલ્પ વિકલ્પ અટકી જાય. જેમ લક્ષ્મી આદિનો લાભ થાય તેમ લોભ વધે. ધર્મથી જાણે–સમજે કે આ ખોટું છે છતાં મૂકે નહીં. પરંતુ પરિગ્રહ કોઈ દિવસ સુખ આપે નહીં અને આત્માનું હિત થવા દે નહીં.'' -મોક્ષમાળા વિવેચન (પૃ.૬૩)

'બોધામૃત ભાગ-૧,૩'માંથી :–

લોભને લઈને અનેક પ્રકારના પાપ કરી જીવ સંસાર વધારે છે

''જન્મમરણનું કારણ મોહ છે અને તેમાં મુખ્ય લોભ છે. તે લોભને લઈને જીવ અનેક પ્રકારનાં પાપ કરીને ભવ ઊભા કરે છે. એ લોભપ્રકૃતિ ચાહે તો ધન, વિષયભોગ, દેવલોક કે લૌકિક દુઃખોથી છૂટવાના રૂપમાં હો, પણ તે છોડ્યા વિના આ ભવભ્રમણથી છુટાય તેવું નથીજી.'' -બો.૩ (પૃ.૫૦૪)

વિચારીને લોભ છોડે તો નવરો થાય અને સદ્વિચાર આવે

''શરીરના રોગ જુદા અને આત્માના રોગ જુદા છે. જન્મમરણ એ આત્માના મુખ્ય રોગ છે. લોભ છે એ પણ રોગ છે. ઉપાય કર્યા વિના લોભ ન જાય. જ્ઞાનીએ એને ખોટો કહ્યો છે. પણ જીવને દર્દ લાગે તો દવા કરે. સંસાર દુઃખરૂપ લાગે તો છોડે. આખો સંસાર લોભને લઈને છે. ઇચ્છા છે એ જ લોભ છે. બધાં દુઃખોનું મૂળ કારણ ઇચ્છા છે.

''હે જીવ ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ.''

દરદ સમજાય તો કાઢવાનો પુરુષાર્થ કરે અને મનમાં લાગે કે આ દરદ જાય તો ઠીક. દોષ છે એ જ મોટું દરદ છે. ઉપાય કરે તો જાય. વિચાર કરે તો ખબર પડે કે મને ક્યાં ક્યાં લોભ થાય છે? અને દુઃખરૂપ પણ લાગે લોભ જાય તો નવરો થાય અને સદ્વિચાર આવે.''

-બો.૧ (પૃ.૧૮૧)



પ્રભુ પાસે અંતરાયકર્મની પૂજા ભણાવીને પણ માગે તો મિથ્યાત્વ દૃઢ થાય

''પૂજ્યશ્રી–ભક્તિ કરે અને એમ ઇચ્છે કે મને ધન મળો, નોકરી મળો, પુત્ર મળો. એવી ઇચ્છા ન કરવી. વીતરાગ ભગવાન પાસે આવવું શા માટે? વીતરાગતા માટે. જન્મમરણ ઘટે એ માટે ભગવાન પાસે જવાનું છે. ભગવાન પાસે માગે તેથી કંઈ મળે નહીં, પુણ્ય હોય તો મળે. ભગવાન પાસે જઈને માગવું એ અલૌકિક મિથ્યાત્વ છે. વીતરાગદેવ અલૌકિક છે. તેમની પાસે માગે તેથી મિથ્યાત્વ દૃઢ થાય છે. ભગવાન પાસે જઈને માગવું એ તીવ્ર લોભ છે. તેથી પાપ બંધાય છે. ભગવાન તો વીતરાગ છે. મહાવીરજી તીર્થક્ષેત્ર છે. ત્યાં લોકો જાય છે અને બાધા રાખે છે કે મારે પુત્ર થશે તો હું છત્ર ચઢાવીશ, ધન મળશે તો અમુક ચઢાવીશ. એને બદલે વીતરાગતાની માગણી કરવી. રોગ આવે કે ધન ન મળે ત્યારે લોકો અંતરાય કર્મની પૂજા ભણાવે છે, એથી મિથ્યાત્વ દૃઢ થાય છે. (પછી પોતે જ પ્રશ્ન પૂછ્યો) ભગવાન પાસે સ્ત્રી, પુત્ર વગેરે ન માગવાં એમ કહ્યું તો એમાં આપણને શું શીખવા જેવું આવ્યું?

મુમુક્ષુ–એવું આપણે ન માંગવું.

પૂજ્યશ્રી–એને બદલે વીતરાગતાની માગણી કરવી.'' -બો.૧ (પૃ.૫૨૦)

ક્રોધમાં ક્ષમા રાખે તો છ માસના ઉપવાસનું ફળ થાય

''આત્માર્થી જીવ જે જે કરે તે આત્માને હિત થાય તેવું કરે, 'આત્માર્થે કરે તો ધર્મ થાય' એમ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી પણ કહેતા હતા. વળી એમ પણ તેઓશ્રી કહેતા હતા કે કંઈ ધનથી જ ધર્મ થતો નથી; કાયાથી વિશેષ થાય છે. સદાચરણથી પ્રવર્તે, કષાય મંદ કરે, વિનય આદિથી સર્વને પ્રસન્ન રાખે, કોઈ ક્રોધમાં આવીને કંઈ અયોગ્ય બોલી ગયો હોય તે ભૂલી જાય અને ક્ષમા ધારણ કરે તો છ માસના ઉપવાસનું ફળ પામે; આમ સત્ અને શીલની તથા સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધાની બહુ ભાર દઈને તે વાત કરતા હતા.'' -બો.૩ (પૃ.૧૩૮)

કૂવાનું પાણી વપરાતું સારું, તેમ દાનમાં પૈસા વપરાતા સારા

''બીજાને દુઃખી કરી પોતે દુઃખી થાય છે. બીજાને દુઃખ થાય એવું રડે તો તે પણ પાપનું કારણ છે. અશાતાવેદની બંધાય છે. દાન છે તે વાવવા જેવું છે. એક દાણો વાવે તો હજાર દાણા થાય. અદત્તાદાન એટલે આપ્યા વગર લેવું, તે ચોરી કહેવાય છે. અદત્તાદાનથી પાપ થાય છે. દાન કરે તો પુણ્ય થાય છે, મુનિને દાન કરે, શાસ્ત્રનું દાન, ઔષધદાન, અભયદાન, આહારદાન એ બધા પુણ્યનાં કારણો છે. પવિત્ર વસ્તુનું દાન દેવું. જેમાં પાપ થાય તેવું દાન દેવાયોગ્ય નથી. કરુણાદાનમાં દયાભાવ હોય છે અને પાત્રદાનમાં પૂજ્યભાવ હોય છે..... કૂવાનું પાણી વપરાતું સારું રહે, તેમ દાનમાં પૈસા વપરાય તો સારું રહે. જેણે આપ્યું ન હોય તેના ઘરમાં પછી આપવાનું ય ન રહે.'' -બો.૧ (પૃ.૫૯૧)



ધન મળ્યાનો સદુપયોગ કરે તો સાથે જાય

ભોજરાજાનું દૃષ્ટાંત :– ''ભોજરાજા બહુ ઉદાર હતો અને ગમે તેને મોટી મોટી રકમો ઉદારતાથી દાનમાં આપતો તેથી મંત્રીએ એને સમજાવવો એમ વિચારી, સિંહાસનની પાસે 'આપત્તિનો વિચાર કરી દાન કરવું જોઈએ' એમ લખાવ્યું. તેથી રાજા સમજી ગયો કે દાન દેવાનો નિષેધ કરે છે. ઉત્તરમાં રાજાએ વાક્ય લખાવ્યું કે 'ભાગ્યશાળીઓની પાસે આપત્તિ ક્યાંથી આવે?' તેના ઉત્તરમાં ફરી મંત્રીએ લખાવ્યું કે 'કદાચ દૈવ (ભાગ્ય) એવું હોય કે આપત્તિ આવી પણ જાય.' રાજાએ તેનો ઉત્તર એમ લખાવ્યો કે, 'દુર્ભાગ્યનો ઉદય થશે તે વખતે લક્ષ્મી પણ જતી રહેશે; રહેશે નહીં.' માટે વહેતી ગંગા હોય તેમાં હાથ ધોઈ લેવા.

પૂર્વ પુણ્યને લઈને પ્રાપ્ત થયું છે, તેનો સદુપયોગ કરે તો સાથે જાય. જેને જરૂર હોય તેને દાન આપવાનું છે. વિવેકપૂર્વક દાન કરે તો દાન દેનારા સુખી થાય અને દાન લેનારા પણ સુખી થાય. પૈસા એકઠા કર્યા હોય પણ વાપરતો ન હોય એ નીચ કહેવાય. દરિદ્રતાની પ્રાપ્તિ દાન ન કરવાથી થાય છે. તેથી પાપ સૂઝે અને પાપનું ફળ દુઃખ આવે.'' -બો.૧ (પૃ.૫૯૧)

પૈસા સાથે નહીં આવે પણ તેના માટે કરેલું પાપ સાથે આવે

''મુમુક્ષુ–તૃષ્ણા કેમ જાય?

પૂજ્યશ્રી–તૃષ્ણા ખોટી છે એમ લાગી? ઉપાધિરૂપ છે એમ લાગી? મારી સાથે જે આવે એવું કરવું છે. તૃષ્ણા ઓછી કરવી હોય તેણે નિયમ કરવો જોઈએ. ઉપાધિ કોને માટે કરું છું? ખાવા જેટલું તો છે. આટલું કુટુંબને ચાલે. ઉપાધિ ઓછી કરી હોય તો આત્માનું કામ થાય. મારે મોક્ષે જવું છે, એમ થાય તો બીજી તૃષ્ણા ઓછી થાય. વધારે પૈસા શા માટે ઇચ્છે છે? બીજા મોટા કહે તે માટે, અને મોટાઈ માટે. હું મોટો છું એમ કરી કોઈ મોક્ષે ગયા નથી. મોટાઈ મૂકીને બધા મોક્ષે ગયા છે. પહેલામાં પહેલો સત્સંગ કરવાનો છે. ભૂલવાળા રસ્તામાં ગામ નહીં આવે. પર્વત જેટલો પૈસાનો ઢગલો કરીશ તો પણ મોક્ષ નહીં આવે. હમણાં દેહ છૂટી જાય તો શું સાથે આવે? એક લાખ રૂપિયા હોય તેમાંથી એક હજાર જાય તો દુઃખી થાય, પણ નવાણું હજારથી રાજી ન થાય. પૈસા મારી સાથે નહીં આવે અને હિંસા મારી સાથે આવશે. જેમ બને તેમ ઓછા કરતા જવું.''

-બો.૧ (પૃ.૭૯)

સુખી થવું હોય તો ઉપાધિ વધારવી નહીં

''દેહ જાડો થાય તો કંઈ આત્મા જાડો થવાનો નથી. પૈસા વધારે થાય તો કંઈ આત્માને લાભ નથી. હું મરીને ક્યાં જઈશ? એમ થાય તેનાથી પાપ ઓછું થાય. વિચારની જરૂર છે. શું કરવા કરું છું? કોના માટે કરું છું? કુટુંબ માટે કરું છું, તો તે મારે કોઈ કામમાં તો આવવાના નથી.''

-બો.૧ (પૃ.૨૮૦)

''અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.'' ૧૫



અર્થ :–''હે પ્રભુ! હું અનંતકાળથી આ સંસારમાં ભ્રમણ કરી રહ્યો છું, અને ચાર ગતિમાં આથડી રહ્યો છું, મને કશું ભાન નથી. ભાન વિના અનંતકાળથી રખડતો આવ્યો છું. ભાન શાથી આવે? સંતને સેવે તો. પણ મેં તો ગુરુ કે સંતને પણ સેવ્યા નથી, તેમની આજ્ઞા ઉઠાવી નથી; અને વધારામાં અભિમાન પણ મૂક્યું નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન'.....

હે ભગવાન! આપના બોધેલા આત્મસ્વરૂપના ભાન વગર હું અનંતકાળથી ચતુર્ગતિરૂપ સંસારમાં આથડી રહ્યો છું. અનંતદુઃખ પામી રહ્યો છું.

''ચૌરાશી લખ ભેખમાં, હું બહુ પરિ નાચા હો;
મુગતિ દાન દેઈ સાહિબા, અબ કર હો ઉવાચા હો.
સુમતિનાથ સાચા હો૦૩

સંક્ષેપાર્થ :– ચોરાસી લાખ જીવયોનીમાં નવા નવા દેહરૂપ વેષ ધારણ કરીને હું બહુ પરિ કહેતાં ઘણી વાર ફરી ફરી નાચ્યો છું; અર્થાત્ નાટક કર્યા છે. માટે હે સાહિબા! હવે ભવ નાટકથી છોડાવી મને મુક્તિનું દાન આપી, ઉવાચા કહેતાં ફરી વાચા એટલે વાણીનો ઉપયોગ કરી આપની પાસે કંઈ માગવું ન પડે એવો ઉવાચ બનાવી દ્યો અર્થાત્ મન વચન કાયારૂપ ત્રણે યોગથી રહિત એવી સિદ્ધદશાને આપી મને કૃતાર્થ કરો કે જેથી પછી કંઈ માંગવું પડે નહીં. ॥૩॥

લાગી અગ્નિ કષાયકી, સબ ઠોર હી આંચા હો;
રક્ષક જાણી આદર્યા, તુમ શરણ સાચા હો. સુ૦૪

સંક્ષેપાર્થ :– આ સંસારમાં ચારે બાજુ ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયની અગ્નિ સળગેલી છે. જેની આંચ એટલે ઝાળ સબ ઠોર હી કહેતાં સર્વ સ્થાનોમાં અમને બાળી રહી છે. તેથી આપને રક્ષા કરનાર જાણી આદર્યા છે. કેમકે તમારું જ એકમાત્ર શરણ સાચું છે. અન્ય કોઈ આ જગતમાં બચાવનાર નથી.'' -ચૈ.ચો. (અર્થ સહિત) ભાગ-૨ (પૃ.૨૪૦)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧,૨' માંથી :–

''ચારે ગતિ ભટકતાં બહુ થાક લાગ્યો, પામ્યો અચાનક સુયોગ, વિચાર જાગ્યો;–
હે! જીવ, શાંત-રસ-પૂર્ણ વિભુ ભજી લે, દુઃખો અનંત છૂટશે, હિત આ સજી લે. ૨

અર્થ :– હે પ્રભુ! આ ચારેય ગતિમાં અનાદિથી ભટકતાં મને બહુ થાક લાગ્યો, તેમાં અચાનક મહાભાગ્યોદયે આપ પ્રભુનો સુયોગ પ્રાપ્ત થતાં એવો વિચાર જાગ્યો કે હે! જીવ, હવે તું પરમશાંતરસથી પરિપૂર્ણ એવા વિભુ એટલે પ્રભુને ભજી આત્મપ્રાપ્તિ કરી લે, જેથી ભવિષ્યમાં આવનારા અનંતદુઃખોનો નાશ થઈ તારા આત્માનું કલ્યાણ થાય. હવે જીવનમાં આવેલી આવી તકને સાધ્ય કરી લે; જવા દઈશ નહીં.'' -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૪૪૩)



"રાત્રિ વ્યતિક્રમી ગઈ, થયો નરભવરૂપ પ્રભાત રે,
નિદ્રા પરિહરવા ટાળજો ભાવ-નિદ્રા હે! ભ્રાત રે. શ્રી રાજ૦

અર્થ :– ચોરાશી લાખ જીવયોનિમાં જ્યારે હું ભટકતો હતો ત્યારે તે રાત્રિ સમાન હતું. તે રાત્રિ વ્યતિક્રમી એટલે મટીને આ મનુષ્યભવ મળ્યો અને તેમાં સત્પુરુષનો યોગ થયો તે પ્રભાત થયા સમાન જાણવું. તેથી હવે અનાદિની મોહ નિદ્રાને દૂર કરવા માટે ભાવ નિદ્રા એટલે આત્માના અજ્ઞાનને ટાળવાનો હે ભાઈ! હવે પુરુષાર્થ કરજો. ।।૨।। "રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો." -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૩)

"પૂજ્યશ્રી–રાત્રિ વ્યતિક્રમી ગઈ એટલે શું? રાત્રિમાં જીવ ઊંઘે છે, કંઈ ભાન નથી; તેમ આ જીવ લક્ષચોરાશીમાં ભટકતો હતો તે વખતે રાત્રિ જેવું હતું, મોક્ષમાર્ગનો યોગ નહોતો. તે મટી મનુષ્યભવ મળ્યો તે રાત્રિ વ્યતિક્રમી ગઈ અને સત્પુરુષનો યોગ થયો તે પ્રભાત થયું કહેવાય.

મુમુક્ષુ–ભાવનિદ્રા એટલે શું? પૂજ્યશ્રી– આત્માનું અજ્ઞાન. એ અજ્ઞાન ટાળવા માટે પુરુષાર્થ કરવાનો છે. મનુષ્યભવ મળ્યો, સત્પુરુષનો યોગ થયો તો હવે કરી લેવું. સામગ્રી મળી તો તેનો ઉપયોગ કરી મોક્ષમાર્ગે ચાલવું." -બો.૨ (પૃ.૪) ।।૨।।

ક્ષણે ક્ષણે જીવ બંધાય આ, એ જ અનાદિ વ્યાપાર રે,
હા! કાળ અનંત વીતી ગયો, ભવસાગર-દુઃખ અપાર રે. શ્રી રાજ૦

અર્થ :– આપણો આત્મા પ્રતિ સમય શુભાશુભ કર્મોથી બંધાય છે. એ જ અનાદિકાળનો એનો વ્યાપાર છે. પ્રતિદિન ૨,૧૬,૦૦૦ વિપળનો આ જીવ વ્યાપાર કરે છે. મનમાં ઘાટ ઘડે અને ભાંગે એ રૂપ સંકલ્પ વિકલ્પનો વ્યાપાર કરે છે. "શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે; તેમાં સમયે સમયે તેને અનંતકર્મનો વ્યવસાયી કહ્યો છે. (વ.પૃ.૪૧૨)

હા! એટલે આશ્ચર્ય છે કે ચાર ગતિમાં આત્માને અનંતદુઃખ ભોગવતા અનંતકાળ વ્યતીત થઈ ગયો! "ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં." -શ્રીમદ્ રાજચંદ્ર

આ ભવસાગરમાં અનંત અપાર દુઃખ હોવા છતાં આત્માને અજ્ઞાનવશ તેનું ભાન થતું નથી. ।।૩।।" -પ્ર.વિ.ભા.૨ (પૃ.૩૨૩)

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન'.....

'ચૈત્યવંદન ચોવીશી (અર્થ સહિત) ભાગ-૨'માંથી :–

"જગતારક પ્રભુ વિનવું, વિનતડી અવધાર રે;
તુજ દરિશણ વિણ હું ભમ્યો, કાળ અનંત અપાર રે. જ૦ ૧

સંક્ષેપાર્થ :– હે અનંત કરુણા કરીને જગતના જીવોને તારનાર એવા જગતારક સર્વાનુભૂતિ પ્રભુ! હું આપની આગળ વિનંતિ કરું છું. તે વિનંતિને આપ અવધારો અર્થાત્ લક્ષમાં લ્યો.

આપના સ્વરૂપના દર્શન વગર અથવા સમ્યગ્દર્શન વગર હું દેહાદિમાં અહંભાવ મમત્વભાવ



કરી જ્ઞાનાવરણાદિ આઠે કર્મો બાંધી, તેના ફળમાં અનંત અપાર કાળ સુધી હું ચારગતિરૂપ સંસારમાં રઝળ્યો અને અનંત દુઃખ પામ્યો છું. માટે હે જગતારક વિભો! આપ સમક્ષ આ સર્વ દુઃખથી મુક્ત થવા અર્થે વિનંતિ કરું છું. ॥૧॥

સુહમ નિગોદ ભવે વસ્યો, પુદ્ગલ પરિઅટ્ટ અનંત રે;
અવ્યવહારપણે ભમ્યો, ક્ષુલ્લક ભવ અત્યંત રે. જ૦૨

સંક્ષેપાર્થ :– કઈ કઈ ગતિઓમાં કેવા પ્રકારના ભવ ધારણ કર્યા તેનું વર્ણન નીચેની ગાથાઓથી હવે કરે છે :–

સુહમ એટલે સૂક્ષ્મ નિગોદમાં ભવ કરતો હું ત્યાં વસ્યો. કેટલા કાલ સુધી ત્યાં વાસ કર્યો? તો કે અનંત પુદ્ગલ પરિઅટ્ટ એટલે અનંત પુદ્ગલ પરાવર્તન કાલ સુધી ત્યાં જ વાસ કર્યો.

સૂક્ષ્મ નિગોદમાંથી એકવાર પણ જીવ બહાર ન નીકળે ત્યાં સુધી તે જીવ અવ્યવહાર રાશિમાં કહેવાય છે. તે અવ્યવહાર રાશિ એટલે નિત્ય નિગોદમાં અનંતકાળ વ્યતીત થઈ ગયો. ત્યાં રહી ક્ષુલ્લક ભવ એટલે હલકા ભવ અત્યંતપણે કર્યા અર્થાત્ એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર વખત જન્મ મરણ કર્યાં. એમ ઉપરા ઉપરી જન્મમરણની વેદના એક ધારાપણે મારા આત્માએ સહન કરી. ॥૨॥

વ્યવહારે પણ તિરિય ગતે, ઇગ વણખંડ અસન્ન રે;
અસંખ્ય પરાવર્તન થયાં, ભમિયો જીવ અઘન્ન રે. જ૦ ૩

સંક્ષેપાર્થ :– અવ્યવહાર રાશિમાંથી વ્યવહારરાશિમાં આવ્યો. ત્યાં પણ તિરિય ગતે એટલે તિર્યંચ ગતિમાં ઇગ્ વણખંડ એટલે એક વનસ્પતિના ભાગમાં જ અસન્ન એટલે અસંજ્ઞીપણે (મન વગર) અસંખ્ય પુદ્ગલ પરાવર્તન થયા છે. એમ મારા જીવે સમ્યક્ જ્ઞાન, દર્શનસ્વરૂપ, પોતાના આત્મધન વિના અધન્નપણે ભ્રમણ કર્યું છે. ॥૩॥

સૂક્ષમ સ્થાવર ચારમેં, કાલહ ચક્ર અસંખ્ય રે;
જન્મ મરણ બહુલાં કર્યાં, પુદ્ગલ ભોગને કંખ રે. જ૦ ૪

સંક્ષેપાર્થ :– તથા સૂક્ષ્મ સ્થાવર એવા પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર કાયમાં અસંખ્ય કાલચક્ર સુધી (એક કાલચક્ર વીસ કોડાકોડી સાગરોપમનું) મારા આત્માએ જન્મમરણ બહુ જ કર્યાં. તે શા માટે કરવા પડ્યા? તો કે પુદ્ગલ ભોગની કંખ એટલે કાંક્ષાએ અર્થાત્ ભોગોને ભોગવવાની ઇચ્છાથી, તેના ફળમાં કરવા પડ્યાં. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાવશ સર્વ યોનિઓમાં મેં અનંત દુઃખ સહન કર્યાં. ॥૪॥

ઓઘે બાદર ભાવમેં, બાદર તરુ પણ એમ રે;
પુદ્ગલ અઢી લાગટ વસ્યો, નામ નિગોદે પ્રેમ રે. જ૦ ૫

સંક્ષેપાર્થ :– ઓઘે એટલે સામાન્યપણે બાદર ભાવમેં અર્થાત્ કંદમૂળાદિ બાદર એટલે જે



દેખાય છે તેવી નિગોદમાં અથવા બાદર તરુ એટલે સાધારણ અનંતકાય વનસ્પતિ (ગોટલી ન થાય ત્યાં સુધીની કેરી અથવા સેવાલ વગેરે) માં પણ હું લાગલગાટ એકસાથે અઢી પુદ્‌ગલ પરાવર્તન સુધી વાસ કર્યો. જાણે નિગોદ સાથે પ્રેમ કર્યો હોય તેમ થયું. ॥૫॥

સ્થાવર સ્થૂળ પરિતમેં, સીત્તર કોડાકોડિ રે;
આયર ભમ્યો પ્રભુ નવિ મિલ્યા, મિથ્યા અવિરતિ જોડિ રે. જ૦ ૬

સંક્ષેપાર્થ :– બાદર પ્રત્યેક પાંચે સ્થાવર એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પતિકાયમાં ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી આયર એટલે સાગરોપમ સુધી ભ્રમણ કર્યું. પણ આપ સમાન પ્રભુનો મને ભેટો નહીં થયો, તેથી મિથ્યાત્વ અને અવિરતિની જ વૃદ્ધિ કરી. ॥૬॥

વિગલપણે લાગટ વસ્યો, સંખિજવાસ હજાર રે;
બાદર પજ્જવ વણસ્સઇ, ભૂ જલ વાયુ મઝાર રે. જ૦ ૭
અનલ વિગલ પજ્જતમેં, તસભવ આયુ પ્રમાણ રે;
શુદ્ધ તત્ત્વ પ્રાપ્તિ વિના, ભટક્યો નવ નવ ઠાણ રે. જ૦ ૮

સંક્ષેપાર્થ :– વિગલપણે એટલે વિકલેન્દ્રિયપણે લાગલગાટ સંખ્યાતા હજાર વર્ષ પર્યંત બે ઇંદ્રિય, ત્રિઇંદ્રિય અને ચતુરેન્દ્રિયમાં વાસ કર્યો. તથા બાદર પજ્જવ વણસ્સઈ એટલે બાદર પ્રત્યેક વનસ્પતિકાયમાં અને ભૂ એટલે પૃથ્વી, પાણી અને વાયુકાયમાં તેમજ અનલ એટલે અગ્નિકાયમાં, વિગલ એટલે વિકલેન્દ્રિય, પજ્જતમેં એટલે પર્યાયમાં, તે તે ભવના આયુષ્યના પ્રમાણમાં શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ તત્ત્વની પ્રાપ્તિ વિના નવા નવા સ્થાનકોમાં મેં ખૂબ ભ્રમણ કર્યું. ॥૭-૮॥

સાધિક સાગર સહસ દો, ભોગવીઓ તસ ભાવે રે;
એક સહસ સાધિક દધિ, પંચેન્દ્રી પદ દાવે રે. જ૦ ૯

સંક્ષેપાર્થ :– સાધિક એટલે સ અધિક અર્થાત્ બે હજાર સાગરોપમથી કાંઈક અધિક કાલ સુધી તસ એટલે ત્રસકાયમાં (બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી ત્રસ જીવોમાં) ઉપરોક્ત દુઃખો મેં ભોગવ્યા. તેમાં એક સહસ દધિ એટલે એક હજાર સાગરોપમથી કંઈક અધિક પંચન્દ્રિયપણામાં ભ્રમણ કર્યું. તે પંચેન્દ્રિયપણામાં માત્ર અડતાલીસ જ ભવ મનુષ્યના પ્રાપ્ત થયા; અને બાકીના બધા તિર્યંચ પંચેન્દ્રિયમાં કે નારકી અથવા દેવ કે યુગલીયાના ભવ થયા.

તે સિવાયનો બીજો બધો કાળ એકેન્દ્રિય પર્યાયોમાં ઉત્કૃષ્ટ અસંખ્યાત પુદ્‌ગલપરાવર્તન કરતાં ગયો. ॥૯॥

પર પરિણતિ રાગીપણે, પર રસ રંગે રક્ત રે;
પર ગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે. જ૦ ૧૦

સંક્ષેપાર્થ :– ઉપરોક્ત અનંતકાળનું ભ્રમણ શા માટે થયું તેના હવે કારણો દર્શાવે છે :- પર પુદ્‌ગલ પદાર્થમાં રાગસહિત પરિણતિ એટલે ભાવ કરવાથી, પર એવા પુદ્‌ગલમાં આનંદ



માની તેના રંગે રક્ત એટલે તન્મય થવાથી, તથા પર પુદ્‌ગલના ગ્રાહક એટલે તેને જ ગ્રહણ કરવાની ઇચ્છાથી તથા તેના જ રક્ષણ કરવામાં ઉપયોગ રહેવાથી તેમજ પર એવા વિષયભોગોમાં આસક્ત થવાથી શુદ્ધ આત્મતત્ત્વનું મને દર્શન ન થયું અને માત્ર સંસાર ભ્રમણ જ ચાલુ રહ્યું. ॥૧૦॥

શુદ્ધ સ્વજાતિ તત્ત્વને, બહુ માને તલ્લીન રે;
તે વિજાતિ રસતા તજી, સ્વસ્વરૂપરસ પીન રે જ૦ ૧૧

શુદ્ધ સ્વજાતિમય એવા આત્મતત્ત્વને જે બહુમાનપૂર્વક તલ્લીનતાએ ભજશે એટલે કે જે પોતાના 'સહજાત્મસ્વરૂપ'નું ધ્યાન ધરશે, તે ભવ્યાત્મા આત્માથી વિજાતીય એવા પુદ્‌ગલથી ઉત્પન્ન થતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની રસતા એટલે આસ્વાદને તજી, સ્વસ્વરૂપમય એવા શુદ્ધાત્મરસના અમૃતને સર્વકાળને માટે પીન એટલે પીતા થઈ જશે. ॥૧૧॥

શ્રી સર્વાનુભૂતિ જિનેશ્વર, તારક લાયક દેવ રે;
તુજ ચરણ શરણ રહ્યો, ટળો અનાદિ કુટેવ રે. જ૦ ૧૨

સંક્ષેપાર્થ :– શ્રી સર્વાનુભૂતિ જિનેશ્વર પ્રભુ ભવ્ય જીવોના સાચા તારક છે. કારણ કે વીતરાગ પરમાત્મા હોવાથી તે સાચા દેવપણાને લાયક છે.

માટે હું તો આપના ચરણકમળના શરણમાં રહ્યો છું કે જેથી કર્મબંધ કરવાની અનાદિ કાળની મારી કુટેવ ટળી જાય.'' ॥૧૨॥ -ચૈ.ચો.ભા.૨ (પૃ.૯૭)

'અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

અનંતકાળથી જન્મમરણ કરું છું તે કેમ મટે એ વારંવાર વિચારવું

''અનંતકાળ થયાં જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી અને તે શું કરવાથી થાય? આ વાક્યમાં અનેક અર્થ સમાયેલ છે. તેને વિચાર્યા વિના કે દૃઢ વિશ્વાસથી ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પ ભાન થતું નથી. બીજા બધા વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરુષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો.'' (વ.પૃ.૨૦૧)

વીતરાગતા, વિનય અને સત્પુરુષની આજ્ઞા એ નહીં મળવાથી રખડ્યો

''જગતમાં નીરાગીત્વ, વિનયતા અને સત્પુરુષની આજ્ઞા એ નહીં મળવાથી આ આત્મા અનાદિ કાળથી રખડ્યો; પણ નિરુપાયતા થઈ તે થઈ. હવે આપણે પુરુષાર્થ કરવો ઉચિત છે. જય થાઓ!'' (વ.પૃ.૧૭૬)

વાસનાનો અભ્યાસ અનાદિનો, તેને દૂર કરવા સત્સંગ સર્વશ્રેષ્ઠ

''અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર



સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંતકાળનો જે મિથ્યા અભ્યાસ છે. તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. (વ.પૃ.૨૭૮)

જ્ઞાનીપુરુષની આશાતના, નિંદા કરવાથી અનંતસંસાર વધે

''જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળપરિણામે પરમ ઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંતસંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે.'' (વ.પૃ.૩૪૩)

અસદ્‌ગુરુથી અનાદિથી રખડ્યો, સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તે તો કલ્યાણ

''જીવ ખોટા સંગથી, અને અસદ્‌ગુરુથી અનાદિકાળથી રખડ્યો છે; માટે સાચા પુરુષને ઓળખવા. સાચા પુરુષ કેવા છે? સાચા પુરુષ તો તે કે જેને દેહ પરથી મમત્વ ગયું છે; જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તે તો પોતાના દોષ ઘટે; અને કષાયાદિ મોળા પડે; પરિણામે સમ્યક્‌ત્વ થાય.'' (વ.પૃ.૭૨૭)

અનંતકાળથી નરક નિગોદાદિમાં કુટાઈ હવે મનુષ્યભવ પામ્યો

''અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં સૂક્ષ્મ નિગોદમાંથી આગળ કુટાતો પિટાતો કર્મની અકામ નિર્જરા કરતો, દુઃખ ભોગવી તે અકામ નિર્જરાના યોગે જીવ પંચેન્દ્રિય મનુષ્યપણું પામે છે.'' (વ.પૃ.૬૬૨)

'બોધામૃત ભાગ-૩'માંથી :–

સત્પુરુષની પ્રાપ્તિ અને જીવની યોગ્યતા હોય તો અવશ્ય કલ્યાણ થાય

''પ્રશ્ન–અનંતકાળથી જે કલ્યાણ થતું નથી તે અત્યારે કેમ થશે?

ઉત્તર–''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' (૫૦૫) બેય યોગો સાથે મળે ત્યારે કલ્યાણ અનંતકાળથી નહોતું થતું તે થાય છેજી.'' -બો.૩ (પૃ.૭૭૯)

જીવની યોગ્યતા અને સત્પુરુષનો યોગ હોય તો અનંતકાળમાં નહીં થયેલું એવું જીવનું કલ્યાણ થાય. સત્પુરુષ તો પરમકૃપાળુ પરમાત્મા જેવા મળેલ છે. હવે માત્ર આપણી યોગ્યતાની ખામી છે. માટે પ.પૂ.પ્રભુશ્રીજી કહે છે કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો. પ્રભુ અમે તો આપવા જ બેઠા છીએ, પણ તમે લેશો શામાં? યોગ્ય બનો તો આપી દઈએ. એ યોગ્યતા શું છે? તો કે–ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ એ યોગ્યતા છે. અથવા–



''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ.''

એનુંજ બીજું રૂપ શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા છે. એ ગુણો પોતામાં આવે તો તે જીવ સમકિત પ્રાપ્ત કરવાને યોગ્ય થાય. અનંતકાળથી જીવને સમકિત આવ્યું નથી. તેથી ''અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન' પણ તે હવે મટી જાય અને શાશ્વત સુખશાંતિને સર્વ કાળને માટે જીવ પામી ભવબંધનથી મુક્ત થાય એવો યોગ છે, એવો અવસર હાથમાં આવેલો છે.

'સેવ્યા નહિ ગુરુસંતને, મૂક્યું નહિ અભિમાન'.....

હે સર્વજ્ઞ ભગવાન! આપનો બોધેલો માર્ગ પ્રવર્તાવનાર એવા સદ્‌ગુરુ ભગવાનની મેં ઉપાસના કરી નહીં અથવા સદ્‌ગુરુના અવલંબને સાધકપણે વર્તતા એવા સંતપુરુષોની પણ આજ્ઞા હું ઉઠાવી શક્યો નહીં, તેથી હું આ ચોરાશી લાખ જીવ યોનિમાં હજુ ભમું છું.

તેનું મુખ્ય કારણ કે મેં મારું અભિમાન-હું જાણું છું, સમજું છું તે છોડ્યું નહીં. તેથી તે દેવગુરુધર્મની આજ્ઞાએ હું પ્રવર્તી શક્યો નહીં અને તેના ફળસ્વરૂપ જન્મમરણના દુઃખ જ પામતો રહ્યો. કેમકે 'પાપ મૂળ અભિમાન છે' તે મેં છોડ્યું નહીં.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧' માંથી :–

''અહિતમાં હિત માની બેઠો, હિતતણું નહીં ભાન,
શાશ્વત નિજ સત્તાના જાણું, અનિત્યનું અભિમાન.
જય દેવ જિનેન્દ્ર મહાન, અહોહો! દેવ જિનેન્દ્ર મહાન. ૬

અર્થ :– પાંચ ઇન્દ્રિયના વિષયો તથા ક્રોધાદિ કષાયભાવો કે જે આત્માને અહિતરૂપ છે તેમાં હું હિત માની બેઠો છું. અને આત્માને હિતરૂપ એવા વૈરાગ્યભાવમાં, કે ક્ષમા, સરળતા, વિનય, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આદિ આત્મધર્મને ધારણ કરવામાં કે ઇન્દ્રિય જય કરવામાં અથવા કષાયોને ઉપશાંત કરવામાં ખરેખર મારું હિત રહેલું છે તેનું મને હજુ સુધી ભાન નથી. તથા મારી શાશ્વત ત્રિકાળ રહેનાર, કદી મરનાર નહીં એવી નિજ આત્મસત્તા છે તેનું પણ મને જ્ઞાન નથી. અને વળી તેથી વિપરીત અનિત્ય એવા શરીર, ધન, કુટુંબાદિને મારા માની તેનું અભિમાન કરું છું એ જ મારી અજ્ઞાનતાની પરાકાષ્ટા છે. માટે મહાન આશ્ચર્યકારક એવા વીતરાગ સ્વરૂપને ધારણ કરનાર આપ જિનેન્દ્ર પ્રભુને ધન્ય છે. ॥૬॥ -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૭)



''સર્વ શાસ્ત્ર-સમુદ્રોના પારગામી મુનિ મહા,
અભિમાન નહીં ધારે, બાળ જેવા રહે, અહા! ૧૪

અર્થ :– સર્વ શાસ્ત્રરૂપી સમુદ્રોના પારને પામેલા એવા મુનિ મહાત્માઓ કદી અભિમાનને ધારણ કરતા નથી; પણ અહો! બાળક જેવા સદા નિર્દોષ બનીને રહે છે. એવી નિર્દોષતા જ ઉપાસવા યોગ્ય છે. ॥૧૪॥

નિરભિમાનીની વાણી સૌ કોઈ સુણવા ચહે;
સ્વપ્રશંસા અભિમાની તણી વાણી વિષે વહે–૧૫

અર્થ :– નિરભિમાની જીવની વાણી સૌ કોઈ સાંભળવા ઇચ્છે. જ્યારે અભિમાની જીવની વાણીમાં સ્વપ્રશંસાનો પ્રવાહ વહ્યા કરે છે; તે આપવડાઈ કર્યા કરે છે. ॥૧૫॥

પકવાન્ને કાંકરી જેવી દૂભવે મન આપણાં;
વિના વાંકે બને વૈરી અભિમાની તણાં ઘણાં. ૧૬

અર્થ :– અભિમાની જીવની આપવડાઈ, પકવાન જમતાં વચ્ચે કાંકરી આવી જાય તો કેવો રંગમાં ભંગ પડે, તેમ તે વાણી આપણા મનને દૂભવે છે. અભિમાની જીવના, વિના વાંકે ઘણા વૈરી બની જાય અર્થાત્ તે કોઈનું બૂરું ન કરે તો પણ તેના અભિમાનથી તેના પ્રત્યે ઘણાને અણગમો રહે છે. ॥૧૬॥ -પ્ર.વિ.ભા.૧ (પૃ.૫૪૯)

'પાપમૂલ અભિમાન' પ્રસિદ્ધ જગમાં અતિ,
નિષ્પાપી નિરભિમાની વિનયાન્વિત સન્મતિ. ૩

અર્થ :– 'પાપનું મૂળ અભિમાન છે' એમ જગતમાં અતિ પ્રસિદ્ધ વાત છે.

પ્રશ્ન–અભિમાન થવાનું કારણ શું? બધું છે તો પારકું. પૂજ્યશ્રી–પારકું નથી માન્યું. મારું નથી એમ જેને હોય તે અભિમાન ન કરે. પોતાનું માન્યુ હોય તો અભિમાન થાય.'' -બો.૧ (પૃ.૧૫૧) પણ જે નિરભિમાની, વિનયવાન અને સદ્‌બુદ્ધિવાળા છે તે નિષ્પાપી જીવો છે. તે તત્ત્વને પામી શકે છે.

''અધમાધમ અધિકો પતીત સકલ જગતમાં હુય'' એવું રોજ બોલીએ છીએ, પણ અંદરથી લાગવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.'' માનને કાઢવા માટે ખરો ઉપાય વિનયગુણ છે.'' -બો.૧ (પૃ.૬૫) ॥૩॥

જાતિ, કુળ, બળ, વિદ્યા, ઐશ્વર્ય, શ્રી, તપે, રૂપે
અભિમાન કુબુદ્ધિને; પડે ના સુજ્ઞ તો કૂપે. ૪

અર્થ :– શાસ્ત્રોમાં મુખ્યત્વે આઠ પ્રકારના મદ એટલે અહંકાર ઊપજવાના પ્રકાર છે તે આ પ્રમાણે–જાતિમદ, કુળમદ, બળમદ, વિદ્યામદ, ઐશ્વર્ય એટલે સત્તામદ, શ્રી એટલે લક્ષ્મી-ધનમદ, તપમદ અને રૂપમદ. કુબુદ્ધિવાન જીવને એથી અભિમાન ઊપજે છે. જ્યારે સુજ્ઞ એટલે વસ્તુને



સમ્યક્ પ્રકારે જાણનાર એવો આત્માર્થી જીવ, તે આ અભિમાનરૂપી કૂવામાં પડતો નથી.

મેતારજ મુનિ અને હરિકેશી મુનિએ પૂર્વભવમાં બ્રાહ્મણ જાતિનું અભિમાન કરેલું તેથી તેમને આ ભવમાં ચંડાલ કુળમાં ઉત્પન્ન થવું પડ્યું. ।।૪।।

જાતિવંત ઘણા જીવો કુકર્મે નરકે ગયા,
નરો કુલીન ભિખારી અભિમાન વશે થયા. ૫

અર્થ :– ઉત્તમજાતિમાં ઉત્પન્ન થવા છતાં જીવનમાં જાતિમદ આદિ કુકર્મો કરી ઘણા જીવો નરકમાં જઈને પડ્યા. તેમજ ઉત્તમ કુલમાં જન્મ લેવા છતાં તેનું અભિમાન કરવાથી આવતા ભવમાં ભિખારી બની ગયા.

મરિચિનું દૃષ્ટાંત :– ભગવાન ઋષભદેવના સમયમાં ભરત મહારાજાએ મરિચિને ભાવી તીર્થંકર જાણી નમસ્કાર કર્યા ત્યારે ભગવાન મહાવીરના જીવ મરિચિએ કુલમદના અભિમાનમાં આવીને કહ્યું કે મારા દાદા કોણ છે? પ્રથમ તીર્થંકર ઋષભદેવ, મારા પિતા કોણ છે? છ ખંડના અધિપતિ ચક્રવર્તી તો હું આવતા ભવોમાં વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર થાઉં તો એમાં શું નવાઈ? તેના ફળમાં લગભગ એક કોડાકોડી સાગરોપમ સુધી તેમને સંસારમાં ભ્રમણ કરવું પડ્યું.'' ।।૫।। -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૫૪૭)

'સેવ્યા નહિ ગુરુસંતને, મૂક્યું નહિ અભિમાન'.....

'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી :–

અભિમાન મૂકે તો વિનય આવે અને ગુરુ સંતની સેવા થાય

''માર્ગ પામવામાં અનંત અંતરાયો છે. તેમાં વળી 'મેં આ કર્યું,' 'મેં આ કેવું સરસ કર્યું?' એવા પ્રકારનું અભિમાન છે. 'મેં કાંઈ કર્યું જ નથી' એવી દૃષ્ટિ મુકવાથી તે અભિમાન દૂર થાય.'' (વ.પૃ.૭૦૦)

ચક્રવર્તીની સંપત્તિની તુલનામાં મારી પાસે શું છે તે અહંકાર કરું?

''છ ખંડના ભોક્તા રાજ મૂકી ચાલી ગયા, અને હું આવા અલ્પ વ્યવહારમાં મોટાઈ અને અહંકાર કરી બેઠો છું' એમ કેમ વિચારતો નથી?'' (વ.પૃ.૭૨૭)

પોતાનો કોઈ ગુણ જોઈ રાજી ન થવું પણ અલ્પ દોષ જોઈ પશ્ચાતાપ કરવો

''પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે.'' (વ.પૃ.૪૨૨)



આજ્ઞા ભક્તિ કરે તો સ્વચ્છંદ ટળે અને અહંકાર મટે

''જરા સમતા આવે કે અહંકાર આવીને ભુલાવે છે કે 'હું સમતાવાળો છું.' માટે ઉપયોગ જાગૃત રાખવો. માયાને શોધી શોધીને જ્ઞાનીએ ખરેખર જીતી છે. ભક્તિરૂપી સ્ત્રી છે. તેને માયા સામી મૂકે ત્યારે માયાને જિતાય. ભક્તિમાં અહંકાર નથી માટે માયાને જીતે. આજ્ઞામાં અહંકાર નથી. સ્વચ્છંદમાં અહંકાર છે.'' (વ.પૃ.૭૦૬)

'ઉપદેશામૃત' માંથી :–

આ જીવનું માન - અહંકારે ભૂંડું કર્યું છે. તે મૂક્યે છૂટકો છે

''માન ન હોય તો અહીં જ મોક્ષ છે. તે મુકાણું તો કામ થયું. સમાધિસ્થ બાહુબલજીને તેમની બહેનો–બ્રાહ્મી-સુંદરી–એ જંગલમાં જઈને કહ્યું : ''વીરા, ગજથકી હેઠા ઊતરો.'' ત્યાં બાહુબલજી વિચારમાં પડી ગયા અને જાગ્યા કે ખરી વાત છે, અહંકારરૂપી ગજ ઉપર હું બેઠો છું. નાનાભાઈને હું નમવા હવે તો જાઉં એમ વિચારીને ઊઠ્યા કે તરત કેવળજ્ઞાન થયું. આટલા જ માનના અહંકારથી કેવળજ્ઞાન અટક્યું હતું. આ જીવનું માન-અહંકારે ભૂંડું કર્યું છે. તે મૂક્યે છૂટકો છે.'' (ઉ.પૃ.૨૦૬)


અભિમાનીના અહંકારથી જીવનું ઘણું ભૂંડું થાય. તે મૂક્યા વગર મુક્તિ નથી

ઉજ્જિતકુમારનું દૃષ્ટાંત :– નંદિપુરમાં રત્નશેખર નામે રાજાનો પુત્ર ઉજ્જિતકુમાર હતો. એકદા તે વિદ્યાશાળામાં ગયો, ત્યાં ભણાવનાર ગુરુને ઊંચે આસને બેઠેલા જોઈ તેણે કહ્યું કે 'તું અમારા રાજ્યમાં આવેલા દાણાનો ખાનાર થઈને ઊંચા આસનપર બેસે છે. અને મને નીચે બેસાડે છે;'' એમ કહી ગુરુને લાત મારી નીચે પાડી દીધા. તે વાત સાંભળી 'આ કુપુત્ર છે' એમ જાણી રાજાએ તેને પોતાના દેશમાંથી દૂર કર્યો.





ઉજ્જિત કુમાર ચાલતો ચાલતો એક તાપસના આશ્રમમાં ગયો. ત્યાં પગ ઉપર પગ ચઢાવીને તે તાપસોની સામે બેઠો. એટલે તાપસોએ તેને શિખામણ આપી કે 'હે ભાગ્યશાળી! વિનય રાખ.'' તે બોલ્યો કે ''મસ્તકપર જટાજુટ રાખનારા અને આખે શરીરે ભસ્મ ચોળનારા બાવાઓને વિષે વળી વિનય શો?'' તેનું તેવું ગર્વિષ્ઠ વચન સાંભળીને તાપસોએ તેને તરત ત્યાંથી કાઢી મૂક્યો;



એટલે તે ક્રોધથી બોલ્યો કે અરે! મારા પિતાનું રાજ્ય પામીશ ત્યારે તમારો નાશ કરીશ.'' એમ કહીને બડબડતો બડબડતો તે આગળ ચાલ્યો.

માર્ગમાં તેને એક સિંહ મળ્યો. તેને જોઈને હાથમાં તીક્ષ્ણ ખડ્ગ લઈ અહંકારથી તેની સન્મુખ જ ચાલ્યો. સિંહની સાથે યુદ્ધ થતાં સિંહ તેને ખાઈ ગયો.



તે મરીને ગધેડો થયો. ત્યાંથી મરી ઉંટ થયો. ત્યાંથી મરીને ફરીથી નંદીપુરમાં જ પુરોહિતનો પુત્ર થયો. બાલ્યાવસ્થામાં જ તે ચૌદ વિદ્યાનો પારગામી થયો. ત્યાં પણ અહંકારથી જ મૃત્યુ પામીને તેજ નંદી-પુરમાં ગાયન કરનારો ડુંબ થયો. તેને જોઈ પૂર્વ-ભવના પિતા પુરોહિતને તેના પર ઘણો સ્નેહ થવા લાગ્યો.



એવામાં કોઈ કેવળજ્ઞાની તે ગામે પધાર્યા. તેને પુરોહિતે નમ્રતાથી પૂછ્યું કે 'હે પૂજ્ય! આ ડુંબના પર મને ઘણો પ્રેમ થાય છે તેનું કારણ શું?' ત્યારે કેવળીએ તેના પૂર્વ ભવનું સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળીને તે ગાયકને જાતિ-સ્મરણજ્ઞાન થયું; તેથી તે કેવળી પરમાત્માના વચન સાંભળવાનો રસિક થયો. પછી ગાયકે પોતાના ઉદ્ધારનો ઉપાય પૂછ્યો; ત્યારે શ્રી કેવળીએ અનેક સ્યાદ્વાદથી યુક્ત એવું મન, વચન અને કાયા રૂપ ત્રણ યોગની શુદ્ધિનું સ્વરૂપ પ્રકાશિત કર્યું.

તે કેવળીના મુખથી ધર્મોપદેશ સાંભળીને સંસારની અનિત્યતા જાણી પુરોહિત અને ડુંબ બન્ને શુદ્ધ ધર્મને અંગીકાર કરી પાળીને સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવી અનુક્રમે મુક્તિને પામશે.

-ઉપદેશપ્રસાદ ભાષાંતર ભાગ-૫ના આધારે (પૃ.૧૫૬)

તેણે અભિમાન મૂકી વિનયવાન થઈ ધર્મને અંગીકાર કર્યો તો જન્મમરણથી છૂટ્યો. નહીં તો ધીમે ધીમે રાજપુત્રમાંથી ગધેડો, ઉંટ, ડુંબ વગેરેના ભવો કરતો કરતો વિશેષ નીચગતિને પામત. માટે અભિમાન મૂકી વિનયવાન થઈ ધર્મનું આરાધન કરવું એ જ શ્રેયસ્કર છે.

જીવને તુચ્છ વસ્તુનું અભિમાન થાય છે

પૂ.શ્રી બ્રહ્મચારીજીએ જણાવેલું કે જીવને તુચ્છ વસ્તુનું પણ અભિમાન થાય છે. બીજાના કરતાં પોતાના જોડાં સારા હોય તો તેનું પણ જીવને અભિમાન થાય કે મારા જોડા એના કરતાં સારા છે. ભલેને જોડા જેવી તુચ્છ વસ્તુ છે છતાં તેનુંય પાછું અભિમાન થાય છે. અભિમાન વિના જીવ રહેતો નથી.

'સેવ્યા નહિ ગુરુસંતને, મૂક્યું નહિ અભિમાન'.....

'બોધામૃત ભાગ-૧,૨' માંથી :–

સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થાય તો જ્ઞાનીના વચનો ચોંટે

''પૂજ્યશ્રી–જીવને આ સંસારમાં ભમવાનું મોટું કારણ અભિમાન છે. એ અભિમાન ઊતરી જાય એવા 'વીશ દોહરા' છે. અનંતાનુબંધી માનથી જીવને રખડવાનું થાય છે. અભિમાન દૂર થાય તો વિનય ગુણ પ્રગટે. પછી સત્પુરુષ ઓળખાય. ''સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.'' (૨૫૪) સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય તો એને જ્ઞાનીના વચનો ચોંટે. એ માટે 'વીશ દોહરા' છે. માન જાય તો વિનય ગુણ આવે. એટલો બધો પ્રભાવ 'વીશ દોહરા' માં છે. કંઈક ગરજ જોઈએ, વિજ્ઞાનપણું જોઈએ.'' -બો.૧ (પૃ.૪૩૧)

માન આવે તો ભગવાન પડખેથી ખસી જાય

''જીવને અભિમાન પેસી જાય છે. માન આવે તો ભગવાન પડખેથી ખસી જાય. 'અધમા-ધમ છું' એ ટકવું આ કાળમાં બહુ મુશ્કેલ છે. આ કાળનું ઝેર ઉતારવા જેવું કૃપાળુદેવે બધું લખ્યું છે. એક 'ક્ષમાપના' બોલે તો બધું ઝેર ઊતરી જાય.'' (જૂનું બો.૧ પૃ.૨૧૦)



ભગવાન હોય ત્યાં માન ન રહે અને માન હોય ત્યાં ભગવાન ન રહે

ગોપીઓના અહંકારનું દૃષ્ટાંત :–''શ્રીમદ્ ભાગવતમાં એક કથા આવે છે. શરદ-પૂર્ણિમાની રાત્રિ હતી. શ્રીકૃષ્ણે જંગલમાં આવી વાંસળી વગાડી. તે સાંભળીને બધી ગોપીઓ ઘરનાં કામ વગેરે છોડીને ત્યાં શ્રીકૃષ્ણ પાસે આવી. શ્રીકૃષ્ણે કહ્યું કે તમે અહીં કેમ આવી? તમારા પતિને મૂકીને અહીં શા માટે આવી છો? ગોપીઓએ કહ્યું કે પતિ પરદેશ જાય ત્યારે કોઈને પોતાનું ચિત્રપટ, કોઈને લાકડાનું પૂતળું વગેરે પૂજવા માટે આપી જાય છે. પછી તે રોજ તેની પૂજા કરતી હોય; અને જ્યારે પતિ ઘરે આવે અને કહે કે પાણી લાવ, તો તે કંઈ એમ કહે કે ના, મને પહેલાં પૂજા કરવા દો. તેમ અમારા પતિ તો તમે છો. બીજા તો બધા લાકડાના પૂતળા જેવા છે. જ્યારે ખરા પતિ ઘરે આવે ત્યારે લાકડાના પતિની કોણ સેવા કરે? તે સાંભળી શ્રીકૃષ્ણ બહુ પ્રસન્ન થયા અને પછી બહુ આનંદથી રાસ રમ્યા. તે વખતે એક ગોપી અને એક કૃષ્ણ, એક ગોપી અને એક કૃષ્ણ એમ બધી ગોપીઓ સાથે કૃષ્ણ દેખાવા લાગ્યા. તે વખતે ગોપીઓના મનમાં થયું કે આપણે કેવી ભાગ્યશાળીની છીએ! આ વખતે બીજાં બધાં ઊંઘે છે અને આપણે ભગવાન સાથે લીલા કરીએ છીએ. એમ જરાક અભિમાન આવી ગયું, એટલામાં તો એકેય કૃષ્ણ ન મળે. કૃષ્ણ અલોપ થઈ ગયા. કેમકે 'મોહનવરને માન સંઘાથે વેરજો.'

જ્યાં ભગવાન હોય ત્યાં માન ન રહે અને જ્યાં માન હોય ત્યાં ભગવાન ન રહે, એવું છે. માટે અભિમાન મૂકવાનું છે.'' -બો.૧ (પૃ.૭૦૨)

સંસાર નાશ કરવા તૈયાર થયો ને અભિમાન કરે તો સંસાર વધે

''કૃપાળુદેવે લખ્યું છે કે ''જો કે તીર્થંકર થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે.'' (૧૭૦) તીર્થંકર જેવા થવું નથી એટલે કે સમવસરણ રચાવું, દેવોને નમાવું, એવું માન થાય તેવું કરવું નથી. પણ તીર્થંકર પોતે તર્યા અને બીજાને તાર્યા, તે અમારે કરવાનું છે. અત્યારે જીવની પાસે અભિમાન કરવા જેવું કંઈ નથી. અભિમાન દૂર થવાનો ઉપાય જ્ઞાનીની આજ્ઞા છે. સંસાર નાશ કરવા તૈયાર થયો હોય અને અભિમાન કરે ત્યાં સંસાર વધે. લોકોમાં માન મેળવવા જીવ વધારે તણાય છે.'' -જૂનું બો.૧ (પૃ.૩૦૫)

મહાપુરુષોના ગુણો અને પોતાના દોષો જુએ તો અભિમાન ટળે

''મુમુક્ષુ–કોઈ પદ અથવા પત્ર બોલતાં અભિમાન આવી જતું હોય તો બોલવું કે ન બોલવું?

પૂજ્યશ્રી–જ્યારે બોલે ત્યારે વિચારે કે હું હજુ શીખ્યો નથી. શું એવું અભિમાન કરવા જેવું શીખ્યો છું? પૂર્વે થઈ ગયેલા ગણધરોએ ચૌદપૂર્વની રચના કરી હતી. ઘણા એ પૂર્વોને ભણ્યા હતા. તે જ્ઞાનની આગળ મારું જ્ઞાન શું છે? કશુંયે નથી. ભગવાનમાં કેટલા ગુણો છે! મારામાં કેટલા બધા દોષો ભરેલા છે? મારે તો હજુ ઘણું કરવાનું છે. મેં કંઈ કર્યું નથી. જીવે અહંકાર કરવા જેવું કોઈ કામ નથી કર્યું. એમ જો વિચાર કરે તો અભિમાન થાય નહીં, અને પુરુષાર્થ પણ જાગે. જ્યારે



મનમાં અભિમાન આવે ત્યારે ભગવાનને સંભારે તો અભિમાન ન થાય. પોતાનાથી જે નીચા છે તેના ઉપર દૃષ્ટિ રાખે તો અભિમાન થાય.''

-બો.૧ (પૃ.૧૨૭)

જ્ઞાનીપુરુષ ન કહે કે તને જ્ઞાન થયું છે, ત્યાં સુધી જ્ઞાની છું એમ માનવું નહીં

''જ્યાં સુધી જ્ઞાનીપુરુષ એમ ન કહે કે તને જ્ઞાન થયું છે, ત્યાં સુધી જ્ઞાની છું એમ માનવું નહીં. મારે જાણવું છે એમ રાખવું. પોતાને જ્ઞાની માની લે તો પછી કોઈની પાસેથી જાણવાનું બંધ થઈ જાય, એટલે પછી ભૂલ જાય નહીં; અને જ્ઞાન થાય નહીં. મને જ્ઞાન થયું એમ માનવામાં નુકસાન છે. એના કરતાં ન માનવામાં લાભ છે.

તીર્થંકર વિચરતા હતા ત્યારે ગણધર જેવા પણ 'ભગવાન જાણે' એમ રાખતા. (આનંદ શ્રાવક-ગૌતમસ્વામીનું દૃષ્ટાંત : ઉપદેશછાયા-૪) ગૌતમસ્વામીએ છતે જ્ઞાને જોયું નહીં, ઉપયોગ આપ્યો નહીં. જઈને મહાવીરસ્વામીને પૂછ્યું. પણ તેથી જ્ઞાન કંઈ જતું રહ્યું? ન માનવામાં કંઈ ખોટ નથી. 'હું જાણું છું' એમ માનવું જીવને સારું લાગે છે, પણ તે નુકસાન કરનાર છે, અશાંતિ કરનાર છે. મને આવડે છે એવું અભિમાન હોય તો જ્ઞાનીનું કહેલું ન બેસે. ગુણગ્રાહી થવું. માનવું છે જ્ઞાનીનું. એણે સાચી વસ્તુ જાણી તે આપણે કામની છે. જગતમાં કશું પ્રિય કરવા જેવું નથી અને ''જે કંઈ પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી'' (૧૯૮) એટલું હૃદયમાં રહે તો કામ થાય. પ્રિય કરવા જેવું છે તે જ્ઞાનીએ જાણ્યું છે. ચેતતો રહે તો આગળ વધે.'' -જૂનું બો.૧ (પૃ.૨૩૧)

કૃપાળુદેવને ઉપાધિમાં પણ સમાધિ કેમકે ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ

''देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥ (૨૨૩)

હું વાણિયો છું, બ્રાહ્મણ છું, સ્ત્રી છું, પુરુષ છું, એ આદિ દેહાભિમાન જેને નથી અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે, તેનું ચિત્ત જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સમાધિ છે. રાગદ્વેષ થતા નથી. અમુક કરવું, અમુક ન કરવું, એમ એ કરતા નથી. જે ઉદયમાં આવે તે કરે છે. સમાધિભાવ એમનો છૂટતો નથી. એ ક્ષાયિક સમકિતનું બળ છે.

કોઈ એમ કહે કે તમારે આટલી ઉપાધિ છે તો ભાર કાઢી નાખો ને! કૃપાળુદેવ કહે છે કે એવું કરવું હોય તો થાય, પણ એમ કરીએ તો કર્મ ભોગવાય નહીં. ભોગવ્યા વિના છૂટકો નથી, આ ભવમાં કે પરભવમાં.'' -બો.૨ (પૃ.૧૦૧)

''સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.'' ૧૬

અર્થ :– ''હે પ્રભુ! મેં સંતચરણ એટલે સદ્‌ગુરુના આશ્રય વગર અનેક સાધન કર્યા, પણ એનાથી કશું પાર પામ્યો નહીં. એક અંશ માત્ર પણ વિવેક ઊગ્યો નથી.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)



'સંતચરણ આશ્રય વિના સાધન કર્યાં અનેક'.....

હે પ્રભુ! અનંતકાળના પરિભ્રમણમાં મેં મુક્તિને અર્થે અનેક સાધન 'યમનિયમ'ના પદમાં જણાવ્યાં છે તેવા કર્યાં, પણ તેમાં મારી એક મોટી ભૂલ રહી ગઈ કે તે સાધન સદ્‌ગુરુ કે સંત-પુરુષની આજ્ઞાએ અથવા તેમના આશ્રયે ન કરતાં સ્વચ્છંદે જ દોડ કરી.

'શ્રી આનંદઘનજી મહારાજ શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનમાં જણાવે છે :–

"દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ જિ૦
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિ૦ ધ૦ ૪

સંક્ષેપાર્થ :– હે પ્રભુ! મેં આપના દર્શન કરવા માટે અનાદિકાળથી દોડ દોડ જ કર્યું છે. જેટલી મારા મનની શક્તિ હતી તેટલી સ્વચ્છંદે દોડ કરી છે અને મુક્તિ મેળવવા માટે અનેક તીર્થોની યાત્રા કરી છે કે ધર્મોની આરાધન કરી છે.

પણ આનંદઘનજી મહારાજ કહે છે કે મુક્તિ મેળવવાનો માર્ગ તો સદ્‌ગુરુ પ્રત્યેનો પ્રેમ, તેની પ્રતીતિ એટલે શ્રદ્ધા અને તેમના વચનોનો વિચાર કરતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ ઢૂંકડી થશે અર્થાત્ પોતામાં જ આત્માના દર્શન થશે. પણ સાથે ગુરુગમને અવશ્ય જોડજો, નહીં તો ફરી ભૂલા પડશો. શ્રીમદ્‌જીએ પણ આ વિષે કહ્યું છે કે–"બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે." ॥૪॥

-ચૈત્યવંદન ચોવીશી (અર્થ સહિત) ભાગ-૧ (પૃ.૧૮૬)

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧,૨' માંથી :–

"ત્રિવિધિના તાપે અશરણ બધો લોક બળતો,
ભૂલી અજ્ઞાને હા! સ્વરૂપ નિજ, દુઃખે ઊકળતો;
તમારી વાણી ને શરણ વિણ ના તાપ ટળતો,
તથાપિ ના શોધે શરણ તુજ, એ ખેદ રળતો. ૩

અર્થ :– હે પ્રભુ! ઊર્ધ્વ, અધો અને મધ્ય એવા ત્રણેય લોકમાં જેને કોઈનું શરણ નથી એવા અશરણ પ્રાણીઓ આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી જગતમાં બળી રહ્યા છે. હા! આશ્ચર્ય છે કે અનાદિકાળથી પોતાના સ્વસ્વરૂપને અજ્ઞાનના કારણે ભૂલી જઈ; જન્મ, જરા, મરણના કે ત્રિવિધ તાપાગ્નિમાં દુઃખમાં જ તે ઊકળ્યા કરે છે. તે ત્રિવિધ તાપ માત્ર તમારી વીતરાગ વાણી કે તમારા અનન્ય શરણ વિના ટળી શકે એમ નથી. તો પણ હે નાથ! મારો આત્મા ભારે કર્મવશાત્ આપનું શરણ લેવાને શોધતો નથી એ જ મોટો ખેદ વર્તમાનમાં મને દુઃખ આપે છે તેને હે નાથ! તું નિવાર, નિવાર.

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પત્રાંક ૨૧૩માં પરમકૃપાળુદેવે ઉપરોક્ત ભાવ વ્યક્ત કર્યો છે. તેને આ કડીમાં વણી લેવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે :–



''આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.'' (વ.પૃ.૨૬૯)

-પ્ર.વિ.ભા.૧ (પૃ.૨)

''જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સુલભ મોક્ષપદ, ભાખ્યુંજી;
આત્મસ્થિરતા, મોક્ષમાર્ગ તો કેમ સુલભ નહિ? દાખ્યુંજી.
સૂક્ષ્મ-તત્ત્વ-પ્રતીતિ પામ્યા, અચળ આ કળિ-કાળેજી.

અર્થ :– જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે એમ મહાપુરુષોએ કહ્યું છે, તો ક્ષણે ક્ષણે આત્માનો ઉપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ મોક્ષમાર્ગ તેમના દૃઢ આશ્રયે કેમ સુલભ ન હોય? અર્થાત્ હોય જ. આત્મઉપયોગ સ્થિર થયા વિના મોક્ષપ્રાપ્તિ હોય નહીં. સૂક્ષ્મ આત્મતત્ત્વની દૃઢ શ્રદ્ધાને આ કળિકાળમાં પામ્યા એવા પરમકૃપાળુપ્રભુનો ચરણ કમળમાં મારા કોટિશઃ પ્રણામ હો. ॥૮॥

જ્ઞાનીપુરુષનાં વચન તણો દૃઢ આશ્રય જે નર પામ્યો જી,
તેને સાધન થાય સુલભ સૌ, અખંડ નિશ્ચય માન્યોજી.

અર્થ :– જ્ઞાનીપુરુષના વચનમાં જેને દૃઢ શ્રદ્ધા હોય તેને મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ, સંયમાદિ સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય જ્ઞાનીઓએ માન્ય કરેલ છે.'' ॥૯॥ -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૨૭૧)

'સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

દુષમકાળમાં વૃત્તિઓનો જય કરવા માટે સત્સંગની સમીપતા જરૂરી

''જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે? આટલું સત્ય છે કે આ દુષમકાળને વિષે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઈએ અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઈએ; તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઇચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પ કાળમાં ફળીભૂત થાય.'' (વ.પૃ.૪૪૭)

આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે સદ્ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કર્તવ્ય

''સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે, તે જ્ઞાનીપુરુષોનાં વચન સાચાં છે, અત્યંત સાચાં છે.



જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમાં સંશય નથી.

તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ એવા સદ્ ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય-ભાવના નિત્ય કર્તવ્ય છે.'' (વ.પૃ.૪૯૨)

પૂર્વકાળમાં જ્ઞાનીનો આશ્રય લીધો નથી એ જ કારણ પરિભ્રમણનું થયું છે

''ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે, તે ધ્યાન કહેવાય છે; અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ, ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી. એવું જ આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ સિવાય ઉત્પન્ન થતું નથી. એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે, અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરૂપ એવા જ્ઞાનીપુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુમાન, પ્રેમ એ છે. જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણી વાર થઈ ગયો છે, તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્ત્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી; અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે, એમ અમને તો દૃઢ કરીને લાગે છે.'' (વ.પૃ.૩૫૭)

પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ ઘટાડવી, તો આશ્રય રહે

''જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે.'' (વ.પૃ.૪૫૪)

અજ્ઞાની અને અશક્ત મનુષ્યો પણ સંતચરણના આશ્રયથી તરી ગયા

''તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્‌ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્ત્તવ્ય છે, અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી.'' (વ.પૃ.૬૨૬)

જ્ઞાનીપુરુષના શરણસહિત દેહ છૂટે તો જીવન ધન્ય બની જાય

''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મમરણાદિનો નાશ કરી શકે કેમકે તે યથાસંભવ ઉપાય છે.'' (વ.પૃ.૫૦૩)



જીવમાં ત્યાગ, વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે તો સાધન સફળ

"જેમ જેમ જીવમાં ત્યાગ, વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે, તેમ તેમ સત્પુરુષનાં વચનનું અપૂર્વ અને અદ્‌ભુત સ્વરૂપ ભાસે છે; અને બંધનિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ સત્પુરુષના ચરણારવિંદનો યોગ કેટલાક સમય સુધી રહે તો પછી વિયોગમાં પણ ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિની ધારા બળવાન રહે છે; નહીં તો માઠા દેશ, કાળ, સંગાદિના યોગથી સામાન્ય વૃત્તિના જીવો ત્યાગ વૈરાગ્યાદિનાં બળમાં વધી શકતાં નથી, અથવા મંદ પડી જાય છે, કે સર્વથા નાશ કરી દે છે." (વ.પૃ.૩૯૮)

પાંચમા આરાના અંત સુધી જ્ઞાની કે તેમના ઉપદેશનું હોવાપણું છે

"એક વખત ઉપદેશમાં આવ્યું હતું કે જ્ઞાની વિના કોઈ કાળે ભૂમિ હોતી નથી. અને તે ઉપર પોતાનું દૃષ્ટાંત દીધું હતું કે જે સાલમાં ચિદાનંદજીનો દેહાંત થયો એ જ સાલમાં અમારા દેહનો જન્મ થયો છે. એટલે જ્ઞાનીનું પૃથ્વી ઉપર હોવાપણું છે.

શ્રી મહાવીરસ્વામીનું શાસન પાંચમા આરાના અંત સુધી ચાલશે તે સમ્યક્‌ત્વને આશ્રયે ચાલશે." -પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૧ (પૃ.૫૫)

'પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક'.....

'સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક' તેથી હું સંસાર સાગરનો પાર પામી શક્યો નહીં, અને સાચો મોક્ષનો મૂળમાર્ગ જ તે મારા હાથમાં ન આવવાથી વિવેકનો એક અંશ પણ મારામાં ઉદય પામ્યો નહીં. વિવેક એટલે હિતાહિતનું ભાન, કૃત્યાકૃત્યનું ભાન કે પેયાપેય કે ખાદ્યાખાદ્યનું જ્ઞાન અથવા સર્વના ફળસ્વરૂપ એવો જે જડ–ચેતન વિવેક તે હું કરી શક્યો નહીં. તેથી હું મારા શુદ્ધ આત્મસ્વરૂપને પામી ન શક્યો અને ઘોર-અપાર દુઃખમય સંસારમાં જ આજ દિવસ સુધી રઝળતો રહ્યો છું.

વિવેક શબ્દના અનેક અર્થ

" 'પ્રમાદ' શબ્દની પેઠે 'વિવેક' શબ્દ વ્યવહારમાં વપરાય છે. કોઈ અતિથિ આદિની આગતાસ્વાગતામાં કુશળ હોય, બીજાનું મન સાચવીને વર્તતો હોય તો લોકો તેને વિવેકી કહે છે; એટલે વ્યવહાર કુશળતા અર્થમાં વિવેક મોટે ભાગે વપરાય છે. સારા ખોટાને પારખવામાં પણ વિવેક શબ્દ વપરાય છે; વિવેચનના અર્થમાં પણ ક્વચિત્ વપરાય છે; જેમકે "એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે." યત્નાપૂર્વક આચરણને પણ કેટલાક વિવેક કહે છે : જેમકે–

"ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુખ-રોગ." -બૃહદ આલોચના



પરંતુ પરમાર્થ ભાષા કે અધ્યાત્મ શાસ્ત્રોમાં વિવેકનો અર્થ આત્મા સંબંધી ઓળખાણ કે દેહાદિથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમજવું એવો થાય છે. એ રીતે વિવેકને ભેદજ્ઞાન પણ કહેવાય છે, સમ્યક્‌જ્ઞાન.પણ કહેવાય છે ''

-પ્રવેશિકા (પૃ.૨૧૦)

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

'આત્મસ્વરૂપને વિવેક વિના ઓળખી શકાય નહીં

''લઘુ શિષ્યો–અહો! વિવેક એ જ ધર્મનું મૂળ અને ધર્મરક્ષક કહેવાય છે, તે સત્ય છે. આત્મસ્વરૂપને વિવેક વિના ઓળખી શકાય નહીં એ પણ સત્ય છે. જ્ઞાન, શીલ, ધર્મ, તત્ત્વ અને તપ એ સઘળાં વિવેક વિના ઉદય પામે નહીં એ આપનું કહેવું યથાર્થ છે. જે વિવેકી નથી તે અજ્ઞાની અને મંદ છે. તે જ પુરુષ મતભેદ અને મિથ્યાદર્શનમાં લપટાઈ રહે છે. આપની વિવેક સંબંધીની શિક્ષા અમે નિરંતર મનન કરીશું.'' -મોક્ષમાળા (વ.પૃ.૯૪)

છ પદને વિચારવાથી વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શન પ્રગટે

'' 'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્તિ થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવાયોગ્ય છે.

પૂર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.'' (વ.પૃ.૪૫૨)

સંસારના અનિત્ય પદાર્થમાં મોહ હોવાને લીધે છ પદની શ્રદ્ધા થતી નથી

''અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ ચાલે છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે.'' (વ.પૃ.૪૫૩)

'ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૫' માંથી :–

''કર્મ જીવં ચ સંશ્લિષ્ટં, સર્વદા ક્ષીરનીરવત્ ।
વિભિન્નીકુરુતે યોઽસૌ, મુનિહંસો વિવેકવાન્ ॥૯॥



ભાવાર્થ :–''સર્વદા દૂધ અને જળની જેમ એકરૂપ થઈ ગયેલા એવા કર્મ અને જીવને આ વિવેકી મુનિરૂપી હંસ પૃથક્ કરે છે.''

''જ્ઞાનાવરણીય આદિક કર્મ અને સચ્ચિદાનંદરૂપ જીવ તે સર્વ કાળ દૂધ અને જળની જેમ એકીભૂત થયેલા છે. તેને લક્ષણાદિ ભેદે કરીને જે પૃથક્ કરે છે, તે મુનિહંસ વિવેકવાન કહેવાય છે.

વિશેષાર્થ :–હેય (ત્યાગ કરવા લાયક) અને ઉપાદેય (ગ્રહણ કરવા લાયક)ની જે પરીક્ષા તે વિવેક કહેવાય છે. તેના બે ભેદ છે - ધન ઉપાર્જન કરવામાં, રાજનીતિમાં અને કુળનીતિ વગેરેમાં જે નિપુણતા તે લૌકિક વિવેક-દ્રવ્યવિવેક કહેવાય છે, અને લોકોત્તર એવો ભાવવિવેક તો ધર્મનીતિ જાણનારને હોય છે. તેમાં પણ સ્વજન, દ્રવ્ય અને પોતાના દેહાદિકમાં જે રાગ-તેની વહેંચણ કરવી અર્થાત્ કરવા યોગ્ય નથી એમ વિચારવું, તે બાહ્યવિવેક કહેવાય છે; અને અશુદ્ધ ચેતનાથી ઉત્પન્ન થયેલ જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મ તથા વિભાવાદિક ભાવકર્મ-તેની જે વહેંચણ કરવી-વિભાગ કરવો તે અભ્યંતર વિવેક કહેવાય છે. કહ્યું છે કે–

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवेत् ।
भवकोट्यापि तद्भेदे, विवेकस्त्वतिदुर्लभः ॥१॥

ભાવાર્થ :–''દેહ એ જ આત્મા છે ઇત્યાદિ જે અવિવેક તે તો સર્વદા સુલભ છે; પણ તે બન્નેના ભેદમાં (ભેદ સંબંધી) જે વિવેક તે કોટીભવે પણ અતિ દુર્લભ છે.''

વિશેષાર્થ :–આત્માના ત્રણ ભેદ છે. બાહ્યાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા. જેને દેહ, મન, વાણી વિગેરેમાં આત્મત્વ બુદ્ધિ છે, એટલે દેહ જ આત્મા છે વગેરે, એ પ્રમાણે સર્વ પૌદ્ગલિક પ્રવર્તનમાં જેને આત્મત્વ બુદ્ધિ છે તે બાહ્યાત્મા કહેવાય છે. તે મિથ્યાદૃષ્ટિ છે. કર્મ સહિત અવસ્થામાં પણ જ્ઞાનાદિ ઉપયોગ લક્ષણવાળા, નિર્વિકાર, અમર, અવ્યાબાધ અને સમગ્ર પરભાવથી મુક્ત એવા આત્માને વિષે જ જેને આત્મબુદ્ધિ છે તે અન્તરાત્મા કહેવાય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ (ચોથા) ગુણસ્થાનકથી આરંભીને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી અન્તરાત્મા કહેવાય છે, અને જે કેવળજ્ઞાન તથા કેવળદર્શનના ઉપયોગવાળા છે તે પરમાત્મા કહેવાય છે. તે તેરમા ચૌદમા ગુણસ્થાનકે હોય છે. આવા ભેદના વિવેક કરીને સર્વ સાધ્ય છે.

દેહ એટલે શરીર અને 'આદિ' શબ્દથી મન, વાણી ને કાયા તેને વિષે 'આ જ આત્મા છે' એમ જ માનવું તે અવિવેક છે. તે અવિવેક સંસારમાં સર્વદા સુલભ છે; ને શરીર અને આત્માની ભિન્નતાનું જે વિવેચન કરવું તે વિવેક છે; તેવો વિવેક કોટીભવે પણ અતિ દુર્લભ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જ તેવું ભેદજ્ઞાન હોય છે.

संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ॥१॥

ભાવાર્થ :– વિવેકરૂપી સરાણે કરીને તેજસ્વી કરેલું અને ધૃતિ (સંતોષ)રૂપ તીક્ષ્ણ ધારવાળું



પરભાવનિવૃત્તિરૂપ જે સંયમરૂપી શસ્ત્ર તે જ્ઞાનાવરણાદિ કર્મરૂપી શત્રુનો નાશ કરવાને સમર્થ થાય છે.

આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વ, અસંયમ અને અજ્ઞાનથી અધિષ્ઠિત થયેલો હોવાથી સંસારમાં પરિભ્રમણ કરે છે. તે જ જીવ ત્રિલોકના વત્સલ એવા જિનેશ્વરે કહેલા શ્રેષ્ઠ આગમના તત્ત્વરસનું પાન કરવા વડે સ્વ-પરના વિવેકને પ્રાપ્ત કરીને પરભાવ અને વિભાવથી નિવૃત્ત થઈ પરમ સ્વરૂપનો સાધક થાય છે. આ સંબંધમાં ઉદાહરણ છે તે નીચે પ્રમાણે–


વિવેકે કરી હજારો ડાંસોનો–ઉપસર્ગ સહન કર્યો

શ્રમણભદ્રનું દૃષ્ટાંત :– ચંપાનગરીમાં જિતશત્રુ રાજાને શ્રમણભદ્ર નામે પુત્ર હતો. તેણે એક દિવસ ધર્મઘોષ નામના ગુરુમહારાજ પાસે ધર્મોપદેશ સાંભળ્યો કે–

यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥१॥

ભાવાર્થ :–''જેમ સુભટોએ કરેલું યુદ્ધ રાજાને વિષે ઉપચાર કરાય છે, એટલે યુદ્ધનું જયપરાજયરૂપી ફળ રાજામાં આરોપણ કરાય છે–આ રાજા જીત્યો કે હાર્યો એમ કહેવાય છે, તેમ અવિવેક અને અસંયમે કરીને બંધાયેલા કર્મસ્કંધોના સામ્રાજ્યનો આરોપ પણ શુદ્ધ આત્માને વિષે જ કરાય છે.''

ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળીને કામભોગથી વિરક્ત થયેલા તે મહાત્માએ દીક્ષા ગ્રહણ કરી. ગુરુની કૃપાથી તે શ્રમણભદ્ર મુનિ શ્રુતસાગરનો પાર પામ્યા, અને ગુરુની આજ્ઞાથી એકલવિહાર





પ્રતિમા અંગીકાર કરી. અન્યદા તે મુનિ નીચી ભૂમિવાળા પ્રદેશોમાં વિહાર કરતા શરદઋતુને સમયે કોઈ મોટા અરણ્યમાં રાત્રિને વિષે પ્રતિમા ધારણ કરીને રહ્યા. ત્યાં સોયના જેવા તીક્ષ્ણ મુખવાળા હજારો ડાંસો તે મુનિના કોમળ શરીર ઉપર લાગીને તેમનું લોહી પીવા લાગ્યા. ડંખવામાં તત્પર એવા નિરંતર વળગી રહેલા તે ડાંસોએ કરીને સુવર્ણના વર્ણ જેવા તે મુનિ જાણે લોહના વર્ણ જેવા હોય તેમ શ્યામ વર્ણ થઈ ગયા. તે ડાંસોના ડંખથી મુનિના શરીરમાં મહા વેદના થતી હતી તો પણ ક્ષમાધારી તે મુનિ સહન કરતા હતા, અને તે ડાંસોને ઉડાડતા પણ નહોતા. ઊલટો તે એવો વિચાર કરતા હતા કે "આ વ્યથા મારે શી ગણતરીમાં છે? આથી અનન્તગણી વેદના નરકમાં મેં અનંતીવાર સહન કરી છે. કેમકે–

परमाधार्मिकोत्पन्ना, मिथोजाः क्षेत्रजास्तथा ।
नारकाणां व्यथा वक्तुं, पार्यते ज्ञानिनापि न ॥१॥

ભાવાર્થ :– "નારકીઓની પરમાધાર્મિકે ઉત્પન્ન કરેલી, પરસ્પરની કરેલી તથા ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી વ્યથાનું સંપૂર્ણ વર્ણન કરવાને જ્ઞાનીઓ પણ સમર્થ નથી." વળી

अन्यद्वपुरिदं जीवाज्जीवश्चान्यः शरीरतः ।
जानन्नपीति को दक्षः, करोति ममतां तनौ ॥२॥

ભાવાર્થ :–"આ શરીર જીવથી ભિન્ન છે, અને આ જીવ શરીરથી જુદો છે. એમ જાણતા છતાં પણ કયો ડાહ્યો માણસ શરીર પર મમતા કરે?"

"દેહ એ પુદ્‌ગલનો પિંડ છે, અને તે અનિત્ય છે. જીવ અમૂર્ત અને અચળ (નિત્ય) છે. તે જીવ અનન્ત જ્ઞાન, દર્શન અને ચારિત્ર ધર્મવાળો છે, ચૈતન્ય સ્વરૂપ છે, સ્વ (પોતાના) રૂપનો કર્ત્તા છે, સ્વ-રૂપનો ભોક્તા છે, સ્વ-રૂપમાં જ રમણ કરનાર છે, જેનું ભવભ્રમણ મટી ગયું છે અને પૌદ્‌ગલિક પરભાવના કર્તૃત્વાદિ ધર્મથી રહિત છે."

ઇત્યાદિ વિવેક કરીને શુભ ભાવ ભાવતા સતા તે મુનિ તે મહા વ્યથાને સહન કરતા હતા. તે ડાંસોથી તેમના શરીરનું સઘળું લોહી શોષાઈ ગયું, તેથી તે જ રાત્રિએ તે મુનિ કાળ કરીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે વિવેક ગુણને હૃદયમાં ધારણ કરવાથી શ્રમણભદ્ર મુનિ સ્વર્ગસુખને પામ્યા. તે જ પ્રમાણે બીજા પણ નિપુણ મુનિવરોએ આ જિનવચનને અંગીકાર કરવા." (પૃ.૧૨૩)

"સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય." ૧૭

અર્થ :– "હે પ્રભુ! જેટલાં સાધનો કર્યા તેનાથી બંધન જ થયું. હવે મને કોઈ ઉપાય સૂઝતો નથી. જ્યાં સુધી સત્‌સાધનને હું નથી સમજ્યો ત્યાં સુધી બંધન કેવી રીતે જાય? સાચો માર્ગ સદ્‌ગુરુ સિવાય બતાવનાર કોઈ નથી. સદ્‌ગુરુના કહેવા પ્રમાણે ચાલવા જેવું છે."

-પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)



'સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય'.....

હે પ્રભુ! અજ્ઞાન અવસ્થામાં સ્વચ્છંદે કે કુગુરુ આશ્રયે મોક્ષને અર્થે કરેલા યમનિયમાદિ સર્વ સાધન છૂટવાને બદલે બંધનરૂપ થયા. બધો પુરુષાર્થ નકામો ગયો એટલું જ નહીં પણ તે સાધન આત્માને કર્મ બંધાવનાર નીવડ્યા. સત્‌માર્ગમાં વિઘ્નરૂપ થયા.

સાચો મોક્ષમાર્ગ હાથ આવે તો જીવનો મોક્ષ થયા વિના રહે નહીં

''નરસિંહ મહેતા કહે છે કે અનાદિકાળથી આમ ને આમ ચાલતાં કાળ ગયો, પણ નિવેડો આવ્યો નહીં. આ માર્ગ નહીં; કેમકે અનાદિકાળથી ચાલતાં ચાલતાં પણ માર્ગ હાથ આવ્યો નહીં. જો આ માર્ગ જ હોય તો હજી સુધી કાંઈયે હાથમાં આવ્યું નહીં એમ બને નહીં. માટે માર્ગ જુદો જ હોવો જોઈએ.'' (વ.પૃ.૭૩૩)

''બીજા સાધન બહુ કર્યા, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઉલટો વધ્યો ઉતાપ.'' -શ્રીમદ્‌ રાજચંદ્ર

(શ્રી ત્રિભોવન માણેકચંદ ખંભાતના પ્રસંગમાંથી)

અસદ્‌ગુરુ પોતે બુડે અને બીજાને પણ બુડાડે

શ્રી રામચંદ્રજીનું દૃષ્ટાંત :–''એકવાર સાહેબજીએ કહ્યું કે અસદ્‌ગુરુ પોતે રખડે અને તેના આશ્રયે આવેલા જીવો હોય તે પણ રખડે. ઈત્યાદિ વાતો કર્યા પછી કહ્યું કે શ્રી રામચંદ્રજી જ્યારે કૈલાસ પધાર્યા હતા, ત્યારે દેવોને કહ્યું કે 'અયોધ્યામાંથી જે જે દુઃખી મનુષ્યો હોય તેઓને લાવો. દેવો લાવ્યા પછી ફરીથી રામચંદ્રજીએ કીધું કે હવે કોઈ ત્યાં છે? ત્યારે દેવોએ કહ્યું કે હવે ત્યાં કોઈ નથી રહ્યું પણ એક કૂતરો છે. તેના શરીરમાં બહુ કીડા પડ્યા છે. તેથી તે બહુ દુઃખ પામે છે. ત્યારે રામચંદ્રજીએ કહ્યું–જાઓ તેને સાચવીને લાવો. એક કીડો પણ બહાર પડી જાય નહી, તેવી રીતે તે કૂતરાને લાવો. દેવો તેને સાચવીને લાવ્યા. રામચંદ્રજીએ કૂતરા પર પાણી છાંટ્યું. એટલે કૂતરા પર જે કીડા હતા તે મનુષ્યો થઈ ગયા. તેને રામચંદ્રજીએ પૂછ્યું કે તમે આ કૂતરાને કેમ પીડો છો? ત્યારે તેણે રામચંદ્રજીને કહ્યું આ કૂતરાનો જીવ તે પૂર્વે અમારો ગુરુ હતો અને અમે તેના શિષ્ય હતા. અમો એના આધીન વર્તતા હતા. અમે એને તન, મન, ધન અર્પણ કર્યા હતા. તેણે અમારું કલ્યાણ કર્યું નહીં. પણ અમારું તન, મન, ધન હરણ કરી ગયો. તે લેણું અમે આ પ્રકારે લઈએ છીએ અને અમે આવા અવતાર ધારણ કરીએ છીએ.''

-શ્રીમદ્‌ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૮૮)

કહેતા કહેતી પણ સત્પુરુષ પ્રત્યે પ્રેમ આવ્યો, તે જીવ કલ્યાણ પામે

''આ કથા સાહેબજીએ અમોને કહી સંભળાવી અને પછી કહ્યું કે એક સત્પુરુષ પ્રત્યે જેનો ઓઘે રાગ હોય તે પણ કલ્યાણ પામે. તે ઉપર એક ગાથા કહી.

ઓઘે જેને તેનો રાગ, એ વિના નહીં બીજો લાગ; સુમતિ ગ્રંથે અર્થ અગાધ.



તેવી ગાથા કીધા પછી કહ્યું કે તમો અમારી પૂર્ણ ખાતરી કરજો અમે અમારા અર્થે કંઈ સ્વાર્થ ઇચ્છીએ ત્યારે તમે જાણજો કે તે માર્ગ ભૂલ્યા છે. આ ભવિષ્યમાં સ્મરણ રહેવા તમને કહીએ છીએ. ઇત્યાદિ પ્રકારે કહ્યું હતું.''

-શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૯૧)

કુદેવ, કુગુરુ અને કુધર્મના આશ્રયે પૂર્વે સૌ સાધન કર્યા તો મારા કર્મબંધનો કેવી રીતે જાય? જ્યારે સાચા જ્ઞાનીપુરુષ પ્રત્યે ઓઘે એટલે કહેતા કહેતી સાંભળીને પણ જો પ્રેમ આવ્યો હોય તો પણ જીવ કલ્યાણ પામે. પણ ગુરુ નિઃસ્વાર્થી અને આત્મજ્ઞાની હોવા જોઈએ; જો કુગુરુ હોય તો સંસારમાં પરિભ્રમણ વૃદ્ધિનું જ કારણ થાય.

'સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

પૂર્વે પોતાની કલ્પનાથી સાધન કર્યા માટે સહુ સાધન બંધનરૂપ થયા

''જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.'' (વ.પૃ.૩૮૨)

જ્ઞાનીપુરુષની આજ્ઞાથી સાધન કરે તો બધા સાધન સવળા થાય

''જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'' (વ.પૃ.૪૧૨)

હવે સત્પુરુષનો યોગ થયો તો મારા સર્વ સાધન સફળ થશે

''જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે.'' (વ.પૃ.૪૧૯)

ધર્મના સર્વ સાધન આત્માને ઓળખવા માટે છે

''બધા ધર્મનું તાત્પર્ય એ છે કે આત્માને ઓળખવો. બીજા બધાં સાધન છે તે જે ઠેકાણે જોઈએ (ઘટે) તે જ્ઞાનીની આજ્ઞાએ વાપરતાં અધિકારી જીવને ફળ થાય. દયા વગેરે આત્માને નિર્મળ થવાનાં સાધનો છે.'' (વ.પૃ.૭૧૫)



આત્માને જન્મમરણથી છોડાવવા માટે બધી ક્રિયાઓ છે;
બંધન માટે નથી

''સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.'' (વ.પૃ.૨૫૬)

'બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં' એવા ભેખધારીને નમવું પડે તો કેવા ભાવ રાખવા?

''મુનિ મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે અમારે ભેખધારીને નમવું પડે છે. તો નમવું કે ન નમવું તેનો પ્રત્યુત્તર કૃપાળુદેવે એમ આપ્યો કેઃ–

નમવું ખરું પણ મનમાં એવી ભાવના ભાવવી કે કોઈકાળે ભવાંતરમાં પણ તમારું દર્શન ન થશો. હવે તમારાથી થાક્યા, તમને પગે લાગીએ છીએ. દરેકે ન છૂટકે કરવી ક્રિયામાં એવી ભાવના રાખવી કે ભવાંતરે પણ તું સામો ન આવીશ.'' -પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૧૮ (પૃ.૩૪)

અનાદિકાળથી જીવ આત્મજ્ઞાનરહિત એવા કહેવાતા ગુરુને આશ્રયે વર્તવાથી કે સ્વચ્છંદે વર્તવાથી એના સર્વ ધર્મના સાધનો પણ બંધનરૂપ જ થયા. પણ આત્મજ્ઞાન પામ્યો નહીં. કેમકે આત્મજ્ઞાન રહિત ગુરુ કદી આત્મજ્ઞાન પમાડી શકે નહીં. માટે સાચા આત્મજ્ઞાની ગુરુની જ શોધ કરી તેની આજ્ઞાનું પાલન કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને તેથી સર્વ દુઃખથી મુક્ત થઈ શકાય છે.

'સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય'.....

'બોધામૃત ભાગ-૧' માંથી :–

હું કંઈ જાણતો નથી એમ વિચારી જ્ઞાની કહે તેમ જાણવું અને માનવું

''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?''


''જે ઘણું કરીને થાક્યા છે તેનાં આ વચનો છે. ઘણુંયે કર્યું તોય જન્મ મરણ છૂટ્યાં નહીં. પોતાનો અનુભવ જ કૃપાળુદેવે કહ્યો છે. કરુણા આવવાથી કહ્યું છે. જીવનો સ્વભાવ એવો છે કે દેખવા માટે કલ્પના કરે છે. સાચી વસ્તુ કલ્પનામાં આવે એવી નથી. જ્ઞાનીએ જે જોયું છે તેને આધારે વિચાર કરવો. પહેલું કરવાનું, 'હું કંઈ જાણતો નથી', સાચું જ્ઞાનીએ જાણ્યું છે. જ્ઞાનીએ યથાર્થ જાણ્યું છે. કલ્પના હશે ત્યાં સુધી સાચું બેસશે નહીં. આત્માની કલ્પના ન કરવી. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તેવો છે. મારે તે જાણવો છે, એમ રાખવું. મધ્યસ્થ રહેવું. જ્ઞાનીએ જાણ્યું છે તે યથાર્થ છે. આત્મભાવના કઈ? તો કે જ્ઞાનીએ ભાવી તે. જ્ઞાનીના આશ્રયે ભાવના કરવાની છે. કલ્પનાથી જીવ છેતરાય છે. એટલા માટે જ કૃપાળુદેવે પહેલું એ જ કહ્યું–'બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.'' (૭૬)

-બો.૧ (પૃ.૩૧૪)



જે રાગદ્વેષથી છૂટ્યા એવા સત્પુરુષ મોક્ષનો માર્ગ બતાવી શકે, બીજા નહીં

રાજા અને શાસ્ત્રીનું દૃષ્ટાંત :– ''એક રાજા હતો. તે શાસ્ત્રી પાસે સૂત્ર સાંભળવા જાય. તેમાં એમ આવે કે આ સૂત્ર સાંભળે તેનો અવશ્ય મોક્ષ થાય અને એને સાંભળવાથી અમુક અમુક મોક્ષે ગયા છે. એ સાંભળી રાજા બહુ આનંદ પામ્યો. એમ કરતાં કરતાં દશ ચોમાસાં નીકળી ગયાં. પછી રાજાએ વિચાર કર્યો કે કેમ મોક્ષ થતો નથી? એવામાં કોઈ એક આચાર્ય પધાર્યા. ત્યારે રાજાએ પૂછ્યું, 'મહારાજ, મોક્ષ કેમ થતો નથી? આચાર્યે કહ્યું, 'મોક્ષે જવું છે કે વાતો જ કરવી છે?' રાજાએ કહ્યું, 'ના, મોક્ષે તો જવું છે.' મહારાજે કહ્યું, 'સવારે પેલા શાસ્ત્રીને લઈને ધર્મશાળામાં આવજે.' બીજે દિવસે રાજા અને શાસ્ત્રી બન્ને આવ્યા. બધી સભા એકઠી થઈ. પછી મહારાજે તો પેલા શાસ્ત્રીને થાંભલે બાંધી દીધો અને રાજાને પણ બીજા થાંભલે બાંધી દીધો. પછી મહારાજ બોલ્યા, 'શાસ્ત્રીજી, પેલા રાજાને છૂટો કરો.' શાસ્ત્રીજીએ કહ્યું, 'મહારાજ, હું તો બંધાયેલો છું, કેમ છૂટો કરું?' પછી રાજાને કહ્યું, 'તમે શાસ્ત્રીને છૂટો કરો.' રાજાએ કહ્યું, 'એ તો કેમ બને?'





ત્યારે મહારાજે કહ્યું, 'બન્ને સમજી ગયા ને?' પછી રાજાએ કહ્યું, 'ખુલ્લા શબ્દોમાં કહો જેથી અમને ખબર પડે.' આચાર્ય મહારાજે કહ્યું, 'ભાઈ, બંધાયેલો કેમ છોડાવે? પણ છૂટો હોય તે છોડાવી શકે. તેમ જ, મોક્ષ થવા માટે જે મોક્ષ ભણી જવા મંડ્યા છે, જે સંસારના પરિગ્રહથી અને રાગદ્વેષરૂપ કષાયથી છૂટા થયા છે એવા સત્પુરુષો મોક્ષે જવાનો રસ્તો બતાવી શકે; અને પછી જો જીવ તેના કહ્યા પ્રમાણે આજ્ઞા આરાધે તો અવશ્ય મોક્ષ થાય, પણ વાતો કરવાથી થાય નહીં.' '' -બો.૧ (પૃ.૭૩)

'સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય'.....

જુના કર્મબંધનોને તોડનાર જે સત્સાધન છે તેને તો હું સમજ્યો પણ નહીં. ખોટી મિથ્યા-માન્યતાઓ કે કદાગ્રહોને દૂર કરનાર સદ્ગુરુ ભગવંતનો બોધ છે. તેને મેં જાણ્યો નહીં, સાંભળ્યો નહીં, શ્રદ્ધ્યો નહીં, તો મારા કર્મબંધ ન કરનાર સ્વચ્છંદ કે આગ્રહો કેવી રીતે દૂર થાય? ન જ થાય. માટે હે પ્રભુ! હવે હું આપનું શરણ અંગીકાર કરું છું.

''પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ;
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગત શોક.
નિશ્ચય એથી આવીયો, ટળશે અહી ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.'' (વ.પૃ.૨૩૧)

શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

માનો પૂર્વે સાધન મળ્યા પણ શ્રદ્ધા ન કરી તો તે નહીં મળ્યા બરાબર છે

''જગતમાં સત્પરમાત્માની ભક્તિ–સત્ગુરુ–સત્સંગ–સત્શાસ્ત્રાધ્યયન–સમ્યક્દૃષ્ટિપણું અને સત્યોગ એ કોઈ કાળે પ્રાપ્ત થયાં નથી. થયાં હોત તો આવી દશા હોત નહીં. પણ જાગ્યા ત્યાંથી પ્રભાત એમ રૂડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવું એ જ અનંત ભવની નિષ્ફળતાનું એક ભવે સફળ થવું મને સમજાય છે.'' (વ.પૃ.૧૭૮)

દેહમાં મારાપણું અને પરમાં મારાપણું એ મિથ્યાત્વ છે. તેને મૂળથી છેદવું

''જીવની અનાદિકાળની ભૂલ ચાલી આવે છે. તે સમજવાને અર્થે જીવને જે ભૂલ મિથ્યાત્વ છે તેને મૂળથી છેદવી જોઈએ. જો મૂળથી છેદવામાં આવે તો તે પાછી ઊગે નહીં. નહીં તો તે પાછી ઊગી નીકળે છે; જેમ પૃથ્વીમાં મૂળ રહ્યું હોય તો ઝાડ ઊગી નીકળે છે તેમ. માટે જીવની મૂળ ભૂલ શું છે તે વિચારી વિચારી તેથી છૂટું થવું જોઈએ. 'મને શાથી બંધન થાય છે?' 'તે કેમ ટળે?' એ વિચાર પ્રથમ કર્ત્તવ્ય છે.'' (વ.પૃ.૬૯૯)

'બોધામૃત ભાગ-૧,૨' માંથી :–

મંત્ર તે સત્સાધન છે. આરાધે તો બધા બંધન નાશ પામે

''નિયમ લીધો હોય તો જીવતાં સુધી પાળવો, તેથી ઘણો લાભ થાય. હરતાં ફરતાં કે



ગાડીમાં કે ગમે ત્યાં મંત્રમાં ચિત્ત રાખવું. જેને સાધન મળ્યું છે તે ન વાપરે તો મૂર્ખો ગણાય. જેને નથી મળ્યું તે તો શું કરે? જ્ઞાનીની આજ્ઞા મળી તો એની પાછળ મંડી પડવું. ધર્મ અર્થે પ્રાણ પણ છોડી દેવા છે. દેહ તો ઘણી વખત મળ્યો ને મળશે, પણ ધર્મ ન મળે. એવી દૃઢતા આવે ત્યારે સમ્યગ્દર્શન થાય. ત્યાગમાં આનંદ છે એવો ગ્રહણમાં નથી. ત્યાગ કરીને આનંદ મેળવતા શીખવાનું છે.'' -બો.૧ (પૃ.૪૫૧)

'સહુ સાધન બંધન થયા' માટે સત્સાધન શું કરવું તે જણાવે છે

''અનંતકાળના અનંતભવમાં મનુષ્યભવ પણ મળ્યા, છૂટવાનાં સાધન પણ કર્યાં, પણ ''સહુ સાધન બંધન થયાં.'' ભૂલ રહી ગઈ છે તે મૂળમાર્ગમાં કહી છે –

''એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ;
ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ.''

અનાદિના બંધ જવા માટે, જ્ઞાનદર્શનચારિત્રરૂપ મૂળમાર્ગ પામવા માટે, સદ્‌ગુરુનો ઉપદેશ પામવો જોઈએ. બોધ પરિણામ નથી પામતો તેના બે કારણો છે : એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. મોટામાં મોટો દોષ સ્વચ્છંદ છે, એ જાય તો પ્રતિબંધ જાય છે. સંસારની વાસના રહી છે તેનું કારણ સ્વચ્છંદ છે. સ્વચ્છંદ સત્પુરુષથી ઓળખાય છે. જેને છૂટવું હોય તેને માટે રસ્તો છે.'' -બો.૨ (પૃ.૪૪)

આત્મજ્ઞાની પુરુષ વિના અનંતકાળનું પરિભ્રમણ કદી મટે નહીં

''અનંતકાળથી પરિભ્રમણ થતાં છતાં તેની નિવૃત્તિ, જેણે આત્મા જાણ્યો છે તેવા પુરુષ વિના ન થાય. જેણે આત્મા જાણ્યો છે તેવા પુરુષને આશ્રયે જ છુટાય છે. આ વિષમ કાળ છે, હીનપુણ્યવાળા જીવો ઘણા છે. સાચી વસ્તુ ગમવી બહુ મુશ્કેલ છે. આ જીવે શું કર્યું અને શું નથી કર્યું? તે વિચારવાનું છે. આ મનુષ્યભવ મળ્યો છે તેમાં વખત નકામો ન જવા દેવો. (૧) યોગ્યતા વધે તેવી વિચારણા કરવી. યોગ્યતા સત્સંગથી આવે છે. (૨) કામભોગની ઇચ્છા રોકી, સ્વચ્છંદ રોકી વૈરાગ્યસહિત સત્સંગ કરે તો યોગ્યતા આવે. (૩) યોગ્યતા માટે બ્રહ્મચર્ય અને સત્સંગ બળવાન સાધન છે. જ્ઞાનીની આજ્ઞા સિવાય બીજી ઇચ્છા કરવી નહીં. પાંચ ઇન્દ્રિયોમાં વૃત્તિ ન જવા માટે અને પાત્રતા આવવા માટે સત્સંગ કરવો. કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન રાખવો. મોક્ષ સિવાય બીજી સંસારની ઇચ્છા ન રાખવી. જે કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી.'' -બો.૨ (પૃ.૪૪)

''પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?'' ૧૮

અર્થ :– ''નિરંતર મનમાં 'પ્રભુ પ્રભુ' એવી લગની લાગે ત્યારે મુમુક્ષુતા તો શું, પણ મોક્ષેય પ્રગટ થાય. બનારસીદાસે લખ્યું છે કે–'ભાલસો ભુવન વાસ, કાલ સો કુટુંબ કાજ.' એટલે જેને પ્રભુની લગની લાગી છે તેને પછી ગૃહસ્થાશ્રમ ભાલા જેવો લાગે છે, અને કુટુંબ કાર્ય કાળ જેવાં



લાગે. એને જ સર્વજ્ઞ 'તીવ્ર મુમુક્ષુતા' કહે છે. એવી પવિત્ર લગની લાગી નથી. અને સદ્‌ગુરુને અંતઃકરણથી પાય પણ લાગ્યો નથી. જ્યાં સુધી સ્વદોષ ન દેખે ત્યાં સુધી બધું નકામું છે. સ્વદોષ જોયા વિના કેવી રીતે તરી શકાય?''

-પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય'.....

હે પ્રભુ! સંસાર દુઃખરૂપ જ છે, ક્લેશરૂપ છે. ત્યાં દુઃખ દુઃખ ને દુઃખ જ છે; દુઃખનો એ સમુદ્ર છે એવું મને ભાસ્યું નથી. તેથી મારાં અંતઃકરણમાં પ્રભુ પ્રભુની લય લાગતી નથી. અર્થાત્ આપના બોધેલા 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું નિશદિન રટણ થતું નથી અને ભાવ ભક્તિથી આપના ચરણકમળમાં રહેવાની ભાવના પણ જાગતી નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

જેને પ્રભુ પ્રભુની લય લાગે તે જ જન્મમરણથી છૂટે

''જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે; તે જ ''પિયુ પિયુ'' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે; અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં. તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી! મોહ બળવાન છે!'' (વ.પૃ.૨૮૩)

પરમકૃપાળુદેવને-પ્રભુ પ્રત્યે લય લાગી છે

''એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી.''

(વ.પૃ.૨૯૦)

મીરાંબાઈને મન સર્વત્ર ભગવાન

''મીરાંબાઈ મહાભક્તિવાન હતા. વૃંદાવનમાં જીવા ગોસાંઈના દર્શન કરવા તે ગયાં, ને પૂછાવ્યું કે 'દર્શન કરવા આવું?' ત્યારે જીવા ગોસાંઈએ કહેવડાવ્યું કે 'હું સ્ત્રીનું મોં જોતો નથી.' ત્યારે મીરાંબાઈએ કહેવડાવ્યું કે 'વૃંદાવનમાં રહ્યાં, આપ પુરુષ રહ્યા છો એ બહુ આશ્ચર્યકારક છે. વૃંદાવનમાં રહી મારે ભગવાન સિવાય અન્ય પુરુષના દર્શન કરવા નથી. ભગવાનના ભક્ત છે તે તો સ્ત્રીરૂપે છે, ગોપીરૂપે છે. કામને મારવા માટે ઉપાય કરો; કેમકે લેતાં ભગવાન, દેતાં ભગવાન, ચાલતાં ભગવાન, સર્વત્ર ભગવાન.' '' (વ.પૃ.૭૦૩)



પ્રભુપ્રેમથી ભારત શૂન્ય; સર્વત્ર માયા મોહનું દર્શન

''પૂર્ણકામ એવું હરિનું સ્વરૂપ છે. તેને વિષે જેની નિરંતર લય લાગી રહી છે એવા પુરુષથી ભારતક્ષેત્ર પ્રાયે શૂન્યવત્ થયું છે. માયા મોહ સર્વત્ર ભળાય છે. ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ; તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો દુર્લભ થાય છે.'' (વ.પૃ.૨૮૫)

શ્રી યશોવિજયજી મહારાજ અરનાથ ભગવાનના સ્તવનમાં જણાવે છે :–

''પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે; મનમોહન સ્વામી
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મનમોહન સ્વામી

અર્થ :– પ્રભુના ચરણનું જેઓએ શરણ લીધું તેઓ ઉત્તમ સ્થિતિમાં તાજા ને તાજા રહ્યા, પણ જેઓ પ્રભુથી વેગળા ગયા તેઓ ઉત્તમ સ્થિતિથી પતિત થયા. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે હું તો અન્ય દેવનું ધ્યાન ધરતો નથી; મને તો એક માત્ર વીતરાગ પ્રભુના જ ગુણગ્રામ પ્રિય છે.

ભાવાર્થ :– જેણે પ્રભુનું શરણ અંગીકાર કર્યું તેઓ જ આત્માની ચઢતી ચઢતી દશાને પામી અંતે કેવલજ્ઞાનને વરે છે. પણ જેઓ પ્રભુના બતાવેલા માર્ગથી ભ્રષ્ટ-પતિત થાય છે તેઓ પડતા પડતા છેક મિથ્યાત્વ ગુણસ્થાને પણ આવી જાય છે. તેઓની આત્મિક સ્થિતિ વિશુદ્ધ રહેતી નથી; મલિન થઈ જાય છે. જેમ કોઈ માણસ ઊંચેથી પડે અને તેના હાડકાં ભાંગી જાય, તે માણસ પ્રાયઃ લાંબાકાળે સાજો થાય છે; તેવી જ સ્થિતિ હઠયોગીઓની છે. તેઓ એકવાર પડ્યા પછી પ્રાયઃ બહુ લાંબે અંતરે પુનઃ ઊંચા આવે છે.'' ।।૫।। -ચૈત્યવંદન ચોવીશી (અર્થસહિત) ભાગ-૧ (પૃ.૨૪૨)

પૂ.શ્રી બ્રહ્મચારીજી, આત્માર્થી સજ્જન પુરુષોને ભલામણ કરે છે :–

''સદ્‌ગુરુ સેવીએ રે, સજ્જન, નિઃશંકિત થાવા-એ આંકણી
સદ્‌ગુરુ-વંદન, સદ્‌ગુરુ પૂજન, સદ્‌ગુરુ ભક્તિ સારી,
સદ્‌ગુરુ-બોધે, તત્ત્વ-વિશોધે ઊઘડશે શિવ-બારી. સદ્‌ગુરુ૦

અર્થ :– હે સજ્જન પુરુષો! તમે આત્માદિ સત્ તત્ત્વને વિષે શંકારહિત થવા માટે હમેશાં સદ્‌ગુરુની સેવા કરો અર્થાત્ તેમની કહેલી આજ્ઞાનું હમેશાં પાલન કરો.

સદ્‌ગુરુ ભગવંતને વંદન કરવું, પૂજન કરવું, તેમની ભક્તિ કરવી તેજ સારી છે અર્થાત્ તે આત્માને હિતકારી છે, પરમ કલ્યાણકારી છે. સદ્‌ગુરુ ભગવંતના બોધવડે જો આત્માદિ તત્ત્વોનું વિશેષ શોધન કરવામાં આવે તો મોક્ષની બારી તમારા માટે ઊઘડી જશે. મનુષ્યભવમાં એજ કર્તવ્ય છે. ।।૧।।'' -પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨ (પૃ.૩૧૭)



'બોધામૃત ભાગ-૧' માંથી :–

હરતા ફરતા 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રની ધૂન લગાવવી

''આ જીવની સમજણનું ઠેકાણું નથી, માટે કૃપાળુદેવનું શરણ રાખવું. જે ભૂલ થઈ તે થઈ. જાગ્યા ત્યારથી સવાર. પ્રમાદમાં કેટલોય કાળ ગયો હવે પ્રમાદ ન કરવો. હવે તો 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ', 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' હાલતાં ચાલતાં એ ધૂન લગાવવી છે. હાલતાં ચાલતાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' કર્યા કરવું.'' -બો.૧ (પૃ.૩૮૮)

'દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?'.....

તેમજ નિજ દોષ–પોતાના દોષ જોવા ભણી દૃષ્ટિ થતી નથી, પણ તેને બદલે બીજાના જ દોષ હું જોયા કરું છું. ત્યાં સુધી મારો કયા પ્રકારે ઉદ્ધાર થાય. કયા ઉપાયે સંસાર સમુદ્રથી હું તરીશ એવો ખેદ મારા મનમાં થયા કરે છે.

''મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને;
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારૂ પરતણું,
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું.'' -શ્રી રત્નાકર પચ્ચીશી

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સૌથી મોટો દોષ આત્માને ભૂલી દેહાદિને પોતાના માનવા

''તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.
તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.'' (વ.પૃ.૨૧૨)

પોતાનો અલ્પ દોષ પણ ખૂંચે તો કાઢે

''સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પ-ગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.'' (વ.પૃ.૩૭૬)

પોતાના દોષ જોયા નહીં તો મળેલ માનવદેહ વૃથા જાય

''મનુષ્યઅવતાર પામીને રળવામાં અને સ્ત્રીપુત્રમાં તદાકાર થઈ આત્મવિચાર કર્યો નહીં; પોતાના દોષ જોયા નહીં; આત્માને નિંદ્યો નહીં; તો તે મનુષ્યઅવતાર, રત્નચિંતામણિરૂપ દેહ, વૃથા જાય છે.'' (વ.પૃ.૭૨૭)

પોતાના દોષ જોઈ નિંદે તો સત્પુરુષના આશ્રયથી કલ્યાણ

''આપણે વિષે કોઈ ગુણ પ્રકટ્યો હોય, અને તે માટે જો કોઈ માણસ આપણી સ્તુતિ કરે, અને જો તેથી આપણો આત્મા અહંકાર લાવે તો તે પાછો હઠે. પોતાના આત્માને નિંદે નહીં,



અભ્યંતરદોષ વિચારે નહીં, તો જીવ લૌકિક ભાવમાં ચાલ્યો જાય; પણ જો પોતાના દોષ જુએ, પોતાના આત્માને નિંદે, અહંભાવરહિતપણું વિચારે, તો સત્પુરુષના આશ્રયથી આત્મલક્ષ થાય.'' (વ.પૃ.૭૦૦)

પોતાના દોષો જોઈ ઘટાડે નહીં ત્યાં સુધી બોધ પામવો દુર્લભ

''સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઇચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ, પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે. જ્યાં સુધી પોતાના દોષ વિચારી સંક્ષેપ કરવાને પ્રવૃત્તિમાન ન થવાય ત્યાં સુધી સત્પુરુષનો કહેલો માર્ગ પરિણામ પામવો કઠણ છે. આ વાત પર મુમુક્ષુ જીવે વિશેષ વિચાર કરવો ઘટે છે.'' (વ.પૃ.૪૭૩)

નિજ દોષ જોવાનો દૃઢ લક્ષ રહે તો આત્મા સમાધિને પામે

''જે જે પ્રકારે પરદ્રવ્ય(વસ્તુ)નાં કાર્યનું સંક્ષેપપણું થાય, નિજ દોષ જોવાનો દૃઢ લક્ષ રહે, અને સત્સમાગમ, સત્શાસ્ત્રને વિષે વર્ધમાન પરિણતિએ પરમ ભક્તિ વર્ત્યા કરે તે પ્રકારની આત્મતા કર્યા જતાં, તથા જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવાથી દશા વિશેષતા પામતાં યથાર્થ સમાધિને યોગ્ય થાય, એવો લક્ષ રાખશો, એમ કહ્યું હતું. એ જ વિનંતિ.'' (વ.પૃ.૪૮૯)

જગતમાં સર્વને આત્મા માની પરના દોષ જોવામાં ન આવે તો કલ્યાણ

''જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં.'' (વ.પૃ.૩૦૭)

ચારમાંથી એક પણ દોષ હોય તો સમકિત થાય નહીં

(૧) અવિનય, (૨) અહંકાર (૩) અર્ધદગ્ધપણું, પોતાને જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માની બેસવાપણું, અને (૪) રસલુબ્ધપણું એ ચારમાંથી એક પણ દોષ હોય તો જીવને સમકિત ન થાય. આમ શ્રી 'ઠાણાંગસૂત્ર'માં કહ્યું છે.'' (વ.પૃ.૬૭૮)

અમૂલ્ય માનવદેહમાં સ્વરૂપનું ધ્યાન ન રહ્યું તો અનંતવાર ધિક્કાર

''ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંત વાર ધિક્કાર હો!'' (વ.પૃ.૬૫૨)

'દીઠા નહીં નિજ દોષ તો તરીએ કોણ ઉપાય?'.....

'બોધામૃત ભાગ-૧,૨' માંથી :–

વૈરાગ્ય હોય તો પોતાના દોષો દેખાય

''દોષ છુપાવવા નહીં. ભક્તિમાં દોષ સેવે તો ભક્તિ નુકસાન કરે. 'હું બોલું છું' એવું મારામાં



છે? પોતાને ન ભૂલવો એ પહેલી વસ્તુ છે. હું આત્મા છું. મારામાં દોષો છે તે ટાળવા ભક્તિ કરું છું. વિચાર હોય તો જે કરે તે બધું સફળ થાય. "હે પ્રભુ! હે પ્રભુ! શું કહું?" એટલું બોલતાં પણ વિચાર આવે. મારા જીવતા પ્રભુને બોલાવું છું. હું દુઃખી છું તેથી ભગવાનને બોલાવું છું. સંસાર દુઃખરૂપ લાગે, મારે છૂટવું છે, એવો ભાવ તે વૈરાગ્ય છે. વૈરાગ્ય હોય તો બધું સવળું થાય. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો." (૧૭૨) ક્યાંય આસક્તિ કે દ્વેષ કરવા જેવું નથી. કોઈનો વાંક નથી. કર્મ દુઃખ આપે છે. પોતાના દોષ પોતાને ટાળવાના છે. મુમુક્ષુ હોય તે પોતાના દોષ જુએ ને ટાળે." -બો.૧ (પૃ.૨૨૭)

પોતાના દોષો નિષ્પક્ષપાતપણે જુએ તો શરમ આવે એવું છે

"અહીં તો મુમુક્ષુતા વિષે કહેવું છે. મુમુક્ષુતા નથી એ ખામી છે. એ મુમુક્ષુતા જેમ જેમ આવશે તેમ તેમ છૂટવા માટે પ્રયત્ન કરશે. બધાય કંઈ મુમુક્ષુરૂપે જન્મે એમ નથી. પૂર્વે પુરુષાર્થ કર્યો હોય તે મુમુક્ષુરૂપે જન્મે છે. તીર્થંકર ભગવાન જેવા જન્મથી જ મુમુક્ષુરૂપે છે. પણ જેને મુમુક્ષુતા ઉત્પન્ન કરવી હોય, તેને રસ્તો બતાવે છે કે પોતાના દોષો જુએ, બીજાના દોષો ન જુએ. પોતાના દોષો જુએ અને ટાળવાનો ઉપાય કરે તો છૂટે. દોષોનો પક્ષપાત કરે તો એને છોડવાની ભાવના ન થાય. કપડા ઉપર ડાઘ પડ્યો હોય તો ધોઈ નાખવાનું મન થાય. દોષ નથી દેખાયા તેથી લાગતું નથી, નહીં તો શરમ આવે એવું છે.

દોષમાં પક્ષપાતતા એટલે હું એકલો જ ક્યાં દોષ કરું છું, બીજાય કરે છે ને? બીજા કરતાં હું તો સારો છું. એમ પક્ષપાત કરે તો દોષો જાય નહીં. જેમકે બધાય જૂઠું બોલે છે અને હું પણ બોલું છું, એમા શું? એમ પક્ષપાત ન કરે. પોતાના દોષ અપક્ષપાતે જુએ, ત્યારે મુમુક્ષુ થયો કહેવાય. દોષો દેખાયા પછી છોડવા લાગે છે. ન જાય તો કોઈ જ્ઞાનીને પૂછે, તેની શોધ કરે. સ્વચ્છંદે વર્તે તો દોષ વધે. જેટલી દોષોમાં પક્ષપાતતા તેટલી ધર્મમાં ઉપેક્ષા થાય છે. સ્વચ્છંદી હોય તેને જ્ઞાનીપુરુષ ઉપદેશ આપે, આજ્ઞા કરે, તોય શો લાભ થાય?" -બો.૨ (પૃ.૬૦)

જ્ઞાનીની આજ્ઞાએ વર્તે તો દોષો જાય અને મુમુક્ષુ થાય

"બોધના યોગે સ્વચ્છંદે ન વર્તે તો દોષો જાય. જ્ઞાનીનું કહેલું માને એટલી એને ગરજ હોય છે. "રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ." જ્ઞાનીની ઇચ્છાએ વર્તે તો સ્વચ્છંદ ન રહે. પોતાના દોષ જોવાથી, દોષો ટાળવાથી, સ્વચ્છંદ રોકવાથી જીવ બોધને યોગ્ય થાય છે. દોષ ટળવાનો ઉપાય જ્ઞાની પાસે છે. મારામાં બહુ દોષ છે એમ લક્ષ રાખી જ્ઞાની પાસે સાંભળે. કોઈ ઉપાય જ્ઞાની બતાવે તો તેવી રીતે તેમની આજ્ઞાએ વર્તવું છે. એવું થાય ત્યારે મુમુક્ષુતા આવે."

-બો.૨ (પૃ.૬૧)

ભાવથી પ્રતિમાને પ્રત્યક્ષ ગણે તો પરમાત્મા સાથે વાતો થાય

"કહેવાનું કે જેવું ઇચ્છે તેવું થઈ શકે છે. બીજું પછી એને ગમે નહીં. પ્રતિમાની ભક્તિમાં તલ્લીનતા થાય તો તેની સાથે વાતો થાય, બધું થાય. મન વચન કાયા કર્મ બંધાવનાર છે તેને



પરમાત્માની સાથે જોડે તો કલ્યાણ થાય. બધાનું મૂળ પ્રેમ છે. જ્યાં પ્રેમ હોય ત્યાં ચિત્ત લીન થાય છે. જેનામાં શુદ્ધભાવ છે, એવા ભગવાનમાં લીનતા થાય તો ઘણાં કર્મ ખપી જાય.'' -બો.૧ (પૃ.૩૨૧)

''અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય.'' ૧૯

અર્થ :– ''સકળ જગતમાં હું અધમાધમ છું, પતિત છું, એવો નિશ્ચય જ્યાં સુધી મનમાં ન થાય ત્યાં સુધી હે જીવ! તું શું સાધન કરીશ? સ્વદોષ જોયા વિના બધું અવળું છે.''

-પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય'.....

હે પ્રભુ! આ સકળ વિશ્વમાં અધમમાં પણ અધમ કોણ? તો કે હું.

અધિકો પતિત=અધિક પતિત એટલે અધિક પાપી-પાપીઓમાં પણ મહાપાપી એવો હું છું. કેમકે મોહના ગાંડપણને લીધે જન્મમરણના કેટલા ભયંકર દુઃખ છે, તેનો પણ મને વિચાર આવતો નથી.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨' માંથી :–

''મોહ-ઘેલછા જગ આખામાં વ્યાપી રહી અપાર અહો!
જન્મમરણનાં દુઃખ કેટલાં તેનો નહીં વિચાર અહો! શ્રી રાજ૦

અર્થ :– મોહનું ગાંડપણ જગત આખામાં અપારપણે વ્યાપી રહ્યું છે. તેથી જન્મમરણના કેટલાં ભયંકર દુઃખ છે તેનો જીવને અહો! વિચાર પણ આવતો નથી.

'એક તરુણ સુકુમારને રોમે રોમે લાલચોળ સૂયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઊપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહે છે ત્યારે પામે છે. મળ, મૂત્ર, લોહી, પરુમાં લગભગ નવ મહિના અહોરાત્ર મૂર્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. જન્મ સમયે ગર્ભસ્થાનની વેદનાથી અનંતગુણી વેદના ઉત્પન્ન થાય છે.' (વ.પૃ.૭૦) ॥૨॥

દિન ઉપર દિન ચાલ્યા જાતાં, આવે મરણ નજીક અહો!
મોહ-મદિરાના છાકે જીવ જાણે ન ઠીક-અઠીક અહો! શ્રી રાજ૦


અર્થ :– દિવસો ઉપર દિવસો ચાલ્યા જાય છે અને મરણ નજીક આવે છે. છતાં જીવ મોહરૂપી દારૂના છાકમાં એટલે નશામાં પોતાને માટે શું ઠીક અને શું અઠીક છે તે જાણી શકતો નથી. તેથી શરીરમાં અહંભાવ અને કુટુંબાદિમાં મમત્વભાવ કરી જીવ નવીન કર્મથી બંધાયા જ કરે છે. ॥૩॥

નજરે મરતા જન જગમાં બહુ દેખે તોયે અંધ અહો!
વિપરીતતા કોઈ એવી ઊંડી, લાંબી કાળ અનંત અહો! શ્રી રાજ૦



અર્થ :– જગતમાં ઘણા લોકોને મરતા નજરે જુએ છે તો પણ અંધ જેવો રહી પોતાને પણ એક દિવસ આ પ્રમાણે મરવું પડશે તેનો ખ્યાલ આવતો નથી. આ જીવની અનંતકાળની એવી વિપરીત દશા હોવાથી આના મૂળીયા ઘણા ઊંડા છે. તે સહજ રીતે નીકળી શકે એમ લાગતું નથી.

એક વૃદ્ધનું દૃષ્ટાંત :– ''કોઈનો વીશ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તે વખતે તે જીવને એવી કડવાશ લાગે છે કે આ સંસાર ખોટો છે. પણ બીજે જ દિવસે એ વિચાર બાહ્ય વૃત્તિ વિસ્મરણ કરાવે છે કે 'એનો છોકરો કાલ સવારે મોટો થઈ રહેશે; એમ થતું જ આવે છે; શું કરીએ ?' આમ થાય છે; પણ એમ નથી થતું કે પુત્ર જેમ મરી ગયો, તેમ હું પણ મરી જઈશ. માટે સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો સારું. આમ વૃત્તિ થતી નથી. ત્યાં વૃત્તિ છેતરે છે.'' (વ.પૃ.૬૮૯) ॥૪॥



-પ્ર.વિ.ભાગ.૨ (પૃ.૩૩૬)

હવે સત્પુરુષ કહે તેમ જો હું ન કરું તો અધમાધમ હું જ છું

''અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?''

''એ ગાથા પૂછી તેનો વિચાર એમ કર્તવ્ય છે કે નિગોદથી નીકળી પરમકૃપાળુદેવના શરણ સુધી અવાયું એ કોઈ અલૌકિક બીના બની છે. પરંતુ હવે જો તે શરણ, મરણ સુધી પકડી ન રાખું તો મારા જેવો આત્મઘાતી મહાપાપી બીજો કોઈ ગણાય નહીં. તેણે જણાવેલે માર્ગે ચાલવાને બદલે કાળા હાથ અને કાળા મુખવાળા વાંદરા જેવો પશુપણે વર્તું; કાળાબજારની નીતિથી ધન એકઠું કરવામાં જ જીવન કૃતાર્થ માનું અને આ ભવનું ઉત્તમ કર્તવ્ય આ પત્રને મથાળે જણાવ્યું છે તે વીસરી જાઉં તો સત્પુરુષને મળી તેની પ્રરૂપણાથી વિપરીત વર્તી તેનો દ્રોહી બનવાનું અધમાધમ પુરુષના લક્ષણ જેવું મેં કર્યું ગણાય; પશુ કે અનાર્યજનોને તો કોઈ આધાર કે ઉપદેશ



કર્ણગોચર થયો નથી, તેથી તે તજવા યોગ્ય વસ્તુનું અત્યંત માહાત્મ્ય મનમાં રાખે તેમાં તેનો દોષ ઓછો ગણાય; પણ જેને પરમ પુરુષનાં દર્શન, તારકતત્ત્વથી પૂર્ણ વચનો કર્ણગોચર થયાં છે, તેનો આશ્રિત ગણાય છે, છતાં તેને વગોવાવે, નિંદાવે તેવું જેનું વર્તન, ચિંતન, કથન હોય તે અધમાધમ પુરુષ કરતાં પણ અધિક પતિત ગણાય એમ વિચારી પોતાની જવાબદારીનો ઉત્તમ ખ્યાલ રાખી જે પુરુષોનું અવલંબન લીધું છે તે નિરંતર ધ્યેયરૂપે, આચરણના આદર્શરૂપે રહે તેમ પુરુષાર્થ કર્તવ્ય છેજી.'' -બો.૩ (પૃ.૫૧૮)

'અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય'.....

હું બધાથી અધમ છું એમ લાગે ત્યારે પુરુષાર્થધર્મ વધે

''મુમુક્ષુ–'અધમાધમ અધિકો પતિત સકલ જગતમાં હું ય, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ય?' એ ગાથાનો શો આશય હશે?

પૂજ્યશ્રી–'હું તો દોષ અનંતનું' એનું બીજું રૂપ જ છે. મારામાં બહુ દોષો ભરેલા છે. ભગવાનમાં જેટલા ગુણ છે તેટલા મારામાં દોષો ભરેલા છે. હું છેલ્લે પગથિયે ઊભો છું; મારે હજુ ઘણો પુરુષાર્થ કરવાનો છે. હું બધાથી અધમ છું, એમ પોતાનું અધમપણું લાગે તો પુરુષાર્થધર્મ વર્ધમાન થાય.'' -બો.૧ (પૃ.૧૨૭)

પોતાને અધમાધમ માને તો વિનયગુણ આવે

'અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય' એવું રોજ બોલીએ છીએ, પણ અંદરથી થવું જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે–'જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.' (૨૧-૮૩) માનને કાઢવા માટે ખરો ઉપાય વિનયગુણ છે. દૃષ્ટિ ફેરવવી છે. જ્યાં ધર્મનું માહાત્મ્ય લાગે ત્યાં શરીરનું માહાત્મ્ય ન લાગે. શરીર તો નાશ પામવાનું છે. અભિમાન કરીશું તોય નાશ પામશે. ગમે તેટલું અભિમાન કરે, તો પણ રહે નહીં. અભિમાન કરવા જેવી તો કોઈ વસ્તુ જગતમાં નથી.'' -બો.૧ (પૃ.૧૪૬)

જીવ અહંભાવ કરે છે કે હું જાણું છું, સમજું છું; તેથી ઠગાય છે

''અલ્પ પણ દોષ થયો હોય તો પશ્ચાત્તાપ કરવો. વારંવાર ઠપકો દઈને એ દોષો ટાળવા. પોતાના દોષ પોતાને જ કાઢવા પડશે. દોષો દેખાય ત્યારે દોષો કાઢવા પુરુષાર્થ કરવો. જેટલા દોષો જશે તેટલો જીવ હલકો થશે. કરોડ રૂપિયા આપ્યે પણ સાંભળવા ન મળે એવા કૃપાળુદેવનાં વચનો છે. કૃપાળુદેવે આખી 'પુષ્પમાળા' લખી અને છેવટે કહ્યું કે પોતાના દોષો ઓળખીને કાઢવા. પોતાના દોષ દેખાય ત્યારે હું તો અધમાધમ છું એમ વિચારી દોષોને કાઢવા....થોડા દોષો હોય અને પુરુષાર્થ કરે તો જાય; પણ દોષો વધી ગયા અને તેને કાઢવા પુરુષાર્થ ન કરે તો ઉપર ચઢી જાય, ગાઢ થઈ જાય. સદ્‌ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર એ સાચાં સાધનો છે એની જરૂર છે. સત્સંગનો યોગ હોય તો સત્સંગ કરવો, એ ન હોય તો સત્શાસ્ત્રનો પરિચય રાખવો. સત્સંગનો



યોગ તો પુણ્ય હોય તો મળે, પણ સત્શાસ્ત્ર તો ગમે ત્યારે વાંચી શકીએ. સત્સાધનમાં ગરજ ન રાખે તો કંઈ ન થાય. જીવ પોતે પોતાને છેતરે છે. લૌકિક ભાવ તે જીવને છેતરે છે, પોતે પોતાને છેતરી રહ્યો છે, ઠગે છે. જીવ અહંભાવ કરે છે કે હું જાણું છું, સમજું છું, તેથી ઠગાય છે.'' -બો.૧ (પૃ.૧૭૦)

'એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?'.....

એવો દૃઢ નિશ્ચય અંતરમાં ન થાય ત્યાં સુધી હે જીવ! મોક્ષ પ્રાપ્તિના સાધન તારે કામ લાગવાના નથી. અને મોક્ષપ્રાપ્તિના સાધન ન થાય તો મોક્ષપ્રાપ્તિ પણ થવાની નથી એ વાત સુનિશ્ચિત છે.

'આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે ગુરુ થવાને યોગ્ય નથી.' તો પછી તેવા ગુરુના આશ્રિત જીવમાં કેટલા હદ સુધી પોતાની પામરતાનું ભાન થવું જોઈએ એ સમજી શકાય છે. એટલા હદ સુધી લઘુતા આવ્યા વગર મોક્ષ નથી.

'લઘુતામાં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર.'
પ્રભુશ્રી કહે, 'લઘુતા મેરે મન માની, એ તો ગુરુગમ જ્ઞાન નિશાની.'

હું અધમાધમ છું એ નિશ્ચય મનમાં થાય પછી સાધન કામ લાગે

''અધમાધમ છું, એવું કરવાનું છે. એ નિશ્ચય આવ્યા વિના જ્ઞાની સાધન બતાવે તોય શું કામનું? જીવને ભાન નથી, ભુલવણીમાં છે. તેથી અભિમાનમાં ફૂલી જાય છે. સંસારપરિભ્રમણનું કારણ માન છે, એ ખાડામાંથી નીકળવાનું છે. બધેથી મન સંકોચી જ્ઞાનીની આજ્ઞામાં ચિત્ત રાખવું. માન આવ્યું તો કર્મ બંધાય અને તેથી પરિભ્રમણ કરવું પડે. આત્મા આત્મભ્રાંતિથી માંદો થયો છે. જ્ઞાનીના બોધ વગર આગળ પગ ચાલે એમ નથી. જ્ઞાનીએ કહ્યું હોય તેના ઉપરથી પોતા ઉપર વિચાર આવે તો જ્ઞાનીએ કહ્યું હોય તે દૃઢ થઈ જાય. એવું થાય તો સમ્યક્ત્વ થાય છે.''

-બો.૨ (પૃ.૧૮૦)

''પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.'' ૨૦

અર્થ :– ઉપરની ૧૯ ગાથાનો સારાંશ પણ આમાં આવી ગયો છે. ભગવાનને અંતે પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને ફરીફરી એ જ માગું છું કે સદ્ગુરુ અને તારા સ્વરૂપની મને દૃઢ શ્રદ્ધા થાઓ, તેની પ્રાપ્તિ થાઓ.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૮)

'પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ'.....

હે ભગવાન! તારા પદપંકજ એટલે ચરણકમળમાં વારંવાર પડીને એટલે નમસ્કાર કરીને અંતમાં એ જ માગું છું કે –



સદ્‌ગુરુ અને સંત તુજ સ્વરૂપ જ છે. અર્થાત્ તારામાં, સદ્‌ગુરુમાં અને સંતના સ્વરૂપમાં અંતર જ નથી એવી મારા હૃદયમાં દૃઢપણે શ્રદ્ધા થાઓ.

સદ્‌ગુરુ અને સંત ભગવાન રૂપ જ છે એવી પરમેશ્વર બુદ્ધિ મારા હૃદયમાં અચળ રહો એવી મારી અંતિમ માંગણી છે તે સફળ થાઓ.

શિષ્યે ભગવાન પાસે સદ્‌ગુરુમાં પરમેશ્વર બુદ્ધિ માંગી લઈ સમ્યક્‌દર્શન માંગી લીધું. કારણ સાચાદેવ અને સાચા ધર્મનું સ્વરૂપ બતાવનાર સદ્‌ગુરુ કે સંત જ છે. માટે એક અપેક્ષાએ સદ્‌ગુરુમાં આસ્થા એ જ સમકિત છે. અને સમકિતની પ્રાપ્તિ એ જ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે તેમજ એ જ મોક્ષપ્રાપ્તિનું બીજ છે.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૨' માંથી :–

''ભૂલ ગુરુમાં કરી, દેવ-ધર્મે ખરી; સર્વ પુરુષાર્થ પણ ભૂલવાળો,
તેથી મુમુક્ષુઓ સદ્‌ગુરુ-આશ્રયે, સત્ય પુરુષાર્થથી દોષ ટાળો. આજ૦૨૩

અર્થ :– ગુરુ ધારણ કરવામાં જો ભૂલ કરી તો દેવ અને ધર્મનું સાચું સ્વરૂપ સમજવામાં પણ અવશ્ય ભૂલ થશે. અને કુગુરુ આશ્રયે વ્રત તપાદિ કરવાનો પુરુષાર્થ પણ આત્મલક્ષ વગર ભૂલવાળો થશે. જેથી મુક્તિની પ્રાપ્તિ નહીં થાય પણ સંસારનો સંસાર જ રહેશે. તેથી હે મુમુક્ષુઓ! શ્રી સદ્‌ગુરુ ભગવંતના આશ્રયને ગ્રહણ કરી, તેમની આજ્ઞાએ સત્ય પુરુષાર્થ આદરીને મિથ્યાત્વ, કષાય આદિ સર્વ દોષોનો હવે નાશ કરો. ॥૨૩॥ -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૨૬૯)

''નમસ્કાર-મંત્રે અરિહંત આદ્ય, પછી સિદ્ધ આવે; સદેહી સુસાધ્ય;
ઊગે ભક્તિ એથી પરાત્મા પમાય; ગણો જ્ઞાનીને મોક્ષ-મૂર્તિ સદાય. ૫

અર્થ :– નમસ્કારમંત્રમાં આદ્ય એટલે પ્રથમ અરિહંત ભગવંતને નમસ્કાર કર્યા છે. પછી સિદ્ધ ભગવાનને કર્યા છે. કેમકે દેહધારી પરમાત્મામાં વૃત્તિ સહેજે સ્થિર રહી શકે છે. પુદ્‌ગલનો પ્રેમ છોડવા માટે દેહધારી પરમાત્માની ભક્તિ કરવાની છે. સિદ્ધ ભગવાનની ભક્તિથી પોતાના સ્વરૂપનો ખ્યાલ આવે નહીં. માટે સિદ્ધ કરતાં અરિહંતને ઉપકારની અપેક્ષાએ પહેલા નમસ્કાર કર્યાં છે. ભગવાનની મૂર્તિ જોઈને તેમનું પરમાત્મસ્વરૂપ યાદ આવવું જોઈએ. તેથી તેમના પ્રત્યે ભક્તિ પ્રગટ થઈ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

તેમ સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ ન રહે તો તેમનું દેહરૂપ દેખાય છે. અને દેહરૂપ જોવાની બાહ્યદૃષ્ટિ સદા ત્યાગવા યોગ્ય છે. જ્ઞાનીને સદા મોક્ષની મૂર્તિ જાણો. પરમાત્માએ આ દેહ ધારણ કર્યો છે એવી બુદ્ધિ થયે જ્ઞાનીપુરુષ પ્રત્યે ભક્તિ ઊગે છે. અને તેજ આગળ વધતાં પરાભક્તિનું કારણ થાય છે. માટે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ કરવી, એ જ પરમાત્મસ્વરૂપ પ્રાપ્તિનો સુગમ ઉપાય છે.

''પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં, ભગવદ્‌ગીતામાં



ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં ''નમો અરિહંતાણં'' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.'' (વ.પૃ.૨૭૬) ॥૫॥ પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૪૧૨)

''આજ ગુરુ રાજને પ્રણમી અતિ ભાવથી, યાચના શુદ્ધતાની કરું છું;
આપ તો શુદ્ધભાવે સદાયે રમો, બે ઘડી શુદ્ધભાવે ઠરું હું. આજ૦૧

અર્થ :– આજ શ્રી ગુરુરાજ પ્રભુને ભક્તિભાવથી પ્રણામ કરીને શુભાશુભ ભાવથી રહિત એવો જે શુદ્ધભાવ, તેની મને પ્રાપ્તિ થાઓ એવી યાચના કરું છું. કેમકે શ્રી ગુરુરાજે કહ્યું : ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'' આત્માની શુદ્ધતા વિના જીવનો મોક્ષ થતો નથી. આપ પ્રભુ તો સદા શુદ્ધ આત્મભાવમાં રમો છો. હું પણ બે ઘડી એટલે અડતાલીસ મિનિટ સુધી શુદ્ધભાવમાં સ્થિરતા કરું કે જેથી કેવળજ્ઞાન પામી આત્માના સનાતન ધર્મને પામી જાઉં; એવી મારી અભિલાષા છે. ॥૧॥'' -પ્ર.વિ.ભાગ-૨ (પૃ.૨૬૫)

'સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

ભગવાન, સદ્‌ગુરુ અને સંત; સ્વરૂપ અપેક્ષાએ ત્રણેય એક જ છે

''શ્રીમાન પુરુષોત્તમ, શ્રી સદ્‌ગુરુ અને સંત એ વિષે અમને ભેદબુદ્ધિ છે જ નહીં. ત્રણે એક રૂપ જ છે.'' (વ.પૃ.૨૩૭)

''સંતપણું અતિ અતિ દુર્લભ છે. આવ્યા પછી સંત મળવા દુર્લભ છે. સંતપણાની જિજ્ઞાસાવાળા અનેક છે. પરંતુ સંતપણું દુર્લભ તે દુર્લભ જ છે!'' (વ.પૃ.૭૯૭)

સદ્‌ગુરુ તે દેહ નહીં પણ શુદ્ધ આત્મા

''આત્મા ને સદ્‌ગુરુ એક જ સમજવા. આ વાત વિચારથી ગ્રહણ થાય છે. તે વિચાર એ કે દેહ નહીં અથવા દેહને લગતા બીજા ભાવ નહીં, પણ સદ્‌ગુરુનો આત્મા એ સદ્‌ગુરુ છે. જેણે આત્મસ્વરૂપ લક્ષણથી, ગુણથી અને વેદનથી પ્રગટ અનુભવ્યું છે અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે તે આત્મા અને સદ્‌ગુરુ એક જ એમ સમજવાનું છે. પૂર્વે જે અજ્ઞાન ભેળું કર્યું છે તે ખસે તો જ્ઞાનીની અપૂર્વ વાણી સમજાય.'' (વ.પૃ.૭૧૮)

'પ્રથમ નમું ગુરુરાજને જેણે આપ્યું જ્ઞાન'

''હે પુરુષપુરાણ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ



પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે; માટે હવે તું કહે તેમ કરીએ?'' (વ.પૃ.૨૬૯)

જ્ઞાનીપુરુષ પ્રત્યે ભક્તિ પ્રગટ્યા વિના પરમાત્માની પ્રાપ્તિ નહીં થાય

''જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ–જ્ઞાનીરૂપ પરમાત્માની--ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે, આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્‌ભાગવતમાં ભગવદ્‌ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં ''નમો અરિહંતાણં'' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યા છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.'' (વ.પૃ.૨૭૬)

*　　*　　*



‘યમ નિયમ’

(વિવેચન સહિત)

(આઠ ત્રોટક છંદ)

પરમકૃપાળુદેવ દ્વારા રચિત ‘યમનિયમ’ કાવ્યના આઠ ત્રોટક છંદ છે. માટે એને ‘આઠ ત્રોટક છંદ’ પણ કહે છે. અને ‘શું સાધન બાકી રહ્યું?’ એમ પણ કહે છે. તો કે આ જીવે અનંતકાળથી પરિભ્રમણ કરતાં, ભૂતકાળમાં આત્મકલ્યાણ માટે અનેક સાધન સ્વમતિ કલ્પનાએ કે કુગુરુ આશ્રયે કર્યાં, પણ સદ્‌ગુરુની આજ્ઞાએ નહીં કર્યાં; તે આત્માને ભૂલીને કર્યા. એ જ સાધન બાકી રહ્યું. તેથી જીવ જન્મમરણના દુઃખમાંથી હજી છૂટ્યો નહીં.

વળી બીજું નામ ‘યમ નિયમ’નું ‘કૈવલ્ય બીજ શું?’ એટલે કેવળજ્ઞાનનું બીજ શું? તો કે સમકિત. સમકિત હોય તો કેવળજ્ઞાન આવે. તો તે સમકિત અનંતકાળમાં કેમ ન આવ્યું? તે માટે આ ‘યમનિયમ’ કાવ્યમાં તેના કારણો અને તેના ઉપાયો બેય બતાવેલ છે. જેનું ચિંતન કરતાં જીવને વિશેષ પુરુષાર્થ વર્દ્ધમાન થવાનો હેતુ છે. આના વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૫૩૪માં જણાવે છે :–

જીવે શું આચરવું બાકી અને અત્યાર સુધી જે આચર્યું તે કેમ વૃથા થયું?

“બીજા આઠ ત્રોટક છંદ તે સાથે અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે, કે જેમાં આ જીવને શું આચરવું બાકી છે, અને જે જે પરમાર્થને નામે આચરણ કર્યાં તે અત્યાર સુધી વૃથા થયાં, ને તે આચરણને વિષે મિથ્યાગ્રહ છે તે નિવૃત્ત કરવાનો બોધ કહ્યો છે, તે પણ અનુપ્રેક્ષા કરતાં જીવને પુરુષાર્થ વિશેષનો હેતુ છે.” (વ.પૃ.૪૩૪)

હે પ્રભુની સાથે આ આઠ ત્રોટક છંદ એટલે યમનિયમની આ આઠ ગાથાઓ પણ ચિંતન કરવા યોગ્ય છે કે જેમાં આ જીવને અનંતકાળના પરિભ્રમણમાં શું આચરવું બાકી રહી ગયું, અને આજ સુધી પરમાર્થ એટલે આત્માર્થના નામે જે જે ધર્મની ક્રિયાઓ કરી તે બધી ફોક કેમ ગઈ, તેનું શું કારણ? છતાં તેજ ક્રિયાઓ કરવાનો પોતાના મનની કલ્પનાએ આગ્રહ રહે છે. તે આગ્રહ નિવૃત્ત કરવા માટેનો જેમાં બોધ છે–એવા યમનિયમના આઠ ત્રોટક છંદ પણ સાથે વિચારવા યોગ્ય છે. જેથી સમ્યક્ રીતે વિશેષ પુરુષાર્થ ઉપડવાનું તે કારણ છે.

શું સાધન બાકી રહ્યું! કૈવલ્યબીજ શું?

કૈવલ્યબીજ એટલે શું?

કેવળજ્ઞાનનું બીજ સમકિત છે. જે જીવ સદ્‌ગુરુની આજ્ઞાને હૃદયમાં પ્રેમપૂર્વક ધારણ કરે તેના આત્મામાં આ સમકિતરૂપ બીજ રોપાય છે.



(તોટક છંદ)

"યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો." ૧

અર્થ :– યમ– આજીવન વ્રત લેવા તે 'યમ' કહેવાય છે. જેમકે પાંચ અણુવ્રત કે પાંચ મહાવ્રત. તેમાં પણ ક્વચિત્ આગાર એટલે છૂટ રાખવી પડે કેમકે પૂર્ણપણે સર્વ વખતે વ્રત ન પળે; પણ પ્રયત્ન તેની પૂર્ણતાએ પહોંચવા માટેનો જ હોય.

'નિયમ' એટલે થોડા વખત માટે જે ખાસ નિયમ કરીએ તે નિયમ કહેવાય. જેમકે એક મહિના સુધી મારે અમુક વસ્તુનો ત્યાગ છે અથવા આજે મારે મૌન છે કે ઉપવાસ છે આદિ.

'સંયમ' એટલે પાંચ ઇન્દ્રિયો અને મનને પોતપોતાના વિષયોમાં જતું રોકવું તે ઇન્દ્રિય સંયમ, અને પાંચ સ્થાવર જીવોરૂપ પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને હાલતાચાલતા જીવોરૂપ ત્રસકાયની રક્ષા કરવી તે પ્રાણીસંયમ કહેવાય છે. આ બેય મળીને બાર પ્રકારનો સંયમ છે. તેને–

'આપ કિયો' એટલે સ્વચ્છંદે અર્થાત્ પોતાની મરજી પ્રમાણે યમ, નિયમ, કે સંયમ પાળ્યા અથવા કુગુરની આજ્ઞાએ તેણે જેમ કહ્યું તેમ કર્યું. પુનિ એટલે વળી.

ત્યાગ – વળી બાહ્ય ત્યાગ અનેક પ્રકારે કર્યો; પણ ખરેખર ત્યાગ કરવાયોગ્ય એવી દેહમાં આત્મબુદ્ધિ તેનો ત્યાગ ન કર્યો.

બિરાગ એટલે વૈરાગ્ય– મોહગર્ભિત વૈરાગ્ય કે દુઃખગર્ભિત વૈરાગ્ય અથાગ એટલે અનેકવાર ખૂબ કર્યો પણ જ્ઞાનગર્ભિત એટલે ત્યાગ વૈરાગ્ય આદિની સાચી સમજણ મેળવીને કે સંસાર પરથી વિરક્તભાવ લાવીને, અંતરૂઆત્મામાં રહેલી આસક્તિને તોડી નહીં. આસક્તિ એટલે પરપદાર્થ પ્રત્યે મનમાં રહેલો તીવ્ર રાગ તેને દૂર કર્યો નહીં. તેથી આત્મામાં રહેલી ઇન્દ્રિયોની વાસના ગઈ નહીં અને સાચો ત્યાગ આવ્યો નહીં.

વનવાસ – નિર્જન જંગલમાં બધું છોડીને એકલો મૌનપણે રહ્યો. છતાં આત્મજ્ઞાન ન હોવાથી અંતરૂવાચારૂપ સંકલ્પ વિકલ્પ મટ્યા નહીં; તે તો તેમજ ચાલુ રહ્યાં.

દૃઢ આસન પદ્મ– એટલે ચલાયમાન ન થવાય એવું દૃઢ પદ્માસન લગાવીને કલાકો સુધી બેસી રહ્યો. એવી સર્વ ક્રિયાઓ બહારથી કરી, પણ અંતરમાં રહેલી અનાદિની વિષયકષાયની વૃત્તિઓ ઘટી નહીં; ઉપર કહેલી સર્વ પ્રકારની ક્રિયાઓ કરવા છતાં તે તો એમની એમ જ રહી.

માટે સ્વચ્છંદે કરેલા યમ, નિયમ, સંયમ, તપ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિ બધા સાધનો વૃથા ગયા; પણ જન્મમરણથી છૂટવાના કારણ થયા નહીં.



'યમનિયમ' કાવ્યની પહેલી ગાથાના પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ અર્થ કરી સમજાવ્યા તે નીચે પ્રમાણે છે :–

આઠ દૃષ્ટિમાં પહેલી દૃષ્ટિમાં પંચ મહાવ્રત, બીજી દૃષ્ટિમાં આ પાંચ નિયમો કહ્યાં છે–

યમ :–''યમ એટલે શું? અને તે કેટલા છે? જીવનપર્યંત વ્રત લેવામાં આવે તે યમ છે. યમ પાંચ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

નિયમ :–પણ પાંચ કહેવાય છે. શૌચ, સંતોષ, તપ, સજ્ઝાય અને ઇશ્વરધ્યાન.

(૧) **શૌચ–** લોભ નહીં તે. આત્માને મલિન કરનાર લોભ છે. બાહ્યથી શરીર પવિત્ર રાખે તે બાહ્ય શૌચ. મનમાં રાગદ્વેષ ન થવા દે તે અભ્યંતર શૌચ.

(૨) **સંતોષ–** એટલે લાભ થાય તેથી રાજી ન થાય અને હાનિ થાય તો શોક ન કરે.

(૩) **તપ–** એટલે મનના કહ્યા પ્રમાણે વર્તે નહીં પણ તેની સામો પડે.

(૪) **સજ્ઝાય–** એટલે શાસ્ત્રોને વિચારવા સ્વાધ્યાય કરે.

(૫) **ઇશ્વરધ્યાન–** એટલે ભગવાનને ભૂલે નહીં. એક ભગવાનમાં જ લક્ષ રાખે. ખાતાં, પીતાં, પહેલા ભગવાનને સંભારે, આ પાંચ નિયમો કહેવાય છે.''

બહાર ભટકતી વૃત્તિઓને રોકવી તે પણ સંયમ છે. વૈરાગ્ય હોય તો થાય

''**સંયમ–** પાંચ ઇન્દ્રિયો અને મનને જીતે અને છ કાય જીવની રક્ષા કરે, એમ બાર પ્રકારે સંયમ છે. સંયમમાં સ્વદયા અને પરદયા પાળે. કૃપાળુદેવે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે કે ''સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.'' સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. બહાર ભટકતી વૃત્તિઓને રોકવી તે પણ સંયમ છે. એવો સંયમ, વૈરાગ્ય હોય તો થાય. આ યમ, નિયમ, સંયમ બધા જીવે **'આપ કિયો'** એટલે સ્વચ્છંદે કર્યાં છે, અથવા અજ્ઞાનીના આશ્રયે કર્યાં છે. પોતાની મેળે કરે અથવા અજ્ઞાનીની આજ્ઞાથી કરે તો કંઈ લાભ થાય નહીં.''

બીજા ત્યાગ કર્યા પણ દેહને આત્મા માનવાનો ત્યાગ ન કર્યો

''**ત્યાગ એટલે શું?** ''આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.'' (વ.પૃ.૪૫૨) તાદાત્મ્ય એટલે દેહને આત્મારૂપ માનવો, દેહ તે જ આત્મા માનવો. એવા અધ્યાસનો ત્યાગ તે ખરો ત્યાગ છે. ભગવાને એને ત્યાગ કહ્યો છે. પણ જીવે એવો ત્યાગ કર્યો નથી. સ્વચ્છંદી થઈને બાહ્ય ત્યાગ વગેરે કર્યા છે. જો ખરો ત્યાગ કર્યો હોત તો આજે સંસારમાં હોત જ નહીં.'' -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૯)

સ્વચ્છંદે ત્યાગ કર્યો. સદ્‌ગુરુ આજ્ઞાથી કર્યો હોત તો સંસારનો નાશ થાત

તામલી તાપસનું દૃષ્ટાંત– 'તામ્રલિપ્તી નગરીમાં તામલી નામે શેઠ વસતો હતો. એક



દિવસ તેને અર્ધી રાત્રે વિચાર આવ્યો કે હું પૂર્વના પુણ્યથી પૈસા વગેરે બધી સામગ્રી પામ્યો છું. તેથી પરભવ માટે મારે તપ વગેરે કરવું જોઈએ. એમ વિચારી દિવસ ઊગ્યે પોતાના પુત્રને સર્વ વાત જણાવી. ગૃહભાર સોંપીને વૈરાગ્યપરાયણ થઈ તાપસી દીક્ષા લીધી. અને નદીના કાંઠા ઉપર રહેવા લાગ્યો. તેમજ કાયમ બબ્બે ઉપવાસ કરીને પારણું કરવા લાગ્યો. પારણાના દિવસે પણ જે આહાર લાવતો તેને નદીના જળથી એકવીશવાર ધોઈ નીરસ કરીને ખાતો હતો અને ઉપર પાછા બબ્બે ઉપવાસ કરતો હતો. એ પ્રમાણે સાઠ હજાર વર્ષ સુધી તેણે દુષ્કર અજ્ઞાનતપ કર્યું. છેવટે અનશન અંગીકાર કર્યું. તે અવસરે બલીંદ્ર ચ્યવી ગયેલ હોવાથી બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરોએ આવી, અનેક પ્રકારનાં નાટ્ય અને સમૃદ્ધિ બતાવી તામલી તાપસને વિજ્ઞપ્તિ કરી કે—'હે સ્વામિન! તમે નિયાણું કરી અમારા સ્વામી થાઓ. અમે સ્વામી રહિત છીએ.'



'વીતરાગ કહે છે કે નિયાણું ન કરવું'

''અંત સમયે દૈવલોકનો વૈભવ બતાવી નિયાણું કરવા જણાવ્યું પણ એ મંદકદાગ્રહી, ગુણગ્રાહી તપસ્વીએ ક્યાંય સાંભળેલું કે વીતરાગ કહે છે કે નિયાણું ન કરવું; તો આ વખતે મારે કશી દેવલોક આદિની ઇચ્છા કરવી નથી એમ જાણ્યે અજાણ્યે, બીજી શ્રદ્ધા અંગીકાર કરેલી છતાં વીતરાગ-વચનનું બહુમાનપણું અને તે વચનનું કસોટીને પ્રસંગે યાદ કરી અમલમાં મુકવું એ



મહાભાગ્યનું કારણ બન્યું. વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન થવાથી તે ચમરેન્દ્રનું પદ પામ્યો. બધા ઇન્દ્રોને તીર્થંકરના પંચકલ્યાણકોમાં જવાનો નિયોગ હોય છે તેથી સમકિત ન હોય તોપણ સમકિત પામવાનું કારણ બને છે.

તે ચમરેન્દ્રપણે ઉત્પન્ન થયા પછી શક્રેન્દ્રનું સિંહાસન પોતાના સિંહાસન ઉપર જ છે એમ જાણતાં દેખતાં ઇર્ષા થઈ આવી તેથી ક્રોધ પ્રગટ્યો, પોતે પ્રભાવશાળી છે તો તે અપમાન કેમ ખમે? એવું માન સ્ફુર્યું. પોતાની તેને જીતવાની શક્તિ નથી એવું સલાહકાર દેવોથી જાણ્યું, છતાં ક્રોધ અને માયાના પ્રભાવે પાછા હઠવાને બદલે પોતાની શક્તિ પ્રગટ કરવાનો દંભ સ્ફુર્યો. શક્રેન્દ્રને જીતવાનો લોભ જાગ્યો; તેમ છતાં મરણ વખતે આગલા ભવમાં વીતરાગ વચન આરાધ્યું હતું તેનાં પ્રભાવે વૃત્તિ જાગી કે કોઈનું શરણ લઈને લડવા જવું.''

ચમરેન્દ્ર, ભગવાન મહાવીરનું દૃઢ શરણ લઈ શક્રેન્દ્ર પાસે પહોંચ્યો

''અવધિજ્ઞાનથી તપાસતાં ભગવંત મહાવીર છદ્મસ્થ અવસ્થાએ એક રાત્રિની મહાપ્રતિમા યોગધારી પુઢવીશિલા ઉપર ઊભેલા શરણ યોગ્ય જણાયા. તેમનું શરણ 'દૃઢ ધારી વિક્રિયાવડે શક્રેન્દ્રની સભા સુધી પહોંચી ખળભળાટ મચાવ્યો. પણ અવધિજ્ઞાનથી તેનું સ્વરૂપ જાણી લઈ







તેને શિક્ષા કરવા શક્રેન્દ્રે વ્રજ ફેંક્યું. પરંતુ કોઈનું શરણ લઈને આટલા સુધી તે આવી શક્યો લાગે છે. એમ વિચારતાં મહાપુરુષની આશાતના રખે થઈ જાય એવા ડરથી તે પોતે શસ્ત્ર પાછળ દોડ્યાં અને શ્રી ભગવંત મહાવીરની સમીપ પહોંચતા જ વ્રજને પકડી લીધું.''

-બો.૩ (પૃ.૫૧૨)

બધું આત્માને ભૂલીને કર્યું; હવે બધું આત્માર્થે જ કરવું

''યમ નિયમ સંયમ આપ કિયો.'' જીવ અનંતકાળથી ભટકે છે. એ બધાં સાધન નથી કર્યાં એમ નથી. જે દેખ્યું તે કરવા માંડ્યું. મુખથી મૌન રહ્યો. આસન પણ દૃઢ લગાવ્યાં. પણ બધું આત્માને ભૂલીને કર્યું. હવે શું કરવું? તે કૃપાળુદેવે લખ્યું છે -

''સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે, તે અવશ્ય આત્માને ઉપાસે છે અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે. (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર)'' (૪૯૧).

આ દ્વાદશાંગીનું સળંગ સૂત્ર છે. આખી દ્વાદશાંગીનું એ જ કહેવું છે.'' (બો.૨ પૃ.૬૭)

આસક્તિનો ત્યાગ એ જ ખરો વૈરાગ્ય

''**વિરાગ એટલે શું?** પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિનો ત્યાગ તે ખરો વૈરાગ્ય છે. બને તેટલો ત્યાગ કરે અને જે છૂટે નહીં તેના પ્રત્યે વૈરાગ્ય રાખે. શરીર પ્રત્યે વૈરાગ્ય રાખે, આસક્તિ છોડે, મમતા ન કરે! દેહ તે હું નહીં એમ માને. જરૂર પડે તે વસ્તુ રાખે પણ આસક્તિ ન થવા દે, એ વૈરાગ્ય છે. પણ જીવે ખરો વૈરાગ્ય કર્યો નથી. સમજણ ન હોય ત્યાં સુધી વૈરાગ્ય નથી, પણ દ્વેષ છે.''

વનવાસ, મૌન, પદ્માસન આદિ સાધનો સ્વચ્છંદે અનેકવાર કર્યાં

''**વનવાસ** લીધો એટલે જ્યાં માણસો ન હોય એવા જંગલમાં રહ્યો. મુખ મૌન રહ્યો એટલે



કોઈથી બોલે નહીં. નિરંતર **મૌન** ધારણ કર્યું. પણ આત્મજ્ઞાન ન હોવાથી મનમાં તો વિકલ્પરૂપ અંતર્વાચા ચાલુ જ રહી. **પદ્માસન** લગાવીને પણ બેસી ગયો. ચલાયમાન નહીં થયો. આ બધા સાધનો જીવે સ્વચ્છંદપણે તો ઘણી વાર કર્યા છે.'' ।।૧।। -પૂ. શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૯)

'યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સ્વચ્છંદ રોકે તો અવશ્ય જીવનો મોક્ષ થાય

''રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

જીવ અનાદિકાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે. એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એક્કે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે.'' ૧૫ (વ.પૃ.૫૩૪)

'ઉપદેશામૃત' માંથી :–

પોતાની સમજ ફેરવી સત્પુરુષ પ્રમાણે કરવી; એ વિના કદી મોક્ષ નથી

''દોષ તો અનંત પ્રકારના છે. તે સર્વ દોષના બીજભૂત મૂળ દોષ સ્વચ્છંદ, ઉદ્ધતપણું છે. તેના અંગભૂત એટલે સ્વચ્છંદના અંગભૂત દોષો ઘણા છે; જેવા કે 'હું જાણું છું, સમજું છું', અને તેના આધારે પોતાની કલ્પનાનુસાર પરમાર્થનો નિર્ણય કરવો, પોતાની કલ્પનાનો નિર્ણય તે સાચો માનવો, સત્પુરુષોની સંમતિ વિના પરમાર્થ માર્ગની પોતે કલ્પના કરવી અને તે કલ્પના પ્રમાણે બીજાને પણ સમજાવવા, ઇત્યાદિ તથા ઇન્દ્રિયાદિ વિષયનું અતિ લોલુપીપણું, ક્રોધ, માન, માયાની મીઠાશ, ઇત્યાદિ દોષો આત્મામાંથી દૂર કરી, પોતાની સમજ ફેરવી સત્પુરુષની સમજ અનુસાર પોતાની સમજ કરવી. એ વિના ત્રણે કાળમાં કલ્યાણનો, મોક્ષનો માર્ગ નથી.'' (ઉ.પૃ.૧૧૭)

પોતાની મતિકલ્પનાએ ધર્મ આરાધનથી મૂળ આત્મધર્મ પામી શક્યો નહીં

''આ જીવ અનાદિ કાળથી પોતાની મતિકલ્પનાએ ધર્મ માની લઈ ધર્મ આરાધન કરવાનું પ્રયત્ન કરે છેજી. તેથી મૂળ ધર્મને પામી શક્યો નથી. મિથ્યા મોહને લઈ અનંત સંસારમાં અનંતા જીવો પરિભ્રમણ કરે છે, તે પોતાના સ્વચ્છંદની કલ્પના છે. તે ભૂલ જિનાગમમાં વર્ણવેલી જ્ઞાનીપુરુષે જોઈ, વિચારી, ટાળી પોતાના નિજભાવ મૂળ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પોતે પરિણમ્યા છે. તે જ કર્તવ્ય છે.'' (ઉ.પૃ.૧૧૪)



'બોધામૃત ભાગ-૨' માંથી :–

જ્ઞાની કહે કે તું દેહ નથી, પણ આત્મા છે,
પણ એ માને નહીં; એ સ્વચ્છંદ છે

''પ્રશ્ન–સ્વચ્છંદ એટલે શું?

પૂજ્યશ્રી–પોતાને ગમે તેમ વર્તે; જ્ઞાનીને ગમે તેમ ન વર્તે. પોતાને ફાવે તેમ વર્તે તે સ્વચ્છંદ. પોતાની ઇચ્છા આગળ કરે છે. જ્ઞાનીને તો એ જ કઢાવવું છે. તારી સમજણ ઉપર મૂક મીંડુ ને તાણ ચોકડી. જ્ઞાની કહે કે તું દેહ નથી, પણ આત્મા છે, પણ એ માને નહીં. એ સ્વચ્છંદ કહેવાય ને? બીજું શું કહેવાય?'' -બો.૨ (પૃ.૪૨)

'બોધામૃત ભાગ-૩' માંથી :–

પોતાની ઇચ્છાએ અથવા કુગુરુની આજ્ઞાએ કરેલા સાધનનું ફળ સંસાર

(૧) ''બીજાં સાધન બહુ કર્યા, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.''

''યમ નિયમ સંયમ આપ કિયો'' એમાં જણાવેલાં સાધનો સદ્‌ગુરુની આજ્ઞા વિના જીવે ઘણા કર્યાં અને તેનું ફળ ચાર ગતિરૂપ પ્રત્યક્ષ દેખાય છે. તેથી મોક્ષ ન મળે તેવી રીતે કરેલા પ્રયત્નને 'બીજા સાધન' કહ્યાં; 'કરી કલ્પના આપ' એમાં સ્વચ્છંદે પ્રવૃત્તિ કરી એમ જણાવ્યું અથવા તો અસદ્‌ગુરુની આજ્ઞાથી કરેલાં સાધનથી પણ સંસારરૂપ ફળ પ્રાપ્ત થયું. જીવને ક્લેશિત કરવા સિવાય બીજું ફળ મળ્યું નહીં. શ્રીકૃષ્ણની સાથે વીરા સાળવીએ ૧૮૦૦૦ સાધુને વંદના કરી પણ શરીરને શ્રમ પડ્યો તે સિવાય બીજું કાંઈ ફળ મળ્યું નહીં, કારણ કે પોતાની મેળે દેખાદેખી, ભાવ વિના વંદનાઓ કરી હતી.'' -બો.૩ (પૃ.૩૬૫)

'વનવાસ લિયો, મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.' ૧

'બોધામૃત ભાગ-૨' માંથી :–

આત્માને ભૂલી બધું પુણ્ય માટે કર્યું. જ્ઞાની મળે તો સવળું થાય

''સુખ દુઃખ બધું સહન કર્યું, પણ જેને માટે બધું કરવાનું હતું તેને ભૂલી ગયો. આસનને જોયું તો આસન લગાવતાં શીખ્યો. પણ આત્માને ભૂલીને એ કર્યું, તેથી ભૂલો પડ્યો. જિજ્ઞાસા હોય અને જ્ઞાની મળે તો સવળું થાય; નહીં તો અવળું થાય, આઘું જાય.'' -બો.૨ (પૃ.૬૮)

વનમાં જઈ, મૌન રહી, આસન દૃઢ લગાવી અષ્ટાંગયોગ સાધ્યા

''યોગના આઠ અંગ–યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ છે. એ બધા મિથ્યાદર્શનસહિત કર્યાં. પરંતુ સૂક્ષ્મબોધ એટલે આત્મજ્ઞાનનો લક્ષ નહીં હોવાથી તે મોક્ષરૂપ ફળને આપનાર નહીં થયા. સંસારફળને આપનાર થયા.''



''મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે, તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.'' ૨

અર્થ :– ''મન એટલે મન અને પૌન એટલે પવન=શ્વાસોચ્છવાસ. મનને બીજે ન જવા દેવા શ્વાસોચ્છવાસને રોક્યા. એમ મનનો નિરોધ કર્યો. પણ તે યથાર્થ નહોતો. મનને યથાર્થપણે જાણ્યું નહીં, પણ દમન કર્યું. મનનું સ્વરૂપ શું છે તે જાણ્યા વિના કર્યું. ક્યારે એ મને છેતરશે, તે ખબર નથી.

પોતાને શિખામણ આપે કે પાપ કરીશ તો નરકમાં જવું પડશે. માટે પાપ કરીશ નહીં એ સ્વબોધ છે. હઠયોગ એટલે કાયા, વચન અને મનને રોકે, પરાણે વશ કરે. એમાં તલ્લીન થઈ ગયો. એ મારે કરવું જ છે, એવો હઠયોગ નિશ્ચય કરી એકતાર થઈ ગયો. એ બધા પ્રયોગો જીવે સ્વચ્છંદે કર્યા.

જપના અનેક ભેદો છે તે બધા કર્યા. તપ પણ કર્યા. જેમ કોઈ પહેલે દિવસે એક ચોખાનો દાણો ખાય, પછી બીજે દિવસે બે દાણા ખાય એમ કરતાં પેટ ભરાય ત્યારે એક એક ઓછો કરવા માંડે. આવા તપ અનેક કર્યા.

મનથી સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે ઉદાસીનતાથી વર્ત્યો. કોઈથી બોલ્યો નહીં. એકલો ફર્યો. એમ અનેક પ્રકારે ઉદાસીનતા રાખી. આવું જીવે ઘણું કર્યું. પણ બધું 'આપ કિયો' એટલે પોતાની મેળે સ્વચ્છંદે કર્યું.'' ।।૨।। -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૪૯)

'મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો;'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

શ્વાસનો જય સત્પુરુષની આજ્ઞા વગર કરે તો સંસાર જ વધે

''શ્વાસનો જય કરતાં છતાં સત્પુરુષની આજ્ઞાથી પરાઙ્મુખતા છે, તો તે શ્વાસજય પરિણામે સંસાર જ વધારે છે. શ્વાસનો જય ત્યાં છે કે જ્યાં વાસનાનો જય છે. તેનાં બે સાધન છે : સદ્ ગુરુ અને સત્સંગ. (વ.પૃ.૧૮૯)


'ઉપદેશામૃત' માંથી :–

શ્વાસોચ્છ્વાસ રોકવા આદિ સાધન કાંઈ ખપના નથી, બધી કલ્પના છે

''ત્રણ ચાર વરસ માહિત થવામાં ગળાય ત્યાર પછી ખબર પડે. વીતરાગ મારગ મહા ગંભીર છે, વેદાન્ત તો એના આગળ શું ગણતરીમાં ? શ્વાસોશ્વાસ આદિ સાધન કાંઈ ખપનાં નથી, કલ્પના છે. માનેલું બધું શેં છૂટે ?'' (ઉ.પૃ.૬૪)



કુરુદત્તનું દૃષ્ટાંત :– ''હસ્તિનાપુરમાં કુરુદત્ત નામે એક શ્રેષ્ઠીનો પુત્ર મહા સુખી હતો. તે એકદા ધર્મદેશનાને સમયે શ્રી ગુરુ મહારાજ પાસે ગયો. ત્યાં તેણે સ્યાદ્વાદરૂપ ગુરુનું વાક્ય હૃદયમાં ધારણ કર્યું. ગુરુ મહારાજે કહ્યું કે–



''આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અનેક અન્ય દર્શનીઓ (બીજા ધર્મવાળાઓ) પરસ્પર વાદવિવાદ કરે છે. રેચક, કુંભક અને પૂરક વાયુનું અવલંબન કરીને પ્રાણાયામમાં પ્રવૃત્ત થાય છે, અને મૌન ધારણ કરીને પર્વત તથા વનની ગુફાઓમાં પરિભ્રમણ કરે છે; તો પણ તેઓ શ્રી અર્હંતે કહેલા આગમનું શ્રવણ કર્યા વિના સ્યાદ્વાદરૂપી આપ્તવાક્યથી જ થઈ શકે તેવી સ્વભાવ તથા પરભાવની પરીક્ષા કરી શકતા નથી, અને સ્વસ્વભાવના અવબોધ વિના તેઓની કાર્યસિદ્ધિ પણ થતી નથી.... આ પ્રમાણે ગુરુના મુખથી અધ્યાત્મ સ્વરૂપ સાંભળીને પ્રતિબોધ પામેલા કુરુદત્તે દીક્ષા ગ્રહણ કરી. પછી શ્રુતનો અભ્યાસ કર્યો. અને એકલ વિહારી પ્રતિમા અંગીકાર કરી. કોઈએ મુનિના મસ્તક ઉપર માટીની પાળ બાંધી તેમાં ચિતાના બળતા અંગારા ભર્યા. મુનિએ સમતાભાવે ઉપસર્ગ સમ્યક્‌પ્રકારે સહન કરી દેહ ત્યાગી પરલોકે સિધાવ્યા.'' -ઉપદેશ પ્રાસાદ ભા. ભાગ-૫ (પૃ.૧૭૬)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

ગમે તે કરે પણ જ્ઞાનીના બોધ સિવાય મોહ જાય નહીં


''કેટલાકને શ્વાસ રોકે તેથી રિદ્ધિસિદ્ધિઓ પ્રગટે છે, તેથી જીવ અવળે રસ્તે ચઢી જાય. જ્ઞાનીની દોરવણી જો ન હોય તો ક્યાંય ને ક્યાંક માથું ભરાઈ જાય. જ્ઞાનીને આધારે બધા યોગ



સાધવાના હોય છે. નહીં તો ક્યાંય તણાઈ જાય. શ્વાસોચ્છ્વાસ સ્થિર થવાથી મન સ્થિર થાય છે. તેથી ઇન્દ્રિયો પણ પ્રબળ થાય છે. અને તેથી બે ચાર ગાઉ દૂરની વાત પણ સાંભળી શકે..... તેથી જીવને એમ થાય કે જુઓ! મને આત્મા પ્રાપ્ત થયો, એમ માની બેસે તેથી અવળે રસ્તે ચડી જાય. શ્વાસ રોકે પણ જ્ઞાની વગર મોહ ડરતો નથી. જ્ઞાનીના બોધ સિવાય મોહ જવાનો રસ્તો નથી. અજ્ઞાની દ્વારા કંઈ સાધન કલ્યાણરૂપ થતું નથી. જ્ઞાની દ્વારા એ સાધન મળ્યું હોય તો કલ્યાણરૂપ થાય.'' -બો.૨ (પૃ.૧૪૭)

જ્ઞાનીપુરુષનો યોગ ન હોય તો જીવ અવળે રસ્તે ચઢી જાય

શિવરાજર્ષિનું દૃષ્ટાંત :– ''હસ્તિનાપુર નામના નગરમાં શિવરાજા રાજ્ય કરતો હતો. એક દિવસ મધ્ય રાત્રિએ તેને વિચાર આવ્યો કે પૂર્વ પુણ્યના ઉદયથી હું રાજ્ય ઋદ્ધિ પામ્યો છું. એકાંત સુખમાં મારું જીવન વ્યતીત થઈ રહ્યું છે. હમણાં પ્રબળ પુણ્યનો ઉદય પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધીમાં



મારું આત્મસાધન પણ સાધી લઉં. એમ વિચારી પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી પોતે તાપસી દીક્ષા ગ્રહણ કરી. જંગલમાં ઝૂંપડી બનાવી તેમાં રહેવા લાગ્યો. છઠ્ઠ છઠ્ઠની તપસ્યાપૂર્વક આતાપના લેતા વિનય વગેરે ગુણોથી શિવરાજર્ષિને વિભંગજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વિભંગ નામનું જ્ઞાન ઉત્પન્ન થયું. વિભંગ જ્ઞાનના પ્રભાવે શિવરાજર્ષિએ તિર્ચ્છાલોકમાં રહેલા સાત દ્વીપ સમુદ્રોને નિહાળ્યા. તેથી પોતે એમ માનવા લાગ્યા કે મને સાતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયાં છે.



હસ્તિનાપુરના રાજમાર્ગ વગેરે સ્થળોએ જઈ અનેક મનુષ્યો સમક્ષ કહેવા લાગ્યા કે હે દેવાનુપ્રિયો! મને સાતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા છે. તેથી આ દુનિયામાં સાત દ્વીપો અને સાત સમુદ્રો છે. ત્યાર પછી એક પણ દ્વીપ કે સમુદ્ર નથી.

ગૌતમસ્વામી છઠ્ઠના પારણે ગોચરી નિમિત્તે હસ્તિનાપુરમાં પધાર્યા. મનુષ્યોના મુખથી શિવરાજર્ષિની સઘળી હકીકત જાણી. ગૌતમસ્વામી ભગવાન પાસે આવી હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે ભગવાન! શિવરાજર્ષિનું એ કથન સત્ય છે કે મૃષા છે?

કેવળીજ્ઞાની પ્રભુએ જણાવ્યું કે–'હે આયુષ્યમાન્ ગૌતમ! શિવરાજર્ષિનું કથન મિથ્યા છે, કેમકે આ તિર્યંગ્લોકમાં સાત નહીં, પણ જંબુદ્વીપ વગેરે અસંખ્યાતા દ્વીપો અને લવણસમુદ્ર વગેરે અસંખ્યાતા સમુદ્રો રહેલા છે. આવો પ્રભુનો પ્રત્યુત્તર સાંભળી પરિષદમાં રહેલા અનેક મનુષ્યોના હૃદયગત સંશયો દૂર થયા. દેશના સમાપ્ત થયે સઘળી પરિષદ આનંદપૂર્વક પ્રભુને વંદન–નમસ્કાર કરી જતાં રસ્તામાં સ્થળે સ્થળે લોકસમૂહમાં એક જ વાત ફેલાઈ કે 'શિવરાજર્ષિનું કથન મૃષા છે'. શિવરાજર્ષિ પણ લોકો મારફત આ હકીકત જાણી મહાઉદ્વેગ પામ્યા. કલુષતા થવાથી તેમનું વિભંગજ્ઞાન પડી ગયું. રાજર્ષિના અંતરમાં શુભ સંકલ્પ થયો કે હું એ પ્રભુની પાસે જાઉં, તેમને વંદન–નમસ્કાર કરી મારા આત્માને કૃતકૃત્ય કરું. એમની સેવા આ ભવ અને પરભવમાં મને અવશ્ય અમોઘ ફળ આપનારી થશે.





જ્યાં મહાવીર ભગવાન બિરાજ્યા હતા ત્યાં શિવરાજર્ષિ આવી પ્રભુને વંદન કરી હાથ જોડી તેમની સન્મુખ બેઠા. પ્રભુએ સંશય નિવારક સુધામય દિવ્ય દેશના સંભળાવી. તે ધર્મ સાંભળી શિવરાજર્ષિ પ્રતિબોધ પામ્યા. ભગવાન પાસે પ્રવજ્યા ગ્રહણ કરી. અગિયાર અંગો ભણ્યા અને છેવટે સર્વ કર્મનો ક્ષય કરી શિવરાજર્ષિ મોક્ષસુખને પામ્યા.'' -ચોસઠપ્રકારી પૂજાના આધારે

બહારના પદાર્થોમાં વૃત્તિ ન જાય તે જ ખરી સમાધિ

''સમાધિ માટે જગતમાં જે કહેવાતું હોય તે બધું એમણે તપાસી જોયું. ઇન્દ્રિયોના, શ્વાસના ભેદો જાણીને યોગશાસ્ત્રમાં બધું કહ્યું છે. જેટલો થાય તેટલો બાહ્ય વસ્તુઓનો વિચાર કર્યો છે. લોકો શ્વાસ રોકે ત્યારે સમાધિ કહે છે, પણ એ સમાધિ નથી. ભગવાને સમાધિ શાને કહી છે? તે કૃપાળુદેવ કહે છે કે 'આત્મપરિણામની સ્વસ્થતા' એટલે આત્મામાં રહે, બહારના પદાર્થોમાં વૃત્તિ ન જાય તે સમાધિ છે. નહીં તો જીવ ઠગાઈ જાય. આત્મપરિણામની સ્વસ્થતા આત્મા ઓળખાયા વગર ક્યાંથી થાય? રાગદ્વેષથી આત્માનાં પરિણામ ચંચળ થાય છે. એ રાગદ્વેષ ન થાય ત્યારે સમાધિ કહેવાય. સમ્યગ્દર્શન થયા પછી એને સહજ સમાધિ રહે છે. ચોથી દીપ્રાદૃષ્ટિમાં પ્રાણાયામનું સ્વરૂપ કહ્યું છે–

''બાહ્યભાવ રેચક ઈહાં જી, પૂરક અંતરભાવ;
કુંભક થિરતા ગુણે કરી જી, પ્રાણાયામ સ્વભાવ.''

બાહ્યભાવને બહાર કાઢવો અને અંતરભાવને અંદર પૂરવો અને ગુણોમાં સ્થિરતા કરવી તે રેચક, પૂરક અને કુંભક છે. એ ભાવપ્રાણાયામ છે. શ્વાસ રોકવા, કાઢવા એવું તો જીવે ઘણી વાર કર્યું છે. -બો.૨ (પૃ.૨૧૨)

બહારની બધી ક્રિયા કરે પણ અંદરની વાસના રોકાતી નથી

એક બાવાનું દૃષ્ટાંત – ''પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે એક સમાધિ ચઢાવનાર બાવો હતો. તેણે યજમાનને ઘેર જઈ કઢી થતી હતી તે માગી, પછી વાર હતી તેથી એક ખૂણામાં બેસી સમાધિ ચઢાવી, ત્યાં કોઈએ ઘાસની ગંજી લાવી ખડકી દીધી. તે બાવાજી છ મહિના તેની નીચે સમાધિ લગાવી બેસી રહ્યા. જ્યારે સમાધિ છૂટી ત્યારે 'કઢી થઈ?' એમ બોલ્યા. એટલું બધું કર્યું પણ એની કઢીની વાસના ન ગઈ.'' -બો.૨ (પૃ.૨૧૨)

'તિલક કરતાં ત્રેપન વહ્યા, ને જપમાળાના નાકા ગયા;
કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

'જપ ભેદ જપે, તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.'.....૨



'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

અનંતવાર કરેલ જપ, તપ વૈરાગ્યાદિ કેમ નિષ્ફળ ગયા ?
તેનું શું કારણ ?

''અનંતકાળ થયાં જીવનું સંસારને વિષે પરિભ્રમણ છે, અને એ પરિભ્રમણને વિષે એણે અનંત એવા જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો કર્યાં જણાય છે, તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય છે, એવાં એક્કે સાધન થઈ શક્યાં હોય એમ જણાતું નથી. એવાં તપ, જપ, કે વૈરાગ્ય અથવાં બીજાં સાધનો તે માત્ર સંસારરૂપ થયાં છે; તેમ થયું તે શા કારણથી ? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવા યોગ્ય છે. (આ સ્થળને વિષે કોઈ પણ પ્રકારે જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો નિષ્ફળ છે એમ કહેવાનો હેતુ નથી, પરંતુ નિષ્ફળ થયાં છે, તેનો હેતુ શો હશે ? તે વિચારવા માટે લખવામાં આવ્યું છે. કલ્યાણની પ્રાપ્તિ જેને થાય છે, એવા જીવને વિષે વૈરાગ્યાદિ સાધન તો ખચીત હોય છે.)'' (વ.પૃ.૩૪૯)

બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, તે બે અક્ષર કયા ? તો કે જ્ઞાની

''૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો'' (વ.પૃ.૨૪૬)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

જ્ઞાન ગુણ છે, જ્ઞાની ગુણી છે. તેથી 'જ્ઞાન જ્ઞાનીમાં કળો' માટે બે અક્ષર તે જ્ઞાની

''બે અક્ષરમાં માર્ગ રહ્યો છે. તે બે અક્ષર કહ્યા હશે ? પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ કહ્યું હતું કે જ્ઞાન અને જ્ઞાની.'' -બો.૨ (પૃ.૩૫)

ઉદાસ થયો પણ આત્મપ્રાપ્તિ રહી ગઈ માટે સત્પુરુષ કહે તેમ કર

''તપની ઘણી વિધિઓ છે, તે બધા પ્રકારના તપ પણ કર્યાં. દેખાય છે તે બધું કર્યું. ઉદાસ થઈ ગયો, ઉદાસ થઈને શું કરવું તે રહી ગયું. અનંત કાળનો પુરુષાર્થ નકામો ગયો, તો હવે તો વિચાર. બહારનાં બધાં સાધનોનો પુરુષાર્થ કર્યો, પણ કંઈ હાથ ન આવ્યું; નિષ્ફળ થયું. માટે મારાથી તો કંઈ થતું નથી, એમ કરી જ્ઞાનીપુરુષ પાસે જા. ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'' (૭૬) -બો.૨ (પૃ.૬૮)



''સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
જ્ઞમત મંડન ખંડન ભેદ લિયે;
જ્ઞવહ સાધન બાર અનંત કિયો,
જ્ઞતદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' ૩

અર્થ :– ''સર્વ શાસ્ત્રોને તેના નયપૂર્વક, પ્રમાણો વડે શીખી ગયો. પંડિત થયો, વાદવિવાદ કર્યા. અન્ય મતોનું ખંડન મંડન કર્યું. આ સાચો ધર્મ છે, આ ખોટો છે, એમ ભેદ પાડ્યા. એવા સાધનો અનંતી વાર કર્યાં છતાં જીવ મોક્ષમાર્ગ પામ્યો નહીં. બધું કર્યું પણ જન્મમરણ છૂટ્યા નહીં.'' ॥૩॥ -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)

'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

આત્મા સમજવા શાસ્ત્રો ઉપકારી, તે પણ સ્વચ્છંદરહિત પુરુષને

''આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રીય અભિનિવેશ' છે. સ્વચ્છંદતા ટળી નથી, અને સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે, તે યોગે પણ સ્વચ્છંદના નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઈ એક વચનને બહુવચન જેવું જણાવી, છે મુખ્ય સાધન એવા સત્સમાગમ સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે, તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે, અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રીય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી. સંક્ષેપથી લખ્યું છે.'' (વ.પૃ.૪૯૦)

બધા નયનું જ્ઞાન આત્માર્થે છે. આત્માર્થ તે જ ખરો નય

''સાત નય અથવા અનંત નય છે, તે બધા એક આત્માર્થે જ છે, અને આત્માર્થ તે જ એક ખરો નય. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય; છેવટે ઉપશમભાવ આવે તો ફળ થાય; નહીં તો જીવને નયનું જ્ઞાન જાળરૂપ થઈ પડે; અને તે વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. સત્પુરુષના આશ્રયે જાળ ટળે.'' (વ.પૃ.૭૨૫)

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

''અનેક પ્રકારનાં શાસ્ત્રો છે. જેમકે ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મકથાનુયોગ વગેરે. તે સર્વ શાસ્ત્રોને તેના નયપૂર્વક એટલે નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાની સમજણપૂર્વક શીખ્યો, સમજ્યો. તેથી મત કેમ સ્થાપિત કરવા ને ઉથાપવા તેનું રહસ્ય જાણ્યું. એ રીતે અનેક ધર્મમતો સ્થાપિત કર્યા તેમ જ અનેક ધર્મમતો ઉખેડી નાખ્યા. જેમકે મહાવીર સ્વામીના પૂર્વ ભવોમાં થયું હતું. આ બધાં સાધનો જીવે અનાદિકાળથી અનેક ઉત્સર્પિણી અવસર્પિણીમાં ભમતાં અનેકાનેક



વખત (બાર=વાર) કર્યાં છે, છતાં તેને હજુ તેનું ફળ કંઈ પ્રાપ્ત થયું નથી. ધર્મ સાધનો કર્યાં પણ ધર્મ ન પામ્યો.'' (પૃ.૨૭)

'વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'..... ૩

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

બીજું બધું કર્યું પણ આત્માને ઓળખી તેમાં શમાવવાનું ન થયું

''અનંતકાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં સમજાવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં, અને તેથી પરિભ્રમણનિવૃત્તિ ન થઈ.

સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવપદમાં વર્તે; તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્‌ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહીં; જાણવાને પ્રતિબંધક અસત્સંગ, સ્વચ્છંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં જેથી સમજાવું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એવો નિશ્ચય પ્રસિદ્ધ છે.

અત્રેથી આરંભી ઉપર ઉપરની ભૂમિકા ઉપાસે તો જીવ સમજીને શમાય, એ નિઃસંદેહ છે.

અનંત જ્ઞાનીપુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો, એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છીએ. સત્સંગ, સદ્વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે, અને નિઃસંદેહ છે.'' (વ.પૃ.૪૮૮)

પોતાની કલ્પનાએ કંઈ કલ્યાણ નહીં; કલ્યાણ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ

''જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.'' (વ.પૃ.૩૮૨)

'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે'

(શ્રી ત્રિભોવનભાઈ ખંભાતવાળાના પ્રસંગમાંથી)

શ્રી ત્રિભોવનભાઈનો પ્રસંગ :– ''મેં સાહેબજીને ધ્યાન સંબંધી પ્રશ્ન પૂછ્યો, પણ જવાબ આપ્યો નહીં. મેં બે ત્રણ વાર પાંચવાર પૂછ્યું હશે ત્યારે સાહેબજીએ કીધુ કે પાંચવાર પૂછ્યું ? મેં કીધું મને બરોબર સ્મૃતિમાં નથી. પછી સાહેબજીએ કીધું કે : 'ધ્યાન તરંગરૂપ છે.''

તે વખતથી મને ધ્યાનનો આગ્રહ હતો તે જતો રહ્યો, તે એવો કે તે પછીથી ઇચ્છા ઉત્પન્ન થતી નથી. -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૮૪)



ધ્યાનમાં પ્રકાશ દેખાય તે આત્મા નહીં;
પણ તેને જાણનાર તે આત્મા છે

''પરમગુરુએ સાધુમંડળને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો : 'યોગના અભ્યાસીઓ ધ્યાનમાં પોતાને અમુક પ્રકાશ આદિ દેખતા હોવાનું જણાવે છે તે શું હશે?' આ પ્રશ્નનો ઉત્તર અમે કોઈ આપી શક્યા નહીં. ત્યારે પોતે તે પ્રશ્નનો ખુલાસો કર્યો : 'ધ્યાનની અંદર ચિંતવે તેવું તે યોગાભ્યાસીને દેખાય છે. દૃષ્ટાંત તરીકે ધ્યાનમાં આત્માને પાડા જેવો ચિંતવી આ પહાડ જેવડું પૂંછડું હોવાનું ચિંતવે તો તેને આત્મા તે રૂપે ભાસે છે. પણ વસ્તુતઃ તે આત્મા નથી; પણ તેને જાણનાર જે છે તે આત્મા છે. -જીવનકળા (પૃ.૨૪૩)

અનાદિથી જીવે દેહને જ આત્મા માની ક્રિયાઓ કરી છે

''અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.'' (વ.પૃ.૨૬૦)

સૌથી પ્રથમ સત્પુરુષનું વચન સાંભળી તે પ્રમાણે જ વર્તવા યોગ્ય

''હે આયુષ્યમનો! આ જીવે સર્વ કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી.'' (વ.પૃ.૨૬૦)

અસદ્‌ગુરુ અને અસત્શાસ્ત્રને સાક્ષાત્ આત્મઘાતી માને તો જ સ્વરૂપ સમજાય

''આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે; જે કારણોમાં ઉદાસીન થયા વિના, નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી, એમ માન્યા વિના, નિઃસત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્‌ગુરુ જે આત્મસ્વરૂપને આવરણનાં મુખ્ય કારણો છે. તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે. જ્ઞાનીપુરુષનાં પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવા વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.'' (વ.પૃ.૩૭૨)

'ઉપદેશામૃત' માંથી :–

કરવાનું હતું સમ્યક્‌દર્શન, તે નથી કર્યું તેથી કંઈ હાથ ન આવ્યું

''અનંતવાર સાધન કીધાં, કંઈ હાથ ન આવ્યું :
''વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' -શ્રીમદ્ રાજચંદ્ર

કંઈક રહ્યું. તે જે કર્તવ્ય છે તે રહ્યું. વિઘ્ન ઘણાં છે. વિઘ્ન એટલે કર્મ. તે આડાં ફરે છે.



મુખ્ય આ છે. તે ન હોય તો તેને દેખાય એવું છે. મૂળ મતલબ શું છે? બધી વસ્તુ જપ, તપ, ક્રિયા, કમાણી કરી; તેનું ફળ મળ્યું અને મળશે. પણ કરવાનું નથી કર્યું, તે શું છે? તે શોધી કાઢો.

૧. મુમુક્ષુ–સમ્યગ્દર્શન.

૨. પ્રભુશ્રી–જુઓ, આ આવ્યું, તે જ કહેવાશે. આ નથી આવ્યું. 'સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે.' જપ, તપ, બીજાં સાધન - બધાં પછી છે.'' (ઉ.પૃ.૧૭૨)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

આત્માને ઓળખી અંદર શમાય તો પોતાના અનુભવમાં આવે

'' 'યમનિયમ'માં સાધન કહ્યાં છે તે અનંતવાર કર્યાં, પણ સમ્યક્પ્રકારે થયાં નથી એટલે જન્મમરણ ટળ્યાં નથી. એ બધો પુરુષાર્થ તો કર્યો પણ સમજવું અને શમાવું એ રહી ગયું. જ્ઞાન થવું અને બીજેથી વિરામ પામવું એ એની પાસે આવ્યું નથી. આત્મા સમજાયો નથી તો પછી છૂટેય નહીં. સમજીને શમાશે તે પોતાના અનુભવમાં આવશે. ''અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય? '' (૧૯૫) તેનો આ બધો ઉત્તર છે. ઉપયોગને બાહ્યમાં પ્રવર્તાવ્યો પણ અંદર શમાવ્યો નહીં, તેથી સહુ સાધન બંધન થયાં. મોક્ષ ન થયો.'' -બો.૨ (પૃ.૨૭૩)

શાસ્ત્રો વાંચે, વ્રત પાળે પણ સદ્ગુરુ વિના ભૂલ ટળતી નથી

''ગમે તેટલાં શાસ્ત્રો વાંચે, વ્રત પાળે, પણ ભૂલ રહી જાય છે. જીવ અનંત કાળથી ઠગાતો આવ્યો છે. ''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' મારે સ્વચ્છંદે વર્તવું નથી. એ સ્વચ્છંદથી મોક્ષ થાય એવો નથી. એ સ્વચ્છંદ સદ્ગુરુને યોગે રોકાય. એવા યોગની ભાવના કરવી કે મને કોઈ સદ્ગુરુનો યોગ ક્યારે થશે?'' -બો.૨ (પૃ.૨૭૯)

સ્વચ્છંદે, દેખાદેખી કે કુગુરુ આશ્રયે કર્યું તેથી કંઈ હાથ ન આવ્યું

''બધા સાધનો કર્યાં પણ સ્વચ્છંદ હતો તેથી ખામી આવી. દેખાદેખી કર્યું. સુગુરુ જોઈએ. કુગુરુને આશ્રયે બધું કર્યું. જે દેખાય છે તે વસ્તુ પ્રત્યે પ્રેમ થાય છે, પણ જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ થતો નથી. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે. જ્ઞાનીઓને એ જ કરાવવું છે.'' -બો.૨ (પૃ.૬૮)

મારે એક આત્માને ઓળખવો છે. એ લક્ષ ન હોય તો બહારમાં ખળી રહે

''સત્સંગને ગવેષવો. વ્રત નિયમ જાત્રા એ બધું પછી, પણ પહેલો સત્સંગ કરવા દે. એ વગર ઠેકાણું ન પડે. સત્સંગમાં નિર્ણય થાય છે. પછી જેટલું દોડે તેટલું સવળું પડે. સત્સંગ મળ્યો હોય અને આગ્રહ બીજા હોય તો સત્સંગ નિષ્ફળ જાય. યમનિયમનો આગ્રહ છોડી મારે એક આત્માને ઓળખવો છે એમ કરી સત્સંગ કરવો. મારે આત્મા ઓળખવો છે, જ્યાં ત્યાંથી મારે



આત્મજ્ઞાન કરવું છે એ લક્ષ હોય તો એ ભાવ પોષાય. નહીં તો જીવ બહારની વસ્તુઓમાં ખળી જાય છે. જગતના જીવો બાહ્ય વ્રતનિયમ તરફ જુએ છે; એને જ્ઞાન તરફ લક્ષ નથી. કુસંગનો પણ પ્રભાવ બહુ પડે છે. બીજી વસ્તુ જે નિયમ વ્રત કરવા તેને અપ્રધાન કરી સત્સંગ કરવો.'' -બો.૨ (પૃ.૧૫૨)

માર્ગનો અજાણ હોવાથી ગમે તે ઉપાય કરે પણ માર્ગ મળે નહીં

'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' આટલું આટલું કર્યા છતાં માર્ગ ન મળ્યો. મારે માર્ગ શોધવો છે, એવું થાય તો માર્ગ શોધે. જ્ઞાની કહે છે કે તને માર્ગ નથી મળ્યો, માર્ગ મળ્યો હોત તો મોક્ષે જતો રહ્યો હોત, અહીં રખડત નહીં.

પૂજ્યશ્રી—માર્ગ શાને કહેતા હશે? માર્ગ ન મળ્યો, પણ માર્ગ કયો? અહીં મોક્ષમાર્ગ કહેવો છે. બીજા માર્ગ તો આંખે દેખાય પણ મોક્ષમાર્ગ આંખે દેખાતો નથી, તેની વાત છે. અનંતકાળથી જીવને સાચો માર્ગ હાથ આવ્યો નથી. હાથ આવ્યો હોત તો મોક્ષ થાત. પોતાની કલ્પનાએ માથાકૂટ કરે પણ માર્ગ મળે એવો નથી, કારણ કે અજાણ છે.'' -બો.૨ (પૃ.૪૧)

''અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે?'' ૪

અર્થ :— ''આટલું આટલું પોતાની મેળે કર્યું છતાં કશું હાથમાં ન આવ્યું. ત્યારે જ્ઞાનીપુરુષો આ જીવને સંબોધીને કહે છે કે મનુષ્યભવ મળ્યો છે તો મનથી કેમ નથી વિચારતો કે આ ઉપરના સાધનોથી કંઈ બીજું કરવા જેવું છે? સદ્‌ગુરુ વિના ગમે તેટલી માથાકૂટ કરે તોય પાર આવે એમ નથી. સદ્‌ગુરુ મળે તો આત્મા પાસે જ છે. દૃષ્ટિ ફેરવવાની છે. દેહને જુએ છે તેના બદલે આત્મા જોવાની દૃષ્ટિ કરવાની છે. સદ્‌ગુરુ વિના આવી દૃષ્ટિ થાય નહીં. જીવ સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ હાથ આવે તેમ નથી, એવો આત્મા છે. જ્ઞાનીઓ કહે છે પણ પકડે કોણ? સદ્‌ગુરુ વિના કામ થાય એમ નથી. સદ્‌ગુરુ મળે તો જ આત્મા સમજાય. એ વિના રહસ્ય જણાય એમ નથી. 'જબ જાગેંગે આતમા તબ લાગેંગે રંગ.' ખરો ગુરુ તો પોતાનો આત્મા જ છે. એ જ્યારે જાગશે ત્યારે કામ થશે. પોતે પોતાનો વૈરી થઈને વર્તે છે, તેના બદલે પોતે પોતાનો મિત્ર થઈ વર્તશે ત્યારે કામ આવશે. અનાથી મુનિએ શ્રેણિકને કહ્યું હતું કે આપણો આત્મા જ નંદનવન જેવો છે; અને આપણો આત્મા જ નરકે લઈ જનાર છે; આપણો આત્મા જ મિત્ર અને આપણો આત્મા જ શત્રુ છે. એ જ કર્મનો કરનાર અને મોક્ષે લઈ જનાર છે. ચાવી સદ્‌ગુરુના હાથમાં છે. માને તો કામ થઈ જાય.'' ॥૪॥ -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)



'અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં?'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

'અજ્ઞાનીના બધાં જપતપાદિ અહંકાર વધારે'

''મિથ્યાદૃષ્ટિ સમકિતી પ્રમાણે જપતપાદિ કરે છે, એમ છતાં મિથ્યાદૃષ્ટિનાં જપતપાદિ મોક્ષનાં હેતુભૂત થતાં નથી, સંસારના હેતુભૂત થાય છે. સમકિતીનાં જપતપાદિ મોક્ષનાં હેતુભૂત થાય છે. સમકિતી દંભરહિત કરે છે, આત્માને જ નિંદે છે, કર્મો કરવાનાં કારણોથી પાછો હઠે છે. આમ કરવાથી તેના અહંકારાદિ સહેજે ઘટે છે. અજ્ઞાનીનાં બધાં જપતપાદિ અહંકાર વધારે છે, અને સંસારના હેતુ થાય છે.'' (વ.પૃ.૬૯૭)

સર્વ ક્રિયા, રાગદ્વેષ કષાયાદિ છોડવા માટે છે; બંધન માટે નથી

''સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.'' (વ.પૃ.૨૫૬)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

આત્મજ્ઞાનના લક્ષ વગર ક્રિયા કરે તે પુણ્ય બાંધે પણ મોક્ષ ન થાય

''બીજાં વ્રતનિયમ ઘણા કરે, પણ આત્મજ્ઞાન વગર પુણ્ય ભોગવાઈને જતું રહે છે. પહેલામાં પહેલું આત્મજ્ઞાન કરવાનું છે. જે કંઈ કરવું તે આત્મજ્ઞાન માટે. એ જ્ઞાનીની શિખામણ ભૂલવા જેવી નથી. વ્રતનિયમ હોય પણ એકડા વગરના મીંડા છે. અભવ્ય જીવ પણ વ્રતનિયમ પાળે, તલ જેટલા કકડા કરે તોય ક્રોધ ન કરે, તેથી નવગ્રૈવેયક સુધી જાય છે, પણ એ આત્મજ્ઞાનનો લક્ષ બંધાયા વગર કરે છે. કષાય ઓછા કરે તેટલું વધારે પુણ્ય બંધાય, તેથી દેવનાં સુખ વગેરે મળે, પણ એ રહેવાનું નથી, દેખાઈને જતું રહેવાનું છે. ખાલી હાથે પાછો આવે. આત્મા ભૂલાઈ જાય છે અને હું વ્રત કરું છું, હું તપ કરું છું એમ જીવ અભિમાન કરે છે. ખરી રીતે પહેલું આત્મજ્ઞાન થાય પછી વ્રતનિયમ આવે તો તે કર્મને છેદવાનાં શસ્ત્રો છે. પછી પંચ મહાવ્રત પાળે તો તે નકામું ન જાય, પણ આત્મજ્ઞાનના લક્ષ વગર કરે તો માત્ર પુણ્ય બાંધે. આત્મજ્ઞાન ચોથે ગુણસ્થાનકે થાય છે, શ્રાવકપણું પાંચમે અને પછી છઠ્ઠે મુનિપણું આવે છે. ન કરવું એમ નથી, પણ આત્મજ્ઞાન કરીને જેટલું કરે તેટલું નિર્જરાનું કારણ થાય. પાપ કરતાં પુણ્ય સારું છે. જેમ કોઈ તડકામાંથી છાયામાં આવે તો સારું છે. જેટલું કરવું હોય તેટલું લક્ષ સહિત કરવું.'' -બો.૨ (પૃ.૨૭૮)

સુધારસ વગેરે સાધનો છે તેને જ્ઞાન માની લે તો આગળ ન વધે

''કોઈ સાધનનો આપણે નિષેધ નથી. સાધન કરવાં, પણ આત્માને ભૂલી ગયો તો એ



સાધન રમકડાં જેવા છે. સુધારસ ઝરે છે તેને અમૃતધારા પણ કહે છે. એ તો બધાં સાધનો છે.'' -બો.૨ (પૃ.૧૪૫)

આત્મજ્ઞાન મેળવવા માટે જપતપાદિ સાધનો યોગ્યતા આપનાર છે

''બધાં શાસ્ત્રોનો સાર તો 'આત્મા જાણવો' કહ્યું. તો હવે આપણે જપ તપ નિયમ યમની શી જરૂર છે ? એ તો નિષ્ફળ છે એમ કોઈ કહે, તો કે એમ નથી. આત્મા જાણવો છે, પણ એને માટે યોગ્યતા લાવવા સાધનની જરૂર પડશે. સાધનો કરી આત્મપ્રાપ્તિ કરવી છે, પણ સાધનો કર્યા કરે અને આત્માનો લક્ષ ન હોય તો તેમાં જ અટકી રહે. સાધનનો આગ્રહ પછી એને થઈ જાય, કે 'હું કરું છું એમ જ બધા કરો' સાધન છે તેથી સાધ્ય કરી લેવું. સાધનમાં અટકી રહે તો સાધ્ય ન થાય. જેમ આંગળીથી ચંદ્ર બતાવે, પણ જોનાર જો આંગળીને જ વળગી રહે તો ચંદ્ર દેખાય નહીં તેમ સાધનને વળગી રહે તો સાધ્ય રહી જાય.'' -બો.૨ (પૃ.૨૬૭)

લક્ષ વગરની ક્રિયા આત્માર્થે નહીં પણ માનાર્થે

''આત્માર્થે તપ કરું છું એમ લક્ષ હોય ત્યાં આત્માર્થનું કારણ થાય અને આત્માર્થ ભૂલી જાય તો માનમાં તણાઈ જાય.'' (બો.૧ પૃ.૫૧૭)

'બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈ કહ બાત કહે ?'..... ૪

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

જ્ઞાનીના ગુણનો વિચાર ન કરે અને પોતાને જ્ઞાની માને તે સંસાર વધારે

''જે પુરુષ સદ્‌ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે.

જે જીવ સત્પુરુષના ગુણનો વિચાર ન કરે, અને પોતાની કલ્પનાના આશ્રયે વર્તે તે જીવ સહજમાત્રમાં ભવવૃદ્ધિ ઉત્પન્ન કરે છે, કેમકે અમર થવાને માટે ઝેર પીએ છે.'' (વ.પૃ.૮૦૩)

આત્મસ્વરૂપને પ્રાપ્ત પુરુષ જ આત્મા જણાવી શકે, બીજો કોઈ નહીં

''હવે એવો નિશ્ચય કરવો ઘટે છે, કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે.'' (વ.પૃ.૩૭૨)

'એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ'

''પ્રથમ પદમાં એમ કહ્યું છે કે : હે મુમુક્ષુ! એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવૃત્ત અને એક નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દે કે જે



દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેય પણે તારે વિષે દેખાશે.'' (વ.પૃ.૪૮૨)

યમનિયમાદિ સાધનો આત્મજ્ઞાનની યોગ્યતા મેળવવા માટે કહ્યાં છે

''બીજા પદનો સંક્ષેપ અર્થ :- 'હે મુમુક્ષુ! યમનિયમાદિ જે સાધનો સર્વ શાસ્ત્રમાં કહ્યાં છે, તે ઉપર કહેલા અર્થથી નિષ્ફળ ઠરશે એમ પણ નથી, કેમકે તે પણ કારણને અર્થે છે; તે કારણ આ પ્રમાણે છે : આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમાં સ્થિતિ થાય તેવી યોગ્યતા આવવા એ કારણો ઉપદેશ્યાં છે. તત્ત્વજ્ઞાનીઓએ એથી, એવા હેતુથી એ સાધનો કહ્યાં છે, પણ જીવની સમજણમાં સામટો ફેર હોવાથી તે સાધનોમાં જ અટકી રહ્યો અથવા તે સાધન પણ અભિનિવેશ પરિણામે ગ્રહ્યાં.'' (વ.પૃ.૪૮૨)

ગુરુ ઉપદેશથી આત્મસ્વરૂપ જાણી, શ્રદ્ધી, તેનું ચિંતન કરો

''સર્વજ્ઞે કહેલું ગુરુઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણીને, સુપ્રતીત કરીને તેનું ધ્યાન કરો. જેમ જેમ ધ્યાનવિશુદ્ધિ તેમ તેમ જ્ઞાનાવરણીયનો ક્ષય થશે. પોતાની કલ્પનાથી તે ધ્યાન સિદ્ધ થતું નથી.'' (વ.પૃ.૫૮૫)

સદ્‌ગુરુના ઉપદેશથી યોગ્ય બની, સંસાર તાપ શમાવવો એ જ કરવા યોગ્ય

''સદ્‌ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્પાત્રતા વિના એમ થવું અટક્યું છે. તેની પ્રાપ્તિ કરીને તે સંસારતાપથી અત્યંત તપાયમાન આત્માને શીતળ કરવો એ જ કૃતકૃત્યતા છે.'' (વ.પૃ.૧૭૮)

આત્મારૂપ જ્ઞાનીપુરુષના બોધ વિના જીવ કદી જાણ્યો જાય નહીં

''ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરના ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.'' (વ.પૃ.૩૬૬)

અગમ અગોચર મુક્તિમાર્ગ, ગુરુ વિના ત્રણે કાળમાં હાથ લાગે નહીં

''અગમ અગોચર નિર્વાણમાર્ગ છે, એમાં સંશય નથી. પોતાની શક્તિએ, સદ્‌ગુરુના આશ્રય વિના, તે માર્ગ શોધવો અશક્ય છે; એમ વારંવાર દેખાય છે, એટલું જ નહીં, પણ શ્રી સદ્‌ગુરુચરણના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઈ હોય એવા પુરુષને પણ સદ્‌ગુરુના સમાગમનું આરાધન નિત્ય કર્ત્તવ્ય છે. જગતના પ્રસંગ જોતાં એમ જણાય છે કે, તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે.'' (વ.પૃ.૪૮૬)

જુઓ, આ ચૈતન્ય લક્ષણવાળા એકેન્દ્રિય જીવો બિચારા કેટલા દુઃખી છે

એક આચાર્યનું દૃષ્ટાંત :– ''જ્ઞાન અને ચારિત્રવડે પ્રધાન, શ્રુતના રહસ્યનો પાર પામેલા અને ભવ્યજીવોને તારવામાં સમર્થ એવા કોઈ એક આચાર્ય અનેક સાધુગણ સહિત ગામે ગામ



વિહાર કરીને વાચનાએ કરી (ઉપદેશ આપવાવડે) સર્વ શ્રમણસંઘને બોધ કરતા હતા. તે આચાર્ય પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હતા, અને સર્વ સંયોગમાં અનિત્યાદિક બાર ભાવના ભાવતા હતા. તે વિહારના ક્રમે કરીને એકદા એક મોટા વનમાં આવ્યા. તે વન અનેક લતા વગેરેએ કરીને નીલવર્ણ લાગતું હતું, અને તેમાં અનેક પક્ષીઓના સમૂહે નિવાસ કરેલો હતો. તે વનની પુષ્પ, પત્ર અને ફળની લક્ષ્મી (શોભા) જોઈને સર્વ મુનિઓ પ્રત્યે આચાર્ય બોલ્યા કે ''હે નિર્ગ્રંથો! આ પત્ર, પુષ્પ, ગુચ્છ, ગુલ્મ અને ફળોને જુઓ. તેમાં રહેલા જીવો ચૈતન્યલક્ષણરૂપ અનન્ત શક્તિવાળા છતાં તેને આવરણ કરીને રહેલા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, ચારિત્રમોહની, મિથ્યાત્વમોહની અને અંતરાયકર્મના ઉદયે કરીને દાનાદિક કાંઈ પણ ન થઈ શકે તેવા એકેન્દ્રિય ભાવને પામેલા છે. તેઓ વાયુથી કંપતા, બળહીન, દુઃખી આત્માઓ કોઈ પણ પ્રકારના શરણ વિનાના અને જન્મ-મરણના ફળથી યુક્ત છે. અહો! તેઓ અનુકંપા કરવા યોગ્ય છે. મન, વચન અને નેત્રાદિથી રહિત એવા આ બિચારા પર કોણ દયા ન કરે ?'' એમ કહી સર્વના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન કરીને આગળ ચાલ્યા.''



હે મુનિઓ! આજે અહીં મોહરાજાની ઘાડ પડી છે માટે ત્યાં જવા જેવું નથી

''આગળ જતાં એક મોટું નગર આવ્યું. તે નગરમાં અનેક પ્રકારનાં ગીત અને વાજિંત્રોના શબ્દથી વિવાહાદિક ઉત્સવો થતા પ્રગટ રીતે દેખાતા હતા, તેથી સ્વર્ગના જેવું તે મનોહર લાગતું હતું. તે નગરને જોઈને સૂરિએ સર્વ સાધુઓને કહ્યું કે ''હે મુનિઓ! આજે આ નગરમાં મોહ રાજાની ઘાડ પડી છે, તેથી આ લોકો





ઊછળ્યા કરે છે. તેઓ આત્મિક ભયે કરીને વ્યાપ્ત છે. અહીં પ્રવેશ કરવો આપણને યોગ્ય નથી.

આ લોકો લોભપાશથી બંધાયેલા છે, માટે તેઓ અનુકંપાને યોગ્ય છે, પરંતુ તેઓ મોહ મદિરાનું પાન કરીને ઉન્મત્ત થયેલા હોવાથી ઉપદેશને યોગ્ય નથી, માટે આપણે આગળ ચાલો.'' તે સાંભળીને સાધુઓ બોલ્યા કે ''હે ગુરુ! આપે અમને સારો ઉપદેશ કર્યો.'' ઇત્યાદિ શુભ યોગમાં તત્પર થયેલા તેઓ વિહાર કરવા લાગ્યા. આવી રીતે આત્મતત્ત્વની દૃષ્ટિમાં તત્પર થયેલાને ગ્રામ, નગર કે જંગલ સર્વ વૈરાગ્યનાં કારણપણે થાય છે.''

-ઉ.પ્રા.ભાષાંતર ભા.૫ (પૃ.૧૩૩)

'કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું.' -શ્રીમદ્ રાજચંદ્ર

સત્સંગ અને સત્પુરુષ વિના કોઈ કાળે કલ્યાણ થાય નહીં

''સત્સંગ ને સત્યસાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તોપણ ઘડો થાય નહીં, તેમ કલ્યાણ થાય નહીં.'' (વ.પૃ.૭૦૩)

આ ભવે જ્ઞાની મળ્યા પણ પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે

''તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરુષાર્થરહિતપણાનું છે. પૂર્વે જ્ઞાની મળ્યા હતા છતાં પુરુષાર્થ વિના જેમ તે યોગ નિષ્ફળ ગયા, તેમ આ વખતે જ્ઞાનીનો યોગ મળ્યો છે ને પુરુષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરુષાર્થ કરવો; અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ - પુરુષાર્થ શ્રેષ્ઠ છે.

એમ નિશ્ચય કરવો કે સત્પુરુષના કારણ-નિમિત્ત-થી અનંત જીવ તરી ગયા છે. કારણ વિના કોઈ જીવ તરે નહીં. અસોચ્યાકેવલીને પણ આગળ પાછળ તેવો યોગ પ્રાપ્ત થયો હશે. સત્સંગ વિના આખું જગત ડૂબી ગયું છે!'' (વ.પૃ.૭૦૩)

'ઉપદેશામૃત' માંથી :–

સદ્ગુરુ મળ્યા વિના કલ્યાણ માટે કરેલી કલ્પનાઓ બધી ખોટી

''સદ્ગુરુના યોગ વિના કરેલી કલ્પનાઓ મિથ્યા છે. પોતાની માન્યતા આડે સત્ય સમજાતું નથી. ત્યાગ-વૈરાગ્ય વિના અને યોગ્યતાની ખામી હોય ત્યાં સુધી આત્માનું ભાન થાય નહીં.''

(ઉ.પૃ.૬૪)

ગુરુ વિના સમ્યક્જ્ઞાન નથી અને ગુરુ વિના જ્ઞાન થાય પણ નહીં

''લઘુતા આવે તો પછી કેવું કામ થાય? આ તો માનમાં ને માનમાં રહ્યો, કે આને કંઈ આવડતું નથી, આ કંઈ જાણતો નથી; લાવોને હું વાત કરું. ભૂંડુ કરી નાખ્યું છે. સત્સંગની તો બલિહારી છે! આ અવસર આવ્યો છે, ચેતવા જેવું છે. કૂંચી નથી તો તાળાં શી રીતે ઊઘડે? તે



આવવું જોઈએ. તેમ ગુરુ વિના જ્ઞાન નથી અને થાય નહીં. બીજે જાઓ, ભલે ! ભટકો–તેથી તો તાળાં ભટકાય પણ ઊઘડે નહીં. તે ગુરુ પાસેથી મળશે.''


(ઉ.પૃ.૨૦૧)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

પોતે જ આત્મા હોવા છતાં તે સદ્‌ગુરુ વિના સમજાય એમ નથી

''આત્મા લેવા જવો પડે એવો નથી, પોતાની પાસે જ છે. પણ સદ્‌ગુરુ વિના સમજાય એવું નથી. સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. જ્ઞાનીપુરુષો કહે છે કે પ્રાપ્તની પ્રાપ્તિ કરવી છે. જેમ એના ઘરમાં ધન દાટેલું હોય, પણ એને ખબર ન હોય. તે એને પ્રાપ્ત તો છે, પણ ભાન નથી. બેભાન છે, તેને બદલે ભાન કરવાનું છે.'' -બો.૨ (પૃ.૬૮)

એક શેઠનું દૃષ્ટાંત :– એક શેઠ નિર્ધન થવાથી પરદેશ કમાવવા ગયા. તે વખતે તેના મિત્ર સાધુ થયેલા તે તેને ઘેર વહોરવા માટે આવ્યા. તેણે પૂછ્યું ભાઈ ક્યાં છે ? તેની પત્નીએ કહ્યું એ તો કમાવવા પરદેશ ગયા છે. ત્યારે સાધુ પુરુષે કહ્યું - છે તો ઘરમાં અને શોધે છે બહાર એમ કહી આંગણા તરફ ઈશારો કર્યો. શેઠ ઘરે આવ્યા ત્યારે પત્નીએ આ વાત કરી. ત્યારે શેઠે કહ્યું એ તો જ્ઞાની છે માટે જ્યાં ઈશારો કર્યો ત્યાં ખોદીએ. ખોદ્યુ તો ચરુનો ઘડો હાથ આવ્યો. એમ પોતાની પાસે ઘરમાં જ હોવા છતાં તેનું ભાન નથી.





તેમ અનંતસુખસ્વરૂપ એવો આત્મા પોતે જ હોવા છતાં તેનું ભાન નથી. ભાન કરાવનાર સદ્‌ગુરુ મળે તો આત્માનું ભાન થાય અને સર્વકાળ અનંતસુખને પામી જીવ કાળાંતરે મોક્ષને પામે.

સદ્‌ગુરુ જાણે છે કે આપણું કલ્યાણ શામાં છે માટે તે કહે તેમ કરવું

''આટલા કાળસુધી જે કર્યું તે બધું નિષ્ફળ થયું, પણ હવે સત્પુરુષનો યોગ થયો છે માટે લાગ આવ્યો છે. સમયે સમયે જીવ કર્મ બાંધે છે. કેડ બાંધીને પુરુષાર્થ કરવાનો છે. 'યમનિયમ' વિચારે તો સત્પુરુષાર્થ જાગે. યમ નિયમ બધું કર્યું પણ બાકી શું રહ્યું? તો કે ''બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે.'' સદ્‌ગુરુના આધારે કરવાનું છે. આપણું કલ્યાણ શાથી થાય? તે સદ્‌ગુરુ જાણે છે. સંસાર ઉપરથી સર્વથા વૃત્તિ ઊઠે તો પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટે. ઉપર ઉપરથી મુમુક્ષુ કહેવરાવવાથી કંઈ નથી. 'છૂટું છૂટું' ભાવના થવી જોઈએ. બાહ્યક્રિયામાં આગ્રહ છે, પણ પરિણામ ફેરવવાં એ મુખ્ય છે. અમે સાધુ છીએ, શાસ્ત્ર વાંચીએ છીએ, એમ માને છે, તેથી સાધુઓ સત્સંગ કરતા નથી. એ સત્‌સાધન રહી ગયું છે એ ધ્યાનમાં આવતું નથી.'' -બો.૨ (પૃ.૧૯૭)

''કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં.'' ૫

અર્થ :– ''જ્ઞાનીપુરુષોને સંસારી જીવો પ્રત્યે કરુણા આવે છે. જીવનું કલ્યાણ સદ્‌ગુરુ - ગમે છે. જ્યારે સદ્‌ગુરુની આજ્ઞા પ્રત્યે પ્રતીતિ અથવા પ્રેમ થાય તો આત્મા પળમાં પ્રગટ થાય એમ છે. સદ્‌ગુરુની આજ્ઞા પ્રત્યે જેટલો પ્રેમ થયો તેટલો જીવ સવળો થયો. પ્રેમ હોય તો આજ્ઞા મનાય.'' ॥૫॥ -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)

'કરુના હમ પાવત હૈ તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી;'.....

'શ્રીમદ્‌ રાજચંદ્ર' માંથી :–

અજ્ઞાની જીવો સ્વમતિ કલ્પનાએ મોક્ષમાર્ગ આરાધતાં સંસારમાં રઝળે

''કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.''

(વ.પૃ.૪૯૯)

જ્ઞાનીપુરુષનો યોગ પ્રાપ્ત થયે જ આત્મા તરફ જીવનો લક્ષ જાય

''કોઈ પણ પ્રકારે પોતાની કલ્પનાએ કરી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત



થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, તે જીવને બંધન છે; આ અમારું હૃદય છે.'' (વ.પૃ.૨૬૧)

આત્મામાં સ્થિતિ છે એવા જ્ઞાનીપુરુષથી જ આત્મધર્મ જાણીને આચરવો

''જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.'' (વ.પૃ.૩૫૧)

જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે, કેમકે તે સાચા ઉપાય જાણે છે


''અજ્ઞાની પોતે દરિદ્રી છે. જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે છે. જ્ઞાની તેના વૈદ્ય છે. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો મોક્ષ થાય. જ્ઞાની જે જે વ્રત આપે તે તે ઠેઠ લઈ જઈ પાર ઉતારનારા છે. સમકિત આવ્યા પછી આત્મા સમાધિ પામશે, કેમકે સાચો થયો છે.'' (વ.પૃ.૬૯૯)

જેવી યોગ્યતા તેવું ફળ. જ્ઞાનીની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય

''જ્ઞાનીપુરુષનાં વચનોનું અવલંબન લેવાથી જાણપણું થાય. સાધન છે તે ઉપકારના હેતુઓ છે. જેવા જેવા અધિકારી તેવું તેવું તેનું ફળ. સત્પુરુષના આશ્રયે લે તો સાધનો ઉપકારના હેતુઓ છે. સત્પુરુષની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય છે.'' (વ.પૃ.૭૧૨)

નાગાર્જુનને ગુરુગમ વગર વિદ્યા સાધ્ય થઈ નહીં


પાદલિપ્તાચાર્યનું દૃષ્ટાંત – ''પાદલિપ્તાચાર્ય વિહાર કરતાં અન્યદા ખેટકપુરમાં આવ્યા. ત્યાં જીવાજીવોત્પત્તિ પ્રાભૃત, નિમિત્ત પ્રાભૃત્ત, વિદ્યા પ્રાભૃત્ત અને સિદ્ધપ્રાભૃત એ ચાર પ્રાભૃત તેમને મળ્યા. પછી સૂરિ હંમેશાં પાદલેપ વિદ્યાએ કરીને પાંચે તીર્થોએ જઈ ત્યાં રહેલ જિનબિંબોને વંદના કરીને પછી ભોજન કરતા હતા.



એકદા સૂરિ ઢંકપુરે આવ્યા. ત્યાં જેણે ઘણા લોકોને વશ કર્યા છે એવો નાગાર્જુન નામનો યોગી સૂરિ પાસે આવી વિદ્યા શીખવાની ઇચ્છાએ શ્રાવક થઈને નિરંતર તેમના ચરણની સેવા કરવા લાગ્યો. નિરંતર ગુરુના ચરણ કમળમાં વંદના કરવાથી ઔષધિઓના ગંધવડે તેણે એકસોને સાત ઔષધિઓ ઓળખી લીધી.



પછી તે સર્વ ઔષધિઓને જળ સાથે મેળવી વાટીને તેનો પગે લેપ કરી આકાશમાં ઉડવા લાગ્યો; પણ થોડે દૂર ઊડીને પાછો તે સ્થાને પડવા લાગ્યો; તેથી તેના શરીરે ચાઠાં પડ્યાં. તે જોઈને એકદા ગુરુએ તેને પૂછ્યું કે—'હે ભદ્ર! આ તારા શરીરે ક્ષત શેનાં છે? ત્યારે તે યોગીએ ગુરુ પાસે સત્ય વાત કહી બતાવી. તે સાંભળીને તેની બુદ્ધિથી રંજિત (આનંદિત) થયેલા ગુરુએ તેને શુદ્ધ (સત્ય) શ્રાવક બનાવ્યો.



પછી વિહાર સમયે ગુરુએ તેને કહ્યું કે 'હે શ્રાવક! જો તારે આકાશમાં ઉડવાની ઇચ્છા હોય તો તે એકસો ને સાતે ઔષધિઓને સાઠી ચોખાના ઓસામણમાં એકત્ર કરીને તેનો લેપ કરજે, જેથી તને સ્ખલના નહીં થાય.' આ પ્રમાણેના ગુરુવચનથી (ગુરુગમથી) તેનો મનોરથ પૂર્ણ થયો, અને તે સ્વસ્થાને ગયો. એમ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવાથી જ જીવને આત્મજ્ઞાન થાય છે.''

-ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૧ (પૃ.૧૧૫)

'બોધામૃત ભાગ-૨' માંથી :—

કૃપાળુદેવને દયા આવે છે કે જ્ઞાન પાસે છે છતાં કર્મનું દેવું વધારે છે

''કૃપાળુદેવ કહે છે કે અમને દયા આવે છે. એની પાસે ધન છે પણ ઉપર દેવું કરીને ખાવું પડે છે. નિર્ગ્રંથ ગુરુની જરૂર છે. કોઈ સદ્‌ગુરુ શોધીને તેના પ્રત્યે પ્રેમ કરવાનો છે. પકડ નથી જીવને. જ્ઞાનીપુરુષ કહે તે પકડાતું નથી. આ કાને સાંભળે ને આ કાને જતું રહે છે. બાકી જ્ઞાની તો ઘણું ય કહે છે.'' -બો.૨ (પૃ.૬૮)



સર્વ ક્રિયા કરતાં જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવો વધારે હિતકારી

''ધ્યાન, જપ, તપ, ક્રિયા એ સર્વ કરતાં જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવો એ વધારે હિતકારી છે એમ લાગે તેવું કરવું છે. લોકસંજ્ઞા-શાસ્ત્રસંજ્ઞામાં વૃત્તિ ન જાય, જ્ઞાનીએ કહ્યું તે જ મારે માનવું છે, એવો નિશ્ચય કરવો. જ્ઞાનીના એક એક વચનને બહુ વિચારવાથી મોક્ષ થાય એવું છે. ઉપશમ, વિવેક, સંવર-એ જ્ઞાનીનાં વચન વિચારતાં ચિલાતીપુત્રનો મોક્ષ થયો.'' -બો.૨ (પૃ.૮૫)

જીવને માર્ગની ખબર નથી તેથી ડાહ્યો ન થતાં જ્ઞાની કહે તેમ કરવું

''જીવ અજાણ્યો છે. જીવને ખબર નથી છતાં ડાહ્યો થાય છે. લાવો ધ્યાન કરું, ફલાણું કરું, એમ કરે છે. દવાખાનામાં જાય ત્યાં એમ ન કહે કે મને ફલાણી દવા જ આપો. જ્ઞાનીપુરુષ પાસે જાય ત્યારે મને ધ્યાન શિખવાડો, ફલાણું શિખવાડો એમ કહે છે. જીવ સત્પુરુષ પાસે જાય ત્યારે કંઈ ને કંઈ ઇચ્છા લઈને જાય છે. સત્પુરુષને તો જીવને ચોખ્ખો કરવો છે. પ્રભુશ્રીજી કહેતા કે તારી સમજણ ઉપર મૂક મીંડું ને તાણ ચોકડી. જીવને પોતાને ખબર નથી. કલ્પનાથી જીવ ભર્યો છે.'' -બો.૨ (પૃ.૧૪૩)

જે વાત શાસ્ત્રમાં નથી તે ગુરુના મુખમાં સમાયેલી છે

''શાસ્ત્રો વગેરે વાંચતા વિચાર થાય છે કે લખાણ કંઈ છે અને માણસની સમજમાં કંઈ આવે છે. પણ આથી કંઈક અલગ વાત છે એમ પરમકૃપાળુદેવે જણાવ્યું. ત્યારે શ્રી સૌભાગ્યભાઈએ કહ્યું કે શું અલગ છે? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે કંઈક ગુરુગમ, તે એ કે જે વાત શાસ્ત્રમાં નથી તે ગુરુના મુખમાં સમાયેલી છે; અને તે જાણવા, યોગ્યતા થયે સત્સમાગમથી તથા પૂર્વકર્મ પાતળા પડ્યે સમજાય છે.'' -શ્રીમદ્‌ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૧૬૩)

'પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં.'..... ૫

જીરણશેઠની ભાવના :- ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે;
મહાવીર પ્રભુ ઘર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે. મ૦૧

ઉભી શેરીએ જળ છંટકાવે, જાય કેતકી ફૂલ બિછાવે;
નિજઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે. મ૦૨

અરિહાને દાન જ દીજે, દેતાં દેખી જે રીઝે;
ષટ્‌માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મ૦૩



તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરિયે પધરાવું;
પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મ૦૪

પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વહીશું રે. મ૦૫

દયા, દાન, ક્ષમા, શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મ૦૬

એમ જીરણશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવ દુંદુભિનાદ સુણતાં રે. મ૦૭

કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદની સુખ પાવે, શુભવીર વચન રસ ગાવે રે. મ૦૮ -વેદનીયકર્મની પૂજા

એવો સાચો પ્રેમ શુદ્ધ આત્મા એવા પરમકૃપાળુદેવ પ્રત્યે થાય તો જીવનું કામ થઈ જાય.

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીના સમયમાં પ્રભુશ્રીજી પ્રત્યે મુમુક્ષુઓનો અત્યંત પ્રેમ હતો તેથી જવું હોય ખેતરમાં પણ પ્રેમને લઈને આશ્રમમાં આવી જવાય.

"તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો." ૬

અર્થ :– "તન, મન, ધન અને બીજા બધા બાહ્યાંતર પદાર્થો ઉપરથી મમતા છોડી એક સદ્‌ગુરુની આજ્ઞાને જો આત્મામાં ધારણ કરે તો કાર્ય સિદ્ધ થઈ જાય, અમૃત રસ પામે. દેહાદિથી પ્રેમ છોડે તો અમૃતરસ જેવો અખૂટ પ્રેમ પામે." ॥૬॥ -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)

'તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સાચા પુરુષ તો તે કે જેને દેહ પરથી મમત્વ ગયું છે; જ્ઞાન પ્રાપ્ત થયું છે

"જીવ ખોટા સંગથી, અને અસદ્‌ગુરુથી અનાદિકાળથી રખડ્યો છે; માટે સાચા પુરુષને ઓળખવા. સાચા પુરુષ કેવા છે? સાચા પુરુષ તો તે કે જેને દેહ પરથી મમત્વ ગયું છે; જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ વર્તે તો પોતાના દોષ ઘટે; અને કષાયાદિ મોળા પડે; પરિણામે સમ્યક્‌ત્વ થાય." (વ.પૃ.૭૨૭)

'તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;'.....



પોતે પોતાથી જ્ઞાન પામે નહીં;
પણ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક શીઘ્ર પામે

''અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.''

(વ.પૃ.૨૬૩)

જેને આત્મા પ્રત્યક્ષ છે એવા સત્પુરુષની આજ્ઞા ઉઠાવે તો સમકિત થાય

''બીજી બધા પ્રકારની કલ્પનાઓ મૂકી, પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાએ વચન સાંભળવા; તેની સાચી શ્રદ્ધા કરવી, તે આત્મામાં પરિણમાવવાં તો સમકિત થાય.'' (વ.પૃ.૭૨૧)

તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધે,
તે જ્ઞાન પામે

''જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.'' (વ.પૃ.૨૬૨)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

મોક્ષમાર્ગમાં જ્ઞાનીની આજ્ઞાનું માહાત્મ્ય છે. તે પ્રમાણે વર્તે તો કેવળજ્ઞાન

''જ્ઞાનીની આજ્ઞાએ મોક્ષ છે. પ્રભુશ્રીજી કહેતા કે અમે ખીલી ખીલી કરવાનું કહ્યું હોય તે મુમુક્ષુ કરે તો પણ એનો મોક્ષ થાય. માહાત્મ્ય તો જ્ઞાનીનું આજ્ઞાનું છે. સાચા પુરુષની આજ્ઞાનો આરાધક હોય તો બે ઘડીમાં ય કેવળજ્ઞાન થાય.'' -બો.૨ (પૃ.૧૪૫)

જ્ઞાનીના કહ્યાં પ્રમાણે વર્તે તે જીવનું જરૂર કલ્યાણ થાય

''જ્ઞાનીપુરુષની આજ્ઞા સિવાય તન પણ પ્રવર્તે નહીં, મન પણ પ્રવર્તે નહીં, ધન પણ પ્રવર્તે નહીં. બધું જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે. એક શ્વાસોચ્છ્વાસ સિવાય કંઈ આજ્ઞા સિવાય ન પ્રવર્તે. 'કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો. શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું.''(૧૬૬) (બો.૨ પૃ.૬૮)

'બોધામૃત ભાગ-૩' માંથી :–

શરીર સામાયિકમાં, મન નાટકમાં, તો સંસારફળની પ્રાપ્તિ થાય

બે ભાઈનું દૃષ્ટાંત :– ''સત્સંગનો યોગ થવાને વખતે તેમને હડિયાણા જવાનું બન્યું એ કર્મની વિચિત્રતા છે, પરંતુ ભાવની વખતે વાત ઓર છે. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી એક વાત કરતા કે બે ભાઈઓ એક જ્ઞાની પાસે કથા સાંભળવા જતા અને તેમની આજ્ઞાથી ધર્મક્રિયા કરતા. નજીકના સગામાં કોઈનું મૃત્યુ થવાથી મોટાભાઈએ નાનાભાઈને કહ્યું–'ભાઈ, તું જો સ્મશાનમાં જાય તો મારે બે ઘડી ધર્મ કરવા જ્ઞાની પાસે જવાય.'' ત્યારે નાનાભાઈએ કહ્યું, ''શું મારે ધર્મ કંઈ નથી કરવો? તમારે જવું હોય તો સ્મશાને જાઓ, હું તો આ ધર્મ કરવા ચાલ્યો.'' એમ કહી તે તો




મહાત્માના મુકામ તરફ ચાલ્યો. ત્યાં તો રસ્તામાં કોઈ મિત્ર આવી મળ્યો તેણે કહ્યું કે આજ તો નાટકમાં ખરી મજાનો ખેલ આવવાનો છે, તું આવીશ કે નહીં? તેણે કહ્યું, "આ ધર્મક્રિયા થઈ રહે કે તુર્ત તારે ત્યાં આવું છું." એમ કહી મહાત્મા પાસે ગયો અને ધર્મક્રિયાની આજ્ઞા તો લીધી, પણ મન તો નાટકની મજાના વિકલ્પો ઘડ્યા કરતું હતું અને ક્યારે અમુક પાઠ પૂરા થાય કે મિત્રને ત્યાં જવાય અને ચા-પાણી કરી નાટક જોવાનો લહાવો લેવાય, એમ થયા કરતું હતું. ગમે તેમ ગોટા વાળી ક્રિયા પૂરી કરી ચાલી નીકળ્યો અને નાટકમાં રાત ગાળી.

મોટાભાઈએ સ્મશાનમાં પણ સદ્‌ગુરુના દર્શન સમાગમની ભાવના કરી

મોટાભાઈને સ્મશાને જવું પડ્યું, પણ તે વિચાર કર્યા કરતો હતો કે આ કામ આવી ન પડ્યું હોત તો આત્મજ્ઞાની સદ્‌ગુરુ ભગવાનની શાંત મુદ્રાના દર્શન મને થાત, તેમની જગત-હિતકારી, શાંતિપ્રેરક, અમૃતમય વાણી સુણી આખા દિવસના ક્લેશરૂપ તાપને ટાળી ચિત્ત શાંતિ અનુભવતું હોત. તેમની ભવભ્રમણ ટાળનારી આજ્ઞા પ્રાપ્ત કરી, તેમાં વૃત્તિને રોકીને જેટલો કાળ શુભ ક્રિયામાં ગાળ્યો હોત તેટલું મારું આયુષ્ય લેખામાં ગયું ગણાત. અહીં અજ્ઞાનીઓની વચમાં લૌકિક અર્થે આવી આત્માર્થ વિસારી રહ્યો છું એ મારું કમભાગ્ય છે. એમ વિચારતો પોતાનો કાળ ગાળી ઘેર જઈ ભગવદ્‌ભક્તિ કરી સૂઈ ગયો.

'ભાવ તિહાં ભગવંત' 'જેવા ભાવ તેવા પ્રભુ ફળે'

સવારે મહાત્મા જ્ઞાની ગુરુના દર્શને હર્ષભેર ગયો અને ગઈ રાતનો ખેદ દર્શાવી પોતાને પ્રભાતમાં સદ્‌ગુરુના દર્શન કરવા જેટલું આયુષ્ય મળ્યું છે તે મહાભાગ્ય માનવા લાગ્યો અને દર્શન, સ્તુતિ કરી શ્રી સદ્‌ગુરુના વચનામૃતથી શાંત થઈ ઘેર પાછો ગયો. નાનોભાઈ રોજની રૂઢિ



મુજબ મહાત્માના દર્શન કરવા ગયો. તેને તેના મોટાભાઈના ખેદની વાત મહાત્માએ કરી દર્શાવી ત્યારે તે બોલ્યો કે, "મહારાજ, મને સ્મશાનમાં મારા મોટાભાઈને મોકલવો હતો અને ધર્મ કરવા તેમને અહીં આવવું હતું, પણ મને કંઈ ધર્મ વહાલો નહીં હોય? મેં કેવી ધર્મક્રિયા કરી? અને તેમને લૌકિકમાં



જવું પડ્યું.'' મહાત્માએ કહ્યું, 'ભાઈ, ધર્મક્રિયા સાચી ભાવપૂર્વક તો તારા મોટાભાઈને સ્મશાનમાં બેઠાં થઈ છે અને તેં તો ધર્મના સ્થાનમાં જ્યાં ચિત્ત ભગવાનમાં રાખવું જોઈએ તેને બદલે નાટકમાં ને મિજબાનીના તરંગમાં રાખ્યું હતું. તેથી તને સંસારફળની પ્રાપ્તિ થઈ છે અને મોટાભાઈને વૈરાગ્યને લઈને મોક્ષનું કારણ બન્યું છે.'' આમ 'ભાવ તિહાં ભગવંત' કહ્યું છે તે લક્ષમાં રાખવા યોગ્ય વાત છેજી. ''મન ચંગા (પવિત્ર) તો કથરોટમાં ગંગા'' એ કહેવત પ્રમાણે સદ્‌ગુરુ-આજ્ઞામાં જેટલો કાળ ભાવપૂર્વક ગાળશો તેટલું જીવન સફળ થયું માનવા યોગ્ય છેજી.

''શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન૦ શિષ્ટ કહે તે પ્રમાણ રે, મન૦
સુયશ લહે એ ભાવથી, મન૦ ન કરે જૂઠ ડફાણ રે, મન૦''

પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ આપેલા મંત્રસ્મરણનું વિસ્મરણ ન થાય તેટલી દાઝ રાખવા ભલામણ છેજી.'' (પૃ.૪૪૯)

ભાવવંદનાથી યથાર્થ ફળ થાય, દ્રવ્ય વંદનાથી નહીં

શાંબકુમારનું દૃષ્ટાંત :– ''એકદા કોઈ રાજાએ શ્રીકૃષ્ણને એક જાતવાન અશ્વ ભેટ તરીકે મોકલ્યો. તે વખતે શાંબ અને પાલક એ બે પુત્રોએ આવીને પિતા પાસે તે અશ્વની માગણી કરી; એટલે કૃષ્ણે કહ્યું કે ''કાલે તમારા બેમાંથી જે શ્રી નેમિનાથને પ્રથમ વંદના કરશે તેને આ અશ્વ હું આપીશ'' પછી પાલકકુમારે તો રાત્રિના પાછલે પહોરે ઊઠીને મોટેથી શબ્દ કરીને પોતાના ભૃત્યોને ઉઠાડ્યા, અને તેમને તૈયાર કરી સાથે લઈને પ્રાતઃકાળ થતાં સૌથી પ્રથમ જઈને પ્રભુને વંદના કરી. પછી ત્યાંથી પાછા આવીને પિતાને તે વાત કરીને અશ્વ માગ્યો. ત્યારે કૃષ્ણે કહ્યું કે ''પ્રભુને પૂછીને પછી આપીશ.'' અહીં મધ્યરાત્રિ ગયા પછી શાંબ જાગ્યો હતો; પણ તે પાપભીરૂ હોવાથી પોતાને સ્થાને જ રહીને ભગવાનનું ધ્યાન કરી તેને નમ્યો. પ્રાતઃકાળે સમય થતાં સર્વે પ્રભુના સમવસરણમાં ગયા. પ્રભુને વંદના કરીને કૃષ્ણે પૂછ્યું કે ''હે સ્વામી! આજે આપને પ્રથમ કોણે વંદના કરી?'' પ્રભુ બોલ્યા કે ''આજે દ્રવ્યવંદનથી પાલક કુમારે પ્રથમ અમને વાંદ્યા હતા અને શાંબકુમારે ભાવવંદનથી પ્રથમ વાંદ્યા હતા.'' તે સાંભળીને કૃષ્ણે શાંબકુમારને તે અશ્વ આપ્યો. અન્યદા પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામીને શાંબ તથા પ્રદ્યુમ્ને દીક્ષા ગ્રહણ કરી અને અનુક્રમે ગિરનાર પર્વત ઉપર મુક્તિ પામ્યા.

''શાંબે પ્રભુનું આંતરધ્યાન કર્યું તેથી તે વંદનનું ફળ પામ્યો, અને પાલકે સાક્ષાત્ પ્રભુને વાંદ્યા છતાં પણ તે ફળ પામ્યો નહીં; માટે પંડિત પુરુષો બાહ્ય વિધિ કરતાં આભ્યંતર વિધિને બળવાન માને છે.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૪ (પૃ.૨૪૫)

'તબ કારજ સિદ્ધ બને અપનો
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.'.....૬



'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સદ્‌ગુરુના બોધરૂપ અમૃતનું પાન કરી આત્માર્થી આત્મકલ્યાણને સાધે છે

''સાચા પુરુષનો બોધ પ્રાપ્ત થવો તે અમૃત પ્રાપ્ત થવા બરોબર છે. અજ્ઞાની ગુરુઓએ બિચારા મનુષ્યોને લૂંટી લીધા છે. કોઈ જીવને ગચ્છનો આગ્રહ કરાવી, કોઈને મતનો આગ્રહ કરાવી, ન તરાય એવાં આલંબનો દઈને સાવ લૂંટી લઈ મૂંઝવી નાખ્યા છે; મનુષ્યપણું લૂંટી લીધું છે.'' (વ.પૃ.૭૨૨)

પ્રત્યક્ષ જ્ઞાની ગુરુની આજ્ઞા આરાધે તો આત્મઅનુભવરૂપ અમૃતરસ પામે

''જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષારસની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય, તો તેથી તૃષા છીપે.'' (૪૬૬) તેમ મહાવીર ભૂતકાળમાં થઈ ગયા, તે કંઈ કહેવા આવે નહીં, પણ જે વર્તમાનમાં વિદ્યમાન છે એવા પ્રત્યક્ષ જ્ઞાનીથી કલ્યાણ છે. કૃપાળુદેવ પાસે અમૃત છે તેથી કહે છે કે અમૃત પીવું હોય તો આવો. જેને ગરજ હોય તે આવે. સંસારથી ત્રાસ પામ્યા હો અને દુઃખ લાગ્યું હોય તો આ બાજુ આવો એટલે અમૃત પીવડાવીએ. જેને પરમાર્થ પર પ્રેમ હોય તે આવો તો અમૃત મળશે.''

'જેને કંઈ મોક્ષની ઇચ્છા હોય તેને સંસાર ઝેર જેવો લાગે'

''તનસેં મનસેં ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.''

ગમે તેટલા રોગ થયા હોય, પણ એક ટીપું અમૃતનું મૂકે તો મટી જાય. એમની પાસે તો આખો સાગર છે. ખૂટે એવો નથી. માટે તમે આ બાજુ આવો. એ રસ્તો છે. કેવી દશા પ્રાપ્ત કરી છે! સંસારની બધી વિટંબણા એમણે દૂર કરી છે. તમે આત્મસુખ જાણ્યું નથી તેથી બળો છો. અમે અમૃતસાગર છીએ માટે અહીં આવો તો ત્રિવિધ તાપ વગેરે બધું મટી જશે. જેને કંઈ મોક્ષની ઇચ્છા હોય તેને સંસાર ઝેર જેવો લાગે. તેવા જીવોને કૃપાળુદેવ બોલાવે છે કે અહીં આવો.''

-બો.૨ (પૃ.૨૯૩)

''વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહી જોગ જુગોજુગ સો જીવહી.'' ૭

અર્થ :– ''સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ થાય તો સત્ય સુધારસ સમજાય. એ પોતાની પાસે જ છે. દૃષ્ટિ પડવી જોઈએ. સમ્યક્‌દૃષ્ટિ થાય તો આત્મા પાસે જ છે. 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે,



જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર.' (આનંદઘનજી) મોઢા આગળ જ છે. એને મૂકી પુદ્‌ગલમાં જાય છે. 'સત્ એ કંઈ દૂર નથી પણ દૂર લાગે છે.' -શ્રીમદ્ રાજચંદ્ર.

અંતર-આત્મા થઈ પરમાત્માને ભજે તો પોતે પરમાત્મા થાય, નિરંજન રસને પામે. પછી આત્માને મરવું ન પડે. અમર થઈ જાય એટલે મોક્ષ પામે; દુઃખથી નિવૃત્ત થાય.'' ॥૭॥ -પૂ.બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)

'વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસે મિલહે;'.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

સુધારસ, આત્મા પ્રગટવાનો સુગમ ઉપાય, પણ ગુરુ આજ્ઞાએ જ ફળીભૂત

''એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે, પણ શ્વાસોચ્છ્વાસ રોધનથી તેને કલ્યાણનો હેતુ થતો નથી, અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોચ્છ્વાસનો રોધ કરે છે, તો તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે. શ્વાસોચ્છ્વાસની સ્થિરતા થવી એ એક પ્રકારે ઘણી કઠણ વાત છે. તેનો સુગમ ઉપાય મુખરસ એકતાર કરવાથી થાય છે; માટે તે વિશેષ સ્થિરતાનું સાધન છે; પણ તે સુધારસ-સ્થિરતા અજ્ઞાનપણે ફળીભૂત થતી નથી, એટલે કલ્યાણરૂપ થતી નથી, તેમ તે બીજજ્ઞાનનું ધ્યાન પણ અજ્ઞાનપણે કલ્યાણરૂપ થતું નથી, એટલો વિશેષ નિશ્ચય અમને ભાસ્યા કરે છે. જેણે વેદનપણે આત્મા જાણ્યો છે તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરૂપ થાય છે, અને આત્મા પ્રગટવાનો અત્યંત સુગમ ઉપાય થાય છે.'' (વ.પૃ.૩૮૬)

સુધારસ - બીજજ્ઞાન આપનાર જ્ઞાની જોઈએ, નહીં તો ભૂલો પડે

''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે.'' (૫૬૮) આત્મામાં જે ચંચળપણું છે, તે રોકાય અને પોતાના સ્વરૂપમાં રહેવાય તેને માટે સુધારસ એક સાધન છે. સુધારસનું નામ બીજજ્ઞાન કહો તો વાંધો નથી. બીજજ્ઞાન આપનાર આત્મજ્ઞાની હોવા જોઈએ, નહીં તો ભુલાવો થાય. એ સુધારસથી લબ્ધિઓ પણ પ્રગટે. તેથી એને જ આત્મા માની બેસે તો જ્ઞાની જેને આત્મા કહે છે તે એને સમજાય નહીં. સુધારસમાં વૃત્તિ રહેવાથી ચિત્તસ્થિરતા થાય છે. સાધનમાં અટકી જાય તો સાધ્ય પ્રાપ્ત ન થાય. જ્ઞાનીપુરુષ વિના કોઈ સાધનથી ઠેકાણું ન પડે.

''વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો;''
''સત્ સાધન સમજ્યો નહીં ત્યાં બંધન શું જાય?''

સાધન તો જીવે અનંતવાર ઘણાં કર્યાં છે. યોગમાં ખેચરી મુદ્રા આવે છે. જેને સુધારસ સંબંધી સાધન કરવું હોય તે જીભના મૂળ આગળ જરા કાપ મુકાવે છે. તેથી જીભ લાંબી થાય અને ઠેઠ ગળા સુધી લઈ જવાય, એટલી લાંબી કરે. ત્યાં આગળ રસ ઝરે છે, તે સુધારસ છે.''

-બો.ભા.૨ (પૃ.૧૪૪)



સત્પુરુષ પ્રત્યે પ્રેમ એ જ સાચો સુધારસ,
એના ફળમાં ગુરુની કૃપા થાય

''સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ થાય તો સદ્‌ગુરુની કૃપા પણ એને પ્રાપ્ત થાય. એ જ સાચો સુધારસ છે અને એથી જ ગુરુગમ મળે છે. જ્ઞાનીપુરુષ તો યોગ્યતા જુએ છે. સોભાગભાઈની યોગ્યતા દેખી તો અમે તો એના દાસ છીએ એમ કૃપાળુદેવને થયું. જ્ઞાનીપુરુષે એ જ સુધારસ વર્ણવ્યો છે. મોઢામાંથી ઝરે તે સુધારસ નહીં. સમ્યગ્‌દૃષ્ટિ થાય તો તે મળે એવું છે. સમ્યગ્‌દર્શન થાય તો પછી અમર થઈ જાય. બધાનું આ કારણ કહે છે કે પરમપ્રેમ પરમાત્મા પ્રત્યે થાય, સમ્યગ્‌દૃષ્ટિ આવે તો એને આગમની સાચી વાત પ્રગટ થાય. કોઈને પછી પૂછવા જવું પડે નહીં. અનુભવમાં આવે.'' -બો.૨ (પૃ.૬૮)

'રસ દેવ નિરંજન કો પિવહી;
ગહી જોગ જુગોજુગ સો જીવહી.'..... ૭

જે જીવ અંતરઆત્મા થઈ પરમાત્માને ભજે છે તે જીવ નિરંજન પરમાત્મા જે આત્મરસને એટલે આત્માનંદને અનુભવે છે તે અનુભવરસને સર્વકાળને માટે પામી યુગોયુગ સુધી જીવતો જ રહેશે; પછી કદી મરશે નહીં.

સમ્યક્‌દર્શન પામી પ્રતિ સમયે કર્મ કાપતો જવાથી તે જીવ પરમાત્મા બને છે. પછી કોઈ કાળે જન્મે જ નહીં, તો મરવાનો ક્યાં પ્રશ્ન રહે. માટે તેનો આત્મા સદા આત્માનંદમાં રહી સર્વકાળ જીવતો જ રહેશે અર્થાત્‌ જન્મમરણના દુઃખોથી તે સંપૂર્ણપણે છૂટી જશે.

''પર પ્રેમ પ્રવાહ, બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે.'' ૮

અર્થ :– ''ઉપરનો સાર બધો આ ગાથામાં આવી ગયો છે. સર્વ પદાર્થો ઉપરથી પ્રેમ ઉઠાવીને એક પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ થાય તો સર્વાગમનું જ્ઞાન, ભણ્યા વિના જ આવી જાય. 'મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત; તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.' આ તો એક સામાન્ય દૃષ્ટાંત છે. એના કરતાં અનંતગણો પ્રેમ આવવો જોઈએ. બધા આગમો એની સાક્ષી પૂરે છે. પ્રેમરૂપી અગ્નિ લાગે તો બધા કર્મો બળી જાય. પરાભક્તિ એ કેવળજ્ઞાનનું બીજ છે. 'પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન.'' ॥૮॥ -પૂ.શ્રી બ્ર.જી.દર્શન (પૃ.૧૫૦)

'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;'.....

'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;'.....



'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

જ્ઞાનીને જે ઓળખીને ભજે તે જ તેવો થાય, અને તે જ ઉત્તમ મુમુક્ષુ

''જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં, એવો અમારો અંતરંગ અભિ-પ્રાય વર્તે છે.''

માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે અને ભજે છે, તે જ તેવો થાય છે. અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે.'' (વ.પૃ.૩૨૦)

જેને જ્ઞાનીપુરુષની ઓળખાણ છે તેને ઘણો જ પ્રેમ આવે છે

''એક માણસના હાથમાં ચિંતામણિ આવ્યો હોય, ને તેની તેને ખબર (ઓળખાણ) છે તો તેના પ્રત્યે તેને ઘણો જ પ્રેમ આવે છે, પણ જેને ખબર નથી તેને કંઈ પણ પ્રેમ આવતો નથી.''

(વ.પૃ.૬૯૯)

જ્ઞાની પ્રત્યે અચળ પ્રેમ કરે તે જ્ઞાની જેવો થાય

''ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેના ચરણારવિંદ તેણે સેવ્યાં છે તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો.''

(વ.પૃ.૨૫૯)

'બોધામૃત ભાગ-૧' માંથી :–

સંસારનો બધો પ્રેમ ઉઠાવી સત્પુરુષ પ્રત્યે કરવો તે પરમપ્રેમ

''મુમુક્ષુ-'પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં' એનો શો ભાવાર્થ છે?

પૂજ્યશ્રી–જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે, તે શરીરમાં, કુટુંબ આદિમાં વેરી નાખી છે, તે બધેથી ઉઠાડી સત્પુરુષ પ્રત્યે પરમ પ્રેમ કરવાનો છે. પ્રેમ સંસારમાં રોકાયો છે. પ્રેમની જેટલી શક્તિ છે તે બધી પ્રભુ પ્રત્યે વપરાય, તે પરપ્રેમ એટલે પરમ પ્રેમ છે. પ્રેમ એ આત્મા છે.''

-બો.૧ (પૃ.૬૬૯)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

સત્પુરુષ પ્રત્યે, તેના વચન પ્રત્યે પ્રેમ ન આવે તો આત્મવિચાર જન્મે નહીં

''જીવની પાસે ખરી મૂડી પ્રેમ છે. એ પ્રેમરૂપી મૂડી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વેરી નાખી છે. તેથી સાચી કમાણી થતી નથી. એ પ્રેમરૂપી મૂડી સત્પુરુષમાં વાપરે તો ખરી કમાણી થાય. ''પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં.'' જ્ઞાનીપુરુષ તો પોકારીને કહે છે કે હે જીવ! તું મોહનિદ્રામાં ઊંઘે



છે, માટે જાગ. જ્યાં સુધી સત્પુરુષ પ્રત્યે અને તેમના વચન પ્રત્યે તથા તે વચનના આશય પ્રત્યે પ્રેમ ન આવે ત્યાં સુધી આત્મવિચાર ઉદય પામે નહીં. અનાદિકાળથી જીવની બાહ્ય વૃત્તિ છે. અરૂપી આત્મા ભણી વળવી મુશ્કેલ છે. પોતાની પાસે જ આત્મા છે તેની ઓળખાણ કરવાની છે. સત્પુરુષ ઉપર વિશ્વાસ આવે તો થાય.

જ્યારે એને સત્પુરુષ પ્રત્યે પ્રેમ આવે ત્યારે એને લાગે કે આટલા કાળ સુધી બધાં સાધનો વૃથા કર્યાં. માટે હવે લક્ષ રાખીને આત્માનું કરવું. વિશ્વાસ આવ્યા પછી બધું સહેલું છે. જ્યાં સુધી પરવસ્તુઓમાં પ્રેમ છે, ત્યાં સુધી સાચી વસ્તુ પર વિશ્વાસ આવે નહીં.'' -બો.૨ (પૃ.૧૮૭)

સંસારમાં પ્રેમ હોય ત્યાં સુધી આત્મા હાથમાં ન આવે

''પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ.''

''સંસારમાં પ્રીતિ હોય ત્યાં સુધી પરમાર્થ હાથમાં ન આવે. પરમાર્થ ભુલાય છે એ જ મરણતુલ્ય છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો! રાચી રહો!' પરમાર્થ ન ભુલાય એ જ કાળજી રાખવાની છે. 'કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું.''' -બો.૨ (પૃ.૮૭)

ધન કુટુંબાદિમાં પ્રેમ છે તેટલો સત્સંગ, આત્મા ઉપર આવે તો કામ થાય

''જ્યાં સુધી સંસાર પ્રિય લાગતો હોય ત્યાં સુધી મોક્ષનું માહાત્મ્ય ન લાગે. સત્સંગ સર્વોપરી વસ્તુ છે. માહાત્મ્ય લાગ્યું નથી. ધન કુટુંબાદિ ઉપર જેટલો પ્રેમ આવે છે તેટલો પ્રેમ સત્સંગ ઉપર, આત્મા ઉપર આવે ત્યારે કામ થાય. ત્યાં સુધી અપ્રમત્તપણે પુરુષાર્થ કરવાનો છે. જીવની પાસે પ્રેમરૂપી મૂડી છે, તે સંસારમાં વેરી નાખે છે. એ પ્રેમની મૂડી બધેથી ઉઠાવી મોક્ષમાં જોડવી, તો કલ્યાણ થશે. 'પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં' જગતમાં કોઈ મારું નથી.'' -બો.૨ (પૃ.૭૯)

સંસારમાં પ્રેમ કર્યો તેથી અનંતગણો પ્રેમ સત્પુરુષના વચનમાં કરવો

''જ્ઞાનીપુરુષે જે કંઈ કહ્યું હોય તેમાં પ્રેમ આવે, તેમાં ને તેમાં જ રહ્યા કરે, એથી જ મારું કલ્યાણ છે, એમાં જેટલો કાળ જાય તેટલું મારું જીવન સફળ છે, એમ અપૂર્વતા લાગે તો સ્વચ્છંદ રોકાય. જ્ઞાનીએ જે કહ્યું હોય તેમાં અચળપણું કરવું. અચળ એટલે બીજે ખસે નહીં. એવી ભક્તિ કરવાની છે. મંત્રનું સ્મરણ ભુલાય નહીં એવું કરવાનું છે. ગમે ત્યાં બજારમાં હોઈએ કે ઘરમાં, પણ એ જ સાંભર્યા કરે એવું થાય ત્યારે ભક્તિ કરી કહેવાય. જ્ઞાનીએ કહેલાં વચનો સિવાય આખું જગત સોનાનું થાય તો પણ મારે તૃણવત્ છે, એવી ભાવના કરવી. પ્રેમને સંસાર પરથી ઉઠાડી જ્ઞાનીએ કહ્યું તેમાં જોડવો. મન બીજે ચોંટ્યું છે. તે બધેથી ઉઠાડે તો ભક્તિ થાય.

''પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા.''

મનને કહેવું કે તારે છૂટવું હોય તો બધેથી છૂટી અહીં આવ. જગત જોઈતું હોય તો લખ-ચોરાશીમાં ભટક. વૈરાગ્ય એ મોક્ષનો ભોમિયો છે. એ વૈરાગ્ય આવે તો મોક્ષમાર્ગ એને દેખાય. સંસારમાં પ્રેમ કર્યો છે તેથી અનંતગણો પ્રેમ સત્પુરુષનાં વચનોમાં કરવાનો છે. સંસારનો પ્રેમ તો



લખચોરાશીમાં ભટકાવે, અને આ ભગવાન પરનો પ્રેમ તો બધેથી મુક્ત કરે.''

-બો.૨ (પૃ.૯૯)

શરીરાદિ પ્રત્યે પ્રેમ છે તે પલટાવી સત્પુરુષ પ્રત્યે કરવો

''પુરુષને સ્ત્રી પ્રત્યે અને સ્ત્રીને પુરુષ પ્રત્યે પ્રેમ હોય છે. સવારમાં ઊઠીને બધી સતીઓનાં નામ લે છે, તેનું કારણ એ પવિત્ર છે. પતિવ્રતાનો પ્રેમ તો સંસારપ્રત્યયી પ્રેમ છે. એ દૃષ્ટાંત ઉપરથી અસાંસારિક વસ્તુ પ્રત્યે પ્રેમ કરવાનો છે. જીવની પાસે પ્રેમ મૂડી છે. લૌકિક પ્રેમ શરીરાદિ પ્રત્યે છે તે પલટાવી સત્પુરુષ પ્રત્યે કરે તો કેવળજ્ઞાન સુધી લઈ જાય.

''પરપ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસે;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે,'' -બો.૨ (પૃ.૯૬)

સંસાર પ્રત્યે પ્રેમથી સંસાર વધે, ધર્મ પ્રત્યે પ્રેમથી ધર્મ પ્રગટે

''સંસારનો ક્ષય કરવા માટે પ્રભુ પ્રત્યે પ્રેમ એ સાધન છે. જ્ઞાનીએ જે ઉપદેશ કર્યો હોય, લક્ષ રાખવા કહ્યું હોય તે પ્રત્યે એટલો પ્રેમ હોય કે દેહ પ્રત્યે પણ તેટલો પ્રેમ ન રહે. જ્ઞાનીનું એક વચન પણ મોક્ષે લઈ જાય એવું છે. તેમાં જ એનું ચિત્ત રહે છે. છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં એવો પ્રેમ હોય છે. પાંચમી સ્થિરા દૃષ્ટિમાં ક્ષાયક સમકિત થાય છે. તેથી પણ ચઢિયાતી દશામાં એવો પ્રેમ કહ્યો છે. રાગ, પ્રેમ, સ્નેહ બધું એક જ છે. જે પ્રેમ સંસાર પ્રત્યે છે તે સંસાર પ્રગટાવે અને તે ધર્મ પ્રત્યે થાય તો ધર્મ પ્રગટે. 'કાન્તા' શબ્દનો અર્થ પણ એ જ છે—પતિવ્રતાનું ચિત્ત પતિમાં જ રહે છે, તેમ મુમુક્ષુનું ચિત્ત સત્પુરુષનાં વચનમાં જ રહે.'' -બો.૨ (પૃ.૯૬)

ભક્તિ કરી ભગવાન પાસે મોક્ષ સિવાય બીજું કંઈ માંગવું નહીં

''ભક્તિમાં સ્વચ્છંદ આદિ દોષો થતા નથી. ભક્તિ એ ઉત્તમ વસ્તુ છે પણ નિષ્કામ ભક્તિ થવી જોઈએ. જ્ઞાનમાર્ગ બહુ અઘરો છે. તેમાં અલ્પ જ્ઞાન હોય તો નુકસાન કરે. ભક્તિમાં હું કંઈ જ જાણતો નથી એમ થાય છે અને આજ્ઞામાં વર્તે તેથી ચિત્ત બીજે જાય નહીં.'' -બો.૨ (પૃ.૯૬)

શુદ્ધ સ્વરૂપની ભક્તિ કરવા નિરંતર મંત્રમાં રહેવું યોગ્ય

''સત્પુરુષનું ચિત્રપટ હૃદયમાં દેખાય તે કરતાં સત્પુરુષના સ્વરૂપની ભક્તિ કરે, સ્મૃતિ કરે એથી વધારે લાભ છે. સત્પુરુષની દશા સમજવા ગુણોનું સ્મરણ કરવા માટે ચિત્રપટ છે.''

-બો.૨ (પૃ.૯૬)

પ્રભુ પ્રત્યે પ્રેમરૂપ ભક્તિ વિના શાંતિ થાય નહીં

''વ્યાસજીને નારદઋષિ મળ્યા ત્યારે વ્યાસજીએ કહ્યું કે મેં ઘણાં શાસ્ત્રો લખ્યાં છે, પણ શાંતિ થઈ નહીં. નારદઋષિએ કહ્યું કે ભક્તિમાં લીન થાઓ ત્યાર પછી વ્યાસજીએ ભક્તિ વિષે લખવું શરૂ કર્યું હતું.'' -બો.૨ (પૃ.૭૧)



'સંસાર ઝેર જેવો લાગે ત્યારે ભક્તિ જાગે'

''પ્રશ્ન–ભક્તિ કેમ નથી જાગતી?

પૂજ્યશ્રી–જીવને બીજી સંસારની ભક્તિ છે. સવારથી સાંજ સુધી દેહ અને કુટુંબની ભક્તિ કરે છે. એ એને ગમે છે. એ જ કારણથી ભક્તિ નથી ગમતી. જીવને સંસારમાં હજુ પ્રેમ છે. તે ઊઠી સંસાર ઝેર જેવો લાગે ત્યારે ભક્તિ જાગે. પછી સંસારનાં કામો ગમે નહીં. ભક્તિ નથી થતી એ દુઃખ છે. ભક્તિ હોય તો મુક્તિ સહેજે આવે.'' -બો.૨ (પૃ.૭૧)

આખો દિવસ દેહ અને કુટુંબની ભક્તિ કરે તો પ્રભુ પ્રત્યે ભક્તિ ક્યાંથી ઊગે

ગોમતી શેઠાણીનું દૃષ્ટાંત :– ''શ્રીપુર નગરમાં વસુ નામે એક શેઠ રહેતા હતા. તેને ગોમતી નામે સ્ત્રી હતી. અને ધનપાલ નામે પુત્ર હતો. હવે વખત જતાં વસુ શેઠ મરણ પામ્યા. અને વડિલ તરીકેનો ઘરનો ભાર ગોમતી શેઠાણી પર આવ્યો. તે વખતે ધીરજ અને સ્નેહથી કામ લેવાને બદલે શેઠાણીએ ખૂબ જ કડવી વાણીનો ઉપયોગ કરવા માંડ્યો. તેથી ઘરમાં રોજ કંકાસ થવા લાગ્યો. આથી એકવાર એના પુત્ર ધનપાળે કહ્યું : માતાજી! હવે તમારે ધર્મ-ભક્તિ કરવાના દિવસો છે. માટે બધી ફિકર-ચિંતા છોડીને ધર્મકથા શ્રવણ કરો. આવતી કાલથી આપણે ત્યાં એક વિદ્વાન પંડિત દ્વારા ધર્મકથા વંચાય તેવો હું પ્રબંધ કરું છું; અને ધનપાળે તે મુજબ પ્રબંધ કર્યો.

બીજે દિવસે પંડિતજી એક શાસ્ત્ર લઈને તેમના ઘરે આવ્યા. અને આસન પર બેઠક જમાવીને વાંચવાની શરૂઆત કરી. તેમાં પહેલું વાક્ય વાંચ્યું કે - 'સદ્‌ગુરુ કહે'. તે વખતે કથા સાંભળવા બેઠેલી માતાજીનું ધ્યાન ખડકીમાં ઊભેલા કૂતરા તરફ ગયું. એટલે 'હડ હડ' કરતાં ઊભાં થયા અને લાકડી વડે તેને ફટકાર્યો. પછી લાકડી ઠેકાણે મૂકીને કથા સાંભળવા બેઠાં.

પંડિતજીએ ફરી વાંચ્યું કે 'સદ્‌ગુરુ કહે' તેમનું આ વાક્ય પૂરું થયું ત્યાં માજીની નજર રસોડા તરફ પડી. ત્યાં એક બિલાડી ધીમા પગલે દૂધની તપેલી ભણી જઈ રહી હતી. એટલે માજી ''છી છી'' કરતા ઊભા થયા અને રસોડામાં બધું આઘું-પાછું કરીને ફરી કથા સાંભળવા બેઠા. હવે પંડિતજીએ ફરીથી શરૂઆત કરી કે 'સદ્‌ગુરુ કહે' એટલામાં વળી માજીની નજર ગાય પર પડી. ત્યાં વાછરડો છૂટી ગયો હતો. તેથી 'છુ -છુ' કરતાં ઊભા થયા અને વાછરડાને ઠેકાણે બાંધ્યો. ત્યાંથી આવીને ફરી કથા સાંભળવા બેઠા. એટલે પંડિતજી બોલ્યા કે–'સદ્‌ગુરુ કહે' પણ માજીને તો કંઈ ચેન ન હતું. તેમનું મન અહીં-તહીં ભમ્યા જ કરતું હતું. આ વખતે તેની નજર છાપરા ભણી ગઈ. ત્યાં એક કાગડો કા કા કરી રહ્યો હતો. એટલે ડોશી ઊભાં થયા અને હાથમાં લાકડી લઈને તેને ઉડાડ્યો.


પાછા ડોશી ફરી પોતાને ઠેકાણે આવીને બેઠા. પંડિતજીએ 'સદ્‌ગુરુ કહે' વાક્યથી શરૂઆત કરી, પરંતુ તે જ વખતે કોઈ ભિખારી ત્યાં આવી ચઢ્યો. માજીનું ધ્યાન તે તરફ ગયું અને તેઓ તેને તગેડી મુકવા માટે ઉઠ્યાં.

આ રીતે લગભગ એક મુહૂર્તકાળ વ્યતીત થઈ ગયો, પણ પંડિતજી 'સદ્‌ગુરુ કહે' થી આગળ



વધી શક્યા નહીં. આથી કંટાળીને તેઓ બીજા દિવસે આવ્યા જ નહીં.

તાત્પર્ય કે – જેનું ચિત્ત જરાયે સ્થિર નથી, ભમતું જ રહે છે, અન્યોન્ય વસ્તુ તરફ દોડતું જ રહે છે તેને ભક્તિ કે સત્સંગમાં સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય.



માટે વિક્ષેપના કારણોથી નિવૃત્ત થઈ, તેમજ પર પુદ્‌ગલનું વિશેષ માહાત્મ્ય મનમાં ન રાખી સત્સંગ કરે તો સ્થિરતા આવે અને સાચી ભક્તિ થાય.''

કાળ ફરી ગયો છે, ભગવાનનું નામ પણ સાંભળવા ન મળે

''આ કાળમાં ભક્તિની વાત પણ સાંભળવા ન મળે એવું થઈ ગયું છે. તેથી ભક્તિ નથી જાગતી. જીવે પ્રેમ બીજે વેરી નાખ્યો છે. કાળ ફરી ગયો છે. પહેલાં સતયુગમાં તો મહાપુરુષના યોગ આદિની અનુકૂળતા સહેજે મળી આવતી. પરંતુ આ કાળમાં તો ભગવાનનું નામ પણ સાંભળવાને ન મળે એવું થઈ ગયું છે. જીવ ધર્મનાં સ્થાનોમાં પણ બીજી ઇચ્છા રાખે છે.''

-બો.૨ (પૃ.૭૧)

'બોધામૃત ભાગ-૩' માંથી :–

સ્ત્રીપુત્રાદિ કરતાં અનંતગણો પ્રેમ સત્પુરુષ પ્રત્યે આવવો જોઈએ

''જેને સત્પુરુષના દેહ, ચિત્રપટ, વીતરાગમુદ્રા, વચન, કથા તથા આજ્ઞા પ્રત્યે રુચિ નથી



તેણે તે પ્રથમ કર્તવ્ય છે. સંસારમાં જેમ સ્ત્રીપુત્રના દેહ વચનાદિ પ્રત્યે પ્રેમ છે તેથી અનંતગણો પ્રેમ સત્પુરુષ પ્રત્યે પ્રગટ થાય તેમ પ્રવર્તવાની જરૂર છે.''

-બો.૩ (પૃ.૨૦૪)

કામ કરતાં પણ ભાવ-પ્રેમ કૃપાળુદેવ તરફ કે સ્મરણમાં રાખવો

''અનાદિકાળથી જે પ્રેમવડે સંસાર પરિભ્રમણ થયા કર્યું છે તે પ્રેમ પલટાવી સંસારથી છુટાય તેમ તે પ્રેમ વાપરવા હવે ચીવટ રાખવી ઘટે છેજી. વાછરડું ઘેર હોય તોપણ ગાયને ચરવા ખેતરોમાં જવું પડે છે, પણ મન-ભાવ-પ્રેમ વાછરડા પ્રત્યે હોય છે. તેથી તે વારંવાર ચરતાં ચરતાં તેને સાંભરી આવે છે ને ઊંચુ ડોક કરી બરાડે છે, તેમ કામ કરતાં જતાં પણ આપણો ભાવ-પ્રેમ પરમકૃપાળુદેવ તરફ, તેણે આપેલા સ્મરણમાં રહે અને તે વારંવાર સાંભરી આવે તેવી ટેવ પાડી મૂકવા યોગ્ય છે.'' -બો.૩ (પૃ.૧૧૩)

પ્રભુ પ્રભુ લય લાગી હોય તો જ્યાં જાય ત્યાં એનું મન પ્રભુમાં હોય. કેમકે જ્યાં પ્રેમ હોય ત્યાં મન સહેજે જાય છે. એના ઉપરથી શ્રી આનંદઘનજી મહારાજ એક કાવ્યમાં ચાર-પાંચ દૃષ્ટાંત આપીને આ વાત સમજાવે છે કે એવો પ્રેમ પ્રભુમાં લગાડીને પ્રભુની ભક્તિ કરો કે પ્રભુ સદૈવ તમારી પાસે રહે.

''ઐસે અરિહંત કે ગુણ ગાવ રે મના;
ઐસે જિનચરણે ચિત્ત લાવ રે મના.

અર્થ :– હે ભવ્યો! તમે એવા પ્રકારે અરિહંત ભગવાનના ગુણગાન કરો અથવા એવી રીતે જિન એટલે રાગદ્વેષ, અજ્ઞાન જેના જિતાઈ ગયા છે એવા વીતરાગ પુરુષોના ચરણકમળમાં પ્રીતિ ધરો કે જેથી મન બીજે જાય જ નહીં. હવે કેવા પ્રકારે ચિત્તને પ્રભુ ભક્તિમાં લીન રાખવું તે દૃષ્ટાંતો દ્વારા જણાવે છે :–

પહેલું દૃષ્ટાંત – ચારો ચરતા પણ ગાયનું મન પોતાના વાછરડામાં

ઉદરભરણ કે કારણે રે, ગૌઆ બનમેં જાય;
ચારુ ચરે ચિંહુ દિશી ફિરે રે, વાકી સુરતિ બછુરવા માંહિ રે મના૦ ઐસે૦



અર્થ :– ઉદરભરણ એટલે પેટ ભરવાને કારણે ગાય વનમાં જાય. ત્યાં ચારો ચરે અને તેના માટે ચારે દિશાઓમાં ઘાસ ખાવા માટે ફરે પણ તેની સુરતિ એટલે ધ્યાન-લક્ષ તો પોતાના બછુરવા એટલે વાછરડામાં-બચ્ચાંમાં જ હોય છે કે તે બિચારું મારા વગર શું કરતું હશે? એનો પ્રેમ ત્યાં જ લાગેલો રહે છે.




તેમ આપણો પ્રેમ પણ દરેક કામ કરતાં પોતાના ઈષ્ટદેવ પરમકૃપાળુ પરમાત્માના શુદ્ધ સહજાત્મસ્વરૂપના રટણમાં જ લાગેલો રહેવો જોઈએ જેથી આત્માનું શીઘ્ર કલ્યાણ થાય.

બીજું દૃષ્ટાંત – વાતો કરતા પણ સખીઓનું મન માથા ઉપરના ઘડાઓમાં

સાતપાંચ સાહેલીઓ રે, હિલમિલ પાણી જાય;
તાલી દિયે ખડખડ હસે રે, વાંકી સુરતિ ગગુરવા માંહિ રે મના. ઐસે૦

અર્થ :– પચાસેક વર્ષ પહેલાં પાણી ભરવા માટે બધી બહેનોને કૂવા ઉપર જવું પડતું હતું. ત્યાંથી મોટા માટલા ઉપર નાનું માટલું મૂકીને તે પાણી ભરી ઘરે આવતી હતી. રસ્તામાં પાંચ સાત બહેનપણીઓ વાતો કરતી જાય, ખડખડ હસે પણ ખરા કે હસવામાં તાલી પણ પાડે. છતાં તેની સુરતિ એટલે તેનું ધ્યાન-લક્ષ તો માથા ઉપર રાખેલ ગગુરવા એટલે ઘડાઓમાં જ હોય છે કે જેથી એ નીચે પડી ન જાય.



એમ આપણું મન પણ અતિ ચંચળ હોવાથી તેને પ્રભુ પ્રભુની લય લગાડીને તેના સ્મરણમાં જ લીન કરવા યોગ્ય છે કે જેથી એ બીજા અશુભ વિચારો કરી આપણને નીચ ગતિમાં ન લઈ જાય.



ત્રીજું દૃષ્ટાંત – દોરી ઉપર નાચતા નટનું મન કોલાહલ હોવા છતાં સ્થિર

નટુઓ નાચે ચોકમાં રે, લોક હરે લખ શોર;
વાંસ ગ્રહી વરતે ચઢે રે, વાકો ચિત્ત ન ચલે કિહું ઠોર રે મના. ઐસે૦

અર્થ :– નટની ટોળી ચોકમાં ઊભી છે. ઢોલ વગાડે છે, લોકો પણ ઘણા શોર એટલે



અવાજ કરે છે. તે વખતે વાંસ પકડીને નટ વરતે એટલે દોરી પર ચઢે છે અને એકલી દોરી ઉપર ઊભો રહીને હાથના ઈશારાથી નાચ કરી લોકોને બતાવે છે. લોકો આ જોઈને આનંદ પામી ખૂબ અવાજ કરે છે. છતાં પણ નટનું મન તો એ દોરી ઉપરના સમ-તુલનને જાળવવામાં જ રહે છે, બીજે ક્યાંય જતું નથી; ત્યાં જ સ્થિર છે.

એવી રીતે આપણે પણ ભક્તિ કે સત્સંગ કરતા મનને સ્થિર રાખવું જોઈએ કે જેથી તે કર્મબંધ કરાવી મનુષ્યનો ભવ બગાડે નહીં; પણ ભક્તિ કે સત્સંગનો પૂરો લાભ લઈ મનુષ્યભવ સફળ કરે.



ચોથું દૃષ્ટાંત – જુગારીનું મન જુગારમાં,
પાંચમું દૃષ્ટાંત – કામીનું મન કામમાં
જુઆરી મનમેં જુઆ રે, કામી કે મન કામ;
આનંદઘન પ્રભુ યુ કહે રે, ઈમ લ્યો ભગવંત કો નામ રે મના. ઐસે૦''



અર્થ :– જુગાર રમનારના મનમાં જુગાર હોય કે ક્યારે દાવ લગાડું અને પૈસા કમાવી લઉં. અથવા કામ-વાસનાથી યુક્ત મનવાળાને મનમાં પણ તે જ હોય; તેમ તમે પણ આ પ્રમાણે પ્રભુના નામ સ્મરણને અથવા તેમના શુદ્ધ સહજાત્મસ્વરૂપને પ્રભુ પ્રભુની લય લગાડી એવું ભજી લો કે પ્રભુ સદૈવ તમારા મનમાં જ રહે અને કર્મરૂપી શત્રુઓની કંઈ તાકાત તમારી પાસે ચાલી શકે નહીં અને તમે નિર્વિઘ્ને છેક મુક્તિપુરી સુધી પહોંચી જાઓ.

'વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે.'..... ૮

'બોધામૃત ભાગ-૧' માંથી :–

પોતાના આત્માનો અનુભવ એ જ કેવળજ્ઞાનનું બીજ

''પોતાનું ઓળખાણ થાય ત્યારે 'આત્મા' નામ સાંભળતા રોમાંચ થઈ જાય એવું થાય છે. કોઈ બ્રાહ્મણ ખાડામાં પડ્યો હતો. તે નીકળી શકતો ન હતો. ત્યાં કોઈએ લાડુ લાડુ એમ બૂમ પાડી તે સાંભળતા જ કૂદકો મારી બહાર નીકળી ગયો. આત્માનો અનુભવ થયો હોય તો તે પ્રત્યે પ્રેમ આવે છે. એ કરવા જ્ઞાનીનાં વચનોનો આધાર છે.'' -બો.૧ (પૃ.૩૩૪)

'બોધામૃત ભાગ-૨' માંથી :–

સત્પુરુષ પ્રત્યે પ્રેમ એ જ કેવળજ્ઞાનનું બીજ કે શ્રદ્ધારૂપ સમકિત


''પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસે;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે.''

''જેનામાં સત્પુરુષ પ્રત્યે પ્રેમ છે, તેનામાં કેવળજ્ઞાનનું બીજ છે. આત્મા પોતાના અનુભવથી જ દેખાય છે. ગમે તેટલી વિકટ વાટે પણ પરમાર્થ પ્રાપ્ત કરવાનો છે. પરમ પ્રેમ આવે તો પરાભક્તિ પણ થાય.'' -બો.૨ (પૃ.૩૪)



પ્રભુ પ્રત્યે સાચો પ્રેમ હોય તો બહાર શું થઈ રહ્યું છે તેનું ભાન રહે નહીં

બાદશાહનું દૃષ્ટાંત :– ''પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત આપતા કે –''એક બાદશાહ પાથરણું પાથરીને જંગલમાં નમાઝ ભણવા બેઠો હતો. તે વખતે કોઈ બાઈ પોતાના જાર પુરુષને મળવા વેગભેર જતી હતી. બાદશાહને તે બાઈની ઠોકર વાગી, પણ નમાઝ ભણતા હતા એટલે કાંઈ બોલ્યા નહીં.



પણ મનમાં થયેલું કે એ પાછી આવે ત્યારે એને શિક્ષા કરીશ. બાઈને તો જારના મોહમાં તે ઠોકરનું કંઈ ભાન નહોતું. પણ તે પાછી આવી ત્યારે બાદશાહે તેને ઠપકો આપ્યો. તેના ઉત્તરમાં તે બાઈ બોલી કે તમને ઠોકર વાગી તેની મને કંઈ ખબર નથી; પણ તમને ખબર પડી એટલી તમારા નમાઝમાં ખામી.

એ સાંભળી બાદશાહ સમજી ગયો કે જેટલો એ બાઈને સંસાર ઉપર મોહ છે તેટલો મને જો ભગવાન પ્રત્યે મોહ એટલે પ્રેમ હોત તો મને પણ ઠોકરની ખબર પડત નહીં કે કોણ આવ્યું ને કોણ ગયું ?

એવો પ્રેમ પ્રભુશ્રીજીને કૃપાળુદેવ પ્રત્યે હતો. પ્રભુશ્રી નડિયાદ હતા ત્યારે ખબર પડી કે કૃપાળુદેવ અમુક ટ્રેનમાં જવાના છે એટલે તેમના દર્શન કરવા તેઓ સ્ટેશન પર ગયા. ગાડી ઊપડી તો પણ દર્શનના લોભથી ડબાની સાથે ને સાથે પ્રભુશ્રી દોડવા લાગ્યા. આગળ થોરીઆની વાડ આવી તો પણ તેમને ખબર પડી નહીં અને તે વાડમાં તેઓ પડી ગયા. એમ પ્રેમમાં આખું જગત ભુલાઈ જાય છે.'' -સાતસો મહાનીતિ (પૃ.૫૨)

* * *



'ક્ષમાપના'નો પાઠ

(વિવેચન સહિત)

થયેલી ભૂલોનો પશ્ચાત્તાપ કરી માફી માગવી તે ક્ષમાપના

ક્ષમાપના એટલે જાણે અજાણે થયેલી ભૂલની માફી માગવી તે ક્ષમાપના. અથવા પશ્ચાત્તાપ કરી, થયેલી ભૂલનો સ્વીકાર કરી માફી માગવી તે ક્ષમાપના છે.

ખરો પશ્ચાત્તાપ જાગે તો પાપથી પાછું વળી શકાય છે. (પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ) –

પાપથી પાછા વળ્યા તો કેવળજ્ઞાન પામ્યા

પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત :– પ્રસન્નચંદ્ર રાજા હતા. વાદળનું સ્વરૂપ જોઈ વૈરાગ્ય પામ્યા. તેથી પાંચ વર્ષના બાળકને રાજગાદી ઉપર બેસાડી દીક્ષા લઈ લીધી. તેઓ એક વાર જંગલમાં ધ્યાનમાં ઊભા હતા. ત્યારે શ્રેણિક મહારાજા મોટા સૈન્ય સાથે ભગવાન મહાવીરને વંદન કરવા જતા હતાં. તેમાનાં બે સૈનિકોએ પ્રસન્નચંદ્ર મુનિને ધ્યાન કરતા જોયા ત્યારે એકે તેમની ખૂબ પ્રશંસા કરી જ્યારે બીજાએ કહ્યું કે આ રાજા મહાપાપી છે. એને પાંચ વર્ષના બાળકને રાજ્ય આપી દીક્ષા લીધી. પણ એના વૈરીઓ તે બાળકને હણી રાજ્ય લઈ લેશે.



તે સાંભળી પ્રસન્નચંદ્ર રાજર્ષિને મનમાં થયું કે મારા જીવતા બાળકને હણી રાજ્ય લેનાર કોણ છે? એવા વિચારથી મનમાં અનેક સૈનિકો સાથે ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું.

તે વખતે શ્રેણિક રાજાએ પ્રસન્નચંદ્ર મુનિને વંદન કરી તેમની અડોલ સ્થિરતા જોઈ ભગવાન પાસે જઈ પૂછ્યું કે આ મુનિ જો હવે કાળધર્મ પામે તો ક્યાં જાય? ભગવાને કહ્યું સાતમી નરકમાં. એમ થોડી થોડી વારે પૂછતાં ભગવાને કહ્યું : છઠ્ઠી નરકે, પાંચમી, ચોથી, ત્રીજી, બીજી, પહેલીમાં.

કેમકે પ્રસન્નચંદ્ર મુનિ મનમાં લડતા લડતાં શસ્ત્રો બધા પૂરા થવાથી માથાનો મુકુટ લઈ મારવા હાથ ઉંચો કર્યો કે માથું તો મુંડન થયેલું જણાયું. ત્યારે અરે! મેં આ શું કર્યું? હું તો દિક્ષિત છું. મેં મહાપાપ કર્યું. હું આવા ભયંકર વિચારમાં ક્યાં ચઢી ગયો. એમ પશ્ચાત્તાપ કરી પાછા હઠતા હઠતા ઠેઠ શ્રેણિ માંડીને ત્યાં જ કેવળજ્ઞાન પ્રગટ કર્યું.



તેથી શ્રેણિક વારંવાર પૂછતાં ભગવાને અનુક્રમે કહ્યું–પહેલા દેવલોકમાં, ચોથા, બારમા દેવલોક વગેરેમાં જાય. થોડીવારમાં દેવદુંદુભિ વાગી. ત્યારે શ્રેણિકરાજાએ ભગવાનને પૂછતાં કહ્યું કે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન થયું છે.

એમ પાપના પશ્ચાતાપથી કે ક્ષમાપનાથી ભયંકર પાપોમાંથી પણ પાછું વળી શકાય અને ઠેઠ કેવળજ્ઞાન સુધી પણ પહોંચી શકાય છે.

માટે પશ્ચાત્તાપ કે ક્ષમાપના એ પાપનું પ્રતિક્રમણ છે. પ્રતિ=સામે, ક્રમણ=જવું તે. પૂર્વે લાગેલા દોષોની સામે જવું અર્થાત્ તે દોષોને લક્ષમાં લઈ તેથી પાછા હઠવું તે પ્રતિક્રમણ છે અથવા પશ્ચાત્તાપ છે. પશ્ચાત્તાપથી પાપનું નિવારણ થાય છે અને ફરી એવા દોષો કરતાં જીવ અટકે છે. પોતાના દોષોનું નિરીક્ષણ કરી, ગુરુ આગળ તે દોષોની કબુલાત કરી, પશ્ચાત્તાપ કરવો તે આલોચના છે. ગુરુ હાજર હોય તો દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત પણ આપે.

રાત્રે સૂતાં પહેલાં ક્ષમાપનાનો પાઠ બોલી તેના વિચારમાં જ રહેવું

(પ્રભુશ્રીએ 'તત્ત્વજ્ઞાન'માંથી ક્ષમાપનાનો પાઠ કાઢી, એક મુમુક્ષુને કહ્યું :)

''પ્રભુ, આ એક ચંડીપાઠની પેઠે રોજ, દિન પ્રતિ નાહીધોઈને ભણવાનો પાઠ છે. મોઢે થઈ જાય તો કરવા જોગ છે. બને તો રાત્રે સૂતા પહેલાં પણ તેના વિચારમાં જ રહેવું.'' (ઉ.પૃ.૩૧૦)

માન મૂકી હું અધમમાં પણ અધમ છું એમ કરે તો પાપ આવતાં અટકે

''જીવને અભિમાન પેસી જાય છે. માન હોય ત્યારે ગમે ત્યારે લુંટાય છે. માન આવે તો ભગવાન ખસી જાય. 'અધમાધમ છું' એ ટકવું આ કાળમાં બહુ મુશ્કેલ છે. આ કાળનું ઝેર ઉતારવા જેવું કૃપાળુદેવે બધું લખ્યું છે. એક 'ક્ષમાપના' બોલે તો બધું ઝેર ઊતરી જાય.''

-બો.૧ (પૃ.૩૮૮)

વિચારપૂર્વક ક્ષમાપનાનો પાઠ થાય તો પોતાના દોષો દેખાય

''અનાદિની ભૂલ ટાળવા માટે પરમકૃપાળુદેવે દરરોજ સ્મરણ કરવા યોગ્ય ક્ષમાપનાના પાઠની આજ્ઞારૂપ ઉત્તમ સાધન આપ્યું છે. તેનો વિચારપૂર્વક રોજ પાઠ થાય તો જીવને પોતાના દોષો દેખી તે દોષો ટાળવાની ભાવના કરવાનું તે ઉત્તમ નિમિત્ત છે. -બો.૩ (પૃ.૫૨)

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

''હે ભગવાન! હું બહું ભૂલી ગયો.''

શું ભૂલી ગયો? તો કે પરને પોતાનું માની, પોતે પોતાને ભૂલી ગયો

''વ્યવહારમાં કંઈ દોષ થયો હોય તો એમ કહેવાય છે કે હું બહુ ભૂલી ગયો. હવે નહીં કરું. પરંતુ અહીં જે દોષ અથવા ભૂલ કહેવી છે તે સર્વ ભૂલની મૂળ ભૂલ, સૈદ્ધાંતિક ભૂલ છે કે જેના કારણે અનાદિ કાળથી સંસારમાં રખડવું પડે છે, જન્મમરણ થયાં કરે છે, તે એ કે અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું.''



ભરતેશ્વરને એ ભૂલ સમજાઈ કે શરીર, કુટુંબ, ધનાદિ કોઈ મારા નથી

''ભાવનાબોધમાં કૃપાળુદેવે ભરતેશ્વરનું દૃષ્ટાંત આપ્યું છે, તેમાં આંગળી પરથી વીંટી સરી પડવાથી ભરતેશ્વરને સ્વપરનો વિચાર જાગૃત થયો કે હું મને સ્વરૂપમાન માનું છું તે તો વસ્ત્ર આભૂષણની શોભા છે અને શરીરની શોભા માત્ર ત્વચાને લઈને છે. ત્વચા ન હોય તો જણાય કે તે મહા દુર્ગંધી પદાર્થોથી ભરપૂર છે. આવો દેહ તે પણ મારો નથી તો તે નવયૌવનાઓ, તે કુળદીપક પુત્રો, તે અઢળક લક્ષ્મી, તે છ ખંડનું રાજ્ય વગેરે મારાં ક્યાંથી હોય? એ સર્વને મેં મારા માન્યાં, તેમાં સુખની કલ્પના કરી તે અજ્ઞાનને લઈને ભૂલ થઈ હતી.''

ભરતેશ્વરે પરમાં મારાપણું છોડી ભૂલ ટાળી તો કેવળજ્ઞાન પ્રગટ્યું

''હવે કોઈ પર વસ્તુમાં મમત્વ ન કરું. અહો! હું બહુ ભૂલી ગયો, એટલું કહેતામાં તો ભરતેશ્વરના અંતરમાંથી તિમિરપટ ટળી ગયું અને શુક્લધ્યાન પ્રાપ્ત થયું તેથી અશેષ ઘનઘાતી કર્મ બળીને ભસ્મ થયાં તેથી કેવળજ્ઞાન પ્રગટ થયું! ભરતેશ્વરની રિદ્ધિ ઉત્કૃષ્ટ હતી તો પણ તેનું મમત્વ તેઓએ ઉતારી નાખ્યું.''

'બોધામૃત ભાગ-૧,૩' માંથી :–

પોતાના આત્માની ઓળખાણ કરવાનું જીવ ભૂલી ગયો છે

''હે ભગવાન! હું ભૂલી ગયો'', એમ લાગે તો વિચાર આવે કે શું ભૂલ્યો? ભૂલ સમજાય ત્યારે ભૂલથી અટકે. મનુષ્યભવ છૂટવા માટે છે. લાગ આવ્યો છે. છૂટ્યો તો છૂટ્યો, નહીં તો પછી લખચોરાશીમાં ભટકવું પડશે. ખાસ કરવાનું છે તે પડી રહ્યું છે. જાગ્યા ત્યારથી સવાર. ચેતે તો થાય. જ્યારે ત્યારે ચેતશે ત્યારે થશે. કોઈ કરી આપશે નહીં. પોતે કરવું પડશે. આ કાળમાં ઢીલ કરવા જેવું નથી. પોતાને જ કરવાનું છે. ઢીલ કરે તેટલો છેતરાય છે. કર્યું એટલું કામ. જ્ઞાનીની આજ્ઞા જેટલી ઉઠાવાય તેટલું કરી ચૂકવું.'' -બો.૧ (પૃ.૨૯૧)

ભૂલની ખબર પડી તો મારાપણું નીકળી ગયું

એક વ્યક્તિનું દૃષ્ટાંત :– એક વ્યક્તિ ચાદર ઓઢીને સૂતો હતો. તેને બીજા એક વ્યક્તિએ આવીને કહ્યું કે આ ચાદર તો મારી છે.



ત્યારે ચાદર ઓઢીને સૂતેલી વ્યક્તિએ કહ્યું કે ના આ તો મારી છે. ત્યારે બીજા વ્યક્તિએ કહ્યું : જો આ ચાદર ઉપર મારું નામ લખેલું છે. તે જોઈ સૂતેલી વ્યક્તિએ કહ્યું- મારી ભૂલ થઈ. મારી પણ ચાદર એવી જ છે. પણ ઊઠીશ ત્યારે પાછી આપીશ. પણ હવે તેના મનમાં એમ થઈ ગયું કે આ ચાદર તે મારી નથી. ભલે તે ઓઢીને સૂતો છે પણ એમાંથી મારાપણું નીકળી ગયું.



તેમ જ્ઞાનીપુરુષો કહે છે કે જો વાત સમજાઈ ગઈ હોય કે આ શરીર તે મારું નથી તો તેમાં રહેવા છતાં પણ આ દેહ તે મારો નથી. હું તો એથી ભિન્ન જ્ઞાનીપુરુષોએ જોયો, જાણ્યો, અનુભવ્યો તેવો આત્મા છું એમ થઈ જાય.

જેમ આશ્રમની ધર્મશાળામાં કઈ ટૂટભાંગ થઈ જાય કે કંઈ કલર ઊખડી જાય તો પણ એના મનમાં દુઃખ નહીં થાય કેમ કે આ ઘર તે મારું નથી.

ભરત ચક્રવર્તીને આજ વાત સમજાઈ ગઈ તેથી કેવળજ્ઞાનને પામી ગયા. આપણો આત્મા પણ ખરેખર આ દેહ, ઘર, કુટુંબાદિથી સાવ જુદો હોવા છતાં તેને મારા માનવાની ભૂલ હજુ સમજાતી નથી; તે જ આ સંસારનું મૂળિયું છે. હવે જ્ઞાનીપુરુષના વચનને લક્ષમાં લઈ વિચારશે તો આ ભૂલ ભાંગશે.

"મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં."

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

તમારા અમૂલ્ય વચનો, દુર્લભ માનવદેહમાં મળ્યા, પણ સામાન્યમાં કાઢી નાખ્યા

"શાથી ભૂલી ગયો? મનુષ્યદેહ દુર્લભ છે. તેની એક ઘડી પણ અમૂલ્ય છે. તેમાં કોઈ સત્પુરુષનો ઉપદેશ મળવો અત્યંત દુર્લભ છે. એવા સત્પુરુષનાં વચનો પ્રાપ્ત થવાં ત્રણે કાળે અત્યંત દુર્લભ હોવાથી અમૂલ્ય છે, છતાં જ્યારે તે મળી આવ્યાં ત્યારે તેનું માહાત્મ્ય જાણ્યું નહીં. તેને સામાન્યમાં ગણી કાઢ્યાં અથવા તો પૂરાં સાંભળ્યા જ નહીં."

આત્મપ્રાપ્તિનો લક્ષ બંધાય તો તે મેળવવા પ્રયત્ન કરે

"સત્પુરુષના એક એક વચનને લક્ષમાં લેવાથી કોઈ કોઈ જીવ સંસાર તરી ગયા છે-મોક્ષે ગયા છે. સત્પુરુષનાં વચન વિચારીને જીવે લક્ષ કરી લેવાનો છે કે હવે મારે શું કરવાનું છે? જો લક્ષ બંધાઈ જાય તો પછી તેના પ્રયત્નમાં લાગી જાય."

આત્માનું હિત શામાં છે? એ લક્ષમાં ન લે તો સંસારથી છુટાય નહીં

"કોઈએ પચાસ હજાર રૂપિયા કમાવવા એમ લક્ષ કર્યો હોય અને પછી પ્રયત્ન કરે તો તેથી અર્ધા પણ કમાઈ શકે; પરંતુ લક્ષ જ ન હોય તો તેવો પ્રયત્ન કરી શકે નહીં. તેવી રીતે સત્પુરુષના વચનથી આત્માનું હિત શામાં છે, તે વિચારીને શું કરવું તેનો લક્ષ થવો જોઈએ. એ રીતે સત્પુરુષનાં વચનો લક્ષમાં લીધા નહીં તેથી હજી સંસારનો અંત આવ્યો નથી." (પૃ.૩૪)

"તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં."

જીવાદિ અનુપમ નવ તત્ત્વનો મેં ઊંડા ઊતરી વિચાર કર્યો નહીં

"ભગવાને જીવ અને અજીવ અને તેના વિસ્તારરૂપે નવ તત્ત્વ અથવા છ દ્રવ્ય કહ્યાં છે. તેમાં આખા વિશ્વના પદાર્થો આવી જાય છે અને જીવને મોક્ષની પ્રાપ્તિ કેમ થાય તે દર્શાવ્યું છે. અથવા



તો આત્મા એ જ અનુપમ તત્ત્વ છે. આત્માને જાણતાં વિશ્વનાં પદાર્થોનું જ્ઞાન પણ યથાર્થપણે થાય છે. ભગવાને કહેલાં આ તત્ત્વોને ઊંડા ઊતરી વિચાર્યાં નહીં.''

વૈરાગ્ય ઉપશમરૂપ ઉપદેશબોધ વિના સિદ્ધાંતબોધ ન સમજાય

''તત્ત્વ સમજાવું એ સિદ્ધાંતબોધ છે, તે થવા પ્રથમ ઉપદેશબોધ અથવા વૈરાગ્ય ને ઉપશમની જરૂર છે. કષાયની મંદતા થાય, માત્ર મોક્ષ અભિલાષા થાય, આત્માનું હિત કરવાના ભાવ જાગે ત્યારે જિજ્ઞાસુ કે આત્માર્થી બને ત્યારે સદ્‌ગુરુનો બોધ, સિદ્ધાંતબોધ રુચે અને પછી તેનો જ વિચાર કરે. બીજા સંસારના વિચારો છોડીને ભગવાનના કહેલા તત્ત્વોનો વિચાર કરે.'' (પૃ.૩૪)

''તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

આપે દર્શાવેલ ગૃહસ્થધર્મ કે મુનિધર્મરૂપ શીલ તે રીતે હું વર્ત્યો નહીં

''ભગવાનનાં વચન સાંભળે, વિચારે પછી તેને આચરવાના ભાવ થાય. ભગવાને જે ઉત્તમ ચારિત્ર અથવા શીલ ઉપદેશ્યું છે કે આત્મસ્વરૂપમાં રહેવું, તે શીલ મેં પાળ્યું નહીં. અથવા વ્યવહારથી મુનિના ધર્મો અને ગૃહસ્થના ધર્મો પ્રણીત કર્યા છે તે રીતે વર્તન કર્યું નહીં. પ્રયત્ન કરતાં કરતાં જ્યારે સદ્‌વર્તન સહજ થઈ જાય ત્યારે તે શીલ કહેવાય. ભગવાનની આજ્ઞાનુસાર વર્તવાનો પ્રયત્ન કર્યો નહીં. સત્પુરુષના વચન હૃદયમાં ઊતરી જાય પછી તે પ્રમાણે આચરણ કરવું તે શીલ.''

સત્પુરુષના વચનને લક્ષમાં લે તે શ્રદ્ધા, વિચારે તે જ્ઞાન, આચરે તે ચારિત્ર છે

''પ્રથમ સત્પુરુષનાં વચનો લક્ષમાં લે એટલે શ્રદ્ધા દૃઢ થાય, પછી તેને ઊંડા વિચારી તત્ત્વ સમજે એટલે જ્ઞાન થાય અને તે પ્રમાણે આચરણ કરે એટલે શીલ અથવા ચારિત્ર આવે. એમ દર્શન, જ્ઞાન, અને ચારિત્રની અગત્યતા દર્શાવી.'' (પૃ.૩૫)

''તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં''

''નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

દયા, શાંતિ, ક્ષમા, પવિત્રતાને લૌકિક અર્થમાં જાણ્યા, ભગવાને કહ્યું તેમ ન જાણ્યા

''શીલમાં આત્માના બધા ગુણો જેવા કે દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા વગેરે સમાય છે. તે ગુણોને લૌકિક અર્થમાં જાણ્યા છે. પરંતુ ભગવાને જેને દયા, શાંતિ વગેરે કહ્યા છે તેની ઓળખાણ પડી નથી.''

આત્મા બંધનથી મુક્ત કેવી રીતે થાય? તે વિચારી ધર્મ કરવો તે સ્વદયા

''દયાના ઘણા ભેદ છે તે મોક્ષમાળા-શિક્ષાપાઠ નવમામાં બતાવ્યા છે; તેમાં સ્વદયા એટલે પોતાના આત્માને અનાદિ કાળથી કર્મબંધ કરી દુઃખી કર્યો છે તે બંધનથી મુક્ત કેવી રીતે થાય?



તે વિચારી ધર્મમાં પ્રવેશ કરવો. જે કંઈ ધર્મક્રિયા વગેરે કરવું તે આત્માર્થે કરવું, આત્માને કર્મબંધથી મુક્ત કરવા લક્ષપૂર્વક વર્તવું તે દયા છે, તેથી દયાને ધર્મનું મૂળ કહી છે.''

આત્માને ઓળખી તેમાં રહેવું તે શાંતિ, આત્માના લક્ષ વગરની ક્રિયા માત્ર પુણ્યાર્થે

''બોલવું નહીં તેને શાંત રહેવું એમ કોઈ માને છે. ભગવાને પ્રથમ સમકિત કરવા કહ્યું છે. પોતાના આત્માને ઓળખે પછી તેમાં રહેવું તે શાંતિ છે. સમકિત નથી થયું ત્યાં સુધી ક્રોધાદિ ન કરે તો પુણ્ય બંધાય પરંતુ આત્માનો લક્ષ નથી ત્યાં સુધી કર્મથી ન છૂટે. આત્માનો લક્ષ હોય ત્યાં પછી કષાય રોકે વગેરે તે બધું આત્મામાં રહેવા અર્થે થાય છે.''

વિભાવથી હઠી સ્વભાવમાં આવે તો જ કલ્યાણ. અને કલ્યાણ એ જ શાંતિ

''શાંતિ એટલે બધા વિભાવ પરિણામથી થાકવું, નિવૃત્ત થવું. સ્વભાવ પરિણામ ઓળખે પછી વિભાવ પરિણામ ગમે નહીં તેથી નિવૃત્ત થાય. વિભાવથી હઠી સ્વભાવમાં આવે તો કલ્યાણ છે. કલ્યાણ એ જ શાંતિ છે. આત્માનું ઓળખાણ હોય તો તેનું માહાત્મ્ય લાગે એટલે જે કરે તે આત્માર્થે થાય.''

ક્ષમા એ આત્માનો ગુણ છે. નિમિત્ત મળતાં પણ ક્રોધાદિ ન કરે તે ક્ષમા

''ક્ષમા એટલે નિમિત્ત હોય તોપણ ક્રોધાદિ ન કરે. બળપૂર્વક સ્વભાવમાં જ રહેવું તે ક્ષમા છે. ક્ષમા આત્માનો ગુણ છે. ક્રોધાદિ વિભાવ છે.''

આત્મા કર્મને લઈને અશુદ્ધ. જેટલી કર્મની નિર્જરા તેટલો આત્મા પવિત્ર

''પવિત્રતા એટલે આત્માની શુદ્ધતા. સર્વથી પવિત્રમાં પવિત્ર વસ્તુ આત્મા છે. તે કર્મને લઈને અશુદ્ધ થઈ રહ્યો છે. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'' જેટલી કર્મનિર્જરા થાય તેટલી શુદ્ધતા-પવિત્રતા થઈ કહેવાય.''

દયા, શાંતિ, ક્ષમા, પવિત્રતા આવે ત્યારે શુદ્ધ સ્વભાવનું ઓળખાણ થાય

''સમકિત થાય ત્યારથી નિર્જરા થવા માંડે છે. આત્માની કર્મમલરહિત દશા થવી તે મોક્ષ છે. દયા, શાંતિ વગેરે કરીને એ શુદ્ધ ભાવનું ઓળખાણ કરવાનું છે. સમકિત ગુણ આવે એટલે આત્માના બધા ગુણો ઓળખાય. સર્વ ગુણાંશ તે સમકિત. સમકિત થતાં આત્મા વિભાવમાંથી ફરીને સ્વભાવ તરફ ઢળે છે. શુદ્ધાત્મામાં પરિણમવું તે જ પવિત્રતા છે.'' -નિત્ય પાઠ (પૃ.૩૭)

'બોધામૃત ભાગ-૧,૩'' માંથી :– દયા

દયાનું સ્વરૂપ સમજાય તો પોતાના આત્માની અત્યંત દયા આવે

'' ''પરમકૃપાળુદેવનાં વચનો ઘણાં જ ગૂઢાર્થવાળાં છે. જેમકે ''તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.'' આ વાક્યમાં બધું સમાઈ જાય છે. દયાનું સ્વરૂપ સમજવામાં આવે છે ત્યારે પોતાના આત્માની અત્યંત કરુણા ઊપજે છે અને તે જ સમકિત છે;



અને તે પ્રાપ્ત થયા પછી આત્મામાં અપૂર્વ શાંતિ આવે છે, સમતા આવે છે અને પછી કેવળજ્ઞાનરૂપ પવિત્ર આત્મા થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે.'' -બો.૧ (પૃ.૨૨)

'હૃદયપ્રદીપ' માંથી :– શાંતિ

જે આત્માના વિચાર છોડી પરનાં જ વિચાર કરે તે જીવ શાંતિ પામે નહીં

હરિગીત– **''રે ! સેંકડો કામો વડે વ્યાકુળ થઈ જે મન બળે,**
પામે નહીં શાંતિ કદી, ઇચ્છા છતાં કોઈ સ્થળે;
હૃદયે રહેલું સ્વરૂપ પણ પામે નહીં તે જન અરે !
જે સારભૂત વિચાર તજી પરના વિચાર કર્યા કરે.'' (હૃદયપ્રદીપ) -બો.૩ (પૃ.૫૨૪)

અર્થ :– અરે ! જેનું મન સેંકડો કામો વડે વ્યાકુળ થઈને બળ્યા જ કરે છે તે જીવને શાંતિની ઇચ્છા હોવા છતાં પણ તે કદી શાંતિ પામી શકે નહીં. અરે ! તે જીવ પોતાના હૃદયમાં જ રહેલું એવું શુદ્ધ સ્વરૂપ પણ પામી શકે નહીં. કેમકે તે સારભૂત આત્માના વિચાર તજીને પર પદાર્થના વિચાર કર્યા કરે છે. માટે તેનું જીવન કર્મ બંધાવી સંસારમાં રઝળવા માટે છે.

ક્ષમા ઉપર દમદંતમુનિનું દૃષ્ટાંત :– હસ્તિશીર્ષના રાજા દમદંતને એકવાર પાંડવો તથા કૌરવો સાથે મોટી વઢવાડ થઈ. પણ જરાસંઘ રાજાની મદદથી દમદંત રાજા જીતી ગયો અને પાંડવો તથા કૌરવોની હાર થઈ. એક દિવસ વાદળાનું ક્ષણિક સ્વરૂપ જોઈ સંસારને પણ વાદળા સમાન ક્ષણિક અને અસાર જાણી રાજાએ દીક્ષા ગ્રહણ કરી. હસ્તિનાપુર નગરની બહાર કાઉસગ્ગ ધ્યાને ઉભા રહ્યાં. રાજદરબારમાં જતાં રસ્તામાં પાંડવોએ દમદંતમુનિને ધ્યાનસ્થ જોઈ ભક્તિભાવે વંદન કર્યું. અને તેમની રાજ્ય અવસ્થાનું બળ અને ચારિત્ર બળની પ્રશંસા કરી આગળ ચાલ્યા. પાછળથી કૌરવો આવ્યા. દુર્યોધને દ્વેષ-ભાવ લાવી માઠા વચન બોલી તેમની સામે બીજોરુ ફેંક્યું. તે જોઈ સાથેના સૈનિકોએ પત્થરો ફેંક્યા. તેથી મુનિ આમાં ઢંકાઈ ગયા.





પાંડવો રાજદરબારથી પાછા ફરતાં દુર્યોધન સંબંધી આ વાત જાણી સેવકો પાસે પત્થરો દૂર કરાવી નમસ્કાર વગેરે કરી સ્વસ્થાને ગયા.



પાંડવોએ માન આપ્યું અને કૌરવોએ દ્વેષભાવથી અપમાન કર્યું પણ મુનિએ તો બન્ને પ્રત્યે સમભાવથી ક્ષમા રાખી પોતાનું કલ્યાણ કર્યું.

ક્ષમાનાં પાંચ પ્રકાર :–

''ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા અને ધર્મ ક્ષમા એમ ક્ષમાના પાંચ ભેદ છે. તેમાં પ્રથમની ત્રણ ક્ષમા લૌકિક સુખને આપનારી છે અને છેલ્લી બે ક્ષમા - મોક્ષને આપનારી છે.

૧. ઉપકાર ક્ષમા :– કોઈએ આપણો ઉપકાર કર્યો હોય તો તેના કડવાં વચન પણ સહન કરવાં. અર્થાત્ આ મારો ઉપકારી છે તેમ માની ક્ષમા રાખવી તે ઉપકાર ક્ષમા.

૨. અપકાર ક્ષમા :– જે પોતાનાથી વધારે બળવાન-સત્તાવાન હોય તેથી તેને કંઈ કરી શકાય તેમ નથી. તેનાં વચનો સહન કરી લેવાં અર્થાત્ પોતાનું નુકસાન કરશે એમ માની ક્ષમા રાખવી તે અપકાર ક્ષમા.

૩. વિપાક ક્ષમા :– ક્રોધનાં ફળ નઠારાં છે. તેનાથી અનેક દુશ્મનો ઊભા થતાં વિવિધ સંતાપ પ્રાપ્ત થશે ! અર્થાત્ ક્રોધનું ફળ ભોગવવું પડશે એમ માની ક્ષમા રાખવી તે વિપાક ક્ષમા.

૪. વચન ક્ષમા :– ક્રોધ ન કરવો એમ જિનેશ્વર ભગવાનનું વચન છે તેમ માની કોઈનું દિલ વચનથી પણ દુભાવે નહિ તે વચન ક્ષમા.

૫. ધર્મ ક્ષમા :– આત્માનો ધર્મ જ ક્ષમા છે માટે ક્ષમા જ રાખવી જોઈએ એમ માની ગજસુકુમારની પેઠે ક્ષમાને ધારણ કરે તે ધર્મ ક્ષમા.'' -શ્રીપાળ રાજાનો રાસ (પૃ.૨૯૪)

દશ લક્ષણ ધર્મમાં પહેલો ધર્મ ઉત્તમ ક્ષમા છે. 'ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.'

માટે મોક્ષ મેળવવા ક્રોધને બદલે ક્ષમા જ રાખવી યોગ્ય છે. બીજા પાસે દોષની ક્ષમા માગવી અને સામાને પણ દોષની ક્ષમા આપવી એ જ કલ્યાણકારક છે. આવા સર્વ દોષથી નિવૃત્ત થવા માટે પરમકૃપાળુદેવે આ 'ક્ષમાપના'નો પાઠ લખી આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે.



સંવત્સરી પર્વમાં હૃદય નિર્મળ કરવા ખમત ખામણાં કરવા

''ક્ષમા શૂર અરિહંત પ્રભુ, ક્ષમા આદિ ગુણ ધાર;
ક્ષમા-અર્થી યાચે ક્ષમા, ક્ષમા અર્પે ઉદાર.

જેમ તીર્થમાં સ્નાન કરવાથી શરીરનો મળ દૂર થઈ પવિત્ર થવાય છે તેમ આવા સંવત્સરી પર્વ જેવાં પર્વમાં પણ પૂર્વ પાપો છોડી હૃદય નિર્મળ કરવા ખમતખામણાં કરવાનાં છે. ભૂતકાળને ભૂલી જઈ, મોક્ષમાર્ગમાં આગળ વધાય તેવું બળ મળે તેવા ભાવ, નિર્ણયો અને પરિણામ કરવાથી તે બની શકે એમ છેજી.'' -બો.૩ (પૃ.૪૩૧)

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :– પવિત્રતા

''જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.'' (વ.પૃ.૭)

બાહ્યસ્નાન વગેરેથી કંઈ આત્માની પવિત્રતા નથી

કબીરજીનું દૃષ્ટાંત :– એકવાર કબીર સાહેબ ગંગા નદીને તીરે પાણી પીવાનો લોટો માંજી રહ્યા હતા. એવામાં કેટલાક તરસ્યા જાત્રાળુ બ્રાહ્મણો પાણી પીવા ત્યાં આવ્યા.



તેઓને ખોબે ખોબે પાણી પીતા જોઈને કબીર સાહેબ, તેઓને પોતાનો ચોખ્ખો લોટો આપવા લાગ્યા. બ્રાહ્મણો તેમનું આવું વર્તન જોઈ ગુસ્સાથી બરાડી ઊઠ્યા : 'અરે, તને કશું ભાન છે? આજે સવારે જ ગંગા તટે શ્રાદ્ધ ક્રિયા કરીને અને ગંગાજીમાં સ્નાન કરી, પાપ ધોઈને પવિત્ર થયેલા અમોને તારો અપવિત્ર લોટો આપીને શું તું અભડાવવા માગે છે?'

કબીર સાહેબ એ સાંભળીને શાંતિથી-ધીરજથી બોલ્યા : ''ભાઈઓ, પવિત્ર ગંગાજીના પાણીથી મારો લોટો પવિત્ર થયો નહીં તો પછી એવા ગંગાજીમાં સ્નાન કરવાથી તમારા પાપ શી રીતે ધોવાઈ જાય? મનની પવિત્રતાથી જ આત્મા પવિત્ર થઈ શકે.'' -સંતોના જીવન પ્રસાદીમાંથી

મનની પવિત્રતા એ જ સાચી પવિત્રતા છે

એક વિધવાબાઈનું દૃષ્ટાંત :– એક શેઠ હતા. તેમણે પૂર્વ પુણ્યના ઉદયથી પાંચ પેઢી સુધી ચાલે એટલું ધન પ્રાપ્ત કર્યું હતું. છતાં છઠ્ઠી પેઢીની ચિંતા કરતા હતા. એમના પત્ની તો ભક્તિ ભજન કરે અને પોતાના પતિને પણ ભક્તિ ભજન કરવાનું કહે. પણ એમને કાંઈ અસર થાય નહીં. પાડોશમાં એક વિધવા સ્ત્રી રહેતી હતી તે ઘંટી ચલાવે અને પોતાનું ગુજરાન કરી



સંતોષ માને અને ભજન ભક્તિ કર્યા કરે. શેઠની પત્ની પણ એની પાસે જાય અને ભજન ભક્તિ કરી આનંદ માણે.

એક દિવસ શેઠને ત્યાં જમણવારનો અવસર આવ્યો. ત્યારે શેઠે થાળ ભરી પાડોશમાં રહેતી વિધવા સ્ત્રીને ત્યાં મિષ્ટાન્ન વિગેરે મોકલાવ્યું. નોકરે જઈ કહ્યું કે શેઠે આ જમવાનું મોકલાવ્યું છે. ત્યારે તે વિધવા બાઈ બોલી કે મેં તો જમી લીધું છે. ત્યારે નોકર બોલ્યો કે આ બગડે એવું નથી, પછી કામમાં આવશે. ત્યારે તે બેને કહ્યું કે હું બીજા વખતની ચિંતા કરતી નથી. કાલ કોણે દીઠી છે ? માથા ઉપર મરણ ભમે છે એમ કહી તે તો ભજન ભક્તિમાં લીન થઈ ગઈ.



નોકરે શેઠને આ વાત જણાવી ત્યારે તે ઊંડા વિચારમાં પડી ગયા કે હું તો મારી છઠ્ઠી પેઢીની ચિંતા કરું છું અને આ બહેન તો બીજા ટંકની પણ ચિંતા કરતી નથી. એનામાં સંતોષ-ભાવ કેટલો છે ! એના મનની પવિત્રતા કેવી છે. એમ વિચારી શેઠ પણ ભક્તિમાં લાગી ગયા અને સંતોષભાવ કેળવી પવિત્ર બન્યા.

"હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહું મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું."

"નિત્ય નિયમાદિ પાઠ" માંથી :–

આત્મા રત્ન જેવો પણ કર્મરજથી મલિન થવાથી સંસારમાં રઝળ્યો

"આત્માના ગુણો ઓળખ્યા નહીં ત્યાં સુધી ભૂલ્યો, તેથી સંસારમાં આથડ્યો-અજ્ઞાનને લીધે જન્મમરણ કર્યા. તૃષ્ણાથી દુઃખી થતો રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું. કેટલું દુઃખ લાગ્યું ત્યારે આ વચનો નીકળ્યા હશે ! સંસાર અત્યંત દુઃખરૂપ લાગે ત્યારે ત્યાંથી પ્રીતિ ખસે એવું છે. સંસારથી પ્રીતિ ઊઠે ત્યારે પરમાર્થમાં જોડાય. અનંત કાળનો આ સંસાર છે."

અનંતકાળથી સંસારમાં હોવા છતાં જીવ પુરુષાર્થ કરે તો સંસારથી છૂટી શકે

"મહાવીર ભગવાને જમાલીને કહ્યું હતું કે સંસાર શાશ્વત છે અને અશાશ્વત પણ છે. આવો ને આવો સદા રહેવાનો છે, માટે શાશ્વત અને અમુક જીવની અપેક્ષાએ તે અશાશ્વત છે. જીવ જાગે ને પુરુષાર્થ કરે તો તે સંસારથી છૂટી શકે તેથી અનંત કાળનો સંસાર છતાં બધા જીવ તેમાં અનંત કાળ રહે એવું નથી, અનાદિસાંત પણ છે."



સમકિત નથી થયું તો અનંત સંસારની ઉત્પત્તિ કરી રહ્યો છું, માટે પાપી છું

''સમકિત નથી થયું ત્યાં સુધી અનંત સંસારની ઉત્પત્તિ કરી રહ્યો છું. પાપી છું. મિથ્યાત્વ છે ત્યાં સુધી પાપ જ છે. પાંચ મહાવ્રત પાળતો હોય પણ મિથ્યાત્વ છે તો પાપી જ છે. બધા પાપનું મૂળ મિથ્યાત્વ છે. જેને છૂટવું છે તેણે પ્રથમ મિથ્યાત્વને ટાળવા લક્ષ રાખવાનો છે.''

મદોન્મત્ત એટલે આઠ પ્રકારના મદથી હું ઉન્મત્ત થયેલો છું

''ધન, રૂપ, બળ, વિદ્યા, કુળ, જાતિ, ઐશ્વર્ય અને તપ એ આઠ પ્રકારના મદ છે તેમાં તણાઈ જાય છે. નજીવી વસ્તુ મળી તેનો અહંકાર. અનંતાનુબંધી કષાય મિથ્યાત્વ સાથે રહે છે, તેને પ્રથમ કાઢવાના છે. માન ન હોય તો અહીં જ મોક્ષ હોય. હું જાણું છું એમ થાય છે તે અનંતાનુબંધી માન છે. તે જાય તો તો સમકિત થાય.''

મિથ્યાત્વ છે ત્યાં સુધી કર્મ છે અને કર્મ છે ત્યાં સુધી આત્મા મલિન છે

''મિથ્યાત્વ જાય ત્યાંથી જ મોક્ષની શરૂઆત છે. જ્યાં સુધી કર્મ-રજ છે ત્યાં સુધી મલિન છે. કર્મ નિમિત્તે ભાવ મલિન થાય છે. તેથી તે આત્માને અપવિત્ર કરે છે.'' -નિત્યનિયમાદિ પાઠ (પૃ.૩૮)

'અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું'.....


મોહી જીવનું દૃષ્ટાંત :– જન્મમરણના દુઃખનો અંત કેમ આવે? એનો વિચાર જીવે કર્યો નથી. જ્ઞાનીપુરુષો કહે છે કે ૮૪ લાખ યોનિમાં સહન ન થાય એવાં દુઃખો તેં સહન કર્યાં છે. અનંત ભવમાં અનંત માતાઓનો તને સંયોગ થયો છે. મરણ વખતે તે માતાઓનાં રુદનનાં આંસુ એકઠાં કરીએ તો અનંત સમુદ્ર ભરાય એટલા ભવ તું કરી ચૂક્યો તેનું તને કંઈ ભાન નથી.

મોહવશ માણસ બે પગથી માંડી આઠ પગવાળો કરોળીયાની જેવો થાય

કરોળિયાનું દૃષ્ટાંત :– તું પોતે જ તારી જાતને મોહવશ, કરોળિયાની જાળ સમાન બાંધી, તેમાં ફસાઈ જાય છે. તે કેવી રીતે? તો કે મનુષ્ય પહેલા બે પગ વાળો હોય, પરણે ત્યારે ચાર પગો ઢોર જેવો થાય. પછી એક બાળક જન્મે ત્યારે છ પગો ભમરા જેવો થાય. ભમરાને છ પગ હોય છે. હવે ભમરાની જેમ અજ્ઞાની જીવ જ્યાં ત્યાં ગુંજ્યા કરે છે કે આ સ્ત્રી મારી, આ પુત્ર મારો એમ એના મનમાં ગુંજન ચાલુ હોય. પછી છોકરો મોટો થાય ત્યારે પરણાવે. ઘરમાં છોકરાની વહુ આવે એટલે આઠ પગો કરોળિયા જેવો થાય. કરોળિયાને આઠ પગ હોય છે. કરોળિયાની જેમ મનુષ્ય પોતે જ જાળ રચીને તેમાં ફસાઈ જાય છે અને તેમાં વળી આનંદ માને છે.



અજ્ઞાનવશ તેને ખબર નથી કે આ સંસારની વિટંબનામાં સુખ માની આ દુઃખની જાળને પોતે જ રચી છે અને પોતે જ દુઃખી દુઃખી થઈ રહ્યો છે. હવે આ ભવ પરંપરાનો અંત લાવવો હોય તો એ રાગને પલટાવી સત્પુરુષ પ્રત્યે કરે તો આ બધી વિટંબનાઓ સદાને માટે મટી જાય. પણ આ અનાદિનો સંસારનો મોહ દૂર કરવા ઘણા કાળ સુધી સત્પુરુષના બોધની જરૂર છે. તે વિના આ મોહ મટે એવો નથી.




'બોધામૃત ભાગ-૧' માંથી :

'હું પાપી છું'....

તારું ભૂંડું કરે તેનું પણ ભલું કર


''ક્ષમાપનાનો પાઠ બોલે ત્યારે યાદ આવે કે ''હું બહુ પાપી છું'' એવા બીજા પણ મારામાં ઘણા દોષો છે એમ થાય, તારા પ્રત્યે કોઈ દ્વેષ કરે, તો પણ તું કોઈ પ્રત્યે દ્વેષ કરીશ નહીં. (પ-૮૬) એ અઘરું છે. તારું ભૂંડુ કરે તો તેનું ભલું કર. એવી વાત સાંભળવા ક્યાંથી મળે? બધાં જીવો કર્માધીન છે.'' (પૃ.૪૪૯)

સંત તુકારામનું દૃષ્ટાંત :– ''એક ભગવાનના ભક્ત સંત તુકારામ હતા. તેમની પત્ની કર્કશ સ્વભાવવાળી હતી. છતાં સમજણના બળથી ભક્તો પોતાના ગૃહ સંસારને સ્વર્ગ સમાન બનાવી દે છે. એકવાર સંત તુકારામ ખેતરમાંથી શેરડીના સાંઠા લઈને ઘરે આવતા હતા. રસ્તામાં ગરીબ માણસો અને નાના છોકરાઓ મળ્યા. તેઓ ઉપર દયા આવવાથી તેમને શેરડીના સાંઠા વહેંચવા માંડ્યા.





વહેંચતા વહેંચતા એક સાંઠો બાકી રહ્યો. તે તેમણે ઘેર જઈ પત્નીને આપ્યો. પત્નીએ રસ્તાની હકીકત જોઈ હતી તે ક્રોધે ભરાયેલી હતી. જેવો સાંઠો એના હાથમાં આવ્યો કે તેણીએ સંત તુકારામના બરડામાં માર્યો તેથી તેના બે ટુકડા થઈ ગયા. તે વખતે હસતે મોઢે તુકારામ બોલ્યા–વાહ પ્રભુ વાહ! તું તો બહુ સમજણી સ્ત્રી છે. તારો મારા ઉપર કેટલો બધો પ્રેમ છે કે શેરડી જેવી વસ્તુ પણ તને એકલીને ખાવી ન ગમી અને તેના તે આપણા બન્ને માટે બે ટુકડા કરી દીધા.



આવા કષાયરહિત શાંત વચનો સાંભળીને સ્ત્રી શરમાઈ ગઈ અને પતિની માફી માગીને તેના પગમાં પડી. આમ ખમીખુંદે, ગમ ખાય તે મોટો. તે આત્મા વર્તમાનમાં શાંતિ અનુભવે છે તેમજ બીજાનો પણ ક્રોધ કષાય શાંત કરવાનું તે નિમિત્ત બને છે.''

'હું બહું મદોન્મત્ત અને કર્મ રજથી કરીને મલિન છું'.....

'બોધામૃત ભાગ-૩' માંથી :–

શ્રેણિક હિંસા કરીને મદમાં ઉન્મત્ત થયો તો નરકગતિમાં જવું પડ્યું

શ્રેણિકરાજાનું દૃષ્ટાંત :– ''બીજું, આપે 'શ્રી શ્રેણિક મહારાજે એવું કયું કર્મ બાંધ્યું હતું કે તેમને સત્પુરુષનો યોગ થયા છતાં, સમ્યક્‌દર્શન થયા છતાં નરકે જવું પડ્યું?'' એમ પૂછ્યું છે તેનો ઉત્તર : મોક્ષમાળામાં શ્રી અનાથીમુનિના ઉપદેશરૂપ ૫,૬, ૭ ત્રણ પાઠ આપ્યા છે, તેમાં શ્રી શ્રેણિક સમ્યક્‌દર્શન કેમ પામ્યા તેની કથા છે તે વાંચી જશોજી. તેમાં જણાવેલા પ્રસંગ પહેલાં એક દિવસ શ્રેણિક શિકારે ગયેલા ત્યાં એક હરણને તાકીને જોરથી બાણ માર્યું. તે હરણના શિકારને



વીંધીને પાસે ઝાડ હતું તેમાં ચોંટી ગયું. તે જોઈ શ્રેણિકને પોતાના બાહુબળનું અભિમાન સ્ફુરી આવ્યું અને ખૂબ ફૂદ્યો અને અહંકારથી બોલ્યો, ''દેખો, મારું બળ, હરણના પેટની પાર થઈને ઝાડમાં પેસી ગયું છે. મારા જેવો બળવાન જગતમાં કોઈ હશે?'' આમ આનંદમાં આવી પાપની પ્રશંસા કરતાં જે તીવ્ર ભાવો થયા તે વખતે તેણે નરકનું આયુષ્ય બાંધી દીધું. નરકગતિ બાંધી દીધી તે ફરી નહીં, પણ સમ્યક્‌દર્શનના પ્રભાવે અને સર્વ સન્માર્ગી જીવોની સેવા તથા ધર્માત્માઓ પ્રત્યે ઉલ્લાસ ભાવ વધતાં સાતમી નરકનાં બધાં દુઃખ છૂટી જઈ પહેલી નરકમાં ઘણા થોડા આયુષ્યવાળા નારકી તે થયા છે.'' -બો.૩ (પૃ.૧૯૪)



''હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ઉપરના દોષોથી છૂટવા દેવગુરુધર્મ એ ત્રણ તત્ત્વનો આશ્રય લેવો જરૂરી

''હું આવો છું પણ પરમાત્મા પવિત્ર છે, સર્વ કર્મરજથી રહિત છે. તેથી તેમનું અવલંબન લેવા કહે છે કે, હે પરમાત્મા! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી. તત્ત્વ એટલે દેવગુરુધર્મ. જ્યારે મોક્ષ કરવો હશે ત્યારે આ ત્રણનું અવલંબન લેવું પડશે. હું શું કરું છું? ક્ષણે ક્ષણે શું કરી રહ્યો છું તેની કાળજી રાખવી જોઈએ.''

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લાગી રહેવું એ બધો પ્રપંચ છે. હું તેમાં જ પડ્યો છું

''હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. પ્ર+પંચ - પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લાગી રહેવું તે બધો પ્રપંચ છે. જોવા, સાંભળવા વગેરેમાં ખોટી થઈ રહ્યો છે. પરમાત્મા તરફ વળવું હોય તો ઇન્દ્રિયોનો સંયમ જોઈએ. પરંતુ હું તો નિરંતર પ્રપંચમાં વર્તું છું.



અજ્ઞાનથી - વિપરીત બુદ્ધિથી આંધળો થયો છું અને વિવેક ન હોવાથી મૂઢ પણ છું

અજ્ઞાનથી - વિપરીત બુદ્ધિથી તેને સારું માન્યું છે. જે છોડવાનું છે તેને સારું માન્યું છે, હિતકારી માન્યું છે તેથી છૂટી શકે નહીં. અનાદિ કાળથી અજ્ઞાનથી અંધ થયો છું, પણ સદ્‌ગુરુના ઉપદેશથી વિવેક આવે તો અજ્ઞાન દૂર થાય. પરંતુ એવી વિવેક કરવાની શક્તિ પણ મારામાં નથી. વિવેક આવે તો તે અજ્ઞાન ટાળે એવો બળવાન છે. વિવેકનું કામ જુદું કરવાનું છે. હિત, અહિત, દેહ ને આત્મા વગેરેને જેમ છે તેમ ભિન્ન ઓળખવાં તે વિવેક છે. અજ્ઞાન હોય ત્યાં વિવેક ન હોય - વિવેક ન હોય ત્યાં મૂઢતા હોય. વિવેક-શક્તિ એટલે ભેદજ્ઞાન. અજ્ઞાનદશામાં પણ જો છૂટવાની જિજ્ઞાસા હોય તો મૂઢ ન કહેવાય.''

આત્મહિત માટે શું કરવું તેની ખબર નથી છતાં પોતાને ડાહ્યો માને તે મૂઢતા છે

''પરંતુ વિવેકશક્તિ નથી અને તેનું ભાન પણ નથી તે મૂઢતા છે. તે દિશાની ખબર નથી, તેનો વિચાર નથી છતાં પોતાને ડાહ્યો માને, હું સમજું છું એમ માને તે મૂઢતા છે.''

જ્ઞાનીપુરુષના આશ્રય વિના નિરાશ્રિત અને અનાથ છે. આશ્રય લે તો સનાથ થાય

''અજ્ઞાન દશામાંથી બહાર નીકળવું હોય તો જ્ઞાનીપુરુષનો આશ્રય લેવો જોઈએ. તે નથી, તેથી નિરાશ્રિત છું. અનાથ છું. જેનું આ સંસારમાં કોઈ ન હોય તે અનાથ કહેવાય. ખરો નાથ આત્મા છે; તે પ્રગટે ત્યારે સનાથ થવાય. સદ્‌ગુરુનો આશ્રય મળે તોપણ સનાથ થવાય.''

(નિત્ય. પાઠ પૃ.૩૮)


સદ્‌ગુરુનો આશ્રય મળવાથી સનાથ થયો

એક ભિખારીનું દૃષ્ટાંત :–એક ભિખારી હતો. ખાવાનું મળતું નહોતું. મુનિ ભગવંતને આહાર વહોરી લાવતા જોઈ તેમને કહ્યું કે મને ખાવાનું આપો. મુનિ કહે અમારા જેવો થાય તો જ અપાય. બીજી રીતે નહીં. તો તમારા જેવો કરો. મુનિએ તેને દીક્ષા આપી.





ખૂબ ખાવાથી અજીરણ થયું. બીમાર પડ્યો. સાધુઓ સેવા કરવા લાગ્યા. રાજા પણ ગુરુ મહારાજના દર્શને આવતાં શાતા પૂછી. તેથી એને થયું કે આ જૈન ધર્મ કેવો ઉત્તમ છે કે જેના પ્રતાપે મને ખાવાનું મળ્યું અને ઉપરથી સાધુઓ સેવા કરે, રાજા શાતા પૂછે. આવા જૈનધર્મની મહાનતાના ભાવ કરતા કરતા તેનું મૃત્યુ થયું. તેથી મરીને રાજા સંપ્રતિ થયો.



પાછા આ ભવમાં પણ તે જ ગુરુને જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને ગુરુને બધું સમપર્ણ કરવાના ભાવ થયા. ગુરુએ જૈનધર્મનો ઉદ્ધાર કરવાની આજ્ઞા આપી. તે પ્રમાણે આ ભવમાં અનેક જૈન મંદિરો તથા હજારો જિનબિંબો બનાવરાવ્યા. ગુરુનો આશ્રય મળવાથી ગરીબ અનાથમાંથી સનાથ થઈ ગયો.

"નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું."
'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

"નાથ કોણ ? નીરાગી પરમાત્મા, જેણે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. આખું જગત રાગદ્વેષમાં પડ્યું છે. પરમાત્મા નીરાગી છે. જેને સંસારમાંથી છૂટવું હોય તેણે શું કરવું ? પરમાત્મારૂપ દેવ, તેમણે ઉપદેશેલો ધર્મ, અને તે ધર્મને સમજીને પોતે આચરે તેમજ અન્યને સમજાવે એવા મુનિ અથવા ગુરુ આ ત્રણ શરણ છે. તેની ઉપાસના કરતાં જીવ શરણવાળો થાય." (નિત્ય. પાઠ પૃ.૩૯)



'બોધામૃત ભાગ-૧, ૩' માંથી :–

સૂતી વખતે ત્રણ પાઠ બોલી કૃપાળુદેવનું શરણ લઈ સૂવું

'' 'હે ભગવાન, હું તો અધમાધમ છું, આ કળિકાળમાં મારે એક તારું જ શરણું છે. ગમે તેમ કરી મને શરણે રાખો.' એવી ભાવના નિત્ય કરવાની છે. કેટલીક વાર સમૂહમાં પ્રાર્થના કરવાની હોય છે અને એકાંતમાં પણ કરવાની હોય છે. રાતે સૂતી વખતે રોજ વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપના બોલી કૃપાળુદેવનું શરણું લઈ સૂવે તો કંઈ મોડું ન થાય. એ કરવા જેવું છે. બોલતી વખતે આપણને ભાવ સ્ફૂરે એવું કરવાનું છે. કૃપાળુદેવ હાજરાહજૂર જ ઊભા છે એવું જાણીને ભક્તિ કરવી. એનું જ શરણું લેવું.'' -બો.૧ (પૃ.૩૮૮)

'ધર્મ જેવી કોઈ ઉત્તમ વસ્તુ આ જગતમાં નથી'

''એક કેવળી પાસે કોઈ મોટો રાજા દર્શનાર્થે ગયો. નમસ્કાર કરી પૂછે છે : ''હે ભગવાન! ત્રણે લોકમાં ઉત્તમમાં ઉત્તમ વસ્તુ કઈ હશે?'' ભગવાને કહ્યું : ''ધર્મ જેવી કોઈ ઉત્તમ વસ્તુ આ જગતમાં નથી.'' ફરી રાજાએ પ્રશ્ન કર્યો. ''ઉત્તમ વસ્તુ મણિ આદિ રસ્તામાં મૂકીએ તો ગમે તે જનાર ઉઠાવી લીધા વિના રહે નહીં, તો ધર્મ જેવી ઉત્તમ વસ્તુને અંગીકાર કરવા લોકો કેમ દોડાદોડ કરતા નથી?'' ભગવાને કહ્યું, ''પાંચ ઇન્દ્રિયના વિષયો તેમને ખાળે છે. ધર્મ ઉપર તેમની દૃષ્ટિ પડી નથી, ધર્મ સુખકારક લાગ્યો નથી. ખાખરની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? જો ધર્મનો સ્વાદ ચાખે તો તેને પછી મૂકે નહીં.'' -બોધામૃત ભાગ-૩માંથી (પૃ.૨૦૭)

હીનપુણ્ય જીવને ધર્મ કરવાનો ભાવ જ ન થાય

એક ગરીબ કુટુંબનું દૃષ્ટાંત :– એક ગરીબ કુટુંબને ગામમાં મજૂરી મળતી નથી. તેથી તેણે બીજે ગામ જવાનો વિચાર કર્યો. બીજે ગામ જવા માટે ઘરેથી નીકળ્યા. રસ્તામાં એક યક્ષણીએ તેમની ગરીબ સ્થિતિ જોઈને યક્ષને કહ્યું કે એ બિચારા બહુ દુઃખી છે તેથી એમને કંઈ આપો. યક્ષે કહ્યું એના નસીબમાં નથી. યક્ષણીએ કહ્યું આપ્યા વગર નસીબની શી ખબર પડે. ત્યારે યક્ષે એક સોનાનું કડું રસ્તામાં મૂક્યું. એ કડાની પાસે આવતા પહેલા તેમને એવો વિચાર આવ્યો કે આંધળા લોકો કેમ ચાલતા હશે? એમ વિચારી બેય જણે આંખ બંધ કરી અને ચાલતા રહ્યા. કડું વટાવી ગયા પછી આંખ ખોલી.





યક્ષે કહ્યું કે જોયું એના નસીબમાં નથી. તેથી એને એવો ભાવ આવ્યો અને કડું પડેલું હોવા છતાં તેના ઉપર દૃષ્ટિ પડી નહીં. તેમ ધર્મ કરવાની બધી સામગ્રી મળી હોય પણ હીનપુણ્ય જીવને ધર્મ કરવાનું મન જ ન થાય.

''મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

આત્માની આરાધના કરે, પશ્ચાત્તાપ કરે તો સર્વ પાપથી મુક્ત થાય

''શરણ કેમ પ્રાપ્ત થતું નથી? જીવ અપરાધી છે. જેની આરાધના કરવી જોઈએ તેની આરાધના કરતો નથી. પોતામાં દોષો છે તે જણાતા નથી. સત્તામાં દોષ હોય તે જણાય નહીં; નિમિત્ત મળ્યે દોષ ઊભા થાય. આત્માની આરાધના નથી કરતો એ મોટો દોષ છે. જે જે કારણને લઈને આત્માની આરાધના થતી નથી તે મારા પાપો ટળી જાય, એ મારી અભિલાષા છે. પાપથી મુક્ત થાય તો નિર્દોષ થાય.''

બધા કર્મ પાપ છે. મુખ્ય પાપ ઘાતીયા કર્મ છે. તે જાય તો પરમાત્મા થવાય

''મોક્ષ શું? આત્માની શુદ્ધતા-પાપરહિત દશા એ જ મોક્ષ છે. બધાં કર્મ પાપ છે. તેમાં ચાર ઘાતિયા કર્મ મુખ્ય પાપ છે. તે જાય તો પરમાત્મા થવાય. તેથી તે ઘાતિયા કર્મ તોડવા પ્રયત્ન કરવો જોઈએ. 'ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ.''

કરેલા પાપોથી મુક્ત થવાનો ઉપાય - પશ્ચાત્તાપ

''પાપ થયું હોય તો પછી શું કરવું? પશ્ચાત્તાપ. પાપ કરીને રાજી થાય, તેનું અભિમાન કરે તો તીવ્ર કર્મ બાંધે. જેમકે શ્રેણિક રાજાએ બાણ માર્યું તે હરણને વીંધીને ઝાડમાં પેસી ગયું; તેનું અભિમાન કરવાથી નરકનું આયુષ્ય બાંધ્યું અને પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ક્રોધના વિચારોથી સાતમી નરકે જવાય એવાં પાપનાં દળિયાં બાંધ્યાં; પરંતુ પાછો પશ્ચાત્તાપ કરવાથી છૂટી ગયા.''

વીસ દોહરા, ક્ષમાપના વગેરે પશ્ચાત્તાપ જગાડવા માટે છે

''પાપથી મુક્ત કેમ થવાય? પશ્ચાત્તાપ કરવાથી. વીસ દોહરા, ક્ષમાપના વગેરે બોલવાનો હેતુ એવો પશ્ચાત્તાપ જગાડવાનો છે. ઘણા ભવ નિષ્ફળ ગયા પણ હવે આ ભવમાં આત્માર્થ કરી લઉં. ખરો પશ્ચાત્તાપ જાગે તો પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જાય.''

ભૂલ થઈ તેનો પશ્ચાત્તાપ કરી માફી માગે તો બીજાને પણ અસર થાય

''ભૂલ થઈ હોય તેની માફી માગે તો પોતાને હિત થાય અને બીજાને પણ અસર થાય છે. પશ્ચાત્તાપથી જાગૃત થવાય છે. ખોટે રસ્તેથી પાછો વળી સન્માર્ગે આવે તો શું કરવું તેનો ઊંડો વિચાર કરી શકે.'' (નિત્ય. પાઠ પૃ.૪૦)

'આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું'.....



'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

પશ્ચાત્તાપ કરી દોષથી પાછું વળવું તેનું નામ પ્રતિક્રમણ

''ભાવની અપેક્ષાએ જે દિવસે જે વખતે પ્રતિક્રમણ કરવાનું થાય, તે વખતની અગાઉ અથવા તે દિવસે જે જે દોષ થયા હોય તે એક પછી એક અંતરાત્મભાવે જોઈ જવા અને તેનો પશ્ચાત્તાપ કરી દોષથી પાછું વળવું તે પ્રતિક્રમણ.' (વ.પૃ.૮૭)

'બોધામૃત ભાગ-૧, ૩' માંથી :–

મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે

''તમારો કાગળ મળ્યો. ક્ષમાપનાના ભાવ વાંચ્યા. તે જ પ્રમાણે હું પણ આપના પ્રત્યે આ ભવમાં કે ભવોભવમાં અપરાધ થયા હોય તેની ઉત્તમ ક્ષમા યાચું છું અને આપના પ્રત્યે પણ સમભાવે ખમું છુંજી. સર્વ ભૂલી જવાનું છે. જેણે વહેલી તૈયારી કરી તે વહેલો સુખી થશેજી. જે સંભાર સંભાર કરશે તે પરભવમાં પણ વેરભાવ લઈ જશે એવો સિદ્ધાંત હોવાથી ખમી ખૂંદવું, નિર્વૈર-મૈત્રીભાવ ધારણ કરવો અને સર્વને ખમાવી નિઃશલ્ય થઈ પરભવ માટે તૈયાર રહેવું એ ઉત્તમ સનાતન માર્ગ છેજી.'' -બો.૩ (પૃ.૫૨૪)

આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું

''ગયા કાળથી આ વર્ષ અંતપર્યંત આપ કોઈને હું કષાયાદિ દોષનું નિમિત્ત બન્યો હોઉં કે કોઈ જ્ઞાનીની દૃષ્ટિએ અવિનયાદિ અપરાધમાં આવ્યો હોઉં તેવા સર્વ દોષોની ઉત્તમ ક્ષમા આપવા આપને તથા આપના સમાગમી જીવો પ્રત્યે નમ્ર વિનંતી છેજી. જગતના ભાવો સર્વ ભૂલવા યોગ્ય છેજી.'' -બો.૩ (પૃ.૫૬૨)

માન મૂકી, અણબનાવ ભૂલી જઈ, પરસ્પર ખમાવવું એ જ ધર્મ છે

''આ પર્યુષણપર્વ આવીને ગયા પણ કષાય ને પ્રમાદને કારણે બધા એકત્ર ન થઈ શક્યા. તો હવે તે કારણો દૂર કરી ભક્તિનો રંગ જે પ્રતિષ્ઠા વખતે દેખાતો હતો તે સંભારી ફરી જાગ્રત થવા ભલામણ છેજી. ધન ખર્ચવું સહેલું છે પણ માન મૂકી, અણબનાવ ભૂલી જઈ, બધા પરમકૃપાળુદેવનાં સંતાન છે એમ દૃષ્ટિ રાખી, કંઈ પોતાને વિપરીત ભાવ થઈ આવ્યો હોય તે પરસ્પર ખમાવી, એક પિતાના પરિવારની પેઠે હળીમળીને ભક્તિ કરો છો એવા તમારા પત્રની રાહ જોઉં છું. -બો.૩ (પૃ.૩૬૯)

દોષો થયાં હોય તેનો પશ્ચાત્તાપ કરવો

''કેટલી કાળજી રાખવાની છે! સવારમાં દોષોનું પ્રતિક્રમણ કરવું, સાંજે કરવું અને સૂતી વખતે અઢાર પાપસ્થાનક વિચારી સર્વ જીવોને ક્ષમાવી સૂવું. (મો.૫૫) રોજ કેમ વર્તવું તેનો વિચાર કરવો, પછી સાંજે તપાસવું કે હું આજે ક્યાં ક્યાં ઊભો હતો? ક્યાં ક્યાં વાતો કરી? વધારે વખત શામાં ગાળ્યો? એ બધું વિચારવું. દોષો થયા હોય તેનો પશ્ચાત્તાપ કરવો અને ફરીથી દોષો



ન થાય તેનો લક્ષ રાખવો. આત્માને ન ભૂલાય એટલા માટે આ કરવાનું છે. અંતરદૃષ્ટિ થાય તે માટે કરવાનું છે. -જૂનું બો.૧ (પૃ.૨૬૫)

રાત્રે સૂતી વખતે અઢાર પાપસ્થાનક વિચારવાં

"**પહેલે પ્રાણાતિપાત**–આજે કોઈ જીવના પ્રાણ છૂટે તેવી પ્રકૃતિ મન, વચન, કાયાથી કરવા-કરાવવા કે અનુમોદવા વડે મારાથી થઈ છે? એમ મનને પૂછવું. તે અર્થે ૮૪ લાખ જીવાજોનિનો પાઠ છે તેનો ક્રમ લેવો કે સાત લાખ પૃથ્વીકાય જીવોની યોનિ કહી છે તેમાંથી કોઈ પૃથ્વીકાય જીવ હણ્યો છે, હણાવ્યો છે કે હણતાં અનુમોદ્યો છે? એટલે માટી વગેરેનું કામ આજે કંઈ પડ્યું છે? મીઠું, રંગ, પથ્થર આદિ સચિત જીવો પ્રત્યે નિર્દયપણે વગર પ્રયોજને પ્રવર્તવું પડ્યું છે? અથવા પ્રવર્તવું પડતું હોય તેમાંથી ઘટાડી શકાય તેવું હતું? એવી રીતે અપ્કાય એટલે સચિત પાણી વગર પ્રયોજને ઢોળ્યું છે? પાણી વાપરતાં આ કાચું પાણી જીવરૂપ છે એમ સ્મૃતિ રહે છે? તેવી પ્રવૃત્તિ ઓછી થાય તેમ છે? તેઉકાય એટલે અગ્નિનું પ્રયોજન વિના લગાડવું કે ઓલવવું થયું છે? તેવી રીતે વાયુકાયના જીવોની ઘાત થાય તેવી પ્રવૃત્તિ આજે થઈ છે? પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય આદિ મનુષ્ય સુધીમાં કોઈ પ્રત્યે ક્રૂરતાથી વર્તાયું છે? તેમ ન કર્યું હોત તો ચાલત કે કેમ? પાપ થયું હોય તો પશ્ચાત્તાપ કરવાથી આવતી કાલે તે બાબતની કાળજી રાખી વર્તવાનો ઉપયોગ રહે.

બીજું મૃષાવાદ–જેની જેની સાથે દિવસે કે રાત્રે બોલવું થયું હોય તેમાં જૂઠું, મશ્કરીમાં વા છેતરવા બોલાયું છે? પરમાર્થ સત્ય શું? તે સમજી મારે બોલવાની ભાવના છે તે કેમ પાર પડે? કેવી સંભાળ લેવી ઘટે? વગેરે વિચારો બીજા પાપસ્થાનક વિષે કરવા.

ત્રીજું ચોરી – કહેવાય તેવું પ્રવર્તન મેં કર્યું છે? કરાવ્યું છે? અનુમોદ્યું છે? તેવું બન્યું હોય તો તે વિના ચાલત કે નહીં? હવે કેમ કરવું? વગેરે વિચાર કરવા.

ચોથું મૈથુન–મનવચનકાયાથી વ્રત પાળવામાં શું નડે છે? દિવસે કે રાત્રે વૃત્તિ કેવા ભાવમાં ઢળી જાય છે? તેમાં મીઠાશ મન માને તેને કેમ ફેરવવું? વૈરાગ્ય અને સંયમ વિષે વૃત્તિ રોકાય તેવું કંઈ આજે વાંચ્યું છે? વિષયની તુચ્છતા લાગે તેવા વિચાર આજે કર્યા છે? નવ વાડથી વ્રતની રક્ષા કરવા પરમકૃપાળુદેવે કહ્યું છે, તેમાં કંઈ દોષ થયા છે? તેવા દોષો દૂર થઈ શકે તેમ હોવા છતાં પ્રમાદ કે મોહવશે આત્મહિતમાં બેદરકારી રહે છે? વગેરે વિચારોથી આત્મનિરીક્ષણ કરવું.

પાંચમું પરિગ્રહ– લોભને વશ થઈ જીવને આજે ક્લેશિત કર્યો છે? પાંચ ઇન્દ્રિયોમાંથી વધારે મૂર્છા કયા વિષયમાં છે? અને તેને પોષવા શું શું નવું સંગ્રહ કર્યું? મમતા ધન, ઘર, કુટુંબ આદિ ઉપરની ઓછી થાય છે કે વધે છે? પરિગ્રહ ઘટાડવાથી સંતોષ થાય તેમ છે? મન મોજશોખથી પાછું હઠે છે? બિનજરૂરિયાતની વિલાસની વસ્તુઓ વધે છે કે ઘટે છે?

છટ્ઠે ક્રોધ– કોઈની સાથે અયોગ્ય રીતે ક્રોધ થયો છે? કોઈના કહેવાથી ખોટું લાગ્યું છે? કોઈ ઉપર રિસાવાનું બન્યું છે? વેરવિરોધ વગેરેના વિચાર ટૂંકામાં જોઈ જવા.



સાતમે માન– પોતાની પ્રશંસા થાય તેવું બોલવું, ઇચ્છવું બન્યું છે? બીજાને અપમાન દીધું છે? વિનયમાં કંઈ ખામી આવી છે? વગેરે વ્યવહાર અને પરમાર્થે લક્ષ રાખી વિચારવું.

આઠમે માયા– કોઈને છેતરવા માટે વર્તવું પડ્યું છે? ઉપરથી રાજી રાખી સ્વાર્થ સાધવાનું કંઈ પ્રવર્તન થયું છે? કોઈને ભોળવી લોભ આદિ વધાર્યો છે?

નવમે લોભ– પરિગ્રહમાં પ્રાપ્ત વસ્તુમાં મમતા છે ને લોભમાં નવી ઇચ્છાઓ વસ્તુ મેળવવાની કરી હોય તે તપાસી જવી.

દશમે રાગ– જેના જેના પ્રત્યે રાગ છે તેમાં વૃદ્ધિ થાય છે? ઓછું થઈ શકે તેમ છે? પોતાને ગમતી ચીજો મળે ત્યારે પરમાર્થ ચૂકી જવાય છે? રાગ ઓછો કરવો છે એવો લક્ષ રહે છે? વગેરે વિચારવું.

અગિયારમે દ્વેષ– દ્વેષ પણ તેમ જ.

બારમે કલહ– થાય તેવું કંઈ બન્યું છે?

તેરમે અભ્યાખ્યાન– કોઈને આળ ચઢાવવા જેવું વર્તન આજે થયું છે?

ચૌદમે પૈશુન્ય– કોઈની નિંદા તેની ગેરહાજરીમાં થઈ છે?

પંદરમે રતિ-અરતિ– ભાવો દિવસમાં કેવા ક્યાં ક્યાં થાય છે?

સોળમે પરપરિવાદ– બીજાનું હલકું બોલવું કે નિંદા થઈ છે?

સત્તરમે માયામૃષાવાદ– માયાથી જૂઠું બોલવું થયું છે?

અઢારમે મિથ્યાત્વશલ્ય– આત્માને વિપરીતપણે માની લેવા જેવું કે કુસંગથી મારી ધર્મશ્રદ્ધા ઘટે તેવું આજે કંઈ બન્યું છે? અન્યધર્મીના યોગે થયેલી વાત વિચારી જવી.''

-બો.૩ (પૃ.૬૫૦)

'આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું'.....

આગળ કરેલા પાપોનો અનેક જીવોએ કરેલો પશ્ચાત્તાપ અથવા પ્રતિક્રમણના દૃષ્ટાંતો નીચે મુજબ :

(શ્રી ઠાકરશી લેહરચંદના પ્રસંગમાંથી)

ખોજાને ખોટું લાગ્યું તેથી પ્રતિક્રમણ થયું નથી

કૃપાનાથનું દૃષ્ટાંત :– એક દહાડો શ્રી મુંબઈની રેશમી ઓઢણી લઈને એક વાણિયાનું કૃપાનાથ પાસે આવવું થયું હતું. અને એના તરફથી ઓઢણીની કિંમત પૂછવાથી કૃપાનાથે તે જણાવી હતી .હવે તે જ દિવસે માતુશ્રી તરફથી જમવા બોલાવવામાં આવતાં કૃપાનાથે મને કહ્યું કે - જા, તું જમી લે. અમને જમવાની રુચિ નથી. ત્યારે મેં અરજ કરી કે કેમ સાહેબ? કાંઈ તબિયત નરમ છે? ત્યારે કહ્યું કે ના. ત્યારે ફરી કારણ પૂછ્યું. ત્યારે કૃપાનાથે કહ્યું કે પ્રતિક્રમણ



થયું નથી. આથી હું આશ્ચર્ય પામ્યો ને મેં પૂછ્યું કે સાહેબ, પ્રતિક્રમણ શેનું? ત્યારે કૃપાનાથે કહ્યું કે સવારમાં જે અમે ઓઢણીની કિંમત કરી હતી, તેના સંબંધમાં ઓઢણીના માલિક અત્રેના ખોજાને, અમારા તરફથી તે ઓઢણીની કિંમત ઓછી



થવાથી તે ખપી નહીં, એમ લાગવાથી તેને અમારા પ્રત્યે કાંઈ ખોટું લાગ્યું છે. તેનું હજુ અમારાથી સમાધાન થયું નથી, માટે તું જમી લે. એટલે આપણે તેની પાસે જઈએ. પછી હું જમ્યો અને અમે તે ખોજા પાસે ગયા. ત્યાં તે ખોજાના મનનું સમાધાન કૃપાનાથે કર્યું.

–શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૩૩)

પ.પૂ.પ્રભુશ્રીજી અને પૂ.મોહનલાલજી મહારાજ વચ્ચેની પરસ્પર નિર્મળ ક્ષમાપના


મુનિઓનું દૃષ્ટાંત :– "સંતજનો ઘણા ક્ષમાશીલ અને કેટલા કરુણાળુ હોય છે તે વાત તારીખ ૪ની સાંજે પ્રત્યક્ષ દીઠી.

પ્રભુશ્રીજીએ કૃપા કરીને જેમ ચાલતું હતું તેમ શાસ્ત્રવાંચન શરૂ કરી ચાલુ રાખવાની રજા આપી. તેથી મૂલાચાર વાંચવાની શરૂઆત થઈ. તેમાં પ્રતિક્રમણ છે તે ભાવ પરિણામની શુદ્ધિ છે. એ વાત આવી ત્યારે મોહનલાલજી મહારાજે કહ્યું કે પરિણામમાં (ભાવોમાં) રાગાદિની મલિનતા પ્રકૃતિના ઉદયથી થઈ હોય તો તે દૂર કરી નિર્મળ પરિણામ કરવા; એમ પ્રાયશ્ચિત્ત સંબંધી વાત કરતા હતા.

તે વખતે પ્રભુશ્રીજીએ હાથ જોડીને મુનિદેવ શ્રી મોહનલાલજીને જણાવ્યું કે પ્રકૃતિના ઉદયથી સવારે મારા વડે બોલાયું પણ તમે જે ક્ષમા ધરી સહન કર્યું તે ક્ષમાને નમસ્કાર છે. ત્યારે



મોહનલાલજી મહારાજ પણ તેમના ચરણમાં હાથ મૂકી માથું નમાવવા વાંકા વળ્યા હતા. પણ પ્રભુશ્રીજીના જોડેલા હાથ તેમના મસ્તકને રોકી રહ્યાં હતા.




આમ પરસ્પર મુનિશ્વરોના નિર્મળ પરિણામનું આબેહૂબ ચિત્ર ત્યાં હાજર રહેલાને સ્તબ્ધ કરે તેવું હતું.'' (પૂ.શ્રી બ્રહ્મચારીજીની નોટમાંથી)


આ જીવ પારકા દોષ જોવામાં શૂરો છે, પણ આવા નિખાલસ ભાવે હૃદય ખાલી કરી નમ્રતા ભાવ ધારણ કરવાનું શીખ્યો નથી.

શુદ્ધ અંતઃકરણપૂર્વક ખમાવવાથી મૃગાવતીને કેવળજ્ઞાન

મૃગાવતીનું દૃષ્ટાંત :– ત્રીજું સાધન પરસ્પર ખમાવવાનું છે. તે ઉપર એવી કથા છે કે એક વખતે ચંદનબાળા સાધ્વી તથા મૃગાવતી શિષ્યા સાધ્વી વીરપ્રભુને વાંદવા ગયા હતા. તે દિવસે સૂર્ય ચંદ્ર મૂલવિમાન સહિત પ્રભુને વાંદવા આવ્યા હતા. તેથી અસ્ત સમય થયા છતાં સમવસરણમાં દિવસવત્ પ્રકાશ હતો; પરંતુ દક્ષપણાથી સૂર્યાસ્ત સમય જાણી એકદમ ચંદનબાળા ઉપાશ્રયે આવ્યા, ઈર્યાપથિકી પડિક્કમી નિદ્રાવશ થયા. પછી સૂર્ય ચંદ્ર સ્વસ્થાને ગયા એટલે



એકદમ અંધકાર થઈ ગયો, તેથી રાત્રિ પડી જવાને લીધે ભય પામીને મૃગાવતી તત્કાળ ઉપાશ્રયે આવ્યા. અને ઈરિયાવહી પડિક્કમતાં ચંદના સાધ્વીને કહ્યું કે 'હે ગુરુણીજી ! મારો અપરાધ ક્ષમા કરો.'



ચંદનબાળાએ કહ્યું કે 'હે મૃગાવતી ! તારા જેવી કુલીનને આમ કરવું ઘટે નહીં.' મૃગાવતી બોલી કે 'હવે ફરી વાર આવું કરીશ નહીં.' એમ કહી તે ચંદનબાળાના પગમાં પડ્યા. ચંદનબાળાને તો પાછી નિદ્રા આવી ગઈ, પરંતુ શુદ્ધ અંતઃકરણવડે વારંવાર પશ્ચાત્તાપપૂર્વક ખમાવવાથી મૃગાવતીને કેવળજ્ઞાન પ્રગટ થયું. તેવામાં ચંદનબાળા પાસે સર્પ આવતો હતો, એટલે મૃગાવતીએ કેવળજ્ઞાનથી જાણી ચંદનબાળાનો હાથ ઊંચો કર્યો, તેથી તેઓ જાગી ગયા.



હાથ ઊંચો કરવાનું કારણ પૂછતાં તેમણે સર્પનો વૃત્તાંત જણાવ્યો. ચંદનબાળાએ પૂછ્યું કે-'આવા અંધકારમાં સર્પ આવે છે તે કેમ જાણ્યું ? તેમણે કહ્યું કે–'આપના પસાયે'. એમ પૂછતાં તેને કેવળજ્ઞાન થયેલું જાણી મૃગાવતી શિષ્યા સાધ્વીને ખમાવતાં ચંદન બાળાને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એવી રીતે પરસ્પર ખમાવીને મિથ્યા દુષ્કૃત આપવું.


(ઉ.પ્રા.ભા.ના આધારે)



સમડીએ પોતાના અપરાધની ક્ષમા માગી


સમડીનું દૃષ્ટાંત :– કૌશાંબી નામની નગરીમાં મહિપાલ નામે રાજા હતો. તે નગરના ઉદ્યાનમાં ત્રણ જ્ઞાનને ધારણ કરનાર વરદત્ત નામે મુનિ પધાર્યા. ચતુર્વિધ સંઘને આ પ્રમાણે દેશના આપવા લાગ્યા–જૈન ધર્મ પાળનારો મુમુક્ષુ અપરાધી અને નિરપરાધી બન્ને ઉપર દયા કરે છે. જેમ ચંદ્ર, રાજા અને ચંડાલ બન્નેના ઘર ઉપર સરખી ક્રાંતિ પ્રસારે છે તેમ. આ પ્રમાણે ધર્મદેશના દેતા ગુરુને અકસ્માત હસવું આવ્યું. તે જોઈ સભાજનો વિસ્મય પામી બોલ્યા : ભગવન્! પ્રવચનમાં કહ્યું છે કે હાસ્ય કરવાથી સાત અથવા આઠ પ્રકારના કર્મનો બંધ થાય છે. તો તમારા જેવા મોહને જિતનારા પુરુષોને અવસર વિના હાસ્ય ઉત્પન્ન કેમ થયું? મુનિ બોલ્યા - 'ભદ્રો' સાંભળો, આ લીંબડાના વૃક્ષ ઉપર સમડી નામે પક્ષિણી દેખાય છે, તે પૂર્વભવના વૈરથી ક્રોધ લાવી બે પગ વડે મને મારી નાખવાનો વિચાર કરે છે. તે સાંભળી લોકોએ કૌતુકથી તેનો પૂર્વભવ પૂછ્યો ત્યારે મુનિ તે સમડીને પ્રતિબોધ થવા માટે તે સમડીનો પૂર્વભવ કહેવા લાગ્યા.

આ ભરતખંડમાં આવેલ શ્રીપૂર નામના નગરમાં ધન્ય નામે એક શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સુંદરી હતું. તે વ્યાભિચારિણી હતી. તે એક દિવસ પોતાના પતિને મારવા માટે દૂધમાં ઝેર ભેળવીને આપવા જતી હતી, ત્યાં રસ્તામાં સર્પે ડંખ માર્યો અને તે તુરત મૃત્યુ પામી અને સિંહ થઈ. ધન્ય શેઠે પણ વૈરાગ્ય પામી પછી દીક્ષા ગ્રહણ કરી હતી.





અન્યદા કોઈ વનમાં આ ધન્ય મુનિ કાયોત્સર્ગે રહ્યા હતા. તે વખતે પૂર્વભવની સ્ત્રી જે સિંહ થઈ છે તેણે ધન્ય મુનિને મારી નાખ્યા. મુનિ બારમા દેવલોકમાં ગયા. સિંહ ચોથી નરકે ગયો.




પછી ધન્ય મુનિનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને ચંપાનગરીમાં દત્ત નામના શ્રેષ્ઠીને ઘેર વરદત્ત નામે પુત્ર થયો. જન્મથી જ વૈરાગી, વિવેકી, દાતાર અને દયાળુ હતો. થોડા જ વખતમાં તે સમકિત પામ્યો. સુંદરીનો જીવ ચોથી નરકમાંથી નીકળીને વરદત્તના ઘરે દાસીનો પુત્ર થયો. પૂર્વના વેરભાવને લીધે એ હંમેશાં વરદત્તને શત્રુની જેમ જોવા લાગ્યો. વરદત્તને વિશ્વાસ બેસે એટલા માટે જૈનધર્મ પાળવા લાગ્યો. તેથી શેઠે આ મારો ધર્મબંધુ છે એમ વિચારી લોકોની સમક્ષ પોતાના ભાઈ તરીકે સ્થાપન કર્યો. તે કપટથી ભક્તિ બતાવવા લાગ્યો અને અંદરથી મારવાના ઉપાય વિચારવા લાગ્યો.

તેણે એક વખતે સૂતી વેળાએ શેઠને વિષયુક્ત નાગરવેલનું પાન આપ્યું. પણ શેઠને ચોવિહાર હોવાથી ઓશિકા નીચે મૂકી સૂઈ ગયા. સવારે ઊઠી શેઠ દેરાસરે ગયા. શેઠાણીએ આંગણે ઊભેલા દાસી પુત્રને કહ્યું કે 'દેવર ! આ તાંબુલ ગ્રહણ કરો. તે લઈને ખાઈ ગયો. તત્કાળ તે મરણ પામ્યો.



આર્તધ્યાનના કારણે મૃત્યુ પામીને આ હવે સમડીરૂપે ઉત્પન્ન થયો છે. અને મેં વૈરાગ્ય પામીને આ દીક્ષા ગ્રહણ કરી છે.



તે વખતે સમડી પોતાનો પૂર્વભવ સાંભળી જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી વૃક્ષની નીચે ઊતરી ગુરુના ચરણમાં પડી અને પોતાનો અપરાધ ખમાવ્યો. પછી મુનિના વચનથી અનશન કરીને સ્વર્ગે ગઈ. રાજા વગેરે પ્રતિબોધ પામ્યા અને અહિંસા ધર્મ સ્વીકાર્યો. મુનિ ચારિત્ર પાળીને મોક્ષે પધાર્યા. સમડીએ ક્ષમા માગી તો ઉત્તમગતિને પામી. -ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભા.૨ (પૃ.૨૪)

ગુરુ આગળ પોતાના દોષની સાચા અંતઃકરણે કરેલી કબૂલાત


મદનકુમારનું દૃષ્ટાંત :– એક સદ્‌ગૃહસ્થ હતો તેને પુત્ર થયો. પણ એની મા મરી ગઈ તેથી તેના પિતાશ્રીએ વિચાર્યું કે જો કોઈ સારી કન્યા મળે તો ફરીથી લગ્ન કરું. સારા સંજોગે સારી કન્યા પણ પરણ્યો. પણ થોડા વર્ષોમાં તો બાપ પણ ગુજરી ગયો. હવે ઘરમાં સાવકી મા અને દીકરો રહ્યા. એકાંત બહુ અનિષ્ટ વસ્તુ છે. મદન નામનો દીકરો ભરજુવાનીમાં આવ્યો. સાવકી મા પણ ભરજુવાન હતી. તેથી એકાંત મળતા બન્નેનું પતન થયું.

એક દિવસ આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપતા હતા. તેમાં બ્રહ્મચર્ય સંબંધી બહુ વિસ્તારથી વિવેચન કર્યું. મા અને દીકરો રોજ વ્યાખ્યાન સાંભળવા જાય. આજે બ્રહ્મચર્ય સંબંધી સાંભળવાથી એમના મનમાં બહુ પશ્ચાત્તાપ થયો.

વ્યાખ્યાન પુરું થઈ ગયા પછી લોકો તો બધા ચાલ્યા ગયા. પણ રંભા નામની મા અને મદન નામનો દીકરો બેસી રહ્યા. બધાના ગયા પછી મદને ગુરુ મહારાજને ધીમે સ્વરે કહેવાનું શરૂ કર્યું



કે, મહારાજ! આજે બ્રહ્મચર્ય સંબંધી વ્યાખ્યાન સાંભળીને હું ખૂબ જ ઊંડા વિચારમાં પડી ગયો છું. આપે કહ્યું કે પરસ્ત્રી, વેશ્યા વગેરે સાથે વિહાર કરનારા તો દુર્ગતિ પામે છે. તે તો ખરું પરંતુ હું તો મારી માતા સાથે વિહાર કરું છું તો હવે અમારી કેવી દુર્ગતિ થશે? અને આવા ઘોર પાપમાંથી છૂટવાનો હે મહારાજ, કાંઈ પણ ઉપાય છે? યુવાને ગળગળા થતાં કહ્યું. મહારાજશ્રીએ એક ક્ષણ વિચાર કરીને કહ્યું કે "ભાઈ! તેમાંથી બચવાનો ઉપાય છે." મદને કહ્યું કે "શું ઉપાય છે? તે ગમે તેવો દુષ્કર હશે તો પણ હું તે ઉપાય કરીશ." માતાએ પણ હા કહી.



મહારાજે કહ્યું "તો તમે કાલે એક ખાદીનો કકડો લાવજો અને તેને એક વાસણ ઉપર બરાબર બાંધીને મારા આસન નીચે મૂકી તમે વ્યાખ્યાન સાંભળવા બેસજો. વ્યાખ્યાનનો પૂર્વ વિભાગ પૂરો થાય અને ઉત્તર વ્યાખ્યાનની શરૂઆત કરું ત્યારે તમે તમારી વાત બધા લોકોની સમક્ષ ઊભા થઈ કહી સંભળાવજો. લોકો નિંદા કરે તો પણ તમે સમતા રાખજો. જેમ લોકો નિંદા કરશે તેમ તેમ તમારા કર્મો ખપતા જશે અને ખાદીના કકડામાં રહેલા કાણા પૂરાતા જશે. જેટલા કાણા બાકી રહેશે તેટલા ભવ તમારે કરવાના બાકી છે એમ સમજવું. પછી બન્ને જણ ઘેર ગયા.




બીજા દિવસે મહારાજશ્રીના કહેવા પ્રમાણે ખાદીનો કકડો લાવી વાસણ ઉપર બાંધી મહારાજના આસન નીચે તે વાસણ મૂકી દીધું. વ્યાખ્યાન સાંભળતા પૂર્વ વ્યાખ્યાન પૂરું થયું એટલે મદને ઊભા થઈ વિનયપૂર્વક ધીમેધીમે બોલવાનું શરૂ કર્યું.

'નિષ્કારણ કરુણાળ પ્રભુ! આજે મારે કાંઈક કહેવું છે માટે તે કહેવાની મને અનુજ્ઞા આપો.'

મહારાજશ્રીએ સભા સમક્ષ નજર કરી. તેમના મનોભાવ ઉપરથી બધાની સંમતિ સમજી તે યુવાનને બોલવાની રજા આપી.

''માતા અને પુત્ર વચ્ચે અબ્રહ્મચર્ય સેવવું અસંભવિત છે પણ સંભવિત થયેલું જોઈ મને બહુ કંપારી છૂટે છે.'' યુવાનનો સાદ ગળગળો થઈ ગયો. ''તે માતા પુત્ર પરસ્પર અબ્રહ્મ સેવી અઘોર પાપમાં પડનાર આ તમારી વચ્ચે ઊભા છે તે હું અને આ મારી માતા.''

આ શબ્દો સાંભળતાંની સાથે જ આખો ઉપાશ્રય ગાજી ઊઠ્યો અને બન્નેને ધિક્કાર અને ફીટકારના શબ્દો સંભળાવવા લાગ્યા. પુત્ર અને માતા બન્ને આ નિંદાના શબ્દો સાંભળીને સહન કરી રહ્યા હતા.



મહારાજશ્રી તેના ઉપર એક શબ્દ પણ બોલ્યા નહીં અને ઉત્તર વ્યાખ્યાન શરૂ કરી દીધું.



લોકોને વ્યાખ્યાન સાંભળવાનો રસ ઊડી ગયો અને નિંદા કરવામાં ડૂબી ગયા. વ્યાખ્યાન પૂરું થયે બધા ધિક્કારની લાગણીનો વરસાદ વર્ષાવતાં ઘેર ગયા.

મહારાજે ખાદીનો ખકડો બાંધેલ વાસણ કાઢીને જોયું તો તેમાં બે જ કાણા બાકી રહ્યાં હતા. બીજા બધાં પૂરાઈ ગયા હતાં. તે જોઈ મહારાજે કહ્યું કે "સભામાં બેઠેલા સુશીલા અને સુમન એ બે જણ તમારી કબૂલાતથી ભારે આનંદ પામ્યા છે. તમારા પ્રાયશ્ચિત્તથી તેઓ તમને ખૂબ ધન્યવાદ આપી ગયા છે. આ બે કાણા બાકી રહ્યાં છે તે એમ સૂચવે છે કે હવે બે જ ભવ તમારે કરવાના બાકી રહ્યા છે."

પ્રાયશ્ચિત્તથી શું શું નહિ મળતું હોય? ધન્ય છે ગુરુ મહારાજને કે જેમણે મને આ ઉપાય બતાવ્યો. અને ધન્ય છે એ જૈનધર્મ કે જેમાં આવા ઘોરપાપમાંથી મુક્ત થવાનો માર્ગ પણ છે."

-સામયિકના પ્રયોગો (પૃ.૬૭)


ધર્મની ક્રિયામાં થયેલ આશાતનાથી માતંગ કુળમાં જન્મ

માતંગપુત્રનું દૃષ્ટાંત :– કામરૂપપટણમાં કોઈ ચાંડાલને ત્યાં દાંતવાળો પુત્ર ઉત્પન્ન થયો. તે જોઈ તેની માતાએ ભય પામીને ગામ બહાર જઈ તે પુત્રને તજી દીધો. તેવામાં તે નગરનો રાજા ફરવા નીકળ્યો. તેણે તેને દીઠો, એટલે પરિજન દ્વારા પોતાના મહેલમાં લઈ જઈ તેને ઉછેર્યો.





અનુક્રમે તે યુવાવસ્થા પામ્યો. પ્રાંતે રાજાએ તેને જ ગાદી ઉપર બેસાડીને દીક્ષા લીધી. તે રાજર્ષિ અનુક્રમે જ્ઞાની થયા, એટલે પુત્રને પ્રતિબોધ કરવા ત્યાં આવ્યા. રાજાને ખબર થતાં તે મોટી સમૃદ્ધિથી ગુરુને વાંદીને પાસે બેઠો. તેવામાં તે ચાંડાલની સ્ત્રી પણ ત્યાં આવી. ગુરુને વાંદીને બેઠી. તે માતંગીને જોઈને રાજા હર્ષ પામ્યો અને તે માતંગી પણ રાજાને જોઈને હર્ષ પામી. તેના રોમાંચ વિકસિત થયા અને તત્કાળ તેના બન્ને સ્તનમાંથી દૂધની ધારા નીકળી. તે જોઈને રાજાએ આશ્ચર્ય પામી ગુરુને પૂછ્યું કે - ''હે સ્વામી! મારા દર્શનથી આ માતંગીના સ્તનમાંથી દૂધ કેમ નીકળ્યું?'' મુનિ બોલ્યા કે - 'હે રાજા! આ માતંગી તારી માતા છે. તેણે તને જન્મતાં જ ગામ બહાર તજી દીધો હતો, ત્યાંથી મેં લઈને તારું પાલન કર્યું હતું, અને મારે પુત્ર નહીં હોવાથી તને રાજ્ય આપ્યું હતું. ' તે સાંભળીને રાજાએ પૂછ્યું કે - 'હે ગુરુ! કયા કર્મથી માતંગ કુલમાં મારો જન્મ થયો? અને કયા કર્મથી મને રાજ્ય મળ્યું?' મુનિ બોલ્યા કે - 'તું પૂર્વભવે શ્રીમાન અને વિવેકી શ્રેષ્ઠી હતો. એકદા જિનેન્દ્રની પૂજા કરતાં એક સુગંધી પુષ્પ પદ્માસન ઉપરથી પડ્યું. તે અતિ સુગંધી છે એમ જાણી તેં ફરીથી તે પુષ્પ પ્રભુ પર ચઢાવ્યું.






અવિધિએ સ્નાન કર્યા વિના એ પ્રમાણે કરવાથી તેં માલિન્યપણાનું પાપકર્મ ઉપાર્જિત કર્યું, તે પાપની આલોચના કર્યા વિના મરણ પામી માતંગ કુળમાં તું ઉત્પન્ન થયો, અને વિધિપૂર્વક પૂજા કરવાના પુણ્યથી તું રાજ્ય પામ્યો.'' આ પ્રમાણે સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તરત જ તેણે રાજ્ય તજી દઈને દીક્ષા લીધી. અંતે સમગ્ર દુષ્કર્મ આલોચી પ્રતિક્રમીને સ્વર્ગે ગયો. -ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ-૫ (પૃ.૧૮)

આવશ્યક નિત્યનિયમ પ્રતિદિન સમયસર કરવાં

એક શિષ્યનું દૃષ્ટાંત :– આપણે સામાયિક, આલોચના, આત્મસિદ્ધિ વગેરે રોજ બોલીએ છીએ તે ક્રિયાઓ વડે મન શુદ્ધ થાય છે અને પરિણામ સ્થિર થઈ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. એક શિષ્યને શંકા થઈ કે આ રોજ નિત્યનિયમના પાઠ કરવા વિગેરે ક્રિયા શું કામ કરવી જોઈએ? તેથી ગુરુને પૂછ્યું. ગુરુએ વિચાર્યું કે આને એકદમ સમજાવવાથી નહીં સમજે તેથી કહ્યું કે પછી સમજાવીશ. પછી તેઓ જે કુટિરમાં રહેતા હતા ત્યાં શિષ્ય સવારે આવ્યો ત્યારે તેને કહ્યું કે આજે તો બહાર અમુક જગ્યાએ બેસવું છે. બીજે દિવસે નદીએ લઈ ગયા. ત્રીજે દિવસે અન્ય





સ્થળે ગયા. એમ કરતાં સાત દિવસ કુટિર સાફ ન કરતાં અન્ય સ્થળે રહ્યા પછી આઠમે દિવસે શિષ્યને કહ્યું કે આ કુટિર ઝટ સાફ કર. પરંતુ ત્યાં કચરો બહુ હતો તેથી શિષ્યે કહ્યું કે અહીં તો બહુ કચરો થઈ ગયો છે તેથી સાફ કરતાં વાર લાગશે.



ત્યારે એ ઉપરથી ગુરુએ સમજાવ્યું કે આપણે રોજ કેટલાંય પાપ કરીએ છીએ. તેનું નિવારણ કરી ચિત્તશુદ્ધિ કરવાની દરરોજ જરૂર છે. નિત્યનિયમ પ્રમાણે દરરોજ ક્રિયાઓ ન કરીએ તો પછી કર્મમેલ વધી જતાં શુદ્ધિ કરવાનું બહુ મુશ્કેલ પડે; મન સ્થિર થાય નહીં. ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ ન થતાં દોષવૃદ્ધિ થાય. જ્યારે તત્ત્વ વિચારવા તો સાત્વિક મન જોઈએ. તે માટે ગુરુ-આજ્ઞા અનુસાર ક્રિયા પ્રતિદિન ભાવપૂર્વક કરવી જોઈએ.તો પુણ્યબંધ થઈ પરંપરાએ તે મોક્ષનું કારણ થાય. આત્માર્થે ક્રિયા કરવાનું લક્ષ રાખવું. જપ-તપ પૂજાપાઠ એક આત્માર્થે કરી સંસારથી છૂટવા માટે કરવા. મન સ્થિર થઈ સંવર, નિર્જરા થાય એ લક્ષ રાખવો. સંસારની સર્વ ઇચ્છા ત્યાગીને આજ્ઞા આરાધવી.

"જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે."

'નિત્યનિયમાદિ પાઠ' માંથી –

વૈરાગ્યભાવે ઊંડા ઊતરતાં ભગવાનનું અને પોતાનું સ્વરૂપ એક જણાય છે

"પોતાના દોષો અંતરમાં તપાસતાં ભગવાન તરફ નજર જાય છે. ભગવાનનું અંતર કેવું છે? તે સમજાય ત્યારે મારું અંતર પણ તેવું જ છે એમ જણાય. ભગવાનમાં દોષ કે વિભાવ નથી એ વિચારતાં પોતે દોષ અને વિભાવથી પાછો વળે. ત્રણ લોકના નાથ શુદ્ધ આત્મારૂપ ભગવાન છે. ભગવાનના તત્ત્વ-આત્મસ્વરૂપ સુધી નજર જાય તો ચમત્કાર લાગે કે મારું સ્વરૂપ તમે પ્રગટ કર્યું તેવું જ છે! મૂળ સ્વરૂપમાં ક્યાંય ભેદ નથી, કર્મને લઈને ભેદ કહેવાય છે. "જિનપદ નિજપદ એકતા." ક્ષમાપનાની વચ્ચે મૂકેલા આ વાક્યમાં કૃપાળુદેવે ઉત્તમ મર્મની વાત કહી દીધી છે."

ઊંડો વિચાર કરવામાં આવે તે સૂક્ષ્મ વિચાર છે તેથી આત્મજ્ઞાન થાય

"કર વિચાર તો પામ." વસ્તુ સ્વરૂપ સમજવા જે ઊંડો વિચાર કરવામાં આવે તે સૂક્ષ્મ વિચાર છે. "વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઊપજે; અનુભવ યાકો નામ." એમ બનારસીદાસે કહ્યું છે."

આત્મવિચારથી સુખશાંતિ થાય. પણ તે સદ્‌ગુરુના બોધે થાય તો જ સાચી

"બીજા વિચારથી મન થાકી જાય, માથું દુઃખે. આત્માનો વિચાર કરતાં સુખ ઊપજે, શાંતિ થાય. ઊંડો ઊતરું છું એટલે બાહ્યભાવથી છૂટું છું. જ્ઞાની પુરુષના વચનના અવલંબને પોતાનું ખરું સ્વરૂપ સમજાય છે. સદ્‌ગુરુના બોધે જે વિચારણા થાય તે સુવિચારણા છે."

બીજા વિચારો રોકી મનને આત્મવિચારમાં લઈ જવા આત્મબળ કરવું પડે

"બીજા વિચારોથી રોકીને મનને આત્મવિચારમાં લઈ જવું હોય તો ત્યાં આત્મવીર્ય ફોરવવું પડે છે. પછી તેનો અભ્યાસ થઈ જતાં મન તે તરફ સહેજે ઢળે ત્યારે બીજાં કામ કરતાં પણ



આત્મવિચારમાં રહી શકે. ભગવાનનું સ્વરૂપ અદ્‌ભુત છે! વૈરાગ્ય, ઉપશમ વડે ઊંડા ઊતરતાં મારા સ્વરૂપને પ્રકાશિત કરે તેવું તમારું સ્વરૂપ કેવું જણાય?''

(નિત્ય. પાઠ પૃ.૪૧)

'બોધામૃત ભાગ-૧' માંથી :–

સત્સંગમાં સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરે તો મોક્ષની રુચિ થાય

''જીવનમાં કરવા યોગ્ય એક સત્સંગ છે. ત્યાં સાંભળવાનું મળે છે. પ્રભુશ્રીજી કહેતા કે મરી જજો પણ સત્સંગ કરજો, સમ્યક્‌દર્શન એને રુચે, સંસાર અસાર છે એમ લાગે. મોક્ષ શાશ્વત છે, એ રુચ્યો તો સમ્યગ્‌દર્શન થયું. જ્યારથી મોક્ષની રુચિ થઈ ત્યારથી સમ્યગ્‌દર્શન છે. રોજ સંભારવું કે 'હું શું કરવા આવ્યો છું? શું કરું છું?' એમ જો જીવ વિચાર કરે તો પ્રતિક્રમણ થાય. પ્રતિક્રમણથી પણ વધારે લાભ છે. કરે તો થાય.'' -બો.૧ (પૃ.૩૭૭)

''શું કરવાને તું આવીઓરે, શું કીધો વિચાર;
આજકાલ ઊઠીને ચાલવું, હાંરે મુકી સર્વે સંસાર, જોને વિચારી જીવડા.
જોને વિચારી જીવડા રે માથે મરણનો માર, જોને વિચારી જીવડા.''

''હે ભાઈ જરી મનમાં વિચારો, કેમ આવ્યો હું અહીં;
ને શું કર્યું મેં કાજ આજે, વ્યર્થ તો જીવ્યો નહીં;
બગડ્યું જરૂર સુધારવું, સુધરેલ બગડે ના હવે,
એ કાળજી ધરી કાળજે, જીવન ગુજારું આ ભવે.'' -પૂ. શ્રી બ્રહ્મચારીજી

''તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

ભગવાનની નીરાગી દશા સમજવા માટે પોતાના રાગદ્વેષ છોડવા પડે

''જ્ઞાની પુરુષ કેવા નિશ્ચિંત છે, સુખી છે તેનો વિચાર કરીએ તો આપણું ચિત્ત એ ભાવમાં જાય છે; જ્ઞાની પુરુષ કેવા છે તે કહે છે. નીરાગી! તે દશા સમજવા પોતાને રાગ છોડવો પડે. જ્યારે પોતાને રાગદ્વેષ થાય ત્યારે ભગવાનનું નીરાગી સ્વરૂપ સંભારે તો રાગદ્વેષ જતા રહે.''

પ્રભુ રાગદ્વેષરહિત હોવાથી, નિર્વિકારી, સત્‌ચિદાનંદી અને સહજાનંદી છે

''નિર્વિકારી–રાગદ્વેષથી થતા સર્વ વિકારથી રહિત. સત્-આત્મા, સત્ ચિદ્ આનંદ સ્વરૂપ, આત્માને જાણવાથી થતાં આનંદ સ્વરૂપ, ભગવાન આત્મિક સુખવાળા છે. રાગ, વિકાર અને વિષયાદિનો આનંદ દુઃખના કારણ છે. ભગવાન તેથી છૂટ્યા છે. પોતાના આત્માનું સહજ સુખ અનુભવે છે. આટલું તો અપૂર્ણ દશામાં પણ ક્વચિત્ હોય; હવે પૂર્ણદશાનાં લક્ષણો કહે છે.''



ભગવાન સર્વજ્ઞદશાને પામેલા હોવાથી અનંતજ્ઞાની, અનંતદર્શી છે

''ભગવાન પૂર્ણ દશાને પામ્યા હોવાથી અનંતજ્ઞાની અને અનંતદર્શી છે. ''હે મુમુક્ષુ, એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ. અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવર્ત અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે.''

ભગવાન કેવળજ્ઞાની હોવાથી ત્રણેય લોકને જણાવવા સમર્થ છે

''સર્વ આવરણ દૂર થયા હોવાથી ભગવાનને ત્રણે લોકનું ત્રણે કાળનું જ્ઞાન છે. તેથી ત્રૈલોક્યપ્રકાશક છે. આ ભગવાનના ગુણોમાં ચિત્ત રાખવા યોગ્ય છે. બીજું જાણવાની ઇચ્છાથી નિવર્તી જ્ઞાનીના સ્વરૂપનો લક્ષ રાખવો.'' (પૃ.૪૨)

'બોધામૃત ભાગ-૧' માંથી :–

'મારું ખરું સ્વરૂપ જ્ઞાન-દર્શન છે, એવી ભાવના કરવાની છે'

''રોજ બોલીએ છીએ : ''તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.'' એ જ આપણું સ્વરૂપ છે. મારું ખરું સ્વરૂપ જ્ઞાન-દર્શન છે, એવી ભાવના કરવાની છે. જે ખરું સ્વરૂપ છે તે વારંવાર સંભારવાનું છે. જ્ઞાની તો પોકારી પોકારીને કહે છે, પણ એને બેસવું જોઈએ ને?'' (જૂનું બો.૧ પૃ.૨૭૩)

''હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

''આ ક્ષમાપના કોઈ સાંસારિક સુખની ઇચ્છાથી કરી નથી. માત્ર આત્માનું હિત થાય, કર્મ-બંધથી મુક્ત થવાય એ હેતુથી કરી છે. ખરા ભાવથી ભગવાનને અંતરમાં સાક્ષી રાખીને કરી છે. પૂર્વે બાંધેલા કર્મ ઉદય તો આવે પરંતુ તે વખતે રાગદ્વેષ ન કરતાં સમતા ક્ષમા રાખું જેથી ફરી તેવાં કર્મ ન બંધાય એમ ભગવાન પ્રત્યે યાચના છે, બીજું કંઈ ઇચ્છવું નથી. જે આવે તે ખમી ખૂંદવું. ભગવાનને ભૂલવા નહીં. ધીરજ ન છોડવી. દૃઢતા હોય તો ક્ષમા રહે.'' (નિત્ય. પાઠ પૃ.૪૩)

'બોધામૃત ભાગ-૩' માંથી :–

પરમકૃપાળુદેવનો આશ્રિત થયો તે વહેલો મોડો તેની દશાને પામશે

''આપને પાખી ઉપર પત્ર લખવા વિચાર હતો પણ વહેલો મોકો મળ્યો તો વહેલી ક્ષમા-યાચનામાં કંઈ દોષ નથી. ગયા કાળથી ચોમાસી પાખી પર્યંત આપના તથા આપના કુટુંબી પ્રત્યે કંઈ દોષ થયા હોય તેની ઉત્તમ ક્ષમા નમ્રભાવે પરમકૃપાળુદેવની સાક્ષીએ જય સદ્‌ગુરુવંદનપૂર્વક યાચું છું તે સ્વીકારી ઉત્તમ ક્ષમા આપવા કૃપાવંત થશોજી. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીની અનંત કૃપાથી જે જે જીવોને પરમકૃપાળુદેવની ભક્તિનો રંગ લાગ્યો છે તે ચોલમજીઠના રંગ જેવો છે. જે



પરમકૃપાળુદેવનો આશ્રિત થયો તે વહેલો મોડો તેની દશાને પામશે, એમ વિચારી સર્વ પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખી સર્વની ક્ષમા યાચી નિઃશલ્ય થવાનો પ્રાચીન રિવાજ વિચારવાન જ્ઞાનીઓનો આપણા સર્વને અત્યંત ઉપકારી છેજી.'' -બો.૩ (પૃ.૪૧૩)

''એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. !''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

નવતત્ત્વ કે છ પદ વગેરેમાં મને શંકા ન થાય એ જ અભિલાષા

''ભગવાન પાસે શું માગ્યું છે તે કહે છે. એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય. તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું. નિઃશંકતા એ સમકિતનો પહેલો ગુણ છે. એક પળ માત્ર શંકા થાય તો બધું બગાડી નાખે, ગાઢ કર્મ બાંધી લે. શંકા સંતાપકારી છે. શંકા રહિત સમકિતીને રાતદિવસ પુરુષાર્થ જાગે, રાતદિવસ આત્મામાં વૃત્તિ લાગી રહે. એમ એ રીતે મોક્ષમાર્ગમાં વર્તું એ માગ્યું.''

રાતદિવસ તમારી કહેલી ભક્તિ અને સ્વાધ્યાયમાં જ મારી વૃત્તિ રહો

''પુષ્પમાળા''માં ભક્તિકર્ત્તવ્ય અને ધર્મકર્ત્તવ્ય એમ ભેદ બતાવ્યા છે. સત્પુરુષની આજ્ઞાએ સ્તુતિ, નિત્યનિયમ, સ્વાધ્યાય વગેરે કરવું તે ભક્તિ છે અને તે કરતાં જે આત્મહિતના વિચાર આવે, કષાયની મંદતા થાય, આત્માનાં પરિણામ સ્થિર થાય તે ધર્મ છે. શરૂઆતમાં ભક્તિ એ મુખ્ય છે. તેનું પરિણામ ધર્મ છે તે આગળ ઉપર સમજાય છે.''

દિવસે, રાત્રે કે નિદ્રામાં તમારી કહેલી આજ્ઞામાં જ પ્રવર્તુ એ જ ઇચ્છા

''દેહને અંગે બીજાં કાર્યમાં પ્રવર્તવું પડે ત્યારે અને રાત્રે નિદ્રામાં પણ ભાવના તો આત્માર્થ કરવાની જ રહે એમ લક્ષ રાખવો. એમ દિવસે તેમ જ રાત્રે ભગવાનની આજ્ઞામાં ધર્મધ્યાનમાં પ્રવર્તાય એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ એટલે મારી સર્વ ઇચ્છા તેમ જ વર્તન મોક્ષ માટે જ હો.'' (નિત્ય. પાઠ પૃ.૪૩)

''હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.''

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

પૂર્વે કરેલા પાપોની ક્ષમા ચાહું છું અને નવા ન બંધાય એમ ઇચ્છું છું

''હે ભગવાન ! આપ સર્વજ્ઞ છો તેથી બધું જાણો છો. મારાં સત્તામાં રહેલાં કર્મને પણ જાણો છો. હું અલ્પજ્ઞ તમને શું કહું ? મારાં કર્મજન્ય પાપો ક્ષય થાય અને ફરી તેવાં ન બંધાય એવી સમતા ક્ષમા ધીરજ રહે એમ ઇચ્છું છું.'' (નિત્ય.પાઠ પૃ.૪૪)



માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.....

'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી :–

માત્ર પશ્ચાત્તાપથી કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છે તો જ કલ્યાણ

''કોઈ સાધુ જેણે પ્રથમ આચાર્યપણે અજ્ઞાનઅવસ્થાએ ઉપદેશ કર્યો હોય, અને પછી તેને જ્ઞાનીપુરુષનો સમાગમ થતાં તે જ્ઞાનીપુરુષ જો આજ્ઞા કરે કે જે સ્થળે આચાર્યપણે ઉપદેશ કર્યો હોય ત્યાં જઈ એક ખૂણે છેવાડે બેસી બધા લોકોને એમ કહે કે મેં અજ્ઞાનપણે ઉપદેશ આપ્યા છે, માટે તમે ભૂલ ખાશો નહીં; તો તે પ્રમાણે સાધુને કર્યા વિના છૂટકો નહીં. જો તે સાધુ એમ કહે, 'મારાથી એમ થાય નહીં; એને બદલે આપ કહો તો પહાડ ઉપરથી પડતું મૂકું, અથવા બીજું ગમે તે કહો તે કરું; પણ ત્યાં તો મારાથી નહીં જવાય.' જ્ઞાની કહે છે 'ત્યારે એ વાત જવા દે. અમારા સંગમાં પણ આવતો નહીં. કદાપિ તું લાખ વાર પર્વતથી પડે તોપણ કામનું નથી. અહીં તો તેમ કરશે તો જ મોક્ષ મળશે. તેમ કર્યા વિના મોક્ષ નથી; માટે જઈને ક્ષમાપના માગે તો જ કલ્યાણ થાય.'' (વ.પૃ.૬૯૨)

ઉદયન રાજાનું દૃષ્ટાંત – સાધર્મી ભાઈ પ્રત્યે ક્ષમાયાચના કરું. ઉદયન રાજાને ત્યાં ભગવાનની પ્રતિમા હતી. તે પ્રતિમાને સાચવવા માટે રાજાએ એક દાસી રાખી. તે કુબજા હતી. પણ ગુટીકાના પ્રભાવથી તે બહુ સુંદર બની ગઈ. એક દિવસ ચંડપ્રદ્યોત રાજા ત્યાં આવ્યો. તે દાસીને જોઈ મોહ પામ્યો અને તેને સાથે આવવા જણાવ્યું. પણ તેણીએ કહ્યું કે ભગવાનની પ્રતિમા લો તો જ હું આવું, નહીં તો નહીં. તેથી રાજા ચંડપ્રદ્યોત ભગવાનની પ્રતિમા તથા દાસી બન્નેને લઈ ગયો. ઉદયન રાજાને ખબર પડવાથી તેની સાથે યુદ્ધ કરી ચંડપ્રદ્યોત રાજાને પકડી લાવ્યો અને તેના કપાળમાં દાસીપતિ એવો પટો કરી ચોંટાડ્યો. જ્યારે પર્યુષણ પર્વ આવ્યા ત્યારે ઉદયન રાજાએ ઉપવાસ કર્યો અને રસોયાને કહ્યું કે ચંડપ્રદ્યોત રાજાને જે ભાવે તે પૂછીને બનાવ. રસોઈઆએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે આજે કેમ પૂછે છે? કોઈ દિવસ તો પૂછતો નથી. ત્યારે રસોઈઆએ કહ્યું કે આજે તો અમારા ઉદયન રાજાને ઉપવાસ છે. ત્યારે ચંડપ્રદ્યોતે વિચાર્યું કે કદાચ મને મારવા માટે એમ કર્યું હશે એમ ધારી તેણે કહ્યું : મારે પણ આજે ઉપવાસ છે. તે વાત સાંભળીને ઉદયન રાજાએ વિચાર્યું કે અહો! આ તો મારો સાધર્મીભાઈ થયો. તેથી તેને કેદમાંથી મુક્ત કરાવ્યો અને પોતે





પણ માન મૂકી તેની ક્ષમા માગવા ગયો. ક્ષમા માગી પોતાના રાજ્યમાં પાછો મોકલાવી દીધો. (ઉપદેશાપ્રાસાદ ભાષાંતર ભા.૩)

આમ સહધર્મી ભાઈબહેનો પ્રત્યે ખરા અંતઃકરણથી ખમાવું; પણ ખમાવવામાં માન રાખું નહીં.

'બોધામૃત ભાગ-૧' માંથી :–

ભવભીરુ જીવ કષાય થાય તો પશ્ચાત્તાપ કરે અને તે પોતાનો દોષ માને

મુમુક્ષુ–કોઈ અયોગ્ય કાર્ય કરતાં પ્રથમ વિચાર નથી આવતો અને પછીથી વિચાર આવે ત્યારે પશ્ચાત્તાપ થાય છે એનું શું કારણ હશે?

''પૂજ્યશ્રી–એટલી વિચારની ખામી છે. કેટલાક જીવોને અયોગ્ય કાર્ય કરતાં પ્રથમ વિચાર નથી આવતો અને પાછળથી પણ પશ્ચાત્તાપ નથી થતો. કેટલાકને પ્રથમ વિચાર નથી આવતો અને પાછળથી પશ્ચાત્તાપ થાય છે. અને કેટલાકને પહેલાં વિચાર થાય કે આ મારે કરવા યોગ્ય નથી છતાં પરાધીનતાને લીધે કરે, પછી પશ્ચાત્તાપ કરે છે. જીવ ભવભીરૂ હોય તેને કષાય ભાવ થવા લાગે ત્યારે આ સારા છે એમ ન થાય. તેને મનમાં 'એમ શા માટે થયું?' એટલું થાય પછી વિચાર કરે કે કોઈનો દોષ નથી. મારા કર્મનો દોષ છે. તેથી આગળ વાદ, પ્રવાદ કે ઝઘડા થતા નથી.'' -બો.૧ (પૃ.૨૨૯)

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપનો થોડો જ અવસર સંભવે

''કામ, માન અને ઉતાવળ એ ત્રણ મોટા દોષો છે. ઉતાવળ એ મોટો દોષ છે. દરેક કામમાં બોલતાં ઉતાવળ ન કરવી. વિચાર કરીને બોલવું. આ હું બોલું છું તે હિતકારી છે કે નહીં? એમ વિચાર કરીને બોલવું. થોડુંક થતું હોય તો થોડુંક કામ કરવું. પણ સારું કામ કરવું. ઉતાવળ ન કરવી. વિચારની ખામી છે.'' -બો.૧ (પૃ.૨૨૯)

'બોધામૃત ભાગ-૩' માંથી :–

હું કોઈને દુઃખનું કારણ ન થાઉં માટે સર્વને સાચાભાવે ખમાવું છું

''ખમાવું સર્વ જીવોને, સર્વે જીવો ખમો મને;
મૈત્રી હો સર્વની સાથે, વૈરી માનું ન કોઈને.

અષાઢ ચોમાસી પાખી સંબંધી આપ કોઈ પ્રત્યે માઠા યોગાધ્યવસાયથી જાણતાં-અજાણતાં અયોગ્ય વર્તન થયું હોય તે ભાવ નિંદી, ફરી તેમ નહીં વર્તન થવા દેવાની ભાવનાએ ઉત્તમ ક્ષમા પરમકૃપાળુદેવની સાક્ષીએ ઇચ્છું છું તથા તેવા કોઈ આપના વર્તનની સ્મૃતિ રહી હોય તે ભૂંસી નાખી નિઃશલ્યપણે ખમું છુંજી. ક્લેશનું કારણ કોઈને આ જીવ ન થાય અને કોઈને ક્લેશનું કારણ ન માને એવા ભાવ ટકી રહે તેવી પરમકૃપાળુદેવ પ્રત્યે સાચા અંતઃકરણે યાચના-ભાવના-ઇચ્છા છે. સર્વને નમ્રભાવે ખમાવી પત્ર પૂર્ણ કરું છુંજી.'' -બો.૩ (પૃ.૭૦૩)



પર્યુષણની આરાધના કરી સર્વને ભાવથી ખમાવે તો આરાધક કહેવાય

''આજના દિવસમાં કોઈના પ્રત્યે વિરોધ થયો હોય તે સાંજ સુધીમાં શમાવી દેવા ક્ષમાપના આદિ ઉપાય લઈ શાંત થવું. બાર માસમાં જે દોષ થયા હોય તે યાદ હોય તો તેના ઉપાય લઈ નિર્વૈર થવું અથવા યાદ ન હોય તો અંતરભાવથી સર્વ પ્રત્યેથી વેર-વિરોધરહિત થવું એ આશયથી પર્યુષણપર્વની ક્ષમાપના હોય છે. જેની સાથે વિરોધ હોય, જાણતાં હોઈએ છતાં તે વેર મટાડવા ઉપાય ન લઈએ કે વધારીએ અને દૂર જ્યાં વેર ન હોય ત્યાં પત્રાદિ લખીએ એવી હાલ રૂઢિ થઈ ગઈ છે તે પલટાવી હૃદયમાંથી વેરભાવનું કલંક દૂર કરી, ''સર્વ જીવો મારા મિત્રો છે, તેમણે કરેલા દોષો ભૂલી જઉં છું અને મેં તેમના પ્રત્યે કરેલા દોષોની ક્ષમા ઇચ્છું છું.'' આવું ઉદાર દિલ જ 'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ' પામવા યોગ્ય છેજી. આ પત્ર વારંવાર વિચારી, હૃદય કોઈ પ્રત્યે વેરભાવ ન રાખે તેટલી નમનતા, લઘુતા અને સર્વને ક્ષમાવવાની યોગ્યતા લાવે તેમ જ આચરવાની હિંમત ધરી નિઃશલ્ય થાય તેમ કરવા વિનંતી છેજી.''

–બો.૩ (પૃ.૬૦૧)

કષાય થાય એ મોટો દોષ અને કષાય ઘટે તેટલું કલ્યાણ

''સભામંડપમાં જેની સાથે વિક્ષેપ થાય તેવો પ્રસંગ થયો હોય તેની વિનયભાવે ક્ષમા ઇચ્છવા યોગ્ય છે અને ફરી તેવો પ્રસંગ સત્સંગમાં ન બને તેવો લક્ષ રાખવા યોગ્ય છે. પોતાનો વાંક ન હોય તોપણ સામાના ચિત્તને સમાધાન થાય તે અર્થે પણ ક્ષમા માગવા યોગ્ય છે. ટાઢા પાણી (પીવા) કરતાં કષાય પરિણામ થાય તે મોટો દોષ છે. તેવાં પરિણામમાં ફરી ન અવાય તેવો નિશ્ચય તે ખરું પ્રાયશ્ચિત્ત છે. ફરી એકાસણું કરવું તે દ્રવ્ય-પ્રાયશ્ચિત્ત છે.'' -બો.૩ (પૃ.૬૨૬)

હું તો અધમાધમ છું એમ થાય તો અભિમાન ન થાય

''જીવને 'હું સમજું છું' એવું અભિમાન રહ્યા કરે છે તેથી બીજાઓ સાથે ક્લેશ કરે છે : 'તમે બરાબર જાણતા નથી, આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ.' એ આદિ 'હું સમજું છું' એવું જીવનું અવ્યક્ત અભિમાન છે. 'હું અધમ છું' એવો જો નિશ્ચય થાય તો તે એમ જાણે કે 'આખું જગત મારા કરતાં સારું છે' એટલે કોઈથી પણ એને ક્લેશ થાય નહીં.'' -બો.૩ (પૃ.૬૨૬)


પશ્ચાત્તાપપૂર્વક કરેલા પાપની આલોચના કર્યા વિના પાપથી છુટાતું નથી

''ગુરુનો યોગ હોય તો જઘન્યપણે પ્રતિવર્ષ તો જરુર ગુરુ પાસે આલોચના કરવી. કહ્યું છે કે 'જંબુદ્વીપમાં જેટલાં વેલુઓનાં રજકણ છે તે બધાં રત્નો થઈ જાય અને તેટલાં રત્ન કોઈ પ્રાણી સાત ક્ષેત્રમાં આપે તો પણ આલોચના કર્યા વિના એક દિવસના પાપથી પણ છુટાતું નથી.' વળી કહ્યું છે કે 'જંબુદ્વીપમાં જેટલા પર્વતો છે તે બધા સુવર્ણના થઈ જાય તેને કોઈ સાત ક્ષેત્રમાં આપે તો પણ આલોચના કર્યા વિના એક દિવસના પાપથી પણ છુટાતું નથી.' ત્યારે આલોચના વિના



ઘણા દિવસોના ઉપાર્જિત પાપની હાનિ તો કેવી રીતે થાય? તેથી વિધિપૂર્વક આલોચના કરીને ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રમાણે જો કરે તો જ તે ભવે પણ પ્રાણી શુદ્ધ થાય છે. જો એમ ન હોય તો દૃઢપ્રહારી વગેરેની તે જ ભવે સિદ્ધિ કેમ થાય?'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩ (પૃ.૩૭)

એક કુંભારનું દૃષ્ટાંત :– ''એક કુંભાર માટલા ઘડતો હતો. ત્યારે એક છોકરો દૂર બેસીને નિશાન તાકીને કાંકરો ફેંકી માટલાને કાણું પાડી નાખે. ત્યારે કુંભારે કહ્યું કે ભાઈ તું આ શું કરે છે? મારા માટલાને નુકસાન થાય છે. ત્યારે છોકરો કહે–મિચ્છામિ દુક્કડં એમ બે-ત્રણ વાર માટલા ફોડી એમ જ કહ્યા કરે. ત્યારે કુંભારે પણ એક કાંકરો લઈ છોકરાને કાને જોરથી મરડવા



લાગ્યો. ત્યારે છોકરો કહે મને બહુ દુઃખે છે. ત્યારે કુંભાર કહે–મિચ્છામિ દુક્કડં. છોકરો કહે–એવો કેવો તારો મિચ્છામિ દુક્કડં. ત્યારે કુંભાર કહે-જેવો તારો તેવો મારો. પછી માટલા ફોડવાનું તેણે બંધ કર્યું.

આમ દોષ કર્યા કરે પણ પશ્ચાતાપ કરી જીવ પાછો ન ફરે તો તે દોષો કેમ જાય? માટે પશ્ચાતાપ કરી દોષો ઘટાડવા કે મટાડવા જોઈએ તો જ જીવનું કલ્યાણ થાય.

બે ચોરોએ સાચા ભાવથી પશ્ચાત્તાપ કર્યો તો પાપ ધોવાઈ ગયું

ત્રણ ચોરનું દૃષ્ટાંત :– ''બે ચોરોએ પોતાના બન્નેના ભોગ માટે સમાન માલિકીપણે દ્રવ્યની ચોરી કરી હતી. તેમાં એક ચોર પોતાના આત્માને સાચા અંતઃકરણથી ઠપકો આપતો કહે છે કે, 'આવી ચોરીનું અકાર્ય કરનાર મને ધિક્કાર થાઓ', આ પ્રમાણે પશ્ચાત્તાપ થવાથી ચોરી



સંબંધી થયેલા પાપનો ક્ષય થયો, એટલે તેને ચોરપણાનો અભાવ થયો. કેવી રીતે? તો કે કોઈક તેવા નિમિત્તથી રાજપુરુષોએ તેમના ઉપર ચોરીની શંકા થવાથી પકડ્યો અને દિવ્ય કર્યું. તેમાં તપાવેલ લોઢાના અડદ અને તેવા બીજા પ્રકારે શુદ્ધિ કરી. ફરી પણ ગુદામાં શૂળી ભોંકી. આ વગેરે દેવતાના પ્રભાવથી તે ચોરને કશી આંચ ન આવી.

તથા બીજા ચોરે વિવિધ પ્રકારના અકાર્ય કરેલાં અને પારકું દ્રવ્ય ભોગવવાના સમયે તેને ઘણો પશ્ચાત્તાપ થયો. એ પશ્ચાત્તાપના કારણે ચોરી સંબંધી ઉપાર્જન કરેલું પાપકર્મ ધોવાઈ ગયું. ત્યારપછી રાજસેવકોએ તેને પકડ્યો. દેવતાના પ્રભાવથી તપેલા અડદ વગેરેથી તેની પરીક્ષા - શુદ્ધિ કરી. દિવ્ય પ્રભાવથી તથા ચોરીનું પાપકર્મ ધોવાઈ ગયેલ હોવાથી તે ચોરને કશી આંચ ન આવી.



હવે ત્રીજા ચોરને પકડ્યો, રાજ્યાધિકારીઓએ પૂછ્યું, એટલે તેણે કહ્યું કે તે બન્ને ચોર છે એમ જણાવ્યું. ત્રીજાને શૂળી પર ચઢાવ્યો, તો તે મૃત્યુ પામ્યો.


ત્યાર પછી પહેલા ચોરે પણ ચોરી કર્યાની કબુલાત સ્વીકારી કે અમે પણ ચોરી કરેલી જ છે. તેને ગુદામાં શૂળી ભોંકી, પરંતુ વિંધાયા વિના તે નીચે ઊતરી આવ્યો, ત્યારે સર્વ લોકો વિસ્મય પામ્યા, એટલે દેવતાઓએ સાચી હકીકત જણાવી કે, આણે ચોરી કરી હતી, પરંતુ પશ્ચાત્તાપરૂપભાવથી ચોરીથી ઉપાર્જન કરેલ કર્મ ખપાવી નાખ્યું છે. ત્યાર પછી તે વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી, ચોર ઋષિ તરીકે પ્રસિદ્ધિ પામ્યો.'' -ઉપદેશ પદ મહાગ્રંથ (પૃ.૪૯૮)



પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત ન કરવાથી ભયંકર સ્થિતિ પ્રાપ્ત થઈ

એક ગોવાળે બાવળની સૂળમાં જૂને પરોવી મારી હતી, તેનું પ્રાયશ્ચિત્ત ન કરવાથી તે એકસોને આઠ ભવ સુધી સૂળીથી મરણ પામ્યો હતો.

ગોવાળનું દૃષ્ટાંત :– નાગપુર નામના નગરમાં માધવ નામે એક ગોવાળ રહેતો હતો. તે એક દિવસ ગાયો ચારવા માટે મોટા અરણ્યમાં ગયો. ત્યાં સૂર્યનો પ્રચંડ તાપ લાગવાથી એક બનેલ છાપરામાં ગયો. તેવામાં તેના માથામાંથી એક જૂ તેના હાથમાં આવી. તે જોઈને તે નિર્દય ગોવાળે તેને ''આ જૂ મારા દેહનું સત્ત્વ (લોહી) પી જાય છે.'' એમ વિચારીને બાવળની તીક્ષ્ણ શૂળી ઉપર તેને પરોવી મારી નાખી. તે પાપના ઉદયથી તે જ ભવમાં તે ગોવાળ ચોરીના ગુનામાં આવી શૂળીની શિક્ષા પામીને મરણ પામ્યો. ત્યાર પછી તે એ જ પ્રમાણે એકસો ને સાત વાર જુદા



જુદા ભવોમાં ચોરી વગેરેના દોષથી શૂળીનું દુઃખ ભોગવીને મરણ પામ્યો. એકસો સાતમા ભવમાં તે પાપકર્મનો ઉદય થોડો રહ્યો, ત્યારે તેણે તાપસી દીક્ષા ગ્રહણ કરી; અને સદા વનમાં રહીને સૂકાં પાંદડા, ફળ, ફૂલ વગેરેનું ભક્ષણ કરવા લાગ્યો. એ પ્રમાણે નિઃસંગપણે વ્રતનું પાલન કરતાં તેને વિભંગ જ્ઞાન ઉત્પન્ન થયું. અન્યદા તે અરણ્યની નજીકના નગરમાંથી રાજાના અલંકારોની પેટી કોઈ ચોરે ઉપાડી. તેને પકડવા માટે રાજાના સિપાઈઓ પાછળ દોડ્યા. તેઓને પાછળ આવતાં જોઈને તે ચોરે રત્નાલંકારની પેટી અરણ્યમાં સૂતેલા પેલા તાપસ પાસે મૂકી અને વટવૃક્ષ ઉપર ચડી ગયો. સિપાઈઓ ત્યાં આવ્યા, તો તાપસ સૂતેલો હતો, અને પાસે પેટી પડેલી હતી. તેઓ પેટી સહિત તાપસને પકડીને રાજા પાસે લઈ ગયા. તાપસ વિભંગજ્ઞાનથી સર્વ હકીકત જાણ્યા છતાં પોતાના પૂર્વકૃત કર્મને નિંદતો સતો મૌન જ રહ્યો. અન્યાયી રાજાએ તેને શૂળી પર ચડાવ્યો. સમતાભાવે વેદના સહન કરવાથી તેના પૂર્વ કર્મ ક્ષય થયા અને તે શુભ ધ્યાનમાં મરણ પામીને દેવતા થયો.'' આ પ્રમાણે અભયકુમારનું વચન સાંભળી બધા ક્ષત્રિયો દયાધર્મમાં તત્પર થયા.'' -ઉ.પ્રા.ભા. ભાગ-૪ (પૃ.૨૫)

શ્રી હરિભદ્ર સૂરિને પ્રાયશ્ચિત્તરૂપે ૧૪૪૪ ગ્રંથો રચવા પડ્યા

શ્રી હરિભદ્ર સૂરિનું દૃષ્ટાંત :– પોતાના શિષ્યોને બૌદ્ધધર્મની શિક્ષા મેળવવા તેમને ત્યાં



મોકલ્યા હતા. પછી બૌદ્ધને ખબર પડી કે આ જૈન છે. તેથી તે બેય ત્યાંથી ભાગ્યા. એક પકડાયો તેને મારી નાખ્યો. બીજો ઠેઠ પહોંચ્યો પણ થાકીને અંતે એ



પણ મરી ગયો. તેથી શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૪ બૌદ્ધોને તેલના કડાવમાં લબ્ધિ વડે નાખીને મારવાનો ભાવ કર્યો.

તેમના ગુરુને ખબર પડવાથી તેમણે બે શિષ્યોને તેમના ક્રોધને શાંત કરવા અને તે દોષના પ્રાયશ્ચિત્તરૂપે ૧૪૪૪ ગ્રંથો રચવાની તેમને આજ્ઞા કરી. તે તેમણે રચ્યા.

-ઉપદેશ પ્રાસાદ ભાષાંત ભાગ-૧ (પૃ.૧૧૯)

ॐ शांतिः शांतिः शांतिः.....

'નિત્યનિયમાદિ પાઠ' માંથી :–

સર્વ વિભાવ ભાવ મૂકી દે તો અવશ્ય પરમ શાંતિ થાય

''મારા આત્માનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ. કલ્યાણ થાઓ એવી ભાવનાથી વિરમું છું. સર્વ વિભાવ પરિણામથી થાકવું, નિવૃત્ત થવું તે શાંતિ છે. તેથી અવશ્ય કલ્યાણ થાય છે.''

(નિત્ય. પાઠ પૃ.૪૪)

*　　*　　*



'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું અદ્‌ભુત માહાત્મ્ય

'ઉપદેશામૃત' માંથી :–

'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મહા ચમત્કારિક મંત્ર છે

'સહજાત્મસ્વરૂપ' એ મહા ચમત્કારિક મંત્ર છે. સંભારતાં, યાદ કરતાં, બોલતાં, વૃત્તિ તેમાં વાળતાં કોટિ કર્મ ખપે છે. શુભ ભાવ થાય છે, શુભ ગતિ અને મોક્ષનું કારણ થાય છે. મરણ સમયે ચિત્તવૃત્તિ મંત્રસ્મરણમાં કે તે સાંભળવામાં જોડાય તો ગતિ સારી થઈ જાય. અને જન્મમરણથી મુક્ત થવાનું તે સમર્થ કારણ થાય છે.'' (ઉ.પૃ.૩૫૧)

મંત્રનું સ્મરણ નિરંતર કર્ત્તવ્ય

'' 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું સ્મરણ નિરંતર કર્ત્તવ્ય છે. હાલ તે બની શકે તેમ છે. પછી જે બાકી રહે છે તે પણ અવશ્ય પ્રાપ્ત થશે.'' (ઉ.પૃ.૩૩૮)

ચિત્રપટ સન્મુખ દૃષ્ટિ કરી મંત્ર ઉપર ઉપયોગ દેવો

''જેમ બને તેમ શાંતિભાવે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' નામના મંત્રનો જાપ કરતા રહેવું. વારંવાર સ્મૃતિ મનમાં એની જ લાવ્યા કરશોજી. અને દેવાધિદેવ પરમકૃપાળુદેવના ચિત્રપટ સન્મુખ દૃષ્ટિ કરવી. તેમનાં દર્શન કરી મંત્ર પર ઉપયોગ દેવાની ભલામણ છેજી; તેમાં તમારું કલ્યાણ છે.'' (ઉ.પૃ.૫૧)

'સહજાત્મસ્વરૂપ' એ જ આત્મા છે અને તે પ્રાપ્ત કરવાની જ આજ્ઞા છે

''અમને જે પરમકૃપાળુદેવે આજ્ઞા કરી છે અને જે અમે આરાધીએ છીએ, જેની અમને દૃઢ શ્રદ્ધા છે તે અમે તમને આજે સ્પષ્ટ અંતઃકરણે ખુલ્લા શબ્દોમાં કહીએ છીએ; કારણ કે અમારાં વચન ઉપર તમને વિશ્વાસ છે, શ્રદ્ધા છે કે આ જે પોતે આરાધે છે તે જ કહે છે. પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રત્યે પરિણામપૂર્વક દૃઢ શ્રદ્ધાથી ઉપાસના કરશો તો કલ્યાણ જ છે. એ આજ્ઞા તે 'સહજાત્મસ્વરૂપ' એ છે; અને એ જ આત્મા છે, એમ દૃઢ શ્રદ્ધા રાખવી. આ તો સાંભળ્યું છે, એમાં બીજું નવું શું છે? એ પ્રકારના વિકલ્પથી સામાન્યપણામાં ન કાઢી નાખતા, આમાં કોઈ અલૌકિકતા રહી છે એમ માની દૃઢ શ્રદ્ધાથી આરાધન કરવું.'' (ઉ.પૃ.૪૮૯)

મંત્રનો જાપ જારી રાખે તો જડ જેવા શરીરમાં ચેતન જણાય

''અમે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રના જાપની રાત ને દિવસ ધૂન લગાવેલી પણ વિકલ્પ ઊઠે કે 'હજી કેમ કંઈ જણાતું નથી? આત્મા હોય તો કંઈક દેખાયને?' પણ અરૂપી આત્મા દેખાય? પછી કૃપાળુદેવને વાત કરી કે મંત્રનો જાપ ખૂબ કર્યો પણ તમે કહો છો તેવું કેમ કંઈ જણાતું નથી? ''કંઈ નહીં, હજી જારી રાખો.'' એવો જવાબ મળ્યો. આ જડ જેવા દેખાતા દેહમાં ચેતન જણાય છે. પણ વિશ્વાસ અને દૃઢતાથી ગુરુઆજ્ઞાનું પાલન કરવું અને જોવા કરવાની ઇચ્છા



પણ ન રાખવી. યોગમાં તો માત્ર શ્વાસ સૂક્ષ્મ થાય છે. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે મારે માન્ય છે, એવી શ્રદ્ધા જ કામ કાઢી નાખે છે.'' (ઉ.પૃ.૨૫૯)

હાલતાં, ચાલતાં, કામ કરતાં પણ સ્મરણ કરવું

'' 'પરમારથમાં પિંડ જ ગાળ' એટલે આત્માને અર્થે ભાવના કરવી. હાલતાં, ચાલતાં, કામ પ્રસંગમાં વર્તતાં પણ મનમાં સ્મરણ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું કરવું, એટલે ક્ષણે ક્ષણે તે મંત્ર સંભારવો, ભૂલવા જેવું નથી.'' (ઉ.પૃ.૧૦૫)

કૃપાળુદેવે મંત્ર આપી અનંત ઉપકાર કર્યો, એનો બદલો કોઈ રીતે ન વળે

''પ્રભુશ્રી– ('સહજ' શબ્દ સાંભળતા) એણે શા કામ કર્યાં છે! કેવો 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્ર યોજી કાઢ્યો છે, પ્રભુ! તે વખતે તો કંઈ ખબર ઓળખાણ નહીં. પણ હવે સમજાય છે કે અહોહો! કેટલો ઉપકાર કર્યો છે! કાળ વહ્યો જ જાય છે; કંઈ થોભતો નથી. એના ઉપકારનો તો બદલો વળે તેમ નથી, ચામડી ઉતરાવી તેના જોડા સિવડાવીએ તોય બદલો વળે તેમ નથી.'' (ઉ.પૃ.૩૦૮)

ભાન હોય ત્યાં સુધી મંત્રમાં ચિત્ત રોકવું. એના જેવું કોઈ શરણ નથી

''જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મહામંત્રનું સ્મરણ રાખવું. ઉપયોગ બધામાંથી ઉઠાવી તેમાં રાખવો. એના જેવું કોઈ બીજું શરણ નથી. તો જ કલ્યાણ થશે. બધેથી પ્રીતિ ઉઠાવી જેટલી આત્મા ઉપર પ્રીતિ કરી હશે તેટલું કલ્યાણ થશે. આત્મા સદ્‌ગુરુએ જાણ્યો છે માટે સદ્‌ગુરુનું શરણ, શ્રદ્ધા, તેના ઉપર ભક્તિ ભાવ, રુચિ, પ્રીતિ વધારી હશે તે જ કામ કરશે.'' (ઉ.પૃ.૩૯૨)

જ્ઞાનીએ જોયો તેવો એક આત્મા જ મારો, એ શ્રદ્ધા સાથે મરણ ને સમાધિમરણ

''મારા તો એક સત્સ્વરૂપી પરમ કૃપાળુદેવ છે, અને તેમણે જે આજ્ઞા કરી છે અને કહ્યો છે તેવો સહજાત્મસ્વરૂપી એક આત્મા જે છે, તે સહજાત્મસ્વરૂપ આત્મા છે, નિત્ય છે, એ આદિ છ પદ જે પરમકૃપાળુદેવે કહ્યાં છે તે સ્વરૂપવંત છે. એ મારો છે એમ માનવું. અત્યારથી તૈયારી કરી રાખવી કે મરણ સમયે આ આજ્ઞા જ માનીશ, બીજું કંઈ નહીં માનું. એ માનવાથી જ, એ માન્યતા રહેવાથી તે સાથે જે મરણ છે તે સમાધિમરણ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રમય-સહજાત્મસ્વરૂપ આત્મા એ જ આપણો છે, એમ માનવું. જીવ પોતાની મેળે શ્રદ્ધા, ભાવના કરે એના કરતાં આ તો સાક્ષી થઈ, અમારી સાક્ષીયુક્ત થયું.'' (ઉ.પૃ.૪૯૦)

સહજાત્મસ્વરૂપમય શ્રીમદ્‌ રાજચંદ્ર તે જ મારા ગુરુ છે

''સદ્‌ગુરુ, પ્રત્યક્ષ પુરુષ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ-જ્ઞાનદર્શનમય શ્રીમદ્‌ રાજચંદ્ર તે જ ગુરુ છેજી.'' (ઉ.પૃ.૬૩)



શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ શુદ્ધ ચૈતન્ય સ્વામી સહજાત્મસ્વરૂપ પરમગુરુ છે

'શ્રીમદ્ પરમકૃપાળુ દેવાધિદેવ સદ્‌ગુરુ દેવ શ્રી રાજચંદ્ર શુદ્ધ ચૈતન્યસ્વામી સહજાત્મસ્વરૂપ પરમગુરુને ત્રિકાળ નમસ્કાર હો! ત્રિકાણ શરણું હો! જય શ્રી ગુરુદેવ! જય ગુરુદેવ! જય ગુરુદેવ! ગુરુદેવની જય વર્તો, જય વર્તો!'' (ઉ.પૃ.૬૫)

મંત્રમાં વૃત્તિ રોકવી. નહીં તો નજર કરે ત્યાં મોહ થાય

''બ્રાહ્મણનો દીકરો કોળીને ત્યાં ઊછર્યો અને પોતાને કોળી માનતો હતો; પછી તેના બાપે સમજાવ્યો ત્યારે ચેતીને સાધુ થઈ ગયો, તેમ ચેતવાનું છે. વીલો મૂક્યો તો સત્યાનાશ વળશે. ક્ષણ ક્ષણ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એટલે પોતાનું આત્મસ્વરૂપ જે છે તેને સંભારવું અને પરમાં વૃત્તિ જતી રોકવી. નહીં તો નજર કરતાં મોહ થાય. અને તે મહાબંધનમાં લઈ જાય.'' (ઉ.પૃ.૪૧૪)

'બોધામૃત ભાગ-૧' માંથી :–

જેને અમૂલ્ય સમયનો ઉપયોગ કરવો હોય તો સ્મરણ કર્યા કરવું

''પૂજ્યશ્રી–'સ્મરણ' એ અદ્‌ભુત વસ્તુ છે. સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર તથા સ્વરૂપમાં સ્થિરતા કરાવનાર છે. આખો દિવસ તેનું રટણ કરવામાં આવતું હોય તો પણ નિત્યનિયમની માળા ગણવાની ચૂકવી નહીં. જેને અમૂલ્ય સમયની ક્ષણ પણ નકામી ન જવા દેવી હોય તેને માટે 'સ્મરણ' એ અપૂર્વ વસ્તુ છે. કૂવામાં પડેલા ડૂબતા માણસને હાથમાં દોરડું આવે તો તે ડૂબે નહીં, તેમ 'સ્મરણ' એ સંસાર સમુદ્રમાંથી તારનાર વસ્તુ છે.'' -બો.૧ (પૃ.૩૯)





'કામ કરતાં પણ સ્મરણ કરવું, કામ પૂરું થયે પણ સ્મરણ કરવું'

''આપણને જે સ્મરણ મળ્યું છે તેને યાદ ન કરે અને પછી કહે કે સંકલ્પ-વિકલ્પ બહુ આવે છે. તો એ ભૂલ પોતાની છે. માટે હમેશાં સ્મરણ યાદ રાખવું. કામ કરતો હોય ત્યારે પણ સ્મરણ કરવું અને કામ પૂરું થયે પણ સ્મરણ કરવું.'' -બો.૧ (પૃ.૧૦૯)

'શાસ્ત્રો કરતાં સ્મરણમાં વધારે વૃત્તિ રાખવી'

''સ્મરણ ન ભુલાય એવો લક્ષ રાખવો. શાતા અશાતામાં કે ગમે ત્યારે એ ન ભૂલવું. શાસ્ત્રો કરતાં સ્મરણમાં વધારે વૃત્તિ રાખવી.'' -બો.૧ (પૃ.૧૫૫)

કામ હાથ પગથી અને મોઢે મંત્રનું સ્મરણ કરતા રહેવું

''એક સમય પણ નકામો ન ગુમાવવો. હાલતા ફરતાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' ની ટેવ પાડવી. કામ કરવું હોય તો હાથ પગથી કરે છે, કંઈ મોઢાથી કરવું નથી. મોઢાથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું સ્મરણ કરતા રહેવું.'' -બો.૧ (પૃ.૧૦૭)

નવકારમંત્રમાં પાંચ પરમેષ્ઠિ છે. તે બધા 'સહજાત્મસ્વરૂપ'માં આવી જાય છે

'' ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' એમાં પાંચે પરમેષ્ઠિ આવી જાય છે. પાંચેનું સ્વરૂપ 'સહજાત્મસ્વરૂપ' છે. આ મંત્ર છે તે આત્મા છે. હાલતાં, ચાલતાં, કામ કરતાં મંત્રનો જાપ કર્યા કરવો. કામ તો હાથ પગથી કરવાનું છે પણ જીભ તો નવરી છે ને? સ્મરણ ભુલાય નહીં એવી ટેવ પાડવાની જરૂર છે.'' તે ઉપર એક દૃષ્ટાંત છે. -બો.૧ (પૃ.૨૧૧)

નિરંતર મંત્ર મોઢે રહે તો મરણ અવશ્ય સુધરે

એક પંડિતનું દૃષ્ટાંત :– એક પંડિત હતો. તે બહુ ભણેલો હતો. સ્મરણ શક્તિ એટલી બધી હતી કે સો શ્લોકો કોઈ બીજો માણસ બોલતો હોય તે સાંભળી તે પંડિત સો શ્લોકો બોલી શકતો. તેણે સો શ્લોકોની રચના કરી હતી. તે મોઢે યાદ રાખી, પછી મોઢે જ તેની ટીકાની રચના કરી હતી. તે પંડિત છોકરાઓને ભણાવતો. એક દિવસે તે જાત્રા કરવા ગયો. ત્યાં તેને એક મહાપુરુષ મળ્યા. તેઓએ તે પંડિતને એક મંત્ર આપ્યો. પંડિત તે મંત્રમાં મગ્ન થઈ ગયો અને ગાંડા માણસની જેમ બોલ્યા કરે. પછી તે નિશાળમાં આવ્યો. છોકરાઓ આવીને તેને પૂછવા લાગ્યા કે આ શબ્દનો અર્થ શું? પંડિતે કહ્યું 'કૃષ્ણ'. ફરી તે છોકરાઓએ બીજો શબ્દ પૂછ્યો. પંડિતે ફરીથી કહ્યું, 'કૃષ્ણ.' એમ ગમે તે શબ્દ પૂછે તો પણ તે પંડિત 'કૃષ્ણ કૃષ્ણ' જ કહે. એવી રટના લગાવવાની છે. સ્મરણની ટેવ પાડી હોય તો મરણ વખતે યાદ આવે અને સમાધિમરણ થઈ જાય એવું છે.'' -બો.૧ (પૃ.૨૧૧)

કૃપાળુદેવના સમાગમી ત્રિભોવનભાઈએ અંતસુધી મંત્રમાં વૃત્તિ રાખી

''ખંભાતમાં ત્રિભોવનભાઈનું શરીર બરાબર નહોતું, ત્યારે મનમાં તેઓને થવા લાગ્યું કે આ



દેહ છૂટી જશે, માટે મારે શું કરવું? મારે સત્સંગ નથી, એમ થવા લાગ્યું. ત્યારે હું ત્યાં ગયો. તેમણે મને કહ્યું કે હું શું કરું? 'પરમગુરુ નિર્ગ્રંથ જપું કે 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' જપું? છેવટે મારે શું કરવું? તેમને કૃપાળુદેવ પાસેથી મંત્ર નહીં મળેલો. પછી મેં પ્રભુશ્રીજીનું કહેલું 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' જપવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે 'આ તો કૃપાળુદેવ મારા માટે જ લખી ગયા છે!' મરતાં સુધી તેઓની વૃત્તિ તેમાં જ રહી હતી.'' -બો.૧ (પૃ.૩૩૯)

કૃપાળુદેવ સહજાત્મસ્વરૂપ છે, શુદ્ધ આત્મા છે માટે તેમાં વૃત્તિ રાખવી

''કૃપાળુદેવ ઉપર પ્રેમ કરવાનો છે. મંત્ર સ્મરતાં મન કૃપાળુદેવમાં પરોવવું તો આનંદ આવે. મંત્રના ગુણો સાંભરે તો મન બીજે ન જાય. તેના વિચાર રહે તો શાંતિ રહે.'' -બો.૧ (પૃ.૨૩૯)

મંત્ર એ બીજ છે, એથી કેવળજ્ઞાનરૂપ વૃક્ષ થાય અને મોક્ષરૂપ ફળ આવે

''મંત્ર છે તે જેવી તેવી વસ્તુ નથી. એ બીજ કહેવાય છે. એમાંથી વૃક્ષ થાય. વડનું બીજ જેમ નાનું હોય, તોપણ તેમાંથી મોટો વડ થાય છે, તેમ આ મંત્ર છે તે વડના બીજ જેવું છે. એની આરાધના કરે તો આત્માના ગુણો પ્રગટે. એક સમ્યગ્દર્શનગુણ પ્રગટે તો બધા ગુણ પ્રગટે. ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.'' (૯૫) પરભવમાં આ સાથે આવે એવું છે. અત્યારે તો જેટલું કરવું હોય તેટલું થાય. આટલી સામગ્રી ફરી ન મળે..... શું કરવા આવ્યો છે? શું કરે છે? એનો વારંવાર વિચાર કરવો. ધર્મના કામમાં ઢીલ ન કરવી, કરી લેવું.'' -બો.૧ (પૃ.૩૯૦)

''સ્મરણનું વધારે જોર રાખવું. સ્મરણ હરતાં ફરતાં પણ કરવું.'' -બો.૧ (પૃ.૪૮૧)

આત્માનું કર્મમળરહિત શુદ્ધ સ્વરૂપ તે જ સહજાત્મસ્વરૂપ

''મુમુક્ષુ—સહજાત્મસ્વરૂપ એટલે શું?

પૂજ્યશ્રી—આત્મસ્વરૂપ જેવું છે તેવું. પોતાના સ્વભાવમાં રહેવું અથવા કર્મમલરહિત જે સ્વરૂપ તે સહજાત્મસ્વરૂપ. જેમ સ્ફટિકરત્ન અન્ય પદાર્થના સંયોગે લીલો, પીળો, લાલ આદિ જેવો સંયોગ થાય તેવો દેખાય છે તે તેનું સહજસ્વરૂપ નથી. પણ જ્યારે એકલું નિર્મળ સ્ફટિક રહે ત્યારે તે તેનું સહજ સ્વરૂપ છે.'' -બો.૧ (પૃ.૪૮૦)

મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો કાળકાઢું હવે આ

''મંત્રથી મંત્રાઈ જવું, પારકા બોલ ભૂલી, જ્ઞાનીના બોલમાં ચિત્ત રાખવું. જગતનાં કામોનું ગમે તેમ થાઓ, પણ આપણે તો જ્ઞાની કૃપાળુદેવનું જે કહેવું છે તેમાં જ રહેવું છે. પ્રભુશ્રીજી કહેતા કે ગાંડા થઈ જવું. સ્મરણમાં રહેવું.'' -બો.૧ (પૃ.૪૮૨)

મંત્રનું અપૂર્વ માહાત્મ્ય લાગ્યું હોય તો જ અંત સુધી એમાં ચિત્ત રહે

''જ્યાં સુધી ભાન હોય, શ્વાસોચ્છવાસ ચાલતા હોય, ત્યાં સુધી સ્મરણ ચૂકવું નહીં. એ થાય ક્યારે? અપૂર્વતા લાગે ત્યારે.'' -જૂનું બો.૧ (પૃ.૩૦૭)



'સહજાત્મસ્વરૂપ' એ અઘોરીમંત્ર, ગમે ત્યાં બોલી શકાય

''મુમુક્ષુ—સ્ત્રીઓને અડચણ હોય ત્યારે નિત્યનિયમ તથા સ્મરણ મનમાં કરી શકે કે કેમ?

પૂજ્યશ્રી—એ બધું મનમાં કરવામાં કોઈ વાંધો નથી. પ્રભુશ્રીજી કહેતા હતા કે આ તો અઘોરી મંત્ર છે. આત્માને માટે છે અને આત્મા ક્યાં નથી! એટલે બધે જ બોલાય. એ ઉપર પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા.

એક યતિનું દૃષ્ટાંત :— એક યતિ હતો. તે મંત્રથી ભૂત, પ્રેત કાઢતો હતો. એક માણસને ભૂત ભરાયેલું તે કાઢવા લાગ્યો. ત્યારે ભૂતે કહ્યું કે અહીં મને છેડતો નહીં, મને અહીં જ રહેવા દેજે; નહીં તો તારી વલે કરીશ. યતિએ કહ્યું—બધે મને યશ મળે છે અને અહીં તું મને અપયશ અપાવવા માગે છે? તે નહીં બને. એમ કહી મંત્ર ભણીને તેને (ભૂતને) કાઢ્યો. પછી ભૂત તેનું વેર લેવા લાગ શોધવા માંડ્યો, પણ મંત્રને લઈને એનું કાંઈ ચાલે નહીં. તેથી તેણે વિચાર્યું કે જ્યારે દિશાએ જાય ત્યારે અશુચિ વખતે મંત્ર ન બોલી શકે; એટલે તે દિશાએ ગયેલો ત્યારે સમડીનું રૂપ લઈને ઝાપટ મારીને લોટામાંનું પાણી ઢોળી નાખ્યું અને પછી મોટા પાડાનું રૂપ લઈને એને મારવા ધસ્યો. યતિએ જોયું કે લાગ જોઈને વેર લેવા આવ્યો છે, એટલે તરત જ એને અઘોરી મંત્ર યાદ આવ્યો તે મંત્રને ભણવા માંડ્યો, એટલે ભૂત તરત ભાગી ગયો. એમ આપણે મંત્ર ગમે ત્યાં બોલી શકીએ.'' -બો.૧ (પૃ.૫૯)

વધારે વિકલ્પ આવે તો મોટેથી મંત્ર બોલવો, પણ મૂકી ન દેવો

''મુમુક્ષુ—સ્મરણ કરું છું ત્યારે બહુ મુંઝવણ થાય છે કે અહીંથી જતો રહું? ક્યાં જઉં? શું કરું? એમ મુઝવણ થાય છે.

પૂજ્યશ્રી—બધાં કર્મ છે. આવી આવીને જાય છે. ગભરાવું નહીં અને સ્મરણ છોડવું નહીં. સ્મરણથી એવું થાય છે, માટે સ્મરણ મૂકી દેવું, એમ ન કરવું. વધારે વિકલ્પો આવે તો મોટેથી ઉતાવળે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એમ ધૂન લગાવવી. મુઝાવું નહીં. સ્મરણ કર્યા જ કરવું.'' -જૂનું બો.૧ (પૃ.૩૦૭)

'બોધામૃત ભાગ-૩' માંથી :—

સહજાત્મસ્વરૂપ પરમગુરુ

''અનંત કીર્તનનું કીર્તન, પરમ શુદ્ધ સ્વરૂપનું વર્ણન અને સર્વ સ્તોત્રોનો સાર હે પરમ કૃપાળુ! તેં આ મહામંત્રમાં પૂર્યો છે. અલ્પમતિ અને અનેક આવરણને લઈને તે ઉકેલતો નથી પણ અવશ્ય તે જ સંસારથી તારી સર્વોત્તમ પદમાં સ્થિતિ કરાવશે એવી અતૂટ શ્રદ્ધા વૃદ્ધિગત થતી જાય છે, એ જ તારી સમીપ આવવાનું સાધન અને નૌકાનો સઢ દૂરથી દેખાય તેવું આશાકેન્દ્ર છે.

સર્વ હિંસા ટાળનાર એવું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે અવિનાશી પરમપદ તેની સ્મૃતિ અમરતા



અર્પણ કરનાર છે, તે સહજાત્મસ્વરૂપ પરમગુરુ પદ **પ્રથમ અહિંસાવ્રત**નો આધાર છે. ''જડભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ; કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.'' આ વચનામૃતમાં મરણની ભીતિને ભાંગી નાખી હે પ્રભુ! આપે અભયપદ અર્પ્યું છે. એ ભાવ દૃઢ થયે મરણપ્રસંગે પણ ચિત્તમાં ક્ષોભ થવો ઘટતો નથી અને એ જ ખરેખરી અહિંસા છે. જો મરણપ્રસંગે પણ ક્ષોભ ન થાય તો તેથી ઓછાં દુઃખકર અને રાત્રિના સ્વપ્ન જેવા બીજાં દુઃખ તો નજીવાં છે, આંખ ઊઘડતાં વિલય થાય તેવાં છે, તેમાં પરમ સહનશીલતા આપની પ્રસાદીથી પ્રાપ્ત થવા યોગ્ય છે.

બીજું, સત્ અસત્ને સમજાવી સત્યસ્વરૂપમાં સ્થિર કરવામાં સમર્થ એવો આ મહામંત્ર **બીજું સત્ય મહાવ્રત** તેનું મૂળ છે. જે જે શુદ્ધ સહજ આત્મસ્વરૂપ પરમગુરુની ભાવનાથી રહિત છે તે સર્વ વિભાવભાવવાળું અથવા અસત્ય અને મિથ્યા છે તો જેની નિરંતર વૃત્તિ આ મહામંત્રમાં રોકાઈ હોય તે સત્યમૂર્તિ કહેવા યોગ્ય છે. જેટલું આ સહજાત્મસ્વરૂપની સન્મુખ રહેવાતું નથી તેટલું અસત્ય પ્રવર્તન છે. જૂઠેજૂઠું જગત કુટાય છે અને ખરું મરણ કે ખરી હિંસા વા આત્મઘાત પણ એ જ છે. હે પ્રભુ! આ આત્મઘાત અને અસત્ય સ્થાનમાંથી તારે આશરે બેઠેલા આ બાળકનો ઉદ્ધાર કરી તારા સત્યસ્વરૂપમાં નિરંતર ટકી રહેવાય તેમ સ્થાપજે.

ત્રીજું મહાવ્રત અચૌર્યવ્રત કે અસ્તેયવ્રત તે પણ આ મહામંત્રની સહાય હોય તો જ પળાય તેમ છે. કેમ કે આત્માથી અન્ય એવા જે જડ પદાર્થો તેને ગ્રહણ કરવા અને પોતાના માનવા એ ચોરી અને જૂઠ બન્નેના અપરાધ કરતા પણ ઘણો ભારે અપરાધ છે. હે પ્રભુ! આ દેહ તે સર્વ દોષનું સ્થાન તથા કર્મનું કારખાનું છે તેને મારું મારું માની તેને પાળવા પોષવા જે જે કર્યું તે બધું ચોરીરૂપ જ છે. પારકી જ ચીજ પકડી પાસે રાખી છે, તે મરણ વખતે પાછી પારકી હોવાથી ઓકી કાઢવી જ પડશે, ચોરીનો માલ કોઈને પચે જ નહીં. લૂંટારા અને ચોરની જ્ઞાતિવાળામાંથી પણ કોઈને નોકરીમાં રાખીને તેને શાહુકાર પોતાનો પટો પહેરાવે છે એટલે તે શાહુકારનો નોકર પણ શાહુકારમાં જ ખપે છે, તેના ઉપર કોઈ ચોરીનો આરોપ મૂકે નહીં, કારણ કે તેની પાસે શાહુકારનો પટો છે; તેમ હે પ્રભુ! આપનો મહામંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' તે અમારા મુખમાં જીભના ચામડા પર ચોંટ્યો રહે અને તેમાં જ વૃત્તિ રહે ત્યાં સુધી આ લૂંટારાપટ્ટન જેવા સંસારમાંથી આપને શરણે આવતાં, એ નામના-મંત્રના માહાત્મ્યથી જ ચોર મટી ત્રીજું વ્રત પાળનાર, તારી આજ્ઞામાં ઉપયોગપૂર્વક વર્તનાર, સમિતિ આદિ પાળનાર જેવા ગણાવા યોગ્ય છે. તું જ સાચો શાહુકાર છે પણ 'શાહે વાણિયો રળી ખાય' તેમ તારા શરણથી આ જીવ પરભાવને ઓળખી પારકી ચીજ પારકે ખાતે રાખતાં શીખશે.

ચોથી પ્રતિજ્ઞા બ્રહ્મચર્યવ્રતની. તે પણ બ્રહ્મનું માહાત્મ્ય સમજાવનાર શુદ્ધ સહજાત્મસ્વરૂપ પરમગુરુના લક્ષથી સધાય છે. બ્રહ્મ મહત્-બૃહત્ ત્રૈલોક્યપ્રકાશક એવું આત્મસ્વરૂપ તેમાં ચર્યા-



વર્તના નિરંતર જેની છે તે બ્રહ્મચર્યવ્રત શુદ્ધ સ્વરૂપના ઉપયોગ વિના કેમ સમજાય? વિભાવરૂપ પરનાર તજી સ્વભાવ-સ્વશક્તિ-આત્મરમણતામાં લીન પુરુષ જ મૈથુનત્યાગ કે બ્રહ્મચર્ય પાળી શકે. જ્યાં સુધી તારા સહજ સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી તે પ્રાપ્તિનું સાધન, પાત્રતા પ્રગટ કરાવનાર બાહ્ય બ્રહ્મચર્ય પરમ ઉપકારી છે અને સહજાત્મસ્વરૂપ પરમગુરુની પરમ પ્રતીતિ, રુચિ અને પરિણતિ પામે તે પછી આ બાહ્ય જગતના ક્ષણિક અને અંતે દુર્ગતિ દેનાર વિષયાનંદની રુચિ કેમ કરે? બ્રહ્મચર્યની આ વિશાળ ભાવનામાં સર્વ સદ્‌ધર્મની સમાપ્તિ–સાર–પૂર્ણતા આવી જાય છે.

પાંચમુ મહાવ્રત અપરિગ્રહ, તે પણ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું પરમ માહાત્મ્ય પ્રગટ્યે પળાય તેમ છે. પરિગ્રહ એ કારાગૃહ જ છે. જ્યાં સુધી એ પરિગ્રહરૂપી ગ્રહ નડે છે ત્યાં સુધી શાંતિ નથી પણ જ્યાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' રૂપ સત્પુરુષની કૃપાદૃષ્ટિ થઈ કે અંતરમાંથી તે પરિગ્રહભૂત ભાગી જાય છે. તેની વાસનાનો ક્ષય થાય છે અને સર્વ સંસાર સિનેમાના ખેલ જેવો બની રહે છે. પોતાને માત્ર સાક્ષીપણું પ્રાપ્ત થાય છે. આ સ્વપ્ન જેવા સંસારમાં પરિગ્રહ, છાતી પર વજન મૂકી કોઈ ઊંઘમાં મૂંઝવતું હોય તેવો દુઃખકર છે, તે પરમ પ્રગટ એવા તારા સ્વરૂપની સ્મૃતિરૂપ જાગૃતિ પામતાં તે સ્વપ્ન અને નિદ્રાનો નાશ થાય છે.

પરમપદની પ્રતીતિ અને સ્વરૂપરમણતા એ જ ખરી નગ્નતા-અસંગતા છે, તે જ શુદ્ધ નિર્મળતા છે, જેથી સ્નાન કરવાની કોઈ કાળે જરૂર પડતી નથી અને એ જ અનશનરૂપ પરમ તૃપ્તિનું કારણ છે. એ તારા સંપૂર્ણ સ્વરૂપ સિવાય વિશ્વમાં ક્યાંય સત્ય એકાંતવાસ નથી. તુંહિ તુંહિ તુંહિ નિરંતર તુંહિ તુંહિ તુંહિ હૃદયમાં અચળ વાસ કરી રહો! ॐ ॐ ॐ ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ'' -બો.૩ (પૃ.૨૪)

મંત્રનું પરમપ્રેમથી રટણ કરે તો જન્મ સફળ થાય અને ગતિ સુધરી જાય

''અનંત કૃપા કરી પરમકૃપાળુદેવે જણાવેલો મંત્ર આ કલિકાળમાં આપણને સંતની કૃપાથી મળ્યો છે તે આપણા મહાભાગ્ય છે. જેમ કોઈ કૂવામાં પડી જાય અને તેના હાથમાં કોઈ સાંકળ કે દોરડું આવી જાય તો તે ડૂબી જતો નથી, તેમ મંત્રનું સ્મરણ ઠેઠ મરણ સુધી અવલંબનરૂપ છે. સત્પુરુષનું એક પણ વચન જો હૃદયમાં પરમપ્રેમથી ધારણ થાય તો આ મનુષ્યજન્મ સફળ થઈ જાય અને તેની ગતિ સુધરી જાય એવું તેનું માહાત્મ્ય છે.'' -બો.૩ (પૃ.૭૦)


સંતની કૃપાથી મંત્ર મળ્યો તો હરતા, ફરતા સદા બોલ્યા જ કરવું

''મહાપુણ્યના યોગે સંતની અનંતકૃપાથી જે સ્મરણમંત્ર મળ્યો છે તેનું વિશેષ માહાત્મ્ય રાખી હરતાંફરતાં, બેસતાંઊઠતાં, જાગતા હોઈએ ત્યાં સુધી જેટલું બને તેટલું રટણ કરવા યોગ્ય છે.'' -બો.૩ (પૃ.૮૧)



સ્મરણમંત્રની ઉપાસના ઉલ્લાસભાવે દુઃખમાં કે સુખમાં વારંવાર કરવી

''સ્મરણમંત્ર છે તેની ઉપાસના ઉલ્લાસભાવે, દુઃખના વખતમાં અને પછી પણ વારંવાર કરતા રહેવાનું ન ચૂકવું. હરતાં, ફરતાં, બેસતાં, ઊઠતાં મંત્રમાં વૃત્તિ



રહે તેવી ટેવ પાડી મૂકવા યોગ્ય છે. તે મરણ વખતે જીવને મિત્રની ગરજ સારશે. એટલું જ નહીં, પણ સદ્‌ગુરુનું આપેલું એ અમૂલ્ય વચન સદ્‌ગુરુ સમાન જ છે.'' -બો.૩ (પૃ.૧૦૩)

પ.પૂ.પ્રભુશ્રીજીને જે મંત્ર મળ્યો તે જ મંત્ર મને મળ્યો, એ મારા મહાભાગ્ય

''પરમકૃપાળુદેવ રાળજ પધારેલા તે વખતે પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીને પરમકૃપાળુ પ્રત્યે જેવો દર્શનનો પ્રેમ હતો તે દર્શન ન થયાં પણ તેઓશ્રીની આજ્ઞા માથે ચડાવી રાળજના સીમાડાથી ખંભાત દર્શન કર્યા વિના આંખમાં આંસુ સહિત પાછા પધાર્યા તે પ્રેમની યાદી આપી બીજે દિવસે પૂ. સોભાગભાઈને ખંભાત મોકલ્યા હતા અને મંત્ર પ.પૂ.પ્રભુશ્રીજીને જણાવવા આજ્ઞા કરી હતી, તે જ મંત્ર આજે મને મળે છે તે મારા મહાભાગ્ય છે.'' -બો.૩ (પૃ.૧૦૭)

મોઢાને તો મંત્રનું કામ સોંપી દેવું, નવરું પડે તો એમાં જાય

''કોઈ કહે કે વારંવાર મંત્ર બોલ બોલ કરે તો ખોટું દેખાય, કોઈને ગમે ન ગમે, માટે બોલ બોલ કરવું ઠીક નહીં, પણ તેવી વાત મનમાં આણી પ્રમાદ સેવવા યોગ્ય નથી. ભલેને કોઈ કહે એ તો ગાંડીઓ થઈ ગયો છે, ગાંડો ગણે તોપણ તે લત મૂકવા યોગ્ય નથી. મોઢાને તો મંત્રનું કામ



સોંપી મૂક્યું હોય તો મન પણ જરા નવરું પડે ત્યારે મોઢાથી મંત્ર બોલાતો હોય તેમાં લક્ષ રાખે. ભલે મન બીજે હોય અને મોઢે મંત્ર બોલાતો હોય તોપણ કંઈ ન કરવા કરતાં તે પુરુષાર્થ સારો છે.'' - બો.૩ (પૃ.૧૧૩)

શ્રી રામચંદ્રે બળદને અંતે મંત્ર સંભળાવ્યો તો તેની દેવગતિ થઈ




''શ્રી રામચંદ્રે એક બળદને મરણપ્રસંગે કાનમાં મંત્ર સંભળાવ્યો હતો. તેથી તેની દેવગતિ થઈ હતી.'' - બો.૩ (પૃ.૧૧૬)

મંત્ર જીભને ટેરવે રાખી મૂકવાથી મન પણ તે તરફ પ્રેરાય

''મંત્રનું સ્મરણ તો જરૂર જીભને ટેરવે રાખી મૂકવું કે જેથી મન પણ તે વચન તરફ પ્રેરાય અને શોક ભૂલીને ધર્મ સંભારે.'' -બો.૩ (પૃ.૧૪૬)

મહામંત્રનું બળવાન શ્રદ્ધાથી રાતદિવસ રટણ કરે તો મોક્ષ પણ સુલભ થાય



''મહામંત્રનું આત્મદાન થયું છે, અને જીવ તે શ્રદ્ધાને બળવાન બનાવી રાતદિવસ તે સ્મરણમાં ચિત્ત રાખવાની ટેવ પાડે તો મોક્ષ પણ સુલભ થાય, તેવા મહામંત્રનો લાભ જેને થયો છે તેવા જીવે હવે ગભરાવા જેવું જગતમાં કશું ચિત્તમાં ગણવું ઘટે નહીં.'' -બો.૩ (પૃ.૧૭૪)



પ.પૂ.પ્રભુશ્રીજી કહે–મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ


પરમ કૃપાવંત પ.પૂ.પ્રભુશ્રીજીએ મંત્ર આદિની આજ્ઞા, પરમ પુરુષ દ્વારા પ્રાપ્ત, જણાવી. તે મંત્રનું એટલું બધું માહાત્મ્ય તેઓ કહેતા કે 'આત્મા જ આપીએ છીએ.' દવા વાપરીને જેમ રોગનો નાશ કરીએ છીએ તેમ તે મંત્રનું એકાગ્ર ચિત્તથી, સંસાર વીસરી જઈ તેમાં તન્મયતા રાખી તેનું આરાધન કરવાથી જન્મમરણનો નાશ થાય તેવું બળવાન સામર્થ્ય તેમાં છે; તો ભવરોગ નાશ કરવા, જેટલી આપણામાં શક્તિ છે તેટલી બધી તે આજ્ઞા ઉઠાવવામાં વાપરવી ઘટે છે.'' -બો.૩ (પૃ.૨૦૧)

પરમકૃપાળુદેવનું શરણ લઈ, મંત્રને હૃદયમાં રાખી, નિર્ભય રહીશ

''આજથી મારા આત્માને પરમકૃપાળુદેવના શરણમાં સોંપું છું અને તેણે જણાવેલો મંત્ર એ જ મીંઢળ ને નાડું લગ્નને વખતે હાથે બાંધે છે તેમ મારા હૃદયમાં હવેથી રાખીશ અને તે પરમ-પુરુષમાં વિશ્વાસથી જ હવે હું સનાથ છું, એનું મારે શરણ છે, તો મરણથી પણ મારે ડરવાનું નથી.'' -બો.૩ (પૃ.૨૧૮)

મન કાં તો કામમાં, કાં સ્મરણમાં; પણ એને નવરું રાખવું નહીં

''વિષયકષાય પજવે ત્યારે રડવું તે કંઈ ઉપાય નથી પણ જ્ઞાનીપુરુષની આજ્ઞારૂપ લાકડી



સંભારી તેમાં હૃદયને જોડી દેવું એટલે વિષય-કૂતરાં તુર્ત નાસી જશે, ખેદ કરવારૂપ રડવાથી તે ખસે તેમ નથી, કર્મ પ્રાર્થના સાંભળે તેવાં નથી, તે તો શરમ વગરનાં છે. માટે જ્ઞાનીની આજ્ઞા



મંત્ર-સ્મરણ, ભક્તિ વગેરેમાં ચિત્ત વધારે રાખવાથી વિષયોની બળતરામાં પેસવાનો તેને વખત નહીં મળે. કાં તો કામ, કે કાં તો સ્મરણ આદિ એમ મનને નવરું ન રાખવું.'' -બો.૩ (પૃ.૨૭૭)

પુત્ર, ધન કે દેવલોક માટે નહીં પણ જન્મમરણ ટાળવા મંત્ર જપીશ

''હે પ્રભુ! આપની આજ્ઞાથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું મારા આત્માના ઉદ્ધારને અર્થે આરાધન કરીશ. ભક્તિ કરીને બીજી કશી સંસારી વાસના પોષવાની ભાવના ન રાખવી. લોકો દીકરા માટે, ધન માટે કે દેવલોકનાં સુખ માટે ધર્મ કરે છે કે મંત્ર જપે છે; તેમ ન કરતાં



જન્મમરણ ટાળવા અને મોક્ષ થાય તેટલા માટે જ આ મંત્ર પરમકૃપાળુદેવની કૃપાથી મને મળ્યો છે, તે જેવો તેવો નથી. જ્ઞાનીપુરુષે આત્મા જેવો જાણ્યો છે, અનુભવ્યો છે, અને કહ્યો છે તેવો આત્મા મારે માનવો છે, તે આત્મા જણાવવા આ મંત્ર પરમપુરુષે યોજ્યો છે; તે આત્માર્થે જ હું તેને જપ્યા કરીશ. જે જ્ઞાનીપુરુષે માન્યું છે, તે બધુંય મારે માનવું છે; મારું માનેલું બધું ઊંધું છે, તે સવળું કરવા આ મંત્રમાં હું ભાવ રાખું છું. જેમ કોઈ કૂવામાં પડી ગયો હોય અને તેને તરતાં આવડતું ન હોય છતાં દોરડું હાથમાં આવી જાય તો પછી તે ડૂબે નહીં, દોરડે દોરડે બહાર નીકળી શકે; તેમ આ મંત્ર જ્ઞાનીની આજ્ઞાથી મળેલો મારો ઉદ્ધાર કરનાર છે એટલો વિશ્વાસ રાખી બને તેટલી વાર રાતદિવસ જપ્યા કરવા યોગ્ય છે.'' -બો.૩ (પૃ.૨૭૮)



મંત્રમાં પણ અનંત શાસ્ત્રોનો પરમાર્થ સમાયેલો છે

''તમે સ્મરણમંત્રનો અર્થ સમજવા વિનંતી કરી, તેના ઉત્તરમાં જણાવવાનું કે પરમકૃપાળુદેવે લખ્યું છે : ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?'' (૧૯૬) મંત્ર પણ પરમકૃપાળુદેવે જણાવેલો શબ્દ છે, તો તેમાં પણ અનંત શાસ્ત્રોનો પરમાર્થ સમાયેલો હોવો જોઈએ. તે ઉકેલવા માટે, સમજવા માટે તેવાં પ્રબળ જ્ઞાન ચક્ષુ પણ જોઈશે. પણ તેવી સામગ્રી ન હોય ત્યાં સુધી બેસી રહેવું ઘટતું નથી.''

-બો.૩ (પૃ.૨૯૩)

મંત્રની વારંવાર સ્મૃતિથી પ્રભુકૃપાએ તેનો ગૂઢ આશય સમજાય

''આપણને સદ્‌ગુરુની કૃપાથી મંત્ર મળ્યો છે તે વારંવાર સ્મૃતિમાં રહે તેવી ટેવ પાડવાથી મંત્રનો પરમાર્થ પ્રગટવાનું કારણ છેજી.'' -બો.૩ (પૃ.૨૯૭)

આત્માને મંત્રથી સદાય પવિત્ર રાખવા જાપ ચૂકવો નહીં

''સર્વ અવસ્થામાં શુચિ-અશુચિ ગણ્યા વિના, મંત્રનું સ્મરણ થઈ શકે છે, એમ પ.ઉ. પ.પૂ.પ્રભુશ્રીજીએ કહેલું છે, માટે આત્માને મંત્રરૂપી સ્નાનથી સદાય પવિત્ર કરતા રહેવાનું ચૂકવા યોગ્ય નથીજી.'' -બો.૩ (પૃ.૩૨૬)

ઊંઘ ઓછી થતી જાય અને માળાનો ક્રમ વધતો જાય તેમ કરવું

''એકાંતનો વખત મળે તેટલો સ્મરણ એટલે માળા ગણવામાં કાઢવો. કેટલી રોજ માળા ફરે છે તેનો હિસાબ પણ રાખવો. આંગળી ઉપર વેઢા છે તે ગણતા રહેવાથી સંખ્યાની ગણતરી થશે. તેમાં દરરોજ થોડો થોડો વધારો કરતા રહેવું અને દરરોજ ચાળીસ કે પચાસ માળા ફરવાના ક્રમ સુધી પહોંચો ત્યારે કેમ મન રહે છે, માળાનો ક્રમ વધારવા વૃત્તિ રહે છે કે કંટાળો આવવા તરફ મન વળે છે, તે પત્રથી જણાવવા ભલામણ છેજી. બને તો રાત્રે પણ જાગી જવાય ત્યારે માળા લઈને બેસવું, ઊભા રહીને માળા ગણવી કે ફરતાં ફરતાં પણ ગણવી; પણ ઊંઘ ઓછી થતી જાય અને માળાનો ક્રમ વધતો જાય તેમ થોડે થોડે રોજ વધારતા રહેવાની જરૂર છે.'' -બો.૩ (પૃ.૩૩૯)

મંત્ર છે તે એકાગ્રતા, જાગૃતિનું પ્રબળ કારણ છે

''મંત્ર આરાધના વિશેષ કરતા રહેવા ભલામણ છેજી. એકાગ્રતાનું, જાગૃતિનું મુમુક્ષુ જીવને એ પ્રબળ કારણ છે. પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજી તો એટલા સુધી કહેતા કે મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ.'' -બો.૩ (પૃ.૩૮૮)

ક્રોધ, માન, માયા, લોભ ઘટાડવાના લક્ષે માળા ફેરવવાથી મન ભટકતું અટકે

''માળાની શરૂઆતથી અંત સુધી પૂરી માળા ફેરવવાનો અવકાશ હોય ત્યારે લક્ષ સ્મરણ ઉપરાંત એક દોષ દૂર કરવાના નિશ્ચયનો કે એકાદ ગુણ પ્રગટ કરવાની ભાવનાનો રાખવો, જેમ કે અત્યારે બે-પાંચ મિનિટ અવકાશ છે તો જરૂર એક-બે માળા ફેરવાશે એમ લાગે ત્યારે પહેલી



માળામાં ક્રોધ દૂર કરવાનો એટલે કોઈ પણ પ્રાણી પ્રત્યે ક્રોધ કરવો નથી, પ્રાણ લેવા કોઈ અત્યારે આવે તેના પ્રત્યે પણ ક્રોધ કરવો નથી, એવો નિશ્ચય કે ક્ષમાગુણ પ્રગટ કરવો છે એવી ભાવના રાખવી. સામાન્ય રીતે એકલો મંત્ર બોલાતો હોય ત્યારે મન થોડી વારે બીજી કોઈ બાબતમાં ખેંચાઈ જાય છે. મંત્ર ઉપરાંત કંઈક કરી શકે તેવી તેનામાં શક્તિ હોય ત્યારે તે મંત્રને મૂકી દઈને પણ બીજી બાબતમાં તણાઈ જવાની તેની નિર્બળતા દેખી આવી સલાહ જ્ઞાનીપુરુષોએ આપી છે કે તેને જરૂર પડે તો આ નક્કી કરેલી બાબત હાથ પર લેવી; પણ ગમે ત્યાં ભટકતું તેને રોકવું છે. બીજી માળા ફેરવતાં માન દૂર કરી વિનયગુણ વધારવાના પ્રયત્નમાં જરૂર પડ્યે રોકવું. ત્રીજીમાં માયા તજી સરળતા ધારણ કરવા, ચોથીમાં લોભ ઘટાડી સંતોષ વધારવા મનને વાળવું.'' -બો.૩ (પૃ.૪૦૧)

મંત્ર વડે કેવી કમાણી થાય? તો કે સર્વ ફિકર, ચિંતા, ક્રોધાદિ નાશ પામે

''જન્મમરણ છૂટે એવું સત્સાધન પરમકૃપાળુદેવની કૃપાથી આ ભવમાં મળ્યું છે, તો હરતાં, ફરતાં, કામ કરતાં, રાંધતા, સીંધતાં, જાગતાં હોઈએ ત્યાં સુધી પરમપુરુષની પ્રસાદીરૂપ મંત્રનું





સ્મરણ ચાલુ જ જીભે રટાયા કરે એવી ટેવ પાડી મૂકી હોય તો કેવી કમાણી થયા કરે! ફિકર, ચિંતા, ક્રોધ, અરતિ, ક્લેશ, કંકાસ, શોક, દુઃખ બધાં આર્ત્તધ્યાનનાં કારણો, કૂતરાં લાકડી દેખી નાસી જાય તેમ એકદમ દૂર થઈ જાય.'' -બો.૩ (પૃ.૪૪૬)

દેહ છૂટી ગયા પછી ખબર પડે તો પણ થોડીવાર મંત્રનું સ્મરણ કર્યા કરવું

''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ દેહ છૂટતાં પહેલાં ઘણા વખત અગાઉ કહી મૂકેલું કે એવો વખત આવે ત્યારે બીજી બધી વાતો, વાચન વગેરે બંધ કરી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્રની ધૂનથી આખો ઓરડો ગાજી ઊઠે તેવું વાતાવરણ કરી મૂકવું; અને દેહ છૂટી ગયો છે એમ ખબર પડે તોપણ થોડી વાર તેમ જ કર્યા કરવું.'' -બો.૩ (પૃ.૪૫૬)

પરમકૃપાળુદેવની કૃપાથી મંત્ર મળ્યો તે સર્વ પ્રસંગમાં શાંતિ આપનાર છે

''પરમકૃપાળુદેવની કૃપાથી જે મંત્રની પ્રાપ્તિ થઈ છે, તે સર્વ પ્રસંગમાં ચિત્તની શાંતિ રાખવાનું સર્વોત્તમ રામબાણ ઔષધ છેજી. તેનું વિસ્મરણ થાય છે, તેટલા કષાયક્લેશથી આત્મા સંતાપ પામે છે.'' -બો.૩ (પૃ.૪૭૪)

મંત્ર રટણમાં ઘનાદિ કાંઈ ન જોઈએ. માત્ર છૂટવાની ઘગશ જોઈએ

''મંત્ર સ્મરણ તેલની ધાર પેઠે અતૂટ રહ્યા કરે તેવો પુરુષાર્થ જીવ જો હાથમાં લે, આદરે તો કંઈ ને કંઈ તે દિશામાં કરી પણ શકે. સ્મરણમાં નથી વિદ્વતા જોઈતી, નથી બળ વાપરવું પડતું, નથી કળા-કુશળતા જોઈતી કે નથી ધન ખરચવું પડતું; પણ માત્ર છૂટવાની ઘગશ લાગવી જોઈએ.'' -બો.૩ (પૃ.૪૭૬)

પરાયા વિકલ્પો ભૂલી હવે તો માત્ર મંત્રમાં જ ચિત્તને પરોવવું

''મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો મોક્ષ-માર્ગી થવાને.''

(પ્રજ્ઞાવબોધ-૭૪)

મંત્રનું સ્મરણ કરતાં પરમકૃપાળુદેવની દશા પામી શકાય

''પરમકૃપાળુદેવે આપેલા મંત્રનું સ્મરણ કરતાં કરતાં પરમકૃપાળુદેવની દશા પામવા હવે તો જીવવું છેજી.'' -બો.૩ (પૃ.૫૦૯)

'સહજાત્મ સ્વરૂપ'માં નવકાર વગેરે અનેક મંત્રો સમાય છે

''તેમની હાલ ઇચ્છા હોય તો ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'- મંત્ર પણ જણાવશો અને તેમાં નવકાર વગેરે અનેક મંત્રોનો સમાવેશ થઈ જાય છે. મરણ વખતે એ મંત્રમાં ચિત્ત રાખી ક્યાંય




આસક્તિ નહીં રાખો અને સદ્‌ગુરુ પરમકૃપાળુદેવે જાણ્યો છે, અનુભવ્યો છે, તે આત્મા મને પ્રાપ્ત હો એ જ ભાવનાથી મરણ કરનારને સમાધિમરણ પ્રાપ્ત થાય છે, એમ શ્રી લઘુરાજ સ્વામીએ જણાવેલું તમને જણાવ્યું છે.'' -બો.૩ (પૃ.૫૧૬)

નિયમમાં ઓછામાં ઓછી એક માળા રાખવી ઘટે.
વધારે પોતાની શક્તિ પ્રમાણે

''તા.ક.–પોતાની શક્તિ પ્રમાણે માળાનો નિયમ રાખવો, પણ એક માળા તો ઓછામાં ઓછી રાખવી ઘટે. માળા વિના પણ સ્મરણમાં બને તેટલું ચિત્ત રાખવાથી ધર્મ ધ્યાન થાય છેજી. જે આજ્ઞા મળી છે તેને આધારે જે પુરુષાર્થ થાય છે તે ધર્મધ્યાનનું કારણ છેજી. 'आणाए धम्मो, आणाए तवो' આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે, આજ્ઞાનું આરાધન એ જ તપ છે.''

-બો.૩ (પૃ.૫૨૯)

'સર્વ દોષના નાશનો ઉપાય મંત્ર છે'



''સર્વ દોષના નાશનો ઉપાય મંત્ર છે. તેમાં વારંવાર વૃત્તિ રહે, એક-તાર તેમાં લક્ષ રહે, તેવી ભાવના કર્તવ્ય છેજી.'' -બો.૩ (પૃ.૫૭૫)



દરદીનું મન મંત્રમાં અહોરાત્ર રહે તેવી ગોઠવણ જરૂર કરવા યોગ્ય

''મંત્રમાં મન અહોરાત્ર રહે તેવી છેવટે ગોઠવણ થાય તો જરૂર કર્તવ્ય છેજી. પોતાનાથી ન બોલાય તો જે સેવામાં હોય તેણે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મંત્ર દરદીના કાનમાં પડ્યા કરે તેટલા ઉતાવળે અવાજે બોલ્યા કરવા યોગ્ય છે.'' -બો.૩ (પૃ.૬૩૬)

મંત્રની ટેવ પાડી મૂકી હોય તો દુઃખ સુખમાં શાંતિ રાખી શકે

''સ્મરણ નિરંતર રહે એવી ટેવ પાડી મૂકી હોય તો તે દુઃખના વખતમાં આર્ત્તધ્યાન ન થવા દે અને સુખના વખતમાં માન, લોભ, શાતાની ઇચ્છા વધવા ન દે.'' -બો.૩ (પૃ.૬૭૦)

એક સેકંડનો પણ સદુપયોગ કરવાનું સાધન તે મંત્ર છે

''સ્મરણમંત્ર અત્યંત આત્મહિત કરનાર છે. એક સેકંડનો પણ સદુપયોગ કરવાનું તે સાધન છે. પરમકૃપાળુદેવે જાણ્યો છે તેવો આત્મા તે મંત્રમાં તેમણે જણાવ્યો છે.'' -બો.૩ (પૃ.૬૯૪)

મૂંઝવણ વખતમાં પણ મંત્ર દવા સમાન છે

''મંત્રનું સ્મરણ કરવું. એ મૂંઝવણના વખતમાં દવા સમાન છે.'' -બો.૩ (પૃ.૭૦૦)

મંત્રથી જીવ પાપથી છૂટે અને સ્વરૂપનું ભાન થવાનું પણ કારણ થાય

''સ્મરણ, સ્વરૂપ-ચિંતવન ગણાય? તેના ઉત્તરમાં જણાવવાનું કે જેની જેટલી યોગ્યતા તે પ્રમાણે તે શબ્દ પરિણમે છે. પાપથી તો જીવ જરૂર છૂટે ને પુણ્યબંધ કરે; પણ સ્વરૂપનું ભાન થયું હોય તેને સ્વરૂપચિંતનરૂપ કે સ્થિરતાનું કારણ થાય અને સ્વરૂપનું ભાન થવાનું પણ સ્મરણ કારણ થાય.'' -બો.૩ (પૃ.૭૦૮)

મંત્રમાં ચૌદ પૂર્વનો સાર છે; આત્મા ભરી આપ્યો છે

''પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે મરણ વખતે તે સ્મરણમાં ચિત્ત રહે અને આત્મા જ્ઞાનીએ જાણેલો તેમાં જણાવ્યો છે તે જ મારે માન્ય છે, તો તે સમાધિમરણ છે. મંત્રમાં તો ચૌદ પૂર્વનો સાર છે; આત્મા ભરી આપ્યો છેજી. તેનું અવલંબન પ્રગટ આત્મસ્વરૂપ એવા જ્ઞાનીને શરણે મરણપર્યંત ટકાવી રાખવાનું છેજી. હું સમજી ગયો એમ કરી વાળવા જેવું નથીજી.'' -બો.૩ (પૃ.૭૦૮)

અનંત આગમ સમાય એવા મંત્રનો લૂંટલૂંટ લાભ

''એક મંત્રમાં અનંત આગમ સમાય તેટલી કૃપા પરમકૃપાળુદેવે કરી છે; તેનો બને તેટલો લાભ આ ભવમાં લૂટંલૂંટ લઈ લેવાનો છેજી.'' -બો.૩ (પૃ.૭૪૭)

મંત્રોના સામાન્ય અર્થ

આત્માનું સહજ સ્વરૂપ તે કેવળજ્ઞાન સ્વરૂપ છે

''૧. સહજાત્મસ્વરૂપ એટલે કર્મથી જે વિકારી કે વિભાવરૂપ જીવનું સ્વરૂપ થઈ ગયું છે, તે



વિભાવ ટળી કેવળ નિજસ્વભાવરૂપ થવું તે સહજાત્મસ્વરૂપ છે, તે કેવળજ્ઞાનસ્વરૂપ છે; તેની જેમને પ્રાપ્તિ થઈ છે અથવા તે પ્રગટાવવા જે પરમ પુરુષાર્થ સેવે છે એવા પાંચ પરમગુરુ છે : શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુવર્ગ.

૨. પરમગુરુ એટલે ઉપર જણાવ્યા તે પાંચ પરમેષ્ઠી મહાત્મા બે વર્ગમાં વહેંચાયેલા છે. એક વિભાગ નિર્ગ્રંથ મહાત્માઓનો છે, તે સાધક છે : આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. બીજા જેમની સાધના પૂર્ણ થઈ છે એવા સર્વજ્ઞ ભગવંતો છે : અરિહંત અને સિદ્ધ. શ્રી અરિહંતને આયુષ્યાદિ ચાર કર્મ પૂરાં થતાં સુધી તે દેહધારી ભગવંતરૂપે દર્શન દે છે અને આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધરૂપે બિરાજે છે. નિર્ગ્રંથ એટલે જેમની મોહરૂપ ગાંઠ ગળી ગઈ છે, નિર્મોહી બન્યા છે. તે ચોથે ગુણસ્થાનેથી, ખરી રીતે છઠ્ઠે સ્થાનેથી તે બારમા ગુણસ્થાન સુધીની દશાવાળા ગણાય છે. પછી તે કેવળજ્ઞાની, સર્વજ્ઞ બની મોક્ષે જાય છે.

૩. ''આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'' એનો ભાવ પરમકૃપાળુદેવ પ્રભુએ જ આ પ્રમાણે દર્શાવ્યો છે : ''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (૬૯૨) રાગદ્વેષનો ક્ષય થયે કેવળજ્ઞાન થાય છે.'' -બો.૩ (પૃ.૭૬૨)

'સહજાત્મસ્વરૂપ' એ પાંચ પરમગુરુ કે પરમકૃપાળુદેવનું સ્વરૂપ છે

''બીજું મંત્રના અર્થ વિષે નીચે લખેલી દિશામાં વિચાર કર્તવ્ય છેજી :

(૧) 'સહજાત્મસ્વરૂપ' એટલે કર્મરહિત દશામાં જીવનું જે નિર્મળ સ્વરૂપ છે તે ખરી રીતે પાંચ પરમગુરુ કે પરમકૃપાળુદેવનું સ્વરૂપ છે. તેમાં લક્ષ રાખવાથી આપણા મનની મલિનતા દૂર થઈ ખરા સ્વરૂપની જિજ્ઞાસા વધતાં કર્મ દૂર થાય અને શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે. તે પહેલા મંત્રનો અર્થ છે.

(૨) આતમભાવના એટલે ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય!'' (૬૯૨) તેથી કેવળજ્ઞાન પ્રગટે છે.

(૩) ત્રીજા મંત્રમાં પરમગુરુ એટલે અરિહંત ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી પરમાત્મા થયા છે તે; સિદ્ધ એટલે આઠે કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા છે તે; આચાર્ય એટલે સર્વ સંઘના નેતા જ્ઞાનીપુરુષ; ઉપાધ્યાય એટલે શાસ્ત્રોને ભણી બીજા સાધુ વગેરેને ભણાવે તે; અને સાધુ એટલે આત્મજ્ઞાન પામી સંસારનો ત્યાગ કરી મોક્ષ અર્થે પુરુષાર્થ કરે છે તે મુનિ—એમ પાંચે પરમગુરુ છે. તે પાંચમાં સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય એ ત્રણ નિર્ગ્રંથ ગણાય છે એટલે તે મોહની ગ્રંથિ છેદી



પરિગ્રહરહિત થયેલા છે, મોક્ષ સાધનાર સાધક છે. સર્વજ્ઞદેવમાં બે પરમેષ્ઠી છે. અરિહંત અને સિદ્ધ બન્ને પરમાત્મસ્વરૂપ છે. અરિહંત દેહધારી છે. સિદ્ધ ભગવાન અશરીરી છે. આમ 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ'નો અર્થ વિચારશોજી.''

-બો.૩ (પૃ.૭૯૩)

સાત વ્યસન અને સાત અભક્ષ્ય ત્યાગરૂપ સદાચાર દૃઢતાથી પાળશો

''જે નિયમો તમે મંત્ર લેતી વખતે લીધા છે તે કડકાઈથી પાળશો. બીજા પણ સદાચાર બને તેટલા સેવશો. ઇંદ્રિયોનો જય કરવાનો અભ્યાસ કરી સત્શાસ્ત્ર હંમેશા વિચારશો તો ઘણો લાભ થશેજી. ત્યાં હાલ એકલા રહેતા હો તો બ્રહ્મચર્ય પાળવાનો લક્ષ રાખશો. સૂતી વખતે પરમ-કૃપાળુદેવના ચિત્રપટ આગળ બ્રહ્મચર્યનો નિયમ લઈ તે પ્રમાણે વર્તવું. જેટલા દિવસ તેમ વર્તી શકાય તેટલો વિશેષ લાભ છેજી. બીજા લોકોના સંગ કરતાં પુસ્તકોનો પરિચય વિશેષ રાખવા ભલામણ છેજી. વારંવાર વાંચશો તો વિશેષ વિશેષ સમજાશેજી. ૐ શાંતિઃ'' -બો.૩ (પૃ.૭૯૪)

મંત્ર છે તે કૃપાળુદેવનું સ્વરૂપ અને નિશ્ચયનયે પોતાનું પણ સ્વરૂપ

''સ્મરણ છે તે માત્ર કૃપાળુદેવનું સ્વરૂપ જ છે અને નિશ્ચયનયે પોતાનું સ્વરૂપ પણ તે જ છે; માટે સ્મરણમાં ચિત્ત રાખી આત્મભાવના ભાવવા ભલામણ છેજી.'' -બો.૩ (પૃ.૭૬૯)

મંત્રનું સ્મરણ રાતદિવસ રાખવા તૈયારી કરે તો કીમતી જીવન સફળ થાય

''મંત્રનું સ્મરણ રાતદિવસ રહ્યા કરે તેવો પુરુષાર્થ કરવા કેડ બાંધી તૈયાર થઈ જવું કે જેથી અહીં આવવાનું બને તોપણ બીજી આડીઅવળી વાતોમાં આપણું કીમતી જીવન વહ્યું ન જાય. એ જ એક રટણ રાખ્યા કરવું ઘટે છેજી.'' -બો.૩ (પૃ.૭૮૪)

* * *



સાત વ્યસન અને સાત અભક્ષ્યના ત્યાગનો ઉપદેશ

'ઉપદેશામૃત' માંથી :–

વ્યસનથી મન ત્યાંનું ત્યાં રહે, ધર્મમાં વિઘ્ન પાડે અને બન્ને લોક બગાડે

''સાત વ્યસનમાં જે સાત વસ્તુનો ત્યાગ કહ્યો છે તે દરેક વસ્તુ વાપરવાથી વ્યસન, ટેવ બંધાઈ જાય છે, મન ત્યાંનું ત્યાં જ રહે છે, ધર્મમાં વિઘ્ન પાડે છે. આ લોક પરલોક બન્નેમાં હાનિકારક છે અને ધર્મનો નાશ કરનાર છે. માટે તેને દૂરથી ત્યાગવાની વૃત્તિ રાખવી.''

દવામાં માંસાદિ વસ્તુ આવે તો તેનો ત્યાગ કરી દેશી દવા વાપરવી

''કોઈ શરીરના કારણે દવા માટે વાપરવી પડે તોપણ તે ચીજ ઘણા પાપનું કારણ છે એમ જાણી બને ત્યાં સુધી તે વગરની બીજી દવા મળતી હોય તો તેથી ચલાવી લેવું. ઘણી દેશી દવાઓ પણ હોય છે. જો દવા માટે છૂટ ન રાખી હોય અને દવામાં અમુક માંસાદિ વસ્તુ આવે છે એમ ખાતરી હોય તો તે દવા વાપરવા યોગ્ય નથી.'' (ઉ.પૃ.૧૨૮)

રાજાને મુનિ પર શ્રદ્ધા થઈ તો રાજ્યમાં શિકાર કરવાની મનાઈ કરી

બાલકૃષ્ણ મુનિનું દૃષ્ટાંત :–''એક બાળકૃષ્ણ નામના જૈન મુનિ હતા. એક વખત સૌરાષ્ટ્રમાંના એક રાજાને તેમણે વરસાદ આવશે એવું જણાવેલું. રાજા ઉપાશ્રયમાંથી ઘેર પહોંચ્યા કે તરત વરસાદ થયેલો. એટલે તેમના ઉપરથી તે રાજાની આસ્થા થયેલી અને તેના રાજ્યમાં શિકાર કરવાની મનાઈ કરેલી.'' (ઉ.પૃ.૨૬૨)

બોકડાઓની રક્ષા અને યુક્તિવડે બધાનો છૂટકારો

બોકડાઓની રક્ષાનું દૃષ્ટાંત :–

''વટામણમાં એક વખત બધા આગેવાન વાણિયા અને ભાવસાર બેઠા હતા. એટલામાં કોઈ મોટા સાહેબ માટે બે બોકડા સિપાઈ લઈ જતા હતા. તે તેમની પાસેથી પડાવી લઈ પાંજરાપોળમાં મોકલાવી





દીધા. સિપાઈને કંઈ લાલચ બતાવી; પણ પૈસા ઓછા પડ્યાથી તે મનાયા નહીં અને દશપંદર જણને પકડીને સાહેબના તંબુ આગળ લઈ ગયા. પછી સિપાઈ ધમકાવવા લાગ્યા એટલે અમે એક યુક્તિ કરી, બધાએ બુમરાણ કરી મૂક્યું.



સાહેબે બહાર આવી તપાસ કરી કે શું છે અને આમને શા માટે આણ્યા છે એમ પૂછ્યું એટલે બધાએ કહ્યું કે બોકડા કંઈ જતા રહ્યા હશે તે માટે અમને પકડી આણ્યા છે. તે સાંભળી સાહેબે 'છોડી મૂકો' કહીને કાઢી મૂક્યા.'' (ઉ.પૃ.૨૬૩)

અભક્ષ્ય વસ્તુનો ત્યાગ ન થાય તો નરક તિર્યંચ ગતિના દુઃખ ભોગવવા પડશે

''જીવે હજી ધર્મ જાણ્યો નથી. ત્યાગનું ફળ મળે છે. 'ત્યાગે તેની આગે અને માગે તેથી ભાગે', એમ કહેવાય છે. કંદમૂળ-લસણ, ડુંગળી, બટાકા વગેરે લીલોતરી, ઉમરડાં, વડના ટેટા, પીપળના ટેટા, પીપળાના ટેટા - એવાં અભક્ષ્ય ફળ ખાધાથી ખરાબ ગતિ થાય છે, બુદ્ધિ બગડે છે. કેટલો કાળ જીવવું છે? કેટલાક લોક ઘર કરાવી ભોગવ્યા પહેલાં મરી જાય છે. મનુષ્યભવ પામીને જો ચેતી ન લેવાય તો નરકતિર્યંચના ભવમાં દુઃખ ભોગવવાં પડશે.'' (ઉ.પૃ.૩૩૦)

ઊંધિયું, પોંકમાં ઈયળો બફાઈ જાય, માંસ ખાવાં જેવાં તે અભક્ષ્ય છે

''ઊંધિયું, પોંક વગેરેમાં ઈયળો વગેરે બફાઈ જતાં હશે! માંસ ખાવા જેવાં તે અભક્ષ્ય છે.



આશ્રમની જગામાં આવા પાપનાં કામ કદી ન કરાય. કોઈએ ઊંધિયું અહીં લાવવું નહીં અને બાળવું પણ નહીં. પકવાન, પતાસાં એવો પ્રસાદ વહેંચવો હોય તો વહેંચવો પણ જામફળ જેવાં ઘણાં બિયાવાળાં ફળનો અને જેમાં જીવ હોય તેવી ચીજોનો પ્રસાદ ન કરવો. શ્રાવકો તો જાવજ્જીવ ઊંધિયું ખાવાનાં પચખાણ લે છે કે હે ભગવાન! જીવું ત્યાં સુધી એવી અભક્ષ્ય વસ્તુ મોઢામાં ન ઘાલું. એના વગર ક્યાં મરી જવાય છે? ખાવાની બીજી ચીજો ક્યાં ઓછી છે?'' (ઉ.પૃ.૩૩૧)

'બોધામૃત ભાગ-૧,૨,૩ માંથી :–

આજ્ઞા આરાધવા માટે સદાચરણની પ્રથમ જરૂર તે ન હોય તો બધું નકામું

''આજ્ઞા આરાધનયોગ્ય થવા માટે સદાચરણ સેવવાની જરૂર છે. તે ન હોય તો બધું નકામા જેવું છે. માટે પ્રથમ સાત વ્યસનના ત્યાગની જરૂરી છે તથા પાંચ અભક્ષ્ય ફળ અને મધ, માખણ ત્યાગવા યોગ્ય છે. એક મધના ટીપામાં એટલા બધા સૂક્ષ્મ જીવો હોય છે કે તે જીવો જો કબૂતર જેટલા શરીરના હોય તો એક લાખ યોજન ઉપર એવી રીતે પથરાઈ જાય કે પગ મૂકવાની જગ્યા ન રહે.'' (બો.૧ પૃ.૧૦)

મધ ખાવામાં ઘણું પાપ છે

''અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી પેદા થયેલું અને જુગુપ્સનીય લાળવાળું મધનું આસ્વાદન (ભક્ષણ) કોણ કરે? અર્થાત્ ન જ કરવું જોઈએ.

લાખો નાના જંતુઓના ક્ષયથી પેદા થયેલું મધ તેને ખાવાવાળો થોડા જીવોને મારવાવાળા ચંડાળથી (જીવો મારવાની સંખ્યાની અપેક્ષાએ) પણ વધી જાય છે.

એક એક પુષ્પની અંદરથી માખીઓ રસ પીને બીજે ઠેકાણે તે રસને વમે છે, તેથી પેદા થયેલું તે મધ કહેવાય છે. આવું ઉચ્છિષ્ટ (એઠું) મધ ધાર્મિક પુરુષો ખાતા નથી. કેટલાક મનુષ્યો મધનો ત્યાગ કરે છે પણ ઔષધને માટે તે મધ ખાય છે. જ્ઞાનીઓ કહે છે કે ઔષધને માટે ખાધેલું મધ પણ નરકનું કારણ છે. કેમકે કાળકૂટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશ માટે થાય છે.

કેટલાક અજ્ઞાની જીવો કહે છે કે મધમાં પણ મીઠાશ રહેલી છે. પણ જેનો આસ્વાદ કરવાથી ઘણા વખત સુધી નરકની વેદના ભોગવવી પડે તેને તાત્ત્વિક મીઠાશ કેમ કહેવાય? જેનું પરિણામ દુઃખદાયી આવે તેમાં મીઠાશ હોય તોપણ તે મીઠાશ ન કહેવાય, માટે મધનો વિવેકી પુરુષોએ ત્યાગ કરવો જોઈએ.'' -યોગશાસ્ત્ર (પૃ.૧૪૯)

માખણ ખાવામાં પણ ઘણા જંતુઓનો વિનાશ

''એક પણ જીવને મારવામાં અત્યંત પાપ છે, તો જંતુઓના સમુદાયથી ભરપુર આ માખણનું કોણ ડાહ્યો માણસ ભક્ષણ કરે? છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહૂર્ત થયે તેમાં ઘણા સૂક્ષ્મ



જંતુના સમૂહો પેદા થાય છે. માટે વિવેકી પુરુષોએ તે માખણ ન ખાવું.'' - યોગશાસ્ત્ર (પૃ.૧૪૮)

સાતેય વ્યસન નરકના દ્વાર, કોઈ નરકમાં ન જાય માટે ત્યાગવા કહ્યું

''(૧) **જુગાર–** લોભ છે તે મહા ખરાબ છે. જો તે છૂટે તો ઘણો જ લાભ થાય તેમ છે. એકદમ પૈસાદાર થઈ જવાની કામનાએ કરી સટ્ટા, લોટરી વગેરે કરવાં નહીં.

(૨-૩) **માંસ-દારૂ–** ત્યાગવા યોગ્ય છે. (માંસ ત્યાગ કરનાર ભીલને મળેલા ફળનું દૃષ્ટાંત)

(૪) **ચોરી–** ચોરી કરીને પાસે પૈસા આવે ત્યારે સારું લાગે છે, પણ જેનું પરિણામ ખરાબ આવે તે વસ્તુ દુઃખદાયક છે; એમ સમજી કોઈને પૂછ્યા સિવાય શાક જેવી વસ્તુ પણ લેવી નહીં. લાખ રૂપિયાની કિંમતની ચીજ રસ્તામાં પડી હોય તે પણ લેવી નહીં. ''એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં'', જેનું પરિણામ દુઃખદાયક છે તે કામ કદી કરવું નહીં, એમ કૃપાળુદેવે કહ્યું છે.

(૫) **શિકાર–** કોઈ પણ જીવને ઈરાદાપૂર્વક મારવો નહીં. ઘણા માણસોને એવી ટેવ હોય છે કે માંકડ, મચ્છર, જૂ, લીખ, ચાંચડ વગેરેને ઈરાદાપૂર્વક મારી નાખે છે, પણ તેમ કરવું નહીં. ચૂલો સળગાવતાં પણ લાકડાં ખંખેરીને નાખવાં જેથી જીવ હોય તે મરી જાય નહીં.

(૬) **પરસ્ત્રી** અને (૭) **વેશ્યાગમન–** આ વ્યસનોથી આ લોક અને પરલોક બન્ને બગડે છે, માટે તેમનું સેવન કરવું નહીં. લોકોમાં પણ તે નિંદ્ય ગણાય છે માટે તેનો ત્યાગ કરવો.''

-બો.૧ (પૃ.૧૧)

પરમકૃપાળુદેવની સાક્ષીએ સાત વ્યસનનો ત્યાગ કરવા યોગ્ય

''પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે પરમકૃપાળુદેવની સાક્ષીએ સાત વ્યસનનો ત્યાગ કરવા યોગ્ય છે.'' -બો.૩ (પૃ.૨૧૭)

સાત વ્યસનનો ત્યાગ મંત્ર લેતાં પહેલાં લેવો જરૂરી

''પરમકૃપાળુદેવે જણાવેલો જે માર્ગ તેને વિઘ્ન કરનાર સાત વ્યસન છે....ધર્મનો પાયો નીતિ છે, તેથી જ સાત વ્યસનનો ત્યાગ, મંત્ર લેતાં પહેલાં લેવાનો હોય છે.'' -બો.૩ (પૃ.૬૬૯)

સાત વ્યસનમાં વૃત્તિ રહેતી હોય તે ધર્મ શું આરાધી શકે?

વિ૰ તમારો પત્ર આજે આવ્યો. તે ભાવદયાસાગર નિષ્કારણકરુણાસિંધુ પ.પૂ.પ્રભુશ્રીજીએ વાંચી આ પત્ર લખવા સૂચના કરી છેજી. તેઓશ્રીજીએ એ પત્ર વાંચી મારી ધૂળ કાઢી નાખી અને ઠપકો દીધો કે એ ધર્મનો ઢોંગ કરનાર દુષ્ટ આજથી અત્રે પત્ર ન લખે તે જણાવ. ''પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્‌દર્શન છે.'' (૨૧-૧૧૦) એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે. એ કૃપાદૃષ્ટિને પાત્ર થવા જીવે કેમ વર્તવું ઘટે? અનીતિને માર્ગે ચાલનાર કદી પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ નહીં પામે!



સાત વ્યસન-જુગાર, માંસ, દારૂ, ચોરી, વેશ્યાનો સંગ, પરસ્ત્રીગમન, શિકાર મહાપાપમાં દોરનાર છે. તેમાં જ જેની વૃત્તિ રહેતી હોય તો તે ધર્મ શું આરાધી શકશે? પરદારાગમન કરનાર નરકે જાય છે અને અસહ્ય દુઃખ ત્યાં ભોગવે છે. અલ્પકાળના કલ્પિત સુખમાં ફસાઈ જીવ મહા અનર્થ કરી નાખે છે, પછી પસ્તાવો થાય છે, રોગ થાય છે, નિર્ધન થાય છે અને એ અસ્થિર ચિત્તવાળા જીવો જે માનસિક દુઃખ ભોગવે છે તે તો અસહ્ય હોય છે. તેની ધર્મક્રિયામાં ધૂળ પડે છે, અપકીર્તિ થાય છે. માયા, કપટ, જૂઠ, હિંસા એ બધાં પાપ તેની પૂઠ પકડે છે અને અનંતકાળ સુધી જન્મજરામરણનાં દુઃખો ભોગવતો જીવ ઘાંચીના બળદની પેઠે પરાધીનપણે પરિભ્રમણ કર્યા કરે છે. આ લોકમાં એવા લોકો ઘણું કરીને કમોતે મરે છે અને પરલોકમાં પીડાના પ્રહાર સહ્યા કરે છે. હે ભગવાન! દુશ્મનને પણ એવા પાપનો રસ્તો ન મળો એમ સારા પુરુષો તો ઇચ્છે છે. -બો.૩ (પૃ.૫૭)

પરમકૃપાળુદેવની સાક્ષીએ જિંદગીપર્યંત સાત અભક્ષ્ય તજવા યોગ્ય

''**આ સાત વ્યસન** : અને (૧) **વડના ટેટા**, (૨) **પીપળના ટેટા**, (૩) **પીપળાના ટેટા**, (૪) **ઉમરડાં**, (૫) **અંજીર**, (૬) **મધ**, (૭) **માખણ**—આ સાત અભક્ષ્ય - આ સત્પુરુષની - પરમ-કૃપાળુદેવની સાક્ષીએ જિંદગીપર્યંત તજવા યોગ્ય પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીએ દરેક મુમુક્ષુ જીવને જણાવેલ છે.'' -બો.૩ (પૃ.૩૨૯)

''વડ, પીપળ, ઉદુંબર, પ્લક્ષ અને કાકોદુંબર એ પાંચ વૃક્ષના ફળોમાં મચ્છરની જેવા ઉડતા બહુ સૂક્ષ્મ જીવો વડે ભરેલા હોવાથી તે વર્જનીય છે, લૌકિકમાં પણ એ અભક્ષ્ય કહેવાય છે.

ચાર મહા વિગઈ - મદ્ય, મધ, માંસ, અને માખણ એ અભક્ષ્ય છે. કારણ કે તેમાં તે વર્ણના અનેક સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે : 'મદ્ય, મધુ, માંસ અને માખણ એ ચાર જે રંગના છે તે જ રંગના જીવો ઉત્પન્ન થાય છે અને મરે છે.'' -શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર (પૃ.૧૫૨)

'બોધામૃત ભાગ-૧' માંથી :—

સાત અભક્ષ્ય વસ્તુ ખાય તો ઘણું પાપ થાય. ન ખાય તો પણ ચાલે

''મુમુક્ષુ—સાત અભક્ષ્યનો ત્યાગ શા માટે કહ્યો હશે?

પૂજ્યશ્રી—જીવને એથી પાપ બંધાય છે. અનાદિકાળથી જીવ પાપ કરતો આવ્યો છે, તેથી છૂટે તો ભક્તિ થાય. એ ખાય તો ઘણું પાપ થાય છે અને ન ખાય તો એના વિના ચાલે એવું છે.'' -બો.૧ (પૃ.૪૯૪)

નિયમ લઈ વસ્તુ ત્યાગે તો જ વ્રત, નહીં તો તેની હિંસાનું પાપ જીવને લાગે છે

''જ્યારથી નિયમ કરે કે મારે આ નથી વાપરવું ત્યારથી વ્રત કહેવાય.

''આ સાત વ્યસન અને પાંચ ઉંદબર ફળ તથા મધ અને માખણ એ સાત અભક્ષ્ય, તેના ત્યાગમાં પાંચ અણુવ્રત આવી જાય છે. વિચાર કરે તો સમજાય એવું છે.'' -બો.૧ (પૃ.૪૯૪)



તે આ પ્રમાણે વિચાર કરતાં કંઈક સમજાય છે :–

અહિંસા અણુવ્રત–માંસનો ત્યાગ, દારૂનો ત્યાગ, શિકારનો ત્યાગ તથા સાત અભક્ષ્યનો ત્યાગ કરવાથી અહિંસા અણુવ્રત પળાય છે.

સત્ય અણુવ્રત–જુગાર કે ચોરી કરનાર જૂઠ બોલે. તેના ત્યાગથી સત્ય અણુવ્રત પળાય છે.

અચૌર્ય અણુવ્રત–મોટી ચોરીનો ત્યાગ કરવાથી અચૌર્ય અણુવ્રત પળાય છે.

બ્રહ્મચર્ય અણુવ્રત–પરસ્ત્રીગમન અને વેશ્યાગમનના ત્યાગથી બ્રહ્મચર્ય અણુવ્રતનું પાલન થાય છે.

પરિગ્રહત્યાગ અણુવ્રત–લોભથી માણસ જુગાર રમે છે. માટે જુગારનો ત્યાગ કરવાથી અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહવાળો શ્રાવક થાય. તેથી અંશે પરિગ્રહ ત્યાગ અણુવ્રત પણ પળાય છે.

'બોધામૃત ભાગ-૩' માંથી :–

થઈ શકે તેટલા પાપના ત્યાગની દૃઢ પ્રતિજ્ઞા લેવી. પાપથી પાછા હઠવું જરૂરી

''સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓમાંથી જીવતા સુધી જેટલાનો ત્યાગ થઈ શકે તેટલો ત્યાગ હૃદયમાં વિચારી તેની આજથી પ્રતિજ્ઞા લઉં છું એવો દૃઢ નિર્ણય કર્તવ્ય છેજી. કેમકે પાપના પંથથી પાછા હઠ્યા સિવાય સન્માર્ગમાં સ્થિરતા થતી નથીજી.'' -બો.૩ (પૃ.૨૩૪)

સાત અભક્ષ્યમાં વધારે પાપ મધમાં, સાત ગામ બાળે તેથી પણ વધુ પાપ

''તમે મધની દવા પૂરતી છૂટ રાખવા પત્રમાં લખો છો, પણ સાત અભક્ષ્યમાં વધારેમાં વધારે પાપવાળું એ મધ છેજી. મધમાખી ફૂલ ઉપરથી રસ ચૂસી મધપૂડામાં જઈ પૂંઠથી છેરે છે એટલે મધ એ માખીની વિષ્ટારૂપ છે. તેમાં નિરંતર વિષ્ટાની પેઠે જીવો ઉત્પન્ન થયા કરે છે. એક ટીપું મધ ચાખે તેને સાત ગામ બાળતાં જેટલાં માણસ, બાળક, પશુ, જંતુઓ મરી જાય તેથી વધારે પાપ લાગે છે.....ખાંડની ચાસણી મધને બદલે વપરાય છે અને લગભગ સરખો જ ગુણ કરે છે.... આત્માને મધત્યાગથી ઘણા પાપના બોજામાંથી બચાવી શકાય એટલા માટે લખ્યું છે.''

-બો.૩ (પૃ.૬૯૩)

પૂર્વના પાપથી માંદગી, મધ ખાઈ ફરી પાપ કરે તો આગળ પણ માંદગી

''મધમાં બહુ દોષ છે. સાત ગામ બાળી નાખે અને જેટલું પાપ લાગે તેથી વધારે પાપ એક મધનું ટીપું ચાખવાથી લાગે છેજી. પૂર્વે પાપ કરેલાં તેને લીધે માંદગી આવે છે અને ફરી મધ ખાઈને પાપ કરે તો વધારે માંદગી આગલા ભવમાં આવે, માટે મધનો ત્યાગ ન કર્યો હોય તો આજથી ત્યાગ કરવો ઘટે છેજી. એવું પાપ કરવાની આજ્ઞા હોય નહીં. -બો.૩ (પૃ.૭૧૧)

માખણ અભક્ષ્ય છે માટે તેની પ્રતિજ્ઞા લેવી આત્માને હિતકારી છે

''તમે માખણ નહીં ખાવાની પ્રતિજ્ઞા જો ન લીધી હોય તો ઉપર જણાવ્યા પ્રમાણે તાજું



માખણ લેવામાં દોષ નથી, તે લક્ષમાં રાખવા ભલામણ છેજી, અને પ્રતિજ્ઞા લીધી હોય તો માખણ કંઈ જીવનની વૃદ્ધિ કરી શકે તેમ નથી. આયુષ્ય બાંધેલું છે, તેથી વધારવા કોઈ દવા કે દાક્તર સમર્થ નથી એવો દૃઢ વિશ્વાસ રાખી પ્રતિજ્ઞારૂપ ધર્મ મરણપર્યંત ટકાવવા ભલામણ છેજી.'' -બો.૩ (પૃ.૩૭૨)

વ્રત લીધા પછી વ્રતભંગ થાય તે મોટો દોષ ગણાય, તેને ચુસ્તપણે પાળવું

''માખણ-ભક્ષણનો દોષ સેવાયો છે, તે સંબંધી જણાવવાનું કે તે ઠીક થયું નથી. નજીવું જણાતું હોય પણ વ્રત લીધા પછી વ્રતભંગ થાય તે મોટો દોષ ગણાય છે. ''વ્યવહારમાં જેમ સારા માણસના વચનની કિંમત હોય છે, તેમ ધર્મમાર્ગમાં પણ વ્રત એ પ્રતિજ્ઞા છે.'' તેનું પાલન ચુસ્તપણે કરવા ચૂકવું નહીં. દોષ ફરીથી ન થાય તે લક્ષમાં રાખી અત્રે આપનું આવવું થાય ત્યારે તે થયેલો દોષ દૂર કરવા પ્રાયશ્ચિત્તની માગણી કરવાથી આપને ઉપાય રૂબરૂમાં જણાવવાનું પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છેજી.'' -બો.૩ (પૃ.૬૦)

પ્રભુ સાક્ષીએ નિયમ લીધા, તે પ્રાણ જાય તો પણ ત્યાગવા યોગ્ય નથી જ

''તમે સટ્ટાની બાધાની માગણી કરી છે તે વાંચી પ્રસન્નતા થઈ છેજી. જો કે સાત વ્યસનમાં જ એક રીતે તેની બાધા તો આવી જાય છે; છતાં તમારા મનમાં એમ રહે છે કે તેની બાધા નથી લીધી અને હવેથી લેવી છે, તો તે પણ યોગ્ય છેજી. પણ પરમકૃપાળુદેવની સાક્ષીએ જે કોઈ નિયમ રાખીએ તે પ્રાણ જાય પણ ત્યાગ કરવા યોગ્ય નથી જ, એવી તૈયારી થયે લેવા યોગ્ય છેજી. વ્યવહારમાં કોઈની સાથે બોલીથી બંધાઈ ગયા અને પછી ઘણું નુકસાન વેઠવું પડતું હોય તોપણ આબરૂની ખાતર બોલેલું સજ્જનો પાળે છે; તો જેને આધારે આપણે મોક્ષ મેળવવો છે એવા પરમકૃપાળુદેવની સાક્ષીએ કોઈ નિયમ લઈએ તો તેની આજ્ઞારૂપ તે બાધા શિરસાવંદ્ય ગણી, પાછું પગલું ભરવાનો વિચાર જીવનપર્યંત કરવો ઘટતો નથી.'' -બો.૩ (પૃ.૪૯૧)

મનમાં નિયમ લીધો છે એમ માની, તેનું પાલન કરી પોતાની પરીક્ષા કરવી

તેવી દૃઢતા હાલ આપણામાં ન લાગતી હોય તો છ માસ, બાર માસ કરી જોવું કે મન દૃઢ રહે છે કે નહીં. નિયમ ન લીધો હોય છતાં મનમાં નિયમ લીધો છે એમ વિચારી એકાદ વર્ષ પોતાની દૃઢતાની પરીક્ષા કરી જોઈ, પછી નિયમ લેવાનો વિચાર રાખવો હોય તો તે પણ સુવિચાર છે. અને જો અંતરથી આત્મા બળપૂર્વક નિર્ણય જણાવે તો હાલ પણ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ તમે જણાવ્યું છે તેમ સટ્ટાનો ત્યાગ કરવાનો નિયમ લઈ લેવામાં પ્રતિબંધ નથીજી.''

-બો.૩ (પૃ.૪૯૧)

સાતેય વ્યસન નરકના દ્વાર

સાત વ્યસનમાંના કોઈ પણ વ્યસનનું સેવન કરનારા જીવો આ ભવમાં દુઃખી થાય અને ભવોભવમાં દુઃખી થાય. પરભવમાં નરકગતિમાં ભયંકર દુઃખ કરોડો વર્ષ સુધી ભોગવે. માટે



એવા દુઃખો જીવો ન પામે તેના માટે પૂ.શ્રી બ્રહ્મચારીજી 'પ્રજ્ઞાવબોધ'માં પાઠ ૩૬ 'સદ્‌ગુણ' નામનો છે, તેમાં પાન ૨૧૪ ઉપર કાવ્યમાં બધા વ્યસનોના ખોટા ફળ સરળતાથી સમજાવે છે. જે આપણે જાણવા અત્યંત જરૂરી છે.

તેથી અત્રે તે ગાથાઓના અર્થ અનેક દૃષ્ટાંતો સાથે આપીએ છીએ. તે વાંચવાથી જીવો એવા પાપ કરતા બચે અને સદા તે વ્યસનોથી દૂર જ રહે જેથી નરકગતિના ભયંકર દુઃખ તેમને ભોગવવા ન પડે.

'પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧'માંથી :–

"કોઈ ઉપાયે પ્રથમ જ ટાળો મિથ્યામતિ દુઃખવેલીજી,
સપ્ત વ્યસન ત્યાગી કરૉ લેવી સત્સંગતિ સૌ પહેલીજી." વિનય૦

અર્થ :– કોઈ પણ સમ્યક્ ઉપાય કરીને દુઃખની વેલરૂપ મિથ્યાત્વવાળી મતિને અર્થાત્ જે બુદ્ધિમાં મિથ્યા માન્યતાઓ રહેલી છે તેને તમે પ્રથમ દૂર કરો. તે મિથ્યા માન્યતાઓને ટાળવા માટે સાત વ્યસનોનો ત્યાગ કરીને સૌથી પહેલા સત્સંગ કરી લેવા યોગ્ય છે.

"द्यूतं च मासं च सुरा च वेश्या, पापर्द्धि चोर्यं परदार सेवा;
अेतानि सप्त व्यसनानि लोके, घोराति घोरं नरकं नयन्ति."

અર્થ :– જુગાર (સટ્ટો), માંસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરદારાસેવન આ સાત વ્યસનોની કુટેવો જીવને ઘોરથી ઘોર નરકમાં લઈ જાય છે. ॥૮॥ -પ્ર.વિ.ભા.૧ (પૃ.૪૨૦)

સાતેય વ્યસનોના પૂતળા બનાવી, લોકોને બતાવી દેશમાંથી બહાર કાઢ્યા

રાજા કુમારપાળનું દૃષ્ટાંત :– અહો! કુમારપાળ રાજાના અમારી એટલે કોઈને મારવા નહીં એવા કહેલા કામોનું શું વર્ણન કરીએ કે જેના રાજ્યમાં જુગાર રમતી વખતે પણ કોઈ 'મારી' એવા બે શબ્દો બોલી શકતું નહીં. એક વખતે રાજા કુમારપાળે સાત વ્યસનને હિંસાના કારણભૂત



જાણી માટીના સાત પુરુષોના રૂપ બનાવ્યા. તેમના મુખ ઉપર મષી લગાડી, ગધેડે બેસાડી, તેની આગળ ફૂટેલા ઢોલ વિગેરે તુચ્છ વાજીંત્રો વગાડતાં તેને પાટણ નગરના ચોરાશી ચૌટામાં ફેરવી, લાકડી તથા મુષ્ટિ વિગેરેથી તાડન કરાવી, તેને પોતાના નગરમાંથી અને પોતાના દેશમાંથી બહાર કાઢી મૂકાવ્યા હતા." -ઉ.ભા. ભાગ-૨ (પૃ.૫)




સર્વ વ્યસનોનો રાજા જુગાર

જુગાર કુસંગતિનું કારણ, સર્વ વ્યસનમાં પહેલુંજી,
દુઃખ-અપકીર્તિ-પાપમૂળ એ, કરે સદા મન મેલુંજી.” વિનય૦

અર્થ :– સાત વ્યસનમાં પહેલું વ્યસન જુગાર છે. તે હલકી વૃત્તિવાળા જુગારીઓ સાથે કુસંગતિનું કારણ છે. આ વ્યસનથી નલરાજા કે ધર્મરાજાની જેમ સર્વ ખોઈ બેસી જીવનમાં દુઃખ ઊભું કરે છે. અને અપકીર્તિ પામે છે તથા તે પાપનું મૂળ હોવાથી મનને સદા મેલું રાખે છે. એક વ્યસન સેવવાથી સાતે વ્યસન કેવી રીતે વળગે છે તેના ઉપર એક દૃષ્ટાંત છે :–


જુગારી રાજાનું દૃષ્ટાંત :– કોઈ એક દેશનો રાજા દુષ્ટ પુરુષોની સંગત થવાથી જુગારના વ્યસનમાં લાગી ગયો. તે રાજાના બે ડાહ્યા મંત્રી હતા તે ઘણા વખતથી રાજાની સેવા કરતા હતા. તે મંત્રીઓએ રાજાને જુગટુ ન રમવા ઘણો સમજાવ્યો પણ તેણે માન્યું નહીં. તેથી તે



મંત્રીઓ તેનો દેશ છોડી ગયા. અન્ય દેશમાં જઈને તે મંત્રીઓએ દાઢી, મૂછ, જટા વધારીને વેશ પલટો કર્યો, અને તેમાંનો એક મહંત બન્યો ને બીજો તેનો શિષ્ય બન્યો. કેટલોક સમય વીત્યા



બાદ તે બન્ને પોતાના દેશના શહેરોમાં ફરવા લાગ્યા. ત્યાં પ્રથમ તેઓ જુદે જુદે સ્થળે ધન દાટતા. પછી તેમની પાસે લોકો આવે તેમાં કોઈ કોઈને ગુપ્તધન બતાવતા. વળી ગામના નામાંકિત તેમજ પોતાને અગાઉ પરિચિત લોકોના નામ તથા બીજી હકીકત જણાવી સર્વને વિસ્મય કરતા. વળી તેઓ આસન માંડી યોગસાધના કરવાનો ડોળ કરતા હતા; આથી તેમને ઘણા શિષ્યો થયા. લોકોમાં તેમની બહુ પ્રસિદ્ધિ થવા લાગી. યોગસાધન કરવા માટે તેઓ માછલાં પકડવાની જાળ ઓઢીને દરરોજ અમુક વખતે ધ્યાનમાં બેસતા. ધીરે ધીરે તેમની મહત્તા ખૂબ વધી ગઈ. એમ કરતાં તેઓ જે શહેરમાં રાજા હતો ત્યાં આવ્યા. આટલા વખતમાં રાજા જુગારમાં ઘણું ધન હારી ગયો હતો. પરંતુ તેનાથી તે વ્યસન મૂકી શકાતું ન હતું. મહંતની ખ્યાતિ સાંભળીને તે પણ તેમની પાસે આવ્યો. થોડી પ્રાસંગિક વાત કર્યા પછી તે રાજાની નજર મહંતે ઓઢેલી જાળ પર પડી. તેથી તેણે સાશ્ચર્યથી પૂછ્યું-મહારાજ, આ જાળ જેવું શું છે? આપ તે કેમ ઓઢો છો?



મહંત– આ માછલાં પકડવાની જાળ છે. કોઈ કોઈ વખતે માછલાં પકડવાં કામ આવે છે.
રાજા– શું મહારાજ આપ માછલીઓનો શિકાર કરો છો? મહંત–નારે ભાઈ! અમારા જેવા તે કંઈ



હંમેશ શિકાર કરે? પરંતુ ક્યારેક માંસ ખાવાની તીવ્ર ઇચ્છા થાય છે ને કોઈ શિષ્ય તે લાવી શકતા નથી ત્યારે માછલાંઓનો શિકાર કરવો પડે છે.

રાજા–(આશ્ચર્ય સાથે) શું મહાશય આપ માંસ પણ ખાઓ છો? મહંત–અરે રાજા! તું બહુ ભોળો છે. અમારા જેવા યોગી વળી માંસ ખાતા હોય? પરંતુ જ્યારે દારૂનો નશો વધારે ચઢે છે ત્યારે માંસ ખાવાની તીવ્ર લાલસા આપોઆપ થઈ આવે છે, તેને વશ થઈને અમારે માંસ ખાવું પડે છે.

રાજા–મહારાજ હું શું સાંભળું છું? આપ મદ્ય પણ પીઓ છો? મહંતે–અરે અમારા જેવા યોગી દારૂ પીએ? દારૂથી તો સર્વ યોગસાધન નાશ પામે. પરંતુ જ્યારે કોઈ વખત વેશ્યાને ત્યાં ચાલ્યા જઈએ તો ત્યાં તેને વશ થવાથી મદ્ય પીવો પડે છે.

રાજા–મહારાજ તો શું આપ વેશ્યાગમન પણ કરો છો? મહંત–ના ના વેશ્યાગમન માટે દરરોજ જવાનો અમને કંઈ અભ્યાસ નથી પણ ક્યારે પરસ્ત્રી ન મળે ત્યારે જવું પડે છે.

રાજા–મહારાજ તો શું આપ પરસ્ત્રીનું પણ સેવન કરો છો? મહંત–અરે ના ના. પરસ્ત્રીસેવન કરવાનો અમને અભ્યાસ નથી, પરંતુ કોઈ વખત જ્યારે ચોરીમાં ઘણું વધારે ધન હાથ લાગે ત્યારે તેને એવા જ કાર્યમાં ખર્ચવાનું મન થઈ જાય.

રાજા–(મોટા આશ્ચર્યપૂર્વક) મહારાજ, આપ ચોરી કરો છો? મહંત–અરે મૂર્ખ અમારા જેવા યોગી તે વળી ચોરી કરતા હશે? પરંતુ ક્યારેક જુગારમાં બધું ધન હારી જવાય અને જુગારની લત છૂટે નહીં ત્યારે લાચાર બનીને ચોરી કરવી પડે છે.

રાજા–આપ જુગાર પણ રમો છો? મહંત–હા, એમાં શો વાંધો છે? યથા રાજા તથા પ્રજા.


એ સાંભળી રાજા ચોંકી ઉઠ્યો. પછી તે મસ્તક નમાવી બોલ્યો કે–મહારાજ હું જુગાર રમું છું, પણ આ બધાં વ્યસનો એક જુગારમાંથી આવે છે એમ હું જાણતો નહોતો. માટે હવે હું આજથી એ જુગારનો ત્યાગ કરું છું. પછી રાજાએ મહંતને કહ્યું કે–હે મહારાજ! આપ ભવિષ્યવેત્તા છો અને સર્વ કંઈ જાણો છો તો કૃપા કરીને એટલું બતાવો કે મારા જુના બે મંત્રી દેશ છોડીને ક્યાં ચાલ્યા ગયા છે? તેઓ અત્યારે ક્યાં છે? તેમના વગર મારા રાજ્યની દુર્દશા થઈ ગઈ છે. ત્યારે મહંતે કહ્યું કે આવતી કાલે તે તને મળશે. પછી મળ્યાથી રાજાએ તેમને તેઓના પદ પર ફરી નિયુક્ત કર્યા. અને દુષ્ટ જુગારી મિત્રોની સંગત છોડી દીધી. પછી રાજ્યની વ્યવસ્થા ઉત્તમ રીતે થવા લાગી. આથી સિદ્ધ થાય છે કે જુગાર સર્વ વ્યસનોનો રાજા છે તેથી સાત વ્યસનમાં તેનું સ્થાન પ્રથમ મૂકવામાં આવ્યું છે. ॥૯॥ -પ્રજ્ઞાવબોધ વિવેચન ભાગ-૧ (પૃ.૪૨૦)

જુગારથી રાજા રાજ્ય હાર્યો, બુદ્ધિ બગડી અને દુર્ગતિમાં ગયો

પુરંદર રાજાનું દૃષ્ટાંત :– સિદ્ધપુર નામના નગરમાં પુરંદર નામે રાજા હતો. તે સુંદર નામના કોઈ જુગારી સાથે જુગાર રમવા લાગ્યો. તે જોઈ એક વખતે તેની રાણીએ અમૃતસમાન વાણીથી રાજાને કહ્યું કે, 'હે સ્વામી! જુગારથી નળરાજા અને પાંડવો પગલે પગલે નિંદાને પ્રાપ્ત



થઈ દુઃખી થયા છે, તેથી સર્પ જેમ કાંચળીને છોડી દે તેમ તમે જુગારને છોડી દો.' ઇત્યાદિ વચનો વડે બહુ નિવાર્યા, તોપણ રાજાએ જુગાર છોડ્યો નહીં. એક વખતે રાજા તેના નાના ભાઈ સાથે જુગાર રમતાં રાજ્ય હાર્યો. રાજ્યપાટ હારવાથી અનુજબંધુએ તેને નગરની બહાર કાઢી મૂક્યો.



રાજા, રાણી અને એક કુમારને લઈને અરણ્યમાં ચાલી નીકળ્યો. માર્ગે જતાં કોઈ ભીલની સાથે એવી શરત કરી કે – 'જો હું જીતું તો તારી સ્ત્રી લઉં અને હારું તો માથુ આપું. આવી પ્રતિજ્ઞા કરી જુગાર રમ્યો, તેમાં રાજા જીત્યો. એટલે જાણે કાજળથી બનાવી હોય તેવી કાળી અને દુર્ભાગ્યથી નિર્માણ કરેલી હોય તેવી કુરૂપા ભીલડીને લઈને રાજા આગળ ચાલ્યો. માર્ગે ચાલતાં નીચ ભીલડીને વિચાર થયો કે, 'આ રાણી મારી સપત્ની (શોક્ય) હોવાથી મારી વૈરિણી છે, માટે તેને મારી નાંખુ તો સુખ થાય.' એવો વિચાર કરી જળ ભરવાનું મિષ કરી રાણીને કૂવા પાસે લઈ જઈ કૂવામાં નાખી દીધી અને પુરંદરરાજા પાસે આવીને કહ્યું કે, 'તમારી રાણી તો કોઈ બીજા પુરુષને લઈને ચાલી ગઈ.' રાજા તેના વિયોગથી ઘણો ખેદ પામ્યો.

પછી ભીલડી અને કુમારને લઈને માર્ગે ચાલ્યો. માર્ગમાં એક મોટી નદી આવી. ભીલડી અને કુમાર બન્નેને એક સાથે નદી ઉતારવાને અસમર્થ હોવાથી પ્રથમ ભીલડીને લઈને રાજા નદીમાં પેઠો. ત્યાં કોઈ મગર રાજાને ગળી ગયો, અને ભીલડી નદીમાં તણાઈ જવાથી મૃત્યુ પામી. રાજાના



ભારથી મગર વધારે ચાલી શક્યો નહીં. એટલે કાંઠા ઉપર આવીને પડ્યો. ઢીમર લોકોએ તેને પકડીને ચીર્યો, એટલે તેના ઉદરમાંથી રાજા નીકળ્યો. તેને



શીતલ પવનથી સંજ્ઞા આવી. એટલે ઢીમર લોકોએ તેને પોતાને ઘેર દાસ કરીને રાખ્યો. એક વખતે રાજા મત્સ્ય લેવાને નદીમાં પેઠો, ત્યાં નદીના પૂરમાં તણાઈ જવાથી મૃત્યુ પામ્યો અને દુર્ગતિએ ગયો.

અહીં રાણી કૂવામાં પડી હતી તેને કોઈ મુસાફરોએ કૂવામાંથી કાઢી. તે મુસાફરોના સાર્થપતિએ તેને કહ્યું તું કોણ છે? એમ પૂછ્યું એટલે તેણીએ પોતાનું વૃત્તાંત જે યથાર્થ હતું તે કહી બતાવ્યું. તેથી તેણે પોતાની પાસે તેને બહેન કરીને રાખી.

નદીને કાંઠે જે રાજકુમાર રહ્યો હતો તેને કોઈ વિદ્યાધરી વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગઈ; અને તેને ઘણી વિદ્યાઓ શીખવીને અનુક્રમે તેના પિતાના રાજ્ય ઉપર બેસાડ્યો.

તે સાથે સાર્થવાહ ફરતો ફરતો રાણીના રાજ્યમાં આવ્યો ત્યાં પુત્રે માતાને ઓળખી અને પગે પડ્યો. પછી માતાને સુખી કરી. -ઉ.પ્રા.ભા.ભાગ-૨ (પૃ.૨૨૨)



જુગારીનું વ્યસન કેવી રીતે બુદ્ધિને બગાડે છે કે પોતાની રાણી હોવા છતાં કાળી કલુટી કુરૂપા ભીલડીને લેવાની ભાવના થઈ અને રાજા હોવા છતાં બધું ખોઈને કેવા દુઃખ આ ભવમાં ભોગવવા પડ્યાં અને પરભવમાં દુર્ગતિમાં જવું પડ્યું માટે જ મહાપુરુષો, આપણો આત્મા નરક, તિર્યંચ ગતિમાં ન જાય તેના માટે આ સાતેય વ્યસનોની પ્રથમ પ્રતિજ્ઞા લેવડાવે છે. એ એમનો પરમોપકાર કોઈ રીતે ભુલાય એવો નથી.

માંસનું વ્યસન

"નિરંતર જંતુ જ્યાં ઊપજે, પ્રાણી હણી જન લાવેજી,
જોતાં, અડતાં ચઢે ચીતરી, કોણ માંસ મુખ ચાવેજી?" વિનય૦

અર્થ :– બીજું વ્યસન માંસ છે. જેમાં નિરંતર જંતુઓની ઉત્પત્તિ થયા કરે છે. પ્રાણીઓને મારી જે લાવે છે. એવા માંસને જોતાં કે અડતાં જ ચીતરી ચઢે, તો એવો કોણ મૂર્ખ હોય કે જે એને મુખવડે ચાવે. નિર્દયી માણસો આવા કામ કરી દુર્ગતિને પામે છે. ॥૧૦॥ -પ્ર.વિ.ભા.૧ (પૃ.૪૨૧)


નરકના માર્ગમાં ભાથા સમાન માંસનું કોણ ભક્ષણ કરે?

"પ્રાણીઓને માર્યા બાદ તત્કાળ ઉત્પન્ન થતા અનંત જંતુઓના સમૂહથી દૂષિત થયેલું અને નરકના માર્ગમાં પાથેય તુલ્ય માંસનું કયો બુદ્ધિમાન માણસ ભક્ષણ કરે? અર્થાત્ ન કરે."

-યોગશાસ્ત્ર (પૃ.૧૪૮)

અકબરને માંસાહાર છોડાવી વર્ષમાં છ મહિના હિંસા બંધ કરાવી

અકબરનું દૃષ્ટાંત :– "એક વખતે અકબર બાદશાહ અટકદેશના રાજાને જીતવાં જતાં એક દિવસમાં બત્રીશ કોશની મજલ કરી. ત્યાંથી આગળ ચાલી અનુક્રમે અકબર બાદશાહે અટકદેશના રાજાના નગર ઉપર ઘેરો ઘાલ્યો. ત્યાં બાર વર્ષ સુધી લશ્કરનો પડાવ રાખ્યો, તો પણ તેનો કિલ્લો અકબરને તાબે થયો નહીં. એક વખતે કાઝીઓ, મુલ્લાઓ અને મુસલમાનોએ મળી બાદશાહને કહ્યું કે "હે અકબર બાદશાહ! તું હંમેશાં કાફર એવા શ્વેતાંબરીનો સંગ કરે છે




તેથી આ કિલ્લો લેવાતો નથી એમ જણાય છે. બાદશાહે આ વૃત્તાંત ગુરુને જણાવ્યો. ગુરુ બોલ્યા–"જે દિવસે કિલ્લો લેવાની તમારી ઇચ્છા થાય તે દિવસ કિલ્લો લઈએ પણ તમારે બધું સૈન્ય છાવણીમાં રાખવું અને આપણે બન્નેએ જ ત્યાં જવું. તેમજ તે દિવસે નગરની બહાર કે અંદર કોઈએ બિલકુલ હિંસા કરવી નહીં."



ગુરુનાં આવા વચન સાંભળી બાદશાહે પડહની ઘોષણાથી સર્વ સ્થાને હિંસા કરવાનો પ્રતિષેધ કર્યો અને પ્રાતઃ તેઓ બન્ને એકલા કિલ્લા પાસે જવા ચાલ્યા. તે જોઈ કેટલાક નિંદક મ્લેચ્છો કહેવા લાગ્યા કે 'આ કાફર હિંદુ અકબરને શત્રુના હાથમાં સોંપી દેશે.'

અહીં વાચકેંદ્ર ગુરુએ કિલ્લા પાસે આવી એક ફૂંક મારવા વડે બધી ખાઈ રજથી પૂરી દીધી, બીજી ફૂંકે શત્રુના સૈન્યને સ્તંભિત કરી દીધું અને ત્રીજી ફૂંકે ઘાણીની જેમ દરવાજા ફૂટીને ઊઘડી ગયા. અકબર બાદશાહે આશ્ચર્ય પામીને તે નગરમાં પોતાની અખંડ આજ્ઞા પ્રવર્તાવી. પછી ગુરુ



પાસે આવીને કહ્યું કે—'હે પૂજ્ય! મને કાંઈક પણ કાર્ય બતાવવાનો અનુગ્રહ કરો.'

તે વખતે સૂરિએ બાદશાહના રાજભંડારમાં પ્રતિવર્ષ જજીઆવેરાના કરનું ચૌદ કોટિ દ્રવ્ય આવતું હતું તે માફ કરવાની માગણી કરી અને કહ્યું કે —''તમે હંમેશાં સવાશેર ચકલીની જીભ ખાઓ છો તે વગેરે હવેથી માંસ ખાવું બંધ કરો અને શત્રુંજયગિરિ પર જનારા મનુષ્ય દીઠ એક સોનૈયાનો કર લેવાય છે તે માફ કરો.

તેમજ છ માસ સુધી અમારી પ્રવર્તાવો. તે છ માસ આ પ્રમાણે—તમારો જન્મ માસ, પર્યુષણ પર્વના બાર દિવસ, બધા રવિવાર, ૧૨ સંક્રાતિઓની ૧૨ તિથિઓ, નવરોજનો (રોજા) મહિનો, ઈદના દિવસો, મોહરમના દિવસો અને સોફિઆનના દિવસો.'' બાદશાહે એ ચારે વાત કબુલ કરી અને તેના ફરમાનો મહોર છાપ સાથે તરત કરાવીને વાચકેંદ્રને અર્પણ કર્યા. વાચકેંદ્રે પોતાના ગુરુ



મહારાજ શ્રી હીરવિજયસૂરિને તેનું ભેટણું કર્યું. -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૩ (પૃ.૩૩)

રાજાએ માંસનું સ્મરણ થતાં કરેલ પ્રાયશ્ચિત્ત

કુમારપાળ રાજાનું દૃષ્ટાંત :– એક વખતે કુમારપાળ ઘેબર જમતો હતો, તેવામાં તેને કાંઈક મળિતાપણાથી પૂર્વે કરેલું માંસ ભક્ષણ યાદ આવી ગયું. એટલે તત્કાળ ખાવું બંધ કરી સૂરિ પાસે જઈને પૂછ્યું કે 'સ્વામી! અમારે ઘેબરનો આહાર કરવો ઘટે કે નહીં?' ગુરુ બોલ્યા–''તે વણિક અને બ્રાહ્મણને ઘટે, પણ અભક્ષ્યનો નિયમ રાખનારા ક્ષત્રિયને ઘટે નહીં, કારણ કે તે ખાવાથી પૂર્વે કરેલા નિષિદ્ધ (માંસ) આહારનું સ્મરણ થઈ આવે છે.'' ગુરુની કહેલી આ વાત કુમારપાળે સ્વીકારી પરંતુ પૂર્વે કરેલા માંસભક્ષણનું સ્મરણ કરતાં બત્રીશ ગ્રાસ ભર્યા હતા



તેના પ્રાયશ્ચિત્તમાં એક સાથે ઘેબરના વર્ણ સદૃશ બત્રીશ વિહારો કરાવ્યા. -ઉ.પ્રા.ભા. ભા.૨ (પૃ.૩૦)

હિંસા કરવાના ભાવ માત્રથી સાતમી નરકમાં ગયો

તંદુલમત્સ્યનું દૃષ્ટાંત :– તંદુલમત્સ્ય જેવો નાનો જીવ પણ અશુદ્ધ ભાવો વડે સાતમી નરકમાં જઈ પડ્યો તો મોટો જીવ તો તેવા ભાવોથી નરકમાં જાય જ એમાં નવાઈ શી? માટે અશુદ્ધ ભાવ તજી શુદ્ધ ભાવ કરવાનો ઉપદેશ છે. ભાવ શુદ્ધ થાય તો પોતાનું અને પરનું સ્વરૂપ જાણવામાં આવે. તે સ્વરૂપજ્ઞાન, જિનદેવની, જ્ઞાની ભગવાનની આજ્ઞાની ભાવના નિરંતર ભાવે તો થાય. માટે જ્ઞાનીની આજ્ઞા અનુસાર આત્મભાવના નિરંતર કર્તવ્ય છે.



તંદુલ મત્સ્યની કથા આ પ્રમાણે સંક્ષેપમાં છે. કાકંદીપુરીમાં સૂરસેન નામનો રાજા હતો. તે માંસભક્ષી હોવાથી નિરંતર માંસ ખાવાનો અતિ લોલુપી હતો. તેનો પિતૃપ્રિય નામનો રસોઈઓ તેને દરરોજ અનેક જીવોને મારીને માંસ ભક્ષણ કરાવતો હતો. તેને સર્પ ડસવાથી તે મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મહામત્સ્ય થયો. રાજા સૂરસેન પણ મરીને તે મહામત્સ્યના કાનમાં તંદુલ (ચોખા જેવડો) મત્સ્ય થયો. ત્યાં મહામત્સ્યના મોંમાં



અનેક જીવો આવે અને નીકળી જાય; તે જોઈ તંદુલ મત્સ્ય વિચારે કે આ મહામત્સ્ય નિર્ભાગી છે કે મુખમાં આવેલ જીવોને જીવતા નીકળી જવા દે છે અને ખાઈ જતો નથી. મારું શરીર જો આટલું મોટું હોય તો સમુદ્રના બધા જીવોને ખાઈ જાઉં, એકને પણ જીવતો નીકળી જવા દઉં નહીં. આવી હિંસાની ભાવનાથી એક પણ જીવને ખાધા વિના પણ તે સાતમી નરકમાં ગયો. મહામત્સ્ય તો હિંસા કરનાર હતો તેથી તે તો મરીને સાતમી નરકે ગયો પણ તંદુલ મત્સ્ય હિંસા કર્યા વગર પણ હિંસાના ભાવ કરવાથી સાતમી નરકમાં ગયો. માટે ભાવ શુદ્ધ કરવા, દુર્ધ્યાન તજવા ઉપદેશ છે.

સૂરસેન રાજા પૂર્વ ભવના પુણ્યથી રાજા થયો હતો. પણ આત્મજ્ઞાનરૂપ ધર્મ નહિ હોવાથી પુણ્ય પૂરાં કરી, વળી પાપ કરી તેને નરકાદિમાં ભમવું પડ્યું.

માટે પુણ્યનો જ પક્ષ ન રાખતાં આત્મજ્ઞાનરૂપ ધર્મ પામવાનો લક્ષ રાખી ભાવ શુદ્ધ કર્તવ્ય છે.'' -અષ્ટપ્રાભૃત (પૃ.૧૧૩)

ચૌદસના દિવસે હિંસાનો ત્યાગ

યમપાલ ચાંડાલનું દૃષ્ટાંત :– પોદનપૂર નામના નગરમાં મહાબલ નામે રાજા હતો. તેણે



આઠ દિવસનો ઉત્સવ રાખ્યો હતો. રાજાએ આજ્ઞા કરી કે આખા નગરમાં કોઈએ જીવહિંસા કરવી નહીં. પરંતુ રાજપુત્ર માંસાહારી હતો તેથી છૂપી રીતે પોતાના બગીચામાં એણે મેંઢાને મારી નાખ્યો. તે માળીએ જોઈ લીધું. માળીએ રાત્રે પોતાની સ્ત્રીને વાત કરી તે ગુપ્તચરે સાંભળી લીધી અને તેણે આ વાત રાજાને કરી.

રાજાની આજ્ઞાનો ભંગ થવાથી તેને ન્યાયની રક્ષા માટે પ્રાણદંડની સજા આપી. રાજપુત્રને શૂળી ઉપર ચઢાવા માટે ચાંડાલને બોલાવવા સિપાઈ ગયો.

યમપાલ ચાંડાલને એક દિવસે સાપે ડંસ માર્યો તેનું વિષ ચઢવાથી તે બેહોશ થઈ ગયો. ઘરના લોકો એ મરી ગયો એમ સમજી સ્મશાનમાં મૂકી આવ્યા. ત્યાં એક મુનિરાજ તપસ્યા કરતા હતા. તેમનું શરીર તપના પ્રભાવથી ઔષધીરૂપ થયું હતું. તેથી તેમના શરીરને સ્પર્શ કરીને પવન જેના શરીરને લાગે તે નીરોગી થઈ જાય. એ મુનિરાજના પ્રભાવથી ચાંડાલનું વિષ ઊતરી ગયું અને નીરોગી થઈ ગયો. મુનિને નમસ્કાર કરી તેમની પાસેથી વ્રત લીધું. ચૌદસના દિવસે જીવહિંસા નહીં કરું.

દૈવયોગે ચૌદસને દિવસે જ સિપાઈઓને આવતા જોઈ ચાંડાલ છૂપાઈ ગયો અને પોતાની સ્ત્રીને કહ્યું કે—તું એમ કહેજે કે એ બીજે ગામ ગયા છે.

સિપાઈઓએ કહ્યું કે—ચાંડાલ અભાગિયો છે. કારણ રાજપુત્રને મારવાથી બહુમૂલ્ય દાગીના મળવાના હતા પણ આજે જ બીજે ગામ ગયો. ચાંડાલની સ્ત્રીએ એ સાંભળીને છૂપાઈ રહેલા ચાંડાલને બતાવી દીધો.

સિપાઈઓએ તેને પકડી રાજાની સામે હાજર કર્યો. ચાંડાલે ચૌદસના વ્રતના કારણે રાજપુત્રને



મારવાની રાજાને મનાઈ કરી. રાજાએ વિચાર્યું કે રાજપુત્ર અને ચાંડાલ બેય મળેલા હશે તેથી આ બહાના કાઢે છે, વ્રત નહીં હોય. માટે બન્નેના હાથપગ બાંધી મગરમચ્છથી ભરેલા તળાવમાં નાખી દીધા. લોકોએ આશ્ચર્યપૂર્વક જોયું તો જળની ઉપર ચાંડાલ સિંહાસન પર આનંદથી બેઠો છે, વાજાં વાગે છે અને જયધ્વનિ થઈ રહી છે.



રાજાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે ત્યાં આવી ચાંડાલને સન્માનિત કર્યો. આવા અહિંસા વ્રતનો મહિમા જોઈને બીજાને નહીં સતાવાની ઘણાએ પ્રતિજ્ઞા કરી.

દારૂનું વ્યસન

"દારૂડિયો માતાને કાન્તા ગણી, કુચેષ્ટા કરતોજી,
શેરીમાં મુખ ફાડી સૂવે, શ્વાન-મૂત્ર પણ પીતોજી. વિનય૦

અર્થ :– ત્રીજું વ્યસન દારૂ છે. દારૂડિયો ભાન ભૂલી પોતાની માતાને, પોતાની સ્ત્રી ગણીને કુચેષ્ટા કરવા લાગી જાય છે. દારૂના નશામાં ગરકાવ થઈ શેરીમાં મુખ ફાડીને સૂઈ જાય છે. તેના મોઢામાં કૂતરા પણ મૂતરી જાય છે. એવી દુર્દશામાં ત્યાં પડ્યો રહે છે. ॥૧૧॥

ધર્મ, અર્થ ને કામ ગુમાવે આ ભવમાં પણ દારૂજી,
પરભવમાં બહુ દુઃખો દેશે; કામ કરે શું સારુંજી ? વિનય૦

અર્થ :– દારૂના વ્યસનને લઈ પ્રાણી આ ભવમાં ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થને ખોવે છે, અર્થાત્ કોઈ પણ કાર્યમાં એનું ચિત્ત ચોંટતું નથી. તથા દારૂમાં રહેલ અસંખ્યાત જીવોની તે હિંસા કરે છે તેથી આવા વ્યસન પરભવમાં પણ તેને બહુ દુઃખ આપનાર થાય છે. આવા વ્યસનો સેવી મનુષ્યભવ પામીને તે પ્રાણી શું સારું કામ કરે છે; કંઈ જ નહીં. માત્ર સંસાર વધારીને અહીંથી જાય છે." ॥૧૨॥ -પ્ર.વિ.ભાગ-૧ (પૃ.૪૨૧)

દારૂ પીધેલા માણસની દુર્દશા

"જેમ વિદ્વતાએ કરી સુંદર માણસની પણ દૌર્ભાગ્યના કારણથી સ્ત્રી ચાલી જાય છે, તેમ મદિરાપાન કરવા વડે કરી બુદ્ધિ દૂર ચાલી જાય છે. મદિરાપાનથી પરાધીન થયેલ ચિત્તવાળા પાપી મનુષ્યો પોતાની માતાની સાથે સ્ત્રીની માફક વર્તન કરે છે. અને સ્ત્રીની સાથે માતાની માફક વર્તન કરે છે. મદ્યથી ચલિત ચિત્તવાળાઓ પોતાને અને પરને જાણી શકતા નથી. તેથી પોતે નોકર છતાં પોતાને સ્વામી માફક ગણે છે અને પોતાના સ્વામીને કિંકરની માફક ગણે છે. કદાચ મડદાની માફક મેદાનમાં પડેલા ઉઘાડા મુખવાળા મદિરા પીવાવાળા માણસના મુખમાં છિદ્રની શંકાથી કૂતરાંઓ પણ મુતરે છે. મદ્યપાનના રસમાં મગ્ન થયેલો બજારમાં પણ નગ્નપણે સૂવે છે અને એક સેજસાજમાં પોતાના ગૂઢ અભિપ્રાયને-છાના વિચારોને બોલી નાખે છે. વિચિત્ર પ્રકારના ચિત્રોની રચના ઉપર કાજળ ઢોળાવાથી જેમ ચિત્રો નાશ પામે છે તેમ દારૂ પીવાથી કાંતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી ચાલી જાય છે. મદિરા પીવાવાળો ભૂતથી પીડાયેલાની માફક નાચે છે; શોકવાળાની માફક રડ્યા કરે છે અને દાહજ્વરથી પીડાયેલાની માફક જમીન ઉપર આળોટ્યા કરે છે. મદિરા શરીરને શિથિલ કરી નાખે છે." -યોગશાસ્ત્ર (પૃ.૧૪૩)




દ્વારિકાના દહનનું નિમિત્ત દારૂ

દ્વૈપાયન તાપસનું દૃષ્ટાંત :– ''સર્વ અભક્ષ્યમાં પ્રથમ મદ્યનું ગ્રહણ, તેને સર્વથી મહાઅનર્થના હેતુભૂત જાણીને તેનું વર્ણન કરેલું છે. તે વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે ''મદ્ય દુર્ગતિનું મૂળ છે અને તે લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ અને ધર્મનો નાશ કરનારું છે.'' વળી કહ્યું છે કે–''મદ્યપાન વડે ઉન્મત્ત થયેલો પુરુષ બાળા, યુવતિ, વૃદ્ધા, બ્રાહ્મણી અને ચંડાલણી ગમે તેવી પરસ્ત્રીને પણ સેવે છે.'' એક વખત કૃષ્ણ વાસુદેવે શ્રી નેમિનાથને પૂછ્યું કે ''સ્વામી! આ મારી નગરીનો વિનાશ શા વડે થશે?'' પ્રભુ બોલ્યા - 'મદિરાથી'. તે સાંભળી કૃષ્ણે આખા નગરમાંથી મદિરાને કઢાવી નાખી. એક વખતે શાંબ અને પ્રદ્યુમ્ન બંને દૂર વનમાં ગયા, ત્યાં મદિરા જોઈને તેનું પાન કર્યું. પછી મદવિહ્વળ થઈ તેમણે દ્વૈપાયન તાપસને બાંધ્યો ને માર્યો.





તત્કાળ તે તાપસે 'હું યાદવોનો તથા તેના નગરનો દાહ કરનાર થાઉં.' એવું નિયાણું કર્યું. તે સાંભળી બળરામ અને કૃષ્ણ તેની પાસે આવ્યા અને પ્રણામ કર્યા. ત્યારે તાપસ બોલ્યો કે "હું તમારા બે વિના બીજા સર્વને હણીશ." બળરામ અને કૃષ્ણે ઘણુ સમજાવ્યા પણ સમજ્યા નહીં. અનુક્રમે તે મૃત્યુ પામી અગ્નિકુમાર દેવ થયો. તરત જ તે



ક્રોધાયમાન થઈને યાદવપુરીને દહન કરવા આવ્યો. તે સમયે નગરના લોકોએ બાર વર્ષ સુધી આયંબિલ વ્રત કર્યું. તેથી તે તેમનો પરાભવ કરી શક્યો નહીં. પછી લોકો પ્રમાદી થઈ ગયા. તે અવસરનો લાભ લઈ તેણે આખી દ્વારકાનગરી બાળી નાખી. બળરામ અને કૃષ્ણ જીવતા બહાર નીકળ્યા. રોહિણી, દેવકી અને વસુદેવ નગરના દરવાજા નીચે દબાઈને મૃત્યુ પામી સ્વર્ગે ગયા. એમ સંભળાય છે કે, 'મદ્યથી અંધ થયેલા એવા સાંબે સર્વ યાદવકુળને હણી નાખ્યું અને પિતાની નગરીને પણ બાળી રાખ કરી; અર્થાત્ તેના કારણભૂત થયા."

-શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૩ના આધારે (પૃ.૯૨)

દારૂથી ભાન ભૂલી માણસ બીજા વ્યસનપણ સેવે

બ્રાહ્મણનું દૃષ્ટાંત :– "એક બ્રાહ્મણ કાશીથી ભણીને પોતાને ગામ જતો હતો. રસ્તામાં એક ભીલોની પલ્લી આગળથી જવાનું હતું. ત્યાં ભીલો દારૂ પીને, નશો ચઢેલો હોવાથી ગાંડા જેવા થઈ ઊભા હતા. તેમણે તે બ્રાહ્મણને દીઠો એટલે બોલ્યા કે મહારાજની મહેમાનગીરી કરો. એમ કહી બધા ચારે બાજુ ફરી વળ્યા અને કહે કે 'તમને જવા નહીં દઈએ. કાં તો માંસનું મિષ્ટાન્ન



ખાવ, કાં સ્ત્રીસેવન કરો અને કાં તો દારૂ પીઓ.' પછી પેલા બ્રાહ્મણે વિચાર્યું કે આ લોકો મને છોડશે નહીં પણ માંસ ખાઉં તો નરકે જવું પડે, પરસ્ત્રી સેવનથી પણ નરકે જવું પડે અને દારૂ જો કે ખરાબ તો છે, પણ વનસ્પતિમાંથી થયેલો છે



એટલે તે લેવામાં કંઈ હરકત નથી. એમ જાણીને તેણે એ પસંદ કર્યું. તેને બધાએ મળીને ઘણો આગ્રહ કર્યો. એક કહે મારો પીવો, બીજો કહે મારો પીવો, એમ બધાએ મળીને એને ખૂબ દારૂ પાયો. તેથી તે ગાંડો થઈ ગયો, એટલે પછી એણે માંસ ખાધું, પરસ્ત્રીસેવન કર્યું, બધું કર્યું.

ભાન ભૂલાય એ મોટો દોષ છે. પછી શું કરે ને શું ન કરે તે કશું કહેવાય નહી. જ્યાં જ્યાં આત્મા ભૂલાય છે તે મોટો દોષ છે. દેહમાં એકાકાર તન્મય થઈ જાય છે અને પોતાને ભૂલી જાય છે; એ ગાંડપણ જ છે.'' -મહાનીતિ વિવેચન (પૃ.૬૬)

વેશ્યાગમનનું વ્યસન

''માંસ-મદિરાથી ગંધાતી, નરકભૂમિ સમ [૪]વેશ્યાજી,
ધન કાજે નીચ સંગ કરે જે, ખોટી નિશદિન લેશ્યાજી. વિનય૦

અર્થ :– જેના ઘરમાં માંસ મદીરાનો વ્યવહાર છે, એવી માંસ મદિરાથી ગંધાતી નરકભૂમિ સમાન વેશ્યા છે. જે ધનને માટે નીચ પુરુષોનો પણ સંગ કરે છે. કામ વાસનાની તીવ્રતાને લીધે જેની હંમેશાં ખરાબ લેશ્યા છે એવી આ વેશ્યા તે પાપના ઘર સમાન છે. ॥૧૩॥



મલિન વસ્ત્ર ધોવાની શિલા, શ્વાન હાડકાં ચાવેજી,
તેવી વેશ્યા-સંગતિ ગંદી ભુલભુલામણી લાવેજી. વિનય૦

અર્થ :– વાસનારૂપ મેલા વસ્ત્ર ધોવા માટે વેશ્યા તે પત્થર સમાન છે. કૂતરો હાડકાં ચાવે ત્યારે પોતાનું તાળવું છોલાઈ જતાં તેમાંથી લોહી નીકળે છે ત્યારે કૂતરો એમ માને છે કે આ લોહી હાડકામાંથી નીકળે છે, તેમ વેશ્યાની ગંદી સંગતિ પણ એવી ભુલભુલામણી લાવે છે કે હું આ વેશ્યાથી સુખ પામું છું; પણ ખરેખર તો પોતાની જ વીર્યશક્તિનો વ્યય કરી જીવ સુખ કલ્પી લે છે.'' ।।૧૪।। -પ્ર.વિ.(પૃ.૪૨૨)

વેશ્યાનો પ્રેમ કૃત્રિમ

''મનમાં કોઈ અન્ય પુરુષ ઉપર પ્રેમ હોય છે, વચનમાં તેનાથી વળી કોઈ જુદા સાથે પ્રીતિ રાખે છે, વળી ક્રિયામાં (કાયાથી) તો વળી કોઈ જુદા જ પુરુષ સાથે રમે છે. આવી વેશ્યા સ્ત્રીઓ સુખને માટે કેવી રીતે થઈ શકે? જેનું મોઢું, માંસ ખાતી હોવાથી માંસથી દુર્ગંધિત, મદિરાથી મિશ્ર, અને અનેક વિટ-જાર પુરુષોથી સેવાયેલું છે એવું, ઉચ્છિષ્ટ-એઠાં ભોજનની માફક વેશ્યાના મુખનું કોણ સેવન કરે? કામી પુરુષે પોતાનું સર્વ ધન વેશ્યાને આપ્યું હોય, પણ જ્યારે તે નિર્ધન થઈ ત્યાંથી ચાલ્યો જાય છે, ત્યારે તે વેશ્યા જતા કામી પુરુષનાં વસ્ત્રો પણ ખેંચી લેવાની ઇચ્છા રાખે છે. અહા! કેટલી બધી સ્વાર્થતા, કે નિઃસ્નેહતા છતાં મોહાંધ પુરુષો સમજી શકતા નથી. પણ વેશ્યાને સ્વાધીન થયેલો પુરુષ, નિરંતર લુચ્ચા, જુગારી, ખરાબ પુરુષોની સોબતમાં જ આનંદ માને છે; પણ દેવ, ગુરુ, સારા મિત્રો અને બાંધવોની સોબતને બિલકુલ ઇચ્છતો નથી. ધનની ઇચ્છાથી, કોઢીઆઓને પણ કામદેવ સમાન જોનારી અને કૃત્રિમ સ્નેહને વિસ્તારનારી, સ્નેહ વિનાની વેશ્યાનો સમજુ માણસોએ અવશ્ય ત્યાગ કરવો.'' -યોગશાસ્ત્રમાંથી

વેશ્યાગમનથી ધનનો નાશ, આબરૂનો નાશ, અંતે દુર્ગતિ; પણ ધર્મથી ઉદ્ધાર

ચારુદત્તનું દૃષ્ટાંત :– ''શ્રેણિકે ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યો કે વેશ્યાગમનથી દુર્વ્યસનમાં ફસાય તો કેવા કેવા દુઃખ ભોગવવા પડે? તે મને કૃપા કરી બતાવો.

ગૌતમસ્વામી બોલ્યા કે હે રાજન! સાંભળો. હું તમને ચારુદત્તનું ચારિત્ર સંભળાવું છું કે જેને વેશ્યાગમનથી કેવા કેવા દુઃખ ભોગવવા પડ્યા.

ચંપાનગરીમાં વિમલવાહન નામે રાજા હતો. તેના રાજ્યમાં એક શેઠ રહેતો હતો. તેનું નામ ભાનુદત્ત અને તેની સ્ત્રીનું નામ દેવિલા હતું. તે શેઠને પુત્ર નહીં હોવાથી તે નિરંતર પુત્રની ઇચ્છાથી દેવોની આરાધના કરતી હતી. મુનિ ભગવંતે ઉપદેશ આપ્યો કે કુલદેવની પૂજાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ નહીં થાય વગેરે ઉપદેશથી તેની પુત્રની ઇચ્છા નિવૃત્ત થઈ. પણ થોડા સમય પછી તેને પુત્રની પ્રાપ્તિ થઈ. તેનું નામ ચારુદત્ત રાખવામાં આવ્યું.


એ ચંપાનગરીમાં જ સિદ્ધાર્થ નામનો શેઠ તથા તેની પત્ની સુમિત્રા રહેતા હતા. તેમની પુત્રી મિત્રાવતી નામની કન્યા સાથે ચારુદત્તના લગ્ન થયા. પણ ચારુદત્ત તો વૈરાગ્યવાન હોવાથી હંમેશા



વિદ્યાભ્યાસ કરવામાં જ તલ્લીન રહેતો હતો. તેથી મિત્રાવતી સાથે કંઈ સંબંધ રાખતો નહીં. તે વાતની સુમિત્રાને ખબર પડી તેથી ચારુદત્તની માતાને ઓળંભા સંભળાવવા લાગી. ભણે પણ ગણે નહીં તો શું કામનું? પોતે લગ્ન કર્યા છે તો તેનું કર્તવ્ય સમજવું જોઈએ. દેવિલાએ સુમિત્રાને સમજાવીને તેના ઘરે મોકલી.


પછી ચારુદત્તની માતાએ પોતાના દિયરને વાત કરીને તેને વેશ્યાને ત્યાં મોકલ્યો. પછી તે ત્યાં જ રહેવા લાગ્યો. છ-બાર મહિના થયા તો પણ ઘરે આવતો જ નથી. પિતાએ સમાચાર મોકલ્યા કે તારા પિતા બિમાર છે. છતાં આવ્યો નહીં. પિતાએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી.

વેશ્યાને ત્યાં માતાએ ધન મોકલ મોકલ કરવાથી તે સર્વ ધન પૂરું થઈ ગયું. વસંતતિલકા વેશ્યાને ખબર પડી કે હવે એની પાસે ધન નથી. તેથી તેને દારૂ પાઈને એક કપડામાં બાંધીને ઉકરડામાં નાખી દીધો. પ્રાતઃકાળ થવાથી કૂતરાઓ એનું મોઢું ચાટવા લાગ્યા. ચારુદત્ત નશામાં બોલ્યો-હે વસંતસેના! હું હમણાં ઉંઘમાં છું તેથી તું આઘી જા, મને સૂવા દે. એટલામાં તો ચોકીદાર આવ્યો અને પૂછ્યું કે તું કોણ છે? અને અહીં કેમ આવ્યો? એ સાંભળવાથી ચારુદત્તની બુદ્ધિ ઠેકાણે આવી.





ચારુદત્તે વિચાર્યું કે આ બધું કામ વસંતતિલકાનું છે. તે જાણી તેને ઘણી ઘૃણા આવી. તે પોતાને ઘેર ગયો. દ્વારપાળે અંદર જતાં રોક્યો. અને કહ્યું કે—ચારુદત્ત! આ ઘર તમારું જ છે, પણ હમણાં મારા માલિકે ગિરવી રાખ્યું છે. ચારુદત્તે કહ્યું-મારી માતાનું ઘર તને ખબર છે? ત્યારે દ્વારપાળે એનું ઝૂંપડા જેવું ઘર બતાવ્યું.



ચારુદત્ત ઘરે ગયો કે એની માતા અને સ્ત્રી બન્ને સામે આવ્યા.

માતાએ આવી તેને નવડાવ્યો અને ભોજન કરાવ્યું. પછી ચારુદત્તે માતા પાસે વિદેશમાં વ્યાપાર કરવાની આજ્ઞા માગી. મામાની સાથે વિદેશ ગયો. ત્યાં સારી કમાણી થઈ, પણ રસ્તામાં જતાં લૂંટારાએ બધું લૂંટી લીધું. ફરી કપાસના ધંધામાં આગ લાગી ગઈ. ત્યાંથી મલય પર્વત ઉપરના નગરમાં કમાવા ગયો. ભાગ્યોદયથી ત્યાં પણ ધન કમાયો પણ ચોરો લૂંટી ગયા.

ત્યાંથી પ્રિયંગુ શહેરમાં ગયો. ત્યાં ચારુદત્તના પિતાના મિત્ર સુરેન્દ્રદત્તની સહાયથી સારું ધન કમાયો, પણ જહાજમાં સમુદ્ર વાટે જતાં જહાજ સમુદ્રમાં ડૂબી ગયું. મામા-ભાણેજ બન્ને છૂટા પડી ગયા. પાટીયું હાથમાં આવવાથી બહાર નીકળ્યા.

સમ્મરી નામની નગરીમાં પહોંચ્યા. ત્યાં પોતાના પિતાનું અનામત ધન પિતાના મિત્રને ત્યાં પડ્યું હતું તે વડે મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો અને દાન વગેરે આપવા લાગ્યો. ત્યાંથી રાજગૃહ નગરમાં આવ્યો. ત્યાં રામદંડી સાધુનો મેળાપ થયો. તેણે પણ રસકુપીના બહાને કૂવામાં નાખી દીધો. ત્યાંથી મહામુશ્કેલીએ બહાર નીકળ્યો. ત્યાં પણ એની પાછળ પાડા પડ્યા. ત્યાંથી માંડ માંડ છૂટ્યો. પછી મિત્રો મળવાથી રત્નદ્વીપ પહોંચ્યો. ત્યાં જિનમંદિરમાં દર્શન પૂજા કરીને બહાર નીકળ્યો. ત્યાં મુનિરાજના દર્શન થતાં જ મુનિ મહાત્મા બોલ્યા—ચારુદત્ત તું અહીં ક્યાંથી? ચારુદત્તે પૂછ્યું કે—આપ મારું નામ ક્યાંથી જાણો? મુનિ મહાત્માએ કહ્યું કે -હું અમિતગતિ વિદ્યાધર છું.



તમે મને બંધનથી છોડાવ્યો હતો તે હું છું. ઘણા વર્ષો સુધી સંસારમાં રહી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી છે. તેટલામાં તે મુનિના પુત્રો વિદ્યાધર ત્યાં મુનિને વાંદવા આવ્યા. મુનિએ ચારુદત્તની બધી હકીકત કહી. તેથી વિદ્યાધરોએ તેને નમસ્કાર કર્યા. ત્યાં બે દેવો આવ્યા. તેમણે મંદિરમાં દર્શન કરી પહેલાં ચારુદત્તને નમસ્કાર કરી પછી મુનિને નમસ્કાર કર્યા. ચારુદત્તે કૂવામાં પડેલા પુરુષને મંત્ર સંભળાવ્યો હતો તે દેવ થયો હતો. બીજો બકરાને મંત્ર સંભળાવ્યો હતો તે પણ દેવ થયો હતો.

તે બન્ને દેવે કહ્યું કે–હે પુણ્યવાન! હવે ધન કમાવવા માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. ચંપાનગરીમાં તમારી ઇચ્છા પ્રમાણે ધન મળી જશે. દેવો પોતાના સ્થાનકે ગયા. વિદ્યાધર પોતાના નગરમાં ચારુદત્તને લઈ ગયો. ત્યાં વિદ્યાઓ સાધ્ય કરી. ૩૨ સ્ત્રીઓ પરણ્યો. પછી ત્યાંથી રવાના થઈ ઘણા વિદ્યાધરો સાથે ચંપાનગરી આવ્યો. ચારુદત્તના આવવાના સમાચાર સાંભળી રાજા વિમલવાહન તેને મળવા માટે આવ્યો. ચારુદત્તે રાજાને ભેટણું આપ્યું. રાજાએ ચારુદત્તને યોગ્ય



જાણીને અર્ધું રાજ્ય આપ્યું. પછી ચારુદત્ત પોતાની માતા તથા પોતાની જુની સ્ત્રીને મળ્યો. ઘણા કાળ સુધી સુખપૂર્વક કાળ નિર્ગમન કર્યો.

એક દિવસ ચારુદત્ત પોતાના મહેલમાં બેઠો હતો. ત્યાં વાદળા ભેગા થયેલા જોયા અને થોડીવારમાં તે છિન્નભિન્ન થઈ ગયા. તે જોઈને તેને વિચાર આવ્યો કે એક દિવસ સગાં-સંબંધી, ધન-દોલત વગેરે બધા અલગ અલગ થઈ જશે, એમ વિચારી તેને સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી. તેથી પુત્રને રાજ્યભાર સોંપી પોતે દીક્ષા લીધી. ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવથી સવાર્થસિદ્ધિ વિમાનમાં દેવ થયો.

આ કથા વડે પ્રમાણ શિક્ષા શું મળે છે કે ચારુદત્ત વેશ્યાના મોહમાં પડવાથી આખું ઘર બરબાદ થઈ ગયું. માતા અને સ્ત્રીને ખાવાના પણ સાંસા પડ્યા. ઝૂંપડીમાં રહેવા જવું પડ્યું. પાપના પ્રાયશ્ચિત્તરૂપ ચારુદત્તને ઉકરડામાં પડવું પડ્યું. માટે ધર્માત્મા પુરુષોએ પાપાત્મા એવી વેશ્યાઓનો સર્વથા પરિત્યાગ કરવો. જિનેન્દ્રદેવનો એ જ ઉપદેશ છે.''



શિકારનું વ્યસન

"મુખમાં તૃણ સહ નિરપરાધી હરણ અશરણ ભય-મૂર્તિજી,
હણે શિકારી ગણી બહાદુરી કરે પાપમાં પૂર્તિજી." વિનય૦

અર્થ :- મોઢામાં તૃણ ગ્રહણ કરે તેને રાજા પણ છોડી મૂકે છે. એવા તૃણ એટલે ઘાસના ખાનારા બિચારા નિરપરાધી હરણો જેને કોઈ જંગલમાં શરણ આપનાર નથી એવા ભયની મૂર્તિ સમાન, ઘણા જ ભયભીત સ્વભાવવાળા હરણોને દુષ્ટ એવો શિકારી હણી નાખે છે. તેણે હણીને વળી બહાદુરી માની હિંસાનંદી રૌદ્રધ્યાન સેવી પાપમાં પૂર્તિ કરીને નરકગતિને સાધે છે. ॥૧૫॥

"કીડી ડંખે તોપણ કૂદે તેવા જન શિકારેજી,
તીક્ષ્ણ તીરે નિર્દોષી મૃગને હણી કેમ સુખ ધારેજી!" વિનય૦

અર્થ :- કીડી ચટકો મારે તોપણ કૂદે તેવા શિકારીઓ તીક્ષ્ણ બાણવડે નિર્દોષી મૃગને હણીને કેમ સુખ માનતા હશે? એવાઓને સુખ પણ કેમ મળશે કેમકે-

"સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહીં અવરકું, તો અપને હણે ન કોય." -બૃહદ આલોચના ॥૧૬॥

જે તુજ સ્વજન હતાં પરભવમાં, તુજ મુખ જોવા ઝૂરતાંજી,
વગર ઓળખ્યે હણે તેમને ધિક્ક! શિકારી-ક્રુરતાજી. વિનય૦

અર્થ :- જે પૂર્વભવમાં તારા જ સ્વજનો હતા. તારું મુખ જોવાને માટે જે ઝૂરતા હતા. તેને જ તું વગર ઓળખ્યે હણી નાખે છે. માટે હે શિકારી! તારી એવી દુષ્ટ ક્રુરતાને સદા ધિક્કાર છે.



પુત્રનું દૃષ્ટાંત :– એક પુત્રની માતા મરીને કૂતરી થઈ. પિતાના શ્રાદ્ધના દિવસે ખાવા માટે ખીરની રસોઈ બનાવી. તેમાં તે જ કૂતરીએ આવીને મોઢું ઘાલ્યું તો પુત્રે તેના માથે લાકડીઓના માર માર્યા. એમ પૂર્વભવના પોતાના જ સ્વજનોને જીવ અજ્ઞાનવશ હણે છે. ॥૧૭॥

એક વાર જે હણે જીવ તું, વેર ધરી તે મરશેજી,
પરભવમાં બહુ વાર મારશે; વેર વધારી ફરશેજી. વિનય૦

અર્થ :- એકવાર તું જે જીવને હણે છે, તે જીવ તારા પ્રત્યે વેર ધારણ કરીને મરશે. તેથી



પરભવમાં તે તને બહુ વાર મારશે. તારા પ્રત્યે વેર રાખી તને મારવા માટે તે ફર્યા કરશે, એમ ભવોભવ તે વેરના સંસ્કારો ચાલ્યા કરશે.'' ।।૧૮।।

-પ્ર.વિ.(પૃ.૪૨૨)

શિકાર પછી જીવનું દુઃખ જોઈ થયેલો પશ્ચાત્તાપ

પૃથ્વીપાલ રાજાનું દૃષ્ટાંત :– ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અનુપમ રૂપવાળો પૃથ્વીપાલ રાજા હતો. તે એક વખતે વનમાં મૃગયા રમવાને ગયો. ત્યાં કોઈ એક વૃક્ષ ઉપર મયૂર પક્ષીને જોઈ ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું અને તેના પ્રાણ લેવા માટે બાણ છોડ્યું. બાણ લાગવાથી મયૂર પક્ષી તત્કાળ પૃથ્વી પર પડ્યું. તેને પૃથ્વી પર તરફડતાં અને આક્રંદ કરતા જોઈ રાજાને વિચાર આવ્યો



કે ''અરે આ જીવને મેં તેના ક્રીડારસમાંથી અકસ્માત વિરસ કર્યો. તેની જેમ મારાથી અધિક બળવાળો કોઈ નર કે વ્યાઘ્ર આવી મને ઘણા પ્રહાર કરીને વેદના ઉપજાવે તો તે વખતે તેને કોણ નિવારે ? માટે મારા જેવા પાપીને ધિક્કાર છે.'' આમ વિચારી પૃથ્વી પર તરફડતા મયૂર પક્ષી તરફ જોઈને વારંવાર તેને નમવા લાગ્યો. વેદનામાં પણ રાજાએ નમ્ર વચન કહ્યાં, તેથી કાંઈક શુભ ધ્યાનમાં તત્પર થયેલો તે મયૂર ક્ષણવારમાં મૃત્યુ પામ્યો અને વિશાલપુર નગરમાં મનુષ્યપણે અવતર્યો.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૩ (પૃ.૪૭)



જીવનો વધ કરનાર નરકે જાય અને દયા પાળનાર સ્વર્ગે જાય

ખેંગાર રાજાનું દૃષ્ટાંત :– એકદા જૂનાગઢનો ખેંગાર નામનો રાજા શિકાર કરવા ગયો હતો. ત્યાં ઘણા સસલાઓનો વધ કરી તેને ઘોડાના પૂંછડા સાથે બાંધીને પાછો આવતાં તે માર્ગથી તેમજ સાથીદારોથી છૂટો પડ્યો. અર્થાત્ એકલો ભૂલો પડ્યો તેવામાં એક બાવળના વૃક્ષની શાખા ઉપર ચઢીને બેઠેલા ઢુંઢલ નામના ચારણને જોઈને તેને પૂછ્યું કે –"અરે ! તું માર્ગ જાણે છે ?' ત્યારે તે દયાળુ ચારણે કહ્યું કે –

જીવ વધંતા નરગ ગઈ, અવધંતા ગઈ સગ્ગ,
હું જાણું દો વાટડી, જીણ ભાવે તિણ લગ્ગ. ॥૧॥



અર્થ :- 'જીવનો વધ કરનાર નર્કે જાય છે અને દયા પાળનારા સ્વર્ગે જાય છે; આ બે માર્ગ હું તો જાણું છું, તને ગમે તે માર્ગે જા.'

આ પ્રમાણે વેધ કરે તેવી દૂધ જેવી તેની વાણી સાંભળીને તે રાજાને તત્કાળ વિવેક ઉત્પન્ન થયો; તેથી તેણે ત્યાંજ જીવનપર્યંત પ્રાણીવધ નહીં કરવાનો નિયમ ગ્રહણ કર્યો, તથા તે ચારણનો અશ્વો તથા ગામ વિગેરે આપીને ગુરુની જેમ સત્કાર કર્યો. -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૪ (પૃ.૨૭)



જીવનો વધ કરવો મહાપાપ છે, આ એક વચનથી થયેલો ઉદ્ધાર

ઢીમરનું દૃષ્ટાંત :– પૃથ્વીપુર નગરમાંએક ઢીમર રહેતો હતો, તે મત્સ્ય મારવાને ઇચ્છતો નહોતો, તથાપિ તેના સ્વજનવર્ગે તેને જાલ વિગેરે આપીને મત્સ્ય મારવા બળાત્કારે મોકલ્યો. તે જાળમાં મત્સ્યો લઈને આવ્યો. સ્વજનોએ તેને મત્સ્ય ચીરવાને તીક્ષ્ણ શસ્ત્ર આપ્યું. તે શસ્ત્રથી મત્સ્યોનો વધ કરતાં તેની આંગળી કપાઈ ગઈ. તેની વેદનાથી તેણે ચિંતવ્યું કે, 'હિંસાપ્રિય જીવોને ધિક્કાર છે. કોઈને 'મરી જા' એવું કહેતાં પણ દુઃખ થાય છે. તો હિંસા કરતાં કેમ ન લાગે?'



એ વખતે કોઈ ગુરુ શિષ્ય નગરમાંથી બહાર ઠલ્લે જતાં તે સ્થાનેથી નીકળ્યા. તેમણે હાથમાં શસ્ત્ર વાળા તે માછીને જોયો. તે જોઈ શિષ્યે ગુરુને કહ્યું કે, 'હે ભગવાન! આવા પાપી જીવો તો કોઈ રીતે પણ તરે એમ લાગતું નથી.' ગુરુ બોલ્યા - 'વત્સ! જિનેંદ્રશાસનમાં એવો એકાંત કદાગ્રહ નથી; કારણકે અનેક ભવોમાં સંચય કરેલા કર્મો હોવા છતાં, અધ્યાત્મજ્ઞાન,(આત્માના ભાવ) સહિત શુભ પરિણામ વડે પ્રાણી કર્મોને ક્ષણવારમાં નાશ પમાડે છે. તે વિષે કહ્યું છે કે ''જે જે સમયે જીવ જે ભાવમાં પ્રવર્તે છે, તે તે સમયે તેવાં તેવાં શુભાશુભ કર્મ બાંધે છે.'' આ પ્રમાણે કહી શિષ્યને નિરુત્તર કરીને ગુરુએ ઉંચે સ્વરે આ પ્રમાણે એક પદ કહ્યું કે - ''जीववहो महापावो'' જીવનો વધ કરવો મહાપાપ છે. આ પ્રમાણે કહી ગુરુ આગળ ચાલ્યા.

તે સાંભળી ઢીમરે તે પદ યાદ કરીને ચિંતવ્યું કે, ''આજથી મારે કોઈ જીવનો વધ કરવો નહીં.'' આવું ધ્યાન કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પોતે પૂર્વે ચારિત્રની વિરાધના કરેલી તેનું ફળ આ નીચ કુળમાં જન્મ થયો વિગેરે માની તે દીક્ષા લેવામાં ઉત્સુક થયો અને અંતે શુક્લધ્યાનથી તત્કાળ કેવળજ્ઞાનને પામ્યો. સાનિધ્યમાં રહેલા દેવતાઓએ તેનો મહોત્સવ કર્યો. દેવદુંદુભિનો શબ્દ સાંભળી પેલા શિષ્યે ગુરુને પૂછ્યું કે, ''આ શેનો શબ્દ છે?'' ગુરુ બોલ્યા-



''વત્સ! જો, તે ઢીમરને મહાજ્ઞાન ઉત્પન્ન થયું, તેનો દેવો મહોત્સવ કરે છે, તે સંબંધી દુંદુભીનો આ નાદ છે.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૨ (પૃ.૪૪)


ક્ષણમાત્રનો જ્ઞાનીપુરુષનો સમાગમ અથવા જ્ઞાનીપુરુષનું એક વચન પણ યથાર્થ પરિણમાવે તો જીવ મોક્ષને પામે છે.

રાજાના હૃદયમાં પ્રાણી માત્ર પ્રત્યે પ્રગટેલી દયાની અદ્‌ભુત લાગણી

કુમારપાળ રાજાની દયાનું દૃષ્ટાંત :– પુરાણના શ્લોકો સાંભળીને કુમારપાળે તે શ્લોકો લખાવી તેના પત્ર લઈને પોતાના સેવકોને પોતાના રાજ્યમાં દરેક શહેરે અને દરેક ગામે જીવદયાને માટે મોકલાવ્યા. વળી રાજા કુમારપાળે ગુપ્ત બાતમીદારોને રાખ્યા હતા. ''કોઈ હિંસા કરે છે કે નહીં?'' એ જાણવા તેઓ ગુપ્ત રીતે તેના વિશાળ રાજ્યમાં સર્વત્ર ફરતા હતા. એક વખતે એવું બન્યું કે –

મહેશ્વર વણિકનું દૃષ્ટાંત :– કોઈ ગામમાં મહેશ્વર નામના કોઈ વણિકના કેશમાંથી તેની સ્ત્રીએ એક જૂ કાઢીને તે શ્રેષ્ઠીના હાથમાં મૂકી એટલે તે મહેશ્વર શેઠે તેને મારી નાખી. તે રાજાના ગુપ્તચરોના જોવામાં આવ્યું. તેથી તત્કાળ તે શ્રેષ્ઠીને મરેલી જૂ સાથે પકડીને પાટણ નરેશ કુમારપાળ પાસે લઈ ગયા.

રાજાએ પૂછ્યું 'અરે શેઠ! આવી દુષ્ટ ચેષ્ટા કેમ કરી?' શ્રેષ્ઠીએ કહ્યું 'મહારાજ! આ જૂ





મારા મસ્તકમાં માર્ગ કરીને મારું લોહી પીતી હતી, તે અન્યાયથી મેં તેને મારી છે.' કુમારપાળે કહ્યું, 'અરે દુષ્ટ! વાળ તો જૂને રહેવાનું સ્થાન છે, ત્યાંથી તે જીવને તેં સ્થાનભ્રષ્ટ કર્યો તેથી તું પોતે જ અન્યાયી છો. કદી તું જીવહિંસાથી ડર્યો નહીં, પણ શું મારી આજ્ઞાથી પણ ડર્યો નહીં?' એમ કહી તેનો ઘણો તિરસ્કાર કર્યો.

પછી તે મહેશ્વરે જીવિતદાનરૂપ ભિક્ષા માગી એટલે દયાળુ રાજાએ કહ્યું કે–'જા, તને છોડી મૂકું છું, પણ તું તારું સર્વ દ્રવ્ય ખર્ચીને આ જૂના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે 'યૂકાવિહાર'નામે એક પ્રાસાદ કરાવ, કે જેને જોઈને કોઈપણ જીવ વધ ન કરે.' મહેશ્વર શેઠે તેમ કરવું સ્વીકાર કર્યું. -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨ (પૃ.૫)

કુમારપાળ રાજાએ ચામડી ઉખેડી પણ જીવ બચાવ્યો

જીવદયાનું જ્વલંત દૃષ્ટાંત :– એક વખત કુમારપાળ રાજા કાયોત્સર્ગે ઊભા હતા. ત્યારે પગે મંકોડો ચોંટ્યો. તે વખતે પાસેના સેવકોએ તેને ઉખેડવા માંડ્યો. પણ રાજાએ મંકોડાને વ્યાકુળ થતો જોઈ, તીક્ષ્ણ કાતર વડે પોતાની ત્વચા ઉખેડી મંકોડાને દૂર કર્યો. અને એવો નિયમ લીધો કે, 'વર્ષાઋતુના ચાર મહિના પોતાના નગરના દરવાજા બહાર જવું નહીં.'

-ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૨ (પૃ.૫)

ચોરીનું વ્યસન

"એક વાર ઠગનારો જીવ પણ વારંવાર ઠગાશેજી,
દાન સમાન સહસ્ત્રગણું ફળ ચોરીનું ય ચખાશેજી. વિનય૦૬

હવે છઠ્ઠું વ્યસન ચોરી છે તે વિષે જણાવે છે :-

અર્થ :- એકવાર કોઈ જીવને ઠગશે તેના ફળમાં વારંવાર તે પોતે ઠગાશે. કોઈને દાન આપવાનું હજાર ગણું ફળ મળે તેમ ચોરી કરવાના ફળમાં તેને હજારગણું દુઃખ ભોગવવું પડશે.



ચોરનું દૃષ્ટાંત :– એક છોકરાને ચોરીના અપરાધમાં ફાંસીની શિક્ષા કરવામાં આવી, ત્યારે તેણે માને મળવાની ઇચ્છા દર્શાવી. મા મળવા આવી ત્યારે તેના કાન કરડી ખાધા. તે વખતે લોકોએ પૂછ્યું કે



કેમ આમ કર્યું? ત્યારે તેણે કહ્યું કે નાનપણમાં હું નાહીને ભીને શરીરે બીજાના તલના ઢગલા પાસે જઈ ત્યાં આળોટીને તલ શરીરે ચોટાડી લઈ આવતો, ત્યારે આ મા રાજી થતી હતી. તેના પરિણામે હું આટલો મોટો ચોર થયો. તેનું કારણ મારી આ મા છે, માટે મેં એમ કર્યું. ॥૧૯॥

'વાવે તેવું લણે' ભણે જન, શાસ્ત્ર વળી પોકારેજી-
ચતુર બની ચોરી કરતાં જીવ, પર-ભવ-ડર વિસારેજી. વિનય૦

અર્થ :- 'જેવું વાવે તેવું લણે' એવી કહેવત છે તથા શાસ્ત્રો પણ આ વાતનો પોકાર કરીને જણાવે છે કે ચોરી કરવી તે દુઃખનું કારણ છે. છતાં ચતુર બનીને ચોરી કરતાં જીવ આ ભવ પરભવના ડરને ભૂલી જાય છે. ॥૨૦॥

જે મૂડીથી બહુ જન જીવે તે જ ચોર પણ ચોરેજી,
દુઃખ કેટલું ઘરે કુટુંબી? મરણ-દુઃખ એક કોરેજી. વિનય૦

અર્થ :- જે ધનની મૂડી વડે ઘણા જન જીવે તેને ચોર ચોરી જાય છે. તેથી તેના કુટુંબીઓ કેટલું દુઃખ પામે કે તેના આગળ મરણનું દુઃખ પણ એક કોરે મુકાઈ જાય છે. કેમકે મરણનું દુઃખ તો એકવાર ભોગવાય પણ નિર્ધનતાનું દુઃખ તો પ્રતિદિન ભોગવવું પડે છે.

દશ પ્રાણથી માણસ જીવે છે. તેને ધન પણ એક અગિયારમા પ્રાણ સમાન છે. પર ધન લેતાં જાણે તેના પ્રાણ જ લીધા. કારણ નિર્ધન બનીને તે બહુ દુઃખ પામે છે. ॥૨૧॥

-પ્ર.વિ.૧ (પૃ.૪૨૨)

ચોરીના અપરાધમાં બધાને ફાંસી

તાપસ ચોરનું દૃષ્ટાંત :– કૌશાંબી નામની નગરીમાં એક ચોર તાપસનો વેશ ધારણ કરી રહેવા લાગ્યો. દિવસે તો લોખંડનું શીકું બનાવી ઝાડને લટકાવી તેમાં પોતે ધ્યાનમાં બેસી રહેતો. કંઈ ખાય, પીએ નહીં. તેના સાથીદારો તેના તપની પ્રશંસા કરતાં ચોતરફ ફરવા લાગ્યા, તેથી ઘણા લોકો તેના ભક્ત થયા.

તે તાપસ રાતના ચોરી કરવા લાગ્યો. લોકોએ ચોરીની વાત રાજાને કરી તેથી કોટવાળને બોલાવી કહ્યું કે સાત દિવસમાં ચોરને પકડીને લાવ. નહીં તો તને ફાંસી દેવામાં આવશે.

કોટવાળે એક પંડિતજીને પોતાની ચિંતા દૂર કરવાનો ઉપાય પૂછ્યો. પંડિતજીએ કહ્યું કે–આ નગરમાં કોઈ અતિ નિઃસ્પૃહ પુરુષ રહે છે? કોટવાળે કહ્યું–એક તાપસ શીકામાં બેસી લટકી રહ્યો છે, અને કોઈ લૂખું સુકું આપે તે ખાઈને સંતોષ કરીને રહે છે.

પંડિતજી કહે– ચોરને પકડવાની જવાબદારી મારી. પંડિતજી આંધળા બની તાપસની પાસે રહેવા લાગ્યા. તાપસના સાથીદારોએ તેની પરીક્ષા કરી કે ખરેખર આંધળો છે કે કોઈ બનાવટી ઠગ છે. ગમે તેટલી પરીક્ષા કરી પણ એ ચલિત થયો નહીં. ત્યારે સાથીદારોને ખાતરી થઈ કે ખરેખર એ આંધળો જ છે. ત્યારે તપસી અને તેના સાથીદારો બધા ચોરી કરવા નીકળ્યા અને




ધન લાવીને પાણી વગરના કૂવામાં ધનની પેટીઓ અંદર ઉતારે છે. પંડિતજી ચૂપચાપ બધું જોઈ રહ્યા છે. બીજે દિવસે કોટવાળને બતાવી બધા ચોરોને પકડાવી દીધા.

ચોરીનું ધન કૂવામાંથી કાઢી બધાને પોતપાતાને આપી દીધું. કોટવાળે બધા ચોરોને રાજા આગળ હાજર કર્યા. રાજાએ ચોરીના અપરાધના બદલામાં તેઓને ફાંસીની સજા આપી.

-સદાચાર શિક્ષક ભાગ-૨માંથી

ધર્મ અને સત્સંગતિના પ્રભાવથી ચોરનો પણ ઉદ્ધાર



લોહખુર ચોરનું દૃષ્ટાંત :– "શ્રેણિકના પિતા પ્રસેનજિત રાજાના રાજ્યમાં રાજગૃહી નગરીને વિષે લોહખુર નામે એક ચોર રહેતો હતો. એક વખતે તેણે દ્યુતક્રીડામાં જીતેલું દ્રવ્ય યાચકોને આપી દીધું. પછી ત્યાંથી જતાં માર્ગે ક્ષુધાતુર થયો, એટલે પોતાને ઘેર ભોજન કરવા માટે જવાની ઇચ્છા કરી; તેવામાં રાજાના મહેલમાંથી સરસ રસોઈની સુગંધ આવી; એટલે તત્કાળ તેને વિચાર થયો કે, 'મારી પાસે અંજનવિદ્યા છે, તેથી મારે શું અશક્ય છે? માટે અંજનવિદ્યાથી રાજગૃહમાં જઈને રાજભોજન કરું.' આવું વિચારી તે અદૃશ્ય વિદ્યાથી રાજમહેલમાં ગયો અને રાજાની સાથે એક થાળમાં બેસી તેમાંથી ભોજન જમીને પોતાને ઘેર ગયો. પછી તો રસગૃદ્ધિ થવાથી એવી રીતે પ્રતિદિન કરવા લાગ્યો.....ઘણા દિવસ સુધી તેમ ચાલવાથી ઓછો આહાર થવાને લીધે રાજાનું અંગ કૃશ થઈ ગયું.

એક વખતે મંત્રીએ રાજાને પૂછ્યું કે, "હે સ્વામિન્! તમારું શરીર ગ્લાન કેમ છે? શું અન્ન પર અરુચિ થઈ છે? કારણ કે અન્ન વગર શરીર, નેત્ર વગર મુખ, ન્યાય વગર રાજ્ય, લવણ વિના ભોજન, ધર્મ વિના જીવિતવ્ય અને ચંદ્ર વિના નિશા એ શોભતાં નથી, અથવા તમને કાંઈ ચિંતા તો નથી? કારણ કે શરીરમાં રહેલી ચિંતા શરીરને બાળે છે, અને દુષ્ટ પિશાચીની જેમ નિત્ય રુધિર અને માંસને બાળી નાખે છે."


રાજા બોલ્યો કે, "હે મંત્રી! મને મોટું આશ્ચર્ય એ થાય છે કે હું હમેશાં બમણું ત્રણગણું જમું



છું, પણ કોઈ અંજનસિદ્ધ પુરુષ મારી સાથે જમી જાય છે, તેથી નારકીના જીવોની જેમ મારો ઉદરાગ્નિ શાંત થતો નથી.'' આ પ્રમાણે સાંભળી મંત્રીએ રસોડાના સ્થાનમાં ચોતરફ આકડાના સૂકાં પુષ્પો વેર્યાં, ભોજન સમયે પેલા ચોરના પગના આઘાતથી તેને ખડખડતા જોઈ તે વિષે નિશ્ચય થયો. પછી બીજે દિવસે તે ચંપાતા પુષ્પનો ધ્વનિ સાંભળી, ચોરને અંદર આવેલો જાણી તત્કાળ તે સ્થાનના દ્વારને દૃઢ અર્ગલા આપી વાસી દીધાં અને અંદર પ્રથમથી ગુપ્ત રાખેલો તીવ્ર ધુમાડો કર્યો. ધૂમ્રથી વ્યાકુળ થયેલા ચોરના નેત્રમાંથી અશ્રુધારા ચાલી, તેથી તેણે કરેલું સિદ્ધાંજન ધોવાઈ ગયું, એટલે સર્વેએ તેને પ્રત્યક્ષ જોયો. પછી તત્કાળ તેને બાંધીને રાજા પાસે લઈ ગયા. તે વખતે ચોરે ચિંતવ્યું કે, ''અહો! દૈવયોગે મારું તો ભોજન અને ઘર બંને નષ્ટ પામ્યું.''

પછી રાજાની આજ્ઞાથી સુભટોએ તે ચોરને નગરના જાહેર ભાગોમાં ફેરવી શૂળીએ ચડાવ્યો. ત્યારપછી રાજાના સુભટો ગુપ્ત રીતે સંતાઈ રહીને જોવા લાગ્યા કે, હવે જે પુરુષ આ ચોરની સાથે વાતચીત કરે તેની પાસે સર્વ નગરજનનું ચોરેલું દ્રવ્ય છે એમ જાણીને તેને ત્યાં શોધવું. તેવામાં જિનદત્ત નામે એક શ્રેષ્ઠી તે માર્ગે નીકળ્યો. તેણે ચોરનું આક્રંદન સાંભળી ચોર પ્રત્યે કહ્યું કે, 'અરે ચોર! પાપરૂપી વૃક્ષનું આ ભવમાં આ વધ બંધન વિગેરે ફળ તને પ્રાપ્ત થયું છે અને પરલોકમાં નરકગતિની વેદનારૂપ ફળ પ્રાપ્ત થશે, કેમકે પ્રાણીએ ઉપાર્જન કરેલું કર્મ અન્યથા થતું નથી; પરંતુ હવે અંતકાળે પણ તું અદત્તાદાન ચોરીના ત્યાગરૂપ વ્રત અંગીકાર કર.'

તે સાંભળી ચોરે કહ્યું, 'અરે શેઠ! મારા પગ શિયાળ ખાઈ ગયા છે કાગડાઓએ મસ્તકને ઠોલી નાખ્યું છે. આ પ્રમાણે મને પૂર્વ કર્મનું ફળ ઉદયમાં આવ્યું છે, હવે હું શું કરું? પરંતુ મને





તૃષા ઘણી લાગી છે, તેથી કૃપા કરીને મને પાણી લાવી આપો.' શ્રેષ્ઠીએ તે વાત રાજવિરુદ્ધ જાણી મૌન રહ્યો. પુનઃ ચોરે દીન આલાપોવડે તેવીજ રીતે પાણીની માગણી કરી. જેથી શ્રેષ્ઠીએ હિંમત લાવીને કહ્યું કે, 'હે ભદ્ર! તું તારા આખા ભવમાં કરેલા પાપની આલોચના કર. સ્મૃતિમાં લાવ અને તેની નિંદા કર. શેઠના કહેવાથી ચોરે પોતાના આખા ભવમાં કરેલા પાપ જણાવ્યા, એટલે જિનદત્તે ચોરી પ્રમુખના પચ્ચખાણ કરાવ્યા, અને કહ્યું કે ''હે ભદ્ર! એકત્વ અને અન્યત્વ ભાવના ભાવવાથી પ્રાણીના સર્વ પાપ અર્ધ ક્ષણમાં પણ લય પામી જાય છે; તેથી તું હવે તે ભાવના ભાવ, સર્વ જીવોને મૈત્રીભાવે જો અને સર્વ પ્રકારની આપત્તિમાંથી ઉદ્ધાર કરનાર નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર. હું જળ લેવાને જાઉં છું.'' ચોરે પૂછ્યું કે, 'કૃપાનિધિ! આ પચ્ચખાણથી અને નમસ્કારથી મારા મહાપાપ જશે?' શ્રેષ્ઠી બોલ્યા કે–

''હજારો પાપ કરી અને સેંકડો જીવોની હત્યા કરી નવકાર મંત્રને જપનારા તિર્યંચો પણ સ્વર્ગે ગયા છે.''


આ પ્રમાણે તેને ઉપદેશ કરી જિનદત્ત શ્રેષ્ઠી જળ લેવાને ગયો. પછવાડે તે ચોર સમાધિથી મૃત્યુ પામી અંત સમયે જ આયુષ્ય બાંધી સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. ''અહો, સત્સંગતિનું ફળ કેવું અદ્‌ભુત છે!''

....જિનદત્ત શ્રેષ્ઠી જળ લઈને આવ્યા, ત્યાં તો તેને મૃત્યુ પામેલો જોયો. પરંતુ પોતે રાજવિરુદ્ધ કર્યું છે એવું જાણી તે શક્રાવતાર ચૈત્યમાં જઈને કાયોત્સર્ગે રહ્યા. સુભટોએ સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યું; એટલે રાજાએ આજ્ઞા કરી કે, 'હે સુભટો! એ મૂર્ખ ગાય જેવા પણ કૃત્યે વાઘ જેવા શ્રેષ્ઠીને ચોરની જેમ વિડંબના કરીને મારી નાખો.' સુભટોએ તત્કાળ શ્રેષ્ઠીને રાજાની આજ્ઞા જણાવી, તથાપિ તે ધ્યાનથી ચલિત થયા નહીં. પછી તેઓ તેને અનેક પ્રકારની વિડંબના કરવા લાગ્યા. તે વખતે પેલો 'લોહખુરદેવ' ભવપ્રત્યય અવધિજ્ઞાનવડે પોતાના ધર્મગુરુની એવી અવસ્થા જોઈને વિચાર કરવા લાગ્યો કે –

''એક અક્ષર, અર્ધ પદ કે પદ માત્રને ભણાવનારા ગુરુને જે ભૂલી જાય તે પાપી કહેવાય છે. તો ધર્મને બતાવનારા ગુરુને ભૂલી જનાર પાપી કહેવાય તેમાં તો શી નવાઈ?'' આવું વિચારી પ્રતિહારનો વેષ લઈ તરત તે ત્યાં આવ્યો અને દંડાઘાતવડે સુભટોને મૂર્છિત કરી નાખ્યા. તે હકીકત સાંભળી રાજા ચતુરંગ સેના લઈને ત્યાં આવ્યો. દેવે તેને કહ્યું કે, 'તમે ઘણા છો તેથી શું થઈ ગયું? કહ્યું છે કે, ઘણા ગજેન્દ્રો હોય પણ તે દુબળા સિંહની બરાબર પણ થઈ શકતા નથી. આમ કહીને એક રાજા સિવાય બીજા બધાને તેણે પૃથ્વી પર પાડી નાખ્યા. પછી આખા નગર પર આકાશમાં શિલા વિકુર્વીને તે ઉપદ્રવ કરવા લાગ્યો. એટલે રાજા અને મંત્રીઓ અંજલિ જોડીને બોલ્યો કે, 'હે દેવ! અમારો અપરાધ ક્ષમા કરો.' દેવ બોલ્યો–'મારા ધર્મગુરુ શ્રીજિનદત્ત શ્રેષ્ઠીને



તેના અપરાધ વિના તમે શા માટે પીડા કરો છો? તે મહાશયના મહિમાથી જ મને આ દેવસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે.' એમ કહીને તેણે બધો પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો.



પછી પ્રસન્ન થયેલા દેવે કહ્યું કે, 'તમે સર્વે મારા ગુરુના ચરણમાં પ્રણામ કરો અને તેમના મુખથી નવકાર મંત્ર સાંભળી ચોરી વિગેરેના ત્યાગરૂપ વ્રતને ગ્રહણ કરો.' સર્વેએ તેમ કર્યું, અને જિનદત્ત શ્રેષ્ઠી મોટા ઉત્સવવડે પોતાને ઘેર આવ્યા. લોકો પણ પ્રત્યક્ષ જૈનધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

ઉપર પ્રમાણે લોહખુર ચોર લોઢાની શૂલીએ પરોવાયો હતો, છતાં અલ્પ કાળના પણ નિયમને ધારણ કરી જિનદત્ત શ્રાવકની સહાયથી આદ્ય વિમાનને વિષે દેવસમૃદ્ધિને પ્રાપ્ત થયો.''

-ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૨ (પૃ.૭૦)


'સર્વ જીવનું ઇચ્છો સુખ મહાવીરની શિક્ષા મુખ્ય'

ચાર રાણીઓનું દૃષ્ટાંત-- વસંતપુરમાં અરિદમન નામે રાજા હતો. તે એકદા પોતાની



ચારે રાણીઓ સહિત મહેલના ગવાક્ષમાં બેસી ક્રીડા કરતો હતો. તેવામાં એક ચોરને વધસ્થાન તરફ લઈ જવાતો તેમણે જોયો. તે જોઈ રાણીઓએ પૂછ્યું કે, ''એણે શો અપરાધ કર્યો છે?'' તે સાંભળીને એક રાજસેવક બોલ્યો કે, ''તેણે ચોરી કરી છે, તેથી તેને વધસ્થાન તરફ લઈ જાય છે.'' તે સાંભળીને મોટી રાણીએ રાજાને કહ્યું કે—''હે સ્વામી! મેં તમારી પાસે પૂર્વે એક વરદાન થાપણરૂપ રાખેલું છે તે વરદાન આજે માગું છું, કે એક દિવસ માટે આ ચોરને મુક્ત કરી મને સોંપો''

રાજાએ તે વાત કબૂલ કરીને તે ચોરને રાણીને સોંપ્યો. તે રાણીએ હજાર મહોરનો ખર્ચ કરી તે ચોરનો સ્નાન, ભોજન, અલંકાર, વસ્ત્રો વગેરેથી સત્કાર કર્યો, અને સંગીત વગેરે શબ્દાદિક વિષયોથી તેને આખો દિવસ આનંદમાં રાખ્યો. બીજે દિવસે તે જ પ્રમાણે લક્ષ સુવર્ણનો ખર્ચ કરી બીજી રાણીએ તે ચોરનું પાલન કર્યું. ત્રીજે દિવસે ત્રીજી રાણીએ કોટી દ્રવ્યનો વ્યય કરી તે જ રીતે તેનો સત્કાર કર્યો, ચોથે દિવસે છેલ્લી નાની રાણીએ રાજા પાસે વરદાન માગી તેની અનુમતિથી અનુકંપાવડે તે ચોરને મરણના ભયથી મુક્ત કરાવ્યો એટલે અભયદાન અપાવ્યું; બીજો કાંઈ પણ સત્કાર કર્યો નહીં. મોટી ત્રણ રાણીઓએ તેની મશ્કરી કરી કે, ''આ નાની રાણીએ આને કાંઈ પણ આપ્યું નહીં, તેમ તેને માટે કાંઈ ખર્ચ પણ કર્યો નહીં. ત્યારે તેણે ચોરનો શો ઉપકાર કર્યો?'' નાની





રાણી બોલી કે—''તમારા ત્રણે કરતા મેં વધારે ઉપકાર કર્યો છે, તમે કાંઈ પર ઉપકાર કર્યો નથી.'' આ પ્રમાણે તે રાણીઓ વચ્ચે ઉપકારના વિષયમાં મોટો વિવાદ થયો. ત્યારે તેનો ન્યાય કરવા માટે રાજાએ તે ચોરને જ બોલાવીને પૂછ્યું કે—''તારા પર આ ચારેમાંથી કોણે વધારે ઉપકાર કર્યો?'' તે સાંભળી ચોર બોલ્યો કે—''હે મહારાજા! મરણના ભયથી ત્રણ દિવસમાં પીડા પામેલા મેં સ્નાન ભોજનાદિ સુખનો કાંઈ પણ અનુભવ કર્યો નથી. વાઘની સામે બાંધેલા લીલા જવને ખાનારા બકરાની જેમ મેં તો ત્રણ દિવસ કેવળ દુઃખનો જ અનુભવ કર્યો છે. અને આજે તો શુષ્ક, નીરસ અને તૃણ જેવો સામાન્ય આહાર કરવાથી પણ વણિકને ઘેર બાંધેલા ગાયના વાછરડાની જેમ જિંદગી પ્રાપ્ત થવાથી કેવળ સુખનો જ અનુભવ કરું છું અને તેથી જ આજે હું હર્ષથી નૃત્ય કરું છું.'' તે સાંભળીને રાજાએ અભયદાનની પ્રશંસા કરી.

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે,''જેમ રાજાની નાની રાણીએ ચોરને મૃત્યુના દુઃખમાંથી બચાવીને મહાન ઉપકાર કર્યો, તેવી રીતે આસ્તિક મનુષ્યોએ નિરંતર પ્રાણીઓ પર અનુકંપા કરવી, તેમ કરવાથી સમકિતનું ચોથું લક્ષણ જે અનુકંપા તે શુદ્ધ રીતે પ્રગટ થાય છે.''

-ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ-૧ (પૃ.૧૫૪)

તેમજ આપણે માથે પણ મરણ તાકી જ રહ્યું છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, એમ જાણીને સમાધિમરણની અવશ્ય આરાધના કરવી.

એક મહાત્માએ એક ભાઈને કહ્યું કે તારું એક મહિના પછી મૃત્યુ છે. તેથી તેને મહિના સુધી બધું અસાર લાગ્યું. કેમકે મારે તો મહિના પછી મરી જવાનું છે તો શામાં મોહ રાખું? એવી જાગૃતિ આપણને પણ મરણ માથે જ છે એમ લાગે તો રહે. સત્પુરુષના બોધનો પરિચય હમેશાં રહે તો સંસાર અસાર જણાય, તે પ્રત્યે વૈરાગ્ય આવે અને એવી જાગૃતિ સદા રહી શકે.

ચોરને લાભ અને શ્રાવકને દુઃખ કેમ?

શ્રાવક અને ચોરનું દૃષ્ટાંત :—''કોઈ માણસને પાપાનુબંધી પુણ્યના ઉદયથી આ ભવમાં વિપત્તિ જોવામાં આવતી નથી; તથાપિ પરિણામે આગામી ભવમાં તેને અવશ્ય વિપત્તિ પ્રાપ્ત થવાની એમ સમજવું. તે વિષે એક વાર્તા છે કે કોઈ શ્રાવક અને ચોર બન્ને પોતપોતાના ઘરમાંથી સાથે નીકળ્યા. શ્રાવક ચોરની આગળ આગળ પ્રભુના દર્શન કરવા જતો હતો. ત્યાં માર્ગમાં શ્રાવકના પગમાં કાંટો વાગ્યો અને પેલા ચોરને આગળ જતાં એક રૂપિયો જડ્યો





તેથી તે હર્ષ પામ્યો. આથી શ્રાવક વિચારમાં પડ્યો કે, 'અહો! અધર્મીને સારું ફળ અને ધર્મીને દુઃખ–આ કેવી વાત?' આ સંદેહ તેણે ગુરુ પાસે જઈને પૂછ્યો એટલે ગુરુ બોલ્યા કે, 'હે શ્રાવક! તારું પાપ પગમાં કાંટો વાગવાથી નાશ પામ્યું અને તે ચોરને આગળ જતાં તે રાજાના સુભટો પકડીને શૂલીએ ચઢાવશે.' ક્ષણવારમાં તેમ જ બન્યું. તે પેલા શ્રાવકના સાંભળવામાં આવ્યું. ત્યારથી તે શ્રાવક નિરંતર શુદ્ધ વ્યાપારમાં તત્પર થયો.'' -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૨ (પૃ.૨૦૦)

રસ્તામાં પડેલી વસ્તુ પણ લેવી નહીં

શેઠ પુત્રનું દૃષ્ટાંત :– એક શેઠનો પુત્ર હતો. તે પરદેશથી આવતો હતો. દરિયામાં વહાણ ડૂબવાથી તે તરીને પાર નીકળ્યો. ત્યાં કિનારા આગળ એક રાજાની કન્યાને મરેલી સ્થિતિમાં જોઈ. તેના ગળામાં ચળકતું જોયું તો તે હાર હતો. તેથી તેણે વિચાર્યું કે આ હાર નદીમાં જતો રહેશે તેના કરતાં હું દુકાન કરી કમાણીમાંથી તેની કિંમતની એક ધર્મશાળા તેના નામની કરાવીશ. એમ વિચારી તે હાર લઈ આગળ ચાલ્યો. પોતાના ગામ પર જતાં વચ્ચે શહેર આવ્યું ત્યાં બધાની



જડતી લેવાઈ. તેણે કહ્યું મારી પાસે કંઈ નથી. છતાં ચાલતાં ક્યાંય કપડું ભરાયું અને ફાટ્યું, હાર બહાર નીકળી પડ્યો. તે જોઈ પોલીસે પકડ્યો અને લઈ ગયા. તેણે હકીકત બધી જણાવી પણ તપાસ કરનારે ઉલટું એમ કહ્યું કે હારને લેવા માટે તેં જ આ કન્યાને મારી છે. તેથી તેને ફાંસીની સજા થઈ. આ ઉપરથી રસ્તામાં પડેલી કોઈ વસ્તુ પણ લેવી નહીં.



પરસ્ત્રીગમનનું વ્યસન

"ચિંતા, વ્યાકુળતા, દુર્બુદ્ધિ, રોગ, દુઃખ વધ આપેજી,
નરકે બાળે લોહ-પૂતળી, °પરનારી-રતિ પાપેજી. વિનય૦

હવે સાતમું વ્યસન પરસ્ત્રીગમન છે. તે વિષે સ્પષ્ટતા કરે છે :-

અર્થ :- પરનારીનો સંગ કરવાથી તેને ચિંતા ઊપજે કે જાણે કોઈ મને દેખી ન લે તથા વિષયની તીવ્ર ઇચ્છાને લીધે મનમાં ઘણી વ્યાકુળતા થાય છે. પરસ્ત્રીઓ પ્રત્યે નજર રહેવાથી તેની બુદ્ધિ દુર્બુદ્ધિ બની જાય છે. ભોગો તેના શરીરને ભોગવી જઈ રોગ ઉપજાવે છે. હમેશાં તેની સ્મૃતિ રહેવાથી મનમાં સદા દુઃખ રહ્યાં કરે છે. તથા પરસ્ત્રી સંગ કરતાં પકડાઈ જાય તો વધને પણ પાત્ર બની જાય છે, અર્થાત્ લોકો તેને મારી પણ નાખે છે. આ બધા દુઃખ તો આ ભવના છે. તેમજ પરભવમાં પણ પરસ્ત્રીગમનના પાપે તેને નરકમાં ગરમાગરમ લાલચોળ લોખંડની પૂતળીને આલિંગન કરાવીને બાળે છે.

"જૈસી પ્રીતિ હરામકી, તૈસી હર પર હોય;
ચલ્યો જાય વૈકુંઠમેં, પલ્લો ન પકડે કોય." ॥૨૨॥

"ધિક્ક ! પરાક્રમ, ધિક્ ગુણ, બુદ્ધિ, સત્તા, વગ, સંપત્તિજી,
વૃથા જીવન, જો સ્વપ્ને પણ છે, પર-સ્ત્રી-ધન-આસક્તિજી. વિનય૦

અર્થ :- તારા પરાક્રમને ધિક્કાર છે, તારી બુદ્ધિ, સત્તા કે વગ એટલે લાગવગ કે સંપત્તિને પણ ધિક્કાર છે તથા તારું જીવન પણ વ્યર્થ છે કે જો તને સ્વપ્ને પણ પરસ્ત્રી કે પરધન પ્રત્યે આસક્તિ છે." -પ્ર.વિ.ભા.૧ (પૃ.૪૨૨)

રાવણ વિદ્વાન હોવા છતાં પરસ્ત્રીની ઇચ્છાથી નાશ પામ્યો

રાવણનું દૃષ્ટાંત :– "રાવણ બહુ વિદ્વાન હતો, ત્રણ ખંડનો એ રાજા હતો. એ ત્રણ ખંડ જીતવા ગયો ત્યારે એને એક વિદ્યા સાધતી બાઈ મળી. તે બાઈને રાવણને જોતાં વિકાર થયો, તેથી તેણે રાવણને કહ્યું કે તમે મારી ઇચ્છા પૂરી કરો તો હું તમને વિદ્યા આપું; જેથી આ આખો દેશ જીતી શકો. રાવણને મનમાં થયું કે આવું પાપનું કામ તો ન કરવું, પણ એની પાસે જે વિદ્યા છે તે લઈ લેવી. રાવણે બાઈને કહ્યું, મને તું વિદ્યા આપ. તે બાઈએ વિદ્યા આપી. રાવણ પછી દેશ જીતવા ગયો. જીતીને પાછો ત્યાં આવ્યો અને બાઈને કહ્યું કે તું તો મારી મા છે, કેમકે તેં મને મંત્ર આપ્યો છે, તેથી તારાથી વિકારની વાત પણ ન થાય. એમ રાવણ હતો બહુ વિદ્વાન. આમ સમજુ હતો પણ કર્મના ઉદયે સીતાને હરણ કરવાની ભૂલ કરી, તેથી હજુ સુધી જગતમાં નિંદાય છે. પોતે પોતાનું પદ ભૂલી પરમાં લીન થયો તો પોતાના બધા કુટુંબનો નાશ કરે છે અને પરિભ્રમણ કર્યા કરે છે. જીવને વિકારભાવ કર્મબંધનું કારણ છે, પછી પોતાની સ્ત્રી હો કે પરની;



પણ અતિ આસક્તિ હોય તો ગાઢ કર્મ બંધાય. એને અતિભોગદોષ કહેવાય છે. મોહવશ શું શું જીવો નથી કરતા?'' (બો.૧ પૃ.૫૯૬)

સ્ત્રીનું ચરિત્ર દેવો પણ જાણતા નથી તો પુરુષ ક્યાંથી જાણે?

મંગીનું દૃષ્ટાંત :– ''મંગી નામની સ્ત્રી હતી. તેનો પતિ ક્યાંય બહાર ગયો હતો. મંગીની સાસુને મંગી ઉપર દ્વેષભાવ રહેતો. એક દિવસે તેણે મંગીના ઘરેણાં એક માટલામાં પડ્યાં હતાં, તેમાં એક કાળો સર્પ મૂકી ઉપર ઘાસ પાથરી દીધું. મંગીએ ઘરેણાં લેવા અંદર હાથ નાખ્યો તો સર્પ ડસ્યો તેથી તેને થોડીક વારમાં ઝેર ચઢી ગયું. સાસુ તેને સ્મશાનમાં લઈ ગઈ અને ત્યાં મૂકી ઉપર ઘાસ પાથરી દીધું અને પછી ઘેર આવી ગઈ. એટલામાં મંગીનો ધણી ઘેર આવી ગયો અને માને પૂછ્યું કે મંગી ક્યાં છે? માએ કહ્યું કે બહાર ગઈ હશે, હમણાં આવી જશે, મરી ગઈ હશે વગેરે ગમે તેમ કહેવા માંડી. રાત થવા આવી છતાં મંગી આવી નહીં, તેથી તેનો પતિ હાથમાં નાગી તલવાર લઈને તેને શોધવા જંગલમાં ગયો. એવામાં ત્યાં એક મુનિના દર્શન થયાં. મુનિ ધ્યાનસ્થ હતા. તેણે કહ્યું કે જો મારી સ્ત્રી મને મળી જશે તો હું તમારી સો કમળોથી પૂજા કરીશ એમ કહીને ત્યાંથી આગળ ચાલ્યો. ફરતાં ફરતાં સ્મશાનમાં ઘાસ પડેલું જોયું. ઘાસ ઊંચું કરી જોયું તો મંગી દેખાઈ. તે તેને ઊંચકી મુનિની પાસે આવ્યો. તે મૂર્છાગત હતી તેથી તેણે બોલાવી પણ બોલી નહીં. પછી તેને ઊંચકી મુનિના ચરણનો સ્પર્શ કરાવ્યો. મુનિ ઔષધિલબ્ધિવાળા હતા. તેથી અડતાં જ તેનું ઝેર ઊતરી ગયું અને તે બેઠી થઈ. તેનો પતિ મુનિની પૂજા કરવા માટે તળાવમાં કમળ લેવા ગયો. મંગી ત્યાં જ બેઠી હતી.

ત્યાં એક ચોર આવ્યો. તેને જોઈને મંગીએ કહ્યું, મારે તારી સાથે આવવું છે. તું મને લઈ જા. ચોરે કહ્યું, તારા પતિની મને બીક લાગે છે. એ મને મારી નાખશે તો? મંગીએ કહ્યું, તું ડરીશ નહીં, એ તો બીકણ છે, નિર્બળ છે. તને નહીં મારે એવું હું કરીશ. એટલામાં એનો ધણી કમળ લઈને આવ્યો. તેને જોઈને ચોર ઝાડની પાછળ સંતાઈ ગયો. મંગીના પતિએ પોતાના હાથમાં જે તલવાર હતી તે મંગીના હાથમાં આપી અને પોતે મુનિની કમળો વડે પૂજા કરવા લાગ્યો. મંગીએ તલવાર તેને મારવા માટે ઉગામી એટલામાં પેલો ચોર આવ્યો અને તલવાર હાથથી ઝાલી લીધી. તલવારની ધારથી તેની ચાર આંગળીઓ કપાઈ ગઈ. આંગળીઓ કપાયાનો અવાજ થયો તેથી તેના પતિએ કહ્યું કે કેમ તને ભય લાગે છે? મંગીએ કહ્યું–હા, મને ભય લાગે છે. પછી ચોર ત્યાંથી જતો રહ્યો. એટલામાં એના છ ભાઈઓ ગામમાં ચોરી કરવા ગયેલા તે બધા ધનમાલ લઈને આવ્યા. પછી ભાગ કરીને દરેકને ધન આપવા લાગ્યા, પણ નાનાભાઈએ કહ્યું કે મારે ધન નથી જોઈતું. બધા ભાઈઓએ પૂછ્યું, શું થયું? ઓછો ભાગ છે તેથી નથી જોઈતો? કે બીજું કંઈ કારણ છે? તેણે બધી વાત કરી કહ્યું કે જુઓ મારી ચાર આંગળીઓ કપાઈ ગઈ. આપણે બધાં પૈસા લાવી લાવીને બૈરાંને આપીએ છીએ અને બૈરાં તો એવાં નીકળે છે. તેથી મારે તો દીક્ષા લેવી છે. તે સાંભળી બધાને દીક્ષા લેવાનું મન થયું. તેથી સાતે જણે દીક્ષા લીધી. તે વાત મંગીના



પતિએ પણ સાંભળી. મારી સ્ત્રી આવી છે! એમ જાણીને તેણે પણ દીક્ષા લીધી.

વિષયભોગમાં કંઈ સુખ નથી. એવી વૈરાગ્યવાળી કથા સાંભળે છે છતાં જીવને વૈરાગ્ય આવતો નથી. તેનું કારણ શું છે? જીવ, વિષયમાં સુખ નથી એ ભૂલી જાય છે. કિંપાક ફળ જેવા વિષયનાં સુખ કહ્યાં છે. તે સુંદર હોય છે, મીઠાં હોય છે પણ ખાય ત્યારે આંતરડાં તોડી નાંખે છે; તેમ વિષયના સુખ શરૂઆતમાં સુંદર લાગે છે, પણ પછી ચાર ગતિમાં ભ્રમણ કરાવે છે. ભવોભવમાં એથી ન છુટાય. ત્યાગની ભાવના થવી મુશ્કેલ છે. સ્વર્ગે જવું હોય કે મોક્ષે, બન્નેમાં સ્ત્રી અર્ગલા સમાન વિઘ્નરૂપ છે. એથી પરાધની થઈ જીવ કર્મ બાંધે છે અને તેથી અધોગતિમાં જાય છે. પરસ્ત્રી તો દૃષ્ટિવિષ સર્પ સમાન છે.'' (બો.૧ પૃ.૫૯૭)

પરસ્ત્રી એ સર્વ પાપોની ખાણ જે પતિને મૂકી અન્યને સેવે તેનો વિશ્વાસ ન કરાય

''શ્રાવકોએ આસક્તિપૂર્વક પોતાની સ્ત્રી પણ સેવવી ન જોઈએ તો સર્વ પાપોની ખાણ સમાન પરસ્ત્રી માટે તો શું જ કહેવું? અર્થાત્ પરસ્ત્રી ન જ સેવવી. જે સ્ત્રી પોતાના વહાલા પતિને મૂકી નિર્લજ્જ થઈ અન્ય પતિ પાસે જાય છે, તેવી ક્ષણિક ચિત્તવાળી યા ક્ષણિક પ્રેમવાળી અન્ય સ્ત્રીનો વિશ્વાસ શો? અર્થાત્ તેનો વિશ્વાસ ન જ રાખવો.'' -યોગશાસ્ત્ર (પૃ.૧૨૭)

પરસ્ત્રીગમન કરનાર આ ભવ અને પરભવ બન્નેમાં દુઃખી થાય છે

''પ્રાણનાશના સંદેહને ઉત્પન્ન કરનાર, પરમ વૈરનું કારણ અને આ લોક તથા પરલોક વિરુદ્ધ પરસ્ત્રી ગમનનો ત્યાગ કરવો. પરદારામાં આસક્ત પુરુષો આ લોકમાં (રાજા તરફથી) સર્વ ધનનું હરણ, બંધન અને શરીરના અવયવોનું છેદન એ આદિ દુઃખો પામે છે તથા મરણ પામ્યા બાદ ઘોર નરકમાં જાય છે. પોતાની સ્ત્રી ઉપર કોઈ ખરાબ નજર કરે તેના રક્ષણ માટે નિરંતર યત્ન કરનાર, અને સ્વસ્ત્રીના ખરાબ આચરણોથી ઉત્પન્ન થતાં દુઃખોનો અનુભવ કરનાર માણસે પરસ્ત્રી ગમન શા માટે કરવું જોઈએ? કારણ કે પોતાની માફક તેના પતિને પણ દુઃખ થાય જ. જેણે પોતાના પરાક્રમથી આ વિશ્વને સ્વાધીન કર્યું હતું તેવો મહા પરાક્રમી રાવણ પણ પરસ્ત્રીમાં રમવાની ઇચ્છાથી કુળનો ક્ષય કરી નરકમાં ગયો.

રાવણનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે. પર સ્ત્રી સાથે ક્રીડા કરવાની ઇચ્છાથી તેણે સીતાનું હરણ કર્યું હતું. વિભીષણ નામના તેના ભાઈએ તેને ઘણું સમજાવ્યો, પણ રામચંદ્રજીને સીતા પાછી ન આપી. આખરમાં રામચંદ્ર તથા લક્ષ્મણની સાથે યુદ્ધમાં તેને ઊતરવું પડ્યું, અને એક સ્ત્રી માટે પોતાના કુળનો નાશ કરી અંતમાં રણ શય્યામાં લાંબી નિદ્રાએ તેને સુવું પડ્યું અને મરણ પામી નરકની ઘોર યાતનાઓ સહન કરવી પડી. માટે પોતાનું કુશળ ઇચ્છનારા સત્પુરુષોએ અવશ્ય પરસ્ત્રીનો ત્યાગ કરવો.

લાવણ્યતાએ કરી પવિત્ર અવયવોવાળી, સૌંદયર્તાની સંપદાના ઘર સમાન, અને કલાના સમુદાયમાં કુશળતાવાળી પણ સ્ત્રીનો ત્યાગ કરવો.

પોતાના ઉપર આશિક થયેલી એવા ગુણોવાળી પરસ્ત્રીની પાસે પણ જે મહાશયની વૃત્તિ



નિષ્કલંક રહી છે, તેવા શાસનની ઉન્નતિ કરનાર, સુદર્શન શ્રેષ્ઠીના ગુણોની અમે કેટલી સ્તુતિ કરીએ? તેઓના સંબંધમાં અમો કેટલું બોલીએ અથવા શું બોલીએ? અર્થાત્ તેઓના સંબંધમાં જેટલું બોલીએ તેટલું ઓછું જ છે.''

-યોગશાસ્ત્ર (પૃ.૧૨૮)

પરસ્ત્રી ત્યાગી સુદર્શન શેઠનું દૃષ્ટાંત :– ''પૂર્વે અંગ દેશમાં તિલક સમાન શ્રેષ્ઠ ચંપાનગરીમાં દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. મહા કુલવાન અને દેવાંગના તુલ્ય રૂપવાળી અભય નામની તેને પટરાણી હતી. તેજ શહેરમાં વૃષભદાસ નામનો પરમાર્હત ભક્ત શ્રેષ્ઠિ રહેતો હતો. તેને યથાર્થ નામવાળી અર્હદ્દાસી નામની સુશીલા સ્ત્રી હતી. તેને અનુક્રમે શુભ સ્વપ્નોથી સૂચિત સુદર્શન નામનો પુત્ર થયો. સમગ્ર કળાઓમાં પ્રવીણ થયેલા પુત્રને પિતાએ ઉત્તમ કુળની સુશીલા મનોરમા નામની કન્યા પરણાવી.

સદ્ગુરુના સંયોગે સુદર્શન અને મનોરમા પરમ અર્હદ્ભક્તો થયા અને બાર વ્રતો રૂપ ગૃહસ્થ ધર્મ તેમણે સ્વીકાર્યો. ખરેખર અજ્ઞાનાંધકાર દૂર કરવા માટે ગુરુ સિવાય બીજો કોઈ પ્રકાશ સમર્થ નથી.

તેજ રાજાના કપિલ નામના પુરોહિત સાથે સુદર્શનને ગાઢ મૈત્રી થઈ. સુદર્શનના ધાર્મિક તેમજ સ્વાભાવિક ગુણોથી આકર્ષાયેલો કપિલ પોતાનો કેટલોક વખત તેની પાસે જ વ્યતીત કરતો હતો. પોતાના પતિને ઘેર મોડો આવતો જોઈ સ્ત્રી કપિલાએ ઘેર મોડા આવવાનું કારણ પૂછ્યું.

ગુણાનુરાગી કપિલે પોતાના મિત્ર સુદર્શનના ગુણોનું કપિલા આગળ વર્ણન કરી જણાવ્યું કે મહા ગુણવાન અને રૂપવાન સુદર્શનની મિત્રતાથી મારા આત્માને ધન્ય માનું છું અને દિવસનો મોટો ભાગ તે સદ્ગુણીની સોબતમાં પૂર્ણ કરું છું. તેથી મોડું અવાય છે.

પતિમુખથી સુદર્શનના ગુણો સાંભળી વગર દેખે પણ કપિલા તેના ઉપર મોહિત થઈ પડી. ખરેખર અમૃત પણ નિર્ભાગી મનુષ્યોને વિષ તુલ્ય થઈ પરિણમે છે. ગમે તે પ્રયોગે કપિલાએ સુદર્શનને મળવાનો નિર્ણય કર્યો.

એક દિવસ કપિલ બહારગામ ગયો. તે અવસર જોઈ કપિલા સુદર્શન પાસે આવી અને 'તમારો મિત્ર ઘણો બીમાર છે માટે તમને બોલાવે છે એમ કહી ઊભી રહી.' સરળ હૃદયના સુદર્શને તે વાત ખરી માની અને મિત્રને મળવાને કોઈ પણ માણસને સાથે લીધા સિવાય કપિલા સાથે ચાલી નીકળ્યો. ઘરમાં જઈ કપિલાને કહ્યું મારો મિત્ર ક્યાં છે? તેણે કહ્યું અંદર અગાશીમાં છે, આગળ જાઓ. સુદર્શન આગળ ચાલ્યો એટલે કપિલાએ દ્વાર બંધ કર્યાં; સુદર્શન શંકાયો. કપિલ ક્યાં છે? ફરી પૂછ્યું. કપિલાએ જવાબ આપ્યો, કપિલને બદલે આજે કપિલાને જ મળો. મારા પતિના મુખથી તમારા ગુણ સાંભળ્યા ત્યારથી મારી મનોવૃત્તિ તમારા તરફ લલચાઈ હતી. હવે આજે મારી પ્રાર્થના સફળ કરો અને મને શાંતિ આપો.

સુદર્શન એકાએક સ્ત્રીના કહેવાથી મનુષ્ય સાથે લીધા સિવાય પોતાનું પરના ઘરમાં આવવું



થયું તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પણ આ પશ્ચાત્તાપ નકામો હતો. પાણી પીને ઘર પૂછવા જેવું થયું, કપિલા તેને મુકે તેમ નહોતી. મોહાંધ મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનો વિવેક હોતો નથી. કપિલા સુદર્શનને વળગી પડી. તાત્કાલિક બુદ્ધિવાળા સુદર્શને ખુલ્લા હૃદયથી દિલગીર થઈ જવાબ આપ્યો, કપિલા! તમારું કહેવું હું માન્ય રાખી શકતો નથી કારણ કે વિધાતાએ મારા સુંદર રૂપ સાથે નપુંસકપણાનો દોષ સાથે જ દાખલ કર્યો છે, અર્થાત્ હું નપુંસક છું. દૃઢ હૃદયવાળા મનુષ્યોના હૃદયમાં ઇચ્છા સિવાય વિકૃતિ થતી નથી. કપિલા વિલખી થઈ ગઈ અને તત્કાળ સુદર્શનને જવા માટે દ્વાર ખોલી આપ્યું. સુદર્શન ઘેર આવ્યો અને હવેથી સાથે સહાયક લીધા સિવાય કોઈને ઘેર વગર પ્રસંગે ન જવું તેવો નિર્ણય કર્યો.

ઇંદ્ર મહોચ્છવનો દિવસ હતો. સારાં સારાં વસ્ત્રાભૂષણો પહેરી સર્વ લોકો બહાર જતાં હતા. અભયા રાણી પણ કપિલા પુરોહિતની સાથે રથમાં બેસી ફરવા નીકળી. તેવામાં આજુબાજુ દેવકુમાર જેવા છ પુત્રોથી ઘેરાયેલી એક સ્ત્રીને કપિલાએ જોઈ અભયાને પૂછે છે, બાઈ સાહેબ! આ ભાગ્યવાન સ્ત્રી કોણ છે? અભયાએ જવાબ આપ્યો, આપણા નગરના પ્રખ્યાત ધર્મિષ્ઠ શેઠ સુદર્શનની આ સ્ત્રી છે અને આ છએ પુત્રો તેના છે. કપિલા હસીને બોલી બાઈ સાહેબ! તેને પુત્રો ક્યાંથી હોય? રાણીએ જવાબ આપ્યો કપિલા આ શું બોલે છે? પુરુષોવાળી સ્ત્રીને પુત્રો ન હોય ત્યારે કોને હોય? કપિલાએ જવાબ આપ્યો, તેનો સ્વામી પુરુષાર્થ રહિત છે. આ પ્રમાણે કહી પોતાનો સર્વ વૃત્તાંત રાણીને જણાવ્યો. અભયા હસીને બોલી, અરે મુગ્ધા! સુદર્શને તને ઠગી છે. તે પર સ્ત્રી તરફ નપુંસક છે પણ સ્વસ્ત્રી તરફ નપુંસક નથી.

કપિલા જરા મોઢું ચઢાવીને બોલી, ઠીક છે, હું તો મુગ્ધા છું અને મને ઠગી છે, પણ તમે તો ચતુર છો ને! અભયા બોલી, મારા હાથના સ્પર્શથી તો પત્થર પણ ગળી જાય તો પુરુષની તો વાત જ શી કરવી? કપિલાએ કહ્યું આટલો બધો ગર્વ રાખો છો ત્યારે હવે તમે સુદર્શન સાથે વિલાસ કરશો જ. માનના આવેશમાં આવી જઈ અભયાએ પ્રતિજ્ઞા કરી કે જો સુદર્શન સાથે વિલાસ ન કરું તો અગ્નિમાં પ્રવેશ કરી બળી મરું. ખરેખર અજ્ઞાની મનુષ્યોને માન ક્યાં કરવું તેની પણ ખબર પડતી નથી. તેથીજ પોતાની મર્યાદા અને ધર્મને ઓળંગી રાણીએ અનર્થકારી પ્રતિજ્ઞા કરી. મહોત્સવમાં ફરી સર્વ કોઈ પોતપોતાને ઠેકાણે ગયા.

અભયાના હૃદયમાં ચિંતા અગ્નિ સળગવા લાગ્યો. શાંત કરવા માટે પોતાની ધાવ માતા પંડિતાને બોલાવી પોતાની પ્રતિજ્ઞા જણાવી. પંડિતાએ પ્રતિજ્ઞા માટે ઠપકો આપ્યો અને કહ્યું કે આ પ્રતિજ્ઞા તેં ઠીક નથી કરી, કેમકે સાધારણ જૈનીઓ પણ પરસ્ત્રી સાથે સહોદર તુલ્ય વૃત્તિ રાખે છે તો આ તો ધર્મ ધુરંધર સુદર્શનના સંબંધમાં કહેવું જ શું? અભયાએ જણાવ્યું કે તે હું જાણું છું પણ હવે થઈ તે થઈ, માટે કોઈ ઉપાય કરો કે જેથી મારી પ્રતિજ્ઞા સફળ થાય. પંડિતાએ તપાસ કરી જણાવ્યું કે આઠમ ચૌદશ સુદર્શન પોસહ કરી રાત્રે સૂના ઘરમાં કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહે છે. તે રાત્રે તેને અહીં ઉપાડી લાવવો.



એક દિવસ કૌમુદિ મહોત્સવનો દિવસ હતો. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે નગરમાંથી સર્વ સ્ત્રી પુરુષોએ બહાર નીકળી જવું અને રાત્રિ દિવસ વનમાં આનંદથી ગુજારવો. તે દિવસ ચોમાસી ચતુર્દશીનો હોવાથી શેઠે વિચાર્યું કે મને ધર્મમાં ખલેલ પડશે. રાજા પાસે ભેટણું મૂકી તે દિવસ શહેરમાં ધર્મધ્યાનમાં રહી ગુજારવા અરજ કરી. રાજાએ તેને ધર્મિષ્ઠ હોવાથી રજા આપી. શેઠે દિવસ ચૈત્ય પરિપાટીમાં ગુજારી. રાત્રે પોષધ કરી શૂન્ય ગ્રહમાં કાયોત્સર્ગમાં રહ્યો અને પ્રાતઃકાળ થયા સિવાય ગમે તેવા ઉપસર્ગ થાય તો પણ ચલાયમાન ન થવું તેવો અભિગ્રહ કર્યો. આ વાતની ખબર પંડિતાને પડી. પંડિતાએ અભયાને કહ્યું કે જો તું આજે બહાર ન જાય તો તારું કામ થાય. અભયાએ પેટમાં દુઃખવાનું બહાનું કાઢી રાજા પાસેથી શહેરમાં રહેવાની રજા મેળવી.

ચોકીનો જાપતો પૂર્ણ હતો એટલે સુદર્શનને અંદર કેમ લાવવો તે વિચારમાં પંડિતા ઘુંચાઈ. આખર એવા નિર્ણય ઉપર આવી કે દેવની મૂર્તિના બહાનાથી તેને અંદર લઈ જવો. પછી કામદેવની ઊભી મૂર્તિ ગાડી ઉપર ચડાવી પંડિતા રાજગઢમાં લઈ ગઈ. ચોકીદારના પૂછવાથી તેણે તે મૂર્તિ દેખાડી અને જણાવ્યું કે રાણી સાહેબ આજે બહાર જવાનાં નથી માટે મૂર્તિઓનું પૂજન કરવા સારું રાજગઢમાં લઈ જવામાં આવે છે. બે ચાર મૂર્તિઓ તેવી રીતે લઈ જઈ કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા સુદર્શનને ગાડી ઉપર ચડાવી અભયા રાણી પાસે લાવી મૂક્યો.

પોતાના મનોરથો પૂર્ણ થયા સમજી અભયા નજીક આવી હાવભાવ કરવા લાગી. સુદર્શન ધ્યાનમાં જાગૃત હતો. ઉપસર્ગ આવ્યો જાણી તે વધારે દૃઢ થતો ચાલ્યો. અભયા કહે છે કે, તમારે માટે મેં આ બધી મહેનત કરી છે માટે મને શાંત કરો. સુદર્શન બોલ્યો નહિ, અભયાએ હાથ પકડ્યો, આલિંગન કર્યું અને કામોત્પન્ન કરવાની પોતામાં જેટલી ચાતુરી હતી તે સર્વ વાપરી ચુકી, પણ પત્થર ઉપર પાણી ઢોળવા માફક નિરર્થક થયું. અભયા ગુસ્સો કરી બોલી, સુદર્શન મારું કહેવું માન્ય કર. હું તુષ્ટમાન થઈ તો રાજ્ય બધું તારે આધિન છે અને રોષાયમાન થઈ તો આ તારું જીવિતવ્ય પણ નથી એમ નિશ્ચય રાખજે. પણ સાંભળે કોણ? આ પ્રમાણે આખી રાત્રિ સુદર્શનને મનાવતા ગઈ. આખર પ્રાતઃકાળ થતો જાણી પોતાનું કામ સિદ્ધ ન થયું અને હવે ઉલટો ફજેતો થશે એમ જાણી પોતાને હાથે પોતાના શરીર પર કેટલાંક જખમ કરી પોકાર કરી ઊઠી કે દોડો દોડો, કોઈ માણસ અંતઃપુરમાં પેઠો છે, અને મારી આબરુ લૂંટે છે.

ખરેખર સ્ત્રીઓના પ્રપંચો યા ચરિત્રોનો પાર કોઈ પામતું નથી. ચોકીદારો દોડી આવ્યા અને કેટલીકવારે રાજા પણ આવ્યો. સુદર્શનને રાજાએ ઓળખ્યો. અભયાએ રાજાને જણાવ્યું કે ઓચિંતો આ માણસ મહેલમાં દાખલ થયો અને મારું શિયળ લૂંટતો હતો. મેં પોકાર કરી મારું રક્ષણ કર્યું છે. રાજા સુદર્શનને પૂછે છે, શેઠ! આમાં સત્ય શું છે તે જણાવ. મને તારા વચન ઉપર ભરોસો છે. શેઠે વિચાર કર્યો કે જો હું સત્ય કહીશ તો રાજા સ્ત્રીને મારી નાખશે, એમ જાણી શેઠ મૌન



રહ્યા. ઘણું પૂછ્યાં છતાં જ્યારે શેઠે ઉત્તર ન આપ્યો ત્યારે રાજાએ ગુસ્સે થઈ શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. શેઠને શહેરમાં થઈ શૂળીએ ચઢાવવા લઈ જતાં જોઈ શહેરમાં હાહાકાર થઈ રહ્યો.

તેની સ્ત્રી મનોરમાને ખબર થઈ. સતી મનોરમાએ ગૃહ ચૈત્યમાં જઈ શાસન દેવીઓને વિજ્ઞપ્તિ કરી કે જો મારો સ્વામી નિર્દોષ હોય તો શાસનાધિષ્ઠાત્ દેવદેવીઓ મને સહાય કરજો; અને પોતે સ્વામીનું કલંક દૂર ન થાય ત્યાં સુધી કાયોત્સર્ગ કરી ધ્યાનસ્થપણે રહી. સુદર્શનને બહાર લઈ ગયા. શૂળી ઉપર ચડાવવાની તૈયારી કરે છે. સત્ય તે સત્ય જ. એ છૂપું રહે જ નહિ. સતી મનોરમાની લાગણી અને સુદર્શનની સત્યતા પ્રકટ કરવા શાસનાધિષ્ઠાત દેવીએ શૂળીનું સિંહાસન કરી દીધું અને સત્યનો જયજયકાર થયો.

રાજા ત્યાં આવ્યો. સુદર્શન પાસે પોતાનાં અજાણપણાના અપરાધની માફી માગી અને હાથી ઉપર બેસાડી રાજા સભામાં લઈ ગયો. અભયાને ખબર પડવાથી ગળે ફાંસો ખાઈ તે મરી ગઈ, અને ધાવ માતા નાસી ગઈ. શેઠે ઘેર આવી દુઃખદાઈ સંસારવાસથી વિરક્ત થઈ ચારિત્ર ગ્રહણ કર્યું અને એકલ વિહારી થઈ સૂનાં વનો, જંગલો, પહાડો, ગુફાઓમાં ધ્યાનસ્થ રહી આત્મસાધનમાં તે સાવધાન થયા.

પંડિતા નાસી પાટલીપુત્ર શહેરમાં દેવદત્ત વેશ્યાને ત્યાં રહી. તેની આગળ સુદર્શનના રૂપ, ગુણ અને ધૈર્યતા વિગેરેનું વર્ણન કર્યું. એક દિવસ સુદર્શન મુનિ ફરતા ફરતા પાટલીપુત્રના વનમાં ધ્યાનસ્થ હતા. કાર્ય પ્રસંગે આવી ચડેલી પંડિતાએ તેને જોઈ, ઓળખી પોતાની સ્વામિનીને વાત કહી. તેણે પોતાને ત્યાં લાવવા કહ્યું. મુનિ પણ ધ્યાન પૂર્ણ કરી આહાર અર્થે ફરતા ત્યાં આવી ચડ્યા. વેશ્યાના ઘરની ખબર ન હોવાથી તેઓ અંદર ગયા. વેશ્યાએ આખો દિવસ હાવભાવ કરી ચલાયમાન કરવા પ્રયત્ન કર્યા પણ તે નિરર્થક ગયા. સાંજે થાકીને વેશ્યાએ જવા દીધા.

તે ત્યાંથી નીકળી વનમાં કાયોત્સર્ગે રહ્યા. અભયા રાણી આર્તધ્યાનથી મરીને વ્યંતરી થયેલી તે ફરતી ફરતી ત્યાં આવી. તેણે સુદર્શનને જોયા. પૂર્વનું વેર સાંભરી આવ્યું. તેણે ઘણા ઉપસર્ગો કર્યા. મુનિ પણ મનને દૃઢ કરી આત્મધ્યાનની શ્રેણિ પર ચઢી આગળ વધ્યા અને પરિણામની વિશુદ્ધતાથી સર્વ કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. અનેક ભવ્ય જીવોને બોધ આપી સુદર્શન મુનિ મોક્ષે પધાર્યા. આ પ્રમાણે પરસ્ત્રીથી વિરક્ત રહેનાર મહાપુરુષ સુદર્શનનું ચરિત્ર સમાપ્ત થયું. આ ચરિત્ર ઉપરથી સુદર્શનની શિયળ વિષેની દૃઢતા સંબંધી ઘણું સમજવા અને મનન કરવા જેવું છે. તે મહાપુરુષે ત્રણે ઠેકાણે અને તેમાં પણ અભયા રાણી પાસેથી પોતાનો બચાવ કર્યો હતો તે ખરેખર પ્રશંસવા લાયક છે.'' -યોગશાસ્ત્ર (પૃ.૧૨૯)

પરપુરુષ ત્યાગ કરવાનો સ્ત્રીઓને ઉપદેશ

''ઐશ્વર્યમાં રાજાના રાજા સરખો અને રૂપમાં કામદેવ જેવો પણ રાવણનો જેમ સીતાએ ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ પરપુરુષનો ત્યાગ કરવો.



અન્ય સ્ત્રી પુરુષમાં આસક્ત થવાનું ફળ

બીજા પુરુષ અને બીજી સ્ત્રીઓમાં આસક્ત મનવાળા સ્ત્રી પુરુષોને ભવોભવમાં નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે.

બ્રહ્મચર્ય પાળવાનું ફળ

ચારિત્રના પ્રાણ સરખા અને મોક્ષના એક અસાધારણ કારણ સરખા બ્રહ્મચર્યને આદરવાથી દેવો વડે કરીને પણ તે પૂજાય છે. બ્રહ્મચર્યના પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા, સારા સંસ્થાન (આકૃતિ)વાળા, દૃઢ સંઘયણવાળા, તેજસ્વી અને મહાન પરાક્રમવાળા પુરુષો થઈ શકે છે.

આ પ્રમાણે ગૃહસ્થોનું સ્વદારાસંતોષ યા પરસ્ત્રી ત્યાગ કરવારૂપ ચોથા વ્રતનું વર્ણન કર્યું.''

-યોગશાસ્ત્ર (પૃ.૧૩૪)

ધવળશેઠનું દૃષ્ટાંત :– ''ધવળશેઠને શ્રીપાળ રાજાની સ્ત્રીઓ પ્રત્યે તેમજ તેના ધન પ્રત્યે આસક્તિ હોવાથી મરીને સાતમી નરકે ગયો. શ્રીપાળ પોતાના મહેલમાં સૂતા હતા. તેને મારવા માટે કટાર લઈ ઉપર ચઢતાં પડી ગયો અને તે જ કટાર વડે મરીને તે ધવલશેઠ નરકગતિને પામ્યો.'' ॥૨૩॥ -પ્ર.વિ.ભા.૧ (પૃ.૪૨૪)

પરસ્ત્રીનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરી વ્રતમાં દૃઢ રહેવું

નાગિલનું દૃષ્ટાંત :– ''ભોજપુર નામના નગરમાં સર્વજ્ઞ ધર્મમાં તત્પર લક્ષણ નામે એક વણિક રહેતો હતો. તેને નવતત્ત્વને જાણનારી નંદા નામે પુત્રી હતી. એક વખતે વરને માટે શોધ કરતાં પિતાને તેણીએ આ પ્રમાણે જણાવ્યું કે ''હે પિતાજી! જે પુરુષ કાજળ વગરનો, વાટથી રહિત, તેલના વ્યય વિનાનો અને ચંચળપણા રહિત દીવાને ધારણ કરે તે મારો પતિ થાઓ.'' પુત્રીનું આ વચન સાંભળી તેનો દુષ્કર અભિગ્રહ જાણીને ચિંતાતુર થયેલા લક્ષણશેઠે તે વાર્તા નગરમાં ઉદ્‌ઘોષણાથી જાહેર કરી. આ ખબર નાગિલ નામના એક દ્યુતકારે સાંભળી, એટલે કોઈ યક્ષની સલાહથી તેણે તેવો દીપક કરાવ્યો. તે નજરે જોઈ શ્રેષ્ઠી હર્ષ પામ્યો અને પોતાની પુત્રી નંદા તે નાગિલને પરણાવી. પછી નંદા પોતાના પતિને વ્યસનાસક્ત જાણી ઘણી કચવાવા લાગી, તથાપિ નાગિલે તે વ્યસન છોડ્યું નહીં. તેથી હમેશાં દ્રવ્યનો વ્યય થવા લાગ્યો. લક્ષણશેઠ પુત્રીના સ્નેહથી તેને દ્રવ્ય પૂરતો હતો અને નંદા પતિની સાથે મન વિના પણ નિરંતર પરિચય રાખતી હતી. એક વખતે નાગિલના મનમાં એવો વિચાર થયો કે, 'અહો! આ સ્ત્રીનું કેવું ગાંભીર્ય છે કે જે હું મોટો અપરાધી છતાં મારી ઉપર કોપ કરતી નથી.'


અન્યદા નાગિલે કોઈ જ્ઞાની મુનિને ભક્તિપૂર્વક પૂછ્યું કે, 'હે મહામુનિ! આ મારી પ્રિયા શુદ્ધ આશયવાળી છતાં પણ મારી ઉપર મન ધરતી નથી, તેનું શું કારણ?' મુનિએ તે નાગિલને યોગ્ય જાણી તેની પાસે અંતરંગ દીપકનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું–'તારી સ્ત્રીની એવી ઇચ્છા હતી કે ''જે પુરુષના અંતઃકરણમાં માયારૂપ કાજળ ન હોય, જેમાં નવતત્ત્વ વિષે અસ્થિરતારૂપ વાટ ન હોય,



જેમાં સ્નેહના ભંગરૂપ તેલનો વ્યય ન હોય અને જેમાં સમકિતના ખંડનરૂપ કંપ (ચંચળતા) ન હોય તેવા વિવેકરૂપી દીપકને જે ધારણ કરતો હોય તે મારો પતિ થાઓ.'' આ પ્રમાણે દીપના મિષથી તે સ્ત્રીએ જે અર્થ ધાર્યો હતો તે કોઈ જાણી શક્યું નહીં અને તેં તો ધૂર્ત્તપણાથી યક્ષને આરાધીને કૃત્રિમ બાહ્ય દીપક બતાવ્યો એટલે શ્રેષ્ઠીએ પોતાની પુત્રી તને આપી. હવે તું કે જે મહા વ્યસની છે તેની પર શીલાદિગુણો યુક્ત એવી એ તારી સ્ત્રીનું મન લાગતું નથી; તેથી જો તું વ્રતને અંગીકાર કરીશ તો તારું ઇચ્છિત પૂર્ણ થશે.'


નાગિલે પૂછ્યું, 'ભગવાન! સર્વ ધર્મમાં કયો ધર્મ શ્રેષ્ઠ છે?' મુનિ બોલ્યા - ''હે ભદ્ર! શ્રી જિનેન્દ્રપ્રભુએ પોતાના સુગંધવડે ત્રણ ભુવનને સુગંધમય કરનાર સમકિતપૂર્વક શીલધર્મને સર્વ ધર્મમાં શ્રેષ્ઠ કહેલો છે ઇત્યાદિ. ગુરુવાક્ય સાંભળી નાગિલ પ્રતિબોધ પામ્યો. અને તત્કાળ સમકિત, શીલ અને વિવેકરૂપ દીપકને સ્વીકારી તે દિવસથી તે શ્રાવકધર્મને આચરવા લાગ્યો.

આ પ્રમાણે સાંભળી નંદા ઘણો હર્ષ પામી અને ભાવથી તેની સેવા કરવા લાગી. અન્યદા તે પિતાને ઘેર ગઈ હતી અને નાગિલ એકલો ચંદ્રના પ્રકાશમાં સુતો હતો, તેવામાં કોઈ પતિવિયોગી વિદ્યાધરની પુત્રીએ તેને જોયો. તેથી તત્કાળ કામાતુર થઈ ત્યાં આવીને તેણે કહ્યું કે, ''હે મહાપુરુષ! જો મને સ્ત્રીપણે સ્વીકારશો તો હું તમને બે અપૂર્વ વિદ્યા આપીશ. આ મારું લાવણ્ય જુઓ, મારા વચનને અન્યથા કરશો નહીં.'' આ પ્રમાણે કહી શરીરે ધ્રુજતી તે બાળા નાગિલના ચરણમાં પડી, એટલે નાગિલે જાણે અગ્નિથી બળ્યા હોય તેમ પોતાના પગને સંકોચી દીધા. એટલે તે બાળા એક લોઢાનો અગ્નિમય રક્ત ગોળો વિકુર્વીને બોલી કે, 'અરે અધમ! મને ભજ, નહીં તો હું તને ભસ્મીભૂત કરી નાખીશ.'





તે સાંભળી નાગિલ નિર્ભયપણે વિચારવા લાગ્યો કે, 'દશ અવસ્થારૂપ હોવાથી દશ મસ્તકવાળા રાવણની જેવો કામદેવરૂપ રાક્ષસ કે જે દેવદાનવોથી પણ દુર્જય છે તે પણ શીલરૂપ અસ્ત્રથી સાધ્ય થાય છે.'' આમ વિચાર કરે છે તેવામાં સૂત્કાર શબ્દ કરતી તે બાળાએ જાજ્વલ્યમાન લોઢાનો ગોળો તેના ઉપર નાખ્યો. તે વખતે નાગિલે નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યું, એટલે તે ગોળો ખંડ ખંડ ચૂર્ણ થઈ ગયો.



તે બાળા લજ્જાથી અદૃશ્ય થઈ ક્ષણવારમાં નંદાનું રૂપ લઈને એક દાસીએ ઉઘાડેલા દ્વારમાંથી ત્યાં આવી અને મધુર વાણીવડે બોલી કે–'હે સ્વામી! મને તમારા વિના પિતાને ઘેર ગમ્યું નહીં તેથી રાત્રી છતાં અહીં આવતી રહી.' તેને જોઈ નાગિલ વિચારમાં પડ્યો કે, 'નંદા વિષયભોગ સંબંધી સ્વપતિના સંબંધમાં પણ સંતોષવાળી છે, તેથી તેની આવી ચેષ્ટા હોય નહીં. આનું રૂપ તો તેના જેવું છે, પણ પરિણામ તેવા જણાતા નથી, તેથી એની પરીક્ષા કર્યા વિના વિશ્વાસ કરવો યોગ્ય નથી.'

આમ વિચારી નાગિલે કહ્યું કે, 'હે પ્રિયે! જો તું ખરેખરી નંદા હોય તો મારી સમીપ અસ્ખલિતપણે ચાલી આવ. તે સાંભળી તે ખેચરી જેવી તેની સામે ચાલી તેવી જ માર્ગમાં સ્ખલિત



થઈ ગઈ. ધર્મના મહિમાથી નાગિલે તેનું સર્વ કપટ જાણી લીધું. પછી વિચાર્યું કે, 'કદિ બીજાના કપટથી આવી રીતે શીલનો ભંગ પણ થાય, માટે સર્વવિરતિપણું અંગીકાર કરવું તેજ યોગ્ય છે.' આવું ધારી તેણે તત્કાળ કેશનો લોચ કર્યો પછી સૂર્યનો ઉદય થતાં નાગિલે નંદાની સાથે ગુરુ પાસે જઈ વ્રત ગ્રહણ કર્યું..... તે દંપતી મૃત્યુ પામીને હરિવર્ષ ક્ષેત્રને વિષે યુગલિઆ થયા. ત્યાંથી દેવતા થઈ પુનઃ નરભવ પામી મોક્ષને પ્રાપ્ત થયા.

"આ નાગિલે દ્રવ્યદીપથી શુભ એવા ભાવદીપને ચિંતવ્યો અને સ્વદારાસંતોષ વ્રતમાં દૃઢ પ્રતિજ્ઞા રાખી તો તે વિદ્યાધરીથી પણ કંપાયમાન થયો નહીં." માટે સર્વ પ્રાણીએ સ્વદારાસંતોષ વ્રત દૃઢપણે ધારણ કરવું." -ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભા.૨ (પૃ.૭૬)

સાત વ્યસનોનું ફળ

"સપ્ત વ્યસન સદ્ધર્મ ભુલાવે : યુધિષ્ઠિર ધર્માત્માજી,
જુગાર શરતે દ્રૌપદી મૂકી! કેવા થયા મહાત્માજી?" વિનય૦

અર્થ : સાતેય વ્યસન આત્મધર્મને ભુલાવે છે. યુધિષ્ઠિર જે ધર્મરાજા નામે પ્રખ્યાત હતા, તેમણે જુગાર રમતાં શરતમાં પોતાની સ્ત્રી દ્રૌપદીને પણ મૂકી દીધી. અહો! મહાત્મા હોવા છતાં વ્યસનને આધીન તેમની પણ કેવી મતિ થઈ ગઈ. ॥૨૪॥

"કૃષ્ણ કુળના કુલીન પુત્રો મદિરાથી મદમાતાજી,
દાહ દ્વારિકાનો વિચારો; વ્યસન બધા દુખદાતાજી." વિનય૦

અર્થ : પ્રદ્યુમ્ન અને સાંબનું દૃષ્ટાંત :– ઉત્તમ કુળમાં જન્મેલા કુલીન એવા શ્રીકૃષ્ણના મોક્ષગામી સાંબ અને પ્રદ્યુમ્ન પુત્રો દારૂ પીને મદમાતા થઈ ગયા. ભગવાન નેમિનાથે જણાવેલ કે દ્વારિકાનો દાહ દ્વીપાયન દ્વારા થશે. તેથી આ બેય જણા દારૂના નશામાં દ્વીપાયન ઋષિ પાસે જઈ તેમને ખુબ હેરાન કર્યા. તે વખતે તેણે નિયાણું કર્યું કે મારા તપનો પ્રભાવ હોય તો હું આખી દ્વારિકાનો દાહ કરનાર થાઉં. એવા નિયાણાથી તે મરીને અગ્નિકુમાર દેવ થયો. અને આખી દ્વારિકા નગરીને બાળી નાખી. આમ દારૂના વ્યસનથી કેટલું મોટું અનર્થ થયું. વ્યસનો બધાં જ આવી રીતે દુઃખના જ આપનાર છે." ॥૨૫॥ -પ્ર.વિ.ભા.૧ (પૃ.૪૨૪)

"વિદ્યાધર મહારાજા રાવણ પરસ્ત્રીવશ શીશ ખોવેજી,
એક વ્યસન પણ પ્રાણ હરે તો સપ્ત સેવીં શું દો'વેજી?" વિનય૦

અર્થ : "વિદ્યાધરોના મહારાજા હોવા છતાં સતી સીતા જેવી પરસ્ત્રીને વશ થતાં રાવણે પોતાનું મસ્તક ખોયું. એક વ્યસન પણ તેના પ્રાણ હરણનું કારણ થયું તો સાતે વ્યસન સેવનારની કેવી ભયંકર સ્થિતિ થશે? "એક પાઈની ચાર બીડી આવે, હજાર રૂપિયા રોજ કમાતા બૅરિસ્ટરને બીડીનું વ્યસન હોય અને તેની તલપ થતાં, બીડી ના હોય તો એક ચતુર્થાંશ પાઈની કિંમતની નજીવી વસ્તુ માટે વલખાં મારે. હજાર રૂપિયા રોજ કમાનાર, અનંત શક્તિવંત આત્મા છે જેનો



એવો બૅરિસ્ટર મૂર્છાયોગે નજીવી ચીજ માટે વલખાં મારે! જીવને, આત્માની અને એની શક્તિની વિભાવ આડે ખબર નથી.'' (વ.પૃ.૬૬૨)

''એક પાઈની ચાર બીડી મળે છે; અર્થાત્ પા પાઈની એક બીડી છે. તેવી બીડીનું જો તને વ્યસન હોય તો તું અપૂર્વ જ્ઞાનીના વચનો સાંભળતો હોય તોપણ જો ત્યાં ક્યાંયથી બીડીનો ધુમાડો આવ્યો કે તારા આત્મામાંથી વૃત્તિનો ધુમાડો નીકળે છે, અને જ્ઞાનીના વચનો ઉપરથી પ્રેમ જતો રહે છે. બીડી જેવા પદાર્થમાં, તેની ક્રિયામાં વૃત્તિ ખેંચાવાથી વૃત્તિક્ષોભ નિવૃત્ત થતો નથી! પા પાઈની બીડીથી જો એમ થઈ જાય છે, તો વ્યસનીની કિંમત તેથી પણ તુચ્છ થઈ; એક પાઈના ચાર આત્મા થયા, માટે દરેક પદાર્થમાં તુચ્છપણું વિચારી વૃત્તિ બહાર જતી અટકાવવી; અને ક્ષય કરવી.'' (વ.પૃ.૬૮૯) ॥૨૬॥

બીજા વ્યસનો

બીડી પીવી, તંબાકુ સૂંઘવી, તંબાકુ દાંતે ઘસવી ત્રણેય કાઢી નાખ્યા

શ્રી છગનભાઈનો પ્રસંગ :– ''એક દિવસ મને બીડી પીતો, તંબાકુ સૂંઘતો અને દાતણ વેળાએ તંબાકુ ઘસતો જોયો. મને તંબાકુનું વ્યસન હતું. તે જોઈ સાહેબજીએ કહ્યું કે 'ત્રણે કાઢી નાખ.' તે મેં તે જ દિવસથી કાઢી નાખ્યા'' -શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૪૧)





વ્યસનને આધીન હોવાથી બીડી, હોકોથી બંધકોશ મટે એવી માન્યતા છે

શ્રી જેઠાલાલભાઈનો પ્રસંગ :– પછી બીજે દિવસે રાત્રે આઠ વાગ્યાના સુમારે મને કૃપાળુશ્રીએ કહ્યું 'તમે હોકો બીડી પીવો છો, તે શા માટે મૂકી દેતા નથી?''

ત્યારે મેં કહ્યું કે ઝાડાની કબજીયાત રહેવાને કારણને લીધે હોકો બીડી પીઉં છું.



પૂજ્યશ્રી–''તંબાકુનો પ્રચાર તો ૨૦૦-૪૦૦ વર્ષથી વિશેષ થયો છે. તે પહેલાંના લોકો, તંબાકુ, બીડી, હોકા સિવાય બંધકોશ વડે મરી જતા હશે!' મેં કહ્યું ના સાહેબ.

ત્યારે સાહેબજીએ મને કહ્યું : તમે વ્યસનને આધીન થઈ ગયા છો. પણ વ્યસન તમને આધીન છે. માટે તે બધા બહાના છે. અને તે મૂકી દેશો તો મૂકી દેવાશે.

લખનાર : આપની આજ્ઞા હોય તો બીડી પીવાનું રાખું અને હોકો બંધ કરી દઉં.


પૂજ્યશ્રી : ''રૂપિયા ન રાખવા અને પરચુરણ બે આના પાવલીઓ રાખવી તે પણ સરખું જ થાય છે. આવા વચન સાંભળી મને વિચાર થયો કે પૂજ્યશ્રી કહે છે તે સત્ય જ છે. એમ જાણી તે માન્ય કરવાથી તેના પ્રત્યાખ્યાન સાહેબજીએ મહારાજ લલ્લુજીસ્વામી પાસે કરાવ્યા.''

-પ્રેરક પ્રસંગો (પૃ.૨૭૨)



આત્મકલ્યાણ માટે સાત વ્યસન ત્યાગવા જરૂરી

શ્રી સોમચંદભાઈનો પ્રસંગ :– તેઓશ્રીની નજીક જઈને સવિનય નમસ્કાર કરી હાથ જોડી મેં વિનંતી કરી. અને શ્રી પરમકૃપાળુદેવે મને જણાવ્યું કે સાત વ્યસન જરૂર ત્યાગ કરવા જોઈએ, તેમાં ઉત્તમકુળને લીધે પાંચ તો સહેજે પળાય છે, પણ પરસ્ત્રી અને ચોરી એ બે વ્યસન ત્યાગવા કઠણ છે. ઉપયોગ રાખ્યે જરૂર ત્યાગ થઈ શકે છે. પછી મારી ભૂલ મેં પરમકૃપાળુદેવ સમક્ષ નિવેદન કરી, ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે અમુક તારીખ થી અમુક માસ સુધી એકાસણા કરવા અને શ્રી પોપટભાઈ જણાવે તેમ વર્તવું. પછી હું શ્રી



પરમકૃપાળુદેવને રડતાં ચક્ષુએ સાષ્ટાંગ નમસ્કાર કરી બહાર નીકળ્યો.''

–શ્રીમદ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો (પૃ.૩૧૨)


પિતાની પુત્ર પ્રત્યેની લાગણી જોઈ વ્યસની પુત્રને પણ આવેલ ભાન

પિતાપુત્રનું દૃષ્ટાંત :– ''એક પિતાનો પુત્ર વ્યસની હોવાથી તેના ઘરનાં માણસો બહુ હેરાન હતા. છોકરો બગડતો બગડતો છેક બગડી ગયો. ગામના માણસોને પણ તે ત્રાસ આપવા લાગ્યો. લોકો તેનાથી બહુ નારાજ થયા. લોકોએ ભેગા મળી ઠરાવ કર્યો કે, 'આ છોકરાને ગામ બહાર કાઢી મૂકવો.' તેમાં તેના બાપની પણ સલાહ લીધી. બાપ પણ કંટાળી ગયો હતો, તેથી તેણે હા કહી. પછી બધાની સહીઓ લેવા માંડી. આખા ગામની સહીઓ લીધી. છેવટે તેના



બાપની સહી લેવા ગયા, ત્યારે તે બહુ દિલગીર થયો. સહી કરતાં તેના હાથમાંથી કલમ ધ્રુજવા લાગી. તે પ્રથમ તો આનાકાની કરવા લાગ્યો, ત્યારે લોકોએ કહ્યું : 'નકામો આ મોહ શો? આવા દુષ્ટ છોકરાને ઘેર રાખીને તમારે ગામની આબરૂના કાંકરા કરાવવા છે?' બાપ રડતો રડતો બોલ્યો : 'તે ગમે તેવો પણ મારો પુત્ર છે. છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય, માટે હું આપ લોકોની પાસે બે મહિનાની મુદત માગું છું. જો બે મહિનામાં તે નહિ સુધરે તો હું સહી કરી આપીશ.'

આ બધો દેખાવ છોકરો જોઈ રહ્યો હતો. તેને એકદમ સદ્‌વિચાર આવ્યો, તેથી તરત જ પિતા પાસે આવીને તે તેમના પગમાં પડ્યો અને બોલ્યો : 'પિતાજી! મારા જેવા દુષ્ટ પુત્રને માટે આપને આટલું દુઃખ? હું પ્રતિજ્ઞા કરું છું કે, આજથી સર્વ વ્યસનો છોડી દઈશ.



અહા! મારે માટે ગામને દુઃખ? મારા જેવા પાપી લોકો આમ જ દુનિયામાં દુઃખ આપતા હશે? અહો! ક્યાં શાંતનુંના પુત્ર ભીષ્મ અને દશરથના પુત્ર શ્રી રામ? તેઓએ પિતાને સુખ આપી જગતને સુખ આપ્યું. અને કંસ, દુર્યોધન તથા મારા જેવા કુપુત્રોએ સૌને દુઃખ આપ્યું. ધન્ય છે



તેઓને અને ધિક્કાર છે અમને!' ત્યાર પછી તેનો હૃદયપલટો થયો અને તે સુધરી ગયો. બધા વ્યસન મૂકી દીધા. પિતાએ રાજી થઈ તેને આશીર્વાદ આપ્યા.'' -શ્રી સુબોધસાગરમાંથી

વ્યસનોને ત્યાગે તો ધર્મ, અર્થ, કામ, મોક્ષ, પુરુષાર્થ સફળ થાય

''વ્યસન-ત્યાગ રૂપ નીક કરી લે સદ્‌ગુણ-જળને કાજેજી,
ચારે પુરુષાર્થો સાધે જો સદ્‌ગુણ અંગ વિરાજેજી. વિનય૦

અર્થ : વ્યસનોને ત્યાગવારૂપ નીક એટલે પાણી જવાનો રસ્તો કરી લે જેથી સદ્‌ગુણરૂપી પાણી તારા અંદર પ્રવેશ પામે. જો સદ્‌ગુણ તારા હૃદયમાં બિરાજમાન થાય તો તું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થને સાધી શકીશ.'' -પ્રજ્ઞાવબોધ વિવેચન ભા.૧ (પૃ.૪૨૫)

*　　*　　*



પૂ.શ્રી બ્રહ્મચારીજીએ જુદા જુદા ત્રણ પ્રકારે
'ભક્તિના વીસ દોહરા'ના અર્થ લખેલા છે, તે આ પ્રમાણે છે :–

શ્રી સદ્‌ગુરુભક્તિરહસ્ય

(ભક્તિના વીસ દોહરા)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

અર્થ :– હે પ્રભુ! હે પરમાત્મસ્વરૂપ સત્પુરુષ! મારાથી શું કહી શકાય એમ છે? આપના ગુણગ્રામનો પાર આવે તેમ નથી, અનંત છે; અને મારામાં તો અનંત દોષ ભરેલા છે એટલે કહેવા યોગ્ય નથી. અનંત કર્મના આવરણથી હું ઘેરાયો છું. દીન અનાથના આપ બેલી છો, દયાળુ છો, આધાર છો. તેથી મારા દોષ આપ પરમેશ્વરના આગળ જણાવી મારા દુઃખ રડું છું, આપને આશ્રયે આવ્યો છું.

શુદ્ધભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨

અર્થ :– આપને ઓળખવા માટે શુદ્ધ ભાવ જોઈએ તે મારામાં નથી. અને શુદ્ધ ભાવનો અભાવ હોય ત્યાં સુધી લક્ષ કે ભાવના તે શુદ્ધ ભાવની રહેવી જોઈએ; તે પણ મારામાં નથી. સર્વ ભાવ તારા અર્થે નથી એટલે–

"મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત;
તેમ શ્રુત-ધર્મે ધરે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

શુદ્ધ ભાવના વિરહમાં શુભ ભાવ-જે તારું સ્મરણ, કીર્તન, કથા, ચિંતવન તથા તારા બોધમાં જ રમણતા, મીઠાશ, ઉલ્લાસ તે રહેતા નથી. તેમ છતાં મારી જેવી અનાથ, દીન સ્થિતિ છે તેનું સ્મરણ પણ રહેતું નથી. હું પામર અને તું પરમેશ્વર એવી લઘુતા પણ લક્ષમાં રહેતી નથી; હે પરમપુરુષ! મારી શી વાત કરું?

નથી આજ્ઞા ગુરુદેવની અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

અર્થ :– હે પ્રભુ! પરમ ઉપકારી અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુની આજ્ઞા હૃદયમાં કોતરી રાખી નથી. જે જે બોધ થાય છે, તે તે પ્રમાણે વર્તવાના ભાવરૂપ આજ્ઞા હૃદયમાં ચોંટાડી રાખી હોય તો વીર્ય જેટલું જેટલું પ્રગટે તેટલી તેટલી આજ્ઞા ઉઠાવી શકાય, પણ તેવો આજ્ઞાનો અપૂર્વભાવ અને એવી કોઈ ચોંટ થઈ નથી.

આપનું ગમે તેવું વચન હશે તોપણ મને હિતકારી જ નીવડશે, આપ એકાંતે મારા આત્મહિતનો જ માર્ગ બતાવો છો એવો આપના ઉપર દૃઢ વિશ્વાસ પણ મને પ્રગટ્યો નથી.



અથવા આપ પરમાત્મસ્વરૂપ જ છો એવો દૃઢ નિશ્ચય મને આવ્યો નથી અને પરમાત્મા પ્રત્યે જેવો આદર એટલે ઉત્કૃષ્ટ પૂજ્યભાવ રહેવો જોઈએ તેવો વિશ્વાસ અને અલૌકિક પૂજ્યભાવ મારામાં હજી નથી આવ્યો. પરમ આદર એટલે પરમ વિનયની ખામી છે.

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

અર્થ :– સર્વ કલ્યાણનું મૂળ જે સત્સંગ તેનો યોગ મને મળ્યો નથી અને તે સત્સંગને એક નિષ્ઠાથી, પરમ પ્રેમે ઉપાસવો તે સત્સેવા છે, તેવો જોગ કે યોગ્યતા પણ મારામાં નથી.

તથા મન, વચન અને કાયાની એકાગ્રતાથી બાહ્યભાવ તજી પરમાત્મસ્વરૂપ સત્પુરુષને ચરણે આત્મઅર્પણતા થઈ નથી, તથા સત્પુરુષ અને તેનાં વચનરૂપ સત્શાસ્ત્રનો આશ્રય પણ પ્રાપ્ત થયો નથી અથવા મોક્ષમાર્ગસ્વરૂપ સ્વભાવનું અનુસંધાન તે અનુયોગ મેં ગ્રહણ કર્યો નથી.

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અર્થ :– મારામાં વિવેક પણ પ્રગટ્યો નથી એટલે પરભાવનો કર્તા હું છું. 'મેં કર્યું, મારે કરવાનું બાકી છે' વગેરે અહંભાવ, મમત્વભાવને લીધે એમ નથી સમજાતું કે હાથ, પગ વગેરે શરીરનાં, પર છે તો હું શું કરી શકું એમ છું? મેં શું કર્યું છે. હું તો અહંકાર કર્યા કરું છું. મન, વચન, કાયાથી જે થાય છે તેનો સ્વામી હું બનું છું તે મિથ્યા છે અને હું તો જાણવા સિવાય કંઈ કરી શકતો નથી એવો વિવેક અને નિરહંકારતા, દીનતા મારામાં નથી પ્રગટ્યાં.

જ્ઞાનીનો માર્ગ તે જ ચરણ છે, આચરણ છે. એ અંતર્મુખ થવાનો, શમાઈ જવાનો માર્ગ તેમાં ઠેઠ મરણસુધી ટકી રહેવાનું બળ, ધીરજ, સહનશીલતા, શૂરવીરપણું મારામાં નથી.

અચિંત્ય તુજ માહાત્મયનો, નથી પ્રભુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ-પ્રભાવ. ૬

અર્થ :– હે પ્રભુ, અનંત ચતુષ્ટય સ્વરૂપ તારું માહાત્મ્ય, મહત્તા તે પ્રત્યે ઉલ્લાસભાવ આવતો નથી, કારણ કે તે મતિનો વિષય નથી.

એક પરમપ્રેમ આપના પ્રત્યે આવે તો મારું કામ થઈ જાય; પણ તે પ્રેમનો એક અંશ પણ મારામાં જણાતો નથી. હે ઉત્કૃષ્ટ પ્રભાવશાળી, સ્નેહ કરવા યોગ્ય સત્પુરુષ, તારા પ્રભાવ પ્રત્યે મને ભાવ ઊપજે એ પ્રકારે મારો સંસારભાવ ક્યારે ઘટશે?

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

અર્થ :– હે સ્થિર સ્વભાવરૂપ પરમાત્મા! ચારે ગતિમાં પરિભ્રમણ કરાવે તેવી પારા જેવી



ચંચળતા મારામાં છે તે મટીને મેરુપર્વત જેવી અચળ પ્રેમભક્તિ, ચોંટ મારામાં ક્યારે આવશે ? અને તે અચળ પરમાત્મસ્વરૂપનો વિરહ પણ મને સાલતો નથી.

અને હે પ્રભુ ! તારા પ્રત્યેના પ્રેમની કથા પણ કાનમાં પડતી નથી; આ કાળમાં એ પ્રેમ કથા કરનાર અને સાંભળનાર દુર્લભ થઈ પડ્યા છે. તેનો પણ મનમાં કંઈ સંતાપ, ખેદ રહેતો નથી; તો યોગ્યતા ક્યાંથી આવશે ?

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

અર્થ :– જ્ઞાન અને ચારિત્રને મોક્ષદાયી બનાવનાર ભક્તિ તેનો માર્ગ મને મળ્યો નથી. અને ભક્તિમાર્ગ પ્રાપ્ત થાય તેવી યોગ્યતા મેળવવા ભજન અથવા સત્પુરુષના ગુણગ્રામ ગાવા, ગુણ ચિંતવન કરવા યોગ્ય છે પણ સત્પુરુષના ગુણોનું ભાન મને દૃઢ થયું નથી. કારણ કે મને આત્મધર્મની સમજ પ્રાપ્ત થઈ નથી અને જ્યાં તેવી સમજ પ્રાપ્ત થાય તેવાં શુભ સ્થળોમાં સ્થિરતા કરીને રહેવાનું મારાથી બનતું નથી.

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

અર્થ :– કળિકાળને લઈને જીવને સત્પુરુષનો યોગ બનવો, સત્પુરુષનું ઓળખાણ પડવું, બોધ મળવો, સરળ સ્વભાવ, મુમુક્ષુતા, અનુકૂળતા, આજ્ઞાંકિતપણું, મધ્યસ્થપણું, જિતેન્દ્રિયપણું આદિ યોગ મળવા દુર્લભ છે. શાસ્ત્રવિચ્છેદ, મતિની મંદતા, મિથ્યાગ્રહ, અસત્સંગ આદિ દોષો આ કાળમાં પ્રગટ વર્તે છે.

તો પણ તે બધાથી બચી શકાય તેવું સુરક્ષિત સ્થળ જે સત્પુરુષના ચરણકમળ, તેની મર્યાદામાં, સમીપમાં વસવું, (સમ્યક્ત્વ-પંદર ભવની ઉત્કૃષ્ટ સંસાર મર્યાદા કરનાર ધર્મ) તથા આજ્ઞાએ વર્તવું તે આજ્ઞારૂપ મર્યાદા ધર્મ કે સત્સંગમાં વિઘ્ન કરનાર પરિગ્રહ આદિની મર્યાદા કે નિયમરૂપ ધર્મ પણ હું પાળી શકતો નથી.

તો પણ મારી શી વલે થશે એવા વિચારે આકુળ-વ્યાકુળતા પ્રગટતી નથી. એવા ભારે કર્મે આ કળિકાળમાં મારો અવતાર થયો છે, તે હે પ્રભુ ! આપ જુઓ છો.

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં; કરે બાહ્ય પર રાગ. ૧૦

અર્થ :– સત્પુરુષની આજ્ઞા ઉઠાવવારૂપ સેવામાં વિઘ્ન કરનાર જે બંધન (લોકસંબંધી બંધન, સ્વજન - કુટુંબરૂપ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પ - વિકલ્પરૂપ બંધન) તેનો મારાથી ત્યાગ બનતો નથી. તથા દેહ અને ઇન્દ્રિયો, બાહ્ય પદાર્થો પ્રત્યે પ્રીતિ વધારનારાં છે તેને દમવાં જોઈએ, વશ કરવા, જીતવા જોઈએ તે પણ મારાથી બનતું નથી.



તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અર્થ :– હે પ્રભુ, તારી સમીપતામાં કર્મનું જોર ચાલતું નથી. પણ તારા વિયોગમાં હું પરવશ બની પીડાઉં છું, છતાં તારો વિયોગ મને સાંભર્યા કરતો નથી; કારણ કે આત્માથી ભિન્ન એવાં વચનની પ્રવૃત્તિમાં હું તને વિસરી જઉં છું. તથા આંખ વડે સ્ત્રી આદિ પદાર્થોમાં મોહ પામી પાપ પ્રવૃત્તિમાં ફસાઉં છું.

તેનો સંયમ બે રીતે થાય. એક તો વચનને તારા ગુણગ્રામ ગાવામાં, ભક્તિ ભજનમાં વપરાય અને નેત્રોને તારાં દર્શન કરવામાં કે શાસ્ત્ર આદિ શુભનિમિત્તોમાં પ્રવર્તાવી પાપ બંધનનાં કારણને સવળા કરી આત્મહિતમાં વાળવાનું થાય. બીજું મૌન વ્રતથી કે નેત્રાદિ ઇન્દ્રિયોનાં વિષયોમાં રાગ, દ્વેષ, મોહ ન કરવાથી સંયમ થાય.

અસત્સંગથી હું રઝળું છું તેમજ ગૃહાદિ પ્રત્યે મમતા રાખીને જન્મ મરણ ભોગવું છું તો પણ તે પ્રત્યે વૈરાગ્ય કે ઉદાસીનતા ન આવી.

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંયચ નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

અર્થ :– હું રાજા, હું રંક, હું સ્ત્રી, હું પુરુષ, હું જુવાન, હું બાળક, હું બ્રાહ્મણ આદિ સર્વ અવસ્થાઓ કર્મથી થાય છે; તેમાં આત્મબુદ્ધિ થાય છે તે વિપરીત બુદ્ધિ મારી ટળી નથી. આત્મધર્મ-વીતરાગતા, નિર્વિકારતા, શુદ્ધ ચૈતન્ય, જ્ઞાતા-દૃષ્ટાપણું વગેરે આત્મધર્મ શાશ્વત સ્વભાવનો આવિર્ભાવ થયો નથી.

અન્ય ધર્મ જે સંયોગી સ્વભાવ, નાશવંતપણું, શબ્દ, શરીર, રોગ, પાપ, પુણ્ય વગેરે પરપદાર્થો અને તેને લઈને વિષય વિકાર, લોભ, હર્ષ, શોક, મોહ આદિ વિભાવ બધા પરધર્મ છે, તેની નિવૃત્તિ આત્માર્થે મારાથી થઈ નથી. ધર્મ, તપ આદિ પુણ્ય ક્રિયા પણ કંઈને કંઈ મતિકલ્પનાથી થયેલા મલિનભાવે કરી છે. જે નિર્જરાથી આત્મા નિર્મળ થાય છે તેવી નિર્જરારૂપ પરધર્મની નિવૃત્તિ મારાથી થઈ નથી.

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

અર્થ :– એ રીતે અનંત પ્રકારે હું કોઈ સાધન પામ્યો નથી. એક સમ્યક્‌ત્વરૂપ સદ્‌ગુણ પણ પામ્યો નથી. તો હે પ્રભુ! હું તારી સમક્ષ કેવી રીતે આવી શકું? કારણ કે કરવા યોગ્ય આ ભવમાં મેં કંઈ કર્યું નથી.

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અર્થ :– તોપણ હે પ્રભુ! આપ પરમ કૃપાળુ કરુણાની મૂર્તિ જ જાણે છો. તેથી મારા જેવા



દીન અનાથના સહાય કરનાર બાંધવ છો. અને હું પાપી પરમ દીન અનાથ છું. તેથી હે પ્રભુશ્રી! બોધ દાન રૂપી હાથ લંબાવી મારો ઉદ્ધાર કરો. મારો હાથ પકડી દુર્ગતિમાં જતો અટકાવો, મને સન્માર્ગે દોરો.

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

અર્થ :– હે પ્રભુ! મારા અનંત દોષોમાંના મુખ્ય ત્રણ દોષો અનંત કાળથી પરિભ્રમણ કરાવનારા છે.

૧. ભગવંતનું સ્વરૂપ મેં જાણ્યું નહીં;

૨. તે સ્વરૂપનો નિરંતર લક્ષ જેમને છે એવા સત્પુરુષ કે આત્મજ્ઞાની ગુરુની સેવા કરી નહીં અને

૩. અભિમાનનો ત્યાગ કર્યો નહીં; 'હું સમજુ છું' એવી ભૂલમાં રહ્યો.

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

અર્થ :– એ ત્રણ દોષોમાં મુખ્ય દોષ એ છે કે સંત એટલે સદ્‌ગુરુની ઓળખાણ કરાવનાર સત્પુરુષ, તેમની આજ્ઞાએ કોઈ આચરણ ન થયું. કારણ કે એ સત્પુરુષનો આશ્રય છોડીને સ્વચ્છંદે મેં અનેક યમ, નિયમ, સંયમ આદિ સાધનો કર્યા, તેથી સંસારનો પાર આવ્યો નહીં. અને એ વિપરીત પુરુષાર્થથી આ સંસારમાર્ગ છે અને આ મોક્ષમાર્ગ છે એવો અલ્પ પણ વિવેક પ્રાપ્ત થયો નહીં.

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય. ૧૭

અર્થ :– એ રીતે સ્વચ્છંદે પ્રવર્તવાથી કે કુગુરુની આજ્ઞાએ પ્રવર્તવાથી સર્વ પુરુષાર્થ માત્ર કર્મબંધનનું કારણ થયો. અનાદિકાળના પરિભ્રમણમાં મેં કોઈ ઉપાય કરવો અધૂરો રાખ્યો નહીં પણ અજ્ઞાન ભૂમિકામાં માત્ર કર્મબંધની પ્રવૃત્તિ થઈ.

જ્યાં સુધી સત્સાધન એટલે સત્પુરુષની આજ્ઞાએ કોઈ સાધન નથી થયું ત્યાં સુધી બંધન કેમ ટળે?

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અર્થ :– તો હવે સત્ સાધન કેવા પ્રકારના હોય તે વિષે કહે છે કે જ્યારે જીવને પ્રભુ, પ્રભુ કે તુંહિ તુંહિની ધૂન લાગશે, સદ્‌ગુરુના ચરણે જઈને પડશે, અને પોતાના દોષ નિષ્પક્ષપાતપણે જો દેખશે ત્યારે તરવાનું સાધન પ્રાપ્ત થશે. અને એ ત્રણેમાંથી કોઈ સાધન મને પ્રાપ્ત થયું નથી. પ્રભુપદ પ્રત્યે અનન્ય પ્રેમ જાગ્યો નથી. સદ્‌ગુરુને શરણે ગયો નથી; બીજાના અલ્પ દોષો પણ



દેખવાનો અભ્યાસ પડી ગયો છે પરંતુ મારી આભ જેવડી ભૂલો પણ મારી નજરે ચઢતી નથી; તો હે પ્રભુ! હવે કેવા ઉપાયથી હું તરી શકીશ?

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

અર્થ :– જ્યાં સુધી મારામાં માન છે એટલે હું અમુક કરતાં તો સારો છું એમ મનમાં રહે છે ત્યાં સુધી સારો બનવાનો પુરુષાર્થ મારાથી થઈ શકશે નહીં. સારો દેખાવા માટે હું કરું છું તેટલો પુરુષાર્થ સારો થવા માટે કરતો નથી. પણ જ્યારે અધમમાં અધમ હું છું એમ લાગશે ત્યારે હું તે અધમતા દૂર કરી ઉત્તમ પદ પામવા પુરુષાર્થ કરીશ. 'માન ન હોત તો અહીં જ મોક્ષ હોત' એમ પરમકૃપાળુદેવે કહેલું છે. તે માન મુકાશે ત્યારે સર્વ જીવ પ્રત્યે પોતાનું દાસત્વ મનાશે અને સર્વ જીવને ખમાવીને પોતાના દોષો જીવ જોશે તો તે દોષો દૂર કરવા પુરુષાર્થ જાગ્રત થશે. 'હું કંઈ નથી જાણતો' એવો દૃઢ નિશ્ચય કરી સત્પુરુષને શરણે જવાથી જીવને સત્પુરુષાર્થની દિશા સમજાય છે. તે વિના ગમે તેટલો પુરુષાર્થ કરે તો પણ તે સત્સાધન થનાર નથી.

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

અર્થ :– હે પ્રભુ! આવી મારી અધમ દશા હોવાથી હું તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને ફરી ફરી એ જ માગણી કરું છું કે તારા સ્વરૂપનું મને ભાન પ્રગટે, સદ્‌ગુરુનું ઓળખાણ થાય અને સદ્‌ગુરુ તથા સંતની સેવા મને પ્રાપ્ત થાય આ ત્રણ કલ્યાણનાં કારણ મને અચળરૂપે આપ. ટૂંકામાં મને સત્સંગ, પરમસત્સંગ અને અસંગપણું પ્રાપ્ત થાઓ એટલું હું આપના ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સં.૧૯૯૦ પોષ વદ ૮, મંગળવાર ૧૯૩૪

(પૂ.શ્રી બ્રહ્મચારીજીની હસ્તલિખિત ડાયરી નં.૯ (પૃ.૧૫૨)માંથી ઉતારેલ છે.)

* * *



શ્રી સદ્‌ગુરુભક્તિરહસ્ય

(ભક્તિના વીસ દોહરા)

તત ॐ સત્

સહજાત્મસ્વરૂપ પરમગુરુદેવને

અત્યંત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ. ૧

અર્થ :– હે (દીન, રંક દાસીના પ્રભુ) દીનાનાથ, દયા એજ જેનો સ્વભાવ છે એવા દયાળુ પ્રભુ! હું શું કહું? શી પ્રાર્થના-સ્તુતિ કરું? હે પ્રભુ! હે પ્રભુ! એટલું ઉચ્ચારીને જ અટકી પડું છું; કારણ કે હું તો અનંત દોષને રહેવાનું ઠેકાણું-ઘર છું. અને આપ તો કરુણાવંત-કૃપાનાથ છો!

ભાવાર્થ :– ''નાથ કૈસો ગજ કો બંધ છુરાયો, ગજ ઔર ગ્રાહ બરત જલ ભીતર;
લરત લરત ગજ હાર્યો; નાથ કેસો ગજ કો બંધ છુરાયો.''

મનરૂપી હાથી, સંસાર સરોવરમાં જલક્રીડા કરવા જતાં, કર્મબંધરૂપી મગરે તેનો પગ પકડી રાખ્યો અને ઊંડા જળમાં ખેંચી ગયો. ત્યાં ડૂબતાં ડૂબતાં સરોવરમાંથી કમળ ચૂંટી કમળાપતિને (સહજ, અમલ, અનૂપ, શુદ્ધ ચેતનાના સ્વામીને) ઊંચી સૂંઢ કરી અર્પતાં, પ્રાર્થના મરણ વખતે કરે છે, તેમ ભવભ્રમણથી થાકેલો આત્મા કોઈ સત્પુરુષના યોગે સંસારથી મુક્ત થવાની ઇચ્છાવાળો, સમ્યક્‌ત્વ અભિમુખ થયેલો નિકટ ભવી મુમુક્ષુ પરમાત્માની ભક્તિ કરતાં કહે છે કે–

હે પ્રભુ! હે પ્રભુ! આ મરણ ઊભા કરે એવી સંસારની અનેક ક્રિયામાં રચ્યોપચ્યો હું, આપની સન્મુખ આવીને ઊભો રહેવાને પણ લાયક નથી. હું શું જાણું છું કે તમારી સ્તુતિ કરું? મારી યોગ્યતા ક્યાં છે? હું તો અનંત દોષથી ભરેલો છું. ડૂબતો માણસ કંઈ ભાષણ કરીને, લાંબા વખાણ કરીને કે વિનયપૂર્વક વિનંતી કરીને બચાવનારને બોલાવવા ન જાય તે તો દોડો! કોઈ દોડો! એવા ટૂંકા શબ્દો જ બોલે. તેમ મુમુક્ષુ આ વીસ દોહરાની શરૂઆતમાં માત્ર પ્રભુના નામનો જ ઉદ્‌ગાર કાઢે છે. ફરી એનો એ જ હે પ્રભુ! ઉદ્‌ગાર કાઢે છે અને કહે છે કે હું શું કહું? પણ તમે રાંકમાં રાંક દાસીને પણ શરણ આપનાર છો! અનાથના નાથ છો; તેથી મારામાં અનંત, મારાથી ગણ્યા ન જાય, જાણ્યા ન જાય છતાં તમે અનંતજ્ઞાની હોવાથી જાણો છો, તેટલા બધા દોષથી હું ભરેલો છું - બધા દોષો મારામાં વસ્યા છે અને આપ અનંત ગુણના ધામ છો, કરુણાળ છો - અમારી દયા ખાઓ છો તેથી તમારી આગળ આટલુંય બોલાય છે. નહિ તો તમારા ગુણ ગાવા માટે તો કેવા કેવા ભાવ જોઈએ? તે જણાવે છે.

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨



અર્થ :– જે શુદ્ધ ભાવથી મોક્ષ થાય છે તેવા ભાવ મારામાં નથી. વળી સર્વભાવ તારામાં પ્રશસ્તપણે અર્પણ થયા નથી, આથી કરીને દીનત્વ-લઘુતા કે નમ્રતા મારામાં નથી પ્રગટ થઈ. અને લઘુતાથી જે પ્રભુતા પમાય છે તે સાધન નહીં હોવાથી, પરમ-સ્વરૂપ-તારું અચિંત્ય સ્વરૂપ કે પરમ પદ, લઘુતાના દ્વાર વિના પમાય નહીં. તેનું વર્ણન-કથન થાય તેવી યોગ્યતા પણ મારામાં નથી, તેથી તમને હું શી રીતે કહું ?

ભાવાર્થ :– અશુભ, શુભ અને શુદ્ધ એ ત્રણ પ્રકારના ભાવ કે પરિણામ જીવના હોઈ શકે. અશુભ ભાવથી પાપ બંધાય, શુભ-પ્રશસ્ત રાગ એટલે સત્પુરુષ, સત્શાસ્ત્ર, સત્ધર્મ ઉપર રાગ તે પુણ્યનું કારણ છે તેથી પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે, અને શુદ્ધભાવ તે સાચા ભાવ, સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયની ભાવના-પરિણામ તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. આ ત્રણ ભાવોમાંથી શુદ્ધભાવ તો મારામાં નથી જ, તેમ શુભ ભાવો પણ સંપૂર્ણપણે તને અર્પાયા નથી. તારામાં-તારા ગુણ કીર્તનમાં-તારા વચનમાં સર્વભાવ વર્તતા નથી. વળી પરમ દીનત્વની ઓછાઈ, આ લોકની અલ્પ પણ સુખેચ્છા અને પદાર્થનો અનિર્ણય એ ત્રણ કારણો 'માર્ગ પ્રાપ્તિ'ને રોકનાર છે, તેમાં માર્ગ પ્રાપ્તિનું પરમ સાધન પરમ દીનત્વ કે સર્વ પ્રાણીઓ પ્રત્યે પોતાનું દાસત્વ તે મારામાં નથી અને તે થવાનું કારણ 'સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિરૂપ પરમધર્મ' તે મારામાં નથી પ્રગટ્યો, તેથી જોગ્યતા મારામાં નથી આવી એટલે પરમસ્વરૂપ એવા પરમાત્મા વિષે હું શું કહી શકું ? તેમ છતાં આજ્ઞાંકિત ગુણ હોય, આજ્ઞા આરાધકપણું હોય તો યોગ્યતા આવે, તે જણાવતાં કહે છે –

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

અર્થ :– આપ્ત-મોક્ષમાર્ગ માટે વિશ્વાસ રાખવા લાયક પુરુષ-ગુરુદેવની આજ્ઞા હૃદયમાં મેં અચળ કરી નથી, હજી ચંચળપણું આજ્ઞા ઉઠાવવામાં વિઘ્ન કરે છે. તેમજ આજ્ઞા કરનાર આપ્ત ભગવાનનો દૃઢ વિશ્વાસ પણ નથી, સત્પુરુષનું સાચું ઓળખાણ પણ પડ્યું નથી; તેથી સગાં, ધન, લૌકિક સુખ આદિ ઉપર વિશ્વાસ રાખ્યો છે ત્યાં સુધી પરમાત્મા ઉપર દૃઢ વિશ્વાસ આવી શકતો નથી. ''પ્રીતિ અનંતી પર થકી જે તોડે હો તે જોડે એહ.''-દેવચંદ્રજી. આમ સાચી ઓળખાણ વિના પરમ આદર, ભક્તિભાવ કે રુચિ ઉત્પન્ન પણ થઈ નથી તો આદરભાવ વિના ભક્તિ કેમ કરીને હું કરી શકું ?

ભાવાર્થ :– 'आणाए धम्मो आणाए तवो' આજ્ઞાને ધર્મનું મૂળ, શાસ્ત્રમાં કહ્યું છે; પણ મારામાં તો આજ્ઞા ઉઠાવવા જેટલી યોગ્યતા પણ નથી. સંસાર પરિભ્રમણ કરાવનાર એવા કામધંધા અને વિષય કષાયની પ્રવૃત્તિમાં હું નિશ્ચળ વૃત્તિએ વર્તું છું. તેમાંથી છૂટી બે ઘડી સંસારમળ નાશ થાય તેવી ભક્તિ વગેરે ઉદ્યમમાં વર્તવાનું મનમાં અચળપણું નથી આવતું. ઉલટું, આપ્ત પુરુષની આજ્ઞાએ વર્તતાં મન પોતાનો ચંચળ સ્વભાવ પ્રગટ કરે છે. સત્પુરુષની આજ્ઞામાં



જ્યાં અચળ થવું જોઈએ ત્યાં તેમ થતું નથી. આજ્ઞા હૃદયમાં સચોટ સ્થિર થવામાં મન વિઘ્ન કરે છે. તેમજ આપ પ્રભુ સાચા છો ને સાચો મોક્ષમાર્ગ બતાવો છો એટલો પણ વિશ્વાસ દૃઢપણે મન ટકવા દેતું નથી; તો પછી પરમ આદર અને પરમ ભક્તિ મારામાં ક્યાંથી ઊગે? શ્રદ્ધા અને ભક્તિ વિના આજ્ઞા કેવી રીતે ઉઠાવાય? આમ આજ્ઞારૂપી ધર્મનું મૂળ મારામાં સ્થિર ચોંટ્યું નથી તો ધર્મનું પોષણ કેવી રીતે પામું અને શી રીતે સ્તુતિ કરું? આમ હોવા છતાં જો સત્સંગ કે સત્સેવા પ્રાપ્ત થાય તો સત્પુરુષના યોગબળે મારું કામ થાય એવો વિચાર પ્રગટ કરતાં જણાવે છે :–

જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

અર્થ :– 'क्षणमपि सज्ज्नसंगतिरेका, भवति भवार्णवतरणे नौका' -શંકરાચાર્ય.

સજ્જન - સત્પુરુષનો સમાગમ ક્ષણવાર થયો હોય તો પણ ભવસમુદ્ર તરવામાં તે નાવરૂપ થઈ પડે છે. પણ એવો સત્સંગનો જોગ મને પ્રાપ્ત નથી, તેમજ સત્પુરુષની સેવાનો જોગ પણ મળ્યો નથી અથવા હું સત્પુરુષની સેવા કરવાને માટે યોગ્ય-લાયક નથી, મારા એવાં અહોભાગ્ય નથી. તેમજ પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગના અભાવે તેના વિરહમાં તે ભગવાનમાંજ તલ્લીનતા રહેવી જોઈએ, સર્વાંશે સર્વસ્વ અર્પણ કરી વર્તવું જોઈએ તેમ પણ બનતું નથી. વળી તે પુરુષ સાચા છે, તેમને આશરે રહેવાથી મારું કલ્યાણ થશે એવો આશ્રય ભાવ, શરણ પણ ગ્રહણ થતું નથી. તેમજ પૂર્વિક ભાગ્યને બળે પ્રારબ્ધ યોગે પણ જોગાનુજોગ બનતો નથી. અચાનક વગર સમજ્યે પૂર્વપુણ્યના યોગે સત્પુરુષ પ્રાપ્ત થાય તેવી મન, વચન, કાયાની પ્રવૃત્તિ કે સ્વભાવ નથી. અથવા શંકા-સમાધાન જેટલો પ્રશ્નોત્તર થઈ શકે તેવો યોગ પણ પ્રાપ્ત થયો નથી.

ભાવાર્થ :– ''બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો.'' -શ્રીમદ્ રાજચંદ્ર

તેથી પણ વિશેષ પુણ્ય હોય તો આર્યભૂમિમાં જન્મ થાય. તેમાં પણ ઉત્તમ કુળ મળવું પણ દુર્લભ છે. અને સત્ધર્મ પ્રાપ્ત કરાવે તેવા પુરુષનો સંગ એ તો મહાભાગ્યની નિશાની છે. તે ન હોય તો તેવા આપ્ત પુરુષનો જેને રંગ લાગ્યો છે તેવા પુરુષનો સંગ, તે સત્સંગ પણ અતિશ્રેય કરનાર છે. મારા ભાગ્યમાં તો તે પણ નથી. તેમજ સાચી સેવા-કાં તો સત્પુરુષની નિષ્કામ ભાવે સેવા અથવા સાચા ભાવથી પ્રતિમા આદિની સેવા કે આત્મભાવના, તેને માટે મારી લાયકાત નથી. તેવો જોગ નહીં બનવાથી મારાથી તે બનતું નથી. હું એટલો અભાગિયો છું કે મને તેવી સેવા પ્રાપ્ત થઈ નથી. તેમજ મન, વચન, કાયા સર્વયોગથી અર્પણભાવ કરી વર્તાતું પણ નથી. પરમાત્મામાં તલ્લીનપણે પણ રહેવાતું નથી. વળી ન વર્તાય તો તે મારો દોષ છે; પણ હું તેને આશરે હવેથી રહેવા ઇચ્છું છું એવો શરણભાવ પણ રહેતો નથી. અન્ય પુરુષો અને અન્ય ધર્મો કે સંસારનાં કારણોમાં મહત્ત્વ હજુ રહ્યા કરે છે. તેમજ એવો કોઈ પ્રસંગ પણ બન્યો નથી કે જે ધર્મના બીજરૂપ થોડો કાળ ન જણાય પણ કોઈ કાળે અનુકૂળતા પ્રાપ્ત થતાં ધર્મરૂપી અંકુર ઊગી નીકળે



અને જાગ્રત કરી ઋત ધર્મ ઉપર શ્રદ્ધા દૃઢ કરાવે એવો અચાનક યોગ પણ બનવાનું મારા ભાગ્યમાં હોય તેમ લાગતું નથી. આવી મારી અધમ દશા, હે પ્રભુજી, તમે જાણો છો. આવી પામરતા-કમનસીબપણું, લઘુતા, વિવેકપૂર્વક સ્મૃતિમાં રહે તો પણ હિતકારી છે, તે જણાવતાં કહે છે–

'હું પામર શું કરી શકું', એવો નથી વિવેક;
ચરણ, શરણ, ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અર્થ :– હું રાંક, પામર પ્રાણી કંઈ કરી શકવાને સમર્થ નથી કારણ કે હું કર્મથી બંધાયેલો છું અને પરમાત્મા કર્મથી મુક્ત છે. તે અનંત વીર્યવંતા છે તેની આગળ મારી કોણ ગણતરી? આવો વિવેક મારામાં નથી. પણ આપ્તપુરુષ સદ્‌ગુરુદેવનાં ચરણ - વચનામૃત - આજ્ઞા તે પ્રમાણે આટલા ભવમાં વર્તીશ, તેને શરણે આટલાં બાકી રહેલાં વર્ષ ગાળીશ, એટલું કરવાની પણ મારામાં ધીરજ નથી, હિંમત નથી.

ભાવાર્થ :– મારાથી કાંઈ કોઈને માટે થઈ શકે તેમ નથી. સર્વ પોતપોતાના કર્માનુસાર જીવે છે. હું જ કર્મથી બંધાયેલો છું તો મારાથી કર્મ ઉપરાંત બીજું શું થવાનું છે? જે કંઈ શુભ થતું હોય તે પણ કર્માનુસાર કે હરિ ઇચ્છાએ થાય છે; તેમાં મમત્વ માનવા જેવું કે અભિમાન કરવા જેવું નથી. અને અભિમાન કરીને માથે કુટુંબ, દેશ આદિનો ટોપલો ઉપાડી લેવાથી કર્મ વધારવાનું નિમિત્ત ઊભું થાય છે. આવો સાચા ખોટાનો, હિત અહિતનો વિવેક-ભેદ સમજવાની શક્તિ મારામાં નથી. તેથી મારાથી કુટુંબ ચાલે છે, હું જ દાન-ધર્મ કરું છું; હું ન કરું તો કેમ આ બધો વ્યવહાર ચાલે? વગેરે પ્રકારે અભિમાન હે પ્રભુ! મારામાં વર્તે છે. પણ જો શરણ પ્રાપ્ત થાય તો અનાથપણું મટે. વિવેકજ્ઞાન ન હોય તો પણ એમ રહે કે તારા કહ્યા પ્રમાણે આટલો ભવ ગળાજો એવી ભાવનાથી દૃઢ વર્તાય તો પણ શ્રેય થાય; પણ તેટલી ધીરજ, હિંમત કે વીર્ય મારામાં નથી. આવો હું હીનવીર્ય-અશક્ત થઈ ગયો છું. તેનો હે પ્રભુ! તારા અનંત વીર્ય આદિગુણોની સ્મૃતિ જગાડશે એવો ભાવ જણાવતાં હવે કહે છે :–

અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અર્થ :– હે પ્રભુ! તારું માહાત્મ્ય એટલું બધું છે કે ત્યાં સુધી મતિની ગતિ પહોંચતી નથી; અને તેથી જોઈએ તેવા ઉલ્લાસવાળો ભાવ જાગતો નથી. કારણ કે તે અનુભવની બહાર છે. જે જોયું નથી, જાણ્યું નથી, તેના ઉપર ઉલ્લાસ કેમ કરીને લાવું? જે પ્રેમ આવવો જોઈએ અથવા સંસાર પ્રત્યે જે પ્રેમ વર્તે છે તેનો એક અંશ પણ પરમાર્થ પ્રત્યે વર્તાતો નથી. અને પ્રેમ કે જ્ઞાન વિના તારી ઓળખાણ નથી. તેમજ જ્ઞાન પ્રભાવ પણ એટલો બધો નથી કે આલંબન વિના પ્રભુતાની કંઈ શ્રેયકારી ભાવના કરી શકાય.



ભાવાર્થ :– હે ગુરુદેવ! તમારું માહાત્મ્ય અચિંત્ય છે, અપાર છે, મતિમાં આવે તેવું નથી. તો તમારું ઓળખાણ કયે રસ્તે થાય? એક તો આપના પ્રત્યે ઉલ્લાસથી, પ્રેમથી હૃદય ભરપૂર થવાથી તન્મયતા અનુભવાય અથવા "જ્ઞાનસ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી."-આનંદઘનજી. એ જ્ઞાનના પ્રભાવથી, આત્મભાવના ભાવવાથી તમારું ઓળખાણ થાય. તેમ છતાં મારામાં તો આપના પ્રત્યેના પ્રેમનો એક છાંટોય દેખાતો નથી, તો પ્રફુલ્લિત કે ઉલ્લાસવાળા ભાવની તો શી વાત કરવી? એટલે ભક્તિમાર્ગથી પણ તરવાનો રસ્તો મારે માટે દેખાતો નથી. તેમ મારામાં પરમ પ્રભાવ-પ્રભાવિક જ્ઞાન કે પ્રબળ ક્ષયોપશમ અને વીર્ય વડે શુદ્ધ આત્મભાવના ભાવવા જેવી યોગ્યતા પણ નથી. તેવી અધમ દશા હે પ્રભુજી મારી છે. તેના ઉત્તરમાં જો આપ એમ જણાવો કે સ્વરૂપ તો સદાય જેમ છે તેમ છે, અજર, અમર, અવિનાશી, અચળ છે, તેનો વિયોગ નથી. તેના ઉત્તરમાં જણાવવાનું કે :–

અચળ રૂપ આસક્તિ નહિ, નહિ વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

અર્થ :– આપે જે સ્વરૂપ દર્શાવ્યું તેની દૃઢ પકડ થતી નથી, તેમાં વળગ્યા રહેવાતું નથી; અથવા તો આપને દૃઢતાથી વળગ્યા રહેવાતું નથી. અને આમ કલ્યાણના માર્ગનો વિરહ પડે છે તો પણ તેને માટે ખેદ થતો નથી. તેની તેજ ભાવનામાં રહેવું જોઈએ, તેના જ ઉચાટમાં રહેવું જોઈએ, તેની જ ઇચ્છા રહેવી જોઈએ, તેના માટે ઝૂરવું જોઈએ, તે પણ મારાથી હે ભગવાન, બનતું નથી. તેની ઝૂરણા માટે તો તેમ જેણે કર્યું છે અથવા એવો ઉત્કટ પ્રેમ જેને જાગ્યો છે કે જેને તેના વિના એક પળ પણ જીવવું તે મરણ કરતાં પણ અધિક દુઃખદાયી થઈ પડે છે તેવા આદર્શ પુરુષના પ્રેમની કથા અને દશાનો પરિચય થવો જોઈએ. પણ તમારો તેવો સ્વરૂપ પ્રત્યેનો પ્રેમ મને કોણ કહી બતાવે? તેની પણ પ્રાપ્તિ નથી. તો પણ જીવને તેનો ઉચાટ રહેતો નથી, વ્યાકુળતા આવતી નથી. આવા કલ્યાણના સાધનો મને પ્રાપ્ત નથી થયાં તો મારે તરવાનો હવે કોઈ આરો છે? એના ઉત્તરમાં ભક્તિમાર્ગથી કલ્યાણ થશે, એમ કહો તો કહેવાનું કે :–

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં, નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

અર્થ :– ભક્તિમાર્ગ મને પ્રાપ્ત થયો નથી, ભક્તિ કરવી, ભક્તિ કેવા પ્રકારે કરવી, ભક્તિનું સ્વરૂપ શું? વગેરે મને ખબર નથી. "ગુરુ ગમે કરીને ભક્તિનું પરમ સ્વરૂપ સમજાયું નથી." તેમજ ભજન શાનું કરવું, કેમ કરવું, તેનું પણ ચોક્કસ ભાન મને નથી. વળી આત્મધર્મની સમજ જ મને નથી. અને જ્યાં ગમે તે વાત સમજી શકાય તેવા પવિત્ર તીર્થક્ષેત્રે મારે વસવાનું બની શકતું નથી. તો શું કરવું?



''શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;
લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ.'' -બનારસીદાસ.

ભાવાર્થ :– ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં સુલભ છે. અને ઘણા વિચારવાન જીવોએ તેનો આશ્રય કર્યો છે, એ ભાવાર્થનું કહેવું સાચું છે પણ મારો ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી, હું તેથી અજાણ્યો છું. તેમ નથી આવડતાં ભજન કે સ્તવન તો પછી ભક્તિથી પ્રાપ્ત કરવા યોગ્ય સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપ આત્મધર્મની સમજ તો મને શાની હોય? તે સમજવા માટે જ્યાં સત્પુરુષ વસતા હોય, સત્સંગની લહરીઓ છૂટતી હોય અને આત્માને સત્ રંગ ચઢાવે તેવો યોગ હોય તેવા તીર્થક્ષેત્ર સેવવાથી ભક્તિમાર્ગ સમજાશે; એમ જણાવે તો એટલું કહેવાનું છે કે મારે તેવાં સ્થાનમાં વસવાનો જોગ નથી, એટલું પણ મારા ભાગ્યમાં નથી. અને વળી ''ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું પરમસ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.'' શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૨૫૩ તેનો વિચાર લક્ષમાં રાખી જણાવે છે :–

કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

અર્થ :– ''વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ બહુ લોપ'' -શ્રીમદ્ રાજચંદ્ર. આવા કળિકાળમાં અમુક કાળ ભક્તિ યોગ્ય છે કે અમુક કાળ શાસ્ત્રાભ્યાસ માટે અયોગ્ય છે એવી મર્યાદાઓ સદ્ગુરુના વિયોગ જેવા કાળમાં કેમ જાણી શકાય, અને ભક્તિમાર્ગમાં પ્રવર્તતા થતાં દોષો કેમ દૂર થાય? અથવા આ કળિકાળમાં આયુષ્ય બહુ ટૂંકુ હોય છે અથવા ચોતરફ વિષયકષાયને પોષે તેવા સંજોગો વધતા જાય છે; તે દોષોમાંથી બચવા મર્યાદા ધર્મ એટલે વૃત્તિ સંક્ષેપ કરવાનાં સાધન તરીકે દિશા, દેશ, ધન, આદિની વ્રત લઈને મર્યાદા કરવામાં આવે છે, તે પણ મારાથી બનતું નથી. તેમ છતાં મને કોઈ રસ્તો ન સૂઝે ત્યારે જે આકુળતા વ્યાકુળતા થવી જોઈએ તેની નિશાની સરખી જણાતી નથી, એ કર્મની કેટલી બધી બહોળતા (બાહુલ્યતા) છે. તે માત્ર તમે જ હે પ્રભુ! જાણો છો, જુઓ છો.

ભાવાર્થ :– સર્વકાળમાં સત્પુરુષનો યોગ થવો દુર્લભ કહ્યો છે. તો આ હુંડાઅવસર્પિણી (કળિ) કાળમાં તે અત્યંત દુર્લભ હોય એમાં નવાઈ નથી; તો ગુરુગમે ભક્તિનું સ્વરૂપ સમજાવું મહા દુષ્કર દેખાય છે. અને પ્રાયે સત્પુરુષના વિયોગ જેવા આ કાળમાં, આ ક્ષેત્રમાં દોષો જ જ્યાં ત્યાં ઊભરાય એ સ્વાભાવિક છે. તેમાંથી શી રીતે બચવું એ પ્રશ્ન થાય છે. તેનો ઉત્તર એ કે અલ્પ આયુષ્ય અને કુસંગ, વીર્યહીનતા, હીનપુણ્યતા વગેરે આ જમાનાના દોષોરૂપી અગ્નિથી લાગતા આ મનુષ્યભવરૂપી ઘરમાંથી બચાવાય તેટલું બચાવી લેવું, તેને માટે મર્યાદા ધર્મ, દિશા, દેશ, ધન, આહાર આદિમાં થતા દોષોનો વિચાર કરી, તેની વ્રત આદિથી સમ્યક્ મર્યાદા બાંધી વર્તવું. સમકિત સાથે પાંચ મહાવ્રત પાળવાં વગેરે મર્યાદા અથવા ''કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર



વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૨૫૪. આવી સ્વરૂપ મર્યાદારૂપી ધર્મ પ્રમાણે વર્તવું. પણ તેવો ધર્મ મારાથી પળાતોય નથી અને તે બદલ ખેદ કે વ્યાકુળતા પણ રહેતી નથી. એ કેવાં ભારે કર્મ કહેવાં? બળતાં ઘરમાં બેભાન થઈને દોડે છે, તે કેવી રીતે બચે? તેવી મારી સ્થિતિ હે પ્રભુ લાગે છે. ત્રાસ રૂપ સંસાર પણ મને ત્રાસ ઉપજાવવાને બદલે તેમાંજ પકડી રાખે છે એ કેવા પ્રકારના કર્મ હશે તે આપ જાણો છો. કારણ કે આપ સર્વજ્ઞ છો. આવા ભયંકર દોષોથી બળતા કળિકાળમાં માત્ર સત્પુરુષ જ શીતલ ઝાડની છાયા-કલ્પદ્રુમ સમાન છે. તેની સેવા પ્રાપ્ત કરવાથી સર્વ સાંપડશે એ ઉપાય સાચો છે. પણ તેમાં વિઘ્નો નડે છે તે જણાવે છે.

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦

અર્થ :– મારું વીર્ય એટલું બધું હણાઈ ગયું છે કે મને બળતામાંથી બચવાના સત્પુરુષની સેવારૂપ ઉપાય સૂઝ્યા છતાં પ્રતિકૂળ સંજોગોને હું દૂર કરી શકતો નથી. મને કલ્યાણમાં વિઘ્ન કરતાં સ્વજન કુટુંબાદિ બંધન, લોકલાજ આદિ બંધન, સંકલ્પ–વિકલ્પરૂપ બંધન, દેહાભિમાનરૂપ બંધન વગેરે બંધનો હું તજી શકતો નથી. વળી દેહ અને ઇન્દ્રિયો મને વિષય કષાયમાં દોરી જાય છે. મારું કહ્યું કરતી નથી અને બાહ્ય પદાર્થો ઉપર રાગદ્વેષ કરાવી બંધન કરાવે છે. તેથી સત્પુરુષથી વિમુખ રહેવા જેવી મારી દશા વર્તે છે. આવી સ્થિતિમાં સત્પુરુષનો કે કલ્યાણનો વિયોગ રહે તો શું કરવું?

ભાવાર્થ :– ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા; પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં, આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.''(વ.પત્રાંક ૭૬) આવાં વચનથી સત્પુરુની સેવાની પ્રતીતિ થાય છે. પણ મને ઉપર જણાવ્યા, તેનાં બંધન નડે છે. તે મારાથી દૂર થતાં નથી. લોકને રૂડું દેખાડવા ઘણું મારે કરવું પડે છે. તેમજ દેહેન્દ્રિયોને પણ વશ રાખી શકતો નથી. તેથી સત્પુરુષનો યોગ થતો નથી અને થાય તો તે અસંયમ, તેની ઓળખાણ પડવા જેટલી સારી યોગ્યતા આવવા દેતો નથી. મારી વૃત્તિઓ જ સંસારમાં વહે છે. ત્યાં હવે શું કરું? તે દર્શાવતા કહે છે :–

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અર્થ :– હે પ્રભુ, તારો યોગ પ્રાપ્ત થવો તે અમારા ઉદ્ધારનું નિઃશંક સાધન છે અને તે આ કાળમાં દુર્લભ થઈ પડ્યો છે. તે આ કાળમાં તારો વિયોગ અમને હૃદયમાં સાલવો જોઈએ. વારંવાર મનમાં પ્રગટ થઈ આ ઉણપ અમારા અંતરમાં સ્ફુરવી જોઈએ, તો જ તારા યોગની ભાવના રહે પણ તેમ બનતું નથી. ઊલટું જાણેલું, બોલી બતાવવામાં અથવા વાતચીત, પરકથા



આદિ વચનયોગની પ્રવૃત્તિમાં બંધન હું કર્યા કરું છું. તેમજ નયન–'દૃષ્ટિમાં ઝેર છે.' વિષયકષાયને પોષવામાં આંખો હું વાપર્યા કરું છું. જ્યાં જ્યાં નજર પડે છે ત્યાં ત્યાં હું શુભાશુભ ભાવ કરી બંધન કર્યા કરું છું. વળી સત્સંગ દુર્લભ હોવાથી જેમનામાં સાચી ભક્તિ નથી તેવા અણભક્તના સંગથી ઉદાસ, અળગો, મધ્યસ્થ રહેતો નથી. તેથી તેમના કુસંગનું ફળ પણ નિમિત્તને લઈને થાય છે. તેમજ ગૃહ કાર્યાદિકમાં પણ ભાવ મોળા નહીં પડવાથી તે બંધના નિમિત્તમાં હું વસું છું.

ભાવાર્થ :– હે ભગવાન તારું સ્મરણ કેમ નથી રહેતું? તારી આજ્ઞા સમજાવનાર સદ્‌ગુરુ ભગવાન વિના મારું કલ્યાણ નથી. એમ ક્ષણે ક્ષણે મને સાંભરવું જોઈએ, તે પણ સ્ફુરતું નથી. ઊલટું વાગ્જાળમાં હું માછલાની પેઠે બંધન પામી હણાઉં છું અને નયન વિકારથી ઠાર ઠાર ભવ ઊભા થાય તેવાં બંધનની કમાણી કરી રાચી રહ્યો છું. તારી આજ્ઞાને માન્ય કરનારા ભક્તજનોનો સંગ તે સત્સંગ છે, અને તે કર્મ આવતાં અટકાવી, જુના કર્મની નિર્જરા કરવામાં સહાયરૂપ નિમિત્તભૂત બને છે.

પણ બીજા અણભક્ત એટલે અન્ય સંસારી જીવોને છોડીને કુટુંબ આદિ કાર્યને વેગળું કરીને, તેમાં ઉદાસ પરિણામ કરીને, સત્સંગની પ્રાપ્તિ થાય તો, તેમ બનવા સંભવ છે. પણ તેવુંય મારાથી હે પ્રભુ, બનતું નથી. મારું કુટુંબ, મારા સ્વજન પરિવારમાં જ હજી હું રાચી રહ્યો છું. તે ઉપરાંત દેહાભિમાનરૂપ બંધનથી પણ હું મુક્ત નથી, તે જણાવે છે :–

અહંભાવથી રહિત નહિં, સ્વધર્મ સંચય નાહી;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

અર્થ :– હું સુખી છું, હું દુઃખી છું, હું રૂપાળો છું, હું બ્રાહ્મણ, પાટીદાર, વાણિયો છું, હું કર્તા છું, ભોક્તા છું, હું ધર્મ કરું છું વગેરે પ્રકારે દેહાભિમાન કે હુંપણું દુઃખદાયી છે. તે પણ ટળ્યું નથી અને આત્મધર્મ-સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્રરૂપી સ્વધર્મોની પ્રાપ્તિ થઈ નથી. તે ગુણો મારામાં આવ્યા નથી. તેમજ પરવૃત્તિમાં પ્રવર્તતો હોવાથી ૨૫ પ્રકારના સમકિતના દોષ છે તે સર્વ મળથી હું મૂકાયો નથી.

ભાવાર્થ :– ''स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः'' -ભગવદ્‌ગીતા. શ્રીકૃષ્ણના આ વાક્યમાં પણ આત્મધર્મ, સમ્યક્ જ્ઞાનદર્શનચારિત્ર સહિત મરણ તે શ્રેયરૂપ ગણ્યું છે. અને તેથી વિપરીત સમાધિમરણ અટકાવનાર દેહાભિમાન, અને પરમાત્માના ધર્મો-ગુણોનું અજ્ઞાન ટળ્યું નથી.

''देहाभिमान गलिते, विज्ञाते परमात्मनि । यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः'' ॥ આ સમાધિનાં કારણ જે સ્વધર્મ સંચય, પરમાત્માનું જ્ઞાન, ધર્મ, લક્ષણનું થવું અને હુંપણું ગળી જવું, અહંભાવથી રહિત થવું, તે મારા ભાગ્યમાં ક્યાંથી? સત્‌ધર્મથી ઊલટા અન્ય ધર્મ-કુદેવ, કુગુરુ, કુધર્મના સંગથી અને માન પોષવા આદિ વૃત્તિઓથી નિર્મળપણે હું છૂટ્યો નથી. કષાય શમે અને



મોક્ષની જ અભિલાષા રહે તેવી મારી દશા થઈ નથી; તો ધર્મ હું કેવી રીતે પામું? આવાં અનંત કારણોને લઈને મારી અધમ દશા છે તે કહે છે :–

એમ અનંત પ્રકારથી સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ મુખ બતાવું શુંય? ૧૩

અર્થ :– આવાં અનંત કારણોને લઈને હું પરાધીન છું મારામાં હજી એકપણ આત્મગુણ પ્રગટ્યો નથી તો હે પ્રભુ, હું તને શું મોઢું દેખાડું?

ભાવાર્થ :– જેટલે જેટલે અંશે આત્મગુણ પ્રગટે તેટલે તેટલે અંશે સત્પુરુષ ઓળખાય, અને સત્ શ્રદ્ધા પણ તેટલી જ ગણાય. પણ મારામાં તો અનંત દોષો ભર્યા છે, તો હે પ્રભુ! મને તમારું દર્શન-શ્રદ્ધા ક્યાંથી અચળપણે પ્રાપ્ત થાય? અને તેવી યોગ્યતા પ્રાપ્ત કરવાનાં સાધનો ઉપર જણાવ્યાં તે ઉપરાંત, તે સાધનના પ્રકાર અનંત છે, પણ તે સર્વ સાધનથી હું રહિત છું. મારાથી કોઈ સાધન પ્રાપ્ત કરી શકાતું નથી, એવો હું પાપી છું, અનાથ છું અને આપ દયાની મૂર્તિ છો તે જણાવતાં કહે છે :–

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અર્થ :– હે આપ્ત ભગવાન! આપ તો દયારૂપી દેહમાં જ વસો છો; કેવળ દયામય જ છો, દીનના બંધવ, સહાયક છો; અને હું તો પાપી છું. અનાથમાં અનાથ હું છું. હે પ્રભુ! તમારા સિવાય મારા તરફ કોઈ નજર પણ ન નાખે એવો પાપાત્મા અને રાંક હું છું. તેથી તમે મારો હાથ ઝાલીને આ સંસારરૂપી અંધારા કૂવામાંથી મને ખેંચી લ્યો - મારો ઉદ્ધાર કરો.

ભાવાર્થ :– સત્પુરુષોનો દેહ પોતાનું પ્રારબ્ધ પૂરું કરવા અને પરનું કલ્યાણ કરવા, એ હેતુએ ટકેલો છે. તેમ હે ભગવાન, મારા જેવા દુઃખીજનો સંસારનાં કારણ સેવી દુઃખની પરંપરા ખડક્યે જાય છે; તે જોઈ આપનું અંતઃકરણ દયાથી ઊભરાઈ જાય છે. તમે દયાની મૂર્તિ છો. રાગદ્વેષથી આત્માની ઘાત થાય છે, અને તે પ્રમાણે અમે અજ્ઞાની પ્રાણીઓ આત્મઘાતી છીએ; કસાઈ કરતાં પણ ભૂંડા છીએ. કારણ કસાઈ તો આ જ ભવમાં કોઈ પ્રાણીનો વધ કરે છે. પણ અમે તો એવાં વેર બાંધીએ છીએ, એવી માયામય પ્રીતિ કરીએ છીએ કે તે ભવોભવ ભટકતાં પણ તે ગાંઠ ભેદાવી મુશ્કેલ થઈ પડશે. આવી અમારી દશા જોઈ આપ રાગદ્વેષથી મુક્ત થઈ અમને મુક્ત કરવા કરુણા કરી બોધ કરી રહ્યા છો. પરનું હિત એ જ આપનું કાર્ય છે.

પણ અમે પાપી છીએ કે આપના તરફ અમે જરા આંખ ઊંચી કરીને નજર પણ નાખતા નથી. સંસારથી મુક્ત થવાનો અપૂર્વ જોગ પ્રાપ્ત થતાં-મનુષ્યભવ, ઉત્તમકુળ, સદ્‌ગુરુની પ્રત્યક્ષ વાણી આવો ઉત્તમ જોગ મળતાં પણ જે અવસર ચૂકે તે મૂરખ શિરોમણિ જ ગણાય, અથવા તેનાં ગાઢાં પાપ ફરીવળી સત્ ને સત્ ન સમજવા દે તે કેવી અનાથ દશા. કોઈને રોગ થયો હોય તો અમુક વખતે જાય, ધન ગુમાવ્યું હોય તો ફરી કમાય છે કે વિદ્યા ભૂલી ગયો હોય તો ફરી અભ્યાસ



કરી પ્રાપ્ત કરી લે, પણ જેણે સત્પુરુષનો પ્રાપ્ત યોગ ગુમાવ્યો તે તો 'અવસર પામી આળસ કરશે તે મૂરખમાં પહેલોજી' -યશોવિજયજી. એને આ કાળમાં દુર્લભ વસ્તુ પ્રાપ્ત થઈ તે ફરી કયે ભવે પ્રાપ્ત થશે તે વિષે કહી શકાય નહીં. મારા જેવા પાપીને આટલું પણ નથી સૂઝતું તો પ્રભુ આપના યોગબળે જ મારો ઉદ્ધાર થશે એમ માની વિનંતી કરું છું કે મને સંસાર સાગરમાંથી બુડતો બચાવવા આપની કૃપાનજરરૂપી હાથ લંબાવી, બોધ આપી સમ્યક્ત્વરૂપી આધાર આપી મારો ઉદ્ધાર કરશો. સંસાર સાગર કેવો ત્રાસ ઉપજાવે તેવો છે તે જણાવતાં કહે છે :–

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ-સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

અર્થ :– આ અપાર સંસારસાગરમાં અનાદિકાળથી હું ગોથા ખાઉં છું. તો પણ તે સંસારનું સ્વરૂપ અને તેથી વિરક્ત એવા અસંસારી, મુક્ત ભગવાનનું મને ભાન થયું નહીં. કારણ કે તે આપમતે-સ્વચ્છંદે સમજી શકાય તેવું નથી. સદ્‌ગુરુ કે સત્યના ઉપાસક એવા સંતપુરુષના ચરણમાં માથું મૂકી નિરભિમાનપણે તેમની સેવા-આજ્ઞા ઉઠાવી નથી; નહિ તો જેમ છે તેમ આજ સુધી સમજ્યા વિના રહે નહીં.

ભાવાર્થ :– અનંત કાળથી આ સંસારનો પાર પામવા હું આથડ્યા કરું છું પણ સંસાર સમુદ્ર અપાર છે. તેનો પાર સ્વભુજાએ તરીને પામવો દુર્લભ છે. આવા મહાન સાગરને જે રમત માત્રમાં તરી ગયા છે, ગાયની ખરીથી થયેલા ખાડાના ખાબોચિયાની પેઠે જે સંસાર ઓળંગી ગયા તે મહાવીર સુભટોમાંથી કોઈની મને ઓળખાણ પડી શકી નહીં. નહીં તો હું પણ તેમને આશરે વહાણમાં બેસી (ચઢીને) સમુદ્રને કિનારે પહોંચી જાય તેમ સંસાર તરી જાત. એવા તીર્થંકર ભગવંતોના કાળમાં પણ હું હતો. છતાં મારાથી કાંઈ બન્યું નહીં. તેનો બોધેલો સાચો માર્ગ પ્રરૂપનાર પ્રવર્તાવનાર સદ્‌ગુરુ આપ્ત ભગવાનની પણ ઉપાસના મારાથી બની નહીં. અથવા એ અવલંબને સાધકપણે વર્તતા સંતપુરુષની આજ્ઞા પણ ઉઠાવી શક્યો નહીં, તેથી હજી આ લખ ચોરાશીમાં હું ભમું છું. અજ્ઞાનપણે સ્વચ્છંદે ઉદ્યમ કરવામાં તો બાકી નથી રાખી. તે જણાવતાં કહે છે :–

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામીયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

અર્થ :– મેં સાધન તો બહુ કર્યા હતાં પણ તેમાં એક ભૂલ રહી ગઈ; તે એ કે સંતની આજ્ઞાએ કે તેના આશ્રયે ઉદ્યમ કરવાને બદલે સ્વચ્છંદે દોડ કરી. તેથી સંસાર સાગરનો કિનારો પ્રાપ્ત થયો નહીં. અને સાચો માર્ગ જ હાથ ન આવ્યો, હિત અહિત જાણવા જેટલી વિવેક બુદ્ધિનો અંકુર સરખો ક્યારેય પ્રગટ્યો નહીં.

ભાવાર્થ :– ''યમ, નિયમ, સંયમ આપ કીયો...તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'' -શ્રીમદ્ રાજચંદ્ર



આવી આવી કઠણ કે દુઃસાધ્ય ગણાતી ક્રિયા કરવામાં મેં પાછી પાની કરી નથી, પણ ક્યાંય મારું દિલ ઠર્યું નહીં; કારણ કે સાચો માર્ગ પ્રાપ્ત થયા વિના શાંતિ પ્રાપ્ત થવી સંભવતી નથી. અને માર્ગના ભોમિયા વિના માર્ગ પ્રાપ્ત થાય તેવો નથી. તેથી ભોમિયા વિના સંસાર વનમાં હું માર્ગ શોધતાં શોધતાં કાંટા, પથરા, કાદવ, ને ઝેરી જનાવરોથી ભરપૂર ભયંકર સ્થળોમાં ભૂલો પડી આંધળાની પેઠે રખડ્યો. માત્ર આશ્રય અને આનંદના ધામ એવા સત્પુરુષના કહ્યા પ્રમાણે મારાથી ન વર્તાયું એ જ મોટી ભૂલ થઈ હતી. તે ભૂલનું પરિણામ શું આવ્યું તે કહે છે :–

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય. ૧૭

અર્થ :– અજ્ઞાન દશામાં, છુટવા માટે કરેલા ઉદ્યમ નકામા ગયા. એટલું જ નહિ પણ તે બંધનરૂપ નીવડ્યા; અવળો વળ ઉકેલ્યા પછી જ જેમ દોરી પાંસરી રીતે ભાગી શકાય છે, તેમ તે પ્રયત્નો વિઘ્નરૂપ નીવડ્યા. પાંશરે માર્ગ આવતાં પહેલાં તે બંધન ઉકેલવા સિવાય બીજો કોઈ ઉપાય હવે નથી. અને સત્સાધન-આત્મસાધનનું ઓળખાણ ન થયું ત્યાં સુધી બંધન થયા જ કરે છે. તેવી દશા થયા વિના બંધ કેમ અટકે? અથવા જૂના બંધન-ખોટી માન્યતાઓ, કદાગ્રહો દૂર કરવામાં સત્પુરુષના બોધની જરૂર છે તે સમજાયા વિના તે આગ્રહો સ્વચ્છંદે કેવી રીતે દૂર થાય?

ભાવાર્થ :– જે જે સાધન બંધનરૂપ નીવડ્યાં છે તે હૃદયમાં ઘર કરી બેઠાં છે તેમને દૂર કરવાની મારામાં કોઈ રીતે શક્તિ દેખાતી નથી. હે પ્રભુ, હવે તે જડ ઘાલી બેઠેલી અવળી સમજ દૂર કરવાનો કોઈ ઉપાય સૂઝતો નથી. સાચાં સાધન શાં, તેની મને સમજ નથી. અને અત્યાર સુધીનાં સાધન અશાંતિ ઉત્પન્ન કરનારાં નીવડ્યાં, તો હે પ્રભુ, આ બંધન હવે શેં ટળે? તેની ખરા દિલની આ ઝૂરણા જાણી, કંઈક માર્ગ પ્રાપ્તિનો ઉપાય સૂઝે તેમ જણાવે છે :–

પ્રભુ, પ્રભુ, લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અર્થ :– સંસાર ઉપર વૈરાગ્ય - ઉદાસીનતા આવવાથી પ્રભુની શોધ માટે જીવ પ્રયત્ન કરે છે; અને એક પ્રભુની જ લય જો લાગે અને સદ્‌ગુરુની શોધ કરી તેના ચરણની ઉપાસના કરે તથા પોતાના દોષ જોઈ દોષને ટાળવાનો ઉદ્યમ કરે તો સંસાર તરવાનો માર્ગ મળે. પણ હે પ્રભુ, મને તો તેવી પ્રભુ માટે લય પણ લાગી નથી અને સદ્‌ગુરુને નમસ્કાર કરવા જેટલું કે ચરણકમળમાં પડી રહેવા જેટલું પણ સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું નહીં, તેમ બીજાના દોષ દેખવા આડે મારા દોષ દેખવાની મને નવરાશ પણ મળતી નથી, તો મારા જેવા અધમ માટે તો સંસાર તરવાનો કોઈ રસ્તો ઘટતો નથી એમ જણાવતાં ઉત્તર મળે છે કે પોતે અધમ છે એમ જેને નિશ્ચય વર્તે છે તે માણસમાં દુઃખથી મુક્ત થવા અથાગ શ્રમની મારે જરૂર છે એવું ભાન પણ અવ્યક્તપણે રહ્યું છે; તે તેને સાચો માર્ગ મળતાં બળ આપે છે તે વિષે જણાવે છે :–



અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

અર્થ :– આખી દુનિયાના અધમ માણસોનું પ્રદર્શન કર્યું હોય તેમાં સર્વોપરી સ્થાન મને મળે એટલી બધી અધમતા મારામાં છે; હું પાપીઓમાં મહાપાપી છું. એવો નિશ્ચય આવ્યા વિના મોક્ષમાર્ગનું સાધન બની શકે તેમ નથી. અને જો એવો નિશ્ચય વર્તે નહીં તો મોક્ષ માટે સાધન ન થાય અને સાધન ન થાય તો મોક્ષ પણ કેમ પ્રાપ્ત થાય?

ભાવાર્થ :– જગતના સર્વ પ્રાણીઓ પ્રત્યે દાસત્વ બુદ્ધિ આવ્યા વિના પરમદીનતા આવતી નથી. અને તે વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ પણ નથી. અને જો દાસત્વ બુદ્ધિ આવે તો પોતે જેનો દાસ મનાયો તેના કરતાં હલકો જ મનાવો જોઈએ. સકળ જગતને પરમાત્મામય જોનાર સર્વના શિષ્ય થઈને વર્તે છે. તેના ભાવ ભક્ત કે દાસ તરીકે વર્તવાના નિશ્ચયવાળા જ હોય છે. તેને જગતના કોઈ પણ પ્રાણી પ્રત્યે વેર બુદ્ધિ હોય જ નહીં અને હોય તો તેટલી પરમાત્મપદની અશાતના અને પોતાના આત્માની ઘાત કરવા બરાબર છે. પોતે અધમમાં અધમ હોય અને ઉત્તમમાં ઉત્તમપદ પ્રાપ્ત કરવું હોય તો કેટલા બધા પુરુષાર્થની જરૂર પડે? તેમ મોક્ષને માટે નિરંતર પુરુષાર્થની જરૂર છે. અને કોઈ મહાપુરુષાર્થશીલના સંગ વિના સાચો પુરુષાર્થ સમજાય તેમ નથી માટે છેવટે ભગવાન પાસે તેવા મોક્ષ સાધક મહાપુરુષાર્થી સદ્‌ગુરુ અને સંતના યોગની માગણી પ્રભુ પાસે મુમુક્ષુ કરે છે :–

પડી પડી તુજ પદ પંકજે ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

અર્થ :– હે ભગવાન તારા ચરણકમળમાં વારંવાર નમસ્કાર કરીને એટલી જ માગણી હું કરું છું કે મને સદ્‌ગુરુ અને સંતનો યોગ પ્રાપ્ત થાઓ, અને તે ભગવાનરૂપ જ છે એવી પરમેશ્વર બુદ્ધિ તેમને માટે મારામાં અચળપણે પ્રગટ થાઓ.

ભાવાર્થ :– ''સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે.'' (વ.પત્રાંક ૨૫૪) આ પરમધર્મ મને પ્રાપ્ત થાઓ એટલું છેવટે પ્રભુને વારંવાર પગે લાગીને મુમુક્ષુ માગી લે છે. કારણ કે સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મ આ ત્રણ ઉપર સમ્યક્‌-શ્રદ્ધા આવવી તે મોક્ષમાર્ગનું અંગ છે, દ્વારરૂપ છે અને સત્‌દેવ તથા સદ્‌ધર્મની ઓળખાણ સદ્‌ગુરુ દ્વારા થાય છે. તેથી તે ત્રણે એક સદ્‌ગુરુમાં સમાવેશ પામે છે. આ રીતે ટૂંકામાં સદ્‌ગુરુ, સંતની માગણીમાં સમ્યક્‌દર્શનની માગણી મુમુક્ષુએ કરી છે.

(પૂ.શ્રી બ્રહ્મચારીજીએ કરેલ આ અર્થ તેમની હસ્તલિખિત ડાયરી નં. ૬ માંથી ઉતારેલ છે.)

*　　*　　*



સદ્‌ગુરુભક્તિરહસ્ય

(ભક્તિના વીશ દોહરા)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ॥૧॥

અર્થ :– "હે સર્વજ્ઞાનાદિ ગુણના સ્વામી, હે પરમાત્મા! આપની અપાર અનંત શક્તિનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી, તો હું પામર પ્રાણી શું કહી શકું એમ છું? દીન એટલે અહંકાર કરવા જેવું જેની પાસે કાંઈ નથી અને જેને કોઈનો આશરો પણ નથી એવા મારા જેવા અનાથ -- એકલા ઉપર દયા કરનાર હે દયાળુ દેવ! ત્રિવિધ તાપે તપતા આ ક્લેશરૂપ સંસારમાં અનાદિકાળથી ભમતા જીવો કેમ કરીને મોક્ષમાર્ગ પામી મુક્ત થાય? એવી ભાવદયા જેના હૃદયમાં નિરંતર વર્તી રહી છે એવા હે પરમકૃપાળુદેવ આપનું નિરંતર મને ધ્યાન રહો.

હે કરુણાવંત દયાળુદેવ! ક્યાં આપ અનંત જ્ઞાનાદિ સમૃદ્ધિના ધણી અને ક્યાં આપને યાદ કરનાર આ અનંત દોષને સંઘરનાર એવો અનંત દોષનું ભાજન આ જીવ! હુંપણું અને મારાપણું જ કર્યા કરે છે. જે અનંતદોષનું મૂળ છે. એ અહંભાવ અને મમત્વભાવને ટાળવા જ જ્ઞાનીપુરુષો ઉપદેશ દે છે. ॥૧॥

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ॥૨॥

અર્થ :– જે પરમાત્મભાવમાં રહેવાથી જીવને કર્મ ન બંધાય તેવા શુદ્ધ ભાવ મારામાં નથી અને જગત આત્મરૂપ જોવામાં આવે તો રાગદ્વેષ ટળી પરમાનંદ પ્રાપ્ત થાય. પણ તેવી રીતે સર્વને તુજ પરમાત્મરૂપ જોવાનું હું શીખ્યો નથી.

તેમજ હું સર્વથી હલકો છું, મારામાં કંઈ માલ નથી એવા ભાવ પણ આવ્યા નથી; તો આખા જગતનો દાસ થઈ સર્વ પાસેથી મારે શીખવા યોગ્ય જે જે છે તે હું કેવી રીતે જાણી શકું? અને એ જાણ્યા સિવાય તારું પરમસ્વરૂપ છે તે હું શી રીતે કહી શકું? હરિભજન થકી છોટા હોય તે મોટા થાય છે. પણ જે છોટો થઈ શક્યો નથી તેને મોટાઈનો માર્ગ કેવી રીતે મળે? લઘુતા એટલે જેની જેટલી સમજ તેટલી નમ્રતા અથવા સમજ્યા તે શમાયા. આગ્રહ, અહંકાર મુકાય ત્યાં લઘુતા અને દીનતા સાચી પ્રગટે અને તે સત્પુરુષ પ્રત્યે પરમેશ્વર બુદ્ધિ થયે પ્રગટે છે. તેનું માહાત્મ્ય સમજાયે પોતાની લઘુતા, પોતાની ઊણપ લક્ષમાં આવે છે અને અભિમાન ગળી જાય છે. તે એટલા સુધી કે સર્વ પ્રાણી માત્રના દાસ તરીકે પોતાને ગણે છે. આત્મા સિવાય સર્વ વસ્તુ તુચ્છ લાગે અને તે તુચ્છ, પુદ્‌ગલિક વસ્તુનો મોહ કે ગર્વ ન રહે ત્યારે જ સામટી નમ્રતા, લઘુતા, દીનતા પ્રગટે. પણ તે મારામાં નથી તેથી હું પરમાત્મસ્વરૂપને કેમ વર્ણવી શકું? ॥૨॥



નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ ને પરમાદર નાહીં. ॥૩॥

અર્થ :– હે પ્રભુ! આપની આજ્ઞા તો નીતિ પ્રમાણે વર્તી સત્-શીલ પાળી, રાગદ્વેષ દૂર કરવાની છે. વળી બાહ્યભાવ દૂર કરી આત્મભાવના ભાવવારૂપ સદ્‌ગુરુદેવની આજ્ઞા છે તેમાં મારું ચિત્ત સ્થિર રહેતું નથી. ઘડીએ ઘડીએ, ક્ષણે ક્ષણે બાહ્ય ઇન્દ્રિયોના વિકારોને વશ થઈ પરવસ્તુમાં પ્રવર્તે છે.

તેમજ આપના ઉપર એવો દૃઢ વિશ્વાસ પણ મને આવ્યો નથી કે જેથી મનમાં એમ રહ્યા કરે કે હવે મારે શી ફિકર છે? પરમાત્મા જેવો મારે માથે ધણી છે તો વહેલે મોડે પણ મારી સંભાળ તે લેશે અને એવો દૃઢ વિશ્વાસ આવે તો બીજી વસ્તુઓ ઉપરથી વિશ્વાસ ઊઠી જાય. તેણે જે વસ્તુને મહત્ત્વ આપ્યું હોય તે જ ગમે, તેનો ભાવ જ બદલાઈ જાય. સંસાર ઉપરથી અને સંસારી લોકો જેને સારું માનતા હોય તે ઉપરથી મન ફરીને જેને માટે પરમગુરુ આપણને ઉપદેશ આપે છે તે જ રુચે. તેના પ્રત્યે બહુમાનપણું - પરમાદર પ્રગટ થાય. જેટલો સત્પુરુષ ઉપર દૃઢ વિશ્વાસ તેટલું તેના પ્રત્યે, તેના વચન પ્રત્યે પરમ આદર કે બહુમાનપણું હોય.

મોક્ષમાર્ગ બતાવનાર આપ છો અને મારે મોક્ષમાર્ગ જ જોઈએ છે, બીજું નથી જોઈતું એવું દૃઢ થયે તે માર્ગદર્શક સત્પુરુષ પ્રત્યે દૃઢ વિશ્વાસ ઊપજે. પણ મારામાં તેવો વૈરાગ્ય અને મુમુક્ષુતારૂપ યોગ્યતા નથી; તેથી આપના ઉપર દૃઢ વિશ્વાસ અને પરમાદર (પરમ આદર) ભાવ પ્રગટતા નથી, તો તેનો શો ઉપાય? ॥૩॥

જોગ નથી સત્‌સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ॥૪॥

અર્થ :– આપના ઉપર દૃઢ વિશ્વાસ કે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થવાનું મૂળ કારણ સત્સંગ અને સત્ સેવા છે. તેથી કેવળ અર્પણતા એટલે આત્મ સમર્પણ અથવા અનન્ય આશ્રયભાવ આવે છે. સત્સંગ એટલે સત્સ્વરૂપ આત્માને અર્થે જ સમાગમ અથવા સત્‌રૂપ સત્પુરુષનો સંગ કે સમાગમ. જેથી સત્ એવા આત્માની પ્રાપ્તિ થાય છે. અથવા સત્‌નો રંગ લગાડે, સમ્યક્‌દૃષ્ટિ કે આત્મભાવની રુચી પ્રગટાવે તે સત્સંગ છે. એવા સત્સંગથી સત્‌સેવા સમજાય છે.

સત્‌સેવા એટલે આત્માનું સેવન કરવું અર્થાત્ તેની ભાવના કરવી. અથવા સત્ સેવા એટલે આત્માને અર્થે સેવા, પુરુષાર્થ, લઘુતા સહિત શિષ્યભાવે આજ્ઞાંકિતપણે ઉત્તમ ભાવમાં વર્તવું એટલે મોક્ષમાર્ગમાં પ્રવર્તવું તે. એવા સત્સંગ અને સત્સેવાની એ બન્નેની જોગવાઈ મને દુર્લભ થઈ પડી છે. બન્ને મને પ્રાપ્ત થાય તેટલું સદ્‌ભાગ્ય કે જોગવાઈ મને મળ્યાં નથી.

તેમજ તે પ્રાપ્ત કરવા સર્વસ્વનો ત્યાગ કરી હું તન્મયપણે તે ભાવમાં જ લીન થયો નથી. બાહ્યભાવ તજી અંતર્આત્માથી પરમાત્માને ભજવારૂપ આત્મસમર્પણનો દાવ મારા ભાગ્યમાં આવ્યો



નહીં; તેમજ તે પ્રાપ્ત કરવાનો અનુયોગ એટલે પ્રકાર જે સત્પુરુષનો અનન્ય આશ્રય એટલે તેનું અવલંબન, સત્પુરુષ તેની વાણી, અને તેના આશયનો આધાર તે મને પ્રાપ્ત થયા નથી. ।।૪।।

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ।।૫।।

અર્થ :– ઉપર કહ્યાં પ્રમાણે હું સર્વ સાધન રહિત પામર પ્રાણી છું. છતાં મને મારી રંક દશાનું ભાન નથી. કર્મને આધીન હું, મદારીને આધીન જેમ માંકડો નાચે તેમ પરવશપણે પરિભ્રમણ કર્યા કરું છું. એવો પામર હું શું કરવા સમર્થ છું? એટલો પણ વિવેક એટલે યથાર્થ હિત-અહિતનો વિચાર મને નથી. સર્વ શક્તિમાન પરમાત્મા અને કર્માધીન એવો હું રાંક બહિરાત્મા તેને જુદા જુદા ઓળખવારૂપ વિવેક; તે મારામાં નથી. તેમજ મરણપર્યંત આપના ચરણનું શરણ રાખવાનું પણ મને ભાન નથી. જો સત્પુરુષના ચરણનું શરણ અને ઉપાસના આટલા ભવમાં મરણ સુધી ટકી રહે તો તે સત્પુરુષની દશાને પ્રાપ્ત થઈ સમાધિમરણ કરે. પણ તેવો શરણભાવ પણ મને આવ્યો નથી. શરણ એટલે આધાર, આશરો, અવલંબન. પોતાની શક્તિબળે સર્વ તજી દે અને પરમપદની મહત્તા સમજાય તો વિવેકજ્ઞાન અથવા ભેદજ્ઞાન કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અથવા સત્પુરુષના અવલંબને નિરાભિમાનીપણે વર્તી સ્વચ્છંદ રોકે તો આત્મજ્ઞાન અને મોક્ષ મળે છે. ।।૫।।

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ।।૬।।

અર્થ :– પરમપદ કેટલું ઉત્કૃષ્ટ ઉત્તમ છે એની કલ્પના પણ થઈ શકે તેમ નથી, અચિંત્ય છે. પણ તેનું માહાત્મ્ય એટલે મહત્તા, મહિમા જે મોટા પુરુષો ગાઈ ગયા છે, તેટલું પણ ભાવપૂર્વક જો આ જીવ વિચારે, પ્રતીત કરે તો પરમ આનંદ અને ચિત્તની પ્રસન્નતા પામે અને હર્ષથી દિલ ઊભરાઈ જાય; પણ તે પરમપદ માટે રુચિ, પ્રેમ કે સ્નેહ લગાર પણ મારા હૃદયમાં પ્રગટ થયો નથી. તેમજ તે પરમપદ પ્રાપ્ત કરવાની ભાવના જાગવા માટે જે યોગ્યતા જોઈએ જેમકે વિશાળબુદ્ધિ, મધ્યસ્થપણું, સરળતા અને ઇન્દ્રિયોનો જય; તે રૂપ પ્રભાવ પણ મારામાં નથી. અર્થાત્ એવા પ્રફુલ્લિત ભાવવાળી પરાભક્તિ મારામાં નથી. તેમજ સ્નેહ-પ્રેમ સ્વરૂપ આત્માનો અંશ જે શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ તે પણ મારામાં નથી, તે પામવા માટે જેટલો પ્રભાવ એટલે પુણ્યની સામગ્રી તથા બધી જોગવાઈ જોઈએ તે પણ મને મળી નથી. ।।૬।।

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ।।૭।।

અર્થ :– અચળ એટલે નિત્ય સ્વરૂપે જે આત્મદ્રવ્ય છે તે પ્રત્યે આસક્તિ એટલે દૃઢ પ્રેમ,



રુચિ, શ્રદ્ધા, નિશ્ચય તે આત્મતત્ત્વના સ્વરૂપમાં મને નથી. મૂળ આત્મસ્વરૂપને અચળરૂપે વળગી રહેવા જેટલું વીર્ય અને સ્થિરતા તથા પુરુષાર્થ પણ મારામાં નથી. મૂળ વસ્તુના વિચાર વિના એક ક્ષણ પણ આ કાળમાં રહેવું યોગ્ય નથી, છતાં તે વસ્તુ સ્વરૂપ પ્રમાદ આદિ દોષોને લઈને ભૂલી જવાય છે. તેથી તેનો વિરહ પડે છે, વિસ્મૃત થઈ જવાય છે, ભૂલાવો થઈ જાય છે. તેમ છતાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને જેમ પોતાની ભૂલ સમજાતાં તેનો ત્યાગ કરી પશ્ચાત્તાપ વડે તેઓ વિશેષ પુરુષાર્થમાં પડ્યા, તેવી રીતે મારાથી થતું નથી. વિરહનું દુઃખ થવું જોઈએ. વિરહનો પશ્ચાત્તાપ (પસ્તાવો) થવો જોઈએ તે પણ મને થતો નથી.

તેવી તીવ્રતા કે તેવો ભાવ આવવા માટે તારા ઉપર પ્રેમ રાખનાર ભક્તોની કથા પણ તેવા ભાવ પ્રગટ કરવા સમર્થ છે. અર્થાત્ તારી કથા પ્રેમ ઉત્પન્ન કરી શકે પણ તે પ્રાપ્ત થવી આ કાળમાં દુર્લભ થઈ પડી છે. અને તે પરમાત્મપદ પ્રાપ્ત કરવાની સત્પુરુષોને કેવી લગની લાગી હતી. કેટલા પ્રેમપૂર્વક પુરુષાર્થ તે કરતા હતા, તે કથા સાંભળવાનો જોગ પણ અલ્પ થઈ પડ્યો છે. એટલે કે મોક્ષપંથની કથા સાંભળવાનું પણ બનતું નથી. તેનો પણ પરિતાપ એટલે ખેદ કે પશ્ચાત્તાપ થતો નથી તો હે પ્રભુ! મને શાંતિનો માર્ગ કેમ મળશે?

આ પ્રકારે તત્ત્વનું સ્વરૂપ જાણી તેના આધારે પોતાનું વર્ણત રાખવું અને તે પ્રમાણે ન વર્તાય તેટલો પશ્ચાત્તાપ, ખેદ રાખી આત્મજ્ઞાનને વિસારવું નહીં પણ વળગી રહેવું, તે રૂપ જ્ઞાનમાર્ગ છે. જેમ વાંદરીનું બચ્ચું તેની માતાને પ્રયત્નપૂર્વક વળગી રહેવાથી અહીં-તહીં બધે ફરે છે. તેમ ભક્તિમાર્ગમાં તે આત્મજ્ઞાન પામેલા પુરુષોની શોધ કરી, તેનો નિર્ણય કરી, તેનું શરણ લઈ તેની આજ્ઞામાં નિઃશંકપણે વળગી રહેવું, બિલાડીનું બચ્ચું જ્યાં પડ્યું હોય ત્યાં પડ્યું રહે છે, પણ મારી મા મારી સંભાળ લેશે એવા ભાવે રહેવાથી તેને મુખમાં ઘાલીને તે બિલાડી જાય છે. તેમ સત્પુરુષનું શરણ ગ્રહણ કરી રહેવારૂપ ભક્તિમાર્ગ આ કાળમાં ઉત્તમ છે. ॥૭॥

પણ તે ભક્તિમાર્ગની પ્રાપ્તિ અતિ દુર્લભ મને થઈ પડી છે. તે જણાવવા હવે ગાથા કહે છે :-

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ॥૮॥

અર્થ :– ઉપર પ્રમાણે ભક્તિમાર્ગ સુગમ છતાં તેમાં પ્રવેશ પામવો દુર્લભ છે. "જે ભક્તિથી સત્પુરુષના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય." એવી જે ભક્તિ તે પ્રાપ્ત થવા અર્થે કોઈ એક સત્પુરુષને શોધી તેના ઉપર અનન્ય પ્રેમ રાખી, તેના વચનમાં, તેના ગુણોમાં, તલ્લીન બની તેને જે પ્રસન્ન કરવામાં આ ભવ ગાળવો. તેટલી યોગ્યતા કે પુરુષાર્થ પણ મારામાં નથી આવ્યા. તેમજ ભજન ભક્તિને પોષનાર સત્પુરુષના ગુણ, કીર્તન, કથા, સત્સંગ, પ્રેમપૂર્વક જે કાલાવાલારૂપ પ્રાર્થના વગેરે



સત્પુરુષ પ્રત્યે ભાવ કરનારના પ્રયત્નો તે કેવા હોવા જોઈએ? તેનું પણ મને ભાન નથી, સમજાયા નથી.

તેમજ નિજ ધર્મ એટલે આત્મ ધર્મ ને તે હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? વગેરે પ્રશ્નોના સમાધાન માટે (૧) વસ્તુ સ્વભાવરૂપ ધર્મ છે અથવા (૨) સમ્યક્ત્વ સહિત ક્ષમા આદિ દશ લક્ષણરૂપ યતિ ધર્મ છે તથા (૩) આત્મપરિણામની વિશુદ્ધિઅર્થે કામ ક્રોધાદિ કષાયથી થતી આત્માની વિભાવરૂપે પરિણતિને ટાળવારૂપ અહિંસા ધર્મ છે કે (૪) સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ, એ ધર્મ છે; પણ તેની મને હજી સમજ આવી નથી. અને તે ચાર પ્રકારે ધર્મનું સ્વરૂપ સમજવા યોગ્ય જે સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ કે સત્સંગ છે તે રૂપ શુભ દેશમાં રહેવાનું હજુ મારાથી બનતું નથી. ॥૮॥

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ॥૯॥

અર્થ :– કળિકાળમાં જન્મ થયો છે તેથી અલ્પ આયુષ્ય, શરીરનો નિર્બળ બાંધો, અસત્સંગની બહુલતા, સત્પુરુષો અને તીર્થંકરાદિ અતિશયધારી પુરુષોનું દુર્લભપણું અને ધર્મ સમજવાની અને સાધવાની પ્રતિકૂળતાઓથી જીવ ઘેરાયેલો છે. તો પણ સંસારને અલ્પ કરે, મર્યાદિત કરે, ટૂંકો કરે અમુક મુદતનો એટલે અવધિવાળો કરે એવો ધર્મ જે સમ્યક્દર્શનરૂપી ધર્મ, તેની પ્રાપ્તિ આવા દુષમકાળમાં પણ થઈ શકે છે. તેમ છતાં મને તે પ્રાપ્તિ થઈ નથી. આ ભવે મોક્ષ પ્રાપ્ત કરાય તેટલી યોગ્યતા, આ કળિકાળને લઈને પ્રાપ્ત નથી થઈ તો પણ સમકિત જે હાલ પામી શકાય એમ છે, તે પણ મેં પ્રાપ્ત કર્યું નહીં. તેમ છતાં હે પ્રભુ! મને તેનો ખેદ કે આકુળ-વ્યાકુળતા કે ધર્મ પ્રાપ્ત કરવાની તાલાવેલી થતી નથી. એ મારાં ભારે કર્મની નિશાની છે. એવાં મારા ભારે કર્મ આપ જોઈ જ રહ્યા છો. ॥૯॥

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ॥૧૦॥

અર્થ :– ધર્મનું સ્વરૂપ સમજ્યા પછી તેની રુચિ, શ્રદ્ધા થયા પછી પણ તેનું સેવન એટલે આચરણ કરવામાં એ ચાર બંધન–લોક સંબંધી બંધન, સ્વજન કુટુંબ સંબંધી બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન આડે આવે છે. સેવાને પ્રતિકૂળ છે છતાં તેને હું તજી શકતો નથી, કોરે કરી શકતો નથી.

વીર્ય ઉપર આવરણ કે અંતરાય હોવાથી દેહ અને ઇન્દ્રિયોનો સંયમ કરી ધર્મમાં જ તેને પ્રવર્તવાની ઇચ્છા છતાં, ને ધર્મ માર્ગમાં સમતા, સહનશીલતા, ક્ષમા આદિ ધર્મમાં સ્થિર થવાને ઇચ્છતો છતાં તેને બદલે બાહ્ય લાલચોમાં રાગ કરે છે, તેમાં પડી જાય છે. ધર્મ સમજવાથી થયેલી શ્રદ્ધાનું પણ કહ્યું માનતો નથી. અનાદિ દેહાધ્યાસને લઈને બાહ્ય વસ્તુઓ પ્રત્યે ઇષ્ટ



અનિષ્ટપણું કરે છે. અને તેથી ધર્મનું આચરણ, ધર્મ સમજ્યા પછી પણ થતું નથી; કારણ કે પૂર્વે બાંધેલા કર્મનું જોર વધારે હોવાથી જીવ કર્મને વશ વર્તે છે. બાહ્ય પદાર્થો પર રાગાદિ પરિણામ રહ્યા કરે છે. ॥૧૦॥

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ॥૧૧॥

અર્થ :– હે ભગવાન! તમારા શુદ્ધ સ્વરૂપનું વિસ્મરણ થઈ જાય છે, એ વિયોગ મને કેમ રહે છે? અને નિરંતર શુદ્ધ આત્મસ્વરૂપનો લક્ષ કેમ રહેતો નથી. અથવા તારો વિયોગ મને વારંવાર સાંભરી આવવો જોઈએ, તેને માટે ઝૂરણા થવી જોઈએ પણ તેવી કોઈ લગની–લય હજી મને લાગી નથી. હજી પર વસ્તુની વાતોમાં જીવ રાજી થાય છે અને પરપદાર્થો જોવાથી તેમાં દૃષ્ટિ તણાઈ જાય છે.

પણ તારા જ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માના જ ગુણગ્રામ કરવામાં અને તેની કથા વગેરે વચનોનું શ્રવણ કરવામાં વૃત્તિને હું રોકી શકું તો તે વચનનો સંયમ થયો ગણાય. તેમજ આત્મા સંબંધી બોલવાની, પૂછવાની, સાંભળવાની ભાવના નિરંતર રાખવી ઘટે છે, તે રહે અને 'જ્યાં જ્યાં નરજ મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.' અથવા જગત આત્મારૂપ જોવામાં આવે એવી દૃષ્ટિ હોવી જોઈએ, તેને બદલે જગતને પર્યાય દૃષ્ટિથી જોતાં રાગદ્વેષરૂપ પરિણામ વિકાર રહ્યા કરે છે. તે નયન એટલે ચક્ષુ ઇન્દ્રિયના સંયમનો અભાવ છે. એ દોષો દૂર કરવા સત્સંગ અને સદ્-બોધની જરૂર છે. પણ અનભક્ત એટલે ભગવાન પ્રત્યે ભક્તિ નથી એવા અસત્સંગથી હું ઉદાસ થયો નથી, કુસંગનો કંટાળો આવ્યો નથી; તેમજ રાગદ્વેષના કારણ ગૃહકુટુંબાદિ પ્રત્યે પણ આસક્તિ મટી મને ઉદાસીનતા આવી નથી. ॥૧૧॥

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ॥૧૨॥

અર્થ :– અહંનામરૂપ બળ, વિદ્યા, દેહાદિમાં હું પણું થઈ રહ્યું છે. દેહાદિમાં અહંભાવ, મમત્વભાવ થઈ રહ્યો છે. પણ તેથી આત્મા ભિન્ન છે, એમ જાણવારૂપ, માનવારૂપ સ્વઆત્મધર્મ તેનો દૃઢ અભ્યાસ કરી મૂકવો ઘટે છે. તે એટલા સુધી કે ઊંઘમાં કે સ્વપ્નમાં પણ દેહ તે હું, એમ ન થઈ જાય. આવા અભ્યાસરૂપ સ્વધર્મનો સંચય મારાથી થયો નથી. અન્ય ધર્મ એટલે પરને પોતાનાં માનવારૂપ અથવા કુધર્મ કે કહેવાતા ધર્મ, તેનાથી પાછો ફર્યો નથી.

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ."

મલ એટલે કષાય આદિ, તેથી રહિત થઈને પર એટલે બાહ્ય વસ્તુ પરની પ્રીતિરૂપ અન્ય ધર્મનો મેં ત્યાગ પણ કર્યો નથી. ॥૧૨॥



એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ॥૧૩॥

અર્થ :– ઉપર ગણાવ્યા તેવા અનંત પ્રકારે મારી નિર્બળતા એટલે સાધન રહિત અવસ્થા છે. અને એક સદ્‌ગુણ પણ મારામાં નથી તો હે પ્રભુ! આપની સન્મુખ હું શું મુખ બતાવું? શું મોં લઈને આવું? કોઈપણ પ્રકારની યોગ્યતા મારામાં નથી. કોઈપણ ધર્મ પ્રાપ્તિનાં સાધન મારાથી બનતાં નથી તેથી મને ઘણી શરમ આવે છે. હું અપાત્ર અને દયા લાવવા જેવો છું. સર્વ ગુણોને સદ્‌ગુણ નામ આપનાર એવો સમ્યક્‌ત્વ નામનો જે આત્માનો ગુણ છે તેની પ્રાપ્તિના કોઈ સાધન હે પ્રભુ! મારાથી બની શક્યા નથી. ॥૧૩॥

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ॥૧૪॥

અર્થ :– હે પ્રભુ! હું આવો અપાત્ર છું, અને તમે તો કેવળ આત્મસ્વરૂપ, કરુણા એટલે દયાની મૂર્તિ જ છો. અને દીનબંધુ એટલે મારા જેવા રંકના રક્ષક છો. દીનાનાથ એટલે અનાથના નાથ છો. અને હું તો પાપી છું. પરમ અનાથ એટલે આપ વિના કોઈ મારું આ જગતમાં નથી એવો આધાર વગરનો અશરણ છું. તેથી હે પ્રભુજી, હું આપને વિનંતી કરું છું કે મારો હાથ પકડી મારી આ અધમ દશામાંથી મને બહાર કાઢો. સદ્‌બોધરૂપી પરમ આધાર આપી મને અજ્ઞાનરૂપી અંધારા કૂવામાંથી બહાર કાઢો, મારો ઉદ્ધાર કરો. તે મને પ્રાપ્ત કરવાનાં સાધનનું અવલંબન ગ્રહણ કરવાની મારી અશક્તિ દેખી આપ પરમાત્મા મારો ઉદ્ધાર થાય તેવી કોઈ શક્તિ પ્રગટાવો કે જેથી હું આ દશા તજી ઉત્તમ દશા પ્રાપ્ત કરું. ॥૧૪॥

અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ॥૧૫॥

અર્થ :– સહજાત્મસ્વરૂપી ભગવાનનું ભાન નહિ થવાથી હું અનંતકાળસુધી આ અનંત દુઃખરૂપી સંસારમાં આથડ્યો, ભમ્યો. તેમજ તે સત્‌સ્વરૂપનું ભાન એટલે જ્ઞાન થવાને માટે 'પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન' તેવી પ્રભુભક્તિ કે સદ્‌ગુરુની સેવા કે સંત સત્પુરુષની સેવારૂપ સાધન મેં ગોઠવ્યા નહીં. તેથી સત્‌સ્વરૂપને પામ્યો નહીં.

હવે સદ્‌ગુરુ કોણ? તો કે 'ક્ષણ ક્ષણ જે અસ્થિરતા અને વિભાવક મોહ, તે જેનામાંથી ગયા તે અનુભવી ગુરુ જોય,' અથવા બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર મિથ્યાત્વાદિ ગ્રંથિથી રહિત એવા નિર્ગ્રંથ તે ગુરુ. એવા ગુરુનું શરણ ગ્રહ્યાથી જીવ સદ્‌ગતિ કે મોક્ષ પામે છે. અને સંત કોણ? તો કે જેને સત્સ્વરૂપની રુચિ થઈ છે અને તે સત્સ્વરૂપની સાધક દશામાં છે. કોનું શરણ ગ્રહણ કરવા યોગ્ય છે તે બતાવી દેનાર એવા સંત કે સત્પુરુષ તેની સેવાથી પણ તેવી દશાને જીવ પામે છે.

પણ તે સાધનો પ્રાપ્ત કેમ નથી થતાં? તો કહે છે કે 'મૂક્યું નહિ અભિમાન.' હું જાણું છું,



આટલી મને ખબર પડે છે. મારા જેવો ભાગ્યશાળી કોણ છે? હું લોકોત્તર પુણ્યવાળો છું. હું પૂજવા યોગ્ય દશાને પ્રાપ્ત થયો છું વગેરે ભાવ મનમાં રહે છે; તે ભાવો જીવને ઊંચે ચઢવા દેતા નથી, પણ મિથ્યાત્વમાં જ ભમાવ્યા કરે છે. અનાદિકાળનું પરિભ્રમણ કેવી રીતે છૂટે? તો કે હું કંઈ જાણતો નથી એવો નિશ્ચય કરી સદ્‌ગુરુને શરણે ગયા વગર જીવનો મોક્ષ નથી. પણ અનાદિના અહંભાવને સાથે લઈને સદ્‌ગુરુની સેવા કરે તો તે અહંકાર કે અભિમાન ગયા વગર તેનું પરિભ્રમણ મટે નહીં. તે જણાવવા આ ગાથા છે. પરમ દીનત્વ અથવા પરમ વિનય એ મોક્ષ માર્ગ પામવાનું પ્રથમ પગથિયું છે. તે માન, અપમાન, અભિમાન મૂક્યા વિના પ્રાપ્ત થતું નથી. ''માન ન હોત તો અહીં જ મોક્ષ હોત'' એમ સત્પુરુષો કહી ગયા છે તો પણ મારાથી માન મૂકાયું નથી. ॥૧૫॥

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ॥૧૬॥

અર્થ :– સત્ વસ્તુને ઓળખી, પ્રતીત કરી, પરમ કરુણા ભાવથી નિષ્કામપણે, યોગ્ય જીવને તેનું ભાન થવા માટે સંતપુરુષો સત્સ્વરૂપનો બોધ દે છે. તેવા સંતપુરુષોએ બતાવેલા આચરણ કે આજ્ઞાના અવલંબન એટલે આશ્રય વિના જીવે અનેક એટલે ઘણા ઘણા સાધન કર્યાં, પણ તે મોક્ષમાર્ગમાં કામ લાગ્યા નહીં, કે સંસાર સમુદ્રથી પાર પમાડે તેવા ન નીવડ્યાં.

મોક્ષમાર્ગ પામવાને માટે પ્રથમ માનાદિનો નાશ કરવા સ્વચ્છંદને ત્યાગવો જોઈએ. અને સ્વચ્છંદ છેદવા સદ્‌ગુરુના શરણે પુરુષાર્થ કરવો જોઈએ. પણ આજ સુધીના પુરુષાર્થમાં એ ખામી આવી કે સદ્‌ગુરુના શરણ વગર ઊલટી દિશાએ સ્વચ્છંદે જીવ ચાલ્યો તેથી વિવેક કહેતાં ભેદજ્ઞાન, તેનો અંશ પણ પ્રગટ્યો નહીં. અર્થાત્ આ માર્ગ આત્માને હિતકારી છે અને આ માર્ગ અહિતકારી છે એવો અમુક નિર્ણય પણ અલ્પ અંશે પ્રગટ થયો નહીં. અથવા તો સત્પુરુષો આ રસ્તે ચાલીને મોક્ષે ગયા છે, જાય છે અને જશે તેનો નિશ્ચય થવો તે પણ વિવેક છે. તે વિવેક પણ સદ્‌બોધ વિના અજ્ઞાનથી પ્રાપ્ત થવો દુર્લભ છે. ॥૧૬॥

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ॥૧૭॥

અર્થ :– સત્પુરુષની આજ્ઞા વિના જેટલો પુરુષાર્થ સુખ પ્રાપ્તિ માટે કે મોક્ષ મેળવવા માટે કર્યો તે બધો પુણ્ય કે પાપરૂપ બંધન કરનારો જ થયો અને તેને ભોગવવા સિવાય હવે બીજો કોઈ ઉપાય રહ્યો નથી. અથવા સ્વચ્છંદે મોક્ષ મેળવવા માટે કોઈ ઉપાય જીવે બાકી રાખ્યો નથી. તોપણ તેમાનું એકે સાધન મોક્ષના ઉપાય માટે ન બન્યું.

સત્ એટલે આત્મા. તેનું હિત કરનાર જે કોઈ સાધન હોય તેને હું સમજ્યો નહીં અર્થાત્ તે સાધનને હું જાણતો નથી. જેથી કલ્યાણ થાય એવી સત્પુરુષની આજ્ઞારૂપ કોઈ કલ્યાણકારી



સાધનની સમજ કે પ્રતીત આવી નહીં, તો આ અનાદિકાળથી જ્યાં બંધન થતું આવ્યું છે એવા સંસારરૂપી આ કેદખાનાથી શી રીતે છૂટું થવાય? હવે છૂટા થવા માટેના સત્સાધન કયા છે તે કહે છે :– ॥૧૭॥

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ॥૧૮॥

અર્થ :– તુંહિ તુંહિરૂપ હે પ્રભુની! પ્રભુશ્રીજીની જેમ લય લાગે એટલે એકતાર અખંડ લક્ષ રહે તો બીજા બધા બંધન કરાવનાર સાધન દૂર થઈ જાય, વિલય પામી જાય. માત્ર તેથી સહજાત્મસ્વરૂપ થાય અને બધા કર્મોની નિર્જરા થઈ જીવનો મોક્ષ થાય. આ પ્રથમ સત્ સાધન કહ્યું. તેવી લય હજી મને લાગી નથી.

હવે બીજું સત્સાધન તે પોતાનું અભિમાન મૂકી હું કંઈ જાણતો નથી એવો દૃઢ નિશ્ચય કરી, સદ્‌ગુરુને ચરણે જઈ, તેનું અવલંબન એટલે અનન્ય શરણ-આશ્રય ગ્રહણ કરવાથી પણ મોક્ષમાર્ગ મળે છે. આ સદ્‌ગુરુની શ્રદ્ધામાં સત્‌દેવ અને સદ્‌ધર્મની શ્રદ્ધા સમાઈ જાય છે એનું અવલંબન કે શરણભાવરૂપ વ્યવહાર સમ્યક્‌ત્વ પણ મોક્ષ થવાનું કારણ છે. એ બીજું સત્સાધન મેળવવા પણ હું ભાગ્યશાળી થયો નથી.

હવે ત્રીજું સત્સાધન તે યોગ્યતા કે મુમુક્ષુતા પ્રાપ્ત કરવી તે છે. તે સ્વચ્છંદ ન કરવાથી આવે છે. અને "રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ." તે સ્વચ્છંદ રોકવા માટે પોતાના દોષો નિષ્પક્ષપાતપણે જોવા જોઈએ. પોતાના દોષો દેખે પછી તે દોષો ટાળવાની ચીવટ રાખે અને તેને દૂર કરવાના ઉપાય શોધે. એમ પોતાના દોષો દેખનાર પણ તે દોષો મૂકી મોક્ષે જવાના માર્ગ ઉપર આવી શકે છે. આ ત્રણ સત્સાધનોમાંથી એક પણ સાધન મળ્યું હોય તો તે જીવ મોક્ષે જાય. પણ તેમાંથી હે પ્રભુ! મારાથી કંઈ બની શકતું નથી. એવી મારી દશા બહુ બહુ અધમ છે, તે જણાવતાં હવે આગળની ગાથામાં કહે છે. ॥૧૮॥

અધમાધમ અધિકો પતિત,સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ॥૧૯॥

અર્થ :– જ્યાં સુધી મનથી એમ નિશ્ચય નથી કર્યો કે હું સર્વથી હલકો છું, હું કંઈ જાણતો નથી, મારાથી હવે કંઈ થઈ શકતું નથી. અનંતકાળથી સ્વચ્છંદે મારી મેળે પુરુષાર્થ કરીને હું હવે થાક્યો; માટે જગતમાં હલકામાં હલકો માણસ પણ મને મોક્ષમાર્ગ બતાવે તો તેના દાસનો દાસ થઈને રહું. મારા બાપનો, કુળનો, વિદ્યાનો, રૂપનો, વૈભવ કે કશાનો મદ રાખ્યા વગર અધમમાં અધમ થઈને મોક્ષમાર્ગ જાણનાર ગમે તેવો ભિખારી જેવો, રોગી કે કુરૂપ હોય, હલકી વર્ણનો હોય તો પણ તેની પાસેથી માર્ગ પામવા તેનો દાસ થઈને રહું.



એવો ભાવ ન આવે ત્યાં સુધી કોઈપણ પ્રકારે સત્‌સાધન જે મોક્ષ પામવાનું કારણ છે તે પ્રાપ્ત થવું દુર્લભ છે. હલકી ધૂળ આકાશમાં વાયુને નિમિત્તે ઊંચે ચઢે છે, અને કાંકરા-પથરા રસ્તામાં અથડાય છે. તેમ હલકા થવાથી એટલે લઘુતાથી આત્માની પ્રભુતા પ્રગટે છે. એવું નિરભિમાનપણું, અથવા પોતાના અવગુણને જોવાથી અને પારકાના ગુણ જોવાથી જે વિનયભાવ આવે છે તે મને પ્રાપ્ત થયો નથી. એવા વિનયને ભગવાને ધર્મનું મૂળ કહ્યું છે. આખા જગતના શિષ્ય થવાની વૃત્તિ થાય ત્યારે જીવને સત્સાધન એટલે મોક્ષનું કારણ પ્રાપ્ત થાય છે. ॥૧૯॥

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ॥૨૦॥

અર્થ :– ઉપરોક્ત મારી દીનતા જણાવી હવે છેવટે પરમાત્માના ચરણકમળમાં વારંવાર પડી નમસ્કાર કરીને વારંવાર એ જ માગણી કરું છું કે સર્વ સાધનમાં પ્રથમ કરવા યોગ્ય સાધન જે શ્રી સદ્‌ગુરુ અને તેને ભજનાર, ઓળખનાર સંત જે તુજસ્વરૂપ હોય એટલે તારામાં અને તેમનામાં અંતર ન હોય એવા પરમ કરુણામૂર્તિ સત્પુરુષની પ્રાપ્તિ મને દૃઢતાપૂર્વક કરાવ એટલે અચળ પ્રતીતિ અને ભક્તિ સાથે સાચા સદ્‌ગુરુ કે સંતની પ્રાપ્તિ કરાવ. કેમકે સત્પુરુષ એ કલ્પવૃક્ષ સમાન છે. તેની પ્રાપ્તિથી પરમાર્થ એટલે મોક્ષમાર્ગની સર્વ સામગ્રી મળી આવવી સુલભ થઈ પડે છે. તેથી ધર્મમૂર્તિ એવા સદ્‌ગુરુ કે સંત જે પરમાત્મસ્વરૂપ છે તેમની મને ભેટ થાય એવી કૃપા કર, એવું ફરી ફરી હું આપના ચરણકમળમાં પડી પડીને માગું છું તે સફળ થાઓ. ॥૨૦॥

‘ મંગળ મૂળ સદ્‌ગુરુ શરણ, મુજ મનમાં હો સ્થિર;
વિઘ્ન હવે નહીં હું ગણું, વસે હૃદયમાં વીર.’

(પૂ. શ્રી બ્રહ્મચારીજીએ કરેલ આ અર્થ બ્રહ્મચારી મણિબેનની ડાયરીમાંથી ઉતારેલ છે.)

* * *

ગ્રંથમાં આવેલ દૃષ્ટાંતોની સૂચિ

ક્રમાંક	વિગત	પૃષ્ઠ
૧.	એક છોકરાનું દૃષ્ટાંત	૦૫
૨.	નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય છે	૦૬
૩.	ભીલનું દૃષ્ટાંત	૧૪
૪.	દૃઢપ્રહારીનું દૃષ્ટાંત	૨૯
૫.	સ્થૂલિભદ્રના બ્રહ્મચર્યની દૃઢતાનું દૃષ્ટાંત	૩૦
૬.	રોહિણેય ચોરનું દૃષ્ટાંત	૩૨
૭.	અંજનચોરનું દૃષ્ટાંત	૩૬
૮.	તુલસીદાસનું દૃષ્ટાંત	૪૨
૯.	રામદાસજીનો પ્રસંગ	૪૪
૧૦.	સંત એકનાથનું દૃષ્ટાંત	૪૬
૧૧.	વિનયવાન શિષ્યનું દૃષ્ટાંત	૪૮
૧૨.	ચીનના એક મહાત્માનું દૃષ્ટાંત	૫૦
૧૩.	શ્રી મોતીભાઈનો પ્રસંગ	૫૩
૧૪.	ચિલાતીપુત્રનું દૃષ્ટાંત	૫૪
૧૫.	વંકચૂલનું દૃષ્ટાંત	૫૬
૧૬.	શિવભૂતિમુનિનું દૃષ્ટાંત	૬૧
૧૭.	શ્રી ભાઈલાલભાઈનો પ્રસંગ	૬૩
૧૮.	મહાત્માનું દૃષ્ટાંત	૬૪
૧૯.	શ્રી ગૌતમસ્વામીનું દૃષ્ટાંત	૬૪
૨૦.	વણાગનટવરનું દૃષ્ટાંત	૬૮
૨૧.	જિનરક્ષિત અને જિનપાલિતનું દૃષ્ટાંત	૭૮
૨૨.	શ્રી મોહનલાલજી મુનિનો પ્રસંગ	૮૨
૨૩.	રત્ન વાણિયાનું દૃષ્ટાંત	૮૩
૨૪.	એક શિષ્યની ગુરુ પ્રત્યેની શ્રદ્ધાનું દૃષ્ટાંત	૮૪
૨૫.	શ્રી ઝવેરભાઈનો પ્રસંગ	૮૭
૨૬.	ખેડૂત કુટુંબનું દૃષ્ટાંત	૯૧
૨૭.	નારદજીનું દૃષ્ટાંત	૯૪
૨૮.	પ્રહ્લાદનું દૃષ્ટાંત	૯૬
૨૯.	આર્દ્રકુમારનું દૃષ્ટાંત	૧૦૨
૩૦.	કંદોઈની છોકરીનું દૃષ્ટાંત	૧૦૪
૩૧.	શેઠ પુત્ર ધનાભદ્રનું દૃષ્ટાંત	૧૦૫
૩૨.	સાપ નોળિયાનું દૃષ્ટાંત	૧૦૮
૩૩.	પૂષ્પચૂલાનું દૃષ્ટાંત	૧૧૫
૩૪.	શ્રી છગનભાઈનો પ્રસંગ	૧૧૭
૩૫.	શ્રી છગનભાઈનો પ્રસંગ	૧૧૯
૩૬.	એક દિગંબરભાઈનો પ્રસંગ	૧૩૧
૩૭.	શ્રી ઝવેરભાઈનો પ્રસંગ	૧૩૮
૩૮.	શ્રી કુમારપાળ રાજાનું દૃષ્ટાંત	૧૪૫
૩૯.	દામાજી પંતનું દૃષ્ટાંત	૧૫૩
૪૦.	નાભા ભગતનું દૃષ્ટાંત	૧૫૬
૪૧.	આનંદશ્રાવકનું દૃષ્ટાંત	૧૬૧
૪૨.	કુગુરુઓનું દૃષ્ટાંત	૧૭૧
૪૩.	કાળો તંબુ અને સફેદ તંબુનું દૃષ્ટાંત	૧૭૬
૪૪.	પંચમકાળનું દૃષ્ટાંત	૧૭૭
૪૫.	યાજ્ઞવલ્કયનું દૃષ્ટાંત	૧૮૦
૪૬.	આર્દ્રકુમારનું દૃષ્ટાંત	૧૮૧
૪૭.	એક તપસ્વીનું દૃષ્ટાંત	૧૮૩
૪૮.	ગુરુ શિષ્યનું દૃષ્ટાંત	૧૮૫
૪૯.	મધુબિંદુનું દૃષ્ટાંત	૧૯૧
૫૦.	સુભદ્રનું દૃષ્ટાંત	૧૯૨
૫૧.	બે કાચબાનું દૃષ્ટાંત	૧૯૩
૫૨.	ત્રણ દુકાનનું દૃષ્ટાંત	૧૯૪
૫૩.	શ્રી શંકરભાઈનો પ્રસંગ	૧૯૫
૫૪.	સુભાનકુમારનું દૃષ્ટાંત	૧૯૮
૫૫.	વેશ્યાના શબનું દૃષ્ટાંત	૨૦૫
૫૬.	વઢકણી રાણીનું દૃષ્ટાંત	૨૦૭
૫૭.	રજ્જા સાધ્વીનું દૃષ્ટાંત	૨૦૯
૫૮.	માતા પુત્રનું દૃષ્ટાંત	૨૧૦
૫૯.	શ્રી સોમચંદભાઈનો પ્રસંગ	૨૧૫
૬૦.	શ્રી ત્રિભોવનભાઈનો પ્રસંગ	૨૧૯
૬૧.	આભીરી અને વણિકનું દૃષ્ટાંત	૨૨૧
૬૨.	પુરબિયાનું દૃષ્ટાંત	૨૨૪
૬૩.	પારસમણિનું દૃષ્ટાંત	૨૨૫
૬૪.	વિચક્ષણ વહુનું દૃષ્ટાંત	૨૨૬
૬૫.	સુભુમ ચક્રવર્તીનું દૃષ્ટાંત	૨૩૯
૬૬.	ગોવર્ધનરામનું દૃષ્ટાંત	૨૪૦
૬૭.	ભોજરાજાનું દૃષ્ટાંત	૨૪૨
૬૮.	મરિચિનું દૃષ્ટાંત	૨૫૧
૬૯.	ઉજ્જિતકુમારનું દૃષ્ટાંત	૨૫૨
૭૦.	ગોપીઓના અહંકારનું દૃષ્ટાંત	૨૫૫
૭૧.	શ્રમણભદ્રનું દૃષ્ટાંત	૨૬૩
૭૨.	શ્રી રામચંદ્રજીનું દૃષ્ટાંત	૨૬૫
૭૩.	રાજા અને શાસ્ત્રીનું દૃષ્ટાંત	૨૬૮
૭૪.	એક વૃદ્ધનું દૃષ્ટાંત	૨૭૭
૭૫.	તામલી તાપસનું દૃષ્ટાંત	૨૮૫
૭૬.	કુરુદત્તનું દૃષ્ટાંત	૨૯૨

ગ્રંથમાં આવેલ દૃષ્ટાંતોની સૂચિ

ક્રમાંક	વિગત	પૃષ્ઠ
૭૭.	શિવરાજર્ષિનું દૃષ્ટાંત	૨૯૩
૭૮.	એક બાવાનું દૃષ્ટાંત	૨૯૫
૭૯.	એક આચાર્યનું દૃષ્ટાંત	૩૦૪
૮૦.	એક શેઠનું દૃષ્ટાંત	૩૦૭
૮૧.	પાદલિપ્તાચાર્યનું દૃષ્ટાંત	૩૦૯
૮૨.	બે ભાઈનું દૃષ્ટાંત	૩૧૩
૮૩.	શાંબકુમારનું દૃષ્ટાંત	૩૧૫
૮૪.	ગોમતી શેઠાણીનું દૃષ્ટાંત	૩૨૨
૮૫.	પહેલું દૃષ્ટાંત ગાયનું મન વાછરડામાં	૩૨૪
૮૬.	બીજું દૃષ્ટાંત સખીઓનું મન ઘડામાં	૩૨૫
૮૭.	ત્રીજું દૃષ્ટાંત નટનું મન દોરીમાં	૩૨૬
૮૮.	ચોથું દૃષ્ટાંત જુગારીનું મન જુગારમાં	૩૨૭
૮૯.	પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત	૩૨૯
૯૦.	એક વ્યક્તિનું દૃષ્ટાંત	૩૩૧
૯૧.	દમદંતમુનિનું દૃષ્ટાંત	૩૩૫
૯૨.	કબીરજીનું દૃષ્ટાંત	૩૩૭
૯૩.	એક વિધવાબાઈનું દૃષ્ટાંત	૩૩૭
૯૪.	કરોળિયાનું દૃષ્ટાંત	૩૩૯
૯૫.	સંત તુકારામનું દૃષ્ટાંત	૩૪૦
૯૬.	શ્રેણિકરાજાનું દૃષ્ટાંત	૩૪૧
૯૭.	એક ભિખારીનું દૃષ્ટાંત	૩૪૩
૯૮.	એક ગરીબ કુટુંબનું દૃષ્ટાંત	૩૪૫
૯૯.	કૃપાનાથનું દૃષ્ટાંત	૩૪૯
૧૦૦.	મુનિઓનું દૃષ્ટાંત	૩૫૦
૧૦૧.	મૃગાવતીનું દૃષ્ટાંત	૩૫૧
૧૦૨.	સમડીનું દૃષ્ટાંત	૩૫૩
૧૦૩.	મદનકુમારનું દૃષ્ટાંત	૩૫૫
૧૦૪.	માતંગપુત્રનું દૃષ્ટાંત	૩૫૮
૧૦૫.	એક શિષ્યનું દૃષ્ટાંત	૩૬૦
૧૦૬.	ઉદયન રાજાનું દૃષ્ટાંત	૩૬૫
૧૦૭.	એક કુંભારનું દૃષ્ટાંત	૩૬૮
૧૦૮.	ત્રણ ચોરનું દૃષ્ટાંત	૩૬૮
૧૦૯.	ગોવાળનું દૃષ્ટાંત	૩૭૦
૧૧૦.	શ્રી હરિભદ્ર સૂરિનું દૃષ્ટાંત	૩૭૦
૧૧૧.	મંત્રરૂપી દોરડાનું દૃષ્ટાંત	૩૭૪
૧૧૨.	એક પંડિતનું દૃષ્ટાંત	૩૭૫
૧૧૩.	હરતા ફરતા મંત્રનું સ્મરણનું દૃષ્ટાંત	૩૮૦
૧૧૪.	શ્રી રામચંદ્રે બળદનું કરાવેલ સમાધિમરણ	૩૮૧
૧૧૫.	સ્મરણમાં ચિત્ત રહે તો મોક્ષ સુલભ	૩૮૧
૧૧૬.	મંત્રથી વિષયકષાયરૂપ કૂતરાં ભાગી જાય	૩૮૨
૧૧૭.	જન્મમરણથી છૂટવા મંત્રસ્મરણ	૩૮૩
૧૧૮.	કામ કરતા, રાંધતા પણ સ્મરણ કરવું	૩૮૫
૧૧૯.	બોકડાઓની રક્ષાનું દૃષ્ટાંત	૩૯૧
૧૨૦.	રાજા કુમારપાળે સાત વ્યસનોનાં પૂતળાં બનાવી કાઢી મૂક્યા તેનું દૃષ્ટાંત	૩૯૮
૧૨૧.	જુગારી રાજાનું દૃષ્ટાંત	૩૯૯
૧૨૨.	પુરંદર રાજાનું દૃષ્ટાંત	૪૦૧
૧૨૩.	અકબરનું દૃષ્ટાંત	૪૦૪
૧૨૪.	કુમારપાળ રાજાનું દૃષ્ટાંત	૪૦૬
૧૨૫.	તંદુલમત્સ્યનું દૃષ્ટાંત	૪૦૬
૧૨૬.	યમપાલ ચાંડાલનું દૃષ્ટાંત	૪૦૭
૧૨૭.	દ્વૈપાયન તાપસનું દૃષ્ટાંત	૪૧૦
૧૨૮.	દારૂ પીનાર બ્રાહ્મણનું દૃષ્ટાંત	૪૧૧
૧૨૯.	વેશ્યામાં આસક્ત ચારુદત્તનું દૃષ્ટાંત	૪૧૩
૧૩૦.	પુત્રનું દૃષ્ટાંત	૪૧૭
૧૩૧.	પૃથ્વીપાલ રાજાનું દૃષ્ટાંત	૪૧૮
૧૩૨.	ખેંગાર રાજાનું દૃષ્ટાંત	૪૧૯
૧૩૩.	ઢીંમરનું દૃષ્ટાંત	૪૨૦
૧૩૪.	મહેશ્વર વણિકનું દૃષ્ટાંત	૪૨૧
૧૩૫.	જીવદયાનું જ્વલંત દૃષ્ટાંત	૪૨૨
૧૩૬.	ચોરનું દૃષ્ટાંત	૪૨૨
૧૩૭.	તાપસ ચોરનું દૃષ્ટાંત	૪૨૩
૧૩૮.	લોહખુર ચોરનું દૃષ્ટાંત	૪૨૪
૧૩૯.	ચાર રાણીઓનું દૃષ્ટાંત	૪૨૭
૧૪૦.	શ્રાવક અને ચોરનું દૃષ્ટાંત	૪૨૯
૧૪૧.	શેઠપુત્રનું દૃષ્ટાંત	૪૩૦
૧૪૨.	રાવણનું દૃષ્ટાંત	૪૩૧
૧૪૩.	મંગીનું દૃષ્ટાંત	૪૩૨
૧૪૪.	પરસ્ત્રી ત્યાગી સુદર્શન શેઠનું દૃષ્ટાંત	૪૩૪
૧૪૫.	ધવલશેઠનું દૃષ્ટાંત	૪૩૮
૧૪૬.	નાગિલનું દૃષ્ટાંત	૪૩૮
૧૪૭.	શ્રી છગનભાઈનો પ્રસંગ	૪૪૨
૧૪૮.	શ્રી જેઠાભાઈનો પ્રસંગ	૪૪૩
૧૪૯.	શ્રી સોમચંદભાઈનો પ્રસંગ	૪૪૪
૧૫૦.	પિતાપુત્રનું દૃષ્ટાંત	૪૪૫